Index

પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન શ્રીસ્વામિનારાયણની પરાવાણી

# વચનામૃતમ્



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં

# વચનામૃતમ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

Index

# वचनामृतम् VACHANAMRUTAM

## (Spiritual discourses of Lord Shree Swaminarayan)

### ભગવાન શ્રીસ્વામિનારાયણનું આધ્યાત્મિક પ્રબોધન


Complied by : Muktanand Swami, Gopalanand Swami, Nityanand Swami, Shukanand Swami

Publisher : Shree Swaminarayan Gurukul, Rajkot-2 (Guj.India)

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ-૨ (ગુજરાત, ભારત)

Edition : 14th. (Crown Size : 9th), 14th April 2019
238th Shreehari jayanti, Samvat 2075

આવૃત્તિ : ૧૪મી કુલ (આ સાઈઝમાં નવમી) શ્રીહરિ જયંતી, સં. ૨૦૭૫

Copies : 3,000 (Total : 81,000)

પ્રત : ૩,૦૦૦ (કુલ પ્રત : ૮૧,૦૦૦)

પડતર કિંમત : Rs. 150/- રૂા. ૧૫૦/-

સેવા મૂલ્ય : Rs. 100/- રૂા. ૧૦૦/-

વચનામૃત દ્વિશતાબ્દી 2019

ઉપક્રમે..ટુ કલરમાં
પ્રથમ આવૃત્તિ

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગોંડલ રોડ, રાજકોટ તથા શાખાઓ

| | | | | |
|---|---|---|---|---|
| જૂનાગઢ | નર્મદા | ગુલબર્ગા | ચોક, મુંબઈ | શિકાગો |
| સુરત | જ્ઞાનબાગ | બિદર | ભાયાવદર | આટલાન્ટા |
| હૈદરાબાદ | નાગપુર | રાયપુર | પાટડી | લંડન(યુ.કે.) |
| વાશી (મુંબઈ) | સોલાપુર | વિદ્યાનગર | ભાવનગર | લેટિન અમેરિકા |
| નવસારી | ઝેડચરલા | મોરબી | ડલાસ | મેલબોર્ન(ઓસ્.) |
| તરવડા | વિજયવાડા | ઊના | ફીનીક્સ | |
| બેંગ્લોર | વડોદરા | કેશોદ | ન્યુજર્સી | |

મુદ્રક : સહજાનંદ ઓફસેટ પ્રા. લિ. - રાજકોટ




**વચનામૃત ઉદ્‌ગાતા**
**પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ**

પ્રાદુર્ભાવ
ચૈત્ર સુદ-૯, સં.૧૮૩૭
એપ્રિલ ૨, ૧૭૮૧

અંતર્ધાન
જેઠ સુદ-૧૦, સં. ૧૮૮૬
જૂન ૧, ૧૮૩૦


# વચનામૃત ગ્રંથના સંકલનકર્તા



સંત શિરોમણિ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી



યોગીરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી




પંડિતાગ્રણ્ય સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી



શ્રીહરિ હસ્તતુલ્ય સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી

# શ્રીજી મહારાજનાં વસ્ત્ર અલંકારોની સમજૂતી




## રાજાધિરાજ ભગવાન શ્રી સ્વામિનારાયણ

# શ્રીહરિએ ધારણ કરેલાં વિવિધ વસ્ત્રોની ઓળખ

## ડગલી
કારિયાણી–૬,૧૧, લોયા–૧,૨,૯,૧૦,૧૨,૧૩
પંચાળા–૫






## અંગરખું
ગઢડા પ્ર.–૨૩,૩૮,૫૪
પંચાળા–૧,૬
લોયા–૧૭



## સુરવાળ
ગઢડા પ્ર.–૨૩,૫૪
કારિયાણી–૧
વરતાલ–૧,૧૫
લોયા–૧,૩



## કાળાછેડાનો ખેસ
(પ્રસાદિનો)
ગઢડા પ્ર.–૨૦,૨૧



## રાખડી (પ્રસાદિની)
ગઢડા મ.–૯



## પાઘ
ગઢડા પ્ર.–૧૪,૧૭,૨૬
ગઢડા મ.–૧
ગઢડા અં.–૨



## ફેંટો
ગઢડા પ્ર.–૨૪,૨૭,૩૮,૫૪
કારિયાણી–૯
પંચાળા–૧



## બોકાની
ગઢડા પ્ર.–૪૪
લોયા–૬,૧૩,૧૫,૧૬

# વિવિધ વચનામૃતમાં સંતોએ વજાડેલાં વાજીંત્રો




## દૂકડ (તબલાં)

લોયા–૨, ગ.મ.–૪, ૩૪, ૫૬, ૬૭,
ગ.અં–૧૩, ૨૨

## સરોદો

લોયા–૨
ગ.મ.–૪, ૩૪, ૫૬, ૬૭
ગ.અં–૧૩, ૨૨





## સતાર (સિતાર)

લોયા–૨
ગ.મ.–૪



## મૃદંગ

ગ.મ.–૨, ૩, ૫, ૬, ૪૬, ૫૨, ૫૫



## પખાજ

ગ.પ્ર.–૨૧, ૨૬

## સારંગી
## (પ્રસાદિની)


ગ.પ્ર.–૨૨





## તાલ

ગ.પ્ર.–૨૬
ગ.મ.–૫, ૬



## ઝાંઝ

ગ.પ્ર.–૨૧, ગ.મ.–૨, ૩, ૫, ૬, ૪૬, ૫૨, ૫૫



## મંજીરાં

લોયા–૨

# વચનામૃતમાં વર્ણવેલ વિવિધ ફૂલો



**મોગરો**

ગઢડા મધ્ય : ૫૪, ૬૧
ગઢડા અંત્ય : ૧




**ચંપો**

વરતાલ : ૨




**ચમેલી**

વરતાલ : ૨૦
અમદાવાદ : ૩
ગઢડા અંત્ય : ૨૧




**ગુલદાવદિ**

ગઢડા પ્રથમ : ૧૪,૨૨,૨૬
કારિયાણી : ૧૧
ગઢડા મધ્ય : ૨૭, ૬૬



**રાતી કર્ણિકાર**

ગઢડા પ્રથમ : ૩૬
ગઢડા અંત્ય : ૧૪
ગઢડા મધ્ય : ૧૯



**પીળી કર્ણિકાર**

ગઢડા પ્રથમ :
૩૯, ૪૦, ૪૩



**ગુલાબ**

ગઢડા પ્રથમ : ૬૩
વરતાલ : ૧,૩,૫,૧૨
અમદાવાદ : ૧,૨



**ધોળાં ફૂલ**

ગઢડા પ્રથમ : ૨૯,૩૦



**પીળાં ફૂલ**

ગઢડા પ્રથમ : ૧૪,૧૭,૨૦
સારંગપુર : ૧૪
કારિયાણી : ૧૧



ગઢપુર દાદાખાચરના દરબારગઢમાં લીંબવૃક્ષ નીચે સભામાં શ્વેત વસ્ત્રાભૂષણધારી વચનામૃતના ઉદ્‌ગાતા શ્રીજી મહારાજ, આચાર્યશ્રીઓ, સંતો તથા દેશ દેશના હરિભક્તોને વચનામૃત કથાનું રસપાન કરાવે છે. સદ્‌ગુરુ નંદસંતો તેનું આલેખન કરે છે.

## શ્રી ગઢપુર દાદાખાચરના દરબારગઢમાં વચનામૃતના મુખ્ય પ્રકરણો જ્યાંથી ઉદબોધાયા છે તેના સાક્ષી એવા મુક્તાત્મા લીંબવૃક્ષના દર્શન



# ગઢપુરમાં ઉદ્‌બોધાયેલ વચનામૃતનાં સ્થાનો



**ગઢપુર મંદિર** ગઢડા અંત્ય પ્ર. ૨૬,૨૭,૨૮,૩૦,૩૪,૩૫,૩૮



**અક્ષર ઓરડી** ગઢડા અં.- ૨૦,૨૩



**પરમહંસની જાયગા**
ગઢડા પ્ર.-૧,૨૫,૫૭,૬૭



જીવાખાચરનો દરબારગઢ, સારંગપુર



વસ્તાખાચરનો દરબારગઢ, કારિયાણી




સુરાખાચરનો દરબારગઢ, લોયા



ઝીણાભાઈનો દરબારગઢ, પંચાળા

# વરતાલમાં ઉદ્બોધાયેલ વચનામૃતનાં સ્થાનો



**વરતાલ મંદિર** (વચનામૃત વર.-૩,૪,૬,૭,૮,૯,૧૪)



**ગોમતી કાંઠે આંબાવાડિયું**

વચનામૃત વરતાલ-૧,૨,૫




**મંદિર આગળ લીંબવૃક્ષ**

વચ. વરતાલ-૧૦,૧૧,૧૨,૧૩,૧૫,૧૬

# અમદાવાદમાં ઉદ્‌બોધાયેલ વચનામૃતનાં સ્થાનો



અમદાવાદ(કાલુપુર) મંદિર વચ. અમ.-૧



મંદિરની આગળ ફળિયામાં
વચ. અમ. - ૨, ૩



શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલ
શ્રી નરનારાયણ દેવ, કાલુપુર

## વાચન પૂર્વે...

- સૌ પ્રથમ શુભ દેશકાળના વાતાવરણમાં સર્વે બાહ્ય વિક્ષેપ દૂર કરીને આસન સ્થિર કરી મનને શાંત કરવું, એકાગ્ર કરવું.
- વાંચનારે સાંપ્રદાયિક પ્રથા મુજબ પ્રથમ બે વખત સ્વામિનારાયણ હરે ! ... સ્વામિનારાયણ હરે ! ... એમ બોલી મંગલાચરણ કરી વાચન શરૂ કરવું.
- દેશકાળથી પર થઈને 'નિજાત્માનં બ્રહ્મરૂપં' ભાવના કરીને વચનામૃતની શરૂઆતમાં જે તે તીર્થસ્થાનમાં બિરાજમાન શ્રીજી મહારાજ તથા સંતો ભક્તોજનોની સભા ધારવી. શ્રીજી મહારાજનાં વસ્ત્રાભૂષણોની સ્મૃતિ કરવી.
- 'પછી શ્રીજી મહારાજ બોલ્યા' એ શબ્દ સાથે મન અને જીવને વચનામૃતના વિષય વસ્તુમાં પ્રવેશ કરાવવો. વચનામૃતનું હાર્દ પામવા પ્રયત્ન કરવો.
- શ્રીજી મહારાજનાં સિદ્ધાંત વચનો વિચારી અંતરમાં પોતાનો તપાસ કરવો. પૂ. ગુરુદેવના શબ્દો 'પછી શું?' તેમ પોતાનું અંગ તથા સ્થિતિ ઓળખવી.
- વચનામૃત વિશે મોટા સંતોનાં વિવેચનો અને પ્રવચનોનો અભ્યાસ રાખવો.
- નિત્ય પ્રાતઃ પૂજા બાદ સાધક સંતો ભક્તો વચનામૃતનો પાઠ કરતા હોય છે.

## મોટા સંતોના દિવ્ય આશીર્વાદ

- સદ્. ગોપાળાનંદ સ્વામી કહેતા જીવના કલ્યાણને અર્થે શ્રીજી મહારાજે આ વચનામૃતની બહાર કાંઈ રાખ્યું હોય તો મારા ગળાના સમ છે. (આપ્ત વચન)
- સદ્. ગુણાતિતાનંદ સ્વામી કહે છે વચનામૃતના અર્થ સમજાય તેવા નથી પણ બહુ અભ્યાસ રાખે તો આપમેળે સમજાય જાય છે.
- સ્વામી કહે છે આ વચનામૃતના ચોપડામાં તો ચાર વેદ, ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ અને સર્વશાસ્ત્રમાત્રનો સાર આવી ગયો છે માટે તેનો અભ્યાસ રાખવો.
- ઈષ્ટદેવના સાક્ષાત્કાર માટે વચનામૃત એ ત્યાગી ગૃહી સૌ કોઈ સત્સંગીજનો માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાનું એક માત્ર સર્વશ્રેષ્ઠ સાધન છે.

# પ્રસ્તાવના

વચનામૃતની આ પ્રથમ આવૃત્તિ સત્સંગિજનોની જરૂરિયાત જાણીને 'શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેમાં સર્વ સામાન્ય વર્ગથી લઈને શિષ્ટ વર્ગ સુધીમાં સર્વ મુમુક્ષુઓને અંતઃકરણમાં ઊંચી આધ્યાત્મિક તૃપ્તિ આપે એવી સહજ અને સરળ ભાષામાં વિદ્યમાન ગ્રંથ તરીકે ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો અદ્વિતીય સ્થાન મેળવી રહ્યાં છે. તેની આ આવૃત્તિ જૂની ઢબની જે પ્રત સદ્‌ગુરુઓમાં વંચાતી આવેલી હતી તેને અનુરૂપ પ્રસિદ્ધ કરી છે. સત્સંગમાં બહુધા સામાન્ય સમાજમાં તો વચનામૃતો જે ઘણી જ સરળ અને લોકભોગ્ય ભાષામાં લખાયાં છે તે જ પથ્ય થઇ પડે છે; અને થતાં આવ્યાં છે. એટલે આ આવૃત્તિમાં તેને જૂની ઢબે લોકોપયોગી ગણી પ્રસિદ્ધ કર્યાં છે. વચનામૃતની પરાવાણી એટલી તો ચમત્કારી છે કે ગમે તેવું ન્યૂનાધિક અધિકારી પાત્ર તેનું પરિશીલન કરે, તોપણ તેની આધ્યાત્મિક કક્ષાનો સંતોષ તેને મળી રહે છે અને જેમ અભ્યાસ વધતો જાય છે તેમ તેમ તેમાંથી વિશેષ પ્રકાશ મળે છે. વિશિષ્ટ પ્રકારના જિજ્ઞાસુઓને વિશેષ સમજ માટે અધિકા અધિકારીનો ખપ તો રહેવાનો જ.

વેદ, વેદાંત, ગીતા, ભાષ્યો વગેરેમાં ભગવાન અને તેમના ઉપાસક ભક્ત-જનોનાં વચનો પુષ્કળ સંગ્રહાયાં છે; અને તેમના ઉપર વિદ્વદ્‌ભોગ્ય ટીકા, ટીપ્પણીઓ, ભાષ્યો પણ સંખ્યાબંધ થયાં છે. તેના ઉપરના વ્યાખ્યાતાઓ પણ જ્ઞાનનું ચર્વિત ચર્વણ કરતા જ રહ્યા છે; પરંતુ માત્ર જ્ઞાનકથનથી, યમનિયમોના પાલનથી કે માત્ર તપત્યાગથી આત્માની સાચી ભૂખ ભાંગતી નથી. આત્મામાં તો ઊંડા ભક્તિભાવથી જે સંતોષ અને સમાધાન મળે છે, તે લૂખી જ્ઞાનગોષ્ઠિથી કે કર્મ વિકર્મની અટપટી ક્રિયાઓથી યા શબ્દજાળથી અથવા આકરી તપશ્ચર્યાથી પણ મળી શક્તાં નથી.

વચનામૃત એ ભગવાન તરફથી નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિ તરફ પ્રેરનારો, સ્વયં ભગવાન સ્વામિનારાયણની દિવ્ય વાણીથી ભરેલો અણમૂલો ગ્રંથ છે. એ પ્રેમલક્ષણા ભક્તિ પુષ્ટ બનીને નિર્વિઘ્ન સ્વરૂપે ટકી રહે તે માટે તે ધર્મયુક્ત (સદાચારવાળી) હોવી જોઈએ. વળી એ સદાચારનું અને ભગવાનનું મહત્ત્વ કેવું છે તે સમજવા સારુ જ્ઞાનની જરૂર છે. તેમજ એ ઈષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ વડે જગતની

નશ્વરતા મૂલક વૈરાગ્ય ઉદય થતાં સર્વનિયંતા ભગવાન તરફ મહિમા સહિત પ્રીતિ થાય છે. એકાંતિક ભાગવતધર્મ અને પ્રેમલક્ષણા ભક્તિ એ બંને એકરૂપ બની જાય છે અને ભક્ત પૂર્ણકામ બની ભગવાનના સાધર્મ્યને પામી સ્વામી સેવક ભાવે પ્રભુઈચ્છાને અનુરૂપ વિચરે છે. આ પ્રકારનું આત્યંતિક કલ્યાણ એ જ ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરિ દૃઢ સિદ્ધાંત છે.

ઉપર્યુક્ત આત્યંતિક કલ્યાણની જે જે સાધના કરવી પડે, તેનાં પ્રતિપાદનો, વિવેચનો, નિર્ણયો વગેરે પ્રશ્નોત્તર રૂપે વચનામૃતો રજૂ કરે છે. તેમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યરૂપ મંગલચતુષ્ટયની મહત્તા સળંગસૂત્ર રૂપે ગુંથાયેલી છે. જગતમાં જ્યાં માત્ર ધર્મ ઉપર જ બહુ ભાર દેવામાં આવ્યો છે, ત્યાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ગૌણ થતાં ધર્મનું ખરું ગૌરવ જળવાયું નથી. જ્યાં એકલી ભક્તિને જ મહત્તા અપાઈ છે. ત્યાં ધર્મ(સદાચાર) જ્ઞાન અને વૈરાગ્ય ઝાંખાં પડતાં ભક્તિની પવિત્રતા જળવાઈ નથી, એ જ રીતે જ્ઞાનને જ માત્ર મુખ્ય માની બેસનારાઓમાં ભક્તિ, ધર્મ અને વૈરાગ્યની ઉપેક્ષા થતાં જ્ઞાનની મૃદુતા લુપ્ત થતી જણાય છે. અને માત્ર વૈરાગ્યને જ પ્રાધાન્ય આપનારાઓમાં ભક્તિ, ધર્મ અને જ્ઞાનની ઉણપ આવતાં તપશ્ચર્યાના તામસથી સદ્‌ગુણોના ભૂષણરૂપ ક્ષમા સહિષ્ણુતા ઉડી જતી ભાસે છે.

ઉપરની વિચારણાથી સમજાશે કે મનુષ્યના હૃદયમાં ભક્તિનો નમ્રભાવ, વર્તનમાં યમ નિયમાદિકનો પવિત્ર સદાચાર અને જીવ, જગત અને પરમાત્માનાં સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન અને એથી થતા વિવેક દ્વારા સાંસારિક વિષયોની અરુચિ અને ભગવાન તરફની પ્રીતિ (વૈરાગ્ય) એ બાબતો જ માનવજીવનના સારરૂપ છે, એ ચારેય બાબતોનો યથાયોગ્ય સ્વરૂપમાં સમન્વય ભગવાન સ્વામિનારાયણે કર્યો છે. એટલું જ નહિ પણ બહોળા શિષ્ય વર્ગ દ્વારા પ્રત્યક્ષ આચરી બતાવ્યો છે અને સ્વયં લિખિત શિક્ષાપત્રીમાં 'સર્વજીવહિતાવહ' તરીકે ઉદ્‌ઘોષિત કર્યો છે. એ મંગલ ચતુષ્ટયની પ્રતિષ્ઠા દ્વારા ભગવાન શ્રીસ્વામિનારાયણની આ પરાવાણી વચનામૃતો સર્વ મુમુક્ષુઓના હૃદયમાં કલ્યાણકર આત્મબળ પ્રેરો એ જ અભ્યર્થના .

તા. ૮/૧૦/૧૯૬૧
રાજકોટ

– પ. ભ. કવિ શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ
(ગુરુકુલના આદ્ય ટ્રસ્ટી તથા સદ્‌વિદ્યાના આદ્ય તંત્રી)

# નિવેદન

શ્રીજી મહારાજનાં વચનામૃતો એટલે પોતાનાં આશ્રિતજનો માટે સાકરનું નાળિયેર. તેમાં ત્યાગ ભાગને કોઈ સ્થાન નથી. સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે તેમ શ્રીહરિનાં બધાં વચનો-આજ્ઞાઓ વીસ વસાની છે. સદ્. ગોપાળાનંદ સ્વામી અને સદ્. ગુણાતિતાનંદ સ્વામીની વાતોમાં તો આનો ભારોભાર મહિમા કહ્યો છે. વારે વારે જે તે વચનામૃતોનો વાચન કરાવ્યાનો તથા સિદ્ધાંત રૂપ વચન કહ્યાનો ઉલ્લેખ બંને સંતોની વાતોમાં સહજ થતો રહ્યો છે. વચનામૃત એ મોક્ષમાર્ગ માટે જીવન સંજીવની રૂપ છે. તેનો યોગ કોઈપણ દેશકાળમાં મુમુક્ષુને ભગવાન સાથેનો નાતો અખંડિત રાખે છે. ખુદ શ્રીજી મહારાજ પણ કેટલાંક વચનામૃતોમાં કહે છે આ વાતો તો ન ભૂતો ન ભવિષ્યતી એવી અદ્ભુત છે. નિર્વિકલ્પ સમાધિ કરતાં પણ ભગવાન પુરુષોત્તમ નારાયણનાં વચનો ધારવાં તે અધિક શાંતિને આપનારાં છે.

મુમુક્ષુઓ માટે તો જીવને જન્મમરણ અને માયાનું બંધન થવામાં કારણરૂપ કારણ શરીર અને વાસના તેમજ સ્વભાવોને દૂર કરવા આ ગ્રંથનું અડગ શ્રદ્ધા અને આસ્તિકભાવથી થતું અનુષ્ઠાન જ પૂરતું છે. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ રાજકોટ ગુરુકુલ દ્વારા આ ગ્રંથની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સને ૧૯૬૧માં કરાવેલું. તેમાં પ.ભ. કવિ શ્રી ત્રિભુવનભાઈ વ્યાસે લખેલ પ્રસ્તાવના આ આવૃત્તિમાં ગ્રંથનો મહિમા જાણવા રજૂ કરેલ છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ૧ લાખ ઉપરાંત વચનામૃતોની પ્રતો પ્રકાશિત થયેલ છે.

પૂ. ગુરુદેવે જીવનના ઉત્તરાર્ધ કાળમાં પોતાના આસને સંતો ભક્તજનોની સભા યોજીને સમગ્ર વચનામૃતની કથા વંચાવીને શ્રીહરિના હૃદગત અભિપ્રાયો-રહસ્યોનું રસપાન કરાવ્યું હતું. તે જ્ઞાન વારસા સાથે હાલ પણ પૂ. દેવપ્રસાદદાસજી સ્વામી તથા પૂ. ધર્મવલ્લભદાસજી સ્વામી આદિ સંતો દ્વારા દેશ વિદેશોમાં વચનામૃત શિબિરો યોજાતી રહે છે. પૂ. ગુરુદેવે ૧૯૫૦માં પ્રારંભ કરેલ કાયમી રવિસભામાં પણ સંતો દ્વારા રાજકોટ, સુરત વગેરે શાખાઓમાં વચનામૃતની નિત્ય કથા થાય છે.

હાલ સમગ્ર સંપ્રદાયમાં વડતાલ પીઠાધિપતિ પ. પૂ. ધ. ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી

રાકેશપ્રસાદજી મહારાજના શુભ સંકલ્પથી કાર્યકર્તા વિદ્વાન વડીલ સંતોના માર્ગદર્શન મુજબ વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ ઉજવાય રહ્યું છે ત્યારે રાજકોટ ગુરુકુલ સાહિત્ય પ્રકાશન દ્વારા ઈષ્ટદેવની પરાવાણીરૂપ વચનામૃતો મુમુક્ષુ સાધક ભક્તજનોને પાઠ - અનુષ્ઠાનમાં તથા ચિંતન મનન કરવા વિશેષ ઉપયોગી બને તે માટે આ ૧૪ મી આવૃત્તિ ટુ કલરમાં પ્રકાશિત કરવાનો સહજ પ્રયાસ કરેલ છે. જેમાં પ્રશ્નકર્તા આદર્શ સંત ભક્તજનોના તથા ઉત્તરકર્તા ગ્રંથના મુખ્ય વક્તા એવા શ્રીજી મહારાજના નામ જુદા કલરમાં તારવ્યાં છે. જે તે નામ સાથે તેમના દ્વારા પુછાયેલા પ્રશ્નો તેમજ સિદ્ધાંતરૂપ વચનો અને મુદ્દારૂપ શબ્દોને બોલ્ડ કરવામાં આવ્યા છે. અગાઉની આવૃત્તિ મુજબ શરૂઆતના કલર પેજમાં શ્રીજી મહારાજનાં વસ્ત્રાલંકારો તથા પુષ્પો વગેરેની માહીતી પણ જેમની તેમ મૂકેલ છે. ખાસ આ આવૃત્તિનું પ્રકાશન કરવામાં સુરતવાસી ગુરુકુલના ભૂ. વિ. પ. ભ. શ્રી ધીરજલાલ કોટડિયાએ પ્રેરણા સાથે આર્થિક સહાય કરેલ છે.

આ ગ્રંથનું કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા પ્રૂફ તેમજ પ્રકાશન કાર્યમાં સદ્‌વિદ્યાના તંત્રી પૂ. સાધુ લક્ષ્મીનારાયણદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ સહતંત્રી સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી, સંપાદક પાર્ષદ વશરામભગતે ઉત્સાહથી વિવિધ સેવા કરેલ છે. ટાઈટલ તથા ઈનર પેજ ડિઝાઈન અને લે આઉટ સેટિંગમાં સાધુ વિશ્વસ્વરૂપદાસજી સ્વામી તથા ચિરાગભાઈ સુતરિયાએ સેવા બજાવેલ છે. સંસ્કૃત શ્લોક તપાસવામાં પ.ભ. શ્રી રમણીકભાઈ રૂપારેલિયા સાહેબે તથા મૂળ ગ્રંથ સાથે મેળવણી કરવામાં ભૂ. વિ. ઘનશ્યામભાઈ ખોખરિયા વગેરેએ સેવા આપેલ છે. આ સહુ કોઈ ઉપર શ્રીજી મહારાજની પ્રસન્નતા ઉતરે એજ અભ્યર્થના. આ ગ્રંથના પ્રકાશનમાં પૂરતો પ્રયત્ન કરવા છતાં માનવ સ્વભાવને કારણે કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો નીરક્ષીર ન્યાયે ક્ષમ્ય ગણી પાઠ કરશો તથા જરૂર ધ્યાન દોરશો.

તા. ૧૪/૪/૨૦૧૯ — સાધુ દેવકૃષ્ણદાસના જય શ્રી સ્વામિનારાયણ

શ્રીહરિ જયંતી (મહંત સ્વામી, શ્રી સ્વા. ગુરુકુલ રાજકોટ)

રાજકોટ

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત ગ્રંથરાજ
વચનામૃત
દ્વિશતાબ્દી 2019

|| શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ ||

* ટાઈટલ પેજ
* વચનામૃત ઉદ્‌ગાતા શ્રીજી મહારાજ તથા ગ્રંથ સંકલનકર્તા ચાર નંદસંતો
* શ્રીજી મહારાજનાં વસ્ત્રાલંકારોની સમજૂતી
* વચનામૃત ઉદ્‌બોધન સ્થાનકો
* પ્રાસ્તાવિક
* વચનામૃત અનુક્રમણિકા
* વચનામૃત ઉપોદ્‌ઘાત પ્રકરણ/પરથારો :


## શ્રીજી મહારાજે પ્રબોધેલા વચનામૃતોના નંદસંતોએ સ્મૃતિ માટે આપેલ નામાભિધાન તેમજ જે તે વચનામૃતનો ટૂંક સાર સાથે વચનામૃત પ્રકરણ પ્રમાણે અનુક્રમણિકા તથા પેજ નં.


| વચ. પ્રકરણ /સંખ્યા | સળંગ ક્રમ | પેજ નં. |
|---|---|---|
| ગઢડા પ્રથમ પ્રકરણ (૭૮) | ૧ થી ૭૮ | ૧ થી ૧૬૪ |
| સારંગપુર પ્રકરણ (૧૮) | ૭૯ થી ૯૬ | ૧૬૫ થી ૨૦૭ |
| કારિયાણી પ્રકરણ (૧૨) | ૯૭ થી ૧૦૮ | ૨૦૮ થી ૨૩૮ |
| લોયા પ્રકરણ (૧૮) | ૧૦૯ થી ૧૨૬ | ૨૩૯ થી ૩૦૮ |
| પંચાળા પ્રકરણ (૭) | ૧૨૭ થી ૧૩૩ | ૩૦૯ થી ૩૩૮ |
| ગઢડા મધ્ય પ્રકરણ (૬૭) | ૧૩૪ થી ૨૦૦ | ૩૩૯ થી ૪૮૮ |
| વરતાલ પ્રકરણ (૨૦) | ૨૦૧ થી ૨૨૦ | ૪૮૯ થી ૫૨૮ |
| અમદાવાદ પ્રકરણ (૩) | ૨૨૧ થી ૨૨૩ | ૫૨૯ થી ૫૩૫ |
| ગઢડા અંત્ય પ્રકરણ (૩૯) | ૨૨૪ થી ૨૬૨ | ૫૩૬ થી ૬૩૨ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **અખંડવૃત્તિનું :** ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવીએ સૌથી કઠણ સાધન, ને ભગવાનનું ધ્યાન કરતાં જે આડું આવે તે માયા છે તથા દેહત્યાગ કરીને ભક્ત ભગવાનના ધામને પામે તેની રીત તથા સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું કારણ તથા સંતના અવગુણથી વજ્રલેપ પાપ | ૧ |
| ૨ | **ત્રણ પ્રકારના વૈરાગ્યનું :** ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ વૈરાગ્યનાં લક્ષણ.. | ૩ |
| ૩ | **લીલાચરિત્ર સંભારી રાખવાનું :** ભગવાનની જે લીલા અને જે ભક્ત તેની સ્મૃતિએ કરીને મૂર્તિ સાંભરી આવે છે તેનું મોટું ફળ થાય છે. | ૪ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૪ | **નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું :** ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી તેની વિક્તિ ને તેને વિષે નારદ ને તુંબરુની વાર્તા. | ૫ |
| ૫ | **ધ્યાનના આગ્રહનું :** ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તેમાં હિંમત રાખવી ને તે હિંમત રાખે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. | ૫ |
| ૬ | **વિવેકી - અવિવેકીનું :** વિવેકી છે તે સત્સંગમાં ગુણ લઈને વૃદ્ધિ પામે છે અને અવિવેકી છે તે અવગુણ લઈને ઘટી જાય છે. | ૬ |
| ૭ | **અન્વય વ્યતિરેકનું :** જીવ, ઈશ્વર, બ્રહ્મ ને પરબ્રહ્મનું અન્વય-વ્યતિરેક પણું. | ૬ |
| ૮ | **ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન ને સંતની સેવામાં રાખ્યાનું :** ઈન્દ્રિયોની ક્રિયાને સત્સંગમાં પ્રવર્તાવે તો અંતઃકરણ શુદ્ધ થાય ને પાપ બળી જાય ને જગતના વિષયમાં પ્રવર્તાવે તો અંતઃકરણ ભ્રષ્ટ થાય ને કલ્યાણના માર્ગથી પડી જાય તથા સત્સંગ સેવા થકી શુદ્ધ થવાય. | ૭ |
| ૯ | **ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છવાનું :** પ્રત્યક્ષ મૂર્તિ વિના બીજું કાંઈ ઐશ્વર્ય જોવાને ન ઈચ્છવું ને એ મૂર્તિયે કરીને જ પૂર્ણકામપણું માનવું. | ૮ |
| ૧૦ | **કૃતઘ્ની સેવકરામનું :** કૃતઘ્નીપણું એ મોટું પાપ છે-વૈરાગીનું આખ્યાન. | ૯ |
| ૧૧ | **વાસનાનું તથા એકાંતિક ભક્તનું :** વાસનાનું રુપ - એકાંતિકનું લક્ષણ. | ૧૦ |
| ૧૨ | **તત્ત્વોનાં લક્ષણનું તથા ઉત્પત્તિનું :** પુરુષ પ્રકૃતિ આદિકનાં લક્ષણ તથા જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયની વિક્તિ તથા ધામનું વર્ણન. | ૧૦ |
| ૧૩ | **વડ-પીપરની ડાળ બીજે રોપ્યાનું :** એક જીવને બીજા જીવ થકી સ્થાવર જંગમરૂપે ઉપજ્યાની રીતિ. | ૧૫ |
| ૧૪ | **અંતે યા મતિઃ સા ગતિઃ નું :** વાસનાવાળા ત્યાગી કરતાં ભગવાનની આજ્ઞાએ ઘેર રહ્યો હોય તેને શ્રેષ્ઠ કહ્યો છે ને તે ગૃહસ્થની સમજણ તથા अंते या मति: सा गति: એ શ્રુતિનો અર્થ તથા દાસનાં લક્ષણ. | ૧૬ |
| ૧૫ | **ધ્યાન કરવામાં કાયર ન થવાનું :** જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય તેને મૂર્તિ ધારવામાં અખંડ શ્રદ્ધા રહે ને તેને એકાંતિક ભક્ત જાણવો. | ૧૯ |
| ૧૬ | **વિવેકનું :** સત અસત્‌નો વિવેક હોય તેને વરતવાની રીત. | ૨૦ |
| ૧૭ | **સત્સંગમાં કુસંગનું-મોળી વાત ન કર્યાનું :** હિંમત રહિત વાત કરવી એ જ સત્સંગમાં કુસંગ, ને મોળી વાત કરે તેને નપુંસક જાણવો..... | ૨૦ |

Index


| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧૮ | **વિષય ખંડનનું-હવેલીનું :** પંચ ઈન્દ્રિયોએ કરીને અસત્પુરુષના સંગનો નિષેધ ને સત્પુરુષના સંગનું પ્રતિપાદન તથા વચનમાં નહિ રહે તેને ઘણું છેટું થવાનું ને ભૂત કે બ્રહ્મરાક્ષસનું દેહ આવવાનું ને ભક્તિ કરી હશે તેનું ફળ કોઈક કાળે મળવાનું. | ૨૧ |
| ૧૯ | **આત્મનિષ્ઠા આદિક ચારેય ગુણની અપેક્ષાનું :** તથા એ ચારે જેને હોય તેને સંપૂર્ણ સાધન થયાં ને ખોટ હોય તો સત્સંગ કરીને ટાળવી. | ૨૬ |
| ૨૦ | **અજ્ઞાનીનું-પોતાના સ્વરૂપને જોવાનું :** જે પોતે પોતાને નથી જોતો તેને મૂર્ખ કહ્યો છે ને જે આત્માને જોયાનો આદર કરે છે તેને દેખાય છે ને તેને પોતાના આત્માને વિષે પ્રત્યક્ષ પરમાત્મા પણ દેખાય છે. | ૨૭ |
| ૨૧ | **એકાંતિક ધર્મવાળાનું-અક્ષરનાં બે સ્વરૂપનું :** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે તથા એકાંતિક ભક્તની સમજણ તથા એને વરત્યાની રીત તથા એની પ્રાપ્તિ અને વાસનાવાળાને વિઘ્ન. | ૨૯ |
| ૨૨ | **સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું :** સર્વ ક્રિયા કરતાં ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ રાખવો, તો એ ભજનમાં બેસે ત્યારે એને ભગવાનમાં વૃત્તિ રહે, નહિ તો ન રહે. | ૩૨ |
| ૨૩ | **પાણીનો ઘડો ઢોળ્યાનું - સ્થિતિમાં રહેવાનું :** જે આત્મારૂપે રહ્યો થકો ભગવાનને ભજે છે તેને શ્રેષ્ઠ કહ્યો છે તથા ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિને રાખવાની રીતિ. મૂર્તિની સ્મૃતિ રાખીને સંકીર્તન કરવાં. | ૩૩ |
| ૨૪ | **જ્ઞાનની સ્થિતિનું-માહાત્મ્ય રૂપી ખટાઈનું :** ભગવાનના સ્વરૂપનો જેટલો નિશ્ચય ને માહાત્મ્ય છે તેટલો વિષયનો અભાવ થાય છે તે વાત લીંબુ ચુશ્યાને દૃષ્ટાંતે તથા ભગવાનને જેવા સમજે તેવો પોતે થાય તથા ભક્તને અપૂર્ણપણું રહે છે એ ખોટ્ય છે. | ૩૫ |
| ૨૫ | **વીસ કોશના પ્રવાહનું - સમાધિનું :** અપૂર્ણપણાનો હેતુ તથા આત્મજ્ઞાનનું બળ દેખાડ્યું છે તથા બે પ્રકારે સમાધિ થાય છે તથા પૂર્ણકામપણે ભક્તિ કરવી તેની રીતિ દેખાડી છે. | ૩૮ |
| ૨૬ | **સાચા રસિક ભક્તનું, નિર્ગુણ ભાવનું :** રસિક કીર્તનનું મિશ લઈને એક ભગવાનને વિષે રસિકપણું સાચું ને બીજા વિષયને વિષે હોય તો ખોટું | ૪૧ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૨૭ | **ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું :** જેના હૃદયમાં ભગવાન રહે છે એવા સંતનાં લક્ષણ ને તે વિના બીજાની તુચ્છતા. | ૪૩ |
| ૨૮ | **અર્ધબળ્યા કાષ્ટનું – વધવા-ઘટવાનું :** સત્સંગમાંથી જે પાછો પડવાનો હોય તથા જે વૃદ્ધિ પામવાનો હોય તે બેયના લક્ષણ. | ૪૬ |
| ૨૯ | **ધર્માદિકનું બળ વૃદ્ધિ પામ્યાનું :** એકાંતિક ભક્તને વૃદ્ધિ પામવાનો હેતુ તથા પ્રારબ્ધકર્મ ને પુરુષપ્રયત્ન એ બેનો વિવેક. | ૪૭ |
| ૩૦ | **ઘાટના ડંસ બેઠાનું :** ગુણને પ્રધાનપણે કરીને મનને વિષે મલિન ઘાટના ડંસ બેસે છે ને નથી બેસતા તે તથા તે ઘાટ ટાળવાનો હેતુ સત્સંગ છે. | ૪૮ |
| ૩૧ | **નિશ્ચય વડે મોટ્યપનું :** જે નિવૃત્તિ પકડીને બેસે તે કરતાં ભક્તિવાળો શ્રેષ્ઠ તથા હરિ ને હરિજનના જે અવગુણ લે છે તે આસુરી બુદ્ધિવાળો. | ૫૦ |
| ૩૨ | **મૂર્તિરૂપી માળા ને ખીલાનું :** ભગવાનના ભક્તના વિષય ને અભક્તના વિષય તેમાં ભેદ છે તથા પક્ષી, પશુ, મનુષ્યને દૃષ્ટાંતે કરીને મૂર્તિમાં ચોંટવાની વાત તથા ગુણની વૃત્તિએ કરી અંતઃકરણનું મલિનપણું ને નિર્મળપણું થાય છે તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનો પ્રકાર. | ૫૨ |
| ૩૩ | **મૂઢપણું, પ્રીતિ ને સમજણથી દૃઢ આશરાનું :** ભગવાનના નિશ્ચયને વિષે મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણ ભેદ. | ૫૫ |
| ૩૪ | **ભગવાને કળ ચઢાવ્યાનું :** મનની વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં રહેવાનું કારણ તથા હરિભક્તને સુખ દુઃખનું કારણ તે હરિની આજ્ઞાને પાળવી ને ન પાળવી એ જ છે. | ૫૭ |
| ૩૫ | **કલ્યાણના જતનનું :** અવગુણરૂપી દોષે કરીને જેની મતિ દુષિત છે તે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે છે, ને જેની એવી મતિ નથી તે પાછો પડતો નથી ને એવી આસુરી બુદ્ધિ ન થાય તેના ચાર હેતુ. | ૫૯ |
| ૩૬ | **કંગાલના દૃષ્ટાંતે સાચા ત્યાગીનું :** સંસાર મૂકીને ત્યાગી થયો ને તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ વિના બીજા પદાર્થમાં પ્રીતિ રહે છે તેને મોટા સંત કંગાળ માણસની પેઠે પાપી જાણે છે. | ૬૦ |
| ૩૭ | **દેશવાસનાનું :** જન્મભૂમિ ને સંબંધી તેનું હેત ટળવું તે કઠણ છે ને તેને ટાળ્યાનો ઉપાય તથા ભગવાનના સાકારપણાની નિષ્ઠાવાળાનું માહાત્મ્ય | ૬૧ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૩૮ | **વણિકના નામાનું :** વણિકના નામાનું તથા ભૂતનું દૃષ્ટાંત દઈને મનને વિષે નિરંતર ભગવાનનું ચિંતવન કરીને મનમાંથી વાસના ટાળવી તેની વિક્તિ તથા સાચો ત્યાગી ને સાચો ગૃહસ્થ તે બેનાં લક્ષણ. | ૬૪ |
| ૩૯ | **સવિકલ્પ-નિર્વિકલ્પ સ્થિતિવાળાનું :** સવિકલ્પ - નિર્વિકલ્પ સ્થિતિને ભેદે કરીને જીવાદિકનું સત્યપણું ને અસત્યપણું તે મેરુ - લોકાલોક પર્વતને વિષે ઊભા હોય તેને દૃષ્ટાંતે કરીને કહ્યું છે. | ૬૭ |
| ૪૦ | **સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિનુ :** સવિકલ્પ સમાધિવાળો ને નિર્વિકલ્પ સમાધિવાળો તેનાં લક્ષણ તથા ભક્તિમાં ને ઉપાસનામાં ભેદ. | ૬૯ |
| ૪૧ | **એકોડહં બહુસ્યામનું, તારતમ્યતાથી અનુપ્રવેશનું :** એક ભગવાન છે તે અંતર્યામીરૂપે થયા છે ને પાત્રની તારતમ્યતાએ કરીને પ્રકાશે છે. | ૭૦ |
| ૪૨ | **વિધિનિષેધનું :** તેની અતિશે દૃઢતા ને તે ખોટા કરે છે તે નારકી થાય છે | ૭૨ |
| ૪૩ | **ચાર પ્રકારની મુક્તિનું :** ચતુર્ધા મુક્તિ ન ઈચ્છવી ને સેવાને જ ઈચ્છવી. | ૭૨ |
| ૪૪ | **બળબળતા ડામનું-ડગલાનું :** ભગવાનને વિષે જે સ્નેહવાળો હોય તેના લક્ષણ તથા તે સ્નેહ પામ્યાનો હેતુ તથા દેહાદિકને વિષે અહંમમત્વ ટળે ને સાધુપણું આવે તેને ને ભગવાનને છેટું રહેતું નથી. | ૭૫ |
| ૪૫ | **સાકાર - નિરાકારનું :** ભગવાનનું સદા સાકારપણું ને નિર્ગુણપણું ને વ્યાપકપણું, સર્વ વ્યાપક જે શ્રીહરિનું તેજ તેને સાકાર જેવું જ કહ્યું છે. | ૭૭ |
| ૪૬ | **આકાશની ઉત્પત્તિ અને લયનું :** ચિદાકાશ ને ભૌતિક આકાશનાં લક્ષણ | ૭૯ |
| ૪૭ | **ચાર પ્રકારની નિષ્ઠાવાળાનાં લક્ષણનું :** જીવનમાં ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાના લક્ષણો ને તેને વિષે ગુણ દોષ. | ૮૦ |
| ૪૮ | **ચાર પ્રકારના કુસંગીનું :** ચાર પ્રકારના કુસંગીના સંગ થકી ને અંતરશત્રુ થકી રક્ષા કરજો એમ ભગવાન પાસે માગવું. | ૮૩ |
| ૪૯ | **અંતર્દૃષ્ટિનું :** ભગવાનમાં વૃત્તિ રહે ને જગતમાં રાખવી કઠણ પડે તેજ ભગવાનનો ભક્ત છે અને તેનું સાધન જે અંતર્દૃષ્ટિ તેનું લક્ષણ. | ૮૬ |
| ૫૦ | **કુશાગ્ર બુદ્ધિવાળાનું :** કુશાગ્ર અને જાડી બુદ્ધિવાળો એ બેનાં લક્ષણ. | ૮૭ |
| ૫૧ | **હીરે કરીને હીરો વેંધાયાનું, ભગવાન વતે જ નિશ્ચયનું :** માયિક અંતઃકરણે કરીને અમાયિક એવા જે ભગવાન તે કેમ જાણ્યામાં આવે | ૮૮ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | એ પ્રશ્નના ઉત્તરને વિષે ભગવાનનું સાકારપણું તથા ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે તે ઉપર હીરો વેંધ્યાનું દૃષ્ટાંત. | |
| ૫૨ | **ચાર શાસ્ત્રે કરી ભગવાનને જાણ્યાનું :** સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એ ચારે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય. | ૯૨ |
| ૫૩ | **વધવા – ઘટવાનું :** સત્સંગમાં વધવાનું ને ઘટવાનું કારણ. | ૯૪ |
| ૫૪ | **ભાગવતધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું :** સ્વધર્માદિકે યુક્ત જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ તથા જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. વચનથી જ સત્સંગની દૃઢતા. | ૯૫ |
| ૫૫ | **ભજન-સ્મરણ ને વર્તમાનના દૃઢાવનું :** જીવને ભજન તથા વર્તમાનનો એક દૃઢાવ રહેતો નથી તેને વિષે અશુભ દેશકાળાદિકનું કારણ. | ૯૬ |
| ૫૬ | **પોલા પાણાનું :** નિષ્કામ એવો જે જ્ઞાની ભક્ત તેને શ્રેષ્ઠ કહ્યો છે, ને બીજા ત્રણ જે સકામ તે કનિષ્ઠ તથા જેમાં ભક્તિ જ્ઞાનાદિક એવા શ્રેષ્ઠ ગુણ હોય ને તેમાં જો એક માન હોય તો તે દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે ને અહંકારનો ભેગ ભળતો જાય તેમ તેમ વૈરાગ્યાદિક ઓછાં થાતાં જાય ને નિર્માની ભક્તનાં ગુણ તો સોળવલ્લા સોના જેવા. | ૯૭ |
| ૫૭ | **અસાધારણ મોક્ષના કારણનું :** ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને માહાત્મ્ય જાણવું એ બે મોક્ષના હેતુ છે. ભગવાનને વિષે સ્નેહનું લક્ષણ તથા સત્સંગમાં અંતરાય રૂપ સ્વભાવ-તેને દૃષ્ટાંતે કરીને ટાળવાનો ઉપાય. | ૧૦૧ |
| ૫૮ | **દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કારનું, મોટાને જાણે તેવો થાય :** ગુણના વેગ ટાળ્યાનો ઉપાય તથા દોષ માત્ર ટળી જાય ને ભક્તિ આદિક ગુણ વૃદ્ધિ પામે ને પાકો સત્સંગી થાય તેનો ઉપાય. | ૧૦૨ |
| ૫૯ | **અસાધારણ સ્નેહનું કારણ :** ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનો હેતુ પ્રત્યક્ષ ભગવાનનો મહિમાએ સહિત નિશ્ચય તથા પોતામાં પ્રેમ હોય ને તે જણાતો ન હોય તેને જણાયાનો હેતુ તથા સારાં ને નરસાં જે જે દેશ કાળ ક્રિયા તેની પ્રવૃત્તિના હેતુ તે પુરુષ છે. | ૧૦૪ |
| ૬૦ | **એકાંતિક ધર્મ પામ્યાનું - વાસના ટાળ્યાનું :** વાસના ટાળ્યાની રીત તથા વાસના ટળી ગઈ હોય તેના લક્ષણ તથા વાસના ટાળ્યાનો ઉપાય | ૧૦૬ |

| | | |
|---|---|---|
| | તથા નિર્વાસનિકપણું એ જ એકાંતિકનો ધર્મ. તે ધર્મ એકાંતિક ભક્ત થકી જ પમાય છે. | |
| ૬૧ | **બળિરાજાનું :** ધીરજ ડગે નહિ તેનો હેતુ આત્મનિષ્ઠા છે તથા અંતસમે ઉપાસનાનું બળ અધિક તથા ભગવાનને વશ્ય કરવાની રીત. | ૧૦૭ |
| ૬૨ | **સત્ય, શૌચાદિક ગુણ આવ્યાનું :** માહાત્મ્યે સહિત નિશ્ચયથી ભગવાનનો સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે. | ૧૧૦ |
| ૬૩ | **નિશ્ચયનું, તત્ત્વે કરીને ભગવાનને જાણ્યાનું :** અપક્વ નિશ્ચયવાળાને ને પક્વ નિશ્ચયવાળાને મનમાં જેવા જેવા ઘાટ થાય તે તથા તત્ત્વે કરીને જે ભગવાનનો નિશ્ચય તથા અવતાર ધરવાનો પ્રકાર તથા પક્વ નિશ્ચયવાળાનાં જે લક્ષણ તે સર્વે સવિસ્તાર. | ૧૧૨ |
| ૬૪ | **શરીર-શરીરીનું, સ્વામી-સેવકભાવનું :** જેમ પંચભૂતનું દેહ જીવનું શરીર છે તેમ આત્મા ને અક્ષર એ બેય ભગવાનના શરીર છે અને વ્યાપક દૃશ્ય એવા જે સર્વે આત્મા ને તે આત્માને વ્યાપ્ય ને દૃશ્ય એવા જે સર્વે દેહ તેમાં શ્રીહરિ જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને તેના આત્માપણે રહ્યા છે, ને તે શ્રીહરિને સાકાર જાણીને ઉપાસના ભક્તિ કરે છે તે ભગવાનને પામે છે ને નિરાકાર જાણીને કરે છે તે બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે ને આ વાત પ્રત્યક્ષ જોઈને કહી છે ને તે વાત જેને સદા સાકરપણાની દૃઢ નિષ્ઠા હોય તે થકી જ પમાય છે. | ૧૧૭ |
| ૬૫ | **જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઈચ્છાશક્તિનું :** આકાશની જેમ ઉત્પત્તિ ને લય થાય છે તેની રીત તથા સુષુમ્ણા નાડી દેહને માંહી ને બાહેર જેમ છે તેમ તથા ત્રણ અવસ્થાના લયનો અનુક્રમ તથા ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ઈચ્છાશક્તિ જે રીતે રહી છે તે. | ૧૧૯ |
| ૬૬ | **શાસ્ત્રના શબ્દછળનું – ચતુર્વ્યૂહની વાતનું :** ભગવાનને વિષે સદા દિવ્ય સાકારપણાનું પ્રતિપાદન કર્યું છે ને મૂર્તિના તેજને નિરાકાર કહ્યું છે. | ૧૨૩ |
| ૬૭ | **સત્પુરુષના ગુણ આવ્યાનું :** સત્પુરુષનું લક્ષણ તથા તે સત્પુરુષના જેવા ગુણ જેમાં આવે ને ન આવે તે બેનાં લક્ષણ. | ૧૨૫ |
| ૬૮ | **અષ્ટ પ્રકારની પ્રતિમા ને સંતમાં અખંડ રહ્યાનું :** જેને ભગવાનની | ૧૨૬ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | પ્રતિમાને વિષે ને સંતને વિષે સાક્ષાત્ ભગવાનનો પ્રવેશ જાણીને તેની મર્યાદા નથી રહેતી તેનું કલ્યાણ થાતું નથી, ને તેને ભગવાનને વિષે પણ નાસ્તિક ભાવ આવે છે તથા એ નાસ્તિક ભાવનો જે હેતુ. | |
| ૬૯ | **દુષ્ટના અને સાધુના ધર્મનું :** સાધુનો જે અહિંસામય ધર્મ તેને કલ્યાણને અર્થે શ્રેષ્ઠપણે તથા હિંસામય ધર્મને કનિષ્ઠપણે કહ્યો છે. | ૧૨૮ |
| ૭૦ | **કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું :** બુદ્ધિની માંહિલી કોરે સત્સંગી કુસંગીના શબ્દોની લડાઈની વિસ્તારીને વાર્તા અને અંતરમાં જે કુસંગીનાં ને સંતનાં રૂપ રહ્યાં છે તેમનું બળ વધવાનો ઉપાય તથા નિષ્કામ ભાવે જીવના કલ્યાણને અર્થે જે સત્સંગ કરે તેને ભગવાનનો નિશ્ચય અડગ થાય ને બીજાને ન થાય તથા શૂળીનું દુઃખ કાંટેથી મટે. | ૧૨૯ |
| ૭૧ | **ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત બિરાજે છે :** ભક્તના દ્રોહરૂપ અપરાધને ભગવાન માફ કરતા નથી તથા ઈર્ષાનું લક્ષણ, અક્ષર ને તેના પાર્ષદોને સર્વે ઐશ્વર્ય સહિત ભગવાન આ પૃથ્વીને વિષે પધારે છે તેમ સમજવું ને વાત પણ એમ જ કરવી. | ૧૩૪ |
| ૭૨ | **માહાત્મ્યે સહિત નિશ્ચયનું :** માહાત્મ્યે સહિત નિશ્ચયવાળાનું કાળ ને કર્મ એ બેય મળીને ભૂંડું કરી શકતા નથી ને તે વિના કોઈ રીતે રૂડું થાતું નથી ને ગરીબને દુઃખવે તથા કોઈને માથે જૂઠું કલંક દે તથા પાંચ પ્રકારની સ્ત્રીનો ધર્મ ભંગ કરાવે તો બ્રહ્મહત્યાનું પાપ લાગે તથા ભગવાન કામ ક્રોધાદિક માયિક સ્વભાવ દેખાડે છે તે સર્વે જીવોના કલ્યાણને અર્થે છે તથા જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય ને અમથો હોય તે બેયનાં લક્ષણ તથા ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠ ભક્તનાં લક્ષણ. | ૧૩૭ |
| ૭૩ | **કામ જીત્યાનું - નિર્વાસનિક થયાનું :** ઉર્ધ્વરેતા નિષ્કામીનું લક્ષણ તથા નિર્વાસનિક થવાનું સાધન ને ભગવાનનો પ્રતાપ તથા ભગવાનને મન અર્પણ કર્યું હોય ને ન કર્યું હોય તેના લક્ષણ. | ૧૪૨ |
| ૭૪ | **સમજણ આપત્કાળે કળાય છે :** જેને જેટલો વૈરાગ્ય ને સમજણ હોય તે વિષય પ્રાપ્ત થાય કે આપત્કાળ પડે ત્યારે કળાય તથા ભગવાનની ઈચ્છા જેમ હોય તેમ રાજી રહેવું ને હરિને આધિન થાવું. | ૧૪૯ |

| ક્રમ | વચનામૃત • ગઢડા પ્રથમ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૭૫ | **એકોતેર પરિયાં તર્યાંનું :** ભગવાનના ભક્તના એકોતેર પરિયાં તર્યાની રીત તથા ભગવાનનો દૃઢ નિશ્ચય ને થોડા નિશ્ચયવાળાનાં લક્ષણ. | ૧૫૦ |
| ૭૬ | **ક્રોધી, ઈર્ષ્યાળુ, કપટી ને માનીનું :** એ ચાર પ્રકારના મનુષ્ય સાથે શ્રીહરિને બનતું નથી તથા પાકા સત્સંગીનું લક્ષણ. | ૧૫૧ |
| ૭૭ | **જ્ઞાનને ઓથે ધર્મ ખોટા ન કરવાનું :** ધર્મનું પ્રતિપાદન અતિશે કર્યું છે ને તેના ભંગની વાત કરનારાને અસુર કહ્યો છે તથા હરિભક્તને અંતસમે સારું દેખાય ને નરસું દેખાય તેનો હેતુ. | ૧૫૨ |
| ૭૮ | **દેશકાળાદિકના પ્રધાનપણાનું, સર્વદેશી સમજણનું :** પૂર્વ કર્મ કરતાં દેશાદિક આઠનું બળ દેખાડ્યું છે તથા નાના પરમહંસે પ્રશ્ન પૂછ્યા છે ને તેના ઉત્તર શ્રીજીમહારાજે કર્યા છે. | ૧૫૪ |

| ક્રમ | વચનામૃત • સારંગપુર પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **મન જીત્યાનું, કૂતરાના ગલૂડિયાનું :** મન જીતાણું હોય તેનું લક્ષણ તથા પંચવિષયની વાસના નિવૃત્તિ પામ્યાના બે હેતુ. એક આત્મનિષ્ઠા ને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય. | ૧૬૫ |
| ૨ | **ભગવાનની મૂર્તિમાં હેત થયાનું :** વચન, દેહ, મન, નેત્ર ને શ્રોત્ર એ પાંચ સંબંધી જે ગુણ તેણે કરીને ભક્તને ભગવાનને વિષે હેત થાય છે ને ભગવાનને ભક્ત ઉપર હેત થાય છે. | ૧૬૭ |
| ૩ | **શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું :** પ્રેમમગ્ન થઈને કરી જે બે પ્રકારની પૂજા એ બરોબર કહી છે તથા તે પ્રેમભક્તિને ઓળખવાના શ્રદ્ધા ને માહાત્મ્ય એ બે હેતુ તથા શ્રવણ મનન ને નિદિધ્યાસ એ ત્રણે કરીને જ સાક્ષાત્કાર થાય પણ કેવળ શ્રવણ-દર્શને કરીને નથી થાતો. | ૧૭૨ |
| ૪ | **આત્મા-અનાત્માના વિવેકનું :** ચોખ્ખો જે આત્મવિચાર તેનું લક્ષણ, ને તે જ નિર્વાસનિક થાવાનો હેતુ તથા સવાસનિકને ભગવદ્‌ધામ વિના અન્ય દેવલોકની પ્રાપ્તિ છે પણ નરક ચોરાશીની નથી. | ૧૭૪ |
| ૫ | **અન્વય-વ્યતિરેકનું :** એક માહાત્મ્યે સહિત ભક્તિ જ વાસના ટાળ્યાનું અચળ સાધન તથા જીવ, ઈશ્વર, અક્ષર, બ્રહ્મ ને પુરુષોત્તમ એમનું અન્વય વ્યતિરેકપણું તથા મને સહિત જે હરિના દર્શનાદિક તેનું ફળ. | ૧૭૬ |

| ક્રમ | વચનામૃત • સારંગપુર પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૬ | **એક અવસ્થામાં બીજી બબે અવસ્થાનું, ચાર પ્રકારની વાણીનું :** એક એક અવસ્થાને વિષે બીજી બે બે અવસ્થાઓ જેમ રહી છે તેનાં લક્ષણ તથા ચાર પ્રકારની વાણીનાં લક્ષણ. | ૧૭૯ |
| ૭ | **નૈમિષારણ્ય ક્ષેત્રનું :** મનોમય ચક્ર ને તેની ધારા તેનાં લક્ષણ તથા તે ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ હોય તેનાં લક્ષણ. | ૧૮૨ |
| ૮ | **ઈર્ષ્યાના રૂપનું :** માનમાંથી ઈર્ષા, ક્રોધ, મત્સર આદિ થાય, ઈર્ષ્યાનું રૂપ. | ૧૮૩ |
| ૯ | **યુગના ધર્મ પ્રવર્ત્યાનું - સ્થાન તે શું ? તેનું :** યુગની પ્રવૃત્તિના કારણ ગુણ તથા ગુણની પ્રવૃત્તિનાં કારણ કર્મ છે તથા તામસિ કર્મને ટાળવાના ઉપાય તથા સ્થાનનું રૂપ કહીને તેમાંથી કોઈ રીતે પણ ચળવું નહિ. | ૧૮૩ |
| ૧૦ | **આત્મદષ્ટિ, બાહ્યદષ્ટિનું - પાંચ ખાસડાનું :** ધર્મી ને અધર્મી એ બે પ્રકારના માણસનાં લક્ષણ તથા આત્મનિષ્ઠ સંતનું રૂપ કહીને તેથી હરિને હરિનાં ધામ છેટે નથી તથા તે સંતનું માહાત્મ્ય કહીને તેને અનન્ય ભાવે સેવનારાને મહાફળ. | ૧૮૫ |
| ૧૧ | **પુરુષ પ્રયત્નનું, પરમેશ્વરની કૃપાનું :** પુરુષ પ્રયત્ન થકી જે પમાય ને હરિની કૃપા થકી જે પમાય તેની રીત તથા જે નિર્વાસનિક હોય તે હરિકૃપાનું પાત્ર થઈને અક્ષરધામને પામે ને સવાસનિક તો અન્ય ધામને પણ અનેક જન્મે પામે તેની રીત. | ૧૮૭ |
| ૧૨ | **આત્માના વિચારનું, સાધુમાં અખંડગુણનું :** સાધુને વિષે જે ગુણ અખંડ રહે છે ને જે ગુણ આવ્યા ગયા રહે છે તેની વિક્તિ તથા આત્મનિષ્ઠા ને શ્રીહરિનો નિશ્ચય જો એક વાર દૃઢપણે થયો હોય તો તે મટે નહિ. | ૧૮૯ |
| ૧૩ | **નિશ્ચય ટળ્યા - ન ટળ્યાનું :** શાસ્ત્ર પ્રમાણે જે શ્રીહરિનો નિશ્ચય કર્યો હોય તથા ધર્મ હોય તે કોઈ કાળે ડગતો નથી. | ૧૯૨ |
| ૧૪ | **પ્રમાદ અને મોહનું :** ભગવદ્ ધામને પામીને કોઈ પડ્યો ન કહેવાય ને પડે તે તો ભગવાનની ઈચ્છાએ કરીને પડે છે તથા પ્રમાદ ને મોહ ટાળવાનો ખટકો રાખવો. | ૧૯૩ |
| ૧૫ | **મુગ્ધા, મધ્યા અને પ્રૌઢાનું :** આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળો ભક્ત શ્રેષ્ઠ ને તે વિના પ્રેમીભક્ત હોય તે ન્યૂન ને મુગ્ધા, મધ્યા ને પ્રૌઢાનાં લક્ષણ. | ૧૯૮ |

| ક્રમ | વચનામૃત • સારંગપુર પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧૬ | **શ્રીનરનારાયણના તપનું :** શ્રીનરનારાયણના તપનું સમદૃષ્ટિપણે સર્વને પ્રકાશ કરવાપણું દેખાડ્યું છે. | ૨૦૧ |
| ૧૭ | **મુક્તના ભેદનું-આંબલીની ડાળીનું :** શ્રીહરિનો અપાર મહિમા દેખાડ્યો છે ને ભક્ત જેમ જેમ તે શ્રીહરિના મહિમાને સમજતો જાય ને માયાનું આવરણ ટળતું જાય તેમ તેમ અધિક સામર્થિને તેજ પ્રતાપને પામતો જાય એવી રીતે મુક્તમાં ભેદ. | ૨૦૨ |
| ૧૮ | **ખાર ભૂમિનું - સ્વભાવ સુધારવાનું :** સાચા સંતના સંગે કરીને સ્વધર્માદિક વૃદ્ધિ પામે ને કુસંગીને સંગે કરીને નાશ પામે તથા અણસમજણનું લક્ષણ તથા સમજણની શ્રેષ્ઠતા તથા સ્વભાવ ટાળવામાં વણિકના નામાનું દૃષ્ટાંત. | ૨૦૪ |

| ક્રમ | વચનામૃત • કારિયાણી પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **ઈયળ-ભમરીનું :** જીવનું ને બુદ્ધિનું લક્ષણ તથા ઈંદ્રિયો અંતઃકરણ ને જીવ એમાં શ્રીહરિના નિશ્ચય થાવાનો પ્રકાર તથા માયિક ઈંદ્રિયાદિકે કરીને અમાયિક ભગવાનને પામે છે તથા અભક્તની ઈંદ્રિયો ભગવાનને ન પામે ને ભક્તની પામે ને શ્રીહરિ જ્ઞાને કરીને દેહાદિક સર્વે હરિને આકારે ને દિવ્યરૂપ થઈ જાય છે તે ઉપર ભમરીનું દૃષ્ટાંત. | ૨૦૮ |
| ૨ | **શાપિત બુદ્ધિનું :** શાપિત બુદ્ધિયે કરીને હરિ ને હરિજનનો અવગુણ આવે ને તે શાપિત બુદ્ધિ થયાનો હેતુ ને તે શાપિત બુદ્ધિ ટળ્યાનો ઉપાય તથા કર્મ અમૂર્ત ને તેનું ફળ મૂર્તિમાન છે. | ૨૧૪ |
| ૩ | **શુકમુનિ મોટા સાધુ છે, માણસની ઓળખનું :** જેની જે પ્રકૃતિ હોય તે ભેળે રહે જણાય છે તથા બાળપણમાં જે ખટકાદાર હોય તે જુવાનીમાં સારો થાય તથા શરીરના ને મનના દોષ કહીને તેને જીતવાના ઉપાય તથા ત્યાગી થઈને ગૃહસ્થના ભોગની ઈચ્છા રાખે તે ખડ ખાય છે. | ૨૧૬ |
| ૪ | **જીવ અને સાક્ષીના જાણપણાનું :** જીવનું ને સાક્ષીનું જે જાણપણું તેની રીત તથા સાક્ષીનું વ્યાપકપણું ને મૂર્તિમાનપણું જેમ છે તેમ કહ્યું. | ૨૧૯ |

| ક્રમ | વચનામૃત • કારિયાણી પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૫ | **અવતાર ધર્યાના પ્રયોજનનું :** ભક્તજનના મનોરથ પૂરા કરવારૂપ જ હરિના અવતારનું મુખ્ય પ્રયોજન છે પણ બીજું નથી. | ૨૨૦ |
| ૬ | **મત્સરવાળાનું :** શ્રીહરિને રાજી કર્યાના ગુણ ને મત્સરરૂપ દોષને અધિકપણે કહ્યો છે ને તેને જીતવાની રીત ને તેને ઉપજ્યાનો હેતુ ને મત્સરવાળાની પ્રકૃતિ. | ૨૨૧ |
| ૭ | **ચટકીના વૈરાગ્યનું-આત્યંતિક કલ્યાણનું :** ગૃહસ્થ હરિજનને વિષે અખંડ વૃત્તિ રહેવાની સમજણ તથા વૈરાગ્ય ઉપજ્યાનું કારણ તથા ચટકી લાગવે કરીને વૈરાગ્ય ઉપજે તે કહીને જેને ચટકી અખંડ ન રહે તેની નિંદા તથા આત્યંતિક કલ્યાણનું લક્ષણ. | ૨૨૪ |
| ૮ | **સગુણ-નિર્ગુણ સ્વરૂપનું :** શ્રીહરિનું નિર્ગુણ સ્વરૂપ ને સગુણ સ્વરૂપ કહીને તે નિર્ગુણ ને સગુણપણું સમજે તે ભક્તને ફળ. | ૨૨૬ |
| ૯ | **પાડાખારનું, સાધુને રીસ ન રાખ્યાનું :** મલિન રીસવાળાને અસાધુ કહ્યો છે ને જેને હરિ ને હરિજનનું માહાત્મ્ય છે તેને જ હરિજનનો અવગુણ નથી આવતો તે જ પૂરો સત્સંગી. | ૨૨૯ |
| ૧૦ | **નાડી જોયાનું - તપનું :** શ્રીહરિને સર્વકર્તા જાણીને તપે કરીને ભગવાનને પ્રસન્ન કરવા એ જ ઉત્કૃષ્ટ કલ્યાણનો હેતુ ને જે એમ નથી કરતા તેમાં બાધ, ને જીવનું કલ્યાણ તો પ્રત્યક્ષ શ્રીહરિને સર્વકર્તા જાણે એટલામાં જ છે ને ભગવાન વિના કાળાદિકને કર્તા જાણે તેને તો પંચમહાપાપ તથા સદ્‌ગુરુનો દ્રોહ તેથી વધુ પાપી કહ્યો તથા ત્યાગના ઈશકવાળાનું | ૨૩૧ |
| ૧૧ | **પ્રેમનાં લક્ષણનું :** શ્રીહરિની મરજી પ્રમાણે રહેવું એ જ પ્રીતિનું લક્ષણ તથા જે અન્ય પંચ વિષયનો ત્યાગ કરીને પંચે પ્રકારે શ્રીહરિને વિષે જોડાણો છે તેને અખંડ શ્રીહરિનો સંબંધ રહે છે. | ૨૩૪ |
| ૧૨ | **કારણ શરીર ટાળ્યાનું-આંબલીના બીજનું :** શ્રીહરિને જ્ઞાને કરીને જીવ જે તે કારણ શરીરરૂપ માયા થકી છૂટે છે તથા સ્થૂળ દેહના જ્ઞાન થકી સૂક્ષ્મ દેહના જ્ઞાનને વિશેષપણાનો હેતુ તથા ભગવદ્વાર્તાનું જે શ્રદ્ધાએ જુક્ત જે શ્રવણ તે નિર્વાસનિકપણાનો અતિશે હેતુ. | ૨૩૬ |

| ક્રમ | વચનામૃત • લોયા પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **ક્રોધનું, સંપૂર્ણ સત્સંગ થયાનું :** શિવજીના દર્શન તથા ક્રોધની નિંદા તથા કામને મૂળમાંથી ઉખડયાનો ઉપાય તથા ત્રણ પ્રકારનો વૈરાગ્ય ને ત્રણ પ્રકારનું જ્ઞાન તેના સ્વરૂપ તથા અકૃતાર્થપણાનો હેતુ તથા સંપૂર્ણ સત્સંગ થયો હોય તેનું લક્ષણ તથા સંતના ગુણ - અવગુણ આવવાનો હેતુ કહ્યો. જેને સંતનો અવગુણ આવે તેનું માથું કપાણું તથા તે અવગુણ ટાળ્યાનો ઉપાય. | ૨૩૯ |
| ૨ | **વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું :** સત્સંગમાં દેહ છતાં જ મૃત્યુનો જે ભય તે આ ચાર જણને ટળે તે વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર ને પ્રીતિવાળો ને એમના પૃથક્ લક્ષણ તથા કાર્ય કરતાં કારણની સૂક્ષ્મતા. | ૨૪૪ |
| ૩ | **માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું :** જેને માહાત્મ્યે સહિત શ્રીહરિનો ને સંતનો નિશ્ચય હોય તેનાં લક્ષણ ને તેવા સંત-હરિજનનાં નામ. | ૨૪૭ |
| ૪ | **ભગવાનમાં કુતર્ક થાય તો માયાને તર્યો ન કહેવાય તેનું :** ભગવાન જે તે એકરૂપ થકા જેમ અનેક રૂપે ભાસે છે તેની રીત તથા માયાને તર્યાનો ભેદ તથા કલ્યાણની રીતિ સર્વત્ર એક છે પણ ભજનારામાં ભેદ છે તથા હરિભક્તે મૂંઝવણ ને શોકે કરીને ભક્તિ આદિક ન કરવી. | ૨૪૯ |
| ૫ | **ઈન્દ્રિયો અંતઃકરણ જીત્યાનું, કપટીનું :** શ્રીજી મહારાજે આઠ પ્રશ્ન પૂછીને તેના ઉત્તર પણ પોતે જ કર્યા છે. | ૨૫૨ |
| ૬ | **સંગશુદ્ધિનું :** શ્રીજીએ ઓગણીશ પ્રશ્ન પૂછીને તેના ઉત્તર પોતે જ કર્યા. | ૨૫૫ |
| ૭ | **ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ પહોંચ્યાનું :** ભગવાનના સ્વરૂપનું તત્ત્વે કરીને જાણે તેણે કરીને આંત્યતિક મોક્ષને બ્રહ્મરૂપે શ્રીહરિની ભક્તિ કરવી ને તેવા જે નથી તેની નિંદા. | ૨૬૨ |
| ૮ | **ઈન્દ્રિયોની ચંચળતા ટાળ્યાનું :** ડાહ્યાને પણ સંતનો અવગુણ આવે છે તેનો હેતુ તથા કામાદિકના મંદ તીવ્રપણાનો હેતુ ને ટળ્યાનો ઉપાય તથા વ્યસનને ઉપજ્યાનો હેતુ ને ટાળ્યાનો ઉપાય તથા સારી નરસી પ્રકૃતિ થયાનો હેતુ તથા પૂર્વ સ્વભાવ ને હમણાનો સ્વભાવ તેને ટાળ્યાના ઉપાયનો ભેદ. | ૨૬૭ |

| ક્રમ | વચનામૃત • લોયા પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૯ | **ધર્માદિક ચારને ઊપજ્યાનાં હેતુનું :** વૈરાગ્ય જ્ઞાન ભક્તિ ને ધર્મ એ ચારને ઉપજ્યાનો હેતુ. | ૨૭૨ |
| ૧૦ | **નિર્વિકારી રહ્યાનું :** સાધારણ ને અસાધારણ હેતનાં કારણ. કર્મના વેગ ત્રણ પ્રકારના તથા તે વેગનો હેતુ તથા શ્રીહરિને વિષે હેત થયાનો હેતુ તથા ત્રણ પ્રકારના વેગ વરતતા હોય તેનું લક્ષણ તથા સ્ત્રીને વિષે અવિકારી રહ્યાનું કારણ તથા અતિ દૃઢ ભગવાનના ભક્ત હોય તેને માયા સુખદાઈ. | ૨૭૩ |
| ૧૧ | **સત્પુરુષ અને અસત્પુરુષની સમજણનું :** સત્‌શાસ્ત્ર થકી અસત્પુરુષ તથા સત્પુરુષ જેવી સમજણનું ગ્રહણ કરે છે તે. | ૨૮૦ |
| ૧૨ | **છ પ્રકારના નિશ્ચયનું :** શ્રીહરિનો સવિકલ્પ ને નિર્વિકલ્પ નિશ્ચય તેના છ ભેદ તથા તે ભેદ પડ્યાનો હેતુ તથા ઉત્કૃષ્ટ નિશ્ચય પામ્યાનો ઉપાય | ૨૮૨ |
| ૧૩ | **દેશકાળે પરાભવ ન થાય તેનું :** વિષમ દેશ કાળાદિકે કરીને જેમ પરાભવ થાય છે ને નથી થાતો તેની વિક્તિ તથા શ્રીહરિને વિષે ને અક્ષરાદિક મુક્તોને વિષે ઘણો ભેદ તથા નારાયણનું સર્વોત્કર્ષપણું રહ્યું છે ને નારાયણને લઈને બીજામાં સમર્થપણું પણ તે વિના નથી. | ૨૮૪ |
| ૧૪ | **રુચિનું, અભિપ્રાયનું :** પૂર્વના આચાર્યના મત તથા તેમની રુચિ કહીને ને પછી શ્રીજી મહારાજે પોતાનો અભિપ્રાય તથા રુચિ કહી છે. | ૨૮૭ |
| ૧૫ | **ભૂંગળી તથા ગાયના દૃષ્ટાંતે આત્મદર્શનનું :** જીવના રૂપનું દેહમાં સામાન્ય વિશેષપણે વ્યાપકપણું તથા તેના દર્શનની રીત તથા ભગવાનને સર્વના આશ્રયપણે કહ્યા છે તથા સાંખ્ય, યોગ ને વેદાંતને મતે કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું વર્ણન. | ૨૯૧ |
| ૧૬ | **વાસના કુંઠિત અને નિર્મૂળ થયાનું :** વાસના કુંઠિત ને નિર્મૂળ થઈ હોય તેનાં લક્ષણ તથા વાસના નિર્મૂળ થયાનાં સાધન તથા સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન તે શ્રીહરિનું માહાત્મ્ય તથા કપટીને ઓળખવાનો હેતુ તથા ગુણમાત્રને દોષરૂપ કરી નાખે એવો ભક્તનો દ્રોહ ને ભગવાનને અલિંગ સમજવા એ અવગુણ તથા સંતના અભાવનો હેતુ તે. | ૨૯૫ |
| ૧૭ | **સ્તુતિ નિંદાનું :** દેશકાળાદિકને વિષમપણે કરીને જેની વિપરીત મતિ ન | ૨૯૯ |

| ક્રમ | વચનામૃત • લોયા પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | થાય ને થાય તેનાં લક્ષણ તથા જે દેહાભિમાની છે તે સંતનો અભાવ લઈને જરૂર પડી જાય છે ને જે દેહાભિમાની નથી તે નથી પડતો તથા માન ટાળવાનો ઉપાય તથા હરિ ને હરિના ભક્તનું માહાત્મ્ય સમજે તેનો સત્સંગમાં પાયો અચળ છે. | |
| ૧૮ | **નિશ્ચયનું :** ભગવાનને વિષે દિવ્યભાવ સમજીને નિશ્ચયની દૃઢતા કરવી | ૩૦૩ |

| ક્રમ | વચનામૃત • પંચાળા પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **બુદ્ધિવાળાનું, વિચારને પામ્યાનું :** ભગવાન સંબંધી અલૌકિક સુખને જાણવે કરીને અન્ય વિષયની તુચ્છતા થઈ જાય. | ૩૦૯ |
| ૨ | **સાંખ્ય અને યોગનું :** સાંખ્ય શાસ્ત્ર ને યોગ શાસ્ત્રનું જે સનાતન સિદ્ધાંત તથા તેને વિષે જે ગુણ ને દોષ તે. | ૩૧૩ |
| ૩ | **મુનિબાવાનું, મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ :** માન, ઈર્ષ્યા ટાળવાને અર્થે બુદ્ધિવાળાને શ્રેષ્ઠ કહ્યો છે ને તેનાં લક્ષણ ને હેતરૂપ જ ભગવાનની માયા તથા ઈંદ્રિયો અંતઃકરણાદિક માયિક ભાવ તેનો નિરોધ કરીને આત્મારૂપ થઈને શ્રીહરિને વિષે હેત ભક્તિ કરવી એ વાર્તા. | ૩૧૮ |
| ૪ | **મનુષ્યભાવમાં દિવ્યભાવનું, ભગા મૂળાનું :** શ્રીહરિના મનુષ્ય ચરિત્રને દેખીને સંશય ન થાય તેને અર્થે દિવ્યપણું ને મનુષ્યપણું તેનું ભેળું વર્ણન, શ્રીહરિના નિશ્ચયની દૃઢતા તથા ભગવાનનું સુખ તથા તેના ધામને સર્વ ધામ થકી શ્રેષ્ઠ કહ્યું છે તથા ભગા મૂળાનું દૃષ્ટાંત. | ૩૨૪ |
| ૫ | **માનીપણું ને નિર્માનીપણું ક્યાં સારું ? તેનું :** કયે ઠેકાણે નિર્માની થાવું ને કયે ઠેકાણે નિર્માની ન થાવું તેની પૃથક્ પૃથક્ વિક્તિ. | ૩૩૧ |
| ૬ | **ઉપાસનાની દૃઢતાવાળાનું કલ્યાણ થાય તેનું :** શ્રી કૃષ્ણાવતારને વિષે સર્વોત્કર્ષપણાનું કારણ. | ૩૩૨ |
| ૭ | **નટની માયાનું :** પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે માયિક ભાવ નથી તથા હરિનું સદા દિવ્ય સાકારપણું કહીને તે જ આ પ્રત્યક્ષ છે એવી રીતે નિશ્ચયની દૃઢતા તથા નટની માયાનું દૃષ્ટાંત. | ૩૩૪ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **મોહ ઉદય થયાનું :** મોહનું લક્ષણ તથા ઉપજ્યાનું કારણ તથા મોહ ટળ્યાના ત્રણ ઉપાય તથા નિર્મોહીનું લક્ષણ તે જ એકાંતિક જ્ઞાની ભક્ત. | ૩૩૯ |
| ૨ | **પાણીની સેર્યનું – પંચવિષયરૂપી રોગના ઔષધનું :** પ્રથમથી વિષયની ઉત્પત્તિ જીવમાંથી તથા અંતઃકરણમાંથી નથી બાહેરથી ઈન્દ્રિયો દ્વારે થઈને પેસે છે તે ઉપર લૂકનું ને હિમનું દૃષ્ટાંત. બાહેર ઈન્દ્રિયોના નિયમ તથા આત્મવિચાર એ બેયે કરીને વિષયની નિવૃત્તિ ને કામાદિક શત્રુનો નાશ જે પ્રકારે થાય છે તે. | ૩૪૩ |
| ૩ | **રસિક માર્ગ અને આત્મજ્ઞાનનું :** રસિકપણું ને બ્રહ્મજ્ઞાન એ બે માર્ગ કલ્યાણના હેતુ છે ને પડવાના પણ એ બે છે તેની વિક્તિ. | ૩૪૫ |
| ૪ | **અખંડ ચિંતવનનું, ફાટેલ લંગોટી ને તુંબડીનું :** આપત્કાળ પડે ત્યારે ભક્તિ રાખવી કે ધર્મ રાખવો તેની વિક્તિ તથા જે ભગવાનનું માહાત્મ્ય બહુ સમજતો હોય તેને પણ જેમ ધર્મમાંથી ન પડાય તેનો હેતુ તથા શ્રીહરિનું અખંડ ચિંતવન થાવું તેને વિષે કારણ તો શ્રીહરિનું માહાત્મ્ય જાણવું ને શ્રદ્ધા એ બે છે માટે શ્રીહરિના માહાત્મ્ય જાણ્યાની રીતિ. | ૩૪૮ |
| ૫ | **પતિવ્રતા અને શૂરવીરપણાનું :** હરિભક્તને શ્રીહરિને વિષે પતિવ્રતાપણું ને શૂરવીરપણું રાખવું તથા શ્રીહરિ અને હરિજનનો પક્ષ રાખવો પણ વિમુખનો ન રાખવો. | ૩૫૧ |
| ૬ | **હૂંડીનું, ચિત્તના સ્વભાવનું :** નાસ્તિકની સમજણ ને વિધિનિષેધની સત્યતાને ફળે સહિત કહી છે તથા ચિત્તનો સહજે પદાર્થને વિષે વળગવાનો સ્વભાવ. | ૩૫૨ |
| ૭ | **દરિદ્રીનું, પરમેશ્વરની કૃપાદૃષ્ટિનું :** અયોગ્ય સ્વભાવ ટાળવાની ઈચ્છા હોય તોપણ વૈરાગ્ય હિનને સ્વભાવ ટળતા નથી તથા સર્વે વિકાર માત્ર ટાળવાનો ઉપાય. | ૩૫૫ |
| ૮ | **એકાદશીનું, જ્ઞાનયજ્ઞનું, અંતર્દૃષ્ટિનું :** એકાદશીના વ્રતનું લક્ષણ તથા યોગયજ્ઞનું લક્ષણ ને તેનું ફળ ને શ્રીહરિના સંબંધે કરીને સર્વેને નિર્ગુણપણું તથા ઈન્દ્રિયોની વૃત્તિઓ શ્રીહરિમાં રાખવી ને યજ્ઞ રહિતનું કલ્યાણ થાતું નથી. | ૩૫૬ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૯ | **સ્વરૂપનિષ્ઠાનું :** જ્ઞાનમાર્ગ સમજ્યામાં ભગવાનનો દ્રોહ થાવા દેવો નહિ ને ધર્માદિક કરતાં પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિનું બળ અતિશે રાખવાનું તથા તે શ્રીહરિના સ્વરૂપની પાકી નિષ્ઠા ન હોય તો દેહ મુકે ત્યારે બ્રહ્માદિકના લોકને પામે પણ હરિના ધામને તો ન પામે તથા તેનું લેશ માત્ર બળ હોય તો મોટા ભય થકી રક્ષા કરે. | ૩૬૦ |
| ૧૦ | **નિશ્ચયરૂપી ગર્ભના જતનનું :** શ્રીહરિ જે તે સદા સાકાર જ છે ને એમનું જે સ્વરૂપ તેજ તે નિરાકાર છે એમ દૃષ્ટાંત કરીને કહ્યું છે, તે આ વાર્તા ભક્તિહિનને શાસ્ત્રમાંથી પણ નથી સમજાતી તથા ગર્ભને દૃષ્ટાંતે કરીને એ શ્રીહરિનો આશ્રય રાખવાનું કહ્યું છે તથા જ્ઞાન વૈરાગ્યને ભક્તિ તેના લક્ષણ તથા શ્રીહરિને વિષે પ્રીતિ થાવી તેનું વિશેષ કારણ તો ભક્તિ તથા તે ભક્તિવાળાના લક્ષણ. | ૩૬૩ |
| ૧૧ | **કર્મમાત્ર ભક્તિરૂપ થયાનું :** કેવળ ધર્મ અર્થ ને કામવાળાને સ્વર્ગાદિક તુચ્છ ફળની પ્રાપ્તિ કહીને ત્યાંથી પડવું ને ધર્માદિકના ફળની ઈચ્છાનો ત્યાગ કરીને જે ભક્તિ કરે છે તો એ ભક્તિવાળાની ક્રિયાને દેખીને જે અવગુણ લે છે તેને મહા દુઃખરૂપ ફળ છે. | ૩૬૯ |
| ૧૨ | **રાજનીતિનું, કલ્યાણને અર્થે પુરુષપ્રયત્નનું :** જે કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સર્વ સાધનથી પુરુષ પ્રયત્ન- પણાને જ રાજાને દૃષ્ટાંતે કરીને શ્રેષ્ઠપણું ને નાદારપણાનો ત્યાગ કરવો. | ૩૭૧ |
| ૧૩ | **તેજનું :** અક્ષરરૂપ તેજને વિષે શ્રીપુરુષોત્તમની મૂર્તિ રહી છે તેને તમે સમજશો ત્યારે તમારે પંચવિષય તથા કામ ક્રોધાદિક જીતવામાં લગારે પ્રયાસ નહિ પડે ને ભગવાન મનુષ્ય દેહ ધારણ કરે છે તો પણ નિર્ગુણ મૂર્તિ છે. તેના સંબંધને જે જે પામે તે નિર્ગુણ થાય છે ને સર્વ અવતારનું કારણ છે ને એ સ્વરૂપને દૃઢ સમજશો ત્યારે તમને કોઈ રીતનું કલ્યાણમાં વિઘ્ન નહિ થાય ને તે વિના વાંધો નહિ ભાંગે અને તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ શ્રીજી મહારાજ છે એમ જાણજો ને સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત આ વાત છે તે અમે નજરે જોઈને કહી છે તે ઉપર પરમહંસના સમ ખાધા છે. | ૩૭૩ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧૪ | **નિર્વિકલ્પ સમાધિનું :** શ્રીહરિના સ્વરૂપના દૃઢ નિશ્ચયવાળા જે છે તે નિવૃત્તિ અથવા પ્રવૃત્તિમાર્ગવાળા હોય તે બેય તદાત્મકપણાને ને નિર્વિકલ્પ સમાધિને પામ્યા જાણવા. ને તેને જ નિર્ગુણ જાણવા ને તે વિના તો નિવૃત્તિમાર્ગવાળો હોય તે પણ સગુણ છે ને નરકમાં જાય છે. | ૩૭૯ |
| ૧૫ | **સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું :** કામાદિક સ્વભાવને વિષે શત્રુપણું રાખવું એ જ કલ્યાણનું સાધન તથા ધર્માદિક ચાર વાનામાંથી કોઈ કાળે પડે નહિ તેનાં લક્ષણ. | ૩૮૧ |
| ૧૬ | **સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠાનું :** ધર્મનિષ્ઠાથી સ્વરૂપનિષ્ઠા શ્રેષ્ઠ તથા સ્વરૂપનિષ્ઠામાંથી ધર્મનિષ્ઠા ઉપજ્યાનો હેતુ ને કેવળ ધર્મનિષ્ઠાને ન્યૂન કહી છે, તથા પંચવિષય જીતવાના ઉપાય તે શ્રીહરિના બાંધેલ નિયમ જ છે તેની વિક્તિ તથા મંદ શ્રદ્ધાવાળાને જે પ્રકારે ગતિ છે તથા તીવ્ર શ્રદ્ધાવાળા ને મંદ શ્રદ્ધાવાળાનાં લક્ષણ. | ૩૮૨ |
| ૧૭ | **ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નહિ તેનું, સ્થિતપ્રજ્ઞનું :** શ્રીહરિના સ્વરૂપને વિષે તત્ત્વ છે કે નહિ તેની વિક્તિ તથા શ્રીહરિના યોગ્ય અયોગ્ય ચરિત્રને વિષે જેને સંશય ન થાય તે જ પૂરો ભક્ત. | ૩૮૬ |
| ૧૮ | **નાસ્તિક અને શુષ્કવેદાંતીનું :** નાસ્તિકનો મત ને શુષ્કવેદાંતીનો મત એ બે અતિ કુસંગ છે ને પંચ મહાપાપવાળાનો તો કોઈ કાળે છૂટકો થાય પણ એ બે મતની જેને પ્રતીતિ આવે તેનો કોઈ કાળે છૂટકો નથી થાતો માટે એ બે મતવાળાનો સંગ ક્યારેય ન કરવો. | ૩૯૦ |
| ૧૯ | **શુષ્કવેદાંતના ગ્રંથનું શ્રવણ કરી કાગળ લખ્યાનું :** શુષ્કવેદાંત શાસ્ત્રના મતનું ખંડન કરીને શ્રીહરિની અનન્ય ભક્તિ ને ઉપાસનાની દૃઢતાને અર્થે સર્વે સત્સંગી પ્રત્યે શ્રીજી મહારાજે કાગળ લખ્યો. | ૩૯૨ |
| ૨૦ | **જ્ઞાનશક્તિ ને ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે તેનું :** પ્રવૃત્તિ માર્ગવાળા સમાધિનિષ્ઠને જ્ઞાનની તો વૃદ્ધિ કહી છે પણ ઈન્દ્રિયો અંતઃકરણની વૃદ્ધિ પામીને સિદ્ધદશા પમાય તે તો નિવૃત્તિ માર્ગવાળા સમાધિનિષ્ઠને. | ૩૯૫ |
| ૨૧ | **કલ્યાણના મુદ્દાનું :** પરોક્ષ ભગવાન ને સંતનું જેમ માહાત્મ્ય સમજે છે તેમજ પ્રત્યક્ષ શ્રીહરિને તેના સંતનું માહાત્મ્ય સમજે એ જ કલ્યાણનો | ૩૯૭ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | પરમ હેતુ ને કેવળ વર્ણાશ્રમના ધર્મ તુચ્છ ફળ પમાડનારા તથા જીવ ઈશ્વરની સ્વપ્ન સૃષ્ટિના સૃજનારા પરમેશ્વર છે તથા જ્ઞાનીનું ને મુરખનું લક્ષણ ને દેશકાળાદિકથી પરમેશ્વરનું સામર્થ્ય અતિઅધિક. | |
| ૨૨ | **બે સેનાના નિશાનનું, નરનારાયણ પધરાવ્યાનું :** બે રાજાની સેનાને દૃષ્ટાંતે કરીને શ્રીહરિના જે દૃઢ ભક્ત અને કાયર ભક્તની સમજણ દેખાડી છે તથા પોતાનું વૃત્તાંત કહીને શ્રીહરિના એકાંતિક સાધુને વરતવાની રીત તથા તેનું માહાત્મ્ય. | ૪૦૦ |
| ૨૩ | **લૂક તથા હિમનું, પરમ ભાગવત સંતનું :** લૂક ને હિમને દૃષ્ટાંતે કરીને મનનું રૂપ કહીને તે મનના વિકારે કરીને જે વિકારને ન પામે તેને પરમ સાધુ કહ્યા છે ને વળી મનને બાળક જેવું કહ્યું છે. | ૪૦૩ |
| ૨૪ | **સાંખ્ય અને યોગનિષ્ઠાનું :** યોગનિષ્ઠા ને સાંખ્યનિષ્ઠા એ બેનાં લક્ષણ. એ બે જે ભક્તમાં હોય તેને જ કોઈ જાતનો વિક્ષેપ આડો આવતો નથી | ૪૦૫ |
| ૨૫ | **વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહીનું :** સવાસનિક ત્યાગીથી નિર્વાસનિક ગૃહસ્થ શ્રેષ્ઠ છે ને એ બેની ગતિ તથા શ્રીહરિ ને તેના સંતની સેવાનું જે વ્યસન તે જ વાસના ટાળ્યાનો ઉપાય ગરીબ હોય ને જેવું સંતની આગળ દીનઆધીનપણું હોય તેવું જ સમર્થ થાય તોપણ જે રાખે તેની ઉપર ભગવાનની પ્રસન્નતા અતિશે થાય છે. | ૪૦૬ |
| ૨૬ | **ભક્તિમાં અંતરાય કરતા આત્મજ્ઞાનાદિકને પાછા પાડવાનું :** પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરે તેનો ત્યાગ કરવો ને શ્રીહરિને ન ગમતો હોય એવા સ્વભાવનો પણ ત્યાગ કરવો ને શ્રીહરિના ભક્તને તો પોતાનો જ અવગુણ લેવો પણ બીજા હરિભક્તનો ન લેવો ને જો લે તો સત્સંગમાંથી પડી જાય ઈત્યાદિક જે હરિભક્તને સમજવાની રીત. | ૪૦૮ |
| ૨૭ | **મલિન વાસના ન રહે ત્યારે મોટા રાજી થાય તેનું :** ક્રોધને ઉપજ્યાનો ને ટાળ્યાનો હેતુ તથા મુક્તાનંદ સ્વામીના અંગ ઉપર પૂર્વ સંસ્કારની બરોબર દેશાદિકનું બળ તથા કોઈ ઉપર ક્રોધ ન કરવો તેની ઉપર પોતાનું અંગ તથા અતિ દયાવાળા અને ત્યાગવાળાને શ્રીહરિની ભક્તિ ઉપાસનાનો ભંગ થાય છે. | ૪૦૯ |

Index


| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૨૮ | **જીવનદોરીનું, દયાળુ પ્રકૃતિનું :** શ્રીહરિએ પોતાની પ્રકૃતિ કહીને શ્રીહરિના ભક્તને વર્તવાની જે અતિશે શ્રેષ્ઠ રીતી તે ને એજ પોતાનો સિદ્ધાંતને પરમ રહસ્ય. | ૪૧૨ |
| ૨૯ | **ભગવાનમાં આસક્તિવાળાનાં લક્ષણોનું :** શ્રીહરિને વિષે જેને દૃઢ આસક્તિ હોય તેનાં લક્ષણ તથા તે દૃઢ આસક્તિ થયાનો ઉપાય. | ૪૧૫ |
| ૩૦ | **સોનું ને સ્ત્રી બંધન ન કરે તેનું :** શાસ્ત્રની સત્યતા કહીને સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે તથા તેનું બંધન જેણે કરીને ન થાય એવો ઉપાય. | ૪૧૬ |
| ૩૧ | **મનન દ્વારા બ્રહ્મનો સંગ કર્યાનું :** વૈરાજપુરુષની ઉત્પત્તિ કહીને એ વૈરાજપુરુષ તથા જીવ તથા અક્ષરાત્મક પુરુષ તથા પુરુષોત્તમનારાયણ એ સર્વેનાં સ્વરૂપ સ્પષ્ટપણે નોખાં નોખાં દેખાડ્યાં છે ને એ અધ્યાત્મ વાર્તા રૂપી રીત ચોખી કહી છે. | ૪૧૭ |
| ૩૨ | **થોરના ઝાડનું, નિર્વિઘ્ન ભક્તિનું :** કુટુંબીનો સંબંધ તૂટવો અતિ કઠણ છે તથા તેને તુટયાનો ઉપાય તથા જીવના કલ્યાણનું કારણ એક ભક્તિ ને ધર્માદિક ત્રણને તેના સહાયરૂપ છે પણ કેવળ ધર્માદિક કલ્યાણના હેતુ નથી તથા હરિભક્તને ભૂંડા દેશાદિકનો ત્યાગ કરીને સારા દેશાદિકને વિષે પ્રવર્તવું. | ૪૨૦ |
| ૩૩ | **નિષ્કામી વર્તમાનનું :** શ્રીજી મહારાજે પોતાનું અલૌકિક તથા હરિભક્તોએ પોતપોતાનાં અંગ કહ્યા તથા નિષ્કામીપણું શ્રીહરિને અતિશે પ્રિય છે તથા તે નિષ્કામી થાવાના ત્રણ ઉપાય મુખ્ય તથા હિંમતની વાત કરીને તેના અભ્યાસની દૃઢતા. | ૪૨૨ |
| ૩૪ | **તત્ત્વ જડ છે કે ચૈતન્ય ?તેનું :** માયિક તત્ત્વને જડ કહ્યાં છે ને શ્રીહરિના અનન્ય આશ્રયે કરીને તે માયાના બંધન થકી છૂટવાનું કહ્યું છે. | ૪૨૫ |
| ૩૫ | **જારની ખાણનું, કલ્યાણને અર્થે ચાર વાનાનું :** શ્રીહરિની મૂર્તિના ધ્યાને કરીને આત્મદર્શન થાય છે પણ તે વિના બીજા કોઈ ઉપાયે નથી થાતું ને શ્રીહરિની ઉપાસના, ચરિત્ર ને નામસ્મરણ તથા પોતાનો ધર્મ એ ચાર જ અતિશેપણે કલ્યાણના હેતુ. | ૪૨૭ |
| ૩૬ | **અખંડ વૃત્તિના ચાર ઉપાયનું :** શ્રીહરિને વિષે અખંડવૃત્તિ રાખવાના | ૪૩૦ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
|  | ચાર ઉપાય તથા તેની દુર્લભતા, શ્રીહરિ વિના અન્યને વિષે હેત છે તેને જ માયાનું રૂપ કહ્યું છે ને તે માયાને તર્યો હોય તેને જ શ્રીહરિને વિષે હેત થાય છે. |  |
| ૩૭ | **સ્વાભાવિક પ્રકૃતિ ટાળ્યાનું :** કોઈ પ્રકારે ટળે નહિ એવી સ્વાભાવિક પ્રકૃતિને પણ ટાળવાનો ઉપાય. | ૪૩૨ |
| ૩૮ | **માંચાભક્તનું, પ્રવેશનું :** માંચાભક્તને દૃષ્ટાંતે કરીને સાચા હરિભક્તનું લક્ષણ તથા એકાંતિક ભક્તનું લક્ષણ કહીને તેનો જ શ્રીહરિને વિષે પ્રવેશ તથા તે પ્રવેશ થયાની વિક્તિ. | ૪૩૩ |
| ૩૯ | **સ્વાભાવિક ગુણ વર્ત્યાનું :** શ્રીજી મહારાજના ચાર ગુણ તથા મોટેરાની નિષ્કામી વ્રતની દૃઢતા તથા રહસ્યનું લક્ષણ કહીને દશમસ્કંધનું પંચમસ્કંધનું રહસ્ય કહ્યું, તેમાં શ્રીકૃષ્ણ ભગવાનનું સર્વોત્કર્ષપણું ને શ્રીહરિના સાકારપણાંની દૃઢ પ્રતીતિ. | ૪૩૪ |
| ૪૦ | **એક દંડવત્ પ્રણામ અધિક કરવાનું :** હરિભક્તની સેવાનું પુણ્ય ને તેના દ્રોહનું પાપ તથા દ્રોહના નિવારણને અર્થે નિત્યે હરિભક્તે એક સાષ્ટાંગ પ્રણામ ભગવાનને કરવાનો નિયમ. | ૪૩૭ |
| ૪૧ | **માનરૂપી હાડકાનું :** જેને ભગવાનને ભજવા હોય તેને શ્રીહરિ ને હરિના ભક્તની સેવા ભક્તિએ કરીને કરવી તે પણ માનને મૂકીને કરવી તથા તેવી ભક્તિ કરવી અતિ કઠણ છે. | ૪૩૯ |
| ૪૨ | **સગુણ-નિર્ગુણપણું અક્ષરને વિષે છે, કૂંચીનું :** અક્ષરધામને વિષે સગુણ નિર્ગુણપણું કહીને તેમાં જેમ અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે તથા તે ધામને વિષે રહ્યા જે પુરુષોત્તમ તેને અવતાર ધર્યાનો પ્રકાર. | ૪૪૦ |
| ૪૩ | **બ્રહ્મસ્વરૂપ પ્રીતિનું :** ગુણાતીત થઈને જે શ્રીહરિને વિષે પ્રીતિ કરવી એને બ્રહ્મરૂપ કહી છે ને તે પ્રીતિને આત્માને સજાતી કહી છે. | ૪૪૧ |
| ૪૪ | **દૈવી-આસુરી જીવનાં લક્ષણનું :** હરિભક્તનો ગુણ જ લેવો એ દૈવી જીવનું લક્ષણ ને તેનો અવગુણ લેવો એ આસુરી જીવનું લક્ષણ કહ્યું છે. | ૪૪૨ |
| ૪૫ | **એકાવન ભૂતનું ટોળું કાઢવાનું :** શ્રીજીમહારાજે પોતે સર્વે હરિજનને હિંમત દઈને સર્વે માયિક ભાવ ટાળીને આત્મસત્તારૂપે થઈને એક | ૪૪૩ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | ભગવાનની ભક્તિ કર્યાનું કહ્યું છે તથા હરિ અને હરિના સાધુ તેના રાજીપાએ કરીને જે જે સુખ પ્રાપ્ત થાય છે ને તેના કુરાજીપાએ કરીને જે જે દુઃખ પ્રાપ્ત થાય છે તે. | |
| ૪૬ | **મરણદોરીનું, એકાંતિક ધર્મમાંથી પડ્યાનું :** શ્રીહરિના અવતારનો હેતુ તે એકાંતિક ધર્મ સ્થાપન કરવો તથા હરિ કે હરિભક્ત તેનો જેને અભાવ આવ્યો તે એકાંતિકના ધર્મમાંથી પડી ગયો તથા પડવાની રીત ને તેની ગતિ તથા તે પાપને સર્વ કરતાં મોટું કહ્યું. | ૪૪૫ |
| ૪૭ | **પાતાળ સુધી પૃથ્વી ફાટ્યાનું :** જે સાધુ પાસે સંત રહેતા હોય તેને રાખવાની રીતિ ને જે સાધુને મોક્ષનો ખપ હોય તેને વિષયનું ખંડન કરે તોપણ રાજી થાવું ને ક્ષય રોગને દૃષ્ટાંતે કરીને મોટાનો સમાગમ શિશ્ન ને ઉદરને વિષે આસક્તિ ટાળે એવો કહ્યો છે તથા મલિન વાસના ટાળ્યાની તથા ત્યાગીને ને ગૃહસ્થને પરસ્પર માહાત્મ્ય સમજવાની રીત | ૪૪૬ |
| ૪૮ | **'વંદુ'ના કીર્તનનું, સંતના મધ્યમાં જન્મ ધરવાનું :** પ્રેમાનંદ સ્વામીના કીર્તનને વિષે શ્રીહરિના ચિંતવન કરનારાનું અતિશે માહાત્મ્ય. | ૪૪૮ |
| ૪૯ | **ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે તેનું, :** શ્રીહરિની પ્રત્યક્ષ મૂર્તિ ને માયિક આકારમાં ઘણો ફેર છે પણ તેને અજ્ઞાની સરખા જાણે છે, ને માયિક આકારનું ચિંતવન કરનારા નરકમાં પડે છે ને શ્રીહરિનું ચિંતવન કરનારા જે તે અક્ષરધામને પામે. | ૪૫૦ |
| ૫૦ | **રહસ્યનું, જગતના લોચાનું :** શ્રીહરિએ પોતાનું રહસ્ય તે કહ્યું છે ને તેને વિષે શ્રીહરિ ને હરિના ભક્ત વિના બીજા સર્વે પદાર્થનો નિષેધ. | ૪૫૧ |
| ૫૧ | **આત્મસત્તારૂપ રહેનારનાં લક્ષણનું :** સુષુપ્તિને વિષે પણ જે ઉદ્વેગનું કારણ તે તથા મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને જ શુભ દેશકાળાદિકરૂપ કહીને તેમાં જે વર્તે તેને જ આત્મસત્તારૂપે વર્તનારો કહ્યો છે ને એ મર્યાદાને જેણે ઉલંઘિ એ જ એને ભૂંડા દેશકાળાદિક.. | ૪૫૨ |
| ૫૨ | **ત્યાગી અને ગૃહસ્થની શોભાનું :** ગૃહસ્થને જે પદાર્થે કરીને શોભા છે તે ત્યાગીને દૂષણરૂપ છે. તથા મૂંઝવણને ઈર્ષ્યાનો ત્યાગ કરીને શ્રદ્ધા સહિત જે સેવા ચાકરી કરે તેજ શ્રીહરિને ગમે છે. | ૪૫૩ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૫૩ | **પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહ તેનું :** પોતાના અવગુણ ન સૂઝે એજ મોહનું રૂપ તથા શ્રીહરિ ને હરિજનની અલૌકિક સમજણને વિષે જે ખોટ કાઢે છે તે દુષ્ટ. | ૪૫૫ |
| ૫૪ | **સર્વ સાધનાથી સત્સંગ અધિક છે તેનું, ગો-ખરનું, આત્મબુદ્ધિનું :** જેને સર્વ સાધન કરતાં સત્સંગ અધિકપણે જણાણો હોય તેના લક્ષણ. | ૪૫૬ |
| ૫૫ | **સોનીની પેઢીનું :** શ્રીહરિએ પોતાનું અલૌકિક અંગ તથા સર્વે માયિક પદાર્થને કાખના મુવાળા જેવા તથા શ્રીહરિની ભક્તિ વિના સર્વ પદાર્થમાં ઉદાસીપણાને વિષે રાજાનો દીકરો મરી ગયાનું દૃષ્ટાંત, આત્માને વિષે રજોગુણાદિક ભેગ ભળે તે ઉપર સોનું ને સોનીની પેઢીનું દૃષ્ટાંત. | ૪૫૭ |
| ૫૬ | **કસુંબલ વસ્ત્રનું :** જેને શ્રીહરિને વિષે પ્રીતિ હોય ને ભૂંડા દેશકાળાદિકે કરીને ટળે નહિ તે જ સાચી પ્રીતિ તથા જેને વિષયમાં આસક્તિ હોય તેની પ્રીતિનો દૃઢાવ રહેતો નથી. | ૪૫૯ |
| ૫૭ | **ગરોળીના દૃષ્ટાંતનું, મીનડિયા ભક્તનું :** શ્રીહરિમાં પ્રીતિ આત્મરૂપે થઈને કરવાનું કહ્યું છે તથા આત્માના સ્વરૂપનું લક્ષણ તથા આત્મરૂપે રહેવાનું પ્રયોજન તથા શ્રીહરિને વિષે જેને પ્રીતિ હોય તેના લક્ષણ ને પ્રીતિ કરવાની સમજણ. | ૪૬૧ |
| ૫૮ | **સંપ્રદાયની પુષ્ટિનું :** જાતે દિવસે સંપ્રદાયની પુષ્ટિનો જે હેતુ તે. | ૪૬૩ |
| ૫૯ | **પરમ કલ્યાણનું :** શ્રીહરિ ને શ્રીહરિના સંત તે જ કલ્યાણકારી છે ને તેમની પ્રાપ્તિ થઈ તેથી બીજું કલ્યાણ નથી ને સંતની સેવા મોટા પુણ્યવાળાને મળે છે તથા શ્રીહરિ ને શ્રીહરિના સંતને વિષે જે નિશ્ચય ને હેત તેની જે દૃઢતા ને કાચપ એની વિક્તિ. | ૪૬૫ |
| ૬૦ | **વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું, પાન ન તોડ્યાનું :** આત્માનું તથા માયિક પદાર્થ માત્ર તેના નાશવંતપણાનું તથા હરિના માહાત્મ્યજ્ઞાનનું અનુસંધાન એ ત્રણેએ કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી, ને શ્રીહરિના ભક્તને દુ:ખે કરીને તો વિક્ષેપ થાય છે ને જેને ન થાય તેને ચંડાળ જેવો કહ્યો છે ને હરિભક્તને કોઈક દુ:ખ દેતો હોય ને આડો પડે તો બ્રહ્મહત્યાદિક પાપ નાશ પામે ને ભક્ત ને અભક્તને વિષે | ૪૬૬ |

| ક્રમ | વચનામૃત • ગઢડા મધ્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | સમભાવ રાખે તેને વિમુખ કહ્યો છે ને શ્રીહરિ ને શ્રીહરિના ભક્તનો પક્ષ હોય તે જ પૂરો ભક્ત. | |
| ૬૧ | **નિયમ, નિશ્ચય અને પક્ષનું, મોટેરાનું :** ત્રણવાનાં જેમાં પરિપૂર્ણ હોય તેને પાકો સત્સંગી કહ્યો છે તથા સંસાર વ્યવહારે જે મોટું માણસ કહેવાતું હોય તેનું સભામાં સન્માન સર્વેને કરવું. | ૪૬૯ |
| ૬૨ | **આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણાનું :** અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીએ પ્રશ્ન પૂછયાં ને તેના શ્રીહરિએ ઉત્તર કર્યા છે તથા આત્મનિષ્ઠા ને દાસત્વપણું એ ત્રણ અંગવાળાના લક્ષણ તથા હરિના ભક્તને વરતવાની જે રીત તે તથા એ ત્રણ અંગ જેને ન આવે તેના કલ્યાણનો ઉપાય. | ૪૭૦ |
| ૬૩ | **બળ પામવાનું :** જેનો જીવ બળને પામ્યો હોય ને ન પામ્યો તે બેયને વર્તવાની નોખી વિક્તિ તથા તે બળ પામ્યાનો ઉપાય ને તેને વિષે શ્રીહરિને શ્રીહરિના સંતનું ને તેની સેવાનું મોટું માહાત્મ્ય ને તેના દ્રોહનું મોટું પાપ. | ૪૭૫ |
| ૬૪ | **શ્રીકૃષ્ણાવતારના માહાત્મ્યનું :** શ્રીકૃષ્ણાવતારને વિષે અવતારીપણું કહીને શ્રેષ્ઠપણું દેખાડયું છે તથા પુરુષોત્તમ ભટ્ટના પ્રશ્ન ઉત્તરને મિશે કરીને શ્રીકૃષ્ણ પુરુષોત્તમનું અલૌકિક માહાત્મ્ય સર્વોત્કર્ષપણું. | ૪૭૭ |
| ૬૫ | **અખતરડાહ્યાનું, ભગવાનની માયાનું :** શ્રીહરિ જે તે મનુષ્ય જેવા થઈને વર્તે છે તેમાં અલૌકિક સામર્થ્ય છે, ને તેનાં ચરિત્રમાં મનુષ્યને મોહ થાય છે તે જ શ્રીહરિની માયા, તથા આત્મનિષ્ઠા ને વૈરાગ્યને ભક્તિની અપેક્ષા છે, ને તે ભક્તિને એ બેયની અપેક્ષા છે. | ૪૮૦ |
| ૬૬ | **છ સદ્‌ગુરુના પ્રશ્નોનું, ગોળો ઝાલ્યાનું :** આનંદ સ્વામી આદિક મોટેરા જે છે પરમહંસ તેમને શ્રીહરિએ પ્રશ્ન પૂછીને પોતે જ ઉત્તર કર્યા છે. | ૪૮૨ |
| ૬૭ | **ગંગાજળિયા કૂવાનું – સ્વામિસેવકભાવનું :** હરિભક્ત શ્રીહરિના સાધર્મ્યપણાને પામે છે ત્યારે સ્વામી સેવકપણું કેમ રહે છે ? એ પ્રશ્નના ઉત્તરથી શ્રીહરિના સામર્થ્યનું અપારપણું. | ૪૮૬ |

| ક્રમ | વચનામૃત • વડતાલ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **નિર્વિકલ્પ સમાધિનું :** પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપને વિષે જે કોઈ જાતનો વિકલ્પ નહિ તે નિર્વિકલ્પ સમાધિ તથા મનને જીતે ને તેથી હારે તે બેયના શુભ ફળ, મનની સાથે વૈર બાંધવાની દઢતા. | ૪૮૯ |
| ૨ | **ચાર શાસ્ત્રે કરીને ભગવાનને જાણવાનું :** શ્રીહરિનો દ્રોહ ન કરે તેની ઉપર શ્રીહરિ રાજી થાય છે ને તે દ્રોહનું લક્ષણ, ચાર શાસ્ત્રે કરીને શ્રીહરિના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ને તે ચારે કરીને સમજે તે પૂરો જ્ઞાની ને એમ સમજવાથી જ શ્રીહરિ રાજી થાય છે. | ૪૯૧ |
| ૩ | **ચાર પ્રકારના મોટા પુરુષનું :** ધર્માદિક ત્રણની અપેક્ષાએ સહિત ને તેની અપેક્ષાએ રહિત એવી જે ભક્તિ તેનાં લક્ષણ ને તે ચાર વાનાં સહિત ભક્તિ જેમાં હોય તે એકાંતિક ભક્ત તે ઉપર પૃથુરાજાનું દૃષ્ટાંત ને તે ભક્તિ મોટા પુરુષની સેવા થકી આવે છે ને તે પુરુષ ચાર પ્રકારના છે. | ૪૯૪ |
| ૪ | **ફુવારાનું :** કલ્યાણને અર્થે સર્વે સાધન છે ને તે ત્રીશ લક્ષણે જુક્ત એવા સંતના એક સંગમાં આવી જાય તથા યોગી જે રીતે શ્રીહરિની મૂર્તિને માંહી બાહેર ધારે છે તેની રીત. | ૪૯૬ |
| ૫ | **ભગવાનમાં માયા ન સમજવાનું, સરખી સેવાનું :** શ્રીહરિને વિષે જે માયિક ભાવ ન સમજે તે જ શ્રીહરિની માયાને તર્યો તથા શ્રીહરિના દઢ આશ્રયનું લક્ષણ તથા પુરો ને અધુરો એ બેય રીતના નિશ્ચયને કળવાનો હેતુ તથા સર્વ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મે ઉત્તમ થાય તેનો ઉપાય. | ૪૯૮ |
| ૬ | **ચિમનરાવજીના પ્રશ્નનું :** પ્રથમ કલ્પમાં કર્મ વિના જીવને સ્થૂલ દેહની પ્રાપ્તિ કેમ થઈ એ પ્રશ્નના ઉત્તરને વિષે પરમેશ્વર, કાળ ને કર્મ એ ત્રણના બળના સમયની વિક્તિ પૃથક્ પૃથક્. | ૫૦૧ |
| ૭ | **દૈવીઆસુરી જીવના લક્ષણનું, અન્વયવ્યતિરેકનું :** આસુર ભાવ તો કોઈ રીતે ટળતો નથી તોપણ તેને ટળવાનો ઉપાય તથા શ્રીહરિનું જે અન્વયવ્યતિરેકપણું ને આકાશને દૃષ્ટાંતે કરીને નિર્લેપપણું. | ૫૦૪ |
| ૮ | **કરોળિયાની લાળનું :** શ્રીહરિની મૂર્તિને વિષે વૃત્તિ રાખનારા યોગીને પંચભૂતનું પ્રધાનપણું મટીને વૃત્તિ નિર્ગુણ થાય છે ત્યારે અતિશે પ્રકાશ | ૫૦૫ |

| ક્રમ | વચનામૃત • વરતાલ પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | પ્રાપ્ત થાય ને દેવ પૂજવાને દૃષ્ટાંતે કરીને અતિશે પવિત્રપણે રહેવાનું. | |
| ૯ | **ભગવાનનું નિર્ગુણ સુખ કેમ જણાય ? તેનું :** શ્રીહરિના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તથા માયિક સુખ એ બે જેમ ભોગવાય છે તેના ભેદ ને શ્રીહરિના સ્વરૂપ સંબંધી નિર્ગુણ સુખ છે તે અખંડ અવિનાશી છે ને માયિક સુખને નાશવંત કહ્યું છે. | ૫૦૬ |
| ૧૦ | **જીવનું કલ્યાણ થાય તેનું :** જીવને કલ્યાણનો ઉપાય તેને વિષે રાજારૂપે ને સાધુરૂપે જે શ્રીહરિના અવતાર તે બેનાં પૃથક્ પૃથક્ લક્ષણ. | ૫૦૭ |
| ૧૧ | **જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ આત્મદર્શન :** એક ભગવાન, બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથા ગરીબ, એ ચારના દ્રોહે કરીને જીવનો નાશ થાય છે ને તે વિના બીજાને દ્રોહે કરીને દેહનો નાશ થાય છે તથા જીવના નાશનું લક્ષણ તથા માનને અતિશે મોડ્યું છે તથા બે કીર્તન શીખ્યાની આજ્ઞા કરી છે તથા પંડિતને હરિ ને હરિના સંતનો મહિમા નથી જણાતો તેનો હેતુ તથા આત્મદર્શનને સંતનો મહિમા જાણ્યાનું સાધન એ સત્પુરુષને વિષે પ્રીતિ. | ૫૦૯ |
| ૧૨ | **મહિમા સહિત નિશ્ચયનું, નપુંસક રાજાનું :** પ્રકાશમાન એવું અક્ષરધામ તેને વિષે શ્રીહરિ સદા વિરાજમાન છે તે જ જીવોના કલ્યાણને અર્થે અવતાર ધરે છે ત્યારે ભગવાનના સ્વરૂપનો સંત સમાગમે કરીને દૃઢ નિશ્ચય જીવને થાય તે બીજના ચંદ્રમાની પેઠે વધી જાય છે ને દેશ કાળે કરીને સંશય થાય તો ઘટી જાય છે, ને જેને પૂરો નિશ્ચય ન હોય તેના લક્ષણ ને તેને વિષે નપુંસક રાજાનું દૃષ્ટાંત. | ૫૧૧ |
| ૧૩ | **બ્રહ્મ વ્યાપક હોય તો મૂર્તિમાન કેમ કહેવાય ? તેનું :** ભક્ત તથા અભક્તને સમાધિ થયાનો હેતુ કહ્યો છે તથા મૂર્તિમાન એવા જે શ્રીહરિ તેના વ્યાપકપણાની રીતિ. | ૫૧૪ |
| ૧૪ | **વિમુખ જીવ ધર્મી જાણે તે ધર્મી નથી ને પાપી જાણે તે પાપી નથી તેનું :** કુપાત્ર જીવને પણ સમાધિ થવાનો હેતુ કહ્યો છે તથા શ્રીહરિ ને તેના સંતનો ગુણ આવે એ મોટું પુણ્ય છે ને એ બેનો અભાવ આવે એ મોટું પાપ છે એ બેની વિક્તિ. | ૫૧૫ |

## વરતાલ પ્રકરણ


| ક્રમ | વચનામૃત | પેજ નં. |
|---|---|---|
| ૧૫ | **દૈવી-આસુરી થયાના હેતુનું :** દૈવી ને આસુરી થયાના નોખા નોખા હેતુ | ૫૧૭ |
| ૧૬ | **મોટા માણસ સાથે બને નહિ તેનું :** રજોગુણી મનુષ્ય સાથે અમારે બને નહિ ને એનું અમારે કાંઈ પ્રયોજન નથી. તેનો હેતુ. | ૫૧૮ |
| ૧૭ | **જ્ઞાની જિતેન્દ્રિય છે તેનું :** જિતેન્દ્રિય પુરુષનાં લક્ષણ-કેવળ નિવૃત્તિ ધર્મવાળા ત્યાગી કરતાં હરિની ભક્તિરૂપ જે પ્રવૃત્તિ ધર્મ તેણે યુક્ત જે ત્યાગી તે શ્રેષ્ઠ છે. | ૫૧૯ |
| ૧૮ | **અવશ્યપણે પાંચ વાર્તા જાણવાનું :** ઉદ્ધવ સંપ્રદાયવાળાને પાંચ વાર્તા જાણવી. તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાનના પરોક્ષ ને પ્રત્યક્ષ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન. | ૫૨૧ |
| ૧૯ | **ભક્ત થવાનું, અવિવેકનું, વિષ્ટાના કીડાનું :** આ જીવને ભરતખંડમાં જન્મ આવે ત્યારે તેને વિષે શ્રીહરિ કે તેના સંત હોય તેને ઓળખે તો હરિનો ભક્ત થાય છે ને તે ભક્તને જે યથાર્થ સમજવાની રીતિ. | ૫૨૫ |
| ૨૦ | **જનકરાજા જેવી સમજણનું - નિર્વિકારી રહ્યાનું :** કામાદિક શત્રુને ટાળ્યાની જે શ્રેષ્ઠ સમજણ જનક રાજાને દૃષ્ટાંતે કરીને કહી છે તથા ગૃહી ત્યાગીનો કાંઈ મેળ નહિ જેની સમજણ મોટી તે મોટો. | ૫૨૬ |


## અમદાવાદ પ્રકરણ


| ક્રમ | વચનામૃત | પેજ નં. |
|---|---|---|
| ૧ | **ચમત્કારી ધ્યાનનું :** નેત્રમાં સૂર્ય, ચંદ્રને પ્રથમ ધારીને પછી શ્રીહરિના ધ્યાન કરવાનો પ્રકાર. | ૫૨૯ |
| ૨ | **નાહી-ધોઈને પૂજા કર્યાનું :** માયિક ઉપાધિનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થકો જે શ્રીહરિને ભજે તે શ્રેષ્ઠ છે ને તેને સમજવાની રીત. | ૫૩૧ |
| ૩ | **વડવાઈનું, ઉપશમનું :** પંચવિષય જન્મ-મરણના હેતુ, ઉપશમવાળાને જ એ જન્માદિકના હેતુ નથી થાતા તથા ઉપશમનું લક્ષણ તથા તેને પામ્યાનો ઉપાય તથા માની સેવકની નિંદા ને નિર્માની સેવક તથા અયોધ્યાવાસીના વખાણ તથા તેમની ખબર રાખવાની સર્વને આજ્ઞા. | ૫૩૩ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૧ | **જ્ઞાન તથા હેતના અંગનું :** આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળાને જ કોઈ જાતનું વિઘ્ન ન થાય. તથા શ્રીહરિ સંબંધી જ્ઞાનના અંગવાળાના તથા હેતના અંગવાળાનાં લક્ષણ તથા શિક્ષાપત્રીનો પાઠ ન થાય તેમાં એક ઉપવાસ કરવો. | ૫૩૬ |
| ૨ | **સર્વે અર્થ સિદ્ધ થયાનું – પ્રગટ ગુરુરૂપ હરિનું :** સત્સંગ થતાં જેવું અંગ બંધાય છે તેવું જ રહે છે પણ બદલાતું નથી ને તે પોતાના અંગનો વિચાર કરે તો કામાદિક ક્ષીણ પડે, ને સત્સંગ તે સર્વ સાધનના ફળરૂપ તથા સત્પુરુષનો સંગ છે તોપણ જેમ છે તેમ સમજાતું નથી તેને મંદ બુદ્ધિવાળો કહ્યો છે ને જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક વૈકુંઠલોકને વિષે તથા બદ્રિકાશ્રમને વિષે સભા છે તેથી આ સત્સંગીની સભાને અધિક કહી છે તે ઉપર શ્રીહરિએ સંત સભાના સમ ખાધા છે. | ૫૩૯ |
| ૩ | **દયા અને સ્નેહનું :** અન્ય પદાર્થને વિષે જે દયા ને સ્નેહ તેને ટાળ્યાનો ઉપાય, માયિક ઉપાધીને ટાળીને બ્રહ્મરૂપ થયા પછી શ્રીહરિ અને હરિજનને વિષે જેમ દયા ને સ્નેહ રહે છે તે દીવાનો અગ્નિ તથા વાયુને દૃષ્ટાંતે કરીને સ્પષ્ટપણે કહ્યું છે. | ૫૪૧ |
| ૪ | **બાધિતાનુવૃત્તિનું :** બાધીતાનુવૃત્તિએ કરીને હરિભક્તને જેમ પદાર્થની સ્મૃતિ થઈ આવે છે ને નિર્વિકલ્પ સમાધિમાં નથી થાતી તેની રીત તથા પલાળેલ કાકડો ને તપાવેલ લોઢાનો ખિલો એ બે દૃષ્ટાંતે કરીને દેહમાં જીવનું વિશેષ ને સામાન્યપણે વ્યાપકપણું તથા જીવ ને દેહ એ બેનાં લક્ષણ. | ૫૪૪ |
| ૫ | **માહાત્મ્યે યુક્ત નિર્વિઘ્ન ભક્તિનું :** માહાત્મ્યે જુક્ત ભક્તિને વિષે કોઈ વિઘ્ન નથી થાતું તથા તે ભક્તિને પામ્યાનો ઉપાય તથા સકામ અને નિષ્કામ ભક્તને શ્રીહરિના ધામમાં સુખની પ્રાપ્તિને વિષે ન્યૂનાધિકપણું | ૫૪૭ |
| ૬ | **જીવ અને મનની મિત્રતાનું :** ઈર્ષ્યાએ રહિત તથા દંભે રહિત ભક્તિએ કરીને શ્રીહરિ પ્રસન્ન થાય છે તથા ભક્તિ કર્યામાં પોતાને અપરાધ ને દોષ થાય છે તે વાંક તે એના જીવનો જ છે પણ બીજા માણસનો કે પોતાના મનનો નથી. | ૫૪૯ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૭ | **વજ્રની ખીલીનું :** જેને કલ્યાણ ઈચ્છવું હોય તેને શ્રીહરિ ને શ્રીહરિના ભક્ત થકી કાંઈ સુખદાઈ નથી ને એ બેને વિષે પોતાના દેહના જેવી આત્મબુદ્ધિ રાખવી તથા એ બેનો પક્ષ દૃઢ રાખવો ને હરિભક્ત જેવા સંબંધીને વાલાં ન રાખે એવાને કામાદિક શત્રુ પણ પરાભવ નથી કરતા, ને તેને સમજવાની રીત દેખાડીને એવાને શ્રીહરિના ચરણારવિંદને વિષે મન રાખવાનું વજ્રની ખીલીના દૃષ્ટાંતે કરીને કહ્યું છે. | ૫૫૧ |
| ૮ | **સદાય સુખિયા રહેવાનું :** શ્રીહરિના ભક્તને સદા સુખિયા રહેવાના ઉપાય તથા તે જેમ દુઃખિયો રહે છે તે તથા ભક્તિને વિષે મોટું વિઘ્ન. | ૫૫૨ |
| ૯ | **જાણપણારૂપ દરવાજાનું :** સંતને અને હરિભક્તને જાણપણારૂપ દરવાજામાં સાવધાન પણે રહીને શ્રીહરિની ભક્તિ કરવી. | ૫૫૪ |
| ૧૦ | **વૃંદાવન ને કાશીના નાશનું :** શ્રીહરિએ માધ્વી સંપ્રદાયના બ્રાહ્મણને પ્રશ્ન પૂછીને પછી તેને પૂછવે કરીને પોતાનો સિદ્ધાંત કહી દેખાડયો છે. | ૫૫૬ |
| ૧૧ | **સીતાજીના જેવી સમજણનું :** ઈન્દ્રિયોને ને મનને જીત્યાનું જુદું જુદું સાધન તથા નિર્વિકલ્પ સમાધિના જેવી શાંતિ રહેવાનો ઉપાય તથા કલ્યાણના માર્ગથી કોઈ રીતે પડે નહિ તેનો ઉપાય તથા સીતાજીની પેઠે હરિને હરિજનનો કોઈ રીતે અવગુણ ન લે તે જ ભક્તનો સંગ રાખવો ને એવો ન હોય ને ધર્મ, વૈરાગ્યવાળો હોય તેનો પણ સંગ ન રાખવો. | ૫૫૮ |
| ૧૨ | **કરામતનું :** પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન ન રાખવું તથા હરિ ને હરિના ભક્તના અવગુણને હડકાયા શ્વાન તુલ્ય કહ્યો છે ને અવગુણવાળાની આસુરી મતિ ટળતી નથી તે વાત ક્ષય રોગના દૃષ્ટાંત વડે કહીને તેનો મોટો દોષ કહ્યો છે તથા શ્રીહરિ ને હરિના ભક્તના દ્રોહના કરનારાનો જીવ નાશ થઈ જાય છે, તથા સત્સંગી હોય ને તે દેહના સંબંધી હોય તો તેમાં કયારેય હેત ન રાખવું. | ૫૬૦ |
| ૧૩ | **દેશકાળે એકાંતિક ધર્મ રહ્યાનું :** હરિભક્તને જેવી સમજણની દૃઢતા જોઈએ તેવી શ્રીહરિએ પોતાને વર્તને કરીને કહી છે. | ૫૬૨ |
| ૧૪ | **કાયસ્થના અવિવેકનું - લંબકર્ણનું :** મુક્તાનંદ સ્વામી આદિક સંતે શ્રીહરિને બાર પ્રશ્ન પૂછયાં છે તેના ઉત્તર પોતે કર્યા છે તથા શ્રીહરિએ | ૫૬૫ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | એક પ્રશ્ન પૂછયો તેનો ઉત્તર ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ મળીને કર્યો છે. | |
| ૧૫ | **પાટો ગોઠ્યાનું :** જેને નવધા ભક્તિમાંથી જે ભક્તિનું અંગ પ્રધાનપણે વર્તતું હોય તેને ઓળખવાની સમજણ ઘાયલના પાટાને દૃષ્ટાંતે કહી છે | ૫૭૧ |
| ૧૬ | **પતિવ્રતાની ટેકનું :** પતિવ્રતાના જેવી જેને શ્રીહરિને વિષે ટેકવાળી ભક્તિ હોય તેને શ્રીહરિના જેવો બીજા કોઈનો ગુણ નથી આવતો એ વાત હનુમાનજીને દૃષ્ટાંતે કરીને કહી છે. | ૫૭૨ |
| ૧૭ | **ભરતજીના આખ્યાનનું :** હરિભક્તને શ્રીહરિ વિના બીજા પદાર્થમાં હેત રહી જાય એ મોટું પાપ છે એમ વાર્તા ભરતજીને દૃષ્ટાંતે કહી છે. | ૫૭૪ |
| ૧૮ | **વાસના જીર્ણ થયાનું :** જાગ્રતમાં દીઠાં, સાંભળ્યાં ન હોય તેવા સ્વપ્નમાં જેવી રીતે પદાર્થ સ્ફુરે છે તેના ભેદ તથા જન્મ મરણના હેતુ નહિ એવી જે જૂની થઈ ને જૂની નથી થઈ એ બે પ્રકારની વાસના તેનાં લક્ષણ તથા નિર્વાસનિક ને સવાસનિક પુરુષનાં લક્ષણ. | ૫૭૫ |
| ૧૯ | **ત્યાગીનાં બે કુલક્ષણનું :** ત્યાગી હરિભક્તને કામના તથા દેહના સંબંધી ને ચાકરીનો કરનારો તેમાં હેત રાખવું તે મોટું વિઘ્ન છે ને તે સંબંધની નિત્ય વાત કરવાની કહી છે. | ૫૭૭ |
| ૨૦ | **સ્વભાવ, પ્રકૃતિ ને વાસનાનું :** પૂર્વ કર્મ તે પકવપણાને પામીને જીવ ભેળાં એકરસ થઈ રહ્યાં જે કર્મ તેને જ સ્વભાવ, વાસના ને પ્રકૃતિ કહી છે તથા તેને ટાળવાનો ઉપાય. | ૫૭૯ |
| ૨૧ | **સોનાના દોરાનું – ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાનું :** કેવળ ધર્મને એકાંતિક ધર્મનું વિલક્ષણપણુ તથા શ્રીહરિએ પોતાના મતને કહેવે કરીને સર્વેને અતિ રૂડા વચન કહ્યાં છે. | ૫૭૯ |
| ૨૨ | **સખી – સખાભાવનું, કુદૃષ્ટિ ન કર્યાનું :** પ્રેમી હરિજનના નામ તથા પ્રેમનું માહાત્મ્ય તથા સખી ભાવ ને સખાભાવે ભક્તિ કરવાની વિક્તિ તથા હરિ ને હરિના ભક્ત સાથે દોષબુદ્ધિ થાય એ મોટું પાપ. | ૫૮૩ |
| ૨૩ | **માનસીપૂજાનું :** ત્રણે ઋતુમાં શ્રીહરિની માનસિક પૂજા કરવી તેની વિક્તિ તથા શ્રીહરિ ને હરિજન પોતાની ઉપર રાજી થાય ત્યારે તથા પોતાને | ૫૮૬ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | શિક્ષાને અર્થે વઢીને કહે ત્યારે પણ મોટા ભાગ્ય માનવા ને રાજી રહેવું | |
| ૨૪ | **સોળ સાધનનું - જ્ઞાનાંશના વૈરાગ્યનું :** અક્ષરધામમાં હરિજનને શ્રીહરિની સેવાની પ્રાપ્તિનાં સોળ સાધન તથા આપત્કાળે પણ ધર્મમાંથી ન પડે તેનું લક્ષણ તથા મોટેરા હરિભક્તના અંગ તથા જ્ઞાનમાંથી ઉપજ્યો જે વૈરાગ્ય તેનું બળ તથા સર્વથી શ્રવણ ભક્તિને શ્રેષ્ઠ કહી છે તથા બાઈઓ હરિભક્ત છે તેનું માહાત્મ્ય સમપણે સમજવું તથા બાઈઓને ભાઈઓનું પણ સમપણે માહાત્મ્ય સમજવાનું ને અધિક સમજવામાં બેયને વિઘ્ન. | ૫૮૮ |
| ૨૫ | **શ્રીજીની પ્રસન્નતાનું - ખરા ભક્તનું :** ભગવાન સંબંધિ સાધનમાં ફળની ઈચ્છા રાખવી ને ન રાખવી તેની વિક્તિ તથા શ્રીહરિને પ્રસન્ન કરવાની રીતિ તથા શ્રીહરિના ખરા ભક્તનાં લક્ષણ તથા શ્રીહરિને રાજી કરવાના ગુણ ને કુરાજી કરવાના દોષ. | ૫૯૨ |
| ૨૬ | **મન-ઈન્દ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું-ધર્મમાં રહ્યાનું :** ભગવાનની પેઠે સેવવા યોગ્ય જે સાધુ તેનાં લક્ષણ તથા જેને કોઈ રીતે વિષયનું બંધન ન થાય તેનાં લક્ષણ તથા શ્રીહરિને ગમતા - ન ગમતા ગુણ દોષ. | ૫૯૪ |
| ૨૭ | **કોઈ જાતની આંટી ન પાડ્યાનું :** શ્રીહરિની મૂર્તિમાં પંચ વિષય સંબંધી જે સુખ તે એક કાળે પ્રાપ્ત થાય છે ને બીજામાં એમ નથી થાતું તથા કઠણ પ્રકૃતિને ટાળ્યાનો ઉપાય તથા આંટી પાડવાની વિક્તિ તથા કામથી પણ માનમાં અધિક દોષ તથા ભગવાનનો નિશ્ચય થાવાનું લક્ષણ તથા હરિજનના સંબંધે કરીને તેના સંબંધીનું જે કલ્યાણ થાય છે તેની રીત તથા આત્મા ને પરમાત્મા તેનું સુખ જેવું છે, તેવું તો સમાધિએ કરીને તથા દેહ મૂકયા કેડે યથાર્થ જણાય છે પણ એની કેવળ વાર્તાએ કરીને નથી જણાતું. | ૫૯૭ |
| ૨૮ | **ભગવાનના માર્ગમાંથી પડ્યાનું :** શ્રીહરિના સ્વરૂપમાંથી પડ્યાના બે ઉપાય કહીને ન પડે તેનો ઉપાય કહ્યો છે તથા સત્સંગમાંથી પાછા પડવાના હેતુ કહીને જે પ્રકારે ન પડે તેવી સમજણ કહી છે તથા નિષ્કામી ભક્તનું લક્ષણ તથા જેને શ્રીહરિ સંબંધી સુખ પ્રાપ્ત થાયછે તેનાં લક્ષણ. | ૬૦૧ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| ૨૯ | **વીસ વીસ વરસના બે હરિભક્તનું :** મંદ વૈરાગ્યવાળાને સંસાર ત્યાગ કરવાની ના કહી છે તથા જેને સંત સાથે ને શ્રીહરિ સાથે દૃઢ સ્નેહ છે તેથી ધર્મમાં દૃઢપણે રહેવાય છે પણ બીજાથી નથી રહેવાતું. | ૬૦૪ |
| ૩૦ | **પાંચ વાર્તાના અનુસંધાનનું :** શ્રીજી મહારાજને જે બે વાર્તા ગમે છે તે તથા પાંચવાનાંનું નિત્ય નિરંતર અનુસંધાન રહે છે. | ૬૦૭ |
| ૩૧ | **છાયાના દૃષ્ટાંતે ધ્યાનનું :** ધ્યાનને કહેવે કરીને ગુણાતીત જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે એ બેમાં ફેર નથી ને ફેર જણાય છે તે સ્થાનને ભેદે કરીને છે. | ૬૦૮ |
| ૩૨ | **માહાત્મ્યના ઓથે પાપ કર્યાનું :** આહારને જીતીને નવધા ભક્તિમાં જે મનને વર્તાવે તેના ઈંદ્રિયો જીતાય તથા સાચા હરિભક્ત ને હરિનું માહાત્મ્ય સમજવાની રીત. | ૬૧૦ |
| ૩૩ | **ચારવાનાંથી બુદ્ધિમાં ફેર ન પડે તેનું :** ધનાદિક પદાર્થે કરીને બુદ્ધિમાં ફેર ન પડે ને એને અર્થે કોઈને વિષે આસ્થા ન આવે તેનાં લક્ષણ તથા સ્ત્રી ધનાદિકના જોગે કરીને એક શ્રીહરિ વિના ગમે તેવા મોટાને પણ બંધન થાય તથા એકાંતિકના લક્ષણ તેનો શ્રીહરિને વિષે પ્રવેશ થવાનો પ્રકાર તથા જેને ચાર વાનામાં કાચપ હોય તેને ભક્તિમાં વિઘ્ન. | ૬૧૨ |
| ૩૪ | **ભગવાનને વિશે જ વાસના રહ્યાનું :** અન્ય પદાર્થની વાસના ટળીને એક ભગવાન સંબંધી વાસના થયાનો ઉપાય તથા સાધુને ક્રોધ ઉપજે ને ન ઉપજે તેની વિક્તિ. | ૬૧૫ |
| ૩૫ | **પ્રકૃતિ મરોડ્યાનું - ભક્તના દ્રોહથી ભગવાનના દ્રોહનું :** શ્રીહરિના દૃઢ આશ્રયવાળાના લક્ષણ તથા સંતના દ્રોહના અધિક પાપનો હેતુ તથા જે સાધુના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય તથા જેની સેવા કરવાથી ભગવાનની સેવા થાય તે સાધુનાં લક્ષણ. | ૬૧૭ |
| ૩૬ | **કલ્યાણના અસાધારણ સાધનનું :** કલ્યાણનું અસાધારણ સાધન તથા તેને વિષે જે મોટું વિઘ્ન તથા શ્રીહરિની ઉપાસનાએ કરીને આત્મા તથા બ્રહ્મ દેખાય છે. | ૬૨૧ |
| ૩૭ | **દરિદ્રપણામાં પણ પ્રથમની ચીજો સાંભરે તેનું :** શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન | ૬૨૩ |

| ક્રમ | વચનામૃત • ગઢડા અંત્ય પ્રકરણ • | પેજ નં. |
|---|---|---|
| | ને તેની ભક્તિ તેનું સુખ એકવાર અનુભવમાં આવ્યું હોય તે વીસરી જાય નહિ તે વાત મોટા રાજાને તથા મોટા શાહુકારને દૃષ્ટાંતે કરીને કહી તથા શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ. | |
| ૩૮ | **સાંખ્યાદિકનું - સદાય સુખિયાનું :** માયિક આકાર માત્ર મિથ્યા કહીને અક્ષરધામને વિષે શ્રીહરિ ને શ્રીહરિના મુક્ત તેમના આકારને સત્ય તથા દિવ્ય કહ્યા છે ને તે જ સર્વોપરી પુરુષોત્તમ દયાયે કરીને આ પૃથ્વીને વિષે પ્રગટ થઈને સર્વેને દેખાય છે, ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાદિકને અંગીકાર કરે છે, ને આ પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપમાં ને અક્ષરધામમાં રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બેય એક જ છે, ને અક્ષરાદિકના નિયંતા છે તથા છ વાનાંનો ત્યાગ કરીને મોટા સાધુ સાથે જીવને જોડી દેવો ને વિષયથી છેટે જ રહેવું. | ૬૨૫ |
| ૩૯ | **વિશલ્યકરણી ઔષધિનું :** ભગવાનની માયાનું રૂપ, ને તે માયાને જેણે ટાળી તે જ માયાને તર્યો ને તે માયાને ટાળી ભગવાનમાં પ્રીતિ કરવી એને જ સર્વ શાસ્ત્રનું સિદ્ધાંત કહીને જીવાત્માનું જ્ઞાન તથા પરમાત્માનું જ્ઞાન સ્પષ્ટપણે કહ્યું છે, ને એ બેનું યથાર્થ જ્ઞાન થયું હોય તો તે પંચવિષયમાં બંધાણો હોય તો પણ તેને તોડીને નીકળે જ રહે; ને એ બે વાર્તા દૈવી જીવ સાંભળે તો રગ રગમાં પ્રવર્તે ને આસુરી જીવને તો સાંભળીને બહાર નીકળી જાય એ વાર્તા. | ૬૨૭ |

## વચનામૃતનું વિષયલક્ષી તારણ

**સર્વદેશી સમજણનાં ૭૨ :** **ગ. પ્ર.** ૭, ૧૦, ૧૩, ૧૪, ૧૭, ૧૯, ૪૧, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૫, ૬૪, ૬૫, ૬૬, ૬૯, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૭, ૭૮. **સારંગ** ૬, ૧૪, ૧૬. **કારિયાણી** ૪,૫. **લોયા** ૨, ૪, ૫, ૮, ૯, ૧૧, ૧૩. **પંચાળા** ૬. **ગ. મ.** ૩, ૧૧, ૧૨, ૧૫, ૧૭, ૨૦, ૨૩, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૫૨, ૫૩, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૫, ૬૬ **વરતાલ** ૬, ૧૩, ૧૪, ૧૭, ૧૮, ૨૦. **ગ. અં.** ૧, ૩,૪, ૬, ૮,૧૩, ૧૫,૨૫, ૨૭, ૩૩, ૩૯.

**સંત સમાગમનાં ૩૩ :** **ગ. પ્ર.** ૮, ૨૯, ૩૦, ૪૪, ૫૪, ૫૮, ૫૯, ૬૭, ૬૮, ૭૦. **સા.** ૭, ૯, ૧૮. **લો.** ૬. **ગ. મ.** ૭, ૨૯, ૩૭, ૪૬, ૫૪, ૫૯, ૬૩. **વર.** ૩, ૪, ૫, ૧૧, ૧૫, ૧૯. **ગ. અં.** ૨, ૧૪, ૨૪,૨૬,૨૯, ૩૫.

**ભગવાનનાં નિશ્ચયનાં ૧૯ :** **ગ. પ્ર.** ૯, ૩૩, ૫૧, ૬૨, ૭૨. **સા.** ૧૨. **કા.** ૧. **લો.** ૩, ૭, ૧૨, ૧૮. **પં.** ૪,૭. **ગ.મ.** ૧૦, ૧૪, ૨૧. **વ.** ૧, ૧૦, ૧૨.

**વધવા ઘટવાનાં ૧૭ :** **ગ. પ્ર.** ૬, ૧૬, ૨૮, ૩૧, ૩૫, ૫૩. **કા.**૨. **વ.**૭. **લો.** ૧, ૧૬. **ગ. મ.** ૨૬, ૨૭,૨૮, ૪૦, ૪૪. **ગ. અં.**૧૧, ૧૨.

**ભગવાનનાં માહાત્મ્યનાં ૧૫ :** **ગ. પ્ર.** ૨૭, ૬૩. **સા.** ૧, ૧૭. **કા.** ૮, ૯. **લો.** ૧૭. **પં.** ૧. **ગ. મ.** ૪, ૪૨, ૬૪, ૬૭. **ગ. અં.** ૫, ૩૨, ૩૭.

**આત્મજ્ઞાનનાં ૧૫ :** **ગ. પ્ર.** ૨૦, ૬૧. સા. ૪, ૧૫. **લો.** ૧૫. **ગ. મ.** ૨, ૩૦, ૩૨, ૪૩, ૪૫, ૫૦, ૫૫, ૫૭. **અમ.** ૨. **ગ. અં.**૨૧.

**ભગવાનમાં વૃત્તિ રાખવાનાં ૧૪ :** **ગ. પ્ર.** ૩, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૩૨, ૩૮, ૪૯. **ગ. મ.** ૩૬, ૩૮, ૪૯. **ગ. અં.** ૧૭.

**ભગવાનમાં પ્રીતિનાં ૬ :** **ગ. પ્ર.** ૨૬, ૫૭. **સા.** ૨,૩. **ગ. મ.** ૫૬. **કા.** ૧૧.

**ભગવાનના ધ્યાનનાં ૯ :** **ગ. પ્ર.** ૫, ૧૫. **કા.** ૧૨. **વર.** ૮, ૯,૧૬. **અમ.** ૧. **ગ. અં.** ૨૩, ૩૧.

**ઉપાસનાનાં ૯ :** **ગ. પ્ર.** ૪૦, ૫૬. **લો.** ૧૪. **ગ. મ.** ૯, ૧૩, ૩૧. **ગ.અં.** ૧૬, ૩૬, ૩૮.

**વાસાનાનાં ૮ :** **ગ. પ્ર.** ૧૧, ૬૦. **સા.** ૫,૧૧. **ગ.મ.** ૨૫. **અ.**૩. **ગ.અં.**૧૮, ૨૦.

**વેદાંતિનાં ૮ :** **ગ. પ્ર.** ૩૯, ૪૨, ૪૫. **ગ.મ.** ૬, ૧૮, ૧૯. **વર.** ૨. **ગ. અં.**૧૦.

**માન તથા ઈર્ષાનાં ૭ :** **ગ. પ્ર.** ૪, ૭૬. **સા.**૮. **કા.**૬. **પં.**૫. **ગ.મ.** ૪૧. **ગ.અં.**૧૨.

**પ્રતિલોમનાં ૬ :** **સા.** ૧૦, ૧૨. **ગ. મ.** ૮,૨૨, ૩૯. **ગ.અં.** ૯.

**વિષય ખંડનનાં ૬ :** **ગ. પ્ર.** ૧૮. **કા.** ૧૦. **લો.** ૧૦. **ગ. મ.** ૧-૪૭. **ગ. અં.** ૨૮.

**નિયમ તથા આજ્ઞાનાં ૫ :** **ગ. પ્ર.** ૩૪. **કા.**૩ **ગ. મ.** ૧૬-૫૧ **ગ. અં.** ૩૪

**પક્ષનાં ૨ :** **ગ. મ.** ૫, **ગ. અં.** ૭.

**સાંખ્ય અને યોગનાં ૪ :** **ગ. પ્ર.** .૫૨, **પં.** ૨, ૩, **ગ. મ.** ૨૪.

**વૈરાગ્યનાં ૪ :** **ગ. પ્ર.** ૨,૧૨, **કા.** ૭, **ગ. અં.** ૩૦.

**સંબંધીમાં હેત ન રાખવાનાં ૩ :** **ગ. પ્ર.** ૩૬, ૩૭. **ગ. અં.** ૧૯.

Index

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# વચનામૃત પરચારો

पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्माङ्गतो
जातायोत्तरकोसलेषु दयया सर्वेश्वरेशाय च ।
तृप्तिं वाकयसुधारसैर्विदधते नैजैर्निजानां मुहु–
स्तस्मै श्रीहरये नमोऽस्तु सहजानन्दाय सद्वर्णिने ।।१।।

ज्ञानेन धर्मेण युतां विरक्त्या माहात्म्यबोधेन च यो निजस्य ।
प्रवर्तयामास भुवि स्वभक्तिं स श्रीहरिर्नोऽस्तु मतिप्रदाता ।।२।।

अज्ञानसंज्ञं गहनान्धकारं निजाश्रितस्वान्तगुहागतं यः ।
अपाहरज्ज्ञानदिवाकरः श्रीधर्माङ्गजन्मा जयति प्रभुः सः ।।३।।

प्रोक्तानि यानीह वचोऽमृतानि श्रीस्वामिना तेन निजाश्रितेभ्यः ।
तेषां लिखामः कतिचित्तदीयतुष्ट्यै यथाबुद्धि यथाश्रुतं च ।।४।।

तत्रादौ श्रीहरेस्तस्य जन्मादिचरितं शुभम् ।
कथयामः समासेन तदीयानन्ददायकम् ।।५।।

**શ્રીગોલોકના મધ્યને વિષે ભગવાનનું અક્ષરધામ છે, તે કેવું છે ?** તો કોટિકોટિ સૂર્ય, ચંદ્ર ને અગ્નિ તે સરખું પ્રકાશમાન છે ને દિવ્ય છે ને અત્યંત શ્વેત છે ને સચ્ચિદાનંદરૂપ છે, અને જેને બ્રહ્મપુર કહે છે, અમૃતધામ કહે છે, પરમપદ કહે છે, અનંત અપાર કહે છે, બ્રહ્મ કહે છે, ચિદાકાશ કહે છે. એવું જે એ અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન જે તે સદાય વિરાજમાન છે. તે કેવા છે ? તો જેને પુરુષોત્તમ કહે છે, વાસુદેવ કહે છે, નારાયણ કહે છે, પરમાત્મા કહે છે, બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે, ઈશ્વર કહે છે, પરમેશ્વર કહે છે, વિષ્ણુ કહે છે.






**અને વળી તે ભગવાન કેવા છે ?** તો ક્ષર-અક્ષર થકી પર છે, સર્વજ્ઞ છે, સર્વકર્તા છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, સર્વ કારણના કારણ છે, નિર્ગુણ છે, સ્વપ્રકાશ છે, સ્વતંત્ર છે અને બ્રહ્મરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેમને ઉપાસના કરવા યોગ્ય છે અને અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે રૂપ છે લીલા જેની એવા છે અને પ્રકૃતિ પુરુષ, કાળ, પ્રધાનપુરુષ ને મહત્તત્ત્વાદિક એ જે પોતાની શક્તિઓ તેના પ્રેરક છે. અને અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે ને સદા કિશોર મૂર્તિ છે ને કોટિકોટિ કંદર્પ સરખા સુંદર છે અને નવીન મેઘ સરખો શ્યામ છે વર્ણ જેનો એવા છે. અને અમૂલ્ય ને દિવ્ય એવાં જે નાના પ્રકારનાં વસ્ત્ર ને આભૂષણ તેણે યુક્ત છે અને કાનને વિષે મકરાકાર કુંડળ ધરી રહ્યા છે અને મસ્તકને વિષે નાના પ્રકારનાં રત્ને જડિત એવો જે મુકુટ તેને ધરી રહ્યા છે અને શરદ ઋતુનું જે કમળ તેની પાંખડી સરખાં અણિયાળાં છે નેત્રકમળ જેનાં એવા છે. અને રૂડું એવું જે સુગંધીમાન ચંદન તેણે કરીને ચર્ચ્યાં છે અંગ જેનાં એવા છે. અને મધુર સ્વરે કરીને વેણુને વજાડે છે અને રાધિકાજી ને લક્ષ્મીજી તેમણે પૂજ્યા છે અને મૂર્તિમાન એવાં જે સુદર્શનાદિક આયુધ તથા નંદ, સુનંદ ને

શ્રીદામાદિક જે અસંખ્ય પાર્ષદ તેમણે સેવ્યા છે અને કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સરખા પ્રકાશે યુક્ત છે મૂર્તિ જેની એવા છે અને અનંતકોટિ એવા જે કલ્યાણકારી ગુણ તેણે યુક્ત છે અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યાદિક જે ઐશ્વર્ય તથા અણિમાદિક જે સિદ્ધિઓ તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે અને મૂર્તિમાન એવા જે ચાર વેદ તેમણે સ્તુતિને કર્યા છે અને વાસુદેવાદિક જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા વારાહાદિક અવતાર એ સર્વેના ધરનારા છે. **એવા જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તે જે તે** આ જે પોતાનું સમગ્ર ઐશ્વર્ય તેણે યુક્ત થકા પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવવાને અર્થે ને પોતાના એકાંતિક ભક્ત જે ધર્મ, ભક્તિ ને મરીચ્યાદિક ઋષિ તેમની રક્ષા કરવાને અર્થે ને તેમને સુખ આપવાને અર્થે અને અનેક જીવનાં કલ્યાણ કરવાને અર્થે અને અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે, કોસલ દેશને વિષે પ્રકટ થતા હવા.

**હવે એ ભગવાન જેવી રીતે પ્રકટ થયા છે તે સંક્ષેપે કરીને કહીએ છીએ :**

એક સમયે મરીચ્યાદિક ઋષિ જે તે **બદરિકાશ્રમને વિષે** શ્રીનર-નારાયણ ભગવાનનાં દર્શન કરવા સારુ આવતા હવા. તે વાતને સાંભળીને ધર્મદેવ પણ પોતાની સ્ત્રી જે મૂર્તિ તેણે સહિત થકા શ્રીનરનારાયણનાં દર્શન કરવા આવ્યા. પછી તે ઋષિઓની સભાને વિષે ઉદ્ધવે સહિત બેઠા એવા જે શ્રીનરનારાયણ ઋષિ, તેનું દર્શન કરીને શ્રીનરનારાયણે માન્યા થકા ધર્મદેવ જે તે, તે સભાને વિષે બેસતા હવા. અને મરીચ્યાદિક ઋષિએ શ્રીનારાયણ ઋષિ આગળ પ્રથમ કરી હતી જે ભરતખંડના વૃત્તાંતની વાર્તા, તેને શ્રીનારાયણ ઋષિના મુખારવિંદ થકી એકાગ્ર ચિત્ત થઈને ધર્મદેવ જે તે સાંભળતા હવા તથા તે ઋષિ ને ઉદ્ધવ તે પણ તે વાર્તાને એકાગ્ર ચિત્ત થઈને સાંભળતા હવા.

**તે સમયમાં કૈલાસ પર્વત થકી દુર્વાસા ઋષિ જે તે શ્રીનારાયણ ઋષિને દર્શને આવ્યા.** તેનું કોઈથી સન્માન થયું નહિ, માટે તે દુર્વાસા ઋષિ તો એ



ધર્માદિક સર્વેને શાપ દેતા હવા જે, 'મારા અપમાનના કરનારા જે તમે સર્વે તે ભરતખંડને વિષે મનુષ્યપણાને પામો અને ત્યાં અસુર થકી અપમાનને ને કષ્ટને પામો.' એવા શાપને સાંભળીને ધર્મદેવે ઘણાક પ્રકારનાં વિનયે યુક્ત વચને કરીને શાંતિ પમાડ્યા એવા જે **દુર્વાસા ઋષિ તે બોલ્યા જે,** 'તમે સર્વે શ્રીનારાયણ ઋષિની વાર્તા સાંભળવાને વિષે આસક્ત હતા માટે મને ન દેખ્યો, ને મારું સન્માન ન થયું. એની મને ખબર નહોતી, તે સારુ મેં તમને શાપ દીધો પણ તે મારો શાપ તો નિવારણ નહિ થાય. **પણ તે શાપ ભેળો હું તમને અનુગ્રહ કરું છું જે,** હે ધર્મદેવ ! તમે ને આ તમારી સ્ત્રી-મૂર્તિ તે બ્રાહ્મણના કુળને વિષે મનુષ્ય દેહ ધરશો અને ત્યાં આ નારાયણ ઋષિ તમારા પુત્ર થશે અને તમને ને આ ઋષિઓને મારા શાપ થકી મુકાવશે ને અસુરના કષ્ટ થકી તમારી સર્વેની રક્ષા કરશે,' એમ કહીને દુર્વાસા ઋષિ તો પાછા કૈલાસ પર્વતમાં ગયા.

**પછી શ્રીનારાયણ ઋષિ જે તે ધર્માદિક સર્વ પ્રત્યે બોલતા હવા જે,** ‘અપરાધ વિના જે શાપ તમને થયો તેને જો હું ટાળવાને ઈચ્છું તો હું સમર્થ છું તે ટળી જાય, પણ હમણાં ભરતખંડને વિષે કળિયુગના બળને પામીને અધર્મ ને અસુર તે બહુ વૃદ્ધિને પામ્યા છે. તેમના નાશને અર્થે મારી ઈચ્છાએ કરીને જ એ શાપ થયો છે, તે મેં અંગીકાર કર્યો છે. માટે હે ધર્મ ! હું તમારો પુત્ર થઈને તે અસુરનો ને અધર્મનો નાશ કરીશ ને તમારી સર્વેની રક્ષા કરીશ ને પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવીશ. માટે તમે કાંઈ ચિંતા રાખશોમા અને પૃથ્વીને વિષે સર્વે મનુષ્ય દેહને ધારો.’ એવાં વચન સાંભળીને શ્રી નારાયણ ઋષિને નમસ્કાર કરીને ધર્માદિક સર્વે જે તે મનુષ્ય દેહ ધારવાને અર્થે પૃથ્વી પ્રત્યે જતા હવા.

**હવે ધર્મ અને મૂર્તિ જેવી રીતે પ્રગટ થયાં છે તે કહીએ છીએ જે : કોસલ દેશને વિષે ઈટ્ટાર નામે પુર છે.** તેમાં સરવરિયા બ્રાહ્મણ સામવેદી પાંડે બાલશર્મા નામે હતા. તે થકી ભાગ્યવતી નામે જે તેની પત્ની તેને વિષે **ધર્મદેવ જે તે સંવત્ ૧૭૯૬ (સત્તરસો ને છન્નુ) ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસે મધ્યાહ્ન પછી પ્રકટ થતા હવા** અને પિતા જે બાલશર્મા તે વિધિએ કરીને તેમના જાતકર્માદિક સંસ્કારને કરતા હવા અને બારમે દિવસે દેવશર્મા એવું નામ ધરતા હવા.





અને તે કોસલ દેશને વિષે જ, **છપૈયા નામે ગામમાં** ત્રવાડી કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણ, તે થકી ભવાની નામે જે તેની પત્ની તેને વિષે **મૂર્તિ જે તે સંવત્ ૧૭૯૮ (સત્તરસો ને અઠ્ઠાણુ)ના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસે સાયંકાળે પ્રગટ થતાં હવાં.** તે પછી દિવસે દિવસે મોટાં થયાં ને શ્રીકૃષ્ણ ભગવાનની અતિશય ભક્તિ કરવા લાગ્યાં, માટે ભક્તિ એવાં નામને પામતાં હવાં.

પછી એ ભક્તિના પિતા જે કૃષ્ણશર્મા તે જે તે પોતાની પુત્રી જે ભક્તિ તેનો, ધર્મના અવતાર જે દેવશર્મા તે સાથે યથાવિધિ વિવાહ કરતા હવા. અને એ જે પોતાના જમાઈ તેને પોતાના ગામમાં પોતાને ઘેર રાખતા હવા. પછી તે દેવશર્મા જે તે ભક્તિ જે પોતાની પત્ની તેણે સહિત ગૃહસ્થાશ્રમના જે ધર્મ તેને આશરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા હવા અને પોતે ધર્મને વિષે અતિ દૃઢપણે વર્ત્યા, તેને જોઈને સર્વે લોક જે તે ધર્મ એવા નામે કરીને જ બોલાવતા હવા.

**પછી એ ધર્મ-ભક્તિને અસુર થકી અતિશય કષ્ટ થયું.** તેના નિવારણને અર્થે તે ધર્મ-ભક્તિ જે તે વૃંદાવનમાં જઈને મરીચ્યાદિક ઋષિએ યુક્ત થકા શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરતા હવા. તેણે કરીને તે ભગવાન એમની ઉપર પ્રસન્ન થયા અને પોતાના અક્ષરધામમાં જેવા પોતે સદા વિરાજમાન છે તેવું પોતાનું દર્શન આપીને, **ધર્મભક્તિ પ્રત્યે બોલતા હવા જે**, 'હે ધર્મ ! ભક્તિ! તમને કષ્ટના દેનારા જે અસુર તેમને પૂર્વે મેં કૃષ્ણાવતારને વિષે માર્યા હતા. તે મારી ઉપર એમને વૈર છે માટે તમને મારાં જાણીને પીડે છે. તે




અસુરના નાશને અર્થે હું જે તે નારાયણ ઋષિરૂપે તમારા થકી પ્રકટ થઈને હરિકૃષ્ણ નામે વિખ્યાત થઈશ. અને તમારી ને ઋષિની અસુરના કષ્ટ થકી રક્ષા કરીશ. ને તમને દુર્વાસાના શાપ થકી મુકાવીશ, અને અસુરનો ને અધર્મનો ઉચ્છેદ કરીશ ને પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવીશ.' એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાન જે તે અંતર્ધાન થઈ ગયા અને ધર્મના હૃદયકમળને વિષે વિરાજમાન થયા. પછી તે ધર્મભક્તિ જે તે અતિશય આનંદને પામીને ત્યાંથી પાછા પોતાને ગામ આવીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને કરતા હવાં. અને એવી રીતે એ ધર્મને ભગવાન પ્રસન્ન થયા, માટે સર્વે જન જે તે તેમને **હરિપ્રસાદ** નામે કરીને બોલાવતા હવા.

અને પછી કેટલાક માસ ગયા કેડે તે હરિપ્રસાદજી થકી ભક્તિને વિશે **શ્રીકૃષ્ણ ભગવાન જે તે સંવત્ ૧૮૩૭ (અઢારસો ને સાડત્રીશ)ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસે રાત્રિ દશ ઘડી ગઈ ત્યારે પ્રગટ થતા હવા.**

તે સમયમાં હરિપ્રસાદજીના ઘરને વિષે મોટો ઉત્સવ થતો હવો. અને ઈન્દ્રાદિક દેવ જે તે જયજય શબ્દને કરતા થકા ને દુંદુભિને વજાડતા થકા





પુષ્પનો વર્ષાદ કરતા હવા અને અપ્સરાઓ જે તે નૃત્ય કરતી હવી અને ગંધર્વ જે તે ગાન કરતા હવા અને મુનિ જે તે આશીર્વાદ દેતા હવા અને દેવતા ને સાધુનાં જે મન તે અતિ પ્રસન્ન થતાં હવાં અને અસુરનાં જે મન તે તત્કાળ ત્રાસને પામતાં હવાં અને તે ગામમાં રહેનારી જે સ્ત્રીઓ તે મંગળ ગાતી હવી ને બાળરૂપ એવા જે હરિ તેને આશિષ દેવી હવી અને તે સમયને વિષે મંદ, સુગંધ ને શીતળ એવા જે વાયુ તે વાતા હવા અને તારાના ગણે સહિત આકાશ જે તે અતિશય નિર્મળ થતો હવો. તેવાર પછી તે હરિપ્રસાદજી જે તે તે પોતાના પુત્રનું જે જાતક કર્મ તે બ્રાહ્મણ પાસે યથાવિધિ કરાવીને બ્રાહ્મણને ઘણાંક પ્રકારનાં દાન આપતા હવા.

**પછી જન્મથી છઠ્ઠા દિવસને વિષે** કોટરા આદિક બાળગ્રહ જે તે બાળરૂપ એવા જે તે ભગવાન તેને મારવા સારુ આવ્યા તેમને તે ભગવાન જે તે પોતાની દૃષ્ટિમાત્રે કરીને બાળીને ભગાડી દેતા હવા.

**પછી ભગવાન ત્રણ મહિના ને અગિયાર દિવસના થયા ત્યારે** માર્કંડેય




ઋષિ જે તે બ્રાહ્મણને વેશે તે હરિપ્રસાદજીને ઘેર આવતા હવા. ત્યારે હરિપ્રસાદજી જેતે તે ઋષિનું અતિશય સન્માન કરીને ને તેમને જ્યોતિષી જાણીને કહેતા હવા જે 'તમે અમારા **પુત્રનું નામકરણ** કરો.' પછી તે ઋષિ જેતે રાજી થઈને નામકરણ કરતા થકા બોલ્યા જે 'હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર જે તે તમારી સર્વ આપદાને હરશે અને જે જન એના આશ્રિત થશે તેમની સર્વે આપદાને હરશે અને કર્ક રાશિને વિષે એનો જન્મ છે માટે એમનું **'હરિ'** એવું નામ થશે. અને વળી આ જે તમારા પુત્ર તેના દેહનો કૃષ્ણ વર્ણ છે તથા પોતાના આશ્રિત જનનાં જે મન તેમને પોતાની મૂર્તિને વિશે તાણી લેશે તથા ચૈત્ર માસમાં જન્મ છે માટે **'કૃષ્ણ'** એવે નામે વિખ્યાત થશે અને એ બે નામ નોખાં નોખાં છે તો પણ એ બે ભેળાં મળીને **'હરિકૃષ્ણ'** એવું ત્રીજું નામ પણ થશે. **અને આ તમારા પુત્ર જે તે** ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને યોગ એ પાંચ ગુણે કરીને તો શિવજી જેવા થશે; માટે નીલકંઠ એવે નામે કરીને લોકને વિષે પ્રસિદ્ધ થશે. અને આ જે તમારા પુત્ર તેના હાથને વિષે પદ્મનું ચિહ્ન છે તથા પગને વિષે વજ્ર, ઊર્ધ્વરેખા અને કમળ તેનાં ચિહ્ન છે તે માટે, આ તમારા પુત્ર જે તે લક્ષાવધિ મનુષ્યના નિયંતા થશે.

**અને આ તમારા પુત્ર જે તે** કલ્યાણકારી એવા અનંત ગુણે યુક્ત થશે ને તમારી સમગ્ર કષ્ટ થકી રક્ષા કરશે,' એમ કહીને વિરામ પામ્યા એવા જે માર્કંડેય ઋષિ તેને હરિપ્રસાદજી જે તે ઘણીક દક્ષિણા ને ભારે ભારે નવાં વસ્ત્ર ને આભૂષણ તે આપતા હવા. પછી તે ઋષિ જે તે એક દિવસ ત્યાં રહીને પ્રયાગ તીર્થની યાત્રા કરવા સારુ ચાલી નીસરતા હવા.

**અને તે પછી તે હરિપ્રસાદજી ને ભક્તિમાતા જે તે પોતાના પુત્રના ગુણને**

**સાંભળીને બહુ પ્રસન્ન થતા હવા.** પછી તે શ્રીહરિ જે તે પોતાની બાળલીલાએ કરીને પોતાનાં માતાપિતાને ને સંબંધી જનને બહુ આનંદ ઉપજાવતા થકા બાળચંદ્રની પેઠે વૃદ્ધિને પામતા હવા. અને તે પછી હરિપ્રસાદજી જે તે તે પોતાના પુત્રને **પાંચમે મહિને** પ્રથમ પૃથ્વી ઉપર બેસારતા હવા અને **છઠ્ઠા મહિનાને** વિષે પ્રથમ અન્ન જમવા શીખવતા હવા. અને **સાતમે મહિને** કાનને વીંધાવતા હવા અને **ત્રીજું વર્ષ બેઠું ત્યારે** ચૌલ સંસ્કાર જે 'ગર્ભના કેશ ઉતરાવવા' તે કરાવતા હવા અને એ જ દિવસે માયાવી એવો જે કાળિદત્ત નામે અસુર તે ભગવાનને મારવાને આવ્યો તેને ભગવાને પોતાની દૃષ્ટિમાત્રે કરીને મોહ પમાડયો, તે વૃક્ષને વિષે અથડાઈને અથડાઈને મરી જતો હવો.

**અને તે પછી હરિપ્રસાદજી જે તે** અસુરના ઉપદ્રવ થકી છપૈયા ગામનો ત્યાગ કરીને પોતાના કુટુંબે સહિત થકા અયોધ્યાપુરીમાં નિવાસ કરીને રહેતા હવા. અને પછી હરિપ્રસાદજી જે તે **પોતાના પુત્રને પાંચમા વર્ષને** વિષે પ્રથમ અક્ષર ભણવા શીખવતા હવા. અને **આઠમા વર્ષને વિષે** ભારે ભારે સામગ્રીઓને ભેળી કરીને પોતાના પુત્રને યજ્ઞોપવિત્ દેતા હવા.






અને તે શ્રીહરિ જે તે પોતાના પિતા થકી યજ્ઞોપવિતને પામીને નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મને વિષે રહ્યા થકા વેદાધ્યયનને કરતા હવા. અને પોતાના પિતા પાસે વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર એ સર્વે ગ્રંથનું પોતે અધ્યયન કરીને તથા શ્રવણ કરીને તે સર્વનું જે રહસ્ય તેને યથાર્થ જાણતા હવા અને **એ સર્વમાંથી પોતે ચાર સાર કાઢતા હવા.** તેમાં શ્રીમદ્ ભાગવત પુરાણ થકી તો **'પંચમસ્કંધ'** ને **'દશમસ્કંધ'** એ સાર કાઢ્યો તથા સ્કંધપુરાણ થકી **'વાસુદેવમાહાત્મ્ય'** એ સાર કાઢ્યો તથા ઈતિહાસ જે મહાભારત થકી '**ભગવદ્ગીતા**', '**વિદુરનીતિ**', ને '**વિષ્ણુસહસ્રનામ**' એ સાર કાઢ્યો. તથા સર્વે ધર્મશાસ્ત્ર થકી **'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ'** એ સાર કાઢ્યો. એવી રીતે એ ચાર સાર કાઢીને તેનો ગુટકો લખાવીને, પોતાની પાસે નિત્ય રાખતા હવા.

**પછી તે શ્રીહરિ જે તે જન્મ થકી અગિયાર વર્ષના થયા ત્યારે** પોતાની માતા જે ભક્તિ તેને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત એવી જે ભક્તિ તેનો ઉપદેશ કરીને દિવ્યગતિને આપતા હવા ને દુર્વાસાના શાપ થકી મુકાવતા હવા. અને તે પછી કેટલાક માસ ગયા કેડે તે શ્રીહરિ જે તે પોતાના પિતા જે હરિપ્રસાદજી તેને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને દિવ્યગતિને પમાડતા હવા ને દુર્વાસાના શાપ થકી મુકાવતા હવા.


**અને એવી રીતે ભક્તિ ધર્મ જે તે દિવ્યગતિને પામીને,** પછી દિવ્યદેહે કરીને નિરંતર, તે શ્રીહરિને પાસે રહેતા હવા.

**તે વાર પછી તે શ્રીહરિ જે તે** પોતાના જે સંબંધી તેને પૂછ્યા વિના જ નિત્ય સ્નાનને મિષે કરીને તીવ્ર વૈરાગ્યના વેગ થકી **પોતાના ઘરનો ત્યાગ કરીને પોતે એકલા જ ઉત્તર દિશાને વિષે તપ કરવા સારુ ચાલી નીસરતા હવા.**



**તે પોતે કેવા છે ?** તો બહિર્વાસે સહિત જે કૌપીન તેને ધારી રહ્યા છે. ને મૃગચર્મ ધાર્યું છે ને પલાશનો દંડ ધાર્યો છે. ને શ્વેત એવું જે યજ્ઞોપવિત તે ધાર્યું છે, ને કંઠને વિષે તુલસીની બેવડી માળા ધારી છે. ને ચાંદલે સહિત જે ઊર્ધ્વપુંડ્ર તિલકનું ચિહ્ન તે ધાર્યું છે. ને મસ્તક ઉપર જટાને ધારી રહ્યા છે. ને કેડને વિષે મુંજની મેખલા ધારી છે. ને હાથને વિષે જપમાળા, કમંડળુ, ભિક્ષાપાત્ર ને જળગરણું એટલાં વાનાંને ધારી રહ્યા છે. ને શાલગ્રામ ને બાળમુકુંદનો જે બટુવો તેને ગળાને વિષે ધારી રહ્યા છે. ને ચાર સારનો જે ગુટકો તેને ખભાને વિષે ધારી રહ્યા છે. એવા વેષને ધરતા થકા **શ્રીનીલકંઠ બ્રહ્મચારી** જે તે સરયૂ નદીને તરીને ઉત્તર દિશામાં જતા હવા. **તે ચાલતે ચાલતે કેટલેક દિવસે કરીને હિમાલય પર્વતની** તળેટીમાં જે એક મહા મોટું વન આવ્યું તેને પામતા હવા. પછી ત્યાંથી ચાલ્યા તે કેટલેક દિવસે કરીને હિમાલય પર્વતને પામ્યા. ને તે પર્વતને વિષે ચાલતા થકા કેટલેક દિવસે કરીને **મુક્તનાથ** પ્રત્યે આવીને ઉગ્ર તપ કર્યું. ને તે તપે કરીને સૂર્યનારાયણને પ્રસન્ન કરતા હવા. અને ત્યાં કેટલાક માસ રહીને પછી ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલ્યા. તે હિમાલય પર્વતની તળેટીમાં એક મહાઘોર વન આવ્યું, તેને વિષે બાર માસ સુધી વિચરતા હવા.





પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે તે તે વનને વિષે વડના વૃક્ષ તળે બેઠા ને તપને કરતા એવા જે **ગોપાળયોગી** તેને દેખતા હવા. ને તે યોગી પાસે રહીને અષ્ટાંગયોગને શીખતા થકા એક વર્ષ સુધી રહ્યા. ને તે યોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને સિદ્ધગતિને પમાડતા હવા.

અને પછી ત્યાંથી ઉત્તર મુખે ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જે તે **આદિવારાહ** નામે જે તીર્થ તેને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા તે બંગાળ દેશને વિષે **સીરપુર** નામે જે શહેર તેને પામતા હવા. અને તે શહેરનો રાજા **સિદ્ધવલ્લભ** નામે મહા ધાર્મિક હતો. તેણે પ્રાર્થનાને કર્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જે તે ચોમાસાના ચાર મહિના સુધી ત્યાં રહેતા હવા. અને તે શહેરને વિષે કાળી ને ભૈરવ તેના ઉપાસક ને સિદ્ધપણાનું છે અભિમાન જેમને એવા જે અસુર તેમના મદને હરતા હવા. અને પોતાનો સેવક જે **ગોપાળદાસ** નામે સાધુ તેની અસુરના અભિચાર થકી પોતાને સામર્થ્યે કરીને રક્ષા કરતા હવા.

અને વળી તે શહેરને વિષે વેદ, શાસ્ત્ર, પુરાણનો ભણેલો એવો **તૈલંગ દેશનો કોઈક બ્રાહ્મણ હતો,** તેણે તે રાજા થકી હસ્તિ આદિકનું મહાદાન લીધું, તેણે કરીને તે બ્રાહ્મણ ગૌરવર્ણ હતો પણ શ્યામવર્ણ થઈ ગયો. પછી તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિને અર્થે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો. તેને પોતાના સામર્થ્યે કરીને તે પાપ થકી મુકાવ્યો ત્યારે કાળો મટીને પ્રથમના જેવો ગૌરવર્ણ થતો હવો. પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે જે તે **કામાક્ષીદેવી**ને સમીપે કોઈક ગામ હતું, તેને પામ્યા ને તે ગામમાં મહાકાળીનો



ઉપાસક એક બ્રાહ્મણ હતો, તે પોતાના ગામમાં જે કોઈ સાધુ તથા બ્રાહ્મણ તીર્થવાસી આવે તેને અભિચારે કરીને જીતીને, પોતાના શિષ્ય કરે એવો અભિમાની હતો. તે બ્રાહ્મણ આવીને શ્રીહરિની ઉપર પોતાનું જંત્ર મંત્ર અભિચાર સંબંધી જે ઘણુંક સામર્થ્ય તેને કરતો હવો, પણ તેણે કરીને પોતે કાંઈ પરાભવ પામ્યા નહિ. ને પોતાને સામર્થ્યે કરીને તે બ્રાહ્મણનો સમગ્ર મદ ઉતારીને પોતાનો આશ્રિત કરતા હવા.

પછી શ્રીહરિ જે તે ત્યાંથી ચાલ્યા થકા **નવલખા પર્વતને પામ્યા.** જે નવલખા પર્વતને વિષે નવ લાખ સિદ્ધનાં સ્થાનક છે ને નવ લાખ ઠેકાણે અગ્નિની જ્વાળા નીસરે છે તથા પાણીના કુંડ છે. તે પર્વતને વિષે રહ્યા જે સિદ્ધ તેમને પોતાનું દર્શન આપીને તે પર્વતથી ઊતર્યા તે **બાળવાકુંડ** નામે જે તીર્થ તેને પામતા હવા. અને ત્યાંથી ચાલ્યા જે શ્રીહરિ તે **ગંગાસાગર**ના સંગમને પામીને ને ત્યાં સ્નાન કરીને પછી તે સમુદ્રની ખાડીને વહાણમાં બેસીને ઊતર્યા ને **કપિલાશ્રમ**ને પામતા હવા. ને ત્યાં નિત્યે કપિલજીનાં દર્શન કરતા થકા **એક માસ** સુધી રહ્યા.

અને પછી ત્યાંથી ચાલ્યા તે **જગન્નાથપુરી** પ્રત્યે ગયા ને ત્યાં કેટલાક માસ નિવાસ કરીને પૃથ્વીના ભારરૂપ એવા જે ઘણાક અસૂર તેમને પરસ્પર વૈર કરાવીને યુદ્ધે કરીને નાશ કરાવી નાખતા હવા. પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે તે ત્યાંથી દક્ષિણ દિશા પ્રત્યે ચાલ્યા. તે આદિકૂર્મ નામે જે તીર્થક્ષેત્ર તેને પામ્યા. ને પછી ત્યાંથી મહા વનને વિષે ચાલતા થકા





**માનસપુરને** પામ્યા. અને તે પુરનો **સત્રધર્મા** નામે રાજા હતો તે પોતાનો આશ્રિત થયો ને તે રાજા દ્વારે અસુરનો પરાભવ કરાવતા હવા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે વેંકટાદ્રિને પામ્યા. ને ત્યાંથી **શિવકાંચી** ને **વિષ્ણુકાંચીને** પામ્યા. ને ત્યાંથી **શ્રીરંગક્ષેત્ર**માં જઈને બે માસ સુધી રહેતા હવા. અને ત્યાં વૈષ્ણવ સંગાથે સંવાદ કરતા થકા તેમને વિશે રહ્યો જે દુરાચાર તેનો પોતાને પ્રતાપે કરીને ત્યાગ કરાવતા હવા.

પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે **સેતુબંધ** નામે જે તીર્થ તેને પામીને ને સમુદ્રને વિષે સ્નાન કરીને નિત્યે **રામેશ્વર** મહાદેવનાં દર્શન કરતા થકા બે માસ સુધી ત્યાં રહેતા હવા.

અને પછી ત્યાંથી ચાલ્યા તે **સુંદરરાજ** નામે જે વિષ્ણુ તેના દર્શન કરીને, ત્યાંથી ચાલતા થકા માર્ગને વિષે એક ઘોર વન આવ્યું તેમાં પાંચ દિવસ સુધી ચાલ્યા, પણ કાંઈ અન્નજળને ન પામ્યા.

પછી છઠ્ઠે દિવસે મધ્યાહ્ન સમે વનમાં એક કૂપ આવ્યો તેમાંથી કમંડળુએ કરીને જળને કાઢીને સ્નાન કર્યું ને પછી વડના વૃક્ષ તળે બેસીને પોતાનો નિત્યવિધિ કરતા થકા શાલગ્રામની સેવા કરવા લાગ્યા. ત્યારે તે શાલગ્રામને પાત્રમાં મૂકીને કમંડળુની ધારે કરીને સ્નાન કરાવવા માંડ્યું. તે જેટલું પાણી રેડ્યું, તેટલું શાલગ્રામ પી ગયા. તે એમ કરતા કરતા પાંચ-સાત કમંડળું રેડ્યાં તેને પી ગયા પછી જળ પીને તૃપ્ત થયા જાણીને તે શાલગ્રામને ચંદનાદિકે કરીને પૂજતા હવા અને એમ વિચાર કરવા લાગ્યા જે 'શાલગ્રામને





આટલી તરસ લાગી ત્યારે ભૂખ પણ હશે ખરી. પણ આપણી પાસે કાંઈ નૈવેદ્ય ધર્યાનું નથી, માટે વિષ્ણુને શું જમાડીએ ?' એમ વિચાર કરે છે, તેટલામાં શિવજી ને પાર્વતી તે પોઠિયા ઉપર બેસીને કાપડીને વેષે ત્યાં આવીને પ્રથમથી જ ઊભાં હતાં. તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને એવી રીતે શાલગ્રામની પૂજા કરતા જોઈને તેને સાથવો ને મીઠું આપતાં હવાં. પછી તે સાથવાને જળમાં ચોળીને ને વિષ્ણુને નૈવેદ્ય ધરીને પોતે જમતા હવા.

અને પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જે તે **ભૂતપુરી**ને પામ્યા. ને ત્યાં રહી જે રામાનુજાચાર્યની પ્રતિમા તેનું દર્શન તથા પૂજન કરીને, ત્યાંથી **કુમારિકા** ક્ષેત્ર પ્રત્યે આવ્યા. ને ત્યાંથી **પદ્મનાભ** ગયા, ને ત્યાંથી **જનાર્દન** ગયા. ને ત્યાંથી **આદિકેશવ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને, ત્યાંથી **મલયાચલ** નામે જે કુલગિરિ તેને પામતા હવા. અને ત્યાં **સાક્ષીગોપાલ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા પાંચ દિવસ રહેતા હવા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **પંઢરપુર** ગયા ને ત્યાં વિઠ્ઠલનાથ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા બે માસ સુધી રહેતા હવા. પછી વિઠ્ઠલનાથને ભેટીને ત્યાંથી ચાલ્યા તે **દંડકારણ્યને** પામ્યા. ને તે દંડકારણ્યની પ્રદક્ષિણા કરીને **નાસિકપુર** પ્રત્યે આવ્યા. તે ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરીને તાપી નદી પ્રત્યે આવ્યા. ને ત્યાંથી ચાલ્યા તે નર્મદા નદીને ઊતરીને મહી નદીને પામ્યા. ને મહીને ઊતરીને તથા સાબરમતી નદીને ઊતરીને ને ભાલ દેશને ઉલ્લંઘીને **ભીમનાથ** આવતા હવા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જે તે **ગોપનાથ** નામે શિવજીનાં દર્શન કરીને, પંચતીર્થી કરતા કરતા, **માંગરોલ** બંદરમાં આવતા હવા.

એવી રીતે તીર્થયાત્રાને કરતા એવા જે શ્રીહરિકૃષ્ણ ભગવાન તે જે તે જે જે તીર્થમાં પોતે ગયા તે તે તીર્થને વિષે રહ્યો જે અધર્મ તેનો ઉચ્છેદ કરતા હવા ને એકાંતિક ધર્મનું સ્થાપન કરતા હવા અને તે તે તીર્થમાં રહેનારા જે

જન તેમને પોતાનાં દર્શન આપીને તથા તેમનું અન્નજળાદિક ગ્રહણ કરીને, તેમને સંસારના બંધન થકી છોડાવતા હવા.

**અને પછી ત્યાંથી ચાલ્યા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જે તે સંવત્ ૧૮૫૬ અઢારસો ને છપ્પનના શ્રાવણ વદી ૬ છઠ્યને દિવસે, લોજપુરમાં આવતા હવા** અને તે લોજપુરમાં ઉદ્ધવના અવતાર એવા જે **શ્રી રામાનંદ સ્વામી** તેના શિષ્ય જે **મુક્તાનંદ સ્વામી** આદિક સાધુ તેમને દેખતા હવા અને તેમને સાધુલક્ષણે યુક્ત એવા શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત જાણીને તે ભેળા પોતે રહેતા હવા.





અને કેટલાક માસ ત્યાં રહીને પછી ત્યાંથી તે સાધુ ભેળા ચાલ્યા તે ગિરનાર પર્વતની છાયામાં જે **પીપલાણું** ગામ તેમાં રહ્યા જે નરસિંહ મહેતા નામે બ્રાહ્મણ તેના ઘરને વિષે વિરાજમાન એવા જે શ્રી **રામાનંદ સ્વામી** તેનાં દર્શન સંવત્ ૧૮૫૬ અઢારસો ને છપ્પનના જ્યેષ્ઠ વદિ ૧૨ દ્વાદશીને દિવસ કરતા હવા. **તે સ્વામી કેવા છે ?** તો ગૌર ને પુષ્ટ છે મૂર્તિ જેની, એવા છે અને શ્વેત વસ્ત્ર પેર્યાં છે અને નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશને ધરી રહ્યા છે, એવા જે સ્વામી તેને સાષ્ટાંગ નમસ્કાર કરીને ને મળીને સ્વામીની પાસે બેસતા હવા. પછી તે સ્વામી જે તે, તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોઈને બહુ આનંદ પામતા હવા ને તેમનું જે સર્વે વૃત્તાંત તેને પૂછતા હવા.

પછી તે શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે તે પોતાનું જન્મસ્થાન, કુળ, માતા-પિતા, ગોત્ર, વેદ, પ્રવર, ગુરુ, ઈષ્ટદેવ એ સર્વેને જેમ છે તેમ કહેતા હવા.

તથા પોતાનો જે વૈરાગ્ય તથા પોતે જેમ સ્વજનનો ત્યાગ કર્યો તથા પોતે જેમ વનમાં નિવાસ કરીને રહ્યા તથા પોતે જેમ નાના પ્રકારે તપશ્ચર્યા કરી તથા પોતે જેમ અષ્ટાંગયોગ સાધ્યો તથા પોતે જેમ તીર્થયાત્રા કરી તથા તે તીર્થમાં રહેનારા જે પાખંડી ગુરુ તેનો પોતે જેમ પરાજય કર્યો એ આદિક જે સર્વ પોતાનું વૃત્તાંત, તેને અનુક્રમે કરીને વિસ્તારે સહિત કહેતા હવા. ત્યારે તે વાર્તાને સાંભળીને, સ્વામી જે તે અતિશય પ્રસન્ન થયા. ને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે 'હે બ્રહ્મચારી ! તમે તો અમારા છો, કેમ જે તમારા પિતા જે ધર્મ તે પ્રથમ પ્રયાગક્ષેત્રને વિષે અમારા થકી જ ભાગવતી દીક્ષાને પામ્યા હતા, ને અમારી આજ્ઞાએ કરીને મુમુક્ષુજનને ધર્મ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા થકા કોસલ દેશમાં રહ્યા હતા. તે ધર્મના તમે પુત્ર છો ને ગુણે કરીને તો તમારા પિતા થકી પણ અધિક છો.' એવી રીતનાં જે સ્વામીનાં વચન તેને સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે તે અતિશય પ્રસન્ન થયા થકા, તે સ્વામી પાસે રહેતા હવા.

પછી સંવત્ ૧૮૫૭ અઢારસો ને સત્તાવનના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ તે સ્વામી થકી **ભાગવતી દીક્ષાનું** ગ્રહણ કરતા હવા. ત્યારે તે સ્વામીએ '**સહજાનંદ**' એવું પોતાનું નામ ધર્યું તથા બીજું '**નારાયણમુનિ**'



એવું નામ ધર્યું. પછી પોતે અતિશય પ્રીતિએ કરીને તે સ્વામીને સેવતા હવા. પછી તે સ્વામી જે તે સર્વ સાધુગુણે સંપન્ન ને અતિ સમર્થ એવા જે નારાયણમુનિ તેને જોઈને અને **પોતાની જે ધર્મધુરા તે નારાયણમુનિને સોંપીને,** પોતે સંવત્ ૧૮૫૮ અઢારસો અઠ્ઠાવનના માગશર સુદિ તેરશને દિવસે દેહત્યાગ કરીને, પાછા બદરિકાશ્રમને વિષે જતા હવા ને દુર્વાસાના શાપ થકી મુકાતા હવા.

**પછી શ્રીસહજાનંદ સ્વામી જે તે પોતાના ગુરુની જે દેહક્રિયા તેને યથાવિધિ કરીને, ને ધર્મધુરાને ઉપાડી લેતા હવા.** અને શ્રી રામાનંદ સ્વામીના આશ્રિત જે સાધુ, બ્રહ્મચારી ને ગૃહસ્થ હતા, તેમની સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા હવા. અને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને, પોતાને વિષે તેમના ચિત્તને તાણી લેતા હવા. તે વાર પછી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ જે તે પોતાના શિષ્ય જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા કેટલાક ગૃહસ્થ સત્સંગી તેમણે વીંટાણા થકા સોરઠ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, કાઠિયાવાડ, ભાલ, ગુજરાત એ આદિક જે સર્વે દેશ તેમને વિષે પોતાના પ્રતાપને વિસ્તારતા થકા ને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત જે ભક્તિ તેને પ્રવર્તાવતા થકા ને અધર્મનો ઉચ્છેદ કરતા થકા ને અધર્મી એવા જે પાખંડી અસુરાંશ ગુરુ તેમનો પરાભવ કરતા થકા વિચરતા હવા.

અને શ્રીજી મહારાજ જે તે, જે જે દેશને વિષે વિચર્યા તે તે દેશના જે જન તે શ્રીજી મહારાજના અલૌકિક ઐશ્વર્યને જોઈને, ઘણાક આશ્રિત થતા હવા, ને શ્રીજી મહારાજનું પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા.

પછી શ્રીજી મહારાજ જે તે તેમના ઉત્સાહને અર્થે ને તેમની બુદ્ધિની દૃઢતાને અર્થે પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિએ કરીને દેખાડતા હવા. તેમાં કેટલાક મનુષ્યને તો **ગોલોકને** મધ્યે જે **અક્ષરધામ** તેને વિષે લક્ષ્મી, રાધિકા અને શ્રીદામાદિક પાર્ષદે સહિત **શ્રીકૃષ્ણ રૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો **વૈકુંઠલોકને** વિષે લક્ષ્મી ને નંદસુનંદાદિક પાર્ષદે



સહિત વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો **શ્વેતદ્વીપ**ને વિષે નિરન્નમુક્તે સહિત **મહાપુરુષરૂપે** પોતાનું દર્શન દેતા હવા અને કેટલાકને તો **અવ્યાકૃત ધામને** વિશે લક્ષ્મી આદિક શક્તિઓ અને પાર્ષદે સહિત **ભૂમાપુરુષરૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો **બદરિકાશ્રમને વિષે** મુનિએ સહિત **નરનારાયણરૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો ક્ષીરસમુદ્રને વિષે લક્ષ્મી ને શેષનાગે સહિત **યોગેશ્વરરૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો સૂર્યના મંડળને વિષે **હિરણ્યમય પુરુષરૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો અગ્નિમંડળને વિષે **યજ્ઞપુરુષરૂપે** પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો પ્રણવના જે નાદ તેને તત્કાળ સંભળાવતા હવા. અને કેટલાકને તો કોટિ કોટિ સૂર્ય સરખું જે પોતાનું **તેજ** તેને દેખાડતા હવા. અને કેટલાકને તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું, ને દૃષ્ટા છે નામ જેનું એવું જે **બ્રહ્મ,** તે રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસૂક્તને વિષે કહ્યા એવા જે **વિરાટ પુરુષ** તે રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો ભૂગોળ અને ખગોળ વિષે રહ્યાં જે દેવતાનાં સ્થાનક ને ઐશ્વર્ય

તેને દેખાડતા હવા. અને કેટલાકને તો આધારાદિક જે **ષટ્ચક્ર** તેને વિષે રહ્યા એવા જે **ગણેશ** આદિ દેવતા તેમને પૃથક પૃથક દેખાડતા હવા.

અને ક્યારેક તો સોએ સો ગાઉને છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષ પ્રમાણ પોતાનું દર્શન દેતા હવા. અને ક્યારેક તો છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમણે પોતાના ઘરને વિષે શ્રીજી મહારાજની પ્રતિમાને આગળ ધર્યું ને નૈવેદ્ય તેને પોતે પોતાના ભક્તને વિસ્મય પમાડતા થકા જમતા હવા. અને ક્યારેક તો દેહને ત્યાગ કરતા એવા જે પોતાના ભક્ત તેમને પોતાના ધામ પ્રત્યે લઈ જવાને ઈચ્છતા થકા, ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિષે રહ્યા એવા જે બીજા ભક્ત અથવા અભક્ત તેમને પણ પોતાનું સાક્ષાત્ દર્શન દેતા હવા. એવી રીતે મુમુક્ષુ અથવા મુમુક્ષુ નહિ એવા જે જન તેમને પોતાનાં અલૌકિક ઐશ્વર્યને દેખાડતા એવા જે શ્રીસહજાનંદજી મહારાજ, તેને જોઈને અતિશય વિસ્મયને પામ્યા એવા જે હજારો મનુષ્ય તે પોતપોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને, ને શ્રીજી મહારાજનો અનન્ય આશ્રય કરીને પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા.

**પછી ઘણાક જે મતવાદી** તે શ્રીજી મહારાજ સંઘાથે વિવાદ કરવા આવ્યા પણ વાદે કરીને શ્રીજી મહારાજને જીતવાને કાજે કોઈ સમર્થ ન થયા. પછી તે સર્વે મતવાદી જે તે શ્રીજી મહારાજના અલૌક્કિ ઐશ્વર્ય પ્રતાપને દેખીને નમસ્કાર કરીને બોલ્યા જે 'હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો, માટે અમારા જે જે ઈષ્ટદેવ છે તેનાં દર્શન અમને કૃપા કરીને કરાવો.' એવી રીતે જે તેમનું પ્રાર્થનાવચન તેને સાંભળીને તે સર્વેને બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને **તત્કાળ સમાધિ કરાવતા હવા.** પછી તે સર્વે જે તે શ્રીજી મહારાજને દર્શન માત્રે કરીને ખેંચાઈ ગયાં છે નાડી પ્રાણ જેમનાં એવા થકા, પોતપોતાના હૃદયને વિષે પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીજી મહરાજને દેખતા હવા. તેમાં જે વલ્લભકુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા તથા નિંબાર્ક સંપ્રદાયના હતા તથા માધ્વી સંપ્રદાયના હતા એ ત્રણ તો ગોપીના ગણે

વીંટાણા ને વૃંદાવનને વિષે રહ્યા ને બાળલીલાએ કરીને મનોહરમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે રૂપે દેખતા હવા. અને જે **રામાનુજ સંપ્રદાય**ના હતા તે તો નંદ, સુનંદ, વિશ્વક્સેન ને ગરુડાદિક પાર્ષદે સહિત **લક્ષ્મીનારાયણરૂપે** દેખતા હવા. અને જે **રામાનંદી** હતા તે તો સીતા, લક્ષ્મણ ને હનુમાને યુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રીરામચંદ્રજી તે રૂપે દેખતા હવા. અને જે **શંકરાચાર્યના મતવાળા** હતા તે તો બ્રહ્મજ્યોતિરૂપે દેખતા હવા અને જે શૈવી હતા તે તો પાર્વતી ને પ્રમથગણે સહિત જે શિવજી તે રૂપે દેખતા હવા. અને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળને વિષે રહ્યા જે **હિરણ્યમય પુરુષ** તે રૂપે દેખતા હવા. અને જે ગણપતિના ઉપાસક હતા તે તો મહાગણપતિરૂપે દેખતા હવા. અને જે દેવીના ઉપાસક હતા તે તો દેવીરૂપે દેખતા હવા. અને જૈન હતા તે તો **તીર્થંકરરૂપે** દેખતા હવા. અને જે યવન હતા તે તો **પયગંબરરૂપે** દેખતા હવા. એવી રીતે સમાધિએ કરીને પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીજી મહારાજને જોઈને ને સર્વના કારણ જાણીને, ને પોતપોતાના મતનો ત્યાગ કરીને, **શ્રીજી મહારાજનો દૃઢ આશ્રય કરતા હવા ને પ્રકટ પ્રમાણ ભજન કરતા હવા.** એવી રીતે શ્રીસહજાનંદજી મહારાજ જે તે પોતાને પ્રતાપે કરીને જીવનું જે મૂળ અજ્ઞાન, તેનો નાશ કરતા થકા પૃથ્વીને વિષે નાશ પામ્યો એવો જે એકાંતિક ધર્મ તેનું રૂડા પ્રકારે સ્થાપન કરતા હવા.

અને વળી ધનાઢ્ય એવા જે પોતાના ભક્ત ગૃહસ્થ સત્સંગી તે પાસે ઘણાંક અન્નસત્ર કરાવતા હવા, તથા હિંસાએ રહિત એવા જે વિષ્ણુયાગ, મહારુદ્ર ને અતિરુદ્રાદિક યજ્ઞ તેને કરાવતા હવા. અને તે યજ્ઞને વિષે હજારો બ્રાહ્મણને મિષ્ટાન્ને કરીને તૃપ્ત કરાવતા હવા અને તે બ્રાહ્મણોને બહુ પ્રકારનાં દાન દેવાડતા હવા અને સાધુ, બ્રાહ્મણ ને દેવતા તેમનું જે પૂજન તથા ભોજને કરીને તૃપ્તિ તેને વારંવાર કરાવતા હવા. તથા અધર્મ ને પાખંડ તેનો વારંવાર ઉચ્છેદ કરતા હવા. અને શ્રીજી મહારાજ પોતે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં રહ્યા જે પોતાનાં ભક્તજન તેમની આગળ વર્ણાશ્રમનો ધર્મ તથા આત્મજ્ઞાન




તથા વૈરાગ્ય તથા પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા પોતાના માહાત્મ્યે સહિત ભક્તિ એમના જે બહુ પ્રકારના ભેદ તેમને વિસ્તારે કરીને યથાર્થપણે કહેતા હવા. એવી રીતે નિત્ય પ્રત્યે પોતાના ભક્તજનને આનંદ પમાડતા એવા જે શ્રીજી મહારાજ તે જે તે શ્રીગઢડા નગરને વિષે પોતાના ભક્ત એવા જે અભય નામે રાજા ને તેની પુત્રીઓ ને તેનો પુત્ર એ સર્વેની ભક્તિને વશ થઈને એમને ઘેર પોતે નિવાસ કરી રહેતા હવા.

અને ત્યાં રહ્યા થકા જન્માષ્ટમી, રામનવમી, પ્રબોધિની એકાદશી, હુતાશની અને અન્નકૂટ એ આદિક જે ઉત્સવના દિવસ તેને વિષે ભારે ભારે સામગ્રીઓ મંગાવીને, મોટા ઉત્સવ કરાવતા હવા. અને તે ઉત્સવને વિષે પરમહંસ તથા બ્રહ્મચારી તથા દેશવિદેશના જે હરિભક્ત સત્સંગી, તે શ્રીજી મહારાજના દર્શન કરવાને અર્થે વારંવાર આવતા હવા. અને નાનાં પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પ એ આદિક જે પૂજાની સામગ્રીઓ તેણે કરીને શ્રીજી મહારાજને પૂજતા હવા. અને તે ઉત્સવને વિષે શ્રીજી મહારાજ જે તે નાના પ્રકારની ભોજન સામગ્રીઓ કરાવીને હજારો સાધુને તથા બ્રાહ્મણને ઘણાક પ્રકારે વારંવાર તૃપ્ત કરતા હવા.


**એવા જે શ્રીસહજાનંદ સ્વામી મહારાજ તેની મૂર્તિનાં જે ચિહ્ન તે પ્રથમ લખીએ છીએ.**


શ્રીજી મહારાજનાં બે ચરણારવિંદનાં તળામાં **ઊર્ધ્વરેખા**[૪] છે. તે કેવી છે ? તો અંગૂઠાની પાસેની જે આંગળીઓ તેની બેય કોરે નીકળી છે ને પાનીને બેય કોરે નીકળી છે. અને જમણા પગના અંગૂઠાના થડમાં ઊર્ધ્વરેખાને મળતું **જવ**[૧]નું ચિહ્ન છે. અને તે જમણા પગના તળામાં ઊર્ધ્વરેખાની બેય કોરે **કમળ**[૬], **અંકુશ**[૭], **ધ્વજ**[૫], **અષ્ટકોણ**[૮], **વજ્ર**[૨], **સ્વસ્તિક**[૯], **જાંબુફળ**[૩] એમનાં ચિહ્ન છે. અને જમણા પગના અંગૂઠાના નખમાં એક ઊભી **રાતી રેખાનું** ચિહ્ન[૨૦] છે. ને એ જ **અંગૂઠાને બાહેરલે પડખે** એક તિલ[૧૯] છે. અને એ અંગૂઠાની પાસેની જે આંગળી તેનું જે અંગૂઠાની કોરનું પડખું તેમાં એક તિલ[૨૧] છે. અને **જમણા પગની છેલી આંગળીના** બાહેરના પડખામાં નખની પાસે એક તિલ[૨૩] છે. અને ડાબા પગની ઊર્ધ્વરેખાની ડાબી કોરે શ્યામ એવાં બે ચિહ્ન[૧૭-૧૮] પાસે પાસે છે. અને વળી એ ઊર્ધ્વરેખાને મળતું જ ફણાના થડમાં એક **વ્યોમ**[૧૪]નું ચિહ્ન છે. અને ડાબા પગના તળામાં ઊર્ધ્વરેખાને બે કોરે **ધનુષ**[૧૨], **કળશ**[૧૬], **મત્સ્ય**[૧૦], **ત્રિકોણ**[૧૧], **ગોપદ**[૧૩], **અર્ધચંદ્ર**[૧૫] એમનાં ચિહ્ન છે. અને બે પગનાં તળાં રક્ત છે. ને બે પગના અંગૂઠા ને આંગળીઓના જે નખ[૨૨,૨૭] તે રક્ત છે ને ઊપડતા છે ને તેજસ્વી છે. અને બે પગના અંગૂઠા ને આંગળીઓની ઉપર ઝીણાં ઝીણાં ને કોમળ એવાં રોમનાં ચિહ્ન[૨૪,૨૬] છે અને બે પગના અંગૂઠા અને તેની પાસેની બે આંગળીઓ તે ઉપર ચાખડીના ઘસારાનાં ચિહ્ન[૨૫,૨૮] છે અને બે પગની જે બાહેરની ઘૂંટીઓ ને તેથી હેઠે આસનના ઘસારાનાં ચિહ્ન[૨૯,૩૩] છે.



અને જમણા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક નાનો તિલ[૩૪] છે. અને એ પગના સાથળને બહારલી કોરે એક મોટું ચિહ્‌ન[૩૫] છે. અને ડાબા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક મોટો તિલ[૩૦] છે ને તેથી ઉપર પાસે જ એક નાનો તિલ[૩૧] છે. અને એ પગના ઢીંચણને બાહેરલે પડખે એક ચિહ્‌ન[૩૨] છે. અને કટિ ભાગને વિષે બે કોરે ધોતિયું પહેર્યાના ઘસારાનાં શ્યામ ચિહ્‌ન[૩૬-૩૭] છે. અને સદા શીતળ એવું જે ઉદર તે ઉપર ત્રિવળી પડે છે[૪૦] અને ઊંડી ને ગોળ એવી જે નાભિ તેની બે કોરે તિલ છે. તેમાં જમણી કોરે તો નાભિના કાંઠા[૩૮] ઉપર છે ને ડાબી કોરે[૩૯] તો નાભિથી જરાક છેટે છે. અને **જમણી કુખમાં** એક મોટો તિલ[૪૫] છે ને તેની પાસે બીજો નાનો તિલ[૪૬] છે. અને **નાભિથી ઉપર** બે તસુને છેટે ત્રણ તિલ[૪૧-૪૩]છે તેમાં બે નળીની ઉપર એક એક છે ને એક વચ્ચે છે. અને તે વચલા તિલથી બે તસુ ઉપર એક તિલ[૪૪] છે અને **ડાબા પડખે** કૂખથી ઊંચે ને બગલથી હેઠે મોટા ચાર[૫૧-૫૪] તિલની એક ઊભી હાર છે. અને તેની પાસે બહારની કોરે એક બીજી નાના ચાર તિલની[૫૫-૫૮] ઊભી હાર છે. અને હૃદયને વિષે રોમનું **શ્રીવત્સ**[૬૨] ચિહ્‌ન છે. અને છાતીની વચ્ચે **અર્ધચંદ્રને**[૬૩] આકારે પાંચ તસુ પહોળું ને જરાક રાતું એવું એક મોટું ચિહ્‌ન છે, તે જમણી કોરે કાંઈક વિશેષ ચઢતું છે. અને એ ચિહ્‌નને વચ્ચે જરાક ડાબી કોરે એક મોટો તિલ[૬૪] છે અને એ તિલથી ડાબી કોરે બે આંગળને છેટે એક તિલ[૬૫] છે ને તેથી ડાબી કોરે બે તસુને છેટે **ડાબા સ્તનથી ઉપર** એક તિલ[૬૬] છે. અને બે સ્તનથી ઉપર બે છાપનાં ચિહ્‌ન[૬૭-૬૮] છે. (ડાબી ભુજાની માહિલીકોરે ઊભી ઓળે ત્રણ તિલ[૫૯-૬૧]ની ઊભી હાર છે.)

અને **જમણી ભુજાની પાસે** માંહેલી કોરે ઊભી ઓળ્યે ચાર તિલ[૪૭-૫૦] છે અને **જમણી ભુજામાં મૂળથી** ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્‌ન[૬૯] છે. ને તે **છાપનાં ચિહ્‌નને પડખે** બાહેરલી કોરે નાના ચાર તિલ[૭૦-૭૩] છે. **અને જમણી**


૧૦૨
૯૯-૧૦૦
૧૦૧
૯૭-૯૮
૯૩-૯૪
૯૫
૯૨
૯૦
૯૬
૯૧
૮૮-૮૯
૮૦
૬૪ થી ૬૬
૭૭
૬૩
૬૯
૬૮
૭૦ થી ૭૩
૭૯
૫૯ થી ૬૧
૭૪
૮૧
૪૭ થી ૫૦
૬૭
૬૨
૫૧ થી ૫૪
૫૫ થી ૫૮
૪૪
૪૧-૪૩
૪૫-૪૬
૪૦
૩૬-૩૭
(બંને બાજુના)
૩૮-૩૯
૩૫
૩૨
૩૪
૩૦-૩૧
(બંને ચરણ)
૨૫,૨૮
૨૪,૨૬
(બંને ચરણ)
૨૩
૨૧
૨૦
૧૯
૨૨,૨૭
(બંને ચરણના નખ)




નંદસંતોએ પ્રમાણ્યા મુજબ
શ્રીજી મહારાજની મૂર્તિની
ઉંચાઈ સવા ચોસઠ તસુ
એટલે કે ૬૪.૨૫ ઈંચ
મૂર્તિમાં તિલ ૬૩ અને ચિહ્ન
પર(બાવન) આવેલા છે.

**કૂણીથી હેઠા** ને કાંડાથી ઊંચા બે તિલ[૭૫-૭૬] છે. અને **જમણા હાથની ટચલી આંગળીના મૂળથી ઉપર** અર્ધા આંગળને છેટે એક નાનો તિલ[૮૨] છે. અને **ડાબી ભુજાના મૂળથી ત્રણ તસુ હેઠું** એક છાપનું ચિહ્ન[૭૯] છે. અને **ડાબી કૂણીથી બે તસુ હેઠો** હાથને ઉપલે ભાગે એક તિલ[૮૩] છે. અને **ડાબા હાથના અંગૂઠા પાસેની જે આંગળી તથા વચલી આંગળી** એ બેની વચ્ચે એક તિલ[૮૫] છે. અને **એ અંગૂઠા પાસેની આંગળીના નખની પાસે** માંહેલી કોરે એક નાનો તિલ[૮૬] છે. અને **ડાબા હાથના પોંચા ઉપર** એક તિલ[૮૪] છે. અને બે હાથના જે નખ[૭૮-૮૭] તે રક્ત છે ને ઊપડતા છે ને તેજસ્વી છે. ને તે નખના જે અગ્રભાગ તે અતિ તીક્ષ્ણ છે. અને બે હાથનાં જે તળાં તે રક્ત છે ને તે તળામાં જે રેખાઓ તે થોડી થોડી શ્યામ[૭૭-૮૦] જણાય છે. અને **બે હથેળીનાં મૂળથી ઉપર આઠ તસુ ઊંચા બે છાપનાં ચિહ્ન[૭૪-૮૧] છે**. અને બે કૂણી શ્યામ છે. **અને કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે**[૮૮] ને એ તિલથી જરાક છેટે એક નાનો તિલ[૮૯] છે અને દાઢીથી હેઠો એક તિલ[૯૦] છે અને **ડાબા ખભાથી બે આંગળ હેઠો વાંસામાં** એક રોમે સહિત એક મોટો[૧૦૭] તિલ છે. ને એ તિલથી હેઠો એક તિલ[૧૦૮] છે ને તેથી હેઠો બીજો તિલ[૧૦૯] છે અને કરોડની ડાબી કોરે ડોકથી બે તસુ હેઠો એક તિલ[૧૧૦] છે. અને જમણી ખરપડી ઉપર એક નાનો તિલ[૧૧૧] છે. અને કરોડથી **જમણી કોરે વાંસાની મધ્યે** ચાર તિલ[૧૧૨-૧૧૫] છે. અને નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ[૯૩] છે અને એ તિલથી ઊંચો ને આંખના ખૂણાથી હેઠો પાસે જ એક નાનો તિલ[૯૪] છે, અને બે નેત્રની જે હેઠલી ને ઉપલી પાંપણ્યો તેથી ઉપર ને હેઠે ઝીણી ઝીણી કરચલીઓ[૯૭-૯૮] પડે છે. અને નાસિકાને ઉપર શીળીનાં ચાઠાનાં ઝીણાં ઝીણાં ચિહ્ન[૯૧] છે. અને મુખમાં જમણી કોરે હેઠલી જે પ્રથમની ડાઢ્ય તેમાં શ્યામ ચિહ્ન[૯૨] છે. અને **જિહ્વા** તે કમળના પત્ર સરખી રક્ત છે. અને **ડાબા કાનને માંહેલી કોરે** શ્યામ બિંદુનું ચિહ્ન[૯૬] છે.

અને વિશાળ ને ઊપડતું એવું જે લલાટ તેને વિષે તિલકને આકારે

ઊભી બે રેખા[૯૯,૧૦૦] છે. અને વળી લલાટને વિષે જમણી કોરે કેશથી હેઠું એક ચિહ્ન[૧૦૧] છે. અને **જમણા કાનની બૂટી ઉપર** એક નાનો તિલ[૯૫] છે. અને તાળવાની ઉપર એક મોટો તિલ[૧૦૨] છે. અને શિખાથી આગળ સમીપે એક તિલ[૧૦૩] છે અને **શિખાથી પછવાડે** જમણી કોરે ત્રણ તિલ[૧૦૪-૧૦૬] છે. અને એ વિના બીજા પણ ઝીણા ઝીણા તિલ તે શરીરમાં કેટલાક છે. અને શ્રીજી મહારાજની જે મૂર્તિ તે અતિશય રૂપ ને સુંદરતા ને મધુરતા તેણે યુક્ત છે. અને તે મૂર્તિ પુષ્ટ છે ને અતિશય શોભાયમાન છે. અને તે મૂર્તિના દર્શનને કરનારા જે ભક્તજન તેમનાં મનને ને નેત્રને હરી લે એવી તે મૂર્તિ છે. અને તે મૂર્તિ ઘનશ્યામ છે ને શાંત સ્વભાવે યુક્ત છે. અને **દુર્ગપત્તનને વિષે શ્રી ગોપીનાથજીની મૂર્તિ જેટલી ઊંચી છે** તેટલી જ શ્રીજી મહારાજની મૂર્તિ ઊંચી છે અને શ્રીજી મહારાજની મૂર્તિનાં જે કર, ચરણ આદિક સર્વે અંગ તે સામુદ્રિક શાસ્ત્રમાં જેવાં કહ્યાં છે તેવાં છે. આવી રીતે શ્રીજી મહારાજની મૂર્તિનાં જે ચિહ્ન તે પોતાની સ્મૃતિને અનુસારે લખ્યાં છે.

**હવે શ્રીજી મહારાજની જે સ્વાભાવિક ચેષ્ટા તે લખીએ છીએ;**


શ્રીજી મહારાજને નિત્ય પ્રત્યે પાછલી ચાર ઘડી અથવા ત્રણ ઘડી રાત્રિ રહે ત્યારે ઊઠીને દાતણ કરવાનો સ્વભાવ છે. અને તે પછી **સ્નાન કરીને** ને ધોયેલું જે કોરું સૂક્ષ્મ વસ્ત્ર તેણે કરીને શરીરને લૂઈને પછી ઊભા થઈને પહેરવાનાં વસ્ત્રને **બે સાથળ વચ્ચે ભેળું કરીને તેને બે હાથે કરીને નિચોવીને** પછી સાથળ ને પગને લુઈને પછી ધોયેલું સૂક્ષ્મ ઘાટું જે શ્વેત વસ્ત્ર તેને સારી પેઠે





તાણીને પહેરે છે. અને શ્વેત વસ્ત્ર પહેરવાની છે રુચિ જેને એવા જે શ્રીજી મહારાજ તે પછી બીજું ધોયેલું સૂક્ષ્મ શ્વેત વસ્ત્ર ઓઢીને ચાખડી ઉપર ચઢીને પોતાનો નિત્યવિધિ કરીને જમવા પધારે છે. અને પવિત્ર એવું જે જમવા બેસવાનું સ્થાનક ત્યાં જઈને આસન પર બેસે છે. અને જમવા બેસે ત્યારે ઓઢવાના વસ્ત્રને કાનને પછવાડે રાખીને **કાનને ઉઘાડા રાખીને જમવા બેસે** છે. અને જમવા બેસે ત્યારે ઉગમણું અથવા ઉત્તરાદું મુખ રાખીને અને ડાબા પગની પલાંઠી વાળીને ને જમણો પગ ઊભો રાખીને ને તે ઉપર જમણા હાથની કૂણી રાખીને જમે છે. અને જમતાં જમતાં વારંવાર પાણી પીવાનો સ્વભાવ છે અને જમતા જમતા પોતાને જે જમ્યાની જણસ સારી સ્વાદુ જણાય તે બીજા કોઈક શ્રેષ્ઠ હરિભક્ત પોતાને મનગમતા હોય તેને અપાવે છે. અને જમતા થકા ઓડકાર ખાઈને પેટ ઉપર હાથ ફેરવવાનો સ્વભાવ છે. અને ક્યારેક તો કોઈક ભક્તજનની ઉપર પ્રસન્ન થયા થકા પોતાની પ્રસાદીનો થાળ તેને આપે છે અથવા અપાવે છે. અને સાધુને પીરસવું હોય ત્યારે ડાબે ખભે ખેસને નાખીને અને તે **ખેસના છેડાને કેડ સંઘાથે તાણી બાંધીને પીરસે છે**. અને પીરસે ત્યારે લાડુ, જલેબી આદિક જે જમ્યાની જણસો તેનું વારંવાર નામ લેતા થકા પંક્તિમાં વારંવાર ફરે છે અને સાધુ-હરિભક્તને જમાડવામાં તથા પીરસવામાં પોતાને જે શ્રદ્ધા, આદર અને પ્રસન્નતા તે ઘણી છે.

અને શ્રીજી મહારાજ ક્યારેક તો વર્ષાઋતુ તથા શરદઋતુને વિષે દુર્ગપત્તનને સમીપે ઘેલા નદીનું નિર્મળ જળ જાણીને સાધુ તથા સત્સંગી સહિત





નાવા પધારે છે. અને તે નદીના જળને વખાણતા થકા પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા તે ભક્તજન ભેળા બહુ પ્રકારે જળક્રીડા કરે છે. અને જળમાં ડૂબકી મારે છે ત્યારે પોતાના કાન, નેત્ર અને નાક તેને બે હાથના અંગૂઠા ને આંગળીએ કરીને દબાવે છે તથા ડૂબકી મારીને ઝાઝીવાર પછી નીકળે છે, ત્યારે પોતાના મુખારવિંદ ઉપર જમણા હાથને ફેરવીને કોગળા કરવાનો સ્વભાવ છે. અને ક્યારેક તો નદીના પ્રવાહને મધ્યે ઊભા રહ્યા થકા **સાધુની પાસે તાળી વજાડીને કીર્તન ગવરાવે છે** ને પોતે પણ તે ભેળા તાળી વજાડતા થકા ઉત્સાહે સહિત કીર્તન ગાય છે. અને જળમાં સ્નાન કરવા પેસે છે તથા સ્નાન કરીને નીસરે છે ત્યારે પોતાને પ્રિય એવો કોઈક ભક્તજન બળવાન હોય તેના હાથને પોતાના હાથે કરીને ઝાલે છે અને પોતાને દર્શને કરીને હર્ષેયુક્ત છે મુખ જેનાં એવા જે પોતાના ભક્તજન તેમણે સહિત નદીનાં જળથી બાહેર નીસરીને નદીનાં કાંઠાને વિષે ઊભા રહ્યા થકા, પ્રથમની પેઠે પહેરેલાં વસ્ત્રને નીચોવીને, ને શરીરને લુઈને, ધોળો ખેસ સારી પેઠે તાણીને પહેરે છે. ને પછી ધોળો ફેટોં માથે બાંધે છે. અને માથે ફેટોં બાંધે છે ત્યારે ફેંટાના છેડાનું છોગલું મૂકીને બાંધે છે. તથા ફેંટાના એક આંટાનો પેચ ભ્રકુટીની પાંપણ ઉપર લાવીને બાંધે છે. અને તે પછી ધોળા ખેસને ડાબે ખભે નાખીને ને તે ખેસના છેડાને કેડ્ય સંઘાથે તાણી બાંધીને પછી સુંદર ભારે ઘોડી ઉપર અથવા **ઘોડા ઉપર અસવાર થઈને** હજારો જે પોતાના ભક્તજન તેમણે ચારેકોરે વીંટાણા થકા પોતાનાં દર્શનને કરતા જે ભક્તજન તેમનાં નેત્રને આનંદ ઉપજાવતા થકા





તે પોતાને ઉતારે પધારે છે.

અને શ્રીજી મહારાજ પોતે ચાલે છે ત્યારે ધોળી પછેડીને અથવા ધોળા ખેસને ડાબા ખભા ઉપર આડસોડે નાખીને જમણા હાથને હલાવતા થકા ચાલે છે. અને ક્યારેક રૂમાલે યુકત જે જમણો હાથ તેને હલાવતા થકા ચાલે છે. અને ક્યારેક તો ડાબા હાથને કેડ્ય ઉપર મૂકીને ને જમણા હાથમાં રૂમાલને લઈને તે **જમણા હાથને હલાવતા હલાવતા ચાલે છે.** અને શ્રીજી મહારાજને સહેજે ઉતાવળું ચાલવાનો સ્વભાવ છે. અને પોતે ચાલે છે ત્યારે પોતાની કેડે ચાલતા જે ભક્તજન તે દોડે ત્યારે માંડમાંડ ભેળે ચાલી શકે એવી રીતે ઉતાવળા ચાલે છે. અને જ્યારે પોતે ચાખડી પહેરીને ચાલે છે ત્યારે ચાખડીના ચટચટ શબ્દ થાય છે. અને ક્યારેક તો પોતે કાંઈક કાર્ય કરવાને તત્પર થયા થકા ઊભા હોય તથા ધીરે ધીરે ચાલતા હોય ત્યારે પોતાના જમણા હાથની મૂઠી વાળીને પોતાના જમણા સાથળમાં ધીરે ધીરે મારવાનો સ્વભાવ છે. અને ક્યારેક તો ઘણાંક માણસની ભીડ થાય છે ને રજ ઊડે ત્યારે પોતાની નાસિકા ને મુખારવિંદ તેને આડો રૂમાલ દે છે.

અને ક્યારેક તો પોતે ઢોલિયા ઉપર બેસે છે, ને ક્યારેક તો ઓછાડે સહિત ગોદડું પાથર્યું હોય તે ઉપર બેસે છે, **ને ક્યારેક તો ગાદી ઉપર બેસે છે,** ને ક્યારેક તો ચાકળા ઉપર બેસે છે, ને ક્યારેક તો ઢોલિયા ઉપર તકિયો પડ્યો હોય તે ઉપર બેસે છે. અને બેસે ત્યારે ક્યારેક તો પલાંઠી વાળીને બેસે છે, ને ક્યારેક તો વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને બેસે છે. અને જ્યારે જ્યારે બેસે ત્યારે બહુધા તો તકિયાનું ઉઠીંગણ કરીને બેસે છે. અને ક્યારેક તો પોતે ઢોલિયા





ઉપર અથવા આસન ઉપર બેઠા થકા તકિયાનું ઉઠીંગણ કરીને ને પોતાના પગને લાબાં કરીને ને પગ ઉપર પગને મૂકીને બેસવાનો સ્વભાવ છે. અને ક્યારેક તો પોતે બેઠા થકા ડાબા ચરણારવિંદની ઊર્ધ્વરેખા ઉપર પોતાના જમણા હાથની આંગળીને ઊભી ફેરવે છે. અને ક્યારેક તો પોતાની જીભને એક કોરના દાંત તળે દબાવીને બેસવું એવો સહજ સ્વભાવ છે અને ક્યારેક તો પોતે બેઠા થકા પોતાની ડોકને બે પાસે મરોડીને કડાકા વગાડે છે. અને ક્યારેક તો પોતાના ભક્તજનની પાસે પોતાના વાંસાને દબાવે છે ત્યારે હઈયાની તળે તકિયો રાખીને દબાવે છે.

અને શ્રીજી મહારાજ જ્યાં જ્યાં સહેજે બેઠા હોય ત્યારે તુલસીની માળાને ફેરવે છે અને ક્યારેક તો રમતની પેઠે તે માળાને બેવડી કરીને બે બે મણકા ભેળા ફેરવે છે. અને ક્યારેક તો વાર્તા કરતા થકા તે માળાને ભેળી કરીને બે હાથના તળા વચ્ચે રાખીને ઘસે છે. અને ક્યારેક તો માળા ન હોય ત્યારે પોતાની હાથની આંગળીના પર્વને ગણે છે. અને ક્યારેક તો નેત્રકમળને મીંચીને ધ્યાન કરતા થકા બેસે છે. અને ક્યારેક તો નેત્રકમળને **ઉઘાડા રાખીને ધ્યાન કરતા થકા બેસે છે.** અને ક્યારેક તો ધ્યાન કરતા થકા ચમકીને જાગે છે. અને ક્યારેક તો પોતાની આગળ સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હોય ત્યારે પોતે ધ્યાન કરીને બેસે છે. અને **ક્યારેક તો ચપટી વગાડતા થકા** તે સાધુ ભેળા ગાવા લાગે છે અને ક્યારેક તો સાધુ તાળી વજાડીને કીર્તન ગાતા હોય તે ભેળા પોતે તાળી વજાડીને કીર્તન ગાય છે. અને ક્યારેક તો પોતાની આગળ વાજિંત્ર વજાડીને સાધુ કીર્તન ગાતા હોય તથા પોતાની આગળ કથા વંચાતી





હોય તથા પોતે પોતાના ભક્તજનની આગળ વાર્તા કરતા હોય ત્યારે ખસીને તેમને સમીપે જાય છે અને કથા વંચાવતા હોય ત્યારે વારંવાર 'હરે' એવા શબ્દનું ઉચ્ચારણ કરે છે અને બીજી જે જે ક્રિયા કરતા હોય તેને વિષે પણ તે કથાને ભાને કરીને ક્યારેક તો અચાનક 'હરે' એવા શબ્દનું ઉચ્ચારણ કરે છે. ને તેની સ્મૃતિ થાય છે ત્યારે પોતા પાસે જે ભક્તજન બેઠા હોય તેમની સામું જોઈને મંદમંદ હસે છે.

અને ક્યારેક તો પોતે રાજીપામાં વાર્તા કરતા હોય અથવા કથા કરાવતા હોય અથવા કીર્તન ગવરાવતા હોય અથવા કાંઈક વિચારમાં બેઠા હોય ને તે વચમાં કોઈક જમ્યાનું પૂછવા આવે અથવા કોઈક પૂજા કરવા આવે અથવા હાર ચઢાવવા આવે તો **તે ઉપર બહુ કચવાઈ જાય છે.** અને ક્યારેક તો પોતાના ભક્તજનની સભામાં બેઠા થકા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત જે ભક્તિ તે સંબંધી જે જે વાર્તા તે પોતાના ભક્તજનની આગળ કરે છે. અને ક્યારેક તો યોગ, સાંખ્ય, પંચરાત્ર, વેદાંત ઈત્યાદિક જે શાસ્ત્ર, **તેના રહસ્યની વાર્તા કરે છે.** અને ક્યારેક તો પોતાના ભક્તજનની સભામાં બેઠા થકા તે ભક્તજનની આગળ ધર્માદિક સંબંધી વાર્તા કરે છે ત્યારે, પ્રથમ પોતાના બે ભુજ ઊંચા ઉપાડીને તાળી વજાડીને સર્વેને છાના રાખીને વાર્તા કરે છે. અને ક્યારેક તો ઘણાક ભક્તજનના સમૂહની મોટી સભા થઈ હોય ને તેમની આગળ ધર્માદિક સંબંધી વાર્તા કરવી હોય ત્યારે છેટેથી પણ સંભળાય તેને અર્થે પોતે ઊભા થઈને, ને તાળી વજાડીને, સર્વેને છાના રાખીને વાર્તા કરે છે, અને ક્યારેક તો તે વાર્તા કરવાને વિષે એકાગ્ર ચિત્તે કરીને પોતાને ઓઢવાનું વસ્ત્ર ખસી જાય તેની પણ





સૂરત રહેતી નથી, એવો સ્વભાવ છે. અને ક્યારેક તો પોતાના ભક્તજનની સભામાં બેઠા થકા પોતાના મુખારવિંદને સમીપે બેઠા જે સાધુ તથા હરિભક્ત તેમને પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરાવે છે. ને તેમાં કોઈક કઠણ પ્રશ્ન પૂછે તેનો ઉત્તર ન આવડે તો સર્વેને આનંદ ઉપજાવતા થકા પોતે ઉત્તર કરે છે. અને ક્યારેક તો તે વાર્તા કરતા થકા પુષ્પના ગુચ્છને અથવા કોઈક મોટાં પુષ્પને બે હાથે કરીને ચોળી નાખે છે. અને ક્યારેક તો તે વાર્તા કરતા થકા પોતાના રૂમાલના છેડાને વળ દેવો એવો સહજ સ્વભાવ છે.

અને ક્યારેક તો ઉત્સવને વિષે નાના પ્રકારના દેશથી આવ્યા જે પોતાના ભક્તજન તેમણે પ્રીતિએ કરીને કરી જે મોટી પૂજા તેનો અંગીકાર કરે છે. અને ક્યારેક તો ઉત્સવને વિષે પોતાની પૂજા કરવા સારુ, ઘણાક હરિભક્ત ભેળા થઈને આવે છે ત્યારે તેમણે ચઢાવ્યા જે પુષ્પના હાર, તેને પોતાના બે હાથે કરીને ગ્રહણ કરે છે, તથા ચરણારવિંદે કરીને ગ્રહણ કરે છે, તથા છડીએ કરીને ગ્રહણ કરે છે. અને ક્યારેક તો પોતાના દર્શન માત્રે કરીને પોતાના ભક્તજનને સમાધિ કરાવે છે, અને ક્યારેક તો તે સમાધિમાંથી તત્કાળ ઉઠાડે છે. અને ક્યારેક તો પોતે સભામાં બેઠા હોય ને કોઈક ભક્તજનને પોતાની પાસે તેડવો હોય ત્યારે, નેત્રકમળની સાને કરીને અથવા અંગૂઠા પાસેની જે આંગળી તેની સાને કરીને તે ભક્તને બોલાવી લે છે. અને ક્યારેક તો મોગરા આદિક **પુષ્પના હારને તથા લીંબુ આદિક જે ફળ** તેને શીતળ જાણીને પોતાની આંખ ઉપર વારંવાર અડાડે છે. અને ક્યારેક તો પોતે ભગવત્ કથા કરાવીને સાંભળે છે અથવા પોતે કથા કરે છે. અથવા પોતે ભગવદ્‌વાર્તા કરે છે અથવા



કીર્તન ગવરાવીને તે ભેળા પોતે ગાય છે. અથવા મંદિર કરાવે છે. અથવા સાધુ બ્રાહ્મણને જમાડે છે. ઈત્યાદિક સત્ક્રિયા કર્યા વિના ક્યારેય નવરું ન રહેવું એવો સ્વભાવ છે. અને પોતે ભક્તિ, ધર્મસંબંધી જે જે કાર્યનો આરંભ કરે છે તેને સંપૂર્ણ કરવામાં પોતાને શીઘ્રપણું ઘણું છે. અને છીંક ખાવી હોય ત્યારે પ્રથમથી પોતાના રૂમાલને ખોળીને ને તે રૂમાલને મુખારવિંદ આગળ રાખીને છેટે સંભળાય એવી રીતે ઊંચે સ્વરે છીંક ખાય છે. અને જ્યારે જ્યારે એવી છીંક ખાય છે ત્યારે બે ત્રણ્ય ભેળી છીંક ખાય છે. અને જ્યારે પોતે બગાસું ખાય છે ત્યારે 'હરિ હરિ હરિ' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા થકા, પોતાને હાથે કરીને નેત્રકમળને બે-ત્રણવાર ચોળે છે. અને નિષ્કામ ભક્તે કરી જે પોતાની સેવા તેને વિષે છે રુચિ જેની એવો પોતાનો સ્વભાવ છે. અને કાંઈક રમૂજે કરીને અતિશય હસે છે ત્યારે હાથે કરીને પોતાના રૂમાલને મુખારવિંદ આડો દઈને હસે છે.

અને ક્યારેક તો દેશાંતર થકી પોતાના સમીપે આવ્યા જે સાધુ તથા પોતાને પ્રિય એવા ભક્તજન તેમને જોઈને પ્રસન્ન થયા થકા તત્કાળ ઊઠીને તેમને બથમાં ઘાલીને મળે છે, ને તેમને તે તે દેશના સમાચાર પૂછે છે. અને ક્યારેક તો ઉત્સવને વિષે પોતાના સમીપે રહીને, પછી પોતાની આજ્ઞાએ કરીને પરદેશમાં જતા જે સાધુ તેમને પ્રસન્ન થઈને મળે છે. અને ક્યારેક તો પોતાના ભક્તજન ઉપર પ્રસન્ન થઈને **તેના મસ્તક ઉપર પોતાના બે હાથ મૂકે** છે, અને ક્યારેક તો પ્રસન્ન થઈને કોઈક ભક્તજનના હૃદયને વિષે પોતાનાં **ચરણારવિંદનું ધારણ કરે છે.** અને ક્યારેક તો પોતાની આજ્ઞાને તત્કાળ






પાળવાને ઈચ્છતો થકો તત્પર થયો જે કોઈક ભક્તજન તથા તે પોતાની આજ્ઞાને રૂડી રીત્યે પાળીને આવ્યો જે કોઈક ભક્તજન, તેને જોઈને તેની ઉપર પ્રસન્ન થયા થકા તેના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપે છે. અને ક્યારેક તો કોઈક ભક્તજન ઉપર પ્રસન્ન થઈને તેને પોતાની પ્રસાદી-પુષ્પના હાર આપે છે, તથા તોરા-બાજુબંધ આપે છે, તથા **પોતાનાં વસ્ત્ર-આભૂષણ આપે છે** અને અતિશય ઉદાર છે સ્વભાવ જેમનો એવા જે શ્રીજી મહારાજ તે પોતાને અતિશય પ્રિય એવું જે પદાર્થ તે ભારે મૂલ્યવાળું હોય તોપણ તેને દેવાનો મનમાં સંકલ્પ કરતા થકા તત્કાળ સત્પાત્રને દેઈ દે છે પણ વાર લગાડતા નથી, એવો સ્વભાવ છે અને ક્યારેક તો પોતાના હાથપગની જે આંગળીઓ તેને મરડીને કડાકા વગાડે છે. અને ક્યારેક તો પોતાને સમીપે બેઠા જે ભક્તજન તેમની પાસે પોતાના હાથપગની આંગળીઓને મરડાવીને કડાકા વગડાવે છે.

અને ક્યારેક તો કોઈ પ્રાણીને દુઃખિયો દેખીને અથવા સાંભળીને તત્કાળ દયાએ યુક્ત થકા 'રામ રામ રામ' એવી રીત્યે બોલવાનો સ્વભાવ છે. અને વળી ક્યારેક તો હરકોઈ મનુષ્યને દુઃખિયો દેખીને દયાએ કરીને પોતાના ચિત્તમાં ખેદને પામતા થકા પ્રસન્ન થઈને તે મનુષ્યનું દુઃખ ટળે એવી રીત્યે અન્નવસ્ત્રાદિક પદાર્થે કરીને ઉપકાર કરે છે. અને ક્યારેક તો કોઈકને કોઈ મારતું હોય તેને દેખીને દયાએ કરીને, તેને ન દેખી ખમતા થકા તત્કાળ હોંકાર કરીને તેનું નિવારણ કરે છે. અને ક્યારેક તો પોતાની આગળ કોઈક સાધુનું અથવા કોઈક હરિભક્તનું કોઈ ઘસાતું બોલે તેને સાંભળીને તેની ઉપર પોતે કચવાઈ જાય છે, ને તેનો અનાદર કરીને ઠપકો દે છે અને ક્યારેક તો પોતાના શરીરમાં





કાંઈક કસર જેવું હોય ત્યારે પોતાના ડાબા હાથની આંગળીએ કરીને જમણા હાથની નાડીને જુએ છે. અને પોતે જ્યારે સભામાંથી ઊઠે છે ત્યારે 'જય સચ્ચિદાનંદ' અથવા 'જય સ્વામિનારાયણ' એમ કહીને ને સાધુને નમસ્કાર કરીને ઊઠવાનો સ્વભાવ છે. અને જ્યારે પોતે પંથને માર્ગે ઘોડે ચડીને ચાલે છે, ત્યારે ક્યારેક તો લીલાએ કરીને ઘોડાની ડોક ઉપર પોતાના એક પગને લાંબો નાખીને ઘોડાને ચલાવે છે અને સૂવે ત્યારે પ્રથમ જાગતા થકા **હાથની જે આંગળીઓ તે તિલક કરવાની પેઠે** ભાલને વિષે ઊભી ફેરવે છે. અને સૂવાનું હોય ત્યારે પોતાની માળાને માગીને જમણા હાથમાં લઈને ફેરવતા થકા સૂવે છે. અને પોતે પોઢે છે ત્યારે પોતાનું મુખારવિંદ ઉઘાડું રાખીને પોઢવાનો સ્વભાવ છે. અને પોતે ભર નિદ્રામાં સૂતા હોય ને કોઈક જરાક અડી જાય તો તત્કાળ ઝબકીને જાગી જાય છે અને ''કોણ છે ?'' એમ તેને પૂછે છે.

આવી રીત્યે શ્રીજી મહારાજની જે સ્વાભાવિક ચેષ્ટા તે પોતાની સ્મૃતિને અનુસારે લખી છે. ને બીજી પણ કેટલીક ચેષ્ટા છે એવા જે શ્રીજી મહારાજ તેમણે શ્રીગઢડામાં રહ્યા થકા પોતાના ભક્તજનના સંશય ટાળવાને અર્થે સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, પોતાના સ્વરૂપનું જ્ઞાન અને પોતાની માહાત્મ્યે સહિત ભક્તિ એ પાંચ વાર્તા સંબંધી જે જે વચનામૃત કહ્યાં છે, તથા ત્યાંથી બીજા ગામમાં જઈને જે જે વચનામૃત કહ્યાં છે, તેમાંથી કેટલાક દિવસનાં જે વચનામૃત, તે શ્રીજી મહારાજના જે એકાંતિક ભક્ત, તેમની પ્રસન્નતાને અર્થે પોતાની જે સ્મૃતિ ને બુદ્ધિ તેને અનુસારે લખીએ છીએ.

**समासतः प्रोक्तमिदं चरित्रं श्रीधर्मसूनोरिह यो मनुष्यः ।**
**पठिष्यति श्रोष्यति वापि भक्त्या स लप्स्यते वै पुरुषार्थसिद्धिम् ।।१।।**

## ।। ઈતિ ઉપોદ્‌ઘાત-પ્રકરણમ્ ।।

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

## ગઢડા પ્રથમ પ્રકરણનાં વચનામૃત

**निजैर्वचोऽमृतैर्लोकेऽतर्पयद्यो निजाश्रितान् ।**
**प्रीतो नः सर्वदा सोऽस्तु श्रीहरिर्धर्मनन्दनः ।।**

### વચનામૃત ૧લું : અખંડ વૃત્તિનું

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે રાત્રિને સમે પધાર્યા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યું જે, “સર્વ સાધનમાં કયું સાધન કઠણ છે?”** ત્યારે સર્વ બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, “લ્યો અમે ઉત્તર કરીએ જે,** ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમનાં સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મ-મહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે, **માટે**

**ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.''**

ત્યાર પછી **હરિભક્ત શેઠ ગોવર્ધનભાઈએ** શ્રીજી મહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યું જે, **''જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે, ''ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.''

પછી **હરિભક્ત ઠક્કર હરજીએ** શ્રીજી મહારાજને પૂછ્યું જે, **''કેટલાક તો ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ અને દેહનાં સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે, તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે 'અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી.' તે શાસ્ત્રમાં કહ્યું છે જે **'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે**

વિનશ્યતિ, તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ.' તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય." ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧ ॥

## ॥ વચનામૃત બીજું : ત્રણ પ્રકારના વૈરાગ્યનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **મયારામ ભટ્ટે** શ્રીજી મહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યું જે, "**હે મહારાજ ! ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો જે વૈરાગ્ય તેનાં શાં લક્ષણ છે,** તે કહો?' ત્યારે **શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'ઉત્તમ વૈરાગ્ય જેને હોય તે પરમેશ્વર -ની આજ્ઞાએ કરીને અથવા પોતાના પ્રારબ્ધકર્મ વશે કરીને વ્યવહારમાં રહે પણ તે વ્યવહારમાં જનકરાજાની પેઠે લોપાય નહિ અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ પ્રકારના જે ઉત્તમ વિષય તે પોતાના પ્રારબ્ધ અનુસારે પ્રાપ્ત થાય તેને ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો ભોગવે અને તે વિષય એને લોપી શકે નહિ અને તેનો ત્યાગ મોળો ન પડે અને તે વિષયને વિષે નિરંતર દોષને દેખતો રહે અને વિષયને શત્રુ જેવા જાણે અને સંત, સત્શાસ્ત્ર અને ભગવાનની સેવા તેનો નિરંતર સંગ રાખે અને દેશ, કાળ, સંગ આદિક જો કઠણ આવી પડે તોપણ એની જે એવી સમજણ તે મોળી પડે નહિ, **તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ** અને જેને મધ્યમ વૈરાગ્ય હોય તે પણ ઉત્તમ એવા જે પંચ પ્રકારના વિષય તેને ભોગવે પણ તેમાં આસકત ન થાય અને જો દેશ, કાળ, સંગ કઠણ પ્રાપ્ત થાય તો વિષયને વિષે બંધાઈ જાય અને વૈરાગ્ય મંદ પડી જાય, **તેને મધ્યમ વૈરાગ્યવાળો કહીએ** અને જે કનિષ્ઠ વૈરાગ્યવાળો હોય તેને સામાન્ય અને દોષેયુકત એવા પંચવિષય જો પ્રાપ્ત થાય અને તેને ભોગવે તો તેમાં ન બંધાય અને જો સારા પંચવિષય પ્રાપ્ત થાય અને તેને ભોગવે તો તેમાં બંધાઈ જાય, **તેને મંદ વૈરાગ્યવાળો કહીએ.**' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥

## ॥ વચનામૃત ૩જું : લીલાચરિત્ર સંભારી રાખવાનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૬ છઠને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** **"જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારુ જે,** કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તોપણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય.

**તે માટે અમે** મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય." ॥ઈતિ વચનામૃતમ્॥૩॥

## ॥ વચનામૃત ૪થું : નારદજીના જેવી ઈર્ષા કરવાનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૭ સપ્તમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **"ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી."** **ત્યારે આનંદાનંદ સ્વામી** બોલ્યા જે, "હે મહારાજ ! "ઈર્ષ્યા તો રહે

છે.'' ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી.** જેમ એક સમયને વિષે નારદજી અને તુંબરુ એ બેય વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણના દર્શન કરવા ગયા. તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું. તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ એ બેયે પ્રસન્ન થઈને તુંબરુને પોતાનાં વસ્ત્ર-આભૂષણ આપ્યાં. ત્યારે નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી જે, 'હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું અને ભગવાનને પ્રસન્ન કરું.' પછી નારદજી ગાનવિદ્યા શીખતા હવા અને ભગવાન આગળ ગાતા હવા, ત્યારે ભગવાને કહ્યું જે, 'તમને તુંબરુના જેવું ગાતાં નથી આવડતું.' પછી વળી શિવ ઉપર તપ કરીને શિવ થકી વર પામીને ગાનવિદ્યા શીખીને ભગવાન આગળ ગાવતા હવા, તો પણ ભગવાન એની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાયા તોપણ ભગવાન પ્રસન્ન ન થયા, પછી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન આગળ દ્વારિકામાં ગાવતા હવા, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્ર-અલંકાર નારદજીને આપ્યાં, ત્યારે નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા મેલી, **માટે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે,** જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા અને તેવું ન થવાય અને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૪॥

## ॥ વચનામૃત ૫મું : ધ્યાનના આગ્રહનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ

ભગવાન તેનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, **એવી રીતના જે આગ્રહવાળા** છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૫॥**

## ॥ વચનામૃત ૬ઠ્ઠું : વિવેકી - અવિવેકીનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૯ નવમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આ સત્સંગમાં જે વિવેકી છે** તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે, **અને જે અવિવેકી છે** તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠા હીન થઈ જાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાયછે અને સત્સંગમાં મોટ્યપને પામેછે.'' **ઈતિ વચનામૃતમ્ ૬**

## ॥ વચનામૃત ૭મું : અન્વય વ્યતિરેકનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના**

હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **“શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી અને ભ્રમી જવાય છે.** માટે એ **અધ્યાત્મ -વાર્તા જેમ છે તેમ યથાર્થપણે અમે કહીએ છીએ** તે સર્વ સાંભળો જે, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહને વિષે એકાત્મપણે જે વર્તવું તે એ **જીવનું** અન્વયપણું છે અને એ ત્રણ દેહથી પૃથક્‌પણે સત્તામાત્ર જે કહેવો તે જીવનું વ્યતિરેકપણું છે. તથા વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે **ઈશ્વરનું** અન્વયપણું છે અને એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે તથા માયા અને માયાનાં કાર્ય જે અનંત કોટિ બ્રહ્માંડ તેને વિષે વ્યાપકપણે જે **અક્ષરબ્રહ્મ**ને કહેવા તે એનું અન્વયપણું છે અને એ સર્વથી વ્યતિરેક સચ્ચિદાનંદપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું વ્યતિરેકપણું છે તથા અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે **શ્રીકૃષ્ણ ભગવાન**ને અંતર્યામીપણે કહેવા અને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે અને એ સર્વથી પૃથક્‌પણે કરીને પોતાના ગોલોકધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનું વ્યતિરેકપણું છે અને એ પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ પાંચ ભેદ તે અનાદિ છે. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥

## વચનામૃત ૮મું : ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન ને સંતની સેવામાં રાખ્યાનું

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** “ઈન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે અને

જો ઈન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. **માટે શાસ્ત્રમાં જે રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ** અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.'' || ઈતિ વચનામૃતમ્ || ૮ ||

## || વચનામૃત ૯મું : ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છવાનું ||

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય અને તેની ભક્તિ કરતો હોય અને તેના દર્શન કરતો હોય તોપણ જે પોતાને પૂર્ણકામ ન માને અને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે 'ગોલોક-વૈકુંઠાદિક ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે તે મને જ્યાં સુધી દેખાયું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી' એવું જેને અજ્ઞાન હોય તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઈ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે. માટે **જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ.**'' || ઈતિ વચનામૃતમ્ || ૯ ||

## ॥ વચનામૃત ૧૦મું : કૃતઘ્ની સેવકરામનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૩ તેરસને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા** ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્ ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો, તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી પણ ચાકરીનો કરનારો કોઈ નહિ માટે રોવા લાગ્યો.

**પછી તેને અમે કહ્યું જે,** ''કાંઈ ચિંતા રાખશોમા, તમારી ચાકરી અમે કરીશું.'' પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી હતી તેમાં એક વડનો વૃક્ષ હતો તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતાં પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહિ અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને રાંધી ખવરાવતા અને અમો વસ્તીમાં જઈને જમી આવતા.

**અને કોઈક દિવસ તો અમને** વસ્તીમાં અન્ન મળતું નહિ ત્યારે અમારે ઉપવાસ થતો; તોપણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહિ જે, 'અમ પાસે દ્રવ્ય છે તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.' પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો ભાર મણ એક હતો, તે અમારે પાસે ઉપડાવતો અને પોતે તો એક માળા લઈને ચાલતો અને દેહે પણ સાજો અને એક શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો તોપણ ભાર અમારી પાસે

ઉપડાવે અને પોતે અમથો ચાલે અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહિ'. માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા, એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો. **એવી રીતે જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો** અને કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું અને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કર્યું હોય અને વળી તેને તે પાપેયુક્ત જે કહે તેને પણ તે કૃતઘ્ની જેવો પાપી જાણવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૦ ॥

## ॥ વચનામૃત ૧૧મું : વાસનાનું તથા એકાંતિક ભક્તનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! વાસનાનું શું રૂપ છે?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ.''

**ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ! ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥

## ॥ વચનામૃત ૧૨મું : તત્ત્વોનાં લક્ષણનું તથા ઉત્પત્તિનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૧૫ને પૂન્યમને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ**

કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તિની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જગતનાં કારણ એવાં જે પુરુષ, પ્રકૃતિ, કાળ અને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વ એમનાં સ્વરૂપને જ્યારે એ જીવ જાણે છે ત્યારે પોતાને વિષે રહી જે અવિદ્યા અને તેનાં કાર્ય એવાં જે ચોવીસ તત્ત્વ તેનાં બંધન થકી મુકાય છે.''

**ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! એમનું સ્વરૂપ કેમ જાણ્યામાં આવે?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એમનાં સ્વરૂપ તો એમનાં લક્ષણને જાણવે કરીને જણાય છે. તે લક્ષણ કહીએ છીએ જે, પ્રકૃતિના નિયંતા ને પ્રકૃતિ થકી વિજાતીય ને અખંડ ને અનાદિ ને અનંત ને સત્ય ને સ્વયંજ્યોતિ ને સર્વજ્ઞ ને દિવ્યવિગ્રહ ને સમગ્ર આકાર માત્રની પ્રવૃત્તિના કારણ અને ક્ષેત્રજ્ઞ એવા **પુરુષ** છે અને જે **પ્રકૃતિ** છે તે ત્રિગુણાત્મક છે ને જડચિદાત્મક છે ને નિત્ય છે ને નિર્વિશેષ છે અને મહદાદિક સમગ્ર તત્ત્વ અને જીવમાત્ર તેનું ક્ષેત્ર છે અને ભગવાનની શક્તિ છે અને ગુણસામ્ય ને નિર્વિશેષ એવી જે માયા તેનો જે ક્ષોભ કરે છે તેને **કાળ** કહીએ.

**હવે મહત્તત્ત્વાદિક જે તત્ત્વ તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, ચિત્તને અને મહત્તત્ત્વને અભેદપણે જાણવું** અને જે મહત્તત્ત્વને વિષે સૂક્ષ્મરૂપે કરીને સમગ્ર જગત રહ્યું છે અને પોતે નિર્વિકાર છે ને પ્રકાશમાન છે ને સ્વચ્છ છે ને શુદ્ધ સત્ત્વમય છે અને શાંત છે. **હવે અહંકારનું લક્ષણ કહીએ છીએ જે,** અહંકાર જે તે ત્રિગુણાત્મક છે અને ભૂતમાત્ર, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને પ્રાણ એ સર્વેની ઉત્પત્તિનું કારણ છે અને એને વિષે શાંતપણું છે, ઘોરપણું છે અને વિમૂઢપણું છે. હવે **મનનું લક્ષણ કહીએ છીએ જે,** મન જે તે સ્ત્રીઆદિક પદાર્થની જે સમગ્ર કામના તેની ઉત્પત્તિનું ક્ષેત્ર છે અને સંકલ્પ-વિકલ્પરૂપ છે અને સમગ્ર ઈન્દ્રિયોનું નિયંતા છે. **હવે બુદ્ધિનું લક્ષણ કહીએ છીએ જે,** બુદ્ધિને વિષે પદાર્થમાત્રનું જ્ઞાન રહ્યું છે અને સમગ્ર ઈન્દ્રિયોને વિષે જે વિશેષ જ્ઞાન

છે તે બુદ્ધિવતે છે અને જે બુદ્ધિને વિષે સંશય, નિશ્ચય, નિદ્રા અને સ્મૃતિ એ રહ્યાં છે અને શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એ જે **દશ ઈન્દ્રિયો તેમનું લક્ષણ તો એ છે જે,** પોતપોતાના વિષયમાં પ્રવર્તવું.

**હવે પંચ માત્રાનાં લક્ષણ કહીએ છીએ,** તેમાં **શબ્દનું લક્ષણ તો એ છે જે,** શબ્દ જે તે અર્થમાત્રનો આશ્રય છે અને વ્યવહારમાત્રનો કારણ છે અને બોલનારાની જે જાતિ અને સ્વરૂપ તેનો જણાવનારો છે અને આકાશને વિષે રહેવાપણું છે અને આકાશની માત્રા છે અને શ્રોત્ર ઈન્દ્રિયે કરીને ગ્રહણ કર્યામાં આવે છે, એ શબ્દનું લક્ષણ છે. **હવે સ્પર્શનું લક્ષણ કહીએ છીએ જે,** સ્પર્શ છે તે વાયુની તન્માત્રા છે અને કોમળપણું, કઠણપણું, શીતળપણું, ઉષ્ણપણું અને ત્વચાએ કરીને ગ્રહણ કરવાપણું એ સ્પર્શનું સ્પર્શપણું છે. **હવે રૂપનું લક્ષણ કહીએ છીએ જે,** પદાર્થમાત્રના આકારને જણવી દેવાપણું અને તે પદાર્થને વિષે ગૌણપણે રહેવાપણું અને તે પદાર્થની રચનાએ કરીને પરિણામપણું અને તેજ તત્ત્વનું તન્માત્રાપણું અને ચક્ષુ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ રૂપનું રૂપપણું છે. **હવે રસનું લક્ષણ કહીએ છીએ જે,** મધુરપણું, તીખાપણું, કષાયલાપણું, કડવાપણું, ખાટાપણું, ખારાપણું અને જળનું તન્માત્રાપણું અને રસના ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ રસનું રસપણું છે. **હવે ગંધનું લક્ષણ કહીએ છીએ જે,** સુગંધપણું, દુર્ગંધપણું અને પૃથ્વીનું તન્માત્રાપણું અને ઘ્રાણ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ ગંધનું ગંધપણું છે.

**હવે પૃથ્વીનું લક્ષણ કહીએ છીએ જે,** સર્વ જીવમાત્રનું ધારવાપણું અને લોકરૂપે કરીને સ્થાનપણું અને આકાશાદિક જે ચાર ભૂત તેનું વિભાગ કરવાપણું અને સમગ્ર ભૂતપ્રાણીમાત્રના શરીરનું પ્રગટ કરવાપણું એ પૃથ્વીનું લક્ષણ છે. **હવે જળનું લક્ષણ કહીએ છીએ જે,** પૃથિવ્યાદિક દ્રવ્યનું પિંડીકરણ કરવાપણું ને પદાર્થને કોમળ કરવાપણું ને ભીનું કરવાપણું ને તૃપ્તિ કરવાપણું ને પ્રાણિમાત્રને જિવાડવાપણું ને તૃષાની નિવૃત્તિ પમાડવાપણું ને તાપને ટાળવાપણું અને બહુપણું એ જળનું લક્ષણ છે. **હવે તેજનું લક્ષણ કહીએ છીએ**

**જે,** પ્રકાશપણું ને અન્નાદિકને પચવી નાંખવાપણું ને રસને ગ્રહણ કરવાપણું ને કાષ્ટનું ને હુતદ્રવ્યાદિકનું ગ્રહણ કરવાપણું ને ટાઢ્યને હરવાપણું ને શોષણ કરવાપણું અને ક્ષુધા ને તૃષા એ તેજનું લક્ષણ છે. **હવે વાયુનું લક્ષણ કહીએ છીએ જે,** વૃક્ષાદિકને કંપાવવાપણું ને તૃણાદિકને ભેળાં કરવાપણું ને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને શ્રોત્રાદિક પંચ ઈન્દ્રિયો પ્રત્યે પમાડવાપણું અને સર્વ ઈન્દ્રિયોનું આત્માપણું એ વાયુનું લક્ષણ છે. **હવે આકાશનું લક્ષણ કહીએ** છીએ જે, સમગ્ર જીવમાત્રને અવકાશ દેવાપણું ને ભૂતપ્રાણિમાત્રનો જે દેહ તેનો માંહિલો વ્યવહાર અને દેહને બાહેરનો વ્યવહાર તેનું કારણપણું અને પ્રાણ, ઈન્દ્રિયો અને અંતઃકરણ એ સર્વનું સ્થાનકપણું એ આકાશનું લક્ષણ છે. **એવી રીતે ચોવીસ તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ અને કાળ એમનાં જો લક્ષણ જાણે તો એ જીવ અજ્ઞાન થકી મુકાય છે.**

**અને એ જે સર્વે તેની ઉત્પત્તિ જાણવી, તે ઉત્પત્તિ કહીએ છીએ જે, પોતાના ધામને વિષે રહ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અક્ષર પુરુષરૂપે કરીને માયાને વિષે ગર્ભને ધરતા હવા,** ત્યારે તે માયા થકી અનંત કોટિ જે પ્રધાન અને પુરુષ તે થતાં હવાં **તે પ્રધાન પુરુષ કેવા છે ?** તો અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિનાં કારણ છે. તે મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિનાં કારણ જે પ્રધાન પુરુષ તેને કહીએ છીએ જે, પ્રથમ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણભગવાન તે પુરુષરૂપે કરીને પ્રધાનને વિષે ગર્ભને ધરતા હવા. પછી તે પ્રધાન થકી **મહત્તત્ત્વ** ઉત્પન્ન થતું હવું. અને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો **અહંકાર** ઉત્પન્ન થતો હવો. તેમાં સાત્ત્વિક અહંકાર થકી **મન** અને **ઈન્દ્રિયોના દેવતા** ઉત્પન્ન થતાં હવાં અને રાજસ અહંકાર થકી **દશ ઈન્દ્રિયો, બુદ્ધિ** અને **પ્રાણ** એ ઉત્પન્ન થતાં હવાં અને તામસ અહંકાર થકી **પંચભૂત** અને **પંચ તન્માત્રા** એ ઊપજતાં હવા. એવી રીતે એ સમગ્ર તત્ત્વ ઊપજ્યાં. પછી તે પરમેશ્વરની ઈચ્છાએ પ્રેર્યાં થકાં પોત - પોતાને અંશે કરીને ઈશ્વર અને જીવના દેહને સૃજતાં હવાં.

તે ઈશ્વરના દેહ તે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત અને જીવના દેહ તે

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ અને વિરાટ નામે જે ઈશ્વરનો દેહ તેનું દ્વિપરાર્ધ કાળપર્યંત આયુષ છે અને તે વિરાટ પુરુષના એક દિવસને વિષે ચૌદ મન્વંતર થાય છે અને જેવડો એનો દિવસ છે તેવડી જ રાત્રિ છે અને જ્યાં સુધી એનો દિવસ હોય ત્યાં સુધી ત્રિલોકીની સ્થિતિ રહે છે અને જ્યારે તેની રાત્રિ પડે છે ત્યારે ત્રિલોકીનો નાશ થાય છે, **તેને નિમિત્ત પ્રલય કહીએ**

અને જ્યારે તે વિરાટ પુરુષનો દ્વિપરાર્ધ કાળ પૂરો થાય છે ત્યારે એ વિરાટ્ દેહનો સત્યાદિક લોકે સહિત નાશ થાય છે અને મહદાદિક જે ચોવીસ તત્ત્વ, પ્રધાન-પ્રકૃતિ અને પુરુષ એ સર્વે મહામાયાને વિષે લય પામે છે, **તેને પ્રાકૃત પ્રલય કહીએ** અને એ મહામાયા તે અક્ષરબ્રહ્મના પ્રકાશને વિષે લય પામે છે. જેમ દિવસને વિષે રાત્રિ લય પામે છે તેમ લય પામે છે, **તેને આત્યંતિક પ્રલય કહીએ** અને દેવ, દૈત્ય અને મનુષ્યાદિકના જે દેહ તેનો જે ક્ષણક્ષણ પ્રત્યે નાશ તેને **નિત્ય પ્રલય કહીએ.** એવી રીતે જે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને જો જાણે તો જીવને સંસારને વિષે વૈરાગ્ય થાય અને ભગવાનને વિષે ભક્તિ થાય છે અને જ્યારે એ સર્વે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે જે સર્વ જીવ છે તે તો માયાને વિષે રહે છે અને જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનનાં ધામમાં જાય છે.''

**ત્યારે વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'તે ભગવાનનું ધામ કેવું છે?'** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે.**

**તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ,** જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય, પશુ, પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય અને આકાશને વિશે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુકત ભગવાનનું ધામ છે, એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે અને દેહ મૂક્યા પછી એ તેજોમય જે

ભગવાનનું ધામ તેને પામે છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૧૨॥

## ॥ વચનામૃત ૧૩મું : વડ-પીપરની ડાળ બીજે રોપ્યાનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરને સમીપે લીંબડાના વૃક્ષની હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા અને રાતો સુરવાળ પહેર્યો હતો અને રાતી ડગલી પહેરી હતી અને માથે સોનેરી શેલું બાંધ્યું હતું અને કટીને વિષે સોનેરી શેલું બાંધ્યું હતું અને કંઠને વિષે મોતીની માળાઓ પહેરી હતી અને પાઘને વિષે મોતીના તોરા લટકતા મૂક્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજને **નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? અને જો એક કહેશો તો વડ, પીપર આદિક જે વૃક્ષ છે તેની ડાળખીઓ કાપીને બીજે ઠેકાણે રોપે છે ત્યારે તેવું ને તેવું જ વૃક્ષ થાય છે. એ તે એક જીવ બે પ્રકારે થયો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? અને કહેશો જે 'એ તો એનો એ જીવ છે' તો જીવ તો અખંડ છે અને અચ્યુત છે તે કપાણો કેમ ?''

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'લ્યો એનો ઉત્તર કરીએ જે, **શ્રીકૃષ્ણ ભગવાન છે તેની પુરુષ અને પ્રકૃતિ એ બે શક્તિઓ છે.** તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેનું કારણ છે. તે પુરુષ-પ્રકૃતિરૂપ જે પોતાની બે શક્તિઓ તેનું ગ્રહણ કરીને પોતે વિરાટરૂપને ધારતા હવા અને તે વિરાટરૂપ જે એ ભગવાન તે પ્રથમ બ્રાહ્મકલ્પને વિષે તો પોતાના અંગ થકી બ્રહ્માદિક સ્તંબ પર્યંત સમગ્ર જીવને સૃજતા હવા અને પાદ્મકલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા અને કશ્યપ અને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુપક્ષ્યાદિક સમગ્ર સ્થાવર-જંગમ જે જીવ તેને સૃજતા હવા. એવા જે **શ્રીકૃષ્ણ ભગવાન તે પુરુષ પ્રકૃતિરૂપ જે પોતાની શક્તિ તેણે સહિત થકા જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે અને જે જીવે જેવાં કર્મ**

**કર્યાં છે તે જીવને તેવા દેહને પમાડે છે.** અને તે જીવ છે તેણે પૂર્વજન્મને વિષે કેટલાંક કર્મ તો સત્ત્વગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે અને કેટલાંક કર્મ તો રજોગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે અને કેટલાંક કર્મ તો તમોગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે, તે કર્મને અનુસારે એ જીવને ભગવાન જે તે ઉદ્‌ભિજ જાતિના જે દેહ, જરાયુજ જાતિના જે દેહ, સ્વેદજ જાતિના જે દેહ અને અંડજ જાતિના જે દેહ, તેને પમાડે છે અને સુખદુઃખરૂપ જે કર્મનાં ફળ તેને પમાડે છે અને તે જીવનાં કર્મને અનુસારે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે. જેમ 'કશ્યપ આદિક પ્રજાપતિના દેહ થકી અનેક જાતિના દેહને સૃજતા હવા' તેમ એના એ ભગવાન અંતર્યામીરૂપે કરીને સમગ્ર જીવ જીવ પ્રત્યે રહ્યા થકા જે દેહ થકી જેમ ઉપજ્યાની રીતિ હોય તેમ બીજા દેહને ઉપજાવે છે, પણ જે જીવ થકી બીજા દેહને ઉપજાવે છે તે જીવ જ અનેક રૂપે થાય એમ નથી. એ તો જે જીવને જેના દેહથકી ઉપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તે દ્વારાએ ઉપજાવે છે. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૩॥

## ॥ વચનામૃત ૧૪મું : "અંતે યા મતિઃ સા ગતિઃ"નું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને પીળાં પુષ્પના તોરા પાઘમાં વિરાજમાન હતા અને બે કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતાં અને તે ગુચ્છની ઉપર ગુલાબનાં પુષ્પ વિરાજમાન હતાં અને કંઠને વિષે પીળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને જમણા હાથમાં ધોળું જે સેવતીનું પુષ્પ તેને ફેરવતા હતા અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "એક હરિજન છે તે સંસારને તજીને નીસર્યો છે અને અતિ તીવ્ર વૈરાગ્યવાળો તો નથી અને દેહે કરીને**

તો વર્તમાન યથાર્થ પાળે છે અને મનમાં થોડી થોડી સંસારની વાસના રહી છે તેને વિચારે કરીને ખોટી કરી નાખે છે એવો એક ત્યાગી ભક્ત છે અને તેને ભગવાનનો નિશ્ચય પણ દૃઢ છે અને વળી બીજો ગૃહસ્થ ભક્ત છે તેને પણ ભગવાનનો નિશ્ચય દૃઢ છે અને આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે અને સંસાર થકી ઉદાસ છે અને જેટલી ત્યાગીને જગતમાં વાસના છે તેટલી તે ગૃહસ્થને પણ વાસના છે. એ બે જે ભગવાનના ભક્ત તેમાં કોણ શ્રેષ્ઠ છે?''

**પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે,** **'' એ ત્યાગી ભક્ત શ્રેષ્ઠ છે.''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''ઓલ્યો મૂંઝાઈને પોતાની મેળે ભેખ લઈને નીસર્યો છે તે કેવી રીતે શ્રેષ્ઠ છે? અને ગૃહસ્થ તો આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે તે કેવી રીતે ન્યૂન છે?''** પછી શ્રીજી મહારાજના પ્રશ્નનું મુક્તાનંદ સ્વામીએ બહુ પ્રકારે સમાધાન કર્યું પણ સમાધાન થયું નહિ. પછી **મુક્તાનંદ સ્વામી બોલ્યા જે,** ''હે મહારાજ ! તમે ઉત્તર કરો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ત્યાગી હોય અને તેને સારી પેઠે ખાવા મળે અને જો કાચી મતિવાળો હોય તો પાછી સંસારની વાસના હૃદયમાં ઉદય થાય અથવા ઘણું દુઃખ પડે તો પણ પાછી સંસારની વાસના ઉદય થાય. એવા ત્યાગી કરતાં તો ગૃહસ્થ ઘણો સારો. કેમ જે, ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે, ત્યારે તે એમ વિચાર રાખે જે, 'રખે મારે આમાંથી બંધન થાય' એવું જાણીને તે સંસારમાંથી ઉદાસ રહે; માટે **ત્યાગી તો તે ખરો જે, 'જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ,'** અને ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે જો ગૃહસ્થના ધર્મ સચવાય તો, પણ ગૃહસ્થના ધર્મ તો ઘણા કઠણ છે અને અનંત પ્રકારનાં સુખ દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી અને ધર્મમાંથી મનને આડુંઅવળું ડોલવા દે નહિ અને એમ સમજે જે, ''સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યાં છે, અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે અને સાચો લાભ તો

Index



સંતનો સમાગમ મળ્યો એ જ છે' એમ સમજે. અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ, **એવો જે ગૃહસ્થ તે અતિ શ્રેષ્ઠ છે અને સૌ કરતાં ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે.'** એમ કહીને તે ઉપર શ્રીજી મહારાજે ભગવાન અને સંતના મહિમાનાં મુક્તાનંદ સ્વામીનાં કીર્તન ગવરાવ્યાં.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''શ્રુતિમાં એમ કહ્યું છે જે **'અન્તે યા મતિઃ સા ગતિઃ'** એવી રીતે કહ્યું છે જે, અંતકાળે ભગવાનને વિષે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય. એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે **ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તોપણ તેનું અકલ્યાણ થાય નહિ,** તેની તો ભગવાન રક્ષા કરે છે અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં-ચાલતાં દેહ મૂકે છે તોપણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે અને કેટલાક પાપી-કસાઈ હોય તે બોલતાં-ચાલતાં દેહ મૂકે છે અને ભગવાનનો ભક્ત હોય અને તેનો અકાળ મૃત્યુ થયો તે માટે શું તેનું અકલ્યાણ થાશે? અને તે પાપીનું શું કલ્યાણ થાશે? નહિ જ થાય. **ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે 'જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.'** માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે **''મારું કલ્યાણ તો થઈ રહ્યું છે''** તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે.

અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ અને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ તેની મતિમાં તો એમ વર્તે છે જે, 'હું અજ્ઞાની છું અને મારું કલ્યાણ નહિ થાય.' તો જેવી એની મતિ છે તેવી એની અંતકાળે ગતિ થાય છે અને જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી; એનાં દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે, તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું? પણ ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે; કેમ જે, **ભગવાનના દાસ**

**હોય તેનાં તો એ લક્ષણ છે જે** દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગ-વવાને અર્થે ઈચ્છે જ નહિ અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ,' એવો હોય તે હરિનો દાસ કહેવાય અને જે હરિનો દાસ હોય ને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય.'' **ઈતિ વચનામૃતમ્ ૧૪**

## ॥ વચનામૃત ૧૫મું : ધ્યાન કરવામાં કાયર ન થવાનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે, ''જેના હઈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે** 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે.' એમ તેના હઈયામાં હિંમત્ય રહે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે અને વળી ભગવાનની મૂર્તિને હઈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તોપણ કાયર ન થાય અને નિત્ય નવીન શ્રદ્ધા રાખે અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને હઠાવ્યા હઠે નહિ તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હઈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા પચીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ, કેમ જે શ્રીકૃષ્ણભગવાને ગીતામાં કહ્યું છે જે-

**'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ।'**

તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે, એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૫ ॥**

## ॥ વચનામૃત ૧૬મું : વિવેકનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૪ ચોથને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** ''જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ અને ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિષે સંશય કરે નહિ અને સંત કહેજે, 'તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું અને એ દેહાદિક સર્વે અસત્ય છે' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહિ અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે, એવીરીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.'' **ઈતિ વચનામૃતમ્ ૧૬**

## ॥ વચનામૃત ૧૭મું : સત્સંગમાં કુસંગનું-મોળી વાત ન કર્યાનું ॥

સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૫ પાંચમને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડો છે તેમાં કથા વંચાવતા હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળી પાઘ બાંધી હતી અને પીળાં પુષ્પની માળા પહેરી હતી અને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.

તે સમયને વિષે **મુક્તાનંદ સ્વામી** તથા **ગોપાળાનંદ સ્વામી** આદિક સાધુને તેડાવ્યા અને **શ્રીજી મહારાજ તે સર્વે પ્રત્યે બોલ્યા જે,** ''આપણા સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વ પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વ સત્સંગીમાં પ્રવર્તે. **તે સત્સંગમાં કુસંગ તે શું છે? તો જે 'વાતના કરનારા હિંમત્ય વિનાની વાત કરે છે' તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે?** તો એમ કહેછે જે,'ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે? અને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે? માટે જેટલું પળે તેટલું પાળીએ અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે.'

**અને વળી એમ વાત કરે છે જે,** 'ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે.' એવી રીતે મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઈત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન, તેમાંથી બીજાને મોળા પાડે છે. માટે હવે આજ દિનથી આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિંમત્ય રહિત વાત કરશો નહિ. સદા હિંમત્ય સહિત જ વાત કરજ્યો અને જે એવી હિંમત્ય રહિત વાત કરે તેને તો નપુંસક જાણવો અને એવી હિંમત્ય વિનાની વાત જે દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૭ ॥**

## ॥ વચનામૃત ૧૮મું : વિષય ખંડનનું-હવેલીનું ॥

**સંવત્ ૧૮૭૬ના માગશર વદિ ૬ છઠને દિવસ રાત્રિ પાછલી પહોર બાકી હતી ત્યારે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડાની ઓસરીને આગળ ફળિયામાં ઢોલિયા ઉપર બિરાજ્યા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.**

પછી પરમહંસ તથા સત્સંગીને તેડાવ્યા ને ઘણીવાર સુધી તો પોતે વિચારી રહ્યા અને **પછી બોલ્યા જે, ''એક વાત કહું તે સાંભળો.''** **એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું,

પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે અને **તે વિના તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ. તે વાત કહીએ તે સાંભળો જે,** બહાર તો ગમે તેટલી ઉપાધિ હોય પણ તેનો જો મનમાં સંકલ્પ ન હોય તો તેનો અમારે ખરખરો નહિ અને અંતરમાં જો રંચ જેટલો પદાર્થનો ઘાટ થાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે નિરાંત થાય એવો અમારો સ્વભાવ છે. માટે અમે હૃદયમાં વિચાર કર્યો જે ભગવાનના ભક્તના હૃદયમાં વિક્ષેપ થાય છે તેનું કારણ તે શું છે? પછી **મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર સામું જોયું ત્યાં તો એ અંતઃકરણ પણ ઉદ્વેગનું કારણ નથી. અંતઃકરણમાં તો ભગવાનના સ્વરૂપના નિશ્ચયનું બળ** અથવા આત્મજ્ઞાનનું બળ તેને યોગે કરીને અંતઃકરણને ગાફલતા રહે છે જે, 'ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું રહ્યું નથી' એવું ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે. **અને ઝાઝો વાંક તો પંચ જ્ઞાનેન્દ્રિયોનો છે.**

**તેની વિગતી કહીએ છીએ જે,** એ જીવ જે નાનાં પ્રકારનાં ભોજન જમે છે તે ભોજન-ભોજન પ્રત્યે **જુદા જુદા સ્વાદ** છે અને જુદા જુદા ગુણ છે. તે ભોજનને જ્યારે જમે છે ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે અને જો લીલાગર ભાંગ પીવે અને તે પ્રભુનો ભક્ત હોય તોય પણ લીલાગર ભાંગને કેફે કરીને વર્તમાનની ખબર રહે નહિ અને પ્રભુના ભજનની પણ ખબર રહે નહિ, તેમ અનંત પ્રકારના જે આહાર તેના ગુણ પણ લીલાગર ભાંગની પેઠે જ અનંત પ્રકારના છે. તેનો ગણતાં પણ પાર આવે નહીં તેમજ એ જીવ શ્રોત્ર દ્વારે અનંત પ્રકારના શબ્દને સાંભળે છે, તે **શબ્દના પણ** અનંત પ્રકારના ગુણ જુદા જુદા છે. તે જેવો શબ્દ સાંભળે છે તેવો જ અંતઃકરણમાં ગુણ પ્રવર્તે છે, જેમ કોઈક હત્યારો જીવ હોય અથવા કોઈ પુરુષ વ્યભિચારી હોય અથવા કોઈક સ્ત્રી વ્યભિચારિણી હોય અથવા લોક અને વેદની

મર્યાદાને લોપીને વર્તતો એવો કોઈક ભ્રષ્ટ જીવ હોય તેમની જે વાત સાંભળવી તે તો જેવી લીલાગર ભાંગ પીવે અથવા દારૂ પીવે એવી છે; માટે તે વાતના સાંભળનારાના અંતઃકરણને ભ્રષ્ટ કરી નાખે છે અને ભગવાનનું ભજન સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાખે છે. તેમજ **ત્વચાના સ્પર્શ** પણ અનંત પ્રકારના છે અને તેના પણ ગુણ જુદાજુદા અનંત પ્રકારના છે. તેમાં પાપી જીવનો જે સ્પર્શ તે જ ભાંગ-દારૂના જેવો છે, માટે તે સ્પર્શનો કરનારો હરિભક્ત હોય તેની પણ સૂધબૂધને ભુલાડી દે છે તેમજ **રૂપ પણ** અનંત પ્રકારનાં છે અને તેના ગુણ પણ અનંત પ્રકારના જુદાજુદા છે; તે કોઈક ભ્રષ્ટ જીવ હોય ને જો તેનું દર્શન થયું હોય તો જેમ લીલાગર ભાંગ્ય તથા દારૂ પીધે ભૂંડું થાય છે તેમ તે પાપીનાં દર્શનના કરનારાનું પણ ભૂંડું જ થાય અને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તેમજ **ગંધ પણ** અનંત પ્રકારના છે અને તેના ગુણ પણ અનંત પ્રકારના છે; ને જો પાપી જીવના હાથનું પુષ્પ અથવા ચંદન તેની જો સુગંધી લે તો જેમ લીલાગર પીધે બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમ જ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. **એવી રીતે જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમજ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે** અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તોપણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે; તેમજ એમને સ્પર્શે કરીને પણ મતિ ઉત્તમ થાય છે અને વર્તમાનની આડ્યે કરીને મોટા સંતનો સ્પર્શ ન થાય તો તેના ચરણની રજ લઈને માથે ચડાવે તેણે કરીને પવિત્ર થાય અને તેમજ મોટા સંતને દર્શને કરીને પણ પવિત્ર થાય, પણ વર્તમાન રાખીને દર્શન કરવાં. તેમજ તે મોટાની પ્રસાદી છે તેને જમવે કરીને પણ પવિત્ર થાય છે. **તેમાં પણ વર્ણાશ્રમની મર્યાદા પરમેશ્વરે બાંધી છે તે મર્યાદાને રાખીને પ્રસાદી લેવી** અને જેને ન ખપે તેને સાકરની પ્રસાદી કરાવીને પ્રસાદી લેવી. તેમજ તે મોટા પુરુષને ચઢ્યું એવું જે પુષ્પ, ચંદન તેની સુગંધી લીધે પણ બુદ્ધિ નિર્મળ થાય છે. તે **માટે એ પંચ વિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો**

**વિભાગ નહિ કરે અને તે નારદ સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ?** તે સારુ એ પંચ ઈન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે અને પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે. અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે **માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચ ઈન્દ્રિયોના વિષય જ છે પણ અંતઃકરણ નથી.**

**અને આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે;** તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાનાં પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતાં હોય અને કેટલાક દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય અને નાનાં પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે; **માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુવે તો જાણ્યામાં આવે છે** અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી. માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને કાંઈક વિવેકી હોય અને જે કાંઈક વિવેકી હોય અને કાંઈક ભગવાનનો આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે; માટે

**પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ.**

અને સત્સંગ થયા મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય જેમ, 'જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાખે તો પંડે કુશળ રહે, ને તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય.' **તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજો અને આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી અને અમે પણ તમને સર્વને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વ ભેળા રહીશું** અને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો.

**અને જો કોઈ અમારો વાદ લેશો તો તેનું તો જરૂર ભૂંડું થાશે, કાં જે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું;** જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી. માટે અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહીશું તે તો નારદ-સનકાદિક જેવો હોય તેથી પણ રહેવાય નહિ તો બીજાની શી વાર્તા કહેવી ? અને અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને

કોટિ કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી. માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થશે.

**અને અમે જે કોઈને હેત કરીને બોલાવીએ છીએ તે તો** તેના જીવના રૂડા સારુ બોલાવીએ છીએ અથવા કોઈને હેતે કરીને સામું જોઈએ છીએ અથવા કોઈ સારાં ભોજન કરાવે છે તેને જમીએ છીએ અથવા કોઈ ઢોલિયો બિછાવી દે છે તે ઉપર બેસીએ છીએ અથવા કોઈ વસ્ત્ર-આભૂષણ તથા પુષ્પના હાર ઈત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ તે તો તેના જીવના રૂડા વાસ્તે કરીએ છીએ પણ અમારાં સુખને વાસ્તે કરતા નથી અને જો અમારાં સુખને વાસ્તે કરતા હોઈએ તો અમને શ્રી રામાનંદ સ્વામીના સમ છે; માટે એવું વિચારીને કોઈ અમારો વાદ કરશોમા અને **પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરા જરૂર માનજ્યો.** અને આ વાત તો સર્વને સમજાય એવી સુગમ છે માટે સર્વના સમજ્યામાં તુરત આવી જાશે. તે સારુ સત્સંગમાં અતિશય પ્રવર્તાવજ્યો તેમાં અમારો ઘણો રાજીપો છે.'' એમ વાર્તા કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજી મહારાજ પોતાના ઉતારામાં પધારતા હવા. **|| ઈતિ વચનામૃતમ્ || ૧૮ ||**

## || વચનામૃત ૧૯મું : આત્મનિષ્ઠા આદિક ચારેય ગુણની અપેક્ષાનું ||

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૧ પડવાને દિવસ શ્રીજી મહારાજ સંધ્યા સમે શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યાજે, ''આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઈચ્છતો એવો જે ભક્તજન તેને** એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ

તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી, તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા. શા માટે? તો એ ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે.

**હવે એ ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે તે કહીએ તે સાંભળો જે,** આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો. અને શ્રીહરિને વિષે પ્રીતિ હોય પણ જો આત્મનિષ્ઠા ન હોય તો દેહાભિમાનને યોગે કરીને તે પ્રીતિની સિદ્ધિ થાતી નથી અને શ્રીહરિને વિષે પ્રીતિ અને આત્મનિષ્ઠા એ બેય હોય પણ જો દૃઢ વૈરાગ્ય ન હોય, તો માયિક પંચવિષયને વિષે આસક્તિએ કરીને તે પ્રીતિ અને આત્મનિષ્ઠા તેની સિદ્ધિ થાતી નથી અને વૈરાગ્ય તો હોય તોપણ જો પ્રીતિ અને આત્મનિષ્ઠા ન હોય તો, શ્રીહરિના સ્વરૂપ સંબંધી જે પરમાનંદ તેની પ્રાપ્તિ થાતી નથી. અને સ્વધર્મ તો હોય તો પણ જો પ્રીતિ, આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ ત્રણ ન હોય તો ભૂર્લોક, ભુવર્લોક અને બ્રહ્માના ભુવન પર્યંત જે સ્વર્ગલોક તે થકી બહાર ગતિ થાતી નથી, કહેતાં બ્રહ્માંડોને ભેદીને માયાના તમ થકી પર એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થાતી નથી અને આત્મનિષ્ઠા, પ્રીતિ અને વૈરાગ્ય એ ત્રણ હોય તોપણ જો સ્વધર્મ ન હોય તો એ ત્રણેની સિદ્ધિ થાતી નથી. એવી રીતે આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે. તે માટે ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને **જે ભક્તને એ ચારે ગુણ અતિશય દૃઢપણે વર્તે છે, તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયાં અને એને જ એકાંતિક ભક્ત જાણવો; તે માટે જે ભક્તને ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા, સમાગમે કરીને તે ન્યૂનતાને ટાળવી.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૯ ॥

## ॥ વચનામૃત ૨૦મું : અજ્ઞાનીનું-પોતાના સ્વરૂપને જોવાનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૨ બીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા**

મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને ધોળી પાઘ માથે બાંધી હતી ને તે પાઘને વિષે પીળાં ફૂલનો તોરો વિરાજમાન હતો અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને બે કાનને વિષે ધોળાં ને પીળાં પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં અને ધોળો ચોફાળ ઓઢ્યો હતો અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો અને કથા વંચાવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિજનની સભા ભરાઈને બેઠી હતી.

**પછી સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ બોલ્યા જે,** ''સાંભળો સર્વને એક પ્રશ્ન પૂછીએ છીએ.'' ત્યારે સર્વ હરિભક્તે હાથ જોડીને કહ્યું જે, 'પૂછો'. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **''અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે?''** પછી તો સર્વે વિચારી રહ્યા પણ ઉત્તર કરી શક્યા નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'લ્યો અમે જ ઉત્તર કરીએ.' **ત્યારે સર્વેએ રાજી થઈને કહ્યું જે,** 'હે મહારાજ! તમથી જ યથાર્થ ઉત્તર થશે, માટે કહો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે અને કુરૂપને જુવે છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુવે છે. એવા અનંત પદાર્થને જુવે છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્ય દૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો, તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારનાં રૂપના સ્વાદને લે છે તેમ જ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એજ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે એજ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.''

**ત્યારે શુકમુનિએ આશંકા કરી જે,** **''પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે? અને જો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અતિશય અજ્ઞાની**

રહે?'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું ? અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દૃષ્ટિ કરીને જાય છે પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દૃષ્ટિ કરતો નથી અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુવે છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુવે છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે; **માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે, તેટલી પોતાને આળસે કરીને રહે છે.''** **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૦ ॥**

## વચનામૃત ૨૧મું : એકાંતિક ધર્મવાળાનું-અક્ષરનાં બે સ્વરૂપનું

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળી પાઘ માથે બાંધી હતી ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાની આગળ સાધુ ઝાંઝ, પખાજ લઈને કીર્તન ગાતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી.**

પછી તે સર્વેને **શ્રીજી મહારાજે છાના રાખ્યા ને એમ બોલ્યા જે,** ''સર્વે સાંભળો, એક વાર્તા કરીએ.'' એમ કહીને ઝાઝી વાર સુધી તો નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યાજે,''**જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઈચ્છા હોય તે ભગવાનને પ્રસન્ન કરવાનો તો એ ઉપાય છે** જે, પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મ-નિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ, એ

ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ અને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે અને જે ભગવાનનો ભક્ત હોય તેણે ખાતાંપીતાં, ના'તાંધોતાં, ચાલતાં, બેઠતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું અને જ્યારે અંતરમાં કોઈ વિક્ષેપ ન હોય, ત્યારે તો ભગવાનનું ચિંતવન કરવું ને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું.

**અને જો અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો** દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, વિષય એ સર્વથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું અને જ્યારે સંકલ્પનો વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું અને આ દેહને તો પોતાનું સ્વરૂપ માનવું નહિ અને દેહનાં જે સંબંધી તેને પોતાનાં સંબંધી માનવાં નહિ; કેમ જે આ જીવ છે તે ચોરાશી લાખ જાતના દેહને પૂર્વે ધરી આવ્યો છે અને જેટલી જગતમાં સ્ત્રીઓ છે તે સર્વેને પેટ જન્મ લીધા છે તથા જગતમાં જેટલી કૂતરીઓ, જેટલી મીનડીઓ, જેટલી વાનરીઓ એ આદિક જે જે ચોરાશીમાં જીવ છે તે સર્વેને પેટ કેટલીકવાર જન્મ ધર્યાં છે અને આ જગતમાં જેટલી જાતની સ્ત્રીઓ છે તેમાં કેઈ એણે સ્ત્રી નથી કરી ? સર્વેને પોતાની સ્ત્રીઓ કરી છે. તેમ જ એ જીવે સ્ત્રીના દેહ ધરીધરીને જગતમાં જેટલી જાતના પુરુષ છે તે સર્વેને પોતાના ધણી કર્યા છે. તેટલા માટે **જેમ એ ચોરાશી લાખ જાતનાં સગપણને હમણે માનતા નથી તથા ચોરાશી લાખ જાતના દેહને પોતાનું દેહ માનતા નથી, તેમ જ આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહિ અને આ દેહનાં સંબંધીને પોતાનાં સંબંધી માનવાં નહિ. કેમ જે ચોરાશી લાખ જાતના દેહ ધર્યા તેનો સંબંધ રહ્યો નહિ; તો આ દેહનો સંબંધ પણ નહિ જ રહે.** તે માટે દેહગેહાદિક સર્વ પદાર્થને અસત્ય જાણીને તથા દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તેથી જુદું પોતાનું સ્વરૂપ જાણીને તથા પોતાના ધર્મમાં રહીને ભગવાનની નિષ્કામ ભક્તિ કરવી અને દિવસે દિવસે ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો.

અને જે **આવી રીતે નથી સમજતો અને કેવળ દેહાભિમાની ને પ્રાકૃત મતિવાળો છે અને તે જો સત્સંગમાં પડ્યો છે તોપણ એને પશુ જેવો જાણવો** અને આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે. તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે, તો મનુષ્યનું કલ્યાણ થાય તેમાં શું આશ્ચર્ય કહેવાય ? પણ એને ખરેખરો ભગવાનનો એકાંતિક ભક્ત ન કહેવાય. એકાંતિક ભક્ત તો જેની પ્રથમ કહી એવી સમજણ હોય તેને જ કહીએ. અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. **તે અક્ષરનાં બે સ્વરૂપ છે;** એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે અને એ અક્ષરધામને વિષે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તે સદા વિરાજમાન છે અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટી મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે અને પુરુષોત્તમ નારાયણ તે સર્વના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે.

**માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે,** 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજુર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઈચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી. અને ભગવાનનું અતિશય માહાત્મ્ય યથાર્થ સમજીને ભગવાન વિના બીજાં જે સ્ત્રીધનાદિક સર્વ પદાર્થ તેની જે વાસના તેને દેહ છતે જ ટાળી નાખવી અને જો ભગવાન વિના બીજા પદાર્થની વાસના રહી ગઈ હોય ને તેનો દેહ પડે ને તેને ભગવાનના ધામમાં જાતે જો માર્ગમાં સિદ્ધિઓ દેખાય, તો તે ભગવાનને

મૂકીને તે સિદ્ધિઓમાં લોભાઈ જાય તો તેને મોટું વિઘ્ન થાય, માટે સર્વ પદાર્થની વાસના ટાળીને ભગવાનને ભજવા.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૧॥**

## ॥ વચનામૃત ૨૨મું : સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૪ ચોથને દિવસ મધ્યાહ્ન સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં ને પાઘને વિષે ફૂલનો તોરો ખોસ્યો હતો ને બે કાન ઉપર પુષ્પનાં ગુચ્છ ધાર્યાં હતાં ને કંઠમાં ગુલદાવદીનાં પુષ્પનો હાર પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પરમહંસ કીર્તન ગાતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'સાંભળો એક વાત કરીએ.'** ત્યારે સર્વ પરમહંસ ગાવવું રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. **તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટણ કરવું તથા નારાયણ ધૂન્ય કરવી ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું** અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહિ; **માટે હાલતાં, ચાલતાં, ખાતાંપીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય.**

અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે

અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.'' એટલી વાત કરીને શ્રીજી મહારાજ બોલ્યા જે, 'હવે કીર્તન ગાઓ.' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૨ ॥

## ॥ વચનામૃત ૨૩મું : પાણીનો ઘડો ઢોળ્યાનું - સ્થિતિમાં રહેવાનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્રીજી મહારાજે માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળું અંગરખું પહેર્યું હતું તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા કેડ્યે કસુંબલ શેલું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી કરુણા કરીને પરમહંસની આગળ શ્રીજી મહારાજ વાત કરવા લાગ્યા જે, ''વાસુદેવમાહાત્મ્ય નામે જે ગ્રંથ તે અમને અતિશય પ્રિય છે; કેમ જે, ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે એ ગ્રંથમાં કહી છે અને ભગવાનના જે ભક્ત તે બે પ્રકારના છે.** તેમાં એકને ભગવાનનો નિશ્ચય તો યથાર્થ છે પણ તે દેહાત્મબુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે; અને બીજો તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે. પછી ત્રણ અવસ્થાથી ને ત્રણ શરીરથી પર જે પોતાનું સ્વરૂપ તેને અતિશય પ્રકાશમાન ભાળે અને તે પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે તેવી અતિશય પ્રકાશે યુકત ભાસે, એવીરીતની સ્થિતિવાળો હોય ને **એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તોપણ તેને માથે વિઘ્ન છે** અને જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને

મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં; અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી સ્થિતિને ન પામ્યો હોય તો ભગ -વાનને વિષે પણ પ્રાકૃત ભાવ પરઠાઈ જાય છે. જેમ રાજા પરીક્ષિત એવો ભકત નો'તો તો, રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સંશય થયો અને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહિ **અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે** મારે વિષે કોઈ દોષ અડી શકે નહિ તથા તે દોષ કાંઈ બાધ કરી શકે નહિ, તો જેને ભજને કરીને હું આવો થયો એવા **જે ભગવાન તેને વિષે તો કોઈ માયિક દોષ હોય જ કેમ?** એમ દૃઢપણે સમજે છે.

**અને એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની મૂર્તિને વિષે જ્યારે વૃત્તિને રાખે છે ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે.** તેમાં એક વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે અને બીજી તો જે ભજનનો કરનારો તેમાં રહે છે અને ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે તે પ્રેમે યુકત રહે છે અને ભજનના કરનારામાં જે વૃત્તિ રહે છે તે તો વિચારે યુકત રહે છે અને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનના ભજન વિના બીજા જે જે ઘાટ-સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાખે છે, તથા તે ભજનના કરનારામાં જે દોષ તે સર્વેને ખોટા કરી નાખે છે. એવી રીતે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે.

**અને ઘડીક તો એકાગ્ર ચિત્તે બેસીને ભગવાનનું ભજન** કરે ને ઘડીકમાં તો ચાળા ચૂંથતો ફરે તેને તો એવી સ્થિતિ થતી નથી. જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ, તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ. કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય, તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતાં, પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે

ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૩ ॥

## ॥ વચનામૃત ૨૪મું : જ્ઞાનની સ્થિતિનું-માહાત્મ્યરૂપી ખટાઈનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૬ છઠને દિવસ સંધ્યા સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજતા હતા અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ચોફાળ ઓઢયો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, જે રીતે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તે કહીએ છીએ. તે જ્ઞાન કેવું છે?** તો પ્રકૃતિપુરુષથી પર છે અને જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી અને એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે. અને એવી સ્થિતિ થાય છે તેને એકરસ ચૈતન્ય ભાસે છે ને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે, પણ બીજો કોઈ આકાર રહેતો નથી અને ક્યારેક તો એ પ્રકાશમાં ભગવાનની મૂર્તિ પણ દેખાય નહિ, એકલો પ્રકાશ જ દેખાય છે ને ક્યારેક તો પ્રકાશ પણ દેખાય ને ભગવાનની મૂર્તિ પણ દેખાય એને જ્ઞાને કરીને સ્થિતિ જાણવી અને **જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ દેખાય છે, તે મૂર્તિને વિષે અખંડ વૃત્તિ રહે તેણે કરીને એવી સ્થિતિ થાય છે** અને જેને જેવો ભગવાનનો મહિમા સમજાણો હોય તેના હૃદયમાં તેટલો જ પ્રકાશ થાય છે ને તેટલો જ તેને પ્રણવ ને નાદ સંભળાય છે અને **જેટલો જેને ભગવાનનો નિશ્ચય ને મહિમા સમજાય છે તેને તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે** અને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટમાત્ર ટળી જાય છે.

જેમ લીંબુની એક ચીર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ

હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહિ ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ, તેમ **ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.** ત્યારે એ જીવ મનરૂપ પોતાને ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી, તેમ જ ચિત્તરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયનું ચિંતવન કરવા સમર્થ થતો નથી, તેમ જ બુદ્ધિરૂપ પોતાની ડાઢ્યે કરીને નિશ્ચય કરવા સમર્થ થતો નથી તેમ જ અહંકારરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષય સંબંધી અભિમાન કરવા સમર્થ થતો નથી, તેમ જ પંચ જ્ઞાન ઈન્દ્રિયો ને પંચ કર્મ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો છે તે ડાઢ્યે કરીને તે તે ઈન્દ્રિયોના વિષયરૂપ જે ચણા તેને ચાવવાને સમર્થ થતો નથી અને જેને યથાર્થ ભગવાનનો નિશ્ચય ન હોય ને યથાર્થ ભગવાનનો મહિમા જણાણો ન હોય, તેનાં ઈન્દ્રિયો તથા અંતઃકરણ તે પોતપોતાના વિષય થકી યથાર્થપણે નિવૃત્તિ પામતાં નથી.

**અને જે ભગવાનનું સ્વરૂપ છે,** તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ; તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે ને જે ભગ-વાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે; એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાખીએ તે પોતાની આંખમાં પડે છે તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે અને

પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **'કોઈ વિષયમાં પણ પોતાનાં ઈન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તોપણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે?'** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એ પણ હરિભક્તમાં મોટી ખોટય છે; જે પોતાનું મન સ્થિર થયું છે ને ભગવાનનો નિશ્ચય પણ અતિશય દૃઢ છે. તોયપણ હૈયામાં અતિશય આનંદ આવતો નથી જે, હું ધન્ય છું ને હું કૃતાર્થ થયો છું અને આ સંસારમાં જે જીવ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા તેને વિષે હેરાન થતા ફરે છે અને ત્રિવિધ તાપમાં રાતદિવસ બળે છે; અને મને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામક્રોધાદિ સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે. એવો વિચાર નથી કરતો ને આઠો પહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે. જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી. તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠો પહોર કેફ રહેતો નથી જે મારું પૂર્ણકામપણું થયું છે એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.

અને જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે. તો એનો પૂર્વ જન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે. એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.''

એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૪॥

## વચનામૃત ૨૫મું : વીસ કોશના પ્રવાહનું - સમાધિનું

સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૭ સપ્તમીને દિવસ પ્રભાત સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળો ફેંટો બાંધ્યો હતો ને આથમણે પરથારે ઉગમણું મુખારવિંદ કરીને વિરાજમાન હતા ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ કૃપા કરીને બોલ્યા જે,** ''સ્વધર્મે યુક્ત એવો જે ભગવાનનો ભક્ત, તેના અંતરને વિષે તો પોતાનું યથાર્થ પૂર્ણકામપણું મનાતું નથી અને તે પૂર્ણકામપણું તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તેણે કરીને જ થાય છે અને એ બેમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી પૂર્ણકામ-પણામાં ન્યૂનતા રહે છે, માટે એ બે વાનાં તો ભગવાનના ભક્તને દૃઢપણે સાધવાં. અને એ બેમાં જેટલી ખામી રહે તેટલી તો સમાધિમાં પણ નડે છે. અને **હમણાં અમે એક હરિભક્તને સમાધિ કરાવી હતી** તે તેને તેજ અતિશય દેખાણું; તે તેજને જોઈને ચીસ પાડવા માંડી ને કહ્યું જે, 'હું બળું છું' માટે સમાધિવાળાને પણ આત્મજ્ઞાનનું જરૂર કામ પડે છે અને પોતાનું સ્વરૂપ આત્મા ન જાણે ને દેહને માને તો તેને ઘણી કાચ્યપ રહી જાય છે અને **અમે તે હરિભક્તને સમજાવ્યું જે,** 'તારું સ્વરૂપ તો આત્મા છે, દેહ નથી ને આ લાડકીબાઈ નામ અને ભાટનો દેહ તે તું નથી અને અછેદ્ય-અભેદ્ય એવો જે આત્મા, તે તારું સ્વરૂપ છે.' પછી અમે તેને સમાધિ કરાવીને કહ્યું જે, 'ગણપતિને સ્થાનકે ચાર પાંખડીનું કમળ છે ત્યાં જઈને તારું સ્વરૂપ જો.'

અને જ્યારે સમાધિવાળો ગણપતિને સ્થાનકે જાય છે ત્યારે ત્યાં નાદ સંભળાય છે ને પ્રકાશ દેખાય છે. અને તેથી પર બ્રહ્માના સ્થાનકને વિષે જાય છે ત્યારે તેથી નાદ પણ ઘણો સંભળાય છે ને પ્રકાશ પણ તેથી અતિશય ઘણો દેખાય છે અને તેથી પર વિષ્ણુને સ્થાનકે જાય છે ત્યારે તેથી અતિશય નાદ સંભળાય છે ને તેથી તેજ પણ અતિશય દેખાય છે. એવી રીતે જેમ જેમ

ઊંચા ઊંચા સ્થાનકને વિષે જાય છે તેમ તેમ વધુ નાદ સંભળાય છે ને વધુ વધુ પ્રકાશ દેખાય છે અને એવી રીતે સમાધિમાં અતિશય તેજ દેખાય છે અને અતિશય નાદ થાય છે ને કડાકા અતિશય થાય છે. તે ગમે તેવો ધીરજવાન હોય તોપણ કાયરપણું આવી જાય છે. જો અર્જુન ભગવાનના અંશ હતા અને મહા શૂરવીર હતા તોપણ ભગવાનનું વિશ્વરૂપ જોવાને સમર્થ થયા નહિ, માટે એમ બોલ્યા જે, હે મહારાજ ! આ રૂપ જોવાને હું સમર્થ નથી માટે તમારું જેવું પ્રથમ રૂપ હતું તેવું તમારું દર્શન કરાવો. એવી રીતે એવા સમર્થને પણ સમાધિને વિષે જ્યારે બ્રહ્માંડ ફાટી જાય એવા કડાકા થાય છે અને જેમ સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના સમૂહ દેખાય છે ત્યારે ધીરજ રહેતી નથી, **તે સારુ દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું સમજવું જોઈએ** અને એવી જે સમાધિ થાય છે તેના બે ભેદ છે એક તો પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે અને બીજો પ્રકાર એ છે જે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. **તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે?** તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય.

અને **તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય ?** તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય, ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીશ કોઈ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદોજુદો ચાલતો હોય, ત્યારે તે પ્રવાહમાં જોર હોય નહિ અને તે વીશે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશય બળવાન પ્રવાહ થાય, તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ. **તેમ જેની વૃત્તિ નિર્વાસનિક થાય છે ત્યારે તેનું ચિત્ત છે તે ભગવાનના સ્વરૂપમાં જોડાય છે** અને જેના ચિત્તમાં સંસારના સુખની વાસના હોય તેને તો શ્રોત્ર ઈન્દ્રિય દ્વારે અનંત જાતના જે શબ્દ તેને વિષે જુદીજુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમજ ત્વચા ઈન્દ્રિય દ્વારે હજારો જાતના જે સ્પર્શ તેને વિષે જુદીજુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમજ નેત્ર ઈન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતના જે રૂપ તેને

વિશે ફેલાઈ જાય છે તેમજ રસના ઈન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતના જે રસ તેમાં ફેલાઈ જાય છે  તેમજ નાસિકા ઈન્દ્રિયની વૃત્તિ તે અનંત જાતના જે ગંધ તેમાં ફેલાઈ જાય છે, તેમજ કર્મ ઈન્દ્રિયોની વૃત્તિઓ પણ પોતપોતાના વિષયને વિષે હજારો પ્રકારે ફેલાઈ જાય છે. એવી રીતે દશે ઈન્દ્રિયો દ્વારે એનું અંતઃકરણ છે તે હજારો પ્રકારે ફેલાઈ ગયું છે. તે જ્યારે ચિત્ત તે ભગવાનનું જ ચિંતવન કરે અને મન તે ભગવાનનો જ ઘાટ ઘડે અને બુદ્ધિ તે ભગવાનના સ્વરૂપનો જ નિશ્ચય કરે અને અહંકાર તે હું આત્મા છું ને ભગવાનનો ભક્ત છું એવું જ અભિમાન ધરે **ત્યારે એની એક વાસના થઈ જાણવી.** અને પ્રાણે કરીને જે ચિત્તનો નિરોધ થાય છે તે તો અષ્ટાંગયોગે કરીને થાય છે, તે અષ્ટાંગયોગ તો યમ, નિયમ, આસન, પ્રાણા-યામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ. એ જે આઠ અંગ તેણે યુકત છે. અને **અષ્ટાંગયોગ તે સાધનરૂપ છે ને એનું ફળ તે ભગવાનને વિષે નિર્વિકલ્પ સમાધિ છે.** તે જ્યારે એવી નિર્વિકલ્પ સમાધિ થાય છે ત્યારે પ્રાણને નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે અને જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે.

માટે જેમ અષ્ટાંગયોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને ચિત્તનો નિરોધ થાય છે **માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો;** માટે અમે કહ્યાં જે આત્મનિષ્ઠા અને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે સાધન તે દૃઢપણે રાખવાં અને વર્તમાન ધર્મ છે તે તો ભગવાનની આજ્ઞા છે તે જરૂર રાખવાં. જેમ બ્રાહ્મણનો ધર્મ છે જે નાવું-ધોવું ને પવિત્રપણે રહેવું તે કોઈ દિવસ શૂદ્રના ઘરનું પાણી પીવે જ નહિ. તેમ સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહિ. કેમ જે એ ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે.

**અને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન તથા વૈરાગ્યે સહિત આત્મજ્ઞાન એ બેની**

**અતિશય દઢતા રાખવી અને પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું** જે હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી અને તે સમજાણ્યને કેફે કરીને છકી પણ જવું નહિ અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ અને જો અકૃતાર્થપણું માને તો એની ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બીજ વાવ્યું તે ઊગ્યું જ નહિ અને જો છકી જઈને જેમતેમ કરવા લાગે, તો જાણીએ અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું, માટે અમે કહ્યું તેમ જે સમજે તેને કોઈ પ્રકારની ન્યૂનતા રહે નહિ.'' એમ કહીને શ્રીજી મહારાજ પોતાના આસન ઉપર પધાર્યા. **ઈતિ વચનામૃતમ્ ૨૫**

## ॥ વચનામૃત ૨૬મું : સાચા રસિક ભક્તનું, નિર્ગુણ ભાવનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ બપોરને સમે શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે ધોળી પાઘ બાંધી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળો ચોફાળ ઓઢ્યો હતો તથા બે કાનને ઉપર ગુલદાવદીનાં મોટાં મોટાં બે પુષ્પ ખોસ્યાં હતાં તથા પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાલપખાજ લઈને કીર્તન ગાતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે કીર્તન બોલવાં રાખો ને અમે આ એક વાતરૂપ કીર્તન બોલીએ તે સાંભળો.'' **પછી પરમહંસે કહ્યું જે,** ''હે મહારાજ! બહુ સારું, તમો વાત કરો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનનાં રસિક કીર્તન ગાતાં ગાતાં જો એક ભગવાનના સ્વરૂપમાં જ રસ જણાય તો ઠીક છે અને જો ભગવાનના સ્વરૂપ વિના બીજે ઠેકાણે રસ જણાય તો તો એમાં મોટી ખોટ્ય છે, કેમ જે એ ભક્તને જેમ ભગવાનના શબ્દમાં હેત થાય છે, ને તે શબ્દમાં રસ જણાય છે તેમજ ગીત વાંજિત્રના શબ્દમાં અથવા સ્ત્રી આદિકના શબ્દમાં રસ જણાય છે ને હેત થાય છે માટે એ ભક્તને અવિવેકી જાણવો અને ભગવાન અથવા

ભગવાનના સંત તેનાં જે વચન તેને વિષે જેવો રસ જણાય છે તેવો જ બીજા વિષયના શબ્દમાં રસ જણાય છે, એવી જે એ મૂર્ખતા તેનો ત્યાગ કરવો અને એવી મૂર્ખતાનો ત્યાગ કરીને એક ભગવાનને શબ્દે કરીનેજ સુખ માનવું અને એવી જાતનો **જે રસિક ભક્ત છે તે ખરો છે** અને જેમ શબ્દ તેમજ સ્પર્શ પણ એક ભગવાનનો જ ઈચ્છે અને અન્ય સ્પર્શને તો કાળો નાગ તથા બળતો અગ્નિ તે જેવો જાણે ત્યારે તે રસિક ભક્ત સાચો, તેમ જ રૂપ પણ ભગવાનનું જોઈને પરમ આનંદ પામે ને બીજાં રૂપને તો જેવો નરકનો ઢગલો તથા સડેલ કૂતરું તેવું જાણે એ રસિક ભક્ત સાચો તેમજ રસ પણ ભગવાનના મહાપ્રસાદનો હોય તેણે કરીને પરમ આનંદ પામે પણ બીજા જે નાના પ્રકારના રસ તેને સ્વાદે કરીને આનંદને ન પામે **તે રસિક ભક્ત સાચો** તેમ જ ભગવાનને ચડ્યાં એવાં જે તુલસી, પુષ્પના હાર તથા નાના પ્રકારની સુગંધીએ યુક્ત એવાં અત્તર-ચંદનાદિક તેની સુગંધીને ગ્રહણ કરીને પરમ આનંદ પામે પણ કોઈ અન્ય વિષયી જીવે દેહે અત્તર-ચંદનાદિક ચરચ્યાં હોય અથવા પુષ્પના હાર પહેર્યા હોય તેના સુગંધને પામીને રાજી ન જ થાય.

એવી રીતે પંચ વિષય ભગવાન સંબંધી હોય તેને વિષે અતિશય પ્રીતિવાન થાય અને જગત સંબંધી જે પંચ વિષય તેને વિષે અતિશય અભાવે યુક્ત વર્તે તે રસિક ભક્ત સાચો છે. **અને રસિક ભક્ત થઈને** જેમ ભગવાન સંબંધી વિષયને યોગે કરીને આનંદ પામે છે તેમજ અન્ય સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તેને યોગે કરીને જો આનંદ પામે છે તો એ ખોટો રસિક ભક્ત છે. કેમ જે જેમ ભગવાનને વિષે આનંદને પામ્યો તેમજ વિષયને વિષે પણ આનંદને પામ્યો. માટે એવા રસિકપણાને અને એવી ઉપાસનાને ખોટી કરી નાખવી. કાં જે ભગવાન તો કાંઈ ખોટા નથી પણ એનો ભાવ ખોટો છે અને જેવા અન્ય પદાર્થને જાણ્યા તેવા જ ભગવાનને પણ જાણ્યા, માટે એની ભક્તિ અને એનું રસિકપણું તે ખોટું કહ્યું.

**હવે જેમ સ્થૂળ દેહ અને જાગ્રત અવસ્થામાં પંચ વિષયનો વિવેક કહ્યો** તેમ

જ સૂક્ષ્મ દેહ અને સ્વપ્ન અવસ્થા તેને વિષે સૂક્ષ્મ પંચવિષય છે. તે સ્વપ્નમાં જ્યારે ભગવાનની મૂર્તિને દેખીને તે ભગવાન સંબંધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધે કરીને જેવો આનંદ પમાય, તેવો ને તેવો જ જો અન્ય પંચવિષયને દેખીને સ્વપ્નમાં આનંદ પમાય તો તે ભક્તનું રસિકપણું ખોટું છે અને સ્વપ્નમાં કેવળ ભગવાનને સંબંધે કરીને આનંદ પામતો હોય અને અન્ય વિષયને વિષે ઊલટા અન્નની પેઠે અભાવ રહેતો હોય, તો એ રસિક ભક્ત સાચો છે અને એમ ન જાણતો હોય તો જે ભગવાન સ્વપ્નમાં દેખાયા તે તો સાચા છે પણ એ ભક્તને તો જેવો ભગવાનમાં પ્રેમ તેવો અન્ય વિષયમાં પ્રેમ છે માટે એની સમજણ ખોટી છે. અને એક ભગવાનના સ્વરૂપમાં લોભાઈ રહે ને બીજા વિષયમાં ન લોભાય તે સમજણ સાચી છે. અને જ્યારે કેવળ ભગવાનનું જ ચિંતવન રહે છે ત્યારે ચિંતવન કરતાં કરતાં શૂન્ય ભાવને પામી જાય છે ત્યારે એ ભક્તને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. પછી એવા શૂન્યને વિષે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે છે અને તે પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે; **માટે એવી રીતે કેવળ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે.**

અને અમે પણ જ્યારે તમે રસિક કીર્તન ગાવો છો ત્યારે આંખ્યો મીંચીને વિચારીએ છીએ તે આવો જ વિચાર કરીએ છીએ અને **અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી.** અને ભગવાનના સ્વરૂપમાં જ રસિક પ્રીતિ છે તેમાં જો કોઈ વિષય આડો આવે તો તેનું માથું ઊડી જાય એવો અમારો બળવાન વિચાર છે અને તમે જેમ કીર્તન જોડી રાખો છો તેમ અમે પણ આ વાત કરી એટલું એ કીર્તન જોડી રાખ્યું છે તે તમારી આગળ કહ્યું.'' એમ શ્રીજી મહારાજે પોતાનું મિષ લઈને પોતાના ભક્તને અર્થે વાત કરી દેખાડી. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૬ ॥**

## વચનામૃત ૨૭મું : ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજી મહારાજ દિવસ**

Index



ઊગ્યા પહેલાં શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો ચોફાળ ઓઢ્યો હતો તથા ખેસ પહેર્યો હતો ને ઓટા ઉપર આથમણું મુખારવિંદ રાખીને વિરાજ-માન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ **અર્ધઘડી સુધી તો પોતાની નાસિકાના અગ્ર સામું જોઈ રહ્યા ને પછી બોલ્યા જે,** ''પરમેશ્વરને ભજવાની તો સર્વેને ઈચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે; માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે, **જે એમ સમજતો હોય જે,** 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે એવાં અનંત આશ્ચર્ય છે, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.' એમ સમજે પણ **પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ અને** 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે. તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે.

**અને વળી પોતે એમ જ સમજતો હોય જે,** 'ચાયે કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે; તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે

Index



બેયને જે તુલ્ય જાણે છે; એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુકત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવના માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. **એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે.** તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોના ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે અને એવી રીતની ક્ષમાવાળા છે તે જ અતિ મોટા છે.

અને જે આંખ્યો કાઢીને પોતાથી ગરીબ હોય તેને બિવરાવે છે ને મનમાં જાણે જે 'હું મોટો થયો છું' પણ એ મોટો નથી; અથવા સિદ્ધાઈ દેખાડીને લોકોને ડરાવે છે. એવા જે જગતમાં જીવ છે તે ભગવાનના ભક્ત નથી, એ તો માયાના જીવ છે અને યમપુરીના અધિકારી છે; અને એવાની જે મોટ્યપ છે તે સંસારના માર્ગમાં છે. જેમ, સંસારમાં જેને ઘોડું ચડવા ન હોય તેથી જેને ઘોડું હોય તે મોટો અને એક ઘોડું જેને હોય તેથી જેને પાંચ ઘોડા હોય તે મોટો, એમ જેમ જેમ અધિક સંપત્તિ હોય તેમ સંસાર વ્યવહારમાં અતિ મોટો કહેવાય; પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી અને જેની મતિ એવી હોય જે, આ સ્ત્રી તો અતિશય રૂપવાન છે અને આ વસ્ત્ર તો અતિશય સારું છે અને આ મેડી તો ઘણી સારી છે અને આ તુંબડી તો અતિશય સારી છે ને આ પાત્ર તો અતિશય સારું છે **એવી રીતના જે ગૃહસ્થ તથા ભેખધારી તે સર્વે તુચ્છ**

**બુદ્ધિવાળા છે** ત્યારે તમે કહેશો જે એનું કલ્યાણ થશે કે નહિ થાય ? તો કલ્યાણ તો પામર જેવો સત્સંગમાં હોય તેનુંય થાય છે, પણ **મોરે કહી એવી જે સંતતા તે એમાં કોઈ દહાડે આવતી નથી તથા પૂર્વે કહ્યા એવા જે સંત તેના જે ગુણ તે પણ એવામાં આવતા નથી, કાં જે એ પાત્ર થયો નથી.''** એમ વાર્તા કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૭ ॥

## ॥ વચનામૃત ૨૮મું : અર્ધબળ્યા કાષ્ટનું - વધવા-ઘટવાનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુને જમવાની પંક્તિ થઈ હતી.**

**તે સમે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને** અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે ને પોતાના હૈયામાં એમ જાણે જે, 'સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું.' એમ સર્વથી અધિક પોતાને જાણે અને રાત્રિદિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ અને રાત્રિમાં સૂવે તો નિદ્રા પણ આવે નહિ અને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ અને અર્ધબળેલા કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે. એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે એ સત્સંગમાંથી પડવાનો થયો છે અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ અને અંતે પાછો પડી જાય છે.

**અને સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને** દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિ-ભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે,

'શુભ વાસના વૃદ્ધિ પામી છે' અને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે.'' એવી રીતે શ્રીજી મહારાજ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને આસને પધાર્યા.

**|| ઈતિ વચનામૃતમ્ || ૨૮ ||**

## || વચનામૃત ૨૯મું : ધર્માદિકનું બળ વૃદ્ધિ પામ્યાનું ||

**સંવત્ ૧૮૭૬ના પોષ સુદિ ૧૫ પુન્યમને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે ધોળાં પુષ્પનો તોરો લટકતો હતો ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'પ્રશ્ન પૂછો' ત્યારે **ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એના ઉપાય ચાર છે. એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ.** તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશ, કાળ ને સંગનું કારણ વિશેષ છે. કેમ જે, જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય અને તમ જેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડી જ થાય અને જો સિંધ જેવો ભૂંડો દેશ હોય તથા ભૂંડો કાળ હોય તથા પાતર્યો ને ભડવા અથવા દારૂ-માંસના ભક્ષણ કરનારા તેનો સંગ થાય તો ક્રિયા પણ ભૂંડી જ થાય; માટે પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડો કાળ વર્તતો હોય ત્યાંથી આઘુંપાછું ખસી નીસરવું અને સંગ પણ પ્રભુના ભક્ત અને પંચ વર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે, એ પ્રશ્નનો એ ઉત્તર છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! કોઈક હરિભક્ત હોય તેને પ્રથમ તો અંતર ગોબરું સરખું હોય અને પછી તો અતિશય શુદ્ધ થઈ જાય છે,**

તે એને પૂર્વનો સંસ્કાર છે તેણે કરીને એમ થયું ? કે ભગવાનની કૃપાએ કરીને એમ થયું ? કે એ હરિભક્તને પુરુષપ્રયત્ને કરીને થયું?' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'પૂર્વને સંસ્કારે કરીને જે સારું અથવા નરસું થાય તે તો સર્વ જગતના જાણ્યામાં આવે જેમ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ એવે ઠેકાણે પ્રારબ્ધ લેવાય અથવા કોઈ કંગાલ હોય ને તેને મોટું રાજ્ય મળે એવી રીતે થાય તે તો સર્વ જગતના જાણ્યામાં આવે ત્યારે તેને તો પ્રારબ્ધ જાણવું.'

**પછી શ્રીજી મહારાજે પોતાની વાત કરી જે,** 'અમે જે જે સાધન કર્યાં હતાં તેને વિષે કોઈ રીતે દેહ રહે જ નહિ ને તેમાં પણ દેહ રહ્યો તેને પ્રારબ્ધ કહીએ, તે શું તો અમે શ્રીપુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ-ચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી તેને વિષે એક વાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા હતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અરણાપાડા તેની ભેળે ફરતા. એવાં એવાં અનંત વિકટ ઠેકાણાં તેને વિષે ફર્યા તોય પણ કોઈ રીતે દેહ પડ્યો નહિ, ત્યારે એવે ઠેકાણે તો પ્રારબ્ધ લેવું અને જેમ સાંદીપનિ નામે બ્રાહ્મણ તેનો પુત્ર તે નરકથી મુકાયો અને વળી જેમ પાંચ વર્ષના ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરવા માંડી ત્યારે વેદાદિકના અર્થની સહેજે સ્ફૂર્તિ થઈ, એવી રીતે અતિ શુદ્ધભાવે કરીને પ્રસન્ન થયા જે ભગવાન તેની ઈચ્છાએ કરીને તથા તે ભગવાનને વરદાને કરીને અથવા અતિ શુદ્ધ ભાવે કરીને પ્રસન્ન થયા જે ભગવાનના એકાંતિક સાધુ તેના વરદાને કરીને જે રૂડી બુદ્ધિ થાય **તેને ભગવાનની કૃપા જાણવી.** અને રૂડા સાધુનો સંગ કરે ને પોતે પોતાને વિચારે કરીને જે સારો થાય **તેને તો પુરુષપ્રયત્ન કહીએ,**'' એમ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજી મહારાજ હસતા હસતા પોતાને આસને પધાર્યા. **|| ઈતિ વચનામૃતમ્ || ૨૯**

## વચનામૃત ૩૦મું : ઘાટના ડંસ બેઠાનું

**સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૧ પડવાને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી**

**ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની હાર્યે ઉત્તરાદે દ્વાર ઓરડો છે તેની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે કાનને વિષે ધોળાં પુષ્પના તોરા લટકતા હતા ને ધોળાં પુષ્પના બેરખા પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિમંડળ કીર્તન ગાતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે તો પ્રશ્ન-ઉત્તર કરો.'' ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યે **દીનાનાથ ભટ્ટે પૂછ્યું જે, ''હે મહારાજ ! કોઈક સમે તો હજારો ઘાટ થાય પણ તેનો મનને વિષે ડંસ બેસે નહિ અને કોઈક સમે તો અલ્પ ઘાટ થાય તેનો પણ મનને વિષે ડંસ બેસે છે, તેનું કારણ શું છે ? અને ભગવાનના ભક્તને એ મનના ઘાટની નિવૃત્તિ થયાનો ઉપાય શો છે ?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનું કારણ તો ગુણ છે. તે જ્યારે તમોગુણ પ્રધાન હોય ને તેમાં ઘાટ થાય ત્યારે સુષુપ્તિ સરખી અવસ્થા રહેતી હોય માટે તેમાં ઘાટનો ડંસ બેસે નહિ. અને જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે પ્રકાશ જેવું વર્તે ને તે સમે જે જે ઘાટ થાય તેને વિચારે કરીને ખોટા કરી નાખે, માટે તે ઘાટનો પણ ડંસ બેસે નહિ અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે જે ઘાટ થાય તેનો મનને વિષે ડંસ બેસે. માટે ડંસ બેસે છે ને નથી બેસતો તેનું કારણ તો ગુણની વૃત્તિ છે અને બુદ્ધિવાન હોય તો આ વાતને વિચારીને જે સમે ઘાટ થાય તે સમે તે ઘાટ સામું જુવે તો પોતામાં જે ગુણ પ્રધાન વર્તતો હોય તેને ઓળખે અને ઘડીઘડી-પળપળમાં સૂક્ષ્મ ઘાટ થાય છે તે તો કોઈના ઓળખ્યામાં આવે નહિ અને તમારા જેવો કોઈક બુદ્ધિવાન હોય તો આખા દિવસમાં બે-ત્રણ ચાર સ્થૂળ ઘાટ થાય તે તેના ઓળખ્યામાં આવે.

અને જે ગુણને પ્રધાનપણે પોતામાં ઘાટ થતા હોય તે સામી દૃષ્ટિ રાખે અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને

નિવૃત્તિ થઈ જાય છે અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે અને **સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ** અને જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે; અને બીજાં સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, **તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો,** તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે.' **ઈતિ વચનામૃતમ્**

## ॥ વચનામૃત ૩૧મું : નિશ્ચય વડે મોટ્યપનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૨ બીજને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.**

**તે સમે યોગાનંદમુનિએ પ્રશ્ન પૂછ્યો જે,** "હે મહારાજ ! **ભગવાનના ભક્ત બે હોય, તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે ને કોઈને વચને કરીને દુઃખવે નહિ અને એક તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન વસ્ત્ર પુષ્પાદિકે કરીને સેવા કર્યા કરે પણ વચને કરીને કોઈને દુઃખવાય ખરું. એવી રીતના બે ભક્ત તેમાં ક્યો શ્રેષ્ઠ** છે?" **પછી શ્રીજી મહારાજે એનો ઉત્તર કર્યો નહિ અને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને તેડાવીને એ પ્રશ્ન સંભળાવ્યો** ને પછી કહ્યું જે "એનો ઉત્તર તમે કરો." **ત્યારે એ બે જણે ઉત્તર કર્યો જે,** "વચને કરીને કોઈને દુઃખવે છે પણ ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. અને નિવૃત્તિને વિષે રહે છે ને કોઈને દુઃખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઈ સેવા થતી નથી તેને અસમર્થ સરખો જાણવો અને જે ટેલચાકરી કરે તેને તો ભક્તિવાળો કહીએ, તે ભક્તિવાળો શ્રેષ્ઠ છે."

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ઉત્તર ઠીક કર્યો અને એવી ભક્તિવાળો હોય ને ભગવાનનાં વચનમાં દૃઢપણે રહ્યો હોય ને તેને વિષે કાંઈક અલ્પ સરખો દોષ દેખાય તે સામું જોઈને તેનો અવગુણ લેવો તે મોટી ખોટ્ય છે અને એવી રીતે દોષ જુવે ત્યારે તો પરમેશ્વરે જીવના કલ્યાણને અર્થે દેહ ધર્યો હોય તેમાં પણ દોષના જોનારાને ખોટ્ય દેખાય ખરી અને અતિ મોટા ભગવાનના ભક્ત હોય તેમાં પણ ખોટ્ય દેખાય ખરી. અને તે દોષને જોનારે ખોટ્ય કાઢી તેણે કરીને પરમેશ્વરના અવતાર અથવા સંત તે શું કલ્યાણકારી નહિ? તે તો કલ્યાણકારી જ છે, પણ જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે. જેમ શિશુપાળ એમ જ કહેતો જે, ''પાંડવ તો વર્ણસંકર છે ને પાંચ જણે એક સ્ત્રી રાખી માટે અધર્મી પણ છે અને કૃષ્ણ છે તે પણ પાખંડી છે કેમ જે જન્મ થયો ત્યાંથી પ્રથમ તો એણે એક સ્ત્રી મારી, ત્યાર પછી બગલો માર્યો, વાછડો માર્યો ને મધના પૂડા ઉખેડ્યા તેણે કરીને એને મધુસૂદન કહે છે પણ એણે કાંઈ મધુ નામે દૈત્ય માર્યો નથી ને વર્ણસંકર એવા જે પાંડવ તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો?'' એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આસુરી બુદ્ધિવાળો શિશુપાળ તેણે લીધો, પણ ભગવાનના ભક્ત હતા તેણે એવો અવગુણ કાંઈ ન લીધો. માટે એવી જાતનો જેને અવગુણ આવે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો.''

**ત્યારે ફરીને તે મુનિએ પૂછ્યું જે,** **''હે મહારાજ, મોટા જે પ્રભુના ભક્ત હોય તેનો તો અવગુણ આવે નહિ પણ જેવો તેવો હરિભક્ત હોય તેનો અવગુણ તો આવે ખરો !''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''જેમ તમે સમજો છો તેમ નાનપ્ય-મોટ્યપ નથી. મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે** અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તો પણ એ નાનો જ છે અને પ્રથમ કહી એવી મોટ્યપ તો આજ આપણા સત્સંગમાં સર્વ હરિભક્તને વિષે છે; કેમજે આજ જે સર્વ હરિભક્ત છે તે એમ સમજે છે જે 'અક્ષરાતીત એવા જે

ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ.' એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા તે ભગવાનની ભક્તિ કરે છે માટે એવા જે હરિભક્ત તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ અને જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૧ ॥

## ॥ વચનામૃત ૩૨મું : મૂર્તિરૂપી માળા ને ખીલાનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૩ ત્રીજને દિવસ પ્રભાત સમે શ્રી ગઢડા મધ્યે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને લલાટને વિષે કેસરની આડ્ય કરી હતી ને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે ધોળાં પુષ્પનો તોરો લટકતો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિ કીર્તન ગાવતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સાંભળો એક પ્રશ્ન કરીએ.'' **ત્યારે મુનિ તથા હરિભક્તે કહ્યું જે,** ''હે મહારાજ, પૂછો.'' **પછી શ્રીજી મહારાજ ઘણીક વાર સુધી વિચારીને બોલ્યા જે,** ''આ સંસારમાં જે વિષયી જીવ હોય તે પંચ વિષય વિના રહી શકે નહિ, તે જેમ એ વિમુખ જીવને પંચ વિષય છે તેમ હરિજનને પણ પંચ વિષય છે, પણ તેમાં ભેદ છે. તે ભેદ કેમ છે? તો વિષયી જીવ તો ભગવાન વિના અન્ય જે ગ્રામ્ય વિષય તેને ભોગવે છે અને ભગવાનના ભક્ત છે તેને તો ભગવાનની કથા સાંભળવી તે જ શ્રોત્રનો વિષય છે અને ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કરવો અથવા સંતના ચરણની રજનો સ્પર્શ કરવો તે ત્વચાનો વિષય છે અને ભગવાનના અથવા સંત તેના દર્શન કરવા તે નેત્રનો વિષય છે અને ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનના ગુણ ગાવવા તે જીભનો વિષય છે અને ભગવાનને ચડ્યાં એવાં જે પુષ્પાદિક તેની સુગંધી લેવી તે ઘ્રાણનો વિષય છે. એવી રીતે વિમુખ અને

હરિભક્તના વિષયમાં ભેદ છે અને એવી રીતના વિષય વિના તો હરિભક્તે પણ રહેવાતું નથી અને નારદ-સનકાદિક જેવા અનાદિ મુક્ત છે તેણે પણ એવા પંચવિષય વિના રહેવાતું નથી; તે સમાધિમાં ઘણા કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનના કથાકીર્તન શ્રવણાદિક વિષયને ભોગવે છે અને જેમ પક્ષી હોય તે પોતાના માળાને મૂકીને ચણવા નીકળે છે. તે ચારો કરીને રાત્રિ સમે પોતાના માળામાં જઈને વિરામ કરે છે પણ પોતપોતાનાં સ્થાનકને કોઈ દિવસ ભૂલીને બીજાને સ્થાનકે જતાં નથી, **તેમ ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથાકીર્તન-શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.**

અને વળી પશુપક્ષી સર્વે જીવ જેમ પોતપોતાનો ચારો કરીને પોતપોતાને સ્થાનકે જઈને વિરામ કરે છે તેમ મનુષ્ય પણ જે જે કાર્ય હોય તેને અર્થે દેશવિદેશ જાય છે પણ પોતાને ઘેર આવે છે ત્યારે નિરાંત કરીને બેસે છે; **એ સર્વ દૃષ્ટાંત સિદ્ધાંત કહ્યાં.** **તે ઉપર તમે સર્વે હરિભક્તને અમે પ્રશ્ન પૂછીએ છીએ જે,** જેમ વિમુખ જીવ ગ્રામ્ય પંચવિષયમાં બંધાણા છે ને તે વિષય વિના પળમાત્ર ચાલતું નથી, તેમ તમે ભગવાનની કથાવાર્તાનું જે શ્રવણાદિક તે રૂપી જે વિષય તેમાં દૃઢપણે બંધાઈને એના વિષયી થયા છો કે નહિ ?

**અને વળી બીજો પ્રશ્ન પૂછીએ છીએ જે,** ‘‘જેમ પક્ષી ચારો કરીને પોતાના માળામાં આવે છે તેમ તમે સર્વે ભગવાનનાં કથાકીર્તનાદિક રૂપી ચારો કરીને પાછા ભગવાનના સ્વરૂપરૂપી માળામાં વિરામ કરો છો કે બીજે જ્યાં ત્યાં વિરામ કરો છો ? અને વળી જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે અને જે હરાયું ઢોર હોય તે ખીલે આવે નહિ અને જેનું તેનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસી રહે. પછી કોઈક ધોકા મૂકે કાં વાઘ આવે તો મારે, તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે **પોતાને ખીલે આવો છો?** કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને **જ્યાં ત્યાં બેસીને વિરામ કરો છો?** એ સર્વે પ્રશ્નનો ઉત્તર પોતાના અંતરમાં વિચારીને મોટા મોટા હો તે કરો.’’

**પછી મુનિ તથા હરિભક્ત સર્વે જુદાજુદા બોલ્યા જે,** ‘હે મહારાજ! ભગવાનની કથાકીર્તનાદિકના વિષયી પણ થયા છીએ અને ભગવાનની મૂર્તિરૂપી જે માળો તથા ખીલો તેને મૂકીને બીજે ઠેકાણે રહેતા પણ નથી.’ તે વાર્તાને સાંભળીને શ્રીજીમહારાજ ઘણું પ્રસન્ન થયા.

**વળી તે ને તે દિવસ બપોર નમતે શ્રીજી મહારાજ દાદાખાચરના દરબાર વચ્ચે લીંબડાતળે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પોતે શ્રી વાસુદેવનારાયણના મંદિરસન્મુખ વિરાજમાન હતા ને મુનિ કીર્તન બોલતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘હવે તો પ્રશ્ન-ઉત્તર કરો.’ **પછી દીનાનાથ ભટ્ટે તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **“કોઈ સમે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજનસ્મરણ થાય છે ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે અને કોઈ સમે તો અંતર ડોળાઈ જાય છે ને ભજન સ્મરણનું સુખ આવતું નથી તેનું શું કારણ છે ?”** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** **“એને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી”** **ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **“કેવી રીતે યુક્તિ જાણવી ?”**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** “યુક્તિ તો એમ છે જે, અંતઃકરણને વિષે ગુણનો પ્રવેશ થાય છે. તે **જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે** અંતઃકરણ નિર્મળ વર્તે ને ભગવાનની મૂર્તિનું ભજનસ્મરણ સુખે થાય અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડોળાઈ જાય ને ઘાટ-સંકલ્પ ઘણા થાય ને ભજનસ્મરણ સુખે થાય નહિ અને **જ્યારે તમોગુણ વર્તે ત્યારે** તો અંતઃકરણ શૂન્ય વર્તે, માટે ભજનના કરનારાને ગુણ ઓળખવા અને જે સમે સત્ત્વગુણ વર્તતો હોય તે સમે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહિ ને શૂન્ય સરખું વર્તે તેમાં પણ ભગવાનનું ધ્યાન ન કરવું. અને **જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે** ઘાટસંકલ્પ ઘણા થાય માટે તે સમે ભગવાનનું ધ્યાન કરવું નહિ અને તે સમે તો એમ જાણવું જે, ‘હું તો સંકલ્પ

થકી જુદો છું ને સંકલ્પનો જાણનારો છું ને તે મારે વિષે અંતર્યામીરૂપે પુરુષોત્તમ ભગવાન સદાકાળ વિરાજે છે અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને રજોગુણ વર્તતો હોય ત્યારે સંકલ્પ ઘણા થાય તે સંકલ્પને જોઈને મૂંઝાવું નહિ, કેમ જે અંતઃકરણ તો જેવું નાનું છોકરું તથા વાનરું તથા કૂતરું તથા બાળકનો રમાડનાર તેવું છે અને એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિના પ્રયોજન ચાળા કર્યા કરે, માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જવું નહિ ને અંતઃકરણના ઘાટને માનવા પણ નહિ ને પોતાને ને અંતઃકરણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું.' **ઈતિ વચનામૃતમ્**

## ॥ વચનામૃત ૩૩મું : મૂઢપણું, પ્રીતિ ને સમજણથી દૃઢ આશરાનું ॥

**સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૫ પંચમીને દિવસ પાછલો પહોર દિવસ હતો ત્યારે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ-નારાયણના મંદિરની જોડે જે ઓરડો તેની ઓસરીએ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે કસુંબી રંગને છેડે રેંટો બાંધ્યો હતો અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**તે સમે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ? તે એવો એક ઉપાય કહો."**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, **ભગવાનનો જે દૃઢ આશરો એજ એક સર્વ સાધનમાં મોટું સાધન છે,** તેણે કરીને ભગવાન રાજી થાય છે અને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહિ. **તે આશરામાં ત્રણ ભેદ છે.** એક મૂઢપણે કરીને ભગવાનનો આશ્રય થાય છે, તે અતિ મૂઢ હોય તેને બ્રહ્મા

જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોય પણ ડોલે નહિ.

અને **બીજો પ્રકાર એ છે જે,** ભગવાનમાં જે પ્રીતિ તેણે કરીને ભગવાનનો દૃઢ આશરો થાય છે તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરીએ પ્રીતિ કરે તોય પણ થતી નથી. એવી રીતે દૃઢ પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય છે.

**અને ત્રીજો પ્રકાર એ છે જે,** જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણ-નિર્ગુણપણું તથા અન્વય-વ્યતિરેકપણું તેને સમજતો હોય અને ભગવાનની માયા થકી જે જે સર્ગ થયો છે તેને સમજતો હોય અને ભગ-વાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય અને જગતની ઉત્પત્તિકાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે તથા પુરુષ પ્રકૃત્તિ રૂપે વર્તે છે તથા વિરાટપુરુષ રૂપે વર્તે છે તથા બ્રહ્માદિક પ્રજાપતિ રૂપે વર્તે છે તથા જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિક રૂપે વર્તે છે. એ સર્વ રીતને સમજી જાણે; અને પુરુષોત્તમ ભગવાનને સર્વથી પર ને નિર્વિકાર સમજતો હોય. એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે, તે બીજાનો ટાળ્યો ટળે નહિ ને પોતાનો પણ ટાળ્યો ટળે નહિ અને ભગવાન મનુષ્યદેહને ગ્રહણ કરીને સમર્થપણે અથવા અસમર્થપણે વર્તતા હોય તો તેને દેખીને તેની બુદ્ધિને વિષે ભ્રાંતિ થાય નહિ.''

**એમ કહીને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**કહો તો તમને એક પ્રશ્ન પૂછું.**'' **ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે,** ''પૂછો મહારાજ,'' **પછી એમ પૂછ્યું જે,** ''**અમે કહ્યાં જે ત્રણ અંગ તેમાં તમારું કયું અંગ છે?** અને એ ત્રણ અંગ ભગવાનના ભક્તને મિશ્રિત હોય પણ તેમાં જે અંગ પ્રધાન હોય તેનું તે અંગ કહેવાય. તો મૂઢપણું, પ્રીતિ અને સમજણ એ જે ત્રણ અંગ તેમાં તમારું કયું અંગ છે?'' **પછી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે,** ''અમારે તો સમજણનું અંગ છે.'' અને બીજા સાધુએ પણ જેને જે અંગ હતાં તે કહ્યાં.

**॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૩ ॥**

## ॥ વચનામૃત ૩૪મું : ભગવાને કળ ચઢાવ્યાનું ॥

સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પનાં ગુચ્છ ખોસ્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો.'' **પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે, તેનું શું કારણ છે?'' પછી તેનો ઉત્તર મુક્તાનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહિ ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ પ્રશ્નનો ઉત્તર સાંભળો અમે કરીએ છીએ જે, જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે, તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે અને ભગવાનને સર્વ સુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે.

અને જો માયિક પદાર્થને વિષે વૈરાગ્ય ન રાખે ને ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા અને નારદાદિક એ જેવા સમર્થ મુક્ત હોય તે પણ

માયિક પદાર્થમાં તણાઈ જાયછે. તેટલા માટે ભગવાનને મૂકીને માયિક પદાર્થનો સંગ કરે તો જરૂર તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય, **તે સારુ પરમેશ્વરના ભક્તને પરમેશ્વર વિના બીજે ઠેકાણે પ્રીતિ રાખવી નહિ.**''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યાનો વારો આવ્યો તે પ્રશ્ન કરો.'' **પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''**જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ કલેશને પામે છે?** એ પ્રશ્ન છે.''

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો એનો ઉત્તર અમે કરીએ જે, **પરમેશ્વરનાં વચનને મૂકીને જ્યારે આડોઅવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે** અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે અને **જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને કલેશ થાય છે.**

માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે. અને **ત્યાગી હોય તેને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પૂરું કહેવાય** ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેને તેટલો કલેશ થાય છે. અને **ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે** પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુસમે સ્ત્રીનો સંગ કરવો, એ આદિક જે જે નિયમ ત્યાગીને અને ગૃહસ્થને કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખદુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે અને જે **ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૪ ॥

## ॥ વચનામૃત ૩૫મું : કલ્યાણના જતનનું ॥

સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષતળે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજતા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ** મુનિ પ્રત્યે બોલ્યા જે, ‘‘તમે પ્રશ્ન પૂછો, કાં અમે પૂછીએ.’’ **ત્યારે મુનિએ કહ્યું જે,** ‘‘હે મહારાજ ! તમે પૂછો,’’ **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘કોઈ પુરુષ છે તેમાં થોડી બુદ્ધિ છે તોપણ પોતાના કલ્યાણને અર્થે જે જતન કરવું તેમાંથી પાછો પડતો નથી અને કોઈ બીજો પુરુષ છે તેમાં બુદ્ધિ તો ઘણી છે અને મોટા મોટામાં પણ ખોટય કાઢે એવો છે તોય પણ તે કલ્યાણને માર્ગે ચાલતો નથી તેનું શું કારણ છે?’’ ત્યારે મુનિએ ઉત્તર કરવા માંડ્યો પણ શ્રીજી મહારાજે આશંકા કરી તે ઉત્તર ન થયો.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘લ્યો અમે ઉત્તર કરીએ જે, **એમાં બુદ્ધિ તો ઝાઝી છે પણ એની બુદ્ધિ દૂષિત છે,** માટે એ કલ્યાણને માર્ગે ચાલી શકતો નથી. જેમ સુંદર ભેંસનું દૂધ હોય, તેમાં સાકર ઘોળી હોય ને તેમાં સર્પની લાળ પડી એટલે તે સાકર ને દૂધ હતું તે ઝેર થયું; પછી તેને જે પીવે તેના પ્રાણ જાય. તેમ બુદ્ધિ તો ઝાઝી છે પણ એણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે; તે અવગુણરૂપ દોષ એની બુદ્ધિમાં આવ્યો છે તે સર્પની લાળ સરખો છે માટે એ તો કલ્યાણને માર્ગે ક્યાંથી ચાલે ? પણ જો કોઈક એના મુખની વાત સાંભળે તો તે સાંભળનારાની બુદ્ધિ પણ સત્સંગમાંથી પાછી પડી જાય છે અને એવી દૂષિત બુદ્ધિવાળો જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં ભગવાનનો અથવા ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે અને જેની બુદ્ધિ એવી રીતે દૂષિત ન હોય ને તે જો થોડી જ હોય તોપણ તે પોતાના કલ્યાણને અર્થે જતન કરતો થકો પાછો પડતો નથી.’’

**ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** "હે મહારાજ! એ કોઈ દિવસ ભગવાનને સન્મુખ થાય કે ન થાય?" **ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે,** "એ તો કોઈ કાળે ભગવાન સન્મુખ થાય જ નહિ."

ત્યારે વળી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **"હે મહારાજ ! કોઈ રીતે એવી આસુરી બુદ્ધિ ન થાય તેનો જે ઉપાય હોય તે કહો."** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એક **ક્રોધ,** બીજું **માન,** ત્રીજી **ઈર્ષ્યા,** ચોથું **કપટ** એ ચાર વાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ, તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહિ અને એ ચાર વાનાં માંહેલું એકે જો રાખે તો જેમ જય-વિજય ઘણાય ડાહ્યા હતા પણ સનકાદિક સંઘાથે માને કરીને વૈકુંઠલોકમાંથી પડી ગયા ને આસુરી બુદ્ધિ થઈ તેમ તેની પણ આસુરી બુદ્ધિ થાય અને જ્યારે આસુરી બુદ્ધિ થાય ત્યારે ભગવાન તથા ભગવાનના ભક્તના જે ગુણ હોય તે દોષ સરખા ભાસે છે અને એ જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં કાં તો શિવનો ગણ થાય ને કાં તો કોઈ દૈત્યનો રાજા થાય અને વૈરભાવે પરમેશ્વરનું ભજન કરે."॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૫॥

## ॥ વચનામૃત ૩૬મું : કંગાલના દષ્ટાંતે સાચા ત્યાગીનું ॥

સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૧૩ તેરસને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ધોળાં ને પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતા અને બે કાન ઉપર ધોળાં પુષ્પનાં ગુચ્છ ખોસ્યાં હતાં ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો લટકતો હતો તથા કર્ણિકારના રાતા પુષ્પનું છોગલું મૂક્યું હતું અને જમણા હાથને વિષે ધોળાં પુષ્પનો દડો ફેરવતા હતા. એવી રીતની શોભાને ધારણ કરતા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ‘‘જેણે સંસાર મૂક્યો ને ત્યાગીનો ભેખ લીધો અને તેને પરમેશ્વરના સ્વરૂપ વિના અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે તેને કેવો જાણવો ? તો ‘જેવો મોટા શાહુકાર માણસની આગળ કંગાલ માણસ હોય તેવો જાણવો.’ જેમ કંગાલ માણસ હોય ને પહેરવા વસ્ત્ર ન મળતું હોય ને ઉકરડામાંથી દાણા વીણી ખાતો હોય, તે પોતે પોતાને પાપી સમજે અને બીજા શાહુકાર લોક પણ તેને પાપી સમજે જે, ‘આણે પાપ કર્યાં હશે માટે એને અન્નવસ્ત્ર મળતું નથી.’ તેમ જે ત્યાગી થઈને સારાં સારાં જે વસ્ત્રાદિ પદાર્થ તેને ભેળાં કરી રાખે અને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવો જે ત્યાગી તેને તો જે મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે. કેમ જે, જો એ પાપી છે તો એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિ થતી નથી અને પરમેશ્વર વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે અને જે ત્યાગી હોય તેને તો કચરો અને કંચન એ બેય બરોબર હોય અને ‘આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું’ એવી તો સમજણ જ હોય નહિ અને એક ભગવાનને વિષે પ્રીતિ હોય, તે જ સાચો ત્યાગી છે.’’ **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૬ ॥**

## ॥ વચનામૃત ૩૭મું : દેશવાસનાનું - અગિયાર પદવીનું ॥

સંવત્ ૧૮૭૬ના પોષ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડા તળે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ વિરાજમાન હતી અને તે પાઘમાં પીળાં પુષ્પનો તોરો વિરાજમાન હતો અને બે કાન ઉપર ધોળાં પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં અને કંઠને વિષે પીળાં ને ધોળાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિજનની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જે અણસમજુ હોય ને તેણે ભેખ લીધો હોય** તો પણ તેને જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેને વિષે હેત ટળતું નથી," એમ કહીને પછી પોતાના સાથળને વિષે નાનપણામાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વને દેખાડ્યો ને બોલ્યા જે, **"આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ અને તલાવડી સાંભરી આવે છે.** માટે જન્મભૂમિ તથા પોતાનાં સગાંસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે. માટે જેને જેને જન્મભૂમિ તથા દેહનાં સંબંધી તે ન સાંભરતાં હોય તે બોલો અને જે લાજે કરીને ન બોલે તેને શ્રીનરનારાયણના સમ છે."

**પછી સર્વે મુનિ જેમ જેને વર્તતું હતું તેમ બોલ્યા. પછી તે સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે, "જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કઈ ? ને તે આત્માનું સગું કોણ ? ને તે આત્માની જાત પણ કઈ ?** અને જો સગપણ લેવું હોય તો પૂર્વે ચોરાશી લાખ જાતના દેહ ધર્યા છે તે સર્વનું સગપણ સરખું જાણવું અને તે સગાંનું કલ્યાણ ઈચ્છવું તો સર્વનું ઈચ્છવું. અને આ મનુષ્યદેહમાં આવ્યા ત્યારે ચોરાશી લાખ જાતનાં જે માબાપ તે અજ્ઞાને કરીને વીસર્યાં છે, તેમ આ મનુષ્ય શરીરનાં જે માબાપ છે તેમને જ્ઞાને કરીને વિસારી દેવાં. અને અમારે તો કોઈ સગાંસંબંધી સાથે હેત નથી તથા અમારી સેવા કરતા હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તોય પણ ન થાય અને જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.

અને **જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને એમ સમજતો હોય જે** 'જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે' અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે' એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ અને એમ જાણે જે

'એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ.' અને એમ જાણે જે 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.'

એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તોપણ એ અમને ગમે છે અને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી અને એવી નિષ્ઠા ન હોય ને તે જો ત્યાગવૈરાગ્યે યુક્ત હોય તોપણ તેનો અમારા અંતરમાં ભાર આવે નહિ અને જેના હૃદયમાં ભગવાનની એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તોપણ પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહિ અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજે જ નહિ, **એવી નિષ્ઠાવાળા જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ** અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ.

**અને એવી નિષ્ઠા વિનાના જે જીવ છે તે** પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છતા નથી, એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઈચ્છે તેવા મૂર્ખ છે, અને જે એવા ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે અને એવી નિષ્ઠા જેને ન હોય ને તેણે બીજાં સાધન જો કર્યાં હોય તો તે બીજા દેવતાના લોકમાં રહે છે અને જે **એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.**'' એવી રીતે વાર્તા કરીને શ્રીજી મહારાજે કહ્યું જે, 'કીર્તન બોલો.' **॥ ઈતિ વચનામૃતમ્ ૩૭**

## ॥ વચનામૃત ૩૮મું : વણિકના નામાનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧ પડવાને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઘોડશાળની ઓસરીએ ગાદલું નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે રાતા છેડાનો ધોળો ફેંટો બાંધ્યો હતો ને દોરિયાનું અંગરખું પહેર્યું હતું ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**તે સમે શ્રીજી મહારાજ સર્વ હરિભક્ત સામું જોઈને ઝાઝી વાર વિચારી રહ્યા અને પછી એમ બોલ્યા જે,** **“સાંભળો, વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે,** ‘પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું; અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,’ એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે. તેમ નિરંતર વિચાર કરવો અને મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે, જેમ ફૂલે કરીને તિલ વસાય છે તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ, તે રૂપ ફૂલને વિષે વાસવું, અને ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો, બીજો શમ્યો ને ત્રીજો કરવો, એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહિ.” એમ કહીને પછી ભૂતનું દૃષ્ટાંત વિસ્તારીને કહી દેખાડ્યું.

**ને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **“એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે તો**

**સત્સંગ થયા તો દશ પન્નર વર્ષ થયાં હોય તે એનો તો પાર જ ન આવે અને તે એવી રીતે સંભારવાં જે,** 'આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ.' ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે. એ જેવો બીજો નથી. ત્યારે તમે કહેશો જે 'અન્ન થોડું ખાઈએ તથા ઘણા ઉપવાસ કરીએ' તો તે અમે કહેતા નથી, એ તો **જેમ જેના નિયમ કહ્યા છે તે પ્રમાણે સાધારણપણે રહેવું અને કરવાનું તો આ અમે તમને કહ્યું તે છે.**

**અને અમે તો એમ માન્યું છે જે,** મન નિર્વાસનિક જોઈએ અને દેહે કરીને ગમે તેટલી પ્રવૃત્તિ હોય ને તેનું મન જો શુદ્ધ છે તો તેનું અતિ ભૂંડું થાય નહિ અને બાહેર લોકમાં તો તે પ્રવૃત્તિવાળાનું ભૂંડા જેવું જણાય અને જેને મનમાં વાસના હોય ને તે બાહેર સારી પેઠે નિવૃત્તિપરાયણ વર્તતો હોય તો તેનું બાહેર લોકમાં તો સારું જણાય પણ તેના જીવનું અતિ ભૂંડું થાય, કેમ જે મૂવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફુરી આવે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું ત્યારે તે મૃગને આકારે થઈ ગયા અને પ્રથમ રાજ્ય મેલ્યું હતું ને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તો પણ એમ થયું, **માટે મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે** અને જે ઉપવાસ કરવા તેણે કરીને દેહ દુર્બળ થાય ત્યારે મન દુર્બળ થાય તો ખરું પણ જ્યારે દેહ પુષ્ટ થાય ત્યારે વળી મન પુષ્ટ થાય **માટે દેહે કરીને ત્યાગ ને મને કરીને ત્યાગ એ બે ભેળા જોઈએ,** અને **જેને મનમાં ભગવાનના ઘાટ થતા હોય ને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે** અને એવો જે ન હોય તે નાનેરો છે.

**અને ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો ને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું** ને વ્યવહાર તો ભગવાનને વચને કરીને રાખવો. અને મનનો ત્યાગ સાચો ન હોય તો જનક

જેવા રાજા હતા તે રાજ્ય કરતા ને મન તો મોટા યોગેશ્વરના જેવું હતું, તે માટે મને કરીને જે ત્યાગ તે જ ઠીક છે અને જે પોતાના મનમાં ભૂંડા ઘાટ થતા હોય તે કહેવા, પણ 'જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે' તથા 'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ' તથા રાંડીને પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, 'આવ બાઈ હું જેવી તું પણ થા' તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ જે ઘાટ કહેવો તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે,

**માટે ઘાટ કેને કહેવો ?** તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો, અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે, તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે તે જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી જાય ત્યાં સુધી બેઠતો-ઊઠતો, ખાતો-પીતો સર્વ ક્રિયામાં વાત કર્યા કરે અને તેના ઘાટ ટાળ્યામાં કેવી ચાડ હોય ? તો જેમ પોતાના ઘાટને ટાળ્યાની ચાડ હોય તેવી હોય, એવા આગળ ઘાટ કહેવો, અને જેની આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાત તો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ? માટે એવી રીતે પોતાના મનનો ઘાટ કહીને તે ઘાટને ટાળી નાખીને પોતાના મનને વિષે કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું.

અને **એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે?** તો દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં, તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય અને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કરવું અને એવી રીતે જેનું મન નિર્વાસનિક ન હોય ને દેહે કરીને તો વ્રત-તપ કરે, તોપણ તેનું અતિશય સારું થતું નથી. માટે જે ભગવાનનો ભક્ત હોય તેને પોતપોતાના ધર્મમાં રહીને તે ભગવાનનું માહાત્મ્ય સમજીને પોતાના મનને નિર્વાસનિક કરવાનો નિત્યે અભ્યાસ રાખવો.' એમ વાર્તા કરી.

**અને વળી શ્રીજી મહારાજે બીજી વાર્તા કરી જે, "સાચો ત્યાગી કેને કહીએ?** તો જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન

થાય. જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થતો નથી, તેમ સંકલ્પ ન થાય. ત્યાં શુકજી પ્રત્યે નારદજીનો કહેલો શ્લોક છે જે **'ત્યજ ધર્મમધર્મં ચ'** અને એ શ્લોકનું હાર્દ એ છે જે, **'એક આત્મા વિના બીજા જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને કેવળ આત્માપણે વર્તવું ને ભગવાનની ઉપાસના કરવી'** તેને પૂરો ત્યાગી કહીએ અને જે ગૃહસ્થ હરિભક્ત હોય તે તો જેમ જનક રાજાએ કહ્યું જે 'આ મારી મિથિલા નગરી બળેછે પણ તેમાં કાંઈ મારું બળતું નથી' ત્યાં શ્લોક છે. જે, **'મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન'** એમ સમજે ને ગૃહમાં રહેતો હોય તે ગૃહસ્થ હરિભક્ત ખરો કહેવાય. અને એવી રીતનો જે ત્યાગી ન હોય ને એવી રીતનો જે ગૃહસ્થ ન હોય તે તો પ્રાકૃત ભક્ત કહેવાય અને મોરે કહ્યો એવો જે હોય તેતો એકાંતિક ભક્ત કહેવાય.' એવી રીતે વાર્તા કરી.

પછી મોટા આત્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **''દેહ ઈન્દ્રિયો તથા અંતઃકરણ તથા દેવતા તેથી જુદો જે જીવાત્મા તેનું રૂપ કેવી રીતે છે?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''થોડાકમાં એનો ઉત્તર કરીએ છીએ જે, દેહ ને ઈન્દ્રિયાદિકના સ્વરૂપનો જે વક્તા તે સર્વેના સ્વરૂપને જુદુંજુદું કરીને શ્રોતાને સમજાવે છે. તે જે સમજાવનારો વક્તા તે દેહાદિક સર્વના પ્રમાણનો કરનારો છે ને જાણનારો છે ને એ સર્વથી જુદો છે એને જ જીવ કહીએ. અને જે શ્રોતા છે તે દેહાદિકના રૂપને જુદાં જુદાં સમજે છે ને એનું પ્રમાણ કરે છે ને એને જાણે છે ને એ સર્વથી જુદો છે, એને જ જીવ કહીએ; **એવી રીતે જીવના સ્વરૂપને સમજવાની રીત છે.''** એવી રીતે વાર્તા કરી. ઈતિ વચનામૃતમ્ ॥૩૮

## ॥ વચનામૃત ૩૯મું : સવિકલ્પ-નિર્વિકલ્પ સ્થિતિવાળાનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પીળાં પુષ્પના તોરા પાઘમાં લટકતા હતા ને કાન ઉપર ધોળાં ને પીળાં પુષ્પનાં ગુચ્છ ખોસ્યાં**

હતાં ને કંઠમાં પીળા પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો હતો તેને પ્રશ્ન પૂછ્યો જે,** ''તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા અને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી. માટે તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, **કેમ જે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે.**'' પછી તે વેદાંતીએ ઘણીક પ્રકારની યુક્તિઓ લાવીને ઉત્તર કરવા માંડ્યો પણ શ્રીજી મહારાજે તેમાં આશંકા કરી, માટે તે પ્રશ્નનું સમાધાન થયું નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સાંભળો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, એ તો પરમેશ્વરને ભજીને થયા જે મુક્ત તેની સ્થિતિના બે ભેદ છે, જેમ મેરુ પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જેતે તે મેરુ થકી ઓરા જે સર્વે પર્વત તથા સર્વે વૃક્ષ તથા તે પર્વત-વૃક્ષનું આધાર જે પૃથ્વીનું તળ તે સર્વેને પૃથક્ પૃથક્પણે દેખે છે, તેમ સવિકલ્પ સમાધિવાળા જે જ્ઞાની મુક્ત તે જે તે જીવ, ઈશ્વર, માયા તથા એમનું આધાર જે બ્રહ્મ એ સર્વને પૃથક્ પૃથક્પણે દેખે છે અને વળી જેમ લોકાલોક પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જે તે લોકાલોક પર્વતથી ઓરા જે પર્વત તથા વૃક્ષ તે સર્વેને એક પૃથ્વીરૂપે જ દેખે છે પણ પૃથક્ પૃથક્પણે નથી દેખતા, તેમ નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એક બ્રહ્મરૂપે કરીને જ દેખે છે પણ પૃથક્પણે નથી દેખતા. **એવી રીતે બે પ્રકારની સ્થિતિવાળા મુકત છે તેની સ્થિતિને યોગે કરીને એ સર્વેનું સત્યપણું કહેવાય છે ને અસત્યપણું કહેવાય છે.**

અને સવિકલ્પ સ્થિતિવાળાનાં વચન વેદ, શાસ્ત્ર, પુરાણાદિકમાં આવે છે

તે એ સર્વેને સત્ય કહે છે અને નિર્વિકલ્પ સ્થિતિવાળાનાં જે વચન તે એ સર્વેને અસત્ય કહે છે પણ કાંઈ એ સર્વે અસત્ય નથી, એ તો એને નિર્વિકલ્પ સ્થિતિને બળે કરીને દેખાતાં નથી માટે અસત્ય કહે છે અને વળી જેમ સૂર્યના રથમાં જે બેઠા હોય તેને રાત નથી પણ જે પૃથ્વી ઉપર રહ્યા છે તેને રાત્રિ-દિવસ છે, તેમ નિર્વિકલ્પ સ્થિતિવાળાને મતે એ સર્વે છે નહિ પણ બીજાને મતે તો એ સર્વે છે અને આવી રીતે બ્રહ્મનિરૂપણ કરે તો શાસ્ત્રનાં વચનમાં પૂર્વાપર બાધ ન આવે ને એમ ન કરે તો પૂર્વાપર બાધ આવે. તે બાધને તો સમજતો ન હોય તથા એવી રીતની સ્થિતિને પણ ન પામ્યો હોય ને કેવળ શાસ્ત્રમાંથી શીખીને વચનમાત્રે કરીને એક બ્રહ્મપણાનું પ્રતિપાદન કરતો હોય ને ગુરુ, શિષ્ય, જીવ, ઈશ્વર, માયા, જગત તથા વેદ, પુરાણ, શાસ્ત્ર એ સર્વેને કલ્પિત કહેતો હોય તે તો મહામૂર્ખ છે ને અંતે નારકી થાય છે.' **એમ કહીને બોલ્યા જે, 'આ અમે વાર્તા કરી તેમાં તમને આશંકા થતી હોય તો બોલો ?થ**

**ત્યારે તે વેદાંતી બ્રાહ્મણ બોલ્યો જે,** ''હે મહારાજ ! હે પ્રભો ! હે સ્વામિન્ ! તમે તો પરમેશ્વર છો અને જગતના કલ્યાણને અર્થે પ્રગટ થયા છો, તે તમે જે ઉત્તર કર્યો તે યથાર્થ છે એમાં આશંકાનો માગ નથી.'' એમ કહીને અતિ પ્રસન્ન થયો અને પોતાની જે અણસમજણ તેનો ત્યાગ કરીને શ્રીજી મહારાજનો આશ્રિત થયો. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૯ ॥**

## ॥ વચનામૃત ૪૦મું : સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૪ ચોથને દિવસ પ્રાતઃકાળે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો લટકતો હતો ને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ સર્વ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજીમહારાજને **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **"હે મહારાજ! સવિકલ્પ સમાધિ તે કેને કહીએ ને નિર્વિકલ્પ સમાધિ તે કેને કહીએ ?"**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેને અશુભ વાસના તો ન હોય ને શુભ વાસના રહી હોય જે, "હું નારદ, સનકાદિક ને શુકજી તે જેવો થાઉં અથવા નરનારાયણના આશ્રમમાં જઈને તે આશ્રમના મુનિ ભેળો રહીને તપ કરું અથવા શ્વેતદ્વીપમાં જઈને તપ કરીને શ્વેતમુક્ત જેવો થાઉં.' એવી રીતનો જેને વિકલ્પ રહેતો હોય તેને સવિકલ્પ સમાધિવાળો કહીએ. અને જેને એવી રીતનો વિકલ્પ ન હોય ને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ."

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** 'હે મહારાજ ! ભક્તિમાં ને ઉપાસનામાં તે શો ભેદ છે?' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** **'શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ । અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્॥'** એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ. અને ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તોપણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તોપણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ." **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૦ ॥**

## વચનામૃત ૪૧મું : 'એકોઽહં બહુસ્યામ્'નું, તારતમ્યતાથી અનુપ્રવેશનું

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ પંચમીને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરને સમીપે લીંબડા તળે ચોતરા ઉપર ઢોલિયે વિરાજમાન હતા ને સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં**

હતાં ને પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પીળાં પુષ્પનાં ગુચ્છ કાન ઉપર ધાર્યા હતાં ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા લટકતા મૂક્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **"પ્રશ્ન-ઉત્તર કરો."** પછી **નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **"હે મહારાજ ! 'એકોઽહં બહુસ્યાં પ્રજાયેય'** એ જે શ્રુતિ તેનો જે અર્થ તેને જગતમાં જે કેટલાક પંડિત છે તથા વેદાંતી છે તે એમ સમજે છે જે, 'પ્રલયકાળને વિષે જે એક ભગવાન હતા તે જ પોતાની ઈચ્છાએ કરીને સૃષ્ટિકાળે સર્વ જીવ ઈશ્વરરૂપે થયા છે.' તે એ વાર્તા તો મૂર્ખ હોય તેના માન્યામાં આવે ને અમારે તો તમારો આશરો છે એટલે એ વાતની ઘેડ બેસતી નથી. અને અમે તો એમ સમજીએ છીએ જે, ભગવાન તો અચ્યુત છે તે ચ્યવીને જીવ-ઈશ્વરરૂપે થાય નહિ. માટે એ શ્રુતિનો જે અર્થ તેતો તમે કહો તો યથાર્થ સમજાય.'

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'એ શ્રુતિનો અર્થ તો એ સર્વે કરે છે એમ નથી, એનો અર્થ તો બીજી રીતે છે. તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યો છે જે, **'સ્વકૃતવિચિત્રયોનિષુ વિષન્નિવ હેતુતયા। તરતમતશ્ચકાસ્ત્યનલવત્ સ્વકૃતાનુકૃતિઃ'** એનો અર્થ એમ છે જે, 'પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિઓ તેમને વિષે કારણપણે અંતર્યામીરૂપે કરીને પ્રવેશ કરીને ન્યૂનાધિકભાવે પ્રકાશ કરે છે. તેની વિગતિ જે અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષરૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે.

**એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ** અને પછી તે પ્રકૃતિ-પુરુષ થકી પ્રધાનપુરુષ થયા અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્ત્વ થયું ને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને અહંકારથી ભૂત, વિષય, ઈંદ્રિયો, અંતઃકરણ અને દેવતા તે થયાં, ને તે થકી વિરાટપુરુષ

થયા ને તેના નાભિકમળમાંથી બ્રહ્મા થયા ને તે બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઈન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા અને સ્થાવરજંગમ સર્વ સૃષ્ટિ થઈ. અને પુરુષોત્તમ ભગવાન જે તે એ સર્વેમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષ-પ્રકૃતિમાં નથી ને જેવા પુરુષ-પ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી ને જેવા પ્રધાનપુરુષમાં છે તેવા મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વમાં નથી, ને જેવા ચોવીશ તત્ત્વમાં છે તેવા વિરાટપુરુષમાં નથી ને જેવા વિરાટપુરુષમાં છે તેવા બ્રહ્મામાં નથી ને જેવા બ્રહ્મામાં છે તેવા મરીચ્યાદિકમાં નથી ને જેવા મરીચ્યાદિકમાં છે તેવા કશ્યપમાં નથી ને જેવા કશ્યપમાં છે તેવા ઈન્દ્રાદિક દેવતામાં નથી ને જેવા ઈન્દ્રાદિક દેવતામાં છે તેવા મનુષ્યમાં નથી ને જેવા મનુષ્યમાં છે તેવા પશુપક્ષીમાં નથી.

એવી રીતે પુરુષોત્તમ ભગવાન જે તે તારતમ્યતાએ સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે. જેમ કાષ્ઠને વિષે અગ્નિ રહ્યો છે તે મોટા કાષ્ઠમાં મોટો અગ્નિ રહ્યો છે ને લાંબા કાષ્ઠમાં લાંબો અગ્નિ રહ્યો છે ને વાંકા કાષ્ઠમાં વાંકો અગ્નિ રહ્યો છે, તેમ એ પુરુષોત્તમ ભગવાન છે તે જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થીએ યુક્ત થકા રહે છે અને અક્ષરને પુરુષપ્રકૃતિ આદ્યે સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન અંતર્યામીરૂપે રહ્યા છે, પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થીમાં તારતમ્યપણું છે. એવી રીતે એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામીરૂપે કરીને એ સર્વને વિષે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જીવ-ઈશ્વરપણાને પોતે પામીને બહુરૂપે નથી થયા; એવી રીતે એ શ્રુતિનો અર્થ સમજવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૧ ॥

## ॥ વચનામૃત ૪૨મું : વિધિનિષેધનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૬ છઠને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા માથે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને**

**માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને બે કાનને ઉપર પીળાં પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને તે સભાને વિષે કોઈક વેદાંતી બ્રાહ્મણો પણ આવીને બેઠા હતા. તેને જોઈને **શ્રીજી મહારાજ બોલ્યા જે, "વેદાંતશાસ્ત્રને જે જે ભણે છે તથા સાંભળે છે તે એમ કહે છે જે,** 'વિધિનિષેધ તો મિથ્યા છે અને વિધિનિષેધે કરીને પમાય એવાં જે સ્વર્ગ ને નરક તે પણ મિથ્યા છે અને તેને પામનારો જે શિષ્ય તે પણ મિથ્યા છે અને ગુરુ પણ મિથ્યા છે; અને એક બ્રહ્મ જ સભર ભર્યો છે તે સત્ય છે.' એવી રીતે જે કહે છે તે શું સમજીને કહેતા હશે? અને સર્વે વેદાંતીના આચાર્ય જે શંકરાચાર્ય તેણે તો પોતાના શિષ્યને દંડ, કમંડલું ધારણ કરાવ્યાં અને એમ કહ્યું જે 'ભગવદ્ ગીતા ને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવો તથા વિષ્ણુનું પૂજન કરવું અને જેને ઝાઝાં ચોમાસાં થયાં હોય તેનું થોડાં ચોમાસાંવાળાએ વંદન કરવું અને સારો પવિત્ર બ્રાહ્મણ હોય તેના ઘરની જ ભિક્ષા કરવી' એવી રીતે જે વિધિ-નિષેધનું પ્રતિપાદન કર્યું તે શું એને યથાર્થ જ્ઞાન નહિ હોય? અને જે હમણાંના જ્ઞાની થયા તેમણે વિધિનિષેધને ખોટા કરી નાખ્યા તે શું શંકરાચાર્ય કરતાં એ મોટા થયા ? માટે એ તો એમ જણાય છે જે એ તો કેવળ મૂર્ખાઈમાંથી બોલે છે.

અને **વિધિનિષેધ શાસ્ત્રમાં ખોટા કહ્યા છે તે તો એમ કહ્યા છે**-જેમ કોઈ મોટું વહાણ હોય અને તે વહાણ મહાસમુદ્રને વિષે એક વર્ષ સુધી ચાલ્યું જાય છે. તેને આગલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ અને પાછલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ અને તે બે કાંઠા ઉપર જે મોટા મોટા પર્વત તે પણ દેખ્યામાં આવે નહિ; તો ઝાડવાં તથા મનુષ્ય તે તો ક્યાંથી દેખ્યામાં આવે ? અને જ્યાં દેખે ત્યાં એકલું જળ જ દેખાય પણ જળ વિના બીજો કોઈ આકાર દેખ્યામાં આવે નહિ અને ઊંચું જુએ તો મોટી મોટી સમુદ્રની લહેર્યું ઊઠતી હોય માટે ઊંચું પણ જળ જ જણાય. ત્યારે તે વહાણને વિષે બેઠા એવા જે પુરુષ તે એમ કહે

જે, ''એકલું જળ જ છે બીજું કાંઈ નથી.'' **એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે,** જેને બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે જે, 'એક બ્રહ્મ જ છે અને તે વિના બીજું જે જીવ, ઈશ્વર અને માયા એ આદિક સર્વે તે મિથ્યા છે' અને તેનાં વચન શાસ્ત્રમાં લખાણાં હોય તેને સાંભળીને પોતાને તો એવી સ્થિતિ ન થઈ હોય તોપણ વિધિનિષેધને ખોટા કહે છે અને સ્ત્રીની શુશ્રૂષા કરે ને છોકરાની શુશ્રૂષા કરે અને જેટલો સંસારનો વ્યવહાર હોય તે સર્વેને તો સાચો જાણીને સાવધાન થઈને કરે છે અને શાસ્ત્રે પ્રતિપાદન કર્યા એવા જે વિધિનિષેધ તેને ખોટા કહે છે એવા જે આ જગતને વિષે જ્ઞાનના કથનારા છે તેને તો મહાઅધમ જાણવા ને નાસ્તિક જાણવા.

અને શંકરાચાર્યે તો જીવના હૈયામાં નાસ્તિકપણું આવી જાય તેની બીકે કરીને **'ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે !'** એ આદિક ઘણાંક વિષ્ણુના સ્તોત્ર કર્યા છે તથા શિવજી તથા ગણપતિ તથા સૂર્ય એ આદિક જે ઘણાક દેવતા તેનાં સ્તોત્ર કર્યા છે, જેને સાંભળીને સર્વે દેવતા સત્ય ભાસે એવો આશય જાણીને શંકરાચાર્યે સર્વે દેવતાના સ્તોત્ર કર્યાં છે અને આજના જે જ્ઞાની થયા તે તો સર્વેને ખોટાં કરી નાખે છે અને વળી એમ કહે છે જે, 'જ્ઞાની તો ગમે તેવું પાપ કરે તો પણ કાંઈ અડતું નથી' તે મૂર્ખપણામાંથી કહે છે અને જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિષે જડભરત શ્રેષ્ઠ છે અને જેટલાં પુરાણમાત્ર તથા વેદાંતના ગ્રંથ તે સર્વેને વિષે જડભરતની વાર્તા લખાણી છે. એવા મોટા જે જડભરત તે પૂર્વ જન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા અને રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા હતા. તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો તેનો દોષ લાગ્યો ને પોતાને મૃગનો જન્મ લેવો પડ્યો અને મૃગના સરખા ચાર પગ ને ટૂંકી પૂંછડી ને માથે નાની શિંગડિયો એવો આકાર પોતાને પ્રાપ્ત થયો.

અને **પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સંઘાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રીતિ કરી તોપણ સર્વે ભગવાનની માયાને તરી ગઈયું** ને પોતે

ગુણાતીત થઈને નિર્ગુણ એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામિયું. તેનું કારણ એ છે જે શ્રીકૃષ્ણ ભગવાન પોતે સાક્ષાત્ પુરુષોત્તમ ગુણાતીત દિવ્યમૂર્તિ હતા, તો તે સંઘાથે ગોપીઓએ જાણેઅજાણે પ્રીતિ કરી તોપણ તે ગોપીઓ ગુણાતીત થઈયું. અને ભરતજીએ દયાએ કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા. માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે અને **ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્યસ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે** અને જો શ્રીકૃષ્ણ ભગવાન પોતે ગુણાતીત ન હોત તો એના ભક્ત જે ગોપીઓ તે ગુણાતીતપણાને ન પામત અને જો ગુણાતીતપદને પામિયું તો શ્રીકૃષ્ણ ભગવાન ગુણાતીત કૈવલ્ય દિવ્યમૂર્તિ જ છે અને વેદાંતી કહે છે જે, 'સર્વત્ર બ્રહ્મસભર ભર્યો છે' ત્યારે જેમ ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ કરી તેમ જ સર્વે સ્ત્રીઓ પોતપોતાના ધણીને વિષે પ્રીતિ કરે છે તથા સર્વે પુરુષ પોતાની સ્ત્રીઓને વિષે પ્રીતિ કરે છે તોપણ તેમને ગોપીઓના જેવી પ્રાપ્તિ થતી નથી, તેમને તો ઘોર નરકની પ્રાપ્તિ થાય છે; **માટે જે વિધિનિષેધ છે તે સાચા છે પણ ખોટા નથી અને જે એ વિધિનિષેધને ખોટા કરે છે તે તો નારકી થાય છે.''** એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ જય સચ્ચિદા-નંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૨ ॥

## ॥ વચનામૃત ૪૩મું : ચાર પ્રકારની મુક્તિનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૭ સાતમને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર સાંજને સમે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા લટકતા હતા ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે કાનને ઉપર પીળાં પુષ્પનાં ગુચ્છ ખોસ્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**તે સમે શ્રીજી મહારાજ સર્વે ભક્તજન ઉપર કરુણાની દૃષ્ટિએ કરીને સર્વે સામું જોઈને બોલ્યા જે,** ''સર્વે સાંભળો, એક પ્રશ્ન પૂછીએ છીએ જે, શ્રીમદ્ ભાગવત પુરાણમાં કહ્યું છે જે, 'જે ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા' અને બીજા પણ જે જે ભગવાનના મોટા ભક્ત છે તે એમ કહે છે જે, **ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા.'**

**તે ચાર પ્રકારની મુક્તિ તે શું ?** તો એક તો ભગવાનના લોકમાં રહેવું અને બીજું ભગવાનને સમીપે રહેવું અને ત્રીજું ભગવાનના સરખું રૂપ પામવું અને ચોથું ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું, એવી રીતે જે ચાર પ્રકારની મુક્તિ છે તેને તો ભગવાનનો ભક્ત નથી ઈચ્છતો ને કેવળ ભગવાનની સેવાને ઈચ્છે છે. તે એ ભક્ત ચાર પ્રકારની મુક્તિને શા સારુ નથી ઈચ્છતો ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જેને જેવો આવડે તેવો તે કરો.''

પછી સર્વે પરમહંસ ઉત્તર કરવા લાગ્યા પણ ઉત્તર થયો નહિ, **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, જે ભગવાનનો ભક્ત થઈને એ ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા રાખે તો તે સકામ ભક્ત કહેવાય અને જે એ ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય. તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે,

**મત્સેવયા પ્રતીતં ચ સાલોક્યાદિ ચતુષ્ટયમ્ ।**
**નેચ્છન્તિ સેવયા પૂર્ણાઃ કુતોઽન્યત્કાલવિપ્લુતમ્ ॥**
**સાલોક્ય સાર્ષ્ટિસામીપ્ય સારૂપ્યૈકત્વમપ્યુત ।**
**દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ ॥**

એનો એ અર્થ છેજે, જે ભગવાનના નિષ્કામ ભક્ત છે તે સેવા જે ભગવાનની પરિચર્યા કરવી તે જો એ ચતુર્ધા મુક્તિમાં ન હોય તો એને ઈચ્છે નહિ ને એક સેવાને જ ઈચ્છે છે અને એવા જે નિષ્કામ ભક્ત તેમને ભગવાન પોતાની સેવામાં રાખે છે અને એ ભક્ત નથી ઈચ્છતા તોપણ બળાત્કારે ભગવાન એને પોતાનાં ઐશ્વર્યસુખને પમાડે છે. તે કપિલદેવ ભગવાને કહ્યુંછે જે,

**'અથો વિભૂતિં મમ માયાવિનસ્તામૈશ્વર્યમષ્ટાંગમનુપ્રવૃત્તમ્ ।**
**શ્રિયં ભાગવતીં વા સ્પૃહયન્તિ ભદ્રાં પરસ્ય મે તેઽશ્નુવતે તુ લોકે ॥'**

અને એ નિષ્કામ ભક્તને જે ગીતામાં ભગવાને જ્ઞાની કહ્યો છે. અને જે સકામ ભક્ત છે તેને અર્થાર્થી કહ્યો છે, માટે ભગવાનના ભક્તને ભગવાનની સેવા વિના બીજું કાંઈ ન ઈચ્છવું અને ઈચ્છે તો એમાં એટલી કાચ્યપ કહેવાય. અને **જો કાચ્યપ હોય તો નિષ્કામ એવા જે ભગવાનના એકાંતિક ભક્ત તેનો સમાગમ કરીને એ કાચ્યપને ટાળવી.''** **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૩ ॥**

## ॥ વચનામૃત ૪૪મું : બળબળતા ડામનું-ડગલાનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૮ આઠમને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સવારના પહોરમાં વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને તે પાઘને એક આંટે કરીને બોકાની વાળી હતી ને તે પાઘ ઉપર ધોળાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે?' પછી બ્રહ્માનંદ સ્વામીએ સ્નેહનું રૂપ કરવા માંડ્યું** પણ સમાધાન ન થયું. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'તમને તો સ્નેહની દિશ જ જડી નહિ અને તમે જે પિંડ બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવું તેને સ્નેહ કહ્યો એ સ્નેહનું રૂપ નહિ, એ તો વૈરાગ્યનું રૂપ છે અને સ્નેહ તો એનું નામ જે 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે' એનું નામ સ્નેહ કહીએ. અને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ પંચામૃત ભોજન

જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂળ્યનો ખોબો ભરીને નાખે, ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે, એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું. તે સર્વે પોતપોતાના હૃદયમાં તપાસી જુઓ તો જેને જેવી પ્રીતિ હશે તેને તેવી જણાઈ આવશે.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે,** 'એવી દૃઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે?' **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.'

**ત્યારે સોમલોખાચર બોલ્યા જે,** 'એવો પ્રસંગ તો અતિશે કરીએ છીએ પણ એવી દૃઢ પ્રીતિ કેમ થતી નથી?'' **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'પ્રસંગ તો કરો છો પણ અર્ધો અમારો પ્રસંગ કરો છો ને અર્ધો જગતનો પ્રસંગ કરો છો; તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.''

**પછી ગામ વસોના વિપ્ર વાલા ધ્રુવ તેણે પ્રશ્ન પૂછ્યું જે, ''હે મહારાજ ! દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય તે કેમ ટળે ?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે જે પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે.'** અને એ જીવાત્માને વિષે દેહ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો ત્યારે તે એમ માને જે 'દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે' એમ જે માને તે મૂર્ખ કહેવાય. તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે. તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન-દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી.

માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે અને **જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી;** માટે દેહ ને દેહનાં સંબંધીને વિષે અહં-મમત્વનો ત્યાગ કરીને અને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને અને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે અને **એવો સાધુ તો હું છું જે 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.'** એવી રીતે શ્રીજી મહારાજ બોલ્યા તે તો પોતાના ભક્તને શિક્ષાને અર્થે છે એમ જાણવું અને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. **ઈતિ વચનામૃતમ્ ૪૪**

## ॥ વચનામૃત ૪૫મું : સાકાર - નિરાકારનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧૦ દશમને દિવસ સાંજને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ-નારાયણના મંદિરની આગળ ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે,** "હે મહારાજ ! કેટલાક વેદાંતી એમ કહે છે જે, "ભગવાનને આકાર નથી" અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક જે નારદ, શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનનું સાકારપણું પ્રતિપાદન કરે છે, તે એ બેમાંથી કોણ સાચા છે?" **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહા તેજોમય મૂર્તિ છે અને અંતર્યામીપણે કરીને

સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે અને શ્રુતિએ પણ એમ કહ્યું છે જે, 'તે ભગવાન માયા સામું જોતા હવા.' અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય ? હાથ-પગ પણ હોય, માટે સાકારરૂપનું પ્રતિપાદન થયું અને વળી જેમ સમગ્ર જળ છે તેના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર કહેવાય છે અને જેમ અગ્નિની જે જવાળા છે તે નિરાકાર કહેવાય છે અને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે અને જેમ સમગ્ર તડકો તે નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે; તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને એ સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. અને કોઈ એમ કહેશે જે શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'પરમેશ્વર તો કરચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે' તો એ જે શ્રુતિએ કરચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કરચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી અને અંતર્યામીપણે કરીને જીવ ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે, તોપણ જીવ-ઈશ્વર સર્વેને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવાને વિષે નિયંતાપણું છે ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું. એવી રીતે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૪૫॥

## ॥ વચનામૃત ૪૬મું : આકાશની ઉત્પત્તિ અને લયનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧૧ એકાદશીને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની સમીપે ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી**

હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**તે સમે ભટ્ટ માહેશ્વર નામે વેદાંતી બ્રાહ્મણ** હતો તેણે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યું જે, "**સમાધિને વિષે સર્વે લીન થાય છે ત્યારે આકાશ કેવી રીતે લીન થાય છે ?**" **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "આકાશનું રૂપ અમે રૂડે પ્રકારે કરીએ તે તમે સર્વે સાવધાન થઈને સાંભળો જે, આકાશ તે અવકાશને કહીએ અને જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં જ રહે છે અને તે પદાર્થમાં પણ આકાશ વ્યાપીને રહે છે અને એવું કોઈ પદાર્થ નથી જે જેને વિષે આકાશ ન હોય, કેમ જે પૃથ્વીની એક રજ અતિ ઝીણી હોય તેને વિષે પણ આકાશ છે અને તે એક રજના કોટાનકોટી કટકા કરીએ તોપણ તેને વિશે આકાશ છે માટે આકાશની દૃષ્ટિએ જ્યારે જોઈએ ત્યારે પૃથ્વી આદિક ચાર ભૂત દેખાતાં નથી, એકલો આકાશ જ દેખાય છે. તે આકાશ સર્વનો આધાર છે અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ શરીર તે આકાશને વિષે છે; અને આ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે અને બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ ને પુરુષ તે પણ આકાશને વિષે છે. એવો જે આકાશ તે પ્રકૃતિપુરુષ અને તેનું કાર્ય પિંડબ્રહ્માંડ એ સર્વને માંહી પણ રહ્યો છે ને સર્વનો આધાર થઈને બહાર પણ રહ્યો છે. એવો જે એ આકાશ તે તો સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે લીન થતો નથી.

**અને કોઈ કહેશે જે,** '**આકાશાદિક પંચભૂત તો તમોગુણથી ઊપજ્યાં છે તે આકાશ પુરુષ અને પ્રકૃતિનો આધાર કેમ કહેવાય ? ને સર્વમાં વ્યાપક કેમ કહેવાય ? તો એનો ઉત્તર એ છે જે,** પ્રકૃતિમાં જો અવકાશરૂપ આકાશ ન હોય તો જેમ વૃક્ષમાંથી ફળપુષ્પાદિ બહાર નીસરે છે અને જેમ ગાયના પેટમાંથી વાછડું બહાર નીસરે છે તેમ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ નીસરે છે તે કેમ નીસરે? માટે પ્રકૃતિને વિષે આકાશ રહ્યો છે અને મહત્તત્ત્વમાંથી અહંકાર નીસરે છે, માટે મહત્તત્ત્વમાં આકાશ રહ્યો છે અને અહંકારમાંથી ત્રણ ગુણ નીસરે છે માટે અહંકારને વિષે આકાશ રહ્યો છે અને તમોગુણમાંથી આકાશ આદિક

પંચભૂત નીસરે છે માટે તમોગુણને વિષે પણ આકાશ રહ્યો છે અને તમોગુણમાંથી જે આકાશ નીસરે છે તે આકાશ તો તમોગુણનું કાર્ય છે અને વિકારવાન છે અને **સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે અને એવો સર્વાધાર જે આકાશ છે તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ,** અને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થાને અને વિકાસ અવસ્થાને પામે છે. કેવી રીતે તો જ્યારે પુરુષ પ્રકૃતિ સામું જુએ છે ત્યારે જેમ સ્ત્રીપુરુષ થકી સંતાનની ઉત્પત્તિ થાય છે. તેમ પુરુષ જે પતિ ને પ્રકૃતિરૂપ જે સ્ત્રી તે થકી મહત્તત્ત્વાદિક સંતાન ઉત્પન્ન થાય છે. એવી રીતે જે એ પ્રકૃતિ તે ચોવીસ તત્ત્વરૂપે ને પિંડ બ્રહ્માંડરૂપે થાય છે. એ પ્રકૃતિની વિકાસ અવસ્થા છે અને જેટલાં પ્રકૃતિનાં કાર્ય છે તેને વિષે પુરુષ પોતાની શક્તિએ કરીને વ્યાપકપણે રહે છે તે પુરુષની વિકાસ અવસ્થા છે અને જ્યારે કાળે કરીને પ્રકૃતિનું કાર્ય સર્વ નાશ પામી જાય છે અને પ્રકૃતિ પણ પુરુષના અંગમાં લીન જેવી રહે છે એ પ્રકૃતિની સંકોચ અવસ્થા છે અને પુરુષ પણ પ્રકૃતિનાં કાર્ય સર્વ નાશ પામ્યાં ત્યારે પોતાને સ્વરૂપે રહ્યો એ પુરુષની સંકોચ અવસ્થા છે. જેમ કાચબો છે તે જ્યારે વિકાસને પામે છે ત્યારે પોતાનાં અંગ સર્વે બહાર કાઢે છે અને જ્યારે સંકોચને પામે છે ત્યારે સર્વે પોતાનાં અંગ તાણી લે છે ને રુંઢમૂંઢ થઈ રહે છે, તેમ પુરુષ પ્રકૃતિની સંકોચ વિકાસ અવસ્થા છે.

અને એ પ્રકૃતિ ને પ્રકૃતિનાં કાર્યને વિષે અન્વય-વ્યતિરેકપણું પુરુષનું જ છે પણ સર્વનો આધાર એવો ચિદાકાશ તેનું નથી. કેમ જે, જે સર્વાધાર હોય તે કોણ થકી વ્યતિરેક હોય ? તે તો સદા સર્વમાં રહ્યો જ હોય. અને આ બ્રહ્માંડ છે તેને ચારે કોરે લોકાલોક પર્વત છે તે ગઢની પેઠે રહ્યો છે અને તે લોકોલોકની બહાર તે અલોક છે અને તે અલોકથી પર સપ્ત આવરણ છે અને તેથી પર એકલું અંધારું છે અને તે અંધારાથી પર પ્રકાશ છે, તે પ્રકાશને ચિદાકાશ કહીએ તેમજ ઊંચું પણ બ્રહ્મલોક સુધી કહેવાય અને તેની ઉપર સપ્ત આવરણ છે અને તે આવરણને પાર અંધકાર છે અને અંધકારને પાર

પ્રકાશ છે તે પ્રકાશને **ચિદાકાશ** કહીએ, અને તેમજ હેઠે પણ સપ્ત પાતાળ સુધી કહેવાય ને તેથી હેઠાં સપ્ત આવરણ છે ને તેથી હેઠું અંધકાર છે તેથી હેઠો પ્રકાશ છે તે પ્રકાશને ચિદાકાશ કહીએ. એવી રીતે બ્રહ્માંડની ચારે પાસે ચિદાકાશ છે અને બ્રહ્માંડની માંહી પણ છે અને એવો જે એ સર્વાધાર આકાશ છે તેને આકારે જેની દૃષ્ટિ વર્તતી હોય તેને **દહરવિદ્યા** કહીએ અને અક્ષિવિદ્યા આદિક ઘણીક પ્રકારની **બ્રહ્મવિદ્યા** કહી છે તે માંહેલી એ પણ એક બ્રહ્મવિદ્યા છે અને એ ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે અને તે ચિદાકાશ અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી અને જે આકાશની ઉત્પત્તિ અને વિનાશ કહ્યાં છે તે આકાશ તો તમોગુણનું કાર્ય છે અને અંધકારરૂપ છે તેની લીનતા થાય છે પણ સર્વનો આધાર એવો જે ચિદાકાશ તેની તો લીનતા થતી નથી. એવી રીતે તમારા પ્રશ્નનો ઉત્તર કર્યો. હવે તેમાં કોઈને શંકા રહી હોય તો પૂછો.'' પછી તે વેદાંતી બ્રાહ્મણ તથા સર્વ હરિજન બોલ્યા જે, ''હવે કોઈને લેશમાત્ર સંશય નથી.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૬ ॥**

## ॥ વચનામૃત ૪૭મું : ચાર પ્રકારની નિષ્ઠાવાળાનાં લક્ષણનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સવારના પહોરમાં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ જમણે હાથે ચપટી વગાડીને બોલ્યા જે,** ''સર્વે સાવધાન થઈને સાંભળો એક વાત કરીએ છીએ અને તે વાત તો સ્થૂળ છે પણ સૂધી સુરત દઈને સાંભળશો તો સમજાશે, નહિ તો નહીં સમજાય.'' **પછી સર્વે હરિભક્તે કહ્યું જે,** ''હે મહારાજ ! કહો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પરમેશ્વરના ભક્ત હોય તેમાં કોઈકને ધર્મનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને આત્મનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને

વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય અને ગૌણપણે તો એ સર્વે અંગ સર્વ હરિભક્તમાં હોય છે.

**હવે જેને ભાગવત ધર્મનિષ્ઠા પ્રધાન** હોય તે તો અહિંસા, બ્રહ્મચર્યાદિક રૂપ જે પોતાના વર્ણાશ્રમ સંબંધી સદાચાર તેણે યુક્ત થકો નિર્દંભપણે કરીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરવી તેને વિષે પ્રીતિએ યુક્ત વર્તે અને તે ભક્તને ભગવાનનાં મંદિર કરવાં તથા ભગવાનને અર્થે બાગબગીચા કરવા તેને વિષે રુચિ વર્તે તથા ભગવાનને નાનાં પ્રકારનાં નૈવેદ્ય ધરવાં તેમાં રુચિ વર્તે અને ભગવાનના મંદિરમાં તથા સંતની જાયગામાં લીંપવું તથા વાળવું તેને વિષે રુચિ વર્તે અને ભગવાનની શ્રવણ-કીર્તનાદિક જે ભક્તિ તેને નિર્દંભપણે કરે અને તે ધર્મનિષ્ઠાવાળા ભક્તને ભાગવત ધર્મે યુક્ત એવું જે શાસ્ત્ર તેના શ્રવણ કીર્તનાદિકને વિષે અતિશય રુચિ વર્તે.

અને **જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય** તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે અને પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિ શુદ્ધ સ્વરૂપ અને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃતિવાળો હોય.

અને **જેને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય** તેને તો એક ભગવાનની મૂર્તિ વિના જે સર્વે માયિક પદાર્થમાત્ર તેને વિષે નિરંતર અરુચિ વર્તે અને અસત્યરૂપ જાણીને પોતે મળની પેઠે ત્યાગ કર્યાં જે ગૃહ, કુટુંબી આદિક પદાર્થ તેની નિરંતર વિસ્મૃતિ વર્તે અને તે ભક્ત જે તે ત્યાગી એવા જે ભગવાનના ભક્ત તેના સમાગમને જ કરે અને ભગવાનની ભક્તિ કરે તે પણ પોતાના ત્યાગમાં વિરોધ ન આવે તેવી રીતે કરે. અને ત્યાગ છે પ્રધાનપણે જેમાં એવી વાર્તાને પોતે કરે અને

ત્યાગને પ્રતિપાદન કરનારું જે શાસ્ત્ર તેને વિષે રુચિવાળો હોય અને પોતાના ત્યાગને વિષે વિરોધ કરનારાં જે સ્વાદું ભોજન અને સદ્‌વસ્ત્રાદિક પંચવિષય સંબંધી માયિક પદાર્થમાત્ર, તેને પામવાને વિષે અતિશય અરુચિ વર્તે.

અને જેને **ભક્તિનિષ્ઠા પ્રધાન** હોય તેને તો એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દૃઢ પ્રીતિ વર્તે અને તે ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિષે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહિ અને પ્રેમે કરીને ભગવાનને વસ્ત્રાલંકારનું ધારણ કરે અને તે ભક્તને ભગવાનનાં જે મનુષ્યચરિત્ર તેનાં શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે તથા ભગવાનની મૂર્તિના નિરુપણને કરનારું જે શાસ્ત્ર તેને વિશે અતિશય રુચિ વર્તે અને જે ભક્તને ભગવાનને વિષે પ્રેમને દેખે તે ભક્તને વિષે જ તેને પ્રીતિ થાય અને તે વિના પોતાના પુત્રાદિકને વિષે પણ ક્યારેય પ્રીતિ ન થાય અને તે ભક્તને ભગવાન સંબંધી ક્રિયાને વિષે જ નિરંતર પ્રવૃત્તિ હોય. એવી રીતે આ ચાર નિષ્ઠાવાળા ભક્તનાં લક્ષણની વાર્તાને વિચારીને જેનું જેવું અંગ હોય તેવું તે કહો.

**અને આ વાર્તા છે તે તો દર્પણ તુલ્ય છે, તે જેનું જેવું અંગ હોય તેવું તેને દેખાડી આપે છે** અને ભગવાનના ભક્ત હોય તે તો અંગ વિનાના હોય નહિ પણ પોતાના અંગને ઓળખે નહીં એટલે પોતાના અંગની દૃઢતા થાય નહિ અને જ્યાં સુધી પોતાના અંગની દૃઢતા ન થઈ હોય ત્યાં સુધી જેવી વાત થાય તેવું તેનું અંગ વ્યભિચરી જાય; માટે આ વાર્તાને વિચારીને પોતપોતાનાં અંગની દૃઢતા કરો અને જેનું જેવું અંગ હોય તે તેમ બોલો.'' પછી હરિભક્ત સર્વે જેવું જેનું અંગ હતું તે તેવી રીતે બોલ્યા.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેનું એકસરખું અંગ હોય તે ઊઠી ઊભા થાઓ.'' પછી જેનું જેનું એકસરખું અંગ હતું તે સર્વે ઊભા થયા. પછી શ્રીજી મહારાજે એ સર્વેને પાછા બેસાર્યા.

**પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એ ચારે અંગવાળાને પોતપોતાના અંગમાં કોઈ ગુણદોષ છે કે નથી?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,**

"ગુણદોષ છે તે કહીએ તે સાંભળો જે, એ ચારે અંગવાળા જે ભક્ત તેમનાં જે અમે પ્રથમ લક્ષણ કહ્યાં તે પ્રમાણે જે વર્તે તે તો એમને વિષે ગુણ છે અને એ પ્રમાણે જે ન વર્તાય તેટલો એમને વિષે દોષ છે."

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "એ ચાર નિષ્ઠાવાળાને વિષે કોઈ અધિકન્યૂન છે કે એ ચારે તુલ્ય છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જ્યાં સુધી એક એક નિષ્ઠાને વિષે વર્તતા હોય ત્યાં સુધી તો એ ચારે સરખા છે અને જ્યારે એ ચાર નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વ થકી અધિક છે અને **જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ."** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૭ ॥

## ॥ વચનામૃત ૪૮મું : ચાર પ્રકારના કુસંગીનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧૩ તેરસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સંધ્યા સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાના મુખારવિંદની આગળ બે મશાલો બળતી હતી અને શ્રીવાસુદેવ નારાયણની સંધ્યા આરતી તથા નારાયણ ધૂન્ય થઈ રહી.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** "સર્વે સાવધાન થઈને સાંભળો એક વાર્તા કરીએ છીએ." ત્યારે **સર્વે મુનિ તથા હરિભક્ત બોલ્યા જે,** "હે મહારાજ, કહો." **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જે ભગવાનનો ભક્ત હોય તેને નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને ને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ માગવું જે,** 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે કૃપાસિંધો ! હે શરણાગતપ્રતિપાલક ! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.' **તે કુસંગી ચાર પ્રકારના છે :** એક કુંડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્કવેદાંતી અને ચોથા નાસ્તિક, એ ચાર પ્રકારના કુસંગી છે. તેમાં જો **કુંડાપંથીનો સંગ થાય તો** વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે અને જો

Index



**શક્તિપંથીનો સંગ થાય તો** દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે અને જો **શુષ્કવેદાંતીનો સંગ થાય તો** ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે અને જો **નાસ્તિકનો સંગ થાય તો** કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્‌શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે, **માટે ભગવાનની પાસે માગવું જે,** ''એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહિ.'' **અને વળી એમ પ્રાર્થના કરવી જે,** ''હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો અને નિત્યે તમારા ભક્તનો સમાગમ દેજ્યો.'' એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી અને એ કુસંગી થકી ને અંતઃશત્રુ થકી નિરંતર ડરતા રહેવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૮ ॥

## ॥ વચનામૃત ૪૯મું : અંતર્દષ્ટિનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા સુદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ બે દીવીઓ બળતી હતી અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને બે હાથમાં પીળાં પુષ્પના ગજરા ધારણ કર્યા હતા ને સર્વ ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રશ્ન-ઉત્તર કરો.'' **પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **''ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સૂધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ

જ ફિકર રહે છે જે, 'મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે.' માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે; માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થશે.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એનું સાધન તો અંતર્દષ્ટિ છે. તે અંતર્દષ્ટિ શું ?** તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક, વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તોપણ તે અંતર્દષ્ટિ નહિ. **માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે** અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદષ્ટિ છે.'' પછી વળી શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, 'હવે તો બે બે જણ થઈને સામસામા પ્રશ્નોત્તર કરો.' પછી ઘણીવાર સુધી પરમહંસે પરસ્પર પ્રશ્ન ઉત્તર કર્યા તેને સાંભળતા થકા શ્રીજી મહારાજ તેમની બુદ્ધિની પરીક્ષા કરતા હવા. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૯ ॥**

## ॥ વચનામૃત ૫૦મું : કુશાગ્ર બુદ્ધિવાળાનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા વદી ૧ પડવાને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરી આગળ પ્રાતઃકાળે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે એમ પૂછ્યું જે, ''જેને કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.** તે કુશાગ્ર બુદ્ધિ તે જે સંસાર વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? અથવા શાસ્ત્રપુરાણના અર્થને બહુ જાણતો હોય

તેની કહેવાય કે નહિ?'' પછી એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ.

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ માટે એને કુશાગ્ર બુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે; અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડયો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તોપણ તે જાડી બુદ્ધિવાળો છે. એ ઉપર ભગવદ્ ગીતાનો શ્લોક છે જે ''**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી । યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ।।**'' એ શ્લોકનો એમ અર્થ છે જે, ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન નથી કરતાં અને જે ભગવાનના ભક્ત છે તે તો તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે, કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતા થકા વર્તે છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવમાત્રની બુદ્ધિ જાગૃત વર્તે છે, કહેતાં વિષયને ભોગવતા થકા જ વર્તે છે અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી માટે **એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે, સાવધાનપણે વર્તે છે તે જ કુશાગ્ર બુદ્ધિવાળા છે** અને તે વિના તો સર્વ મૂર્ખ છે.'' ।। ઈતિ વચનામૃતમ્ ।। ૫૦ ।।

## વચનામૃત ૫૧મું : હીરે કરીને હીરો વેંધાયાનું, ભગવાનવતે જ નિશ્ચયનું

**સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૨ બીજને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો**

ને માથે ધોળી પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કાંઈ પ્રશ્ન પૂછો.'' પછી **પૂર્ણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''દશ ઈન્દ્રિયો તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ છે તે તો સત્ત્વગુણનાં છે; માટે એ સર્વે ઈન્દ્રિયો ને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે. તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય ? અને માયિક એવી જે ચક્ષુ આદિક ઈન્દ્રિયો તેણે કરીને ભગવાન કેમ જોયામાં આવે ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''માયિક વસ્તુએ કરીને માયિક પદાર્થ હોય તે જણાય માટે માયિક જે અંતઃકરણ અને ઈન્દ્રિયો તેણે કરીને જો ભગવાન જણાણા તો એ ભગવાન પણ માયિક ઠર્યા, એ રીતે તમારો પ્રશ્ન છે ?'' **પછી પૂર્ણાનંદ સ્વામી તથા સર્વ મુનિએ કહ્યું જે,** ''એ જ પ્રશ્ન છે, તેને હે મહારાજ ! તમે પુષ્ટ કરી આપ્યો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો તો ઉત્તર એમ છે જે, પચાસ કોટિ યોજન પૃથ્વીનું પીઠ છે તે પૃથ્વી ઉપર ઘટપટાદિક અનેક પદાર્થ છે. તે સર્વ પદાર્થમાં એ પૃથ્વી રહી છે ને પોતાને સ્વરૂપે કરીને નોખી પણ રહી છે. અને જ્યારે પૃથ્વીની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ સર્વ પદાર્થ રૂપે પૃથ્વી થઈ છે ને પૃથ્વી વિના બીજું કાંઈ પદાર્થ નથી અને તે પૃથ્વી જળના એક અંશમાંથી થઈ છે અને જળ તો પૃથ્વીની હેઠે પણ છે ને પડખે પણ છે ને ઉપર પણ છે ને પૃથ્વીના મધ્યમાં પણ જળ સર્વત્ર વ્યાપી રહ્યું છે, માટે જળની દૃષ્ટિએ કરીને જોઈએ તો પૃથ્વી નથી એકલું જળ જ છે અને એ જળ પણ તેજના એક અંશમાંથી થયું છે, માટે તેજની દૃષ્ટિએ કરીને જોઈએ તો જળ નથી એકલું તેજ જ છે અને તે તેજ પણ વાયુના એક અંશમાંથી થયું છે, માટે તે વાયુની દૃષ્ટિએ કરીને જોઈએ તો તેજ નથી એકલો વાયુ જ છે અને તે વાયુ પણ આકાશના એક અંશમાંથી થયો છે, માટે જો આકાશની દૃષ્ટિએ કરીને જોઈએ તો વાયુ આદિક જે ચાર ભૂત ને તેનું કાર્ય જે પિંડ ને બ્રહ્માંડ તે

કાંઈ ભાસે જ નહિ, એકલો આકાશ જ સર્વત્ર ભાસે.

અને એ આકાશ પણ તામસાહંકારના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે અને તે તામસાહંકાર, રાજસાહંકાર, સાત્ત્વિકાહંકાર અને ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા એ સર્વે મહત્તત્ત્વના એક અંશમાંથી ઉત્પન્ન થયાં છે માટે મહત્તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો ત્રણ પ્રકારનો અહંકાર તથા ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા એ સર્વે નથી એકલું મહત્તત્ત્વ જ છે અને તે મહત્તત્ત્વ પણ પ્રધાન-પ્રકૃતિના એક અંશમાંથી ઉત્પન્ન થયું છે, માટે એ પ્રકૃતિની દૃષ્ટિએ જોઈએ તો મહત્તત્ત્વ નથી એકલી એ પ્રકૃતિ જ છે અને તે પ્રકૃતિ પણ પ્રલયકાળમાં પુરુષના એક અંશમાં લીન થઈ જાય છે અને પાછી સૃષ્ટિ સમે એક અંશમાંથી ઉત્પન્ન થાય છે, માટે પુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો એ પ્રકૃતિ નથી એકલો પુરુષ જ છે અને એવા અનંત કોટી પુરુષ છે તે મહામાયાના એક અંશમાંથી ઉત્પન્ન થાય છે; માટે એ મહામાયાની દૃષ્ટિએ જોઈએ તો એ પુરુષ નથી એકલી મહામાયા જ છે. અને મહામાયા પણ મહાપુરુષના એક અંશમાંથી ઉત્પન્ન થાય છે; માટે એ મહાપુરુષની દૃષ્ટિએ જોઈએ તો એ મહામાયા નથી એકલો મહાપુરુષ જ છે.

અને એ મહાપુરુષ પણ પુરુષોત્તમ ભગવાનનું ધામ જે અક્ષર તેના એક દેશમાંથી ઊપજે છે, માટે એ અક્ષરની દૃષ્ટિએ કરીને જોઈએ તો એ મહા પુરુષાદિક સર્વે નથી એક અક્ષર જ છે. અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે; તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે ને તે સર્વના કારણ છે.

**અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે,** માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ. એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે **ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ**

**ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઈન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમ રૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે.** અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે પણ માયિક એવાં જે ઈન્દ્રિયો, અંતઃકરણ તેણે કરીને નથી થતું.'' એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. **॥ ઈતિ વચનામૃતમ્ ॥૫૧॥**

## ॥ વચનામૃત ૫૨મું : ચાર શાસ્ત્રે કરી ભગવાનને જાણ્યાનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરીમાં કથા વંચાવતા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી તે કથામાં એમ આવ્યું જે, **'સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચારશાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય.'** **ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''હે મહારાજ ! એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને કેમ જાણવા ? અને એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનને ન જાણે તેમાં શી ન્યૂનતા રહે છે ? તે કહો.'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''જે સાંખ્યશાસ્ત્ર છે તે ભગવાનને પંચવિશમા કહે છે.** અને ચોવીસ તત્ત્વ જેમ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી થતાં તેમ જીવ-ઈશ્વર પણ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી, માટે એને પણ ચોવીસ તત્ત્વ ભેળાં જ ગણે છે અને જીવ-ઈશ્વરે સહિત એવાં જે ચોવીસ તત્ત્વ તેને ક્ષેત્ર કહે છે ને પંચવિશમા જે ભગવાન તેને ક્ષેત્રજ્ઞ કહે છે અને **યોગશાસ્ત્ર છે તે ભગવાનને છવીશમા કહે છે** અને મૂર્તિમાન કહે છે ને જીવ ઈશ્વરને પંચવિશમા કહે છે ને ચોવીસ તત્ત્વને પૃથક્ કહે છે ને એ તત્ત્વથી પોતાના આત્માને પૃથક્ સમજીને ભગવાનનું ધ્યાન કરવું એમ કહે છે અને **વેદાંતશાસ્ત્ર છે તે ભગવાનને** સર્વકારણ, સર્વવ્યાપક, સર્વાધાર,

નિર્ગુણ, અદ્વૈત, નિરંજન અને કર્તા થકા અકર્તા ને પ્રાકૃત વિશેષણે રહિત ને દિવ્ય વિશેષણે સહિત એમ કહે છે અને **પંચરાત્રશાસ્ત્ર છે તે ભગવાનને** એમ કહે છે જે, એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે તે જ વાસુદેવ, સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહ રૂપે થાય છે અને પૃથ્વીને વિષે અવતારનું ધારણ કરે છે અને તેને વિષે જે નવ પ્રકારની ભક્તિને કરે છે તેનું કલ્યાણ થાય છે. એવી રીતે એ ચાર શાસ્ત્ર ભગવાનને કહે છે તેને યથાર્થ સમજે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. અને જો બીજાં ત્રણ શાસ્ત્રને મૂકીને **એક સાંખ્યશાસ્ત્રે કરીને જ** ભગવાનના સ્વરૂપને સમજે તો એ બાધ આવે જે, સાંખ્યશાસ્ત્રમાં જીવ-ઈશ્વરને તત્ત્વથી નોખા નથી કહ્યા. તે જ્યારે તત્ત્વનો નિષેધ કરીને તત્ત્વથી પોતાના જીવાત્માને નોખો સમજે ત્યારે પંચવિશમો પોતાનો જીવાત્મા સમજાય પણ ભગવાન ન સમજાય **અને જો એકલે 'યોગશાસ્ત્રે કરીને** જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે, 'યોગશાસ્ત્રે ભગવાનને મૂર્તિમાન કહ્યા છે તેને પરિછિન્ન સમજે પણ સર્વાંતર્યામી અને પરિપૂર્ણ એવા ન સમજે'.

**અને જો એક વેદાંતશાસ્ત્રે કરીને** જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે, જે ભગવાનને સર્વકારણ, સર્વવ્યાપક અને નિર્ગુણ કહ્યા છે તેને નિરાકાર સમજે પણ પ્રાકૃત કરચરણાદિકે રહિત અને દિવ્ય અવયવે સહિત એવો સનાતન જે ભગવાનનો આકાર છે તેને ન સમજે,'

**અને જો એકલે પંચરાત્ર શાસ્ત્રે કરીને** જ ભગવાનના સ્વરૂપને સમજે તો એવો દોષ આવે જે, 'જે ભગવાનના અવતારને વિષે ભક્તિ કહી છે તેને વિષે મનુષ્યભાવ આવે તથા એકદેશસ્થપણું સમજાઈ જાય પણ સર્વાંતર્યામી -પણું ને પરિપૂર્ણપણું ન સમજાય,' માટે એ સર્વે શાસ્ત્રે કરીને જો ભગવાનને ન સમજે તો આવા દોષ આવે છે અને જો એ સર્વે શાસ્ત્રે કરીને સમજે તો જે એક એક શાસ્ત્રની સમજણે કરીને દોષ આવે છે તે બીજાં શાસ્ત્રની સમજણે કરીને ટળી જાય છે, **માટે એ ચારે શાસ્ત્રે કરીને જે સમજે તે પરિપૂર્ણ જ્ઞાની કહેવાય** અને જો એ ચારમાંથી એકને મૂકી દે તો પોણો જ્ઞાની કહેવાય ને બેને

મૂકી દે તો અર્ધો જ્ઞાની કહેવાય ને ત્રણને મૂકી દે તો પા જ્ઞાની કહેવાય ને ચારેને મૂકીને જે પોતાના મનની કલ્પનાએ કરીને ગમે તેવી રીતે શાસ્ત્રને સમજીને વર્તે છે અને તે જો વેદાંતી છે અથવા ઉપાસનાવાળો છે તે બેય ભૂલા પડ્યા છે, પણ કલ્યાણનો માર્ગ એ બેમાંથી કોઈને જડ્યો નથી, માટે એ વેદાંતી તે દંભી જ્ઞાની છે અને એ ઉપાસનાવાળો તે પણ દંભી ભક્ત છે.'' **ઈતિ વચનામૃતમ્ ૫૨**

## ॥ વચનામૃત ૫૩મું : વધવા - ઘટવાનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૯ નવમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો ને જરકસી છેડાનું કસુંબલ ભારે શેલું કેડ્યે બાંધ્યું હતું ને જરકસી છેડાનો ભારે કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો ને તે પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને કંઠમાં પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''કોઈ પ્રશ્ન પૂછો.'' **ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિને પામતો જાય છે અને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે, તેનું શું કારણ છે?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે અને તે સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે, માટે તે સાધુનો અવગુણ ન લેવો ને ગુણ જ લેવો અને અવગુણ તો ત્યારે લેવો જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચ વર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને અને તે સાધુમાં બીજા ઘણાંક ગુણ હોય તેનો ત્યાગ કરીને જો એકલા

અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન, વૈરાગ્યાદિક જે શુભ ગુણ તે ઘટી જાય છે. **માટે વર્તમાનમાં ફેર હોય તો જ અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ અને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થતી જાય છે.** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫૩ ॥

## ॥ વચનામૃત ૫૪મું : ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું ॥

સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો જરિયાની રેશમનો ફેંટો માથે બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** "હે મહારાજ ! શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવતધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય ?" **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહુતિ પ્રત્યે કહ્યું છે જે, **પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ । સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥** 'જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

**પછી શુકમુનિએ પૂછ્યું જે,** "ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી

**ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનુંમોટું વચન લોપી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તોય પણ એ ધર્મ થકી પડે જ નહિ; માટે જેને વચનમાં દૃઢતા છે તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે.'' **|| ઈતિ વચનામૃતમ્ || ૫૪ ||**

## || વચનામૃત ૫૫મું : ભજન-સ્મરણ ને વર્તમાનના દૃઢાવનું ||

**સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ઉગમણે દ્વાર ઓરડાની ઓસરી ઉપર વિરાજતા હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''પ્રશ્ન-ઉત્તર કરો.'' પછી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જીવને ભજનસ્મરણનો તથા વર્તમાનનો એક દૃઢાવ કેમ રહેતો નથી ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ તો અશુભ એવા જે દેશ, કાળ, ક્રિયા અને સંગ તેને યોગે કરીને રહેતો નથી અને તે દૃઢાવ પણ ત્રણ પ્રકારનો છે-ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. તેમાં જો ઉત્તમ દૃઢતા હોય અને દેશ, કાળ, ક્રિયા અને સંગ એ જો અતિ ભૂંડા થાય તો તે ઉત્તમ દૃઢતાને પણ ટાળી નાખે; તો મધ્યમ અને કનિષ્ઠ દૃઢતાની તો શી વાત કહેવી ? અને દેશ, કાળ, ક્રિયા અને સંગ એ અતિ ભૂંડા થાય ને તેમાં પણ દૃઢતા જેમ છે એમ ને એમ જો રહે તો એને પૂર્વનું ભારે બીજબળ છે ને ભારે પુણ્ય છે. અને દેશ, કાળ, ક્રિયા અને સંગ અતિ પવિત્ર છે અને તેમાં પણ જો એની બુદ્ધિ મલિન થઈ જાય છે તો એને પૂર્વજન્મનું તથા આ જન્મનું કોઈ મોટું પાપ છે તે નડે છે અથવા કોઈ મોટા ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો છે તે એને નડે છે, કેમ જે દેશ, કાળ, ક્રિયા અને સંગ રૂડાં છે તોય પણ એનું અંતર ભૂંડું થઈ જાય છે. **માટે હવે જો મોટા પુરુષની સેવામાં ખબડદાર થઈને રહે તો એના પાપ બળીને ભસ્મ થઈ જાય** અને જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય અને

કાંઈક સુકૃત હોય તે પણ નાશ પામે અને મદિરાપાનની કરનારીયું જે પાતર્યું તેનાં ગળામાં હાથ નાખીને બેસે અને પછી પરમેશ્વરનો વાંક કાઢે જે, 'મારું મન કેમ ઠેકાણે રાખ્યું નહિ?' તેને તો મહામૂર્ખ જાણવો.' **ઈતિ વચનામૃતમ્ ૫૫**

## ॥ વચનામૃત ૫૬મું : પોલા પાણાનું ॥

**સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૧૨ દ્વાદશીને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ આથમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન કસુંબલ રેંટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને નારાયણધૂન્ય કરીને મુનિ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કીર્તન રાખો અને ઘડીક પ્રશ્ન-ઉત્તર કરીએ.'' એમ કહીને વળી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો હું પ્રશ્ન પૂછું છું જે, **શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે તેમાં જ્ઞાનીને અધિક કહ્યો છે અને ચારેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તો સરખો છે, માટે જ્ઞાની તે કેવી રીતે વિશેષ છે?**'' પછી એ પ્રશ્નનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્ઞાની છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે અને ભગવાનનો મહિમા યથાર્થપણે જાણે છે માટે એને ભગવાનના સ્વરૂપ વિના બીજી મનમાં કાંઈ કામના રહેતી નથી અને બીજા જે ત્રણ પ્રકારના ભક્ત છે તેને ભગવાનનો નિશ્ચય તો છે તોય પણ ભગવાનનો મહિમા યથાર્થપણે જાણતા નથી; તે માટે એને ભગવાન વિના બીજી કામના રહી જાય છે તે માટે જ્ઞાનીને બરોબર થતા નથી. તે સારુ ભગવાનના ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી ખોટ છે.

અને જેને કોઈ જાતની વાસના ન હોય અને તીવ્ર વૈરાગ્યવાન હોય અને જો તે વૈરાગ્યને યોગે અહંકારે યુક્ત વર્તે તો એ પણ એને વિષે મોટી ખોટ છે

અથવા અત્યંત આત્મજ્ઞાનનું બળ હોય અથવા ભગવાનને વિષે દૃઢ ભક્તિનું બળ હોય અને તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહિ અથવા તેની આગળ દીનવચન બોલાય નહિ તો એ પણ એને વિષે મોટી ખોટ છે. તે ખોટે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિને ન પામે. જેમ સલાટ કૂવો ખોદતો હોય અને જો હેઠે પાણો પોલો બોલે તો સલાટ એમ કહે જે, ''પાણી ઘણું થશે' અને જો ઉપરથી રણકતો હોય ને માંહી કાપે ત્યારે અગ્નિ ઝરે તો સલાટ એમ કહે જે, 'કૂવામાં પાણી થશે તો અર્ધા કોશનું કે પા કોશનું થશે પણ વધુ નહિ થાય.' **તેમ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે તો એ મોટો તો કહેવાય, પણ જેવું અર્ધા કોશનું કે પા કોશનું પાણી થયું એવો મોટો થાય પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે.** માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ. તો એ પુરુષના હૃદયને વિષે પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા જે શુભ ગુણ તેને યોગે કરીને માન આવે તે માનને ક્યા ઉપાયે કરીને ટાળવું ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે તથા તેમની સેવાચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય અને અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ્ય વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તોય પણ એને અતિ ખોટ છે અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે અભિમાન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે અને અંતર્દૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત

હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે. **માટે ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદય થવા દેવું નહીં.** અને જો માન સહિત જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય તો જેમ સોનું હોય અને તેમાં ભેગ ભળે ત્યારે તે સોનું પનરવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો બારવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો આઠવલું કહેવાય, તેમ એ ભક્તને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો આવે તેમ તેમ એ ત્રણે ઓછાં થતાં જાય છે; માટે માન રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે તો સોળવલા સોના જેવાં છે અને માન સહિત હોય તે ઉપરથી તો એને ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.

**ત્યાં દૃષ્ટાંત છે : જેમ** '**પચાસ કોટી યોજન પૃથ્વી** તે સમુદ્ર, પર્વત અને સર્વ ભૂત-પ્રાણીમાત્ર તેનો આધાર છે માટે ઘણી બળવાન જણાય છે અને તે થકી જળ વળી ઘણું બળવાન જણાય છે, જે જળને વિષે પૃથ્વી છાણાની પેઠે તરે છે અને જળ થકી તેજમાં ઘણું બળ જણાય છે અને તેજ થકી વાયુમાં ઘણું બળ જણાય છે અને આકાશનું તો કાંઈ બળ જણાતું નથી પણ આકાશ સર્વથી બળવાન છે, કાં જે એ ચારેનો આકાશ આધારરૂપ છે.' **તેમ માન-રહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે. માટે ઉપરથી તો જણાય નહિ પણ નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે** અને જેમ બાળક હોય તે દિવસ કાંઈ માનનો ઘાટસંકલ્પ હોય નહિ તેમજ સાધુને તો ગમે તેટલી પૂજાપ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની પેઠે માનરહિત વર્તવું.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે. એવું

સત્સંગમાંથી સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે તોય પણ ઈન્દ્રિયો અંતઃકરણાદિક ભેળો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજનસ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખિયો કેમ થઈ જાય છે?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે ''હું આત્મા-અનાત્માની વિગતિ કરી લઉં'' એમ વિગતી થતી નથી. એ તો **એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી.** અને જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે અને જેને એવો પ્રેમ ન હોય તેણે તો **ભગવાનનો મહિમા સમજવો જે** 'ભગવાન તો ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મમહોલ તેના પતિ છે અને મનુષ્ય જેવા જણાય છે તે તો ભક્તના સુખને અર્થે જણાય છે પણ એની મૂર્તિ છે તે ગોલોકાદિક જે પોતાનાં ધામ તેને વિષે એક એક નખમાં કોટિ કોટિ સૂર્યના પ્રકાશે યુક્ત જણાય છે અને મર્ત્યલોકને વિષે તો એ ભગવાનની મનુષ્ય સેવા કરે છે ને દીવો કરે ત્યારે એને આગળ પ્રકાશ થાય છે પણ એ તો સૂર્ય, ચંદ્રાદિક સર્વેને પ્રકાશના દાતા છે અને ગોલોકાદિક જે ધામ છે તેને વિષે તો રાધિકા, લક્ષ્મી આદિક જે પોતાના ભક્ત છે તેમણે નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક રહે છે અને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિ-પુરુષ દ્વારે કરીને અનંતકોટિ બ્રહ્માંડોને એ જ ભગવાન ઉપજાવે છે.' એવી રીતે ભગવાનનો મહિમા વિચારવો એ જ આત્મા-અનાત્માના વિવેકનું કારણ છે.

અને જેટલી એ ભક્તને ભગવાનના માહાત્મ્યે સહિત ભગવાનને વિષે નિષ્ઠા છે તેટલો જ એ ભક્તના હૃદયમાં વૈરાગ્ય આવે છે; માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે 'ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને '**સ્વામિનારાયણ**' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમોહોલને વિષે નિવાસ કરે, તો જે એ ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે?'' એમ માહાત્મ્ય સમજે તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું.'' ।।ઈતિ વચનામૃતમ્ ।।૫૬।।

## વચનામૃત ૫૭મું : અસાધારણ મોક્ષના કારણનું

**સંવત્ ૧૮૭૬ના ફાગણ સુદિ ૨ દ્વિતીયાને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** **'જેને પ્રશ્ન-ઉત્તર કરતાં આવડે તે એક એક પ્રશ્ન પૂછો.' પછી** **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **'હે મહારાજ ! મોક્ષનું અસાધા-રણ કારણ તે શું છે?''** **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** **''ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે.''**

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''ભગવાનને વિષે જે સ્નેહ તેનું શું રૂપ છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સ્નેહનું રૂપ તો એ છે જે સ્નેહમાં કોઈ જાતનો વિચાર ન જોઈએ અને જ્યારે જે ગુણ વિચારીને સ્નેહ કરે તે તો જ્યારે અવગુણ દેખે ત્યારે તેનો સ્નેહ ત્રુટિ જાય માટે હેત તો જેમ થયું હોય તેમ ને તેમ રહેવા દેવું, પણ વિચાર કરીને વારે વારે સ્થાપન ઉત્થાપન કરવું નહિ અને મૂઢપણે ભગવાનને વિષે હેત કરવું અને જે ગુણને વિચારીને હેત કરે તે હેતનો વિશ્વાસ નહિ, **માટે હેત તો જેમ દેહનાં સંબંધી સંગાથે છે તેવું**

ભગવાનને વિષે હેત કરવું અને એ હેતને મૂઢપણાનું હેત કહીએ અને ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે તે તો બીજી જ રીતનું છે એમ જાણવું.''

પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''સત્સંગમાં રહેવાનો ખપ છે, તો પણ કોઈક અયોગ્ય સ્વભાવ છે તે કેમ ટળતો નથી?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જે સ્વભાવ સત્સંગમાં અંતરાય કરતો હોય તે ઉપર જેને અભાવ ન આવે ત્યાં સુધી એને ક્યાં સત્સંગનો પૂરો ખપ છે ? અને તે સ્વભાવને પણ ક્યાં પૂરો શત્રુ જાણ્યો છે? ત્યાં દૃષ્ટાંત છે જેમ ''કોઈક પુરુષ આપણો મિત્ર હોય ને તે જ પુરુષે આપણા ભાઈને મારી નાખ્યો હોય તો પછી તે સાથે મિત્રપણું ન રહે અને તેનું માથું કાપવાને તૈયાર થાય; કાં જે મિત્ર કરતાં ભાઈનો સંબંધ અધિક છે.'' તેમ જો એને પોતાનો સ્વભાવ વર્તમાનમાં ભંગ પડાવીને સત્સંગથી વિમુખ કરે એવો છે ને તોય પણ એની ઉપર વૈરભાવ આવતો નથી અને તે સ્વભાવ ઉપર રીસ ચડતી નથી, તો જો એને સત્સંગમાં પૂરું હેત નથી અને જો જેવું ભાઈમાં હેત મનુષ્યને છે તેવું જો સત્સંગ ઉપર હેત હોય તો ભૂંડા સ્વભાવને તત્કાળ ટાળી નાખે, શા માટે જે જીવ તો અતિ સમર્થ છે કેમ જે મન અને ઈન્દ્રિયો એ સર્વે તો ક્ષેત્ર છે અને જીવ તો એનો ક્ષેત્રજ્ઞ છે માટે જે કરે તે થાય.'' ઈતિ વચનામૃતમ્ ॥૫૭॥

## વચનામૃત ૫૮ઃ દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કારનું, મોટાને જાણે તેવો થાય

સંવત્ ૧૮૭૬ના ફાગણ સુદિ ૫ પંચમીને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડામધ્યે દાદાખાચરના દરબારમાં જે પરમહંસની જાયગા ત્યાં વિરાજમાન હતા અને સર્વ ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'પ્રશ્ન કરો.' પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ! જ્યારે ભજનસ્મરણ કરવા બેસે ત્યારે ભગવાનના ભક્તના અંતરમાં રજોગુણ-તમોગુણના વેગ આવે ત્યારે ભજન સ્મરણનું સુખ આવતું નથી, તે એ ગુણના વેગ કેમ ટળે?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,

''એ ગુણની પ્રવૃત્તિના કારણ તો દેહ, કુસંગ અને પૂર્વસંસ્કાર એ ત્રણ છે. તેમાં દેહને યોગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે તો આત્મા-અનાત્માના વિચારે કરીને ટળી જાય છે; અને કુસંગે કરીને પ્રવર્ત્યા હોય તે સંતને સંગે કરીને ટળે છે અને જે રજોગુણ, તમોગુણના વેગ એ બેયે કરીને પણ ન ટળે તે તો કોઈક પૂર્વના ભૂંડા સંસ્કારને યોગે કરીને છે; માટે એ ટળવા ઘણા કઠણ છે.''

**પછી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તો તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.'' **પછી વળી, આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''શો ઉપાય કરે તો મોટા પુરુષ રાજી થાય?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા એ સર્વનો ત્યાગ કરે અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળેભાવે રહે, પણ દેહે કરીને સર્વેને નમતો રહે, તો એની ઉપર મોટા સંત રાજી થાય છે.''

**પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! સત્સંગમાં રહેતે થકે જેટલા અવગુણ હોય તે સર્વે નાશ પામી જાય અને દિનદિન પ્રત્યે ભગવાનની ભક્તિ વૃદ્ધિ પામતી જાય એનો શો ઉપાય છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય; અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય; અને જો મોટા પુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય; અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી,

નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. **તે પાકા હરિભક્તનું શું લક્ષણ છે?** તો, સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય તેનો જેમ દુઃખદાયક વસ્તુનો સહેજે અભાવ રહે છે તેમ જેને સહેજે અભાવ રહે છે. અને એક પરમેશ્વરના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા વર્તે છે તેને પાકો હરિભક્ત જાણવો. તે **એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે,** પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.' **ઈતિ વચનામૃતમ્ ૫૮**

## ॥ વચનામૃત ૫૯મું : અસાધારણ સ્નેહનું કારણ ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ સુદિ ૧૪ ચતુર્દશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેનારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને લલાટને વિષે ચંદનની અર્ચા વિરાજમાન હતી ને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રશ્ન-ઉત્તર કરો.'' **પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, 'આ મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે' તથા આસ્તિકપણું હોય તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, 'આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વીપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીસ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા

જાણે નહિ, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે. એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય અને અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી. 'જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહિ,' અને 'જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું પણ પોતે જાણતા ન હતા. પછી જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું.' તેવી રીતે એ ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી.

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ પ્રીતિના બળને જણાયાનું શું કારણ છે?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સત્સંગ અને સત્‌શાસ્ત્રનું શ્રવણ કરતે સતે એને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ છે તે જણાઈ આવે છે.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''દેશ, કાળ અને ક્રિયા તે ભૂંડાં થાય અથવા ભલાં થાય તેનું કારણ તે સંગ છે કે કોઈ બીજું છે?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'દેશ તો પૃથ્વી કહેવાય, તે સર્વ ઠેકાણે સરખો છે અને કાળ પણ સરખો છે પણ અતિશય જે મોટા સમર્થ પુરુષ હોય તે જે દેશમાં રહેતા હોય તેને પ્રતાપે કરીને ભૂંડો દેશ હોય, ભૂંડો કાળ હોય, ભૂંડી ક્રિયા હોય તે સર્વે સારાં થઈ જાય છે અને અતિશય ભૂંડા પાપી પુરુષ જે દેશમાં રહેતા હોય તેને યોગે કરીને સારો દેશ ને સારી ક્રિયા ને સારો કાળ હોય તે પણ ભૂંડાં થઈ જાય છે. માટે શુભ ને અશુભ એવા જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો પુરુષ છે. તે પુરુષ જો અતિશય સમર્થ હોય તો સર્વ પૃથ્વીમાં દેશ, કાળ ને ક્રિયા તે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક દેશમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ગામમાં

પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ફળી તથા એક પોતાનું ઘર તેમાં પ્રવર્તાવે. એવી રીતે એ શુભ-અશુભ જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો શુભ ને અશુભ એ બે પ્રકારના પુરુષ છે.'' ॥ઈતિ વચનામૃતમ્॥૫૯॥

## ॥ વચનામૃત ૬૦મું : એકાંતિક ધર્મ પામ્યાનું - વાસના ટાળ્યાનું ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૧ પ્રતિપદાને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને તે પાઘને વિષે ધોળાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને કંઠમાં ધોળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે.** તે વાસના ટાળવાની એમ વિગતિ છે જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચ વિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી વધુ છે ? તેની પરીક્ષા કરવી ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય, તેણે કરીને એને પંચ વિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે; તેમજ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે; તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે. એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય ત્યારે જાણીએ જે વાસના જીતાણી. અને **વાસના**

**રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે** અને વાસના જરાક રહી જાય તો સમાધિવાળો હોય અને નાડી-પ્રાણ તણાતાં હોય તોય પણ વાસના સમાધિ-માંથી પાછો ખેંચી લાવે છે; **માટે વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત છે.''**

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''વાસના ટાળ્યાનો શો ઉપાય છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'એક તો આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ અને ત્રીજું ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણ્યું જોઈએ જે, 'ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે. માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયના સુખમાં હું શું પ્રીતિ રાખું ?' એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે અને વળી એમ વિચાર કરે જે, 'ભગવાનને ભજતાં થકા પણ જો કોઈક ખોટ રહી જશે ને કદાપિ જો ભગવાનના ધામમાં નહિ જવાય ને ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકને વિષે ભગવાન મૂકશે તોય પણ આ લોકના કરતાં તો ત્યાં કોટિગણાં વધુ સુખ છે.' એવો વિચાર કરીને પણ આ સંસારના તુચ્છ સુખ થકી વાસનાએ રહિત થવું.

અને એવી રીતે ભગવાનનો મહિમા જાણીને વાસનાએ રહિત થાય છે, ત્યાર પછી એને એમ જણાય છે જે, મારે કોઈ કાળે વાસના હતી જ નહિ અને એ તો મને વચમાં કાંઈક ભ્રમ જેવું થયું હતું પણ હું તો સદા વાસનાએ રહિત છું.' એવું ભાસે છે. અને આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, **માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૦॥

## ॥ વચનામૃત ૬૧મું : બળિરાજાનું ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ**

લીંબડાના વૃક્ષને હેઠે ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને હીરકોરનું શ્વેત ધોતિયું મસ્તકે બાંધ્યું હતું ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો ને કંઠમાં શ્વેત પુષ્પના હાર ધારણ કર્યા હતા ને શ્વેત પુષ્પના તોરા પાઘમાં ડાબી કોરે લટકતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વેનો જાણનારો એવો જે આત્મા તે છું" એવી જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશય દૃઢ થાય ત્યારે કોઈ રીતે કરીને ધીરજ ડગે નહિ અને આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તો પણ ધીરજ રહે નહિ."**

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, "જે આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલી સહાય કરે છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'જેમ નદી તરવી હોય ત્યાં તો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને જેને તરતાં ન આવડતું હોય તે તો ઊભો થઈ રહે પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે. તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય પણ મૃત્યુસમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. **માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે,** પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.'

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "ભગવાનનો ભક્ત હોય તેને સિદ્ધિઓ આડી આવે છે, તે જેને ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ હોય તેને જ આવે છે કે નિશ્ચયવાળાને આવે છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,**

''સિદ્ધિઓ તો જેને પરિપક્વ ભગવાનનો નિશ્ચય હોય તેને જ આવે છે અને બીજાને તો સિદ્ધિઓ ઘણી દુર્લભ છે અને એ સિદ્ધિઓને પણ એ ભક્તની પરીક્ષા લેવા સારુ ભગવાન જ પ્રેરે છે જે, 'એને મારી ઉપર ઘણું હેત છે કે સિદ્ધિઓ ઉપર ઘણું હેત છે?' એવી રીતે ભગવાન પોતાના ભક્તની પરીક્ષા જુએ છે. પછી જો એ પાકો ભક્ત હોય **ને ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છે ને નિર્વાસનિક એવો એકાંતિક ભક્ત હોય, તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે.** જેમ વામનજીએ બળિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું અને ચૌદ લોકના બે પગલાં કર્યાં અને ત્રીજા પગલા સારુ તે બળિરાજાએ પોતાનું શરીર આપ્યું. એવી રીતે શ્રદ્ધા સહિત ભગવાનને સર્વસ્વ આપ્યું. તોય ભગવાને એને વગર વાંકે બાંધ્યો; તોપણ ભક્તિ થકી પડ્યો નહિ, ત્યારે એવી પોતાની અનન્ય ભક્તિ જોઈને પોતે ભગવાન તે બળિના બંધનમાં આવતા હવા.

અને ભગવાને તો બળિરાજાને ક્ષણમાત્ર બાંધ્યો હતો અને ભગવાન તો એની ભક્તિરૂપી દોરીએ કરીને બંધાયા છે, તે આજ દિવસ સુધી પણ અખંડ ભગવાન બળિને દરવાજે ઊભા છે અને બળિરાજાની દૃષ્ટિ થકી પળમાત્ર પણ ભગવાન છેટે થતા નથી. એવી રીતે આપણે પણ બીજી સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઈ રહેશું અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણે વશ્ય થઈ જશે. શા માટે? જે પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે. પછી તે પ્રેમભક્તિએ યુક્ત જે ભક્તનું મન તે મનરૂપી દોરીએ કરીને બંધનમાં આવે છે, પછી છૂટવાને સમર્થ થતા નથી.

**માટે જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ જે,** 'ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ્ય થશે અને પળમાત્ર મારાથી છેટે નહિ રહે,' એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું પણ કોઈ રીતે દુઃખ દેખીને

અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહિ.' **॥ ઈતિ વચનામૃતમ્ ૬૧**

## ॥ વચનામૃત ૬૨મું : સત્ય-શૌચાદિક ગુણ આવ્યાનું ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૪ ચોથને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ચોક વચ્ચે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને માથે શ્વેત પાઘ વિરાજમાન હતી અને તે પાઘને વિષે શ્વેત પુષ્પના હાર તથા શ્વેત પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે,** 'શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે– **'સત્યં શૌચં દયા ક્ષાન્તિસ્ત્યાગઃ સન્તોષ આર્જવમ્ । શમો દમસ્તપઃ સામ્યં તિતિક્ષોપરતિઃ શ્રુતમ્ ॥ જ્ઞાનં વિરક્તિરૈશ્વર્યં શૌર્યં તેજો બલં સ્મૃતિઃ । સ્વાતંત્ર્યં કૌશલં કાન્તિર્ધૈર્યં માર્દવમેવ ચ ॥ પ્રાગલ્ભ્યં પ્રશ્રયં શીલં સહ ઓજો બલં ભગઃ । ગામ્ભીર્યં સ્થૈર્યમાસ્તિક્યં કીર્તિર્માનોઽનહંકૃતિઃ ॥'** એ જે ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ તે ભગવાનના સ્વરૂપને વિષે નિરંતર રહે છે. તે એ ગુણ સંતને વિષે કેવી રીતે આવે છે?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે, એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. **તે નિશ્ચય કેવો હોય ? તો જે** 'ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે.' અને એવી રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહિ; તે ગમે તેવાં તરેતરેનાં શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે અને ગમે તેવા પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપમાં

ડગમગાટ થાય નહિ. એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. માટે જેને જે સંગાથે સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે. જેમ આપણાં નેત્ર છે તેને જ્યારે દીવા સંગાથે સંબંધ થાય છે ત્યારે તે દીવાનો પ્રકાશ નેત્રમાં આવે છે, તેણે કરીને નેત્ર આગળ અંધારું હોય તેનો નાશ થઈ જાય છે; **તેમ જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે.** પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે.''

**પછી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''**નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતાં જાય છે, તેનું શું કારણ હશે?**'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાન પાસે એક અમૃત લાવીએ અને શીંગડિયો વછનાગ લાવીએ અને દૂધપાક ને સાકર લાવીએ અને અફીણ લાવીએ અને તે સર્વેને ભગવાનના થાળમાં ધરીએ તો પણ જેનો જેવો ગુણ હોય તેનો તેવો ને તેવો જ રહે પણ પલટાઈ જાય નહિ. તેમ જે જીવ આસુરી અને અતિ કુપાત્ર હોય તે ભગવાનને સમીપે આવે તોય પણ પોતાના સ્વભાવને મૂકે નહિ. પછી એ કોઈક ગરીબ હરિભક્તનો દ્રોહ કરે તેણે કરીને એનું ભૂંડું થાય. શા માટે જે ભગવાન સર્વમાં અંતર્યામીરૂપે કરીને રહ્યા છે તે પોતાની ઈચ્છા આવે ત્યાં તેટલી સામર્થિ જણવે છે; માટે તે ભક્તને અપમાને કરીને તે ભગવાનનું અપમાન થાય છે. ત્યારે તે અપમાનના કરનારાનું અતિશય ભૂંડું થઈ જાય છે.

જેમ હિરણ્યકશિપુ હતો તેણે ત્રિલોકી પોતાને વશ કરી રાખી હતી એવો બળવાન હતો પણ તેણે જો પ્રહ્‌લાદજીનો દ્રોહ કર્યો તો ભગવાને સ્થંભમાંથી નૃસિંહરૂપે પ્રકટ થઈને તે હિરણ્યકશિપુનો નાશ કરી નાખ્યો. એમ વિચારીને ભગવાનના ભક્ત હોય તેને અતિશય ગરીબપણું પકડવું પણ કોઈનું અપમાન કરવું નહિ. કાં જે ભગવાન તો ગરીબના અંતરને વિષે પણ વિરાજમાન રહ્યા

છે તે એ ગરીબના અપમાનના કરતલનું ભૂંડું કરી નાખે છે, એવું જાણીને કોઈ અલ્પ જીવને પણ દુઃખવવો નહિ. અને જો અહંકારને વશ થઈને જેને તેને દુઃખવતો ફરે તો ગર્વગંજન એવા જે ભગવાન તે અંતર્યામીરૂપે સર્વમાં વ્યાપક છે તે ખમી શકે નહિ. પછી ગમે તે દ્વારે પ્રકટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનને સારી પેઠે નાશ કરે છે. **તે માટે તે ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને પણ દુઃખવવો નહિ એ જ નિર્માની સાધુનો ધર્મ છે.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૨ ॥

## વચનામૃત ૬૩મું : નિશ્ચયનું, તત્ત્વે કરીને ભગવાનને જાણ્યાનું

સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૭ સપ્તમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળું હીરકોરનું ધોતિયું માથે બાંધ્યું હતું ને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર વિરાજમાન હતા અને પાઘને વિષે ગુલાબનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેને કેવા સંકલ્પ થાય ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય ત્યારે અતિ આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઈ જાય અને પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થતા હોય ને તેને ટાળે તોય પણ ટળે નહિ ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે, 'હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો તોય પણ ભગવાન મારા ભૂંડા ઘાટ ટાળતા નથી,' એવી રીતે ભગવાનમાં દોષ પરઠે. અને જે પદાર્થમાં પોતાને હેત હોય અને કોઈ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે જે, 'જેમ મારે વિષે કામાદિક દોષ છે તેમ ભગવાનને વિષે પણ છે પણ

એ ભગવાન છે તે મોટા કહેવાય છે.' એવી રીતના જેને અંતરમાં ઘાટ થતા હોય તેના નિશ્ચયમાં કસર જાણવી, એનો પરિપક્વ નિશ્ચય ન કહેવાય.''

**પછી પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, ''મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે અને આ સંત સર્વે તે નારદ સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રૂક્મિણી, લક્ષ્મી, પાર્વતી એવી છે અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી. અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું.' એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે. એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો.'

**એમ કહીને પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, ''તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી. તે તત્ત્વે કરીને જાણ્યાની રીત કહીએ તે સાંભળો,** જે સાંભળીને પરમેશ્વરના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે જે, પ્રથમ તો એને ભગવાનની મોટાઈ જાણી જોઈએ, 'જેમ કોઈક મોટો રાજા હોય તેના જે ગોલા અને ગોલીઓ હોય તેને પણ સાત ભૂમિની તો હવેલીઓ રહેવાની હોય અને બાગબગીચા ને ઘોડા, વેલ્યો, ઘરેણાં એ આદિક જે સામગ્રીઓ તેણે કરીને દેવલોક સરખાં તેનાં ઘર જણાય ત્યારે તે રાજાનો જે દરબાર તથા તેમાં જે સામગ્રીઓ તે તો અતિ શોભાયમાન હોય.' તેમ શ્રીપુરુષોત્તમ ભગવાનની આજ્ઞામાં વર્તતા એવા જે બ્રહ્માંડના અધિપતિ બ્રહ્માદિક તેના જે લોક અને તે લોકના વૈભવ તેનો પાર પમાતો નથી, તો જેના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા એવા જે વિરાટપુરુષ તેમના વૈભવનો પાર તો ક્યાંથી પમાય? અને એવા અનંતકોટિ જે વિરાટપુરુષ તેમના સ્વામી

જે પુરુષોત્તમ ભગવાન તેનું ધામ જે અક્ષર, જેને વિષે એવાં અનંતકોટિ બ્રહ્માંડ તે એક એક રોમ પ્રત્યે અણુની પેઠે ઊડતાં ફરે છે, એવું એ ભગવાનનું ધામ છે અને તે ધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે દિવ્યરૂપે કરીને સદા વિરાજમાન છે અને તે ધામમાં અપાર દિવ્ય સામગ્રી છે. તે ભગવાનની મોટ્યપનો પાર તો આવે જ કેમ? એવી રીતે ભગવાનની મોટ્યપ સમજે.

**અને જે જે થકી મોટો હોય તે તે થકી સૂક્ષ્મ હોય અને તે તેનું કારણ પણ હોય,** 'જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે અને જળ થકી તેજ મોટું છે અને તેજ થકી વાયુ મોટો છે અને વાયુ થકી આકાશ મોટો છે.' એવી રીતે અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર એ સર્વે એકબીજાથી મોટાં છે અને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે અને એ સર્વે મૂર્તિમાન છે પણ ભગવાનનું જે અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે; જેના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે. 'જેમ કોઈ મોટો હસ્તિ હોય, તેના શરીર ઉપર કીડી ચાલી જાતી હોય તે કશી ગણતીમાં આવે નહિ,' તેમ એ અક્ષરની મોટાઈ આગળ બીજું કોઈ કાંઈ ગણતીમાં આવતું નથી. જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય અને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય અને સાપને મધ્યે સમળી હોય તે મોટી દેખાય ને સમળીને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય ને હાથીને મધ્યે ગિરનાર સરખો પર્વત હોય તે મોટો દેખાય અને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય અને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિ મોટો જણાય અને લોકાલોક પર્વત થકી પૃથ્વી અતિ મોટી જણાય અને પૃથ્વીનું કારણ જે જળ તે તે થકી મોટું પણ છે અને સૂક્ષ્મ પણ છે. એવી રીતે જળનું કારણ તે તેજ છે, તેજનું કારણ વાયુ છે, વાયનું કારણ આકાશ છે, આકાશનું કારણ અહંકાર છે, અહંકારનું કારણ મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વનું કારણ પ્રધાન અને પુરુષ છે અને પ્રધાન ને

પુરુષનું કારણ મૂળ પ્રકૃતિ ને બ્રહ્મ છે.

**અને એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે** અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે અને એ અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થતી નથી, સદાય એકરૂપે રહે છે અને તે અક્ષર મૂર્તિમાન છે. પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી, જેમ ચોવીસ તત્ત્વનું કાર્ય જે બ્રહ્માંડ તે પુરુષાવતાર કહેવાય છે અને તે વિરાટપુરુષ જે તે કરચરણાદિકે કરીને યુક્ત છે, પણ તેની મૂર્તિ અતિશય મોટી છે માટે નજરે આવતી નથી. અને તેની નાભિમાંથી થયું જે કમળ તેના નાળમાં બ્રહ્મા સો વર્ષ લગી ચાલ્યા, પણ તેનો અંત ન આવ્યો. અને જો કમળનો જ અંત ન આવ્યો તો વિરાટપુરુષનો પાર કેમ આવે ? માટે તે વિરાટનું રૂપ નજરે આવતું નથી;' તેમ અક્ષરધામ પણ મૂર્તિમાન છે પણ કોઈને નજરે આવે નહિ, તે શા માટે ? જે એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઊડતાં જ ફરે છે એવડા મોટા છે. તે અક્ષરધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે સદા વિરાજમાન છે અને પોતાની અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ અને અનંતકોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે.

અને તે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંતકોટિ મુક્ત તે એ ભગવાનની સેવાને વિષે રહે છે. અને તે ભગવાનના સેવકના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્યના જેવો પ્રકાશ છે; માટે જેના સેવક એવા છે તો **એમના સ્વામી જે પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા તો કેમ કહેવાય ?** એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે અને પછી મૂળ પ્રકૃતિ પુરુષરૂપે થાય છે અને પછી પ્રધાન પુરુષરૂપે થાય છે અને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીસ તત્ત્વ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વે કરીને સરજાણા જે વિરાટપુરુષ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે અને પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે.

એવી રીતે અતિ સમર્થ અને અતિ પ્રકાશે યુક્ત અને અતિ મોટા જે એ ભગવાન તે પોતાનું જે આવું ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે અને મનુષ્ય દર્શન કરી શકે તથા સેવા-અર્ચનાદિક કરી શકે એવું રૂપ ધારણ કરે છે. 'જેમ કીડીના પગમાં ઝીણો કાંટો વાગ્યો હોય તેને બરછી તથા નરેણીએ કરીને કાઢે તો નીસરે નહિ, તે તો અતિશય ઝીણું લોઢું હોય તેણે કરીને નીસરે,' તેમ ભગવાન પણ પોતાની મોટાઈને પોતામાં સમાવીને અતિશય અલ્પ રૂપનું ધારણ કરે છે. જેમ અગ્નિ પોતાનો પ્રકાશ અને જવાળા તેને સમાવીને મનુષ્ય જેવો થાય' તેમ ભગવાન પણ પોતાની સામર્થી છુપાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યની પેઠે વર્તે છે. અને જે મૂર્ખ હોય તે તો એમ જાણે જે, 'ભગવાન કાંઈ સામર્થી કેમ પ્રગટ કરતા નથી ?' પણ ભગવાન તો મૂળગી જીવના કલ્યાણને અર્થે પોતાની સામર્થી ઢાંકીને વર્તે છે અને જો પોતાની મોટ્યપ પ્રકટ કરે તો બ્રહ્માંડ પણ નજરમાં ન આવે તો જીવની શી ગણના ? એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનનો નિશ્ચય તે જેને હૃદયમાં દૃઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી. માટે એવી રીતે તત્ત્વે કરીને જે ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી.''

**પછી નિત્યાનંદસ્વામીએ પૂછ્યું જે, ''એવી રીતે અનુક્રમે કરીને ભગવાન મનુષ્યાકૃતિ ધરે છે કે અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધરે છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અનુક્રમનો કાંઈ મેળ નથી, ત્યાં દૃષ્ટાંત : જેમ કોઈ પુરુષ હોય તે તળાવને વિષે ડબકી ખાય, તે ડબકી ખાઈને ગમે તો ત્યાં ને ત્યાં નીસરે અથવા કાંઠે નીસરે અથવા આસપાસ નીસરે, તેમ પુરુષોત્તમ ભગવાન છે, તે અક્ષરરૂપ ધામને વિષે ડબકી ખાઈને ગમે તો ત્યાંથી પાધરા જ મનુષ્યા-કૃતિને ધરે છે અને ગમે તો એવી રીતે અનુક્રમે કરીને મનુષ્યાકૃતિને ધરે છે.

એમ વાર્તા કરીને પછી વળી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને અતિ દૃઢ નિશ્ચય હોય તેનું થોડાકમાં લક્ષણ કહું તે સાંભળો જે, જેને પરિપક્વ નિશ્ચય

હોય અને તે પોતે અત્યંત ત્યાગી હોય તોય પણ તે પાસે ગમે તેવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો તે કરે, પણ તેમાંથી પાછો હઠે નહિ અને કચવાઈને પણ કરે નહિ, રાજી થકો કરે. **અને બીજું એ લક્ષણ જે,** ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય અને તે કોટિ ઉપાય કરે તોય પણ ટળે એવો ન હોય ને જો તે સ્વભાવને મુકાવ્યાનો પરમેશ્વરનો આગ્રહ દેખે, તો તે સ્વભાવને તત્કાળ મૂકે, **અને ત્રીજું એ લક્ષણ જે,** પોતામાં કાંઈક અવગુણ હોય તોપણ પરમેશ્વરની કથા, કીર્તન તથા ભગવાનના સંત તે વિના ઘડીમાત્ર રહેવાય નહિ; અને પોતાનો અવગુણ લે ને સંતનો અતિ ગુણ ગ્રહણ કરે અને ભગવાનની કથા કીર્તન અને ભગવાનના સંતનો અતિ મહિમા સમજે, એવું જેને વર્તતું હોય તેને પરિપકવ નિશ્ચય જાણવો. એવા નિશ્ચયવાળાને કોઈક દિવસ કોઈ પ્રારબ્ધયોગે કરીને કાંઈક વર્તવામાં ફેર પડી જાય તોય પણ તેનું અકલ્યાણ ન થાય અને એવો નિશ્ચય ન હોય ને તે ગમે તેવો ત્યાગી હોય તોય પણ તેના કલ્યાણમાં ફેર છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૬૩॥

## ॥ વચનામૃત ૬૪મું : શરીર-શરીરીનું, સ્વામી-સેવકભાવનું ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને મસ્તકે હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું ને તુલસીની નવી કંઠી, કંઠને વિષે પહેરી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે** ''પુરુષોત્તમ એવા જે ભગવાન તેનું શરીર આત્મા તથા અક્ષર છે, એમ શ્રુતિએ કહ્યું છે. તે આત્મા અને અક્ષર તે તો વિકારે રહિત છે ને તે આત્મા ને અક્ષરને વિષે કાંઈ હેય ઉપાધિ નથી અને જેમ ભગવાન માયા થકી પર છે તેમ આત્મા ને અક્ષર પણ માયા થકી પર છે. એવા જે આત્મા ને અક્ષર તે કેવી રીતે ભગવાનનું શરીર

કહેવાય છે ? અને જીવનું શરીર તો જીવ થકી અત્યંત વિલક્ષણ છે ને વિકારવાન છે અને દેહી જે જીવ તે તો નિર્વિકારી છે. માટે દેહ અને દેહીને તો અત્યંત વિલક્ષણપણું છે, તેમ પુરુષોત્તમને અને પુરુષોત્તમના શરીર જે આત્મા ને અક્ષર તેને વિષે અત્યંત વિલક્ષણપણું જોઈએ; તે કહો કેમ વિલક્ષણપણું છે ?'' પછી સર્વે મુનિએ જેની જેવી બુદ્ધિ તેણે તેવો ઉત્તર કર્યો, પણ યથાર્થ ઉત્તર કોઈથી થયો નહિ.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''લ્યો અમે એનો ઉત્તર કરીએ જે, **આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે.** કેવી રીતે ? તો ભગવાન જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને એ બેય તો વ્યાપ્ય છે અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે ને પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિ સમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે.

એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે અને એવા જે એ ભગવાન તે જે તે વ્યાપક ને દૃષ્ટા એવા જે સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય ને આત્માને દૃશ્ય એવા જે દેહ એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્માપણે રહ્યા છે અને એવી રીતે સર્વેના આત્મા જે પુરુષોત્તમ ભગવાન તે જ્યારે રૂપવાન એવું જે દૃશ્ય તેના આત્માપણે કરીને શાસ્ત્રને વિષે કહ્યા હોય ત્યારે તે પુરુષોત્તમને દૃશ્યરૂપે કરીને પ્રતિપાદન કર્યા હોય; અને જ્યારે એ દૃષ્ટાના આત્માપણે કરીને પ્રતિપાદન કર્યા હોય ત્યારે એ પુરુષોત્તમને અરૂપપણે કરીને શાસ્ત્રમાં કહ્યા હોય છે અને વસ્તુતાએ તો **રૂપવાન જે દૃશ્ય અને અરૂપ જે આત્મા એ બેય થકી પુરુષોત્તમ ભગવાન ન્યારા છે ને સદા મૂર્તિમાન છે** ને પ્રાકૃત આકારે રહિત છે અને મૂર્તિમાન થકા પણ દૃષ્ટા ને દૃશ્ય એ બેયના દૃષ્ટા છે અને એ આત્મા ને

અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્યે સંપન્ન છે ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે. **એવા જે પુરુષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને અર્થે** કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે, તેને જે આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના ભક્તિ કરે છે, તે તો એ ભગવાનના સાધર્મ્ય-પણાને પામે છે અને અનંત ઐશ્વર્યને પામે છે અને બ્રહ્મભાવને પામ્યો જે પોતાનો આત્મા તેણે કરીને પ્રેમે સહિત નિરંતર પરમ આદર થકી પુરુષોત્તમ ભગવાનની સેવાને વિષે વર્તે છે અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે, તે તો બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે; તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી **અને આ જે વાર્તા તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે; માટે એમાં કાંઈ સંશય નથી** અને આ વાર્તા તો જેને એ ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે થકી જ પમાય છે પણ બીજા થકી તો પમાતી જ નથી; માટે આ વાર્તાને અતિ દૃઢ કરીને રાખજો.' **।। ઈતિ વચનામૃતમ્ ।।૬૪।।**

## ॥ વચનામૃત ૬૫મું : જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઈચ્છાશક્તિનું ॥

**સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને પોઢવાના ઓરડાની ઓસરીએ ગાદી તકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.**

**અને શ્રીજી મહારાજ કથા કરાવતા હતા તે સમે મોટા મોટા પરમહંસને પોતાને સમીપ બોલાવ્યા. પછી કથાનો અધ્યાય પૂરો થયો ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે જેટલા મોટા મોટા સાધુ છો તે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો, કેમ જે પ્રશ્ન-ઉત્તર કરો ત્યારે જેને જેવી બુદ્ધિ હોય તે જાણ્યામાં આવે.''

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ** પરમાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''આકાશની ઉત્પત્તિ અને લય તે ક્યે પ્રકારે છે ?''** ત્યારે પરમાનંદ સ્વામી એ

પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ બાળક હોય ને તે જ્યારે પ્રથમ માતાના ઉદરમાં હોય ત્યારે તથા જન્મ સમયમાં તેને હૃદયાદિક જે ઈન્દ્રિયોનાં છિદ્ર તે સૂક્ષ્મ હોય ને પછી જેમ જેમ તે બાળક વૃદ્ધિને પામતો જાય તેમ તેમ તે છિદ્રની વૃદ્ધિ થતી જાય ને તેમાં આકાશ પણ ઉત્પન્ન થતો જણાય અને જ્યારે એ વૃદ્ધ અવસ્થાને પામે ત્યારે એનાં ઈન્દ્રિયોનાં છિદ્ર તે સંકોચને પામતાં જાય ને તેમાં આકાશ પણ લય થતો જણાય, તેમ જ્યારે વિરાટ દેહ ઊપજે ત્યારે તેને અવાંતર હૃદયાદિક છિદ્રમાં આકાશ ઉત્પન્ન થતો જણાય અને જ્યારે એ વિરાટ દેહનો લય થાય ત્યારે આકાશ લય પામ્યો જણાય, એમ આકાશની ઉત્પત્તિ અને લય છે. પણ જે આકાશ સર્વેનો આધાર છે તે તો જેમ પ્રકૃતિ પુરુષ નિત્ય છે તેમ નિત્ય છે, એની ઉત્પત્તિ ને લય તે કહેવાય નહિ અને વળી સમાધિએ કરીને પણ આકાશની ઉત્પત્તિ ને લય છે તેની રીતને તો જે સમાધિવાળા છે તે જાણે છે.

**પછી પરમાનંદ સ્વામીએ** સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''સુષુમ્ણા નાડી તે દેહને માંહિલી કોરે કેમ રહી છે અને દેહથી બહાર કેમ રહી છે?''** ત્યારે એ પ્રશ્નનો ઉત્તર સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે, તેટલું જ આ પિંડમાં પણ છે. તે પિંડમાં અલ્પ છે ને બ્રહ્માંડમાં મહત્ છે અને જેવો આ પિંડનો આકાર છે તેવો જ બ્રહ્માંડનો આકાર છે અને જેમ બ્રહ્માંડમાં નદીઓ છે તેમ પિંડમાં નાડીઓ છે અને જેમ બ્રહ્માંડમાં સમુદ્ર છે તેમ પિંડમાં કુક્ષિને વિષે જળ છે અને જેમ ત્યાં ચંદ્ર-સૂર્ય છે તેમ પિંડમાં ઈડા-પિંગલા નાડીને વિષે ચંદ્ર-સૂર્ય છે; ઈત્યાદિક સામગ્રી **જેમ બ્રહ્માંડમાં છે તેમ પિંડમાં છે અને આ પિંડમાં જે ઈન્દ્રયોની નાડીઓ છે તેની બ્રહ્માંડ સાથે એકતા છે** તે જિહ્વાના અંતને પામે ત્યારે વરુણદેવને પમાય છે. અને વાક્ ઈન્દ્રિયના અંતને પામે ત્યારે અગ્નિદેવને પામે છે અને ત્વચાના અંતને પામે ત્યારે વાયુદેવને પામે છે અને શિશ્નના અંતને પામે ત્યારે પ્રજાપતિને પામે છે અને

હાથના અંતને પામે ત્યારે ઈન્દ્રને પામે છે અને તેમજ હૃદયને વિષે રહી જે સુષુમ્ણા નાડી તેનું અંત જે બ્રહ્મરંધ્ર તેને જ્યારે પામે ત્યારે શિશુમાર ચક્રને વિષે રહેલ જે વૈશ્વાનર નામે અગ્નિ-અભિમાની દેવતા તેને પામે છે. ત્યારે બ્રહ્મરંધ્રથી લઈને પ્રકૃતિપુરુષ સુધી એક તેજનો માર્ગ સળંગ રહ્યો છે તેને દેખે છે. તે તેજના માર્ગને સુષુમ્ણા કહીએ. એવી રીતે સુષુમ્ણા નાડી પિંડમાં ને બ્રહ્માંડમાં રહી છે.''

**પછી વળી પરમાનંદ સ્વામીએ** સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''પ્રથમ જાગ્રત અવસ્થાનો લય છે કે સ્વપ્નનો લય છે કે સુષુપ્તિનો લય છે ?''** ત્યારે એ પ્રશ્નનો ઉત્તર સ્વયંપ્રકાશાનંદ સ્વામીને ન આવડ્યો,

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જાગ્રત અવસ્થાને વિષે સ્નેહે કરીને ભગવાનની મૂર્તિને વિષે લક્ષ થાય ત્યારે પ્રથમ જાગ્રત અવસ્થાનો લય થાય છે અને પછી સ્વપ્નનો ને સુષુપ્તિનો લય થાય છે અને જ્યારે મને કરીને ચિંતવન કરતે કરતે સ્વપ્નને વિષે ભગવાનની મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય અને પછી જાગ્રતનો ને સુષિપ્તનો લય થાય છે અને જ્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતે કરતે ઉપશમપણે કરીને લક્ષ થાય છે ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે અને પછી જાગ્રતનો ને સ્વપ્નનો લય થાય છે.'' એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર કર્યો.

**પછી વળી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ** પરમાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે **''ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશક્તિ છે તે કેમ સમજવી?''** **ત્યારે શ્રીજી મહારાજ હસીને બોલ્યા જે,** ''એનો ઉત્તર તો તમને પણ નહિ આવડતો હોય.'' એમ કહીને પોતે ઉત્તર કરવા લાગ્યા જે, ''આ જીવ જ્યારે સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય અને ત્યારે જે કર્મ કરે તે કર્મનું ફળ તે જાગ્રત અવસ્થા છે અને આ જીવ જ્યારે રજોગુણ પ્રધાનપણે વર્તે અને તે સમયમાં જે કર્મ કરે તે કર્મનું ફળ સ્વપ્ન અવસ્થા છે અને જ્યારે આ જીવ તમોગુણ પ્રધાનપણે વર્તતો હોય અને તે સમયમાં જે કર્મ કરે તેનું ફળ તે

સુષુપ્તિ અવસ્થા છે અને તે સુષુપ્તિ અવસ્થાને આ જીવ પામે છે ત્યારે જેવી પાણાની શિલા હોય તે જેવો જડ થઈ જાય છે; અને એને કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી જે, 'હું પંડિત છું કે મૂર્ખ છું; કે આ કામ કર્યું છે કે આ કામ કરવું છે; કે આ મારી જાતિ છે કે આવો મારો વર્ણ છે; કે આવો મારો આશ્રમ છે, કે આ મારું નામ છે; કે આ મારું રૂપ છે, કે હું દેવ છું કે મનુષ્ય છું કે બાળક છું કે વૃદ્ધ છું; કે ધર્મિષ્ઠ છું કે પાપિષ્ઠ છું. ઈત્યાદિક કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી અને એવી રીતનો જ્યારે આ જીવ થઈ જાય છે ત્યારે જે ભગવાન છે તે એને જ્ઞાનશક્તિએ કરીને સુષુપ્તિમાંથી જગાડીને એને એની સર્વે ક્રિયાનું જ્ઞાન આપે છે, **તેને જ્ઞાનશક્તિ કહીએ** અને એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેનું અવલંબન કરીને પ્રવર્તે છે, **તેને ક્રિયાશક્તિ કહીએ** અને એ જીવ જે જે કોઈ પદાર્થની ઈચ્છાને પ્રાપ્ત થાય છે, તે પરમેશ્વર -ની ઈચ્છાશક્તિને અવલંબને કરીને પ્રાપ્ત થાય છે **તેને ઈચ્છાશક્તિ કહીએ.**

**અને એ જીવને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા ભોગવાય છે તે કેવળ કર્મે કરીને જ નથી ભોગવાતી. એ તો એને કર્મના ફળપ્રદાતા જે પરમેશ્વર તે એ જીવને જ્યારે કર્મફળને ભોગવાવે છે ત્યારે ભોગવે છે;** કેમ જે આ જીવ જ્યારે જાગ્રત અવસ્થાના ફળને ભોગવતો હોય ને ત્યારે એ ઈચ્છે જે મારે સ્વપ્નમાં જવું છે તો એનીવતે સ્વપ્નમાં જવાય નહિ, શા માટે જે ફળપ્રદાતા જે પરમેશ્વર તે એની વૃત્તિઓને રૂંધી રાખે છે અને સ્વપ્નમાંથી જાગ્રતમાં આવવાને ઈચ્છે તો જાગ્રતમાં અવાય નહિ અને સુષુપ્તિમાં પણ જવાય નહિ અને સુષુપ્તિમાંથી સ્વપ્નમાં તથા જાગ્રતમાં અવાય નહિ. એ તો જ્યારે જે કર્મના ફળના ભોગવાવનારા પરમેશ્વર છે તે એને જે અવસ્થાના કર્મફળને ભોગવાવે તેને જ ભોગવી શકે છે, પણ એ જીવ પોતાની ઈચ્છાએ કરીને અથવા કર્મે કરીને કર્મના ફળને ભોગવી શકતો નથી, એવી રીતે ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છા-શક્તિ તે રહી છે.'' એમ શ્રીજીમહારાજે કૃપા કરીને ઉત્તર કર્યો. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૫ ॥**

## વચનામૃત ૬૬મું : શાસ્ત્રના શબ્દછળનું - ચતુર્વ્યૂહની વાતનું

સંવત્ ૧૮૭૬ના ફાગણ વદિ અમાસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘**શ્રીમદ્ ભાગવતને વિષે** વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહની જ વાર્તા છે તે કોઈ ઠેકાણે એને સગુણ કરી કહે છે અને કોઈ ઠેકાણે એને નિર્ગુણ કરી કહે છે. તે જ્યારે નિર્ગુણ કરીને કહે છે ત્યારે વાસુદેવ ભગવાનને કહે છે અને જ્યારે સગુણ કરીને કહે છે ત્યારે સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નને કહે છે. માટે જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય ત્યારે સાંભળનારાની ને વાંચનારાની મતિ ભ્રમી જાય છે અને એમ જાણે છે જે, ‘ભગવાનને તો આકાર નથી’, તે સમજનારાની અવળી સમજણ છે અને **શાસ્ત્રમાં જે શબ્દછળ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.** તે ક્યા શબ્દ? તો જે ‘ભગવાન અરૂપ છે, જ્યોતિઃસ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે.’ એવાં વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે, ‘શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ જ કહ્યા છે.’ અને જે એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, ‘‘**શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે. તે તો માયિક એવાં જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે પણ ભગવાન તો નિત્ય દિવ્ય મૂર્તિ છે અને અનંત કલ્યાણ ગુણે યુક્ત છે.**’’ અને તેજના પુંજરૂપ કહ્યા છે તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ માટે એ તેજ તે મૂર્તિનું છે. જેમ અગ્નિની મૂર્તિ છે તે મૂર્તિમાંથી અગ્નિની જ્વાળા પ્રકટ થાય છે તેણે કરીને તે અગ્નિની મૂર્તિ દેખાતી નથી અને જ્વાળા દેખાય છે, પણ સમજુ હોય તે એમ જાણે જે અગ્નિની મૂર્તિમાંથી જ જ્વાળા નીકળે છે; તેમજ વરુણની મૂર્તિમાંથી જળ પ્રકટ થાય છે તે જળ દેખાય છે અને વરુણની મૂર્તિ

દેખાતી નથી, પણ સમજુ હોય તે એમ જાણે જે વરુણની મૂર્તિમાંથી સર્વે જળ છે; તેમ બ્રહ્મસત્તારૂપ જે કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે અને શાસ્ત્રમાં એવાં વચન હોય જે, 'જેમ કાંટે કરીને કાંટો કાઢીને પછી બેયનો ત્યાગ કરે તેમ ભગવાન પૃથ્વીનો ભાર ઉતારવાને કાજે દેહને ધરે છે, તે ભાર ઉતારીને દેહનો ત્યાગ કરે છે.' એવા જે શબ્દછળ તેને સાંભળીને મૂર્ખ હોય તે ભૂલા પડે છે અને ભગવાનને અરૂપ સમજે છે પણ ભગવાનની જે મૂર્તિ તેને દિવ્ય જાણતા નથી.

અને **એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે,** જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની પ્રતિજ્ઞા રાખવાને કાજે બ્રાહ્મણનો પુત્ર લેવાને ગયા ત્યારે દ્વારિકામાંથી રથ ઉપર બેસીને અર્જુન સહિત ચાલ્યા તે લોકાલોક પર્વતને ઉલ્લંઘીને માયાનો જે અંધકાર તેને સુદર્શન ચક્રે કરીને કાપીને તેને વિષે રથને હાંકીને ને તેજઃપુંજને વિષે પ્રવેશ કરીને અને ભૂમાપુરુષ પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવતા હવા. માટે શ્રીકૃષ્ણ ભગવાન દિવ્યમૂર્તિ હતા તો તેને પ્રતાપે કરીને લાકડાંનો જે રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડા તે સર્વે દિવ્ય ને માયા પર જે ચૈતન્ય તે રૂપે થતા હવા. અને જો દિવ્યરૂપ ન થયા હોય તો જેટલું માયાનું કાર્ય હોય તેટલું માયામાં જ લીન થાય, પણ માયાથી પર જે બ્રહ્મ ત્યાં સુધી પહોંચે નહિ. માટે જે ભગવાનની મૂર્તિને પ્રતાપે માયિક પદાર્થ હતા તેપણ અમાયિક થયા. એવું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂર્ખ હોય તે માયિક સમજે અને જે એકાંતિક સંત છે, તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટિ મુક્ત અને અક્ષરધામ એ સર્વેના આત્મા જાણે છે. માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય અને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે, પણ ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. એવી રીતે જે સમજે તેને એકાંતિક ભક્ત કહીએ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૬ ॥

## ॥ વચનામૃત ૬૭મું : સત્પુરુષના ગુણ આવ્યાનું ॥

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં મુનિને ઉતારે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** ''કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ. **એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે ?''** એ પ્રશ્ન છે. **પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે** ''જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે અને જે એવો ન હોય તેમાં ન આવે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ઉત્તર તો ખરો, પણ આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ

ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. **પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.** હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન જ આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, જે પુરુષ એમ સમજે જે, 'આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાંપીતાં પણ આવડતું નથી અને ઓઢતાં પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે.' એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે, એવો જે કુમતિ પુરુષ હોય તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૭ ॥

## વચનામૃત ૬૮મું : અષ્ટ પ્રકારની પ્રતિમા ને સંતમાં અખંડ રહ્યાનું

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળું હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' ત્યારે મુનિએ કહ્યું જે, ''પૂછો.''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, **''ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે,** અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે, અને સર્વ શબ્દને સાંભળે છે અને

શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, 'શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.'

માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય, તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે 'જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે' તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ. અને તેમજ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી; અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, **'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'** અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતુર કરે છે, પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી એને ભગવાનનો નિશ્ચય છે કે નથી? એ પ્રશ્ન છે.''

**ત્યારે પરમહંસ બોલ્યા જે, ''જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થશે કે નહિ થાય?' પછી સંત બોલ્યા જે,** 'એનું કલ્યાણ નહિ થાય.' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે અને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહિ રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે, તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે; પણ પરમેશ્વર વતે કરીને નહિ માને, એવો પાકો નાસ્તિક થાશે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ નાસ્તિકપણાનો હેતુ તે કોઈ પૂર્વનું કર્મ છે કે કોઈ કુસંગ છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'નાસ્તિક-પણાનો હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા એ જ છે અને નાસ્તિકના ગ્રંથને વિષે જેને પ્રતીતિ હોય તેનો જે સંગ તે પણ નાસ્તિકપણાનો હેતુ છે અને વળી કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે; કેમ જે એ માંયલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહિ અને **એ નાસ્તિકપણું મટે ક્યારે ?** તો જ્યારે શ્રીમદ્ ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિષે કહી જે જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપ એવી ભગવાનની લીલા તેને સાંભળે તથા ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય અને આસ્તિકપણું આવે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૮ ॥**

## ॥ વચનામૃત ૬૯મું : દુષ્ટના અને સાધુના ધર્મનું ॥

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીવાસુદેવ નારાયણની સંધ્યા આરતી થઈ રહી તે પછી નારાયણ ધૂન્ય કરીને **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ધર્મ તે કેનું નામ છે ?** એનો શાસ્ત્રની રીતે કરીને ઉત્તર કરો અને જે હિંસક રાજા હતા તે પણ શરણે આવ્યો હોય તેને મારતા નહિ અને મારવા પણ દેતા નહિ. માટે શરણે આવ્યો જે જીવ તેને માર્યાનું જેમ પાપ છે તેમ બીજાને માર્યાનું પાપ છે કે નથી?'' પછી એનો ઉત્તર જેમ જેને ભાસ્યો તેમ તેણે કરવા માંડ્યો, પણ શ્રીજી મહારાજે આશંકા કરી એટલે કોઈથી ઉત્તર થયો નહિ.

**પછી મુનિ સર્વે બોલ્યા જે,** ''હે મહારાજ ! અમે એ જ તમને પ્રશ્ન પૂછીએ

છીએ જે, યજ્ઞાદિકને વિષે પશુ હિંસા સહિત ધર્મ કહ્યો છે અને અહિંસારૂપ પણ ધર્મ કહ્યો છે. માટે એ જેમ યથાર્થ હોય તેમ કહો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હિંસાયુક્ત જે ધર્મ છે તે તો ધર્મ, અર્થ અને કામ પર છે, તે પણ હિંસાના સંકોચને અર્થે કહ્યો છે અને **અહિંસામય જે ધર્મ છે તે મોક્ષ પરાયણ છે અને એ સાધુનો ધર્મ છે અને હિંસામય જે ધર્મ છે તે તો રાગપ્રાપ્ત છે, પણ કલ્યાણને અર્થે નથી** અને જે અહિંસારૂપ ધર્મ છે તે તો કેવળ કલ્યાણને અર્થે કહ્યો છે; માટે ગૃહસ્થ અથવા ત્યાગી એ સર્વેને અહિંસારૂપ જે ધર્મ તે જ કલ્યાણને અર્થે કહ્યો છે. જેમ રાજા ઉપરિચરવસુ રાજ્યમાં હતા તોય પણ અહિંસા ધર્મને વિષે રહ્યા હતા તે માટે સાધુને તો મન-કર્મ-વચને કરીને કોઈનું ભૂંડું વાંછવું નહિ અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહિ અને સર્વના દાસાનુદાસ થઈને રહેવું. અને ક્રોધે યુકત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે અને કોઈ કહેશે જે, 'હજારો માણસને નિયમમાં વર્તાવવાં હોય તેને કેમ સાધુતા ગ્રહણ કર્યે ચાલે?' તો એનો ઉત્તર એ છે જે, રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું તોય પણ સાધુતા રાખી હતી અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહિ; **માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી. એવા તો ઘણાય હોય પણ સાધુ થવું એજ ઘણું દુર્લભ છે.''** ॥ ઈતિ વચનામૃતમ્॥ ૬૯॥

## ॥ વચનામૃત ૭૦મું : કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું ॥

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને હસ્તકમળમાં તુલસીની માળા લઈને ફેરવતા હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો.'' ત્યારે ગામ **રોજકાના હરિભક્ત કાકાભાઈએ** નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''અંતરને માંહીલી કોરે એક કહે છે જે વિષયને ભોગવીએ અને એક તેની ના પાડે છે. તે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે?''** **ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે,** 'ના પાડે છે તે જીવ છે ને હા પાડે છે તે મન છે.'

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે,** આ આપણ છીએ તે જે દિવસથી સમજણા થયા અને મા-બાપની ઓળખાણ પડી, **તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે,** 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને આ તારો મામો ને આ તારી બેન, આ તારી મામી ને આ તારી કાકી, ને આ તારી માસી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને આ તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર ને આ તારાં ઘરેણાં.' **ઈત્યાદિક જે કુસંગીના શબ્દ** તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે તે કેવી રીતે રહ્યા છે ? તો જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે, તેમાં કાચનો કટકો હોય છે તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાને ઠેકાણે તે જીવ છે. તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચ વિષયે સહિત રહ્યાં છે.

અને **તે જીવને પછી સત્સંગ થયો ત્યારે** સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડની ને જગત મિથ્યાની વાર્તા કરી. તે સંતની વાર્તા ને તે સંતના રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે. તે એ બે લશ્કર છે તે સામસામા ઊભાં છે, 'જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં ને પરસ્પર તીર ને બરછી ને બંદૂક ને તોપને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તલવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ, એમ કચ્ચરઘાણ ઊડતો હતો.' તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં

રૂપ છે, તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે અને વળી જે આ સંતના રૂપ છે, તે પણ **'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા'** એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે, ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે, ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા નથી થતી. એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે. તે જેમ :

**'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**

**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥'** એ શ્લોકમાં કહ્યું છે જે,

'જ્યાં યોગેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે અને ધનુષના ધરતલ અર્જુન છે ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો.'

**ત્યારે વળી તે કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે; પણ જે અંતરમાં જે કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે, તો કુસંગીનું બળ ઘટી જાય અને સંતનું બળ વધે એમ છે.'એમ શ્રીજી મહારાજે કહ્યું.

**ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે,** "હે મહારાજ ! એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે અને એકને તો એમ ને એમ લડાઈ થતી રહે છે. તે એ બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી; પણ **જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય ? તે કહો.**"

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેમ એક લડવા નીસર્યો તેને આગળ

વાણિયા કે ગરીબ વર્ણ આવ્યાં તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા તેને તો જીતવા કઠણ જ છે, પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જીતાઈ જાય એવા નથી. માટે એ તો એમ ને અમે લડે છે અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો તો પણ જે એનો ધણી છે તે શું નહિ જાણે ? જે 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યા હતા તે નહિ જીતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જીતાય એવા હતા,' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, **'આને આવા સંકલ્પ-વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે માટે એને શાબાશ છે.'** એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું, કાંઈ ચિંતા રાખવી નહિ. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.'' એમ પ્રસન્ન થઈને શ્રીજી મહારાજ બોલતા હવા.

**ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈએ** નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ?''** **ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે,** ''કુસંગી થકી છેટે રહીએ અને સંતનો સમાગમ અતિશય રાખીએ તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય અને જો કુસંગીનો સંગ કરીએ તો અડગ નિશ્ચય ન થાય.'' **ત્યારે વળી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો અમે એનો ઉત્તર કરીએ જે, **ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો,** જે 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી મરી જાય છે તે જીવતા રહે કે નિર્ધન છું તે ધનવાન થાઉં કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે; એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી

જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહિ; કાં જે ઘરમાં દશ માણસ હોઈએ અને તે દશેયનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે, એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું પણ એ જીવને એમ સમજાતું નથી અને **જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે.**

**ત્યાં એક વાર્તા છે જે :** એક ગામમાં ચોર બહુ રહેતા, તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો તે પગમાં સોંસરો નીકળ્યો. તેણે કરીને પગ સૂણ્યો તે ચોરીએ ન જવાણું. અને બીજા ચોર તો ચોરી કરવા ગયા. તે એક રાજાનો ખજિનો ફાડીને ઘણુંક ધન લઈ આવ્યા અને સૌએ માંહોમાંહી વહેંચી લીધું. તે પૈસા બહુ આવ્યા, તેને સાંભળીને જે ચોર સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો, તેનાં મા-બાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યાં જે, 'તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યાં.' એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું લશ્કર આવ્યું ને તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા, તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા. ત્યારે તે સર્વે ગામને માણસે તથા સાધુએ સાખ પૂરી જે, 'આ તો ચોરી કરવા નો'તો ગયો એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે તે ઊગર્યો.

**એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે. કાં જે અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ**

**થાઓ; પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય, એ બે વર મને આપો.**' એમ મેં રામાનંદસ્વામી પાસે માગ્યું ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે. **માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહિ.** તોય પણ પદાર્થ નાશવંત છે, માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહિ. **માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો તો અડગ નિશ્ચય થાય.** ઈત્યાદિક ઘણીક વાર્તા તો કરી છે પણ આ તો દિશમાત્ર લખી છે. **॥ ઈતિ વચનામૃતમ્ ૭૦ ॥**

## વચનામૃત ૭૧મું : ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત બિરાજે છે

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર વદિ ૪ ચતુર્થીને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર મેડીની આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વગાડીને કીર્તન ગાતા હતા.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''હવે કીર્તનભક્તિની સમાપ્તિ કરીને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.'' **પછી સોમલેખાચરે પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે, પણ એવો ક્યો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''બીજા સર્વે અપરાધ માફ કરે છે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ અને વળી **ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે,** તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહિ અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. અને ભગવાન તો

સદા સાકાર મૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય-ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે અને બ્રહ્મરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે, કાં જે રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે; તથા દશ ઈંદ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી, તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.

**પછી માતરે ધાધલે પ્રશ્ન પૂછ્યો જે, "ઈર્ષ્યાનું શું રૂપ છે ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે."

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય હોય અને ભજન કરતો હોય ને સત્સંગના નિયમ પ્રમાણે વર્તતો હોય અને તેનું કલ્યાણ થાય એ તો સત્સંગની રીતિ છે; પણ શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ?** અને વેદનો અર્થ તો અતિ કઠણ છે માટે તેની કથા થતી નથી અને શ્રીમદ્ ભાગવત પુરાણ અને ભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે માટે તેની જગતમાં કથા થાય છે. માટે શાસ્ત્રની રીતે કરીને કલ્યાણ થતું હોય તેમ કહો. અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે અને રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે; માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો."**પછી મુનિએ** શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે એવી રીતે પ્રતિપાદન કર્યું.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ, પણ તેમાં તમને એક પ્રશ્ન પૂછીએ છીએ જે, ‘નિરાકાર એવું જે અક્ષર બ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રકટ મળ્યા તે કેડે બ્રહ્મપુર તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ એ આદિક જે ભગ-વાનનાં ધામ તે ધામને દેખવાની જેને લાલચ રહે ત્યારે એને નિશ્ચય છે કે નથી?’

**પછી મુનિ બોલ્યા જે,** ‘‘ભગવાન મળ્યા પછી જેના મનમાં એમ રહેતું હોય જે, ‘જ્યારે અક્ષરાદિક ધામ દેખીશું અથવા કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ દેખીશું ત્યારે આપણું કલ્યાણ થયું’ એવી સમજણવાળાને તો ભગવાનનો યથાર્થ નિશ્ચય નથી.’’ **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘એણે બ્રહ્મપુરાદિક ધામને તથા બ્રહ્મસ્વરૂપને દેખ્યાની લાલચ રાખી એ તે શું એણે પાપ કર્યું જે નિશ્ચયની ના પાડો છો ?’’ પછી મુનિ બોલ્યા જે,** ‘‘જેણે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને દર્શન કરીને કલ્યાણ માન્યું હોય તે બ્રહ્મપુર, ગોલોક આદિક જે ધામ છે તે પણ ભગવાનનાં જ છે માટે તેની પણ અરુચિ શા સારુ રાખે ? પણ ભગવાન વિના એને ઈચ્છે નહિ.’’ **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘તે ધામ ને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્ય મૂર્તિ છે ને માયાથી પર છે માટે એમાં શું દૂષણ છે, જે એને ઈચ્છે નહિ ?** અને ભગવાન પૃથ્વી ઉપર પ્રકટ વિરાજતા હોય ને ત્યાં જે સેવક હોય તે પણ મરી જાય એવા હોય અને ઘર હો તે પણ પડી જાય એવાં હોય તે કેમ સમજો છો ?’’

**પછી મુનિ બોલ્યા જે,** ‘‘એ ઘરને તો અમે બ્રહ્મપુરાદિક ધામ સમજીએ છીએ ને એ સેવકને તો અમે બ્રહ્મરૂપ સમજીએ છીએ.’’

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘બ્રહ્મપુર ને બ્રહ્મપુરને વિષે રહ્યા જે ભગવાનના પાર્ષદ તે તો અખંડ છે ને અવિનાશી છે તેને મૃત્યુલોકનાં નાશવંત એવાં જે ઘર અને પાર્ષદ તે બે બરોબર કેમ કહો છો ?’’** પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, ‘‘હે મહારાજ ! એનો ઉત્તર તો તમે કરો.’’

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘ભગવાન જીવના કલ્યાણને અર્થે

જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ. અને જ્યારે કોઈક ભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટિકોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે અને અનંત કોટિ જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે.

માટે એ સર્વે ભગવાન ભેળું છે તોય પણ ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની જ સેવાને અંગીકાર કરે છે અને તે પોતાના ભક્તનાં ગાર્ય, માટી ને પાણાનાં જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે અને તે ભક્ત ધૂપ-દીપ, અન્નવસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે, તે એ મનુષ્ય સેવક છે તેને દિવ્યરૂપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે અને જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે અને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે. માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે. **માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું** અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૧ ॥

## ॥ વચનામૃત ૭૨મું : માહાત્મ્યે સહિત નિશ્ચયનું ॥

**સંવત્ ૧૮૭૬ના ચૈત્ર વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરને સમીપે ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખાર-વિંદે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''હે મહારાજ ! કાલ્યને દિવસ તમે

દાદાખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી, તે વાર્તા સાંભળવાની અમારે સર્વને ઘણી ઈચ્છા છે.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભકતનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તોપણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતાં નથી અને **જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય રૂડું થતું નથી** અને જે ગરીબને કલપાવે તેનું તો કોઈ રીતે રૂડું જ થાય નહિ

અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે જે, 'જો તું ગરીબને કલ્પાવીશ તો તું તારા વંશે સહિત બળીને ભસ્મ થઈ જઈશ.' **માટે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય પણ ગરીબમાત્રને લેશમાત્ર દુઃખવવો નહિ** અને જો ગરીબને દુઃખવે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહિ અને જો ગરીબને દુઃખવે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે અને તેમજ કોઈકને માથે જૂઠું કલંક દેવું તે પણ બ્રહ્મહત્યા જેવું જ છે; અને જો સાચું કલંક હોય તોપણ તેને એકાંતે તેડીને તેનું રૂડું થાય એમ કહેવું પણ તેને ફજેત કરવો નહિ.

**અને તેમજ પાંચ પ્રકારની જે સ્ત્રીઓ છે તેનો જો ધર્મભંગ કરાવે તો તેને પણ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.** તે પાંચ પ્રકારની સ્ત્રીઓ કઈ તો એક તો પોતાને શરણે આવી હોય અને બીજી તે પોતાની સ્ત્રી હોય અને વ્રતઉપવાસને દિવસ પોતાનો સંગ કરવા ન ઈચ્છતી હોય અને ત્રીજી તે પતિવ્રતા હોય અને ચોથી તે વિધવા સ્ત્રી અને પાંચમી તે વિશ્વાસી સ્ત્રી, એ પાંચ પ્રકારની સ્ત્રીઓને સંઘાથે જો વ્યભિચાર કરે તો તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તેમાં જે વિધવા સ્ત્રી છે તેનું જો મન કુમાર્ગને વિષે ડોલતું હોયતો તેને સમજાવીને ધર્મમાં રાખવી.

**પછી મુનિ જે તે** ભગવાનનાં રસિક કીર્તન ગાવા લાગ્યા. તેને સાંભળીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાન જીવના કલ્યાણને અર્થે દેહ ધરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વે ક્રિયા હોય તેને દેખીને જે ભગવાનના ભક્ત

હોય તે તો ચરિત્ર કરી જાણે અને વિમુખ જીવ હોય અથવા કાચોપોચો હરિભક્ત હોય તે તો તે ચરિત્રને વિષે દોષ પરઠે. જેમ શુકજીએ રાસપંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો. પછી એમ પૂછ્યું જે, 'ભગવાન તો ધર્મની મર્યાદા સ્થાપન કરવાને અર્થે પ્રકટ થયા હતા, તેણે પરસ્ત્રીનો સંગ કરીને ધર્મનો ભંગ કેમ કર્યો ?' એવી રીતે દોષ લીધો અને શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું જે, કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા, તેનો કામદેવને અતિશય ગર્વ થયો તે ગર્વને ઉતારવાને કાજે ભગવાને કામદેવને પડકાર્યો. તે જેમ કોઈ બળવાન રાજા હોય તે શત્રુને પોતાની ગાંઠ્યની દારૂગોળી અપાવીને પછી તે સાથે લડવા જાય, તેમ ભગવાને કામદેવરૂપી શત્રુને લડ્યાનો સામાન મોરથી આપ્યો, તે શું? તો કામદેવનું બળ જ્યારે સ્ત્રીનો સંબંધ હોય ત્યારે થાય. તેમાં પણ શરદઋતુને વિષે રાત્રિમાં કામદેવનું વધુ બળ થાય તથા સ્ત્રીના રાગરંગ, વિલાસના શબ્દ સાંભળવા તથા સ્ત્રીનું રૂપ જોવું, સ્ત્રીનો સ્પર્શ કરવો તેણે કરીને કામદેવનું અતિશય બળ વધે છે. **એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો અને અખંડ બ્રહ્મચારીની પેઠે ઊર્ધ્વરેતા રહ્યા અને એવી રીતે કામનો ગર્વ ઉતાર્યો. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન વિના બીજામાં હોય નહિ,** એવું અતિ ભગવાનનું સામર્થ્ય જાણીને શુકજીએ ભગવાનનાં ચરિત્રગાન કર્યાં અને રાજા પરીક્ષિતને તે વાત સમજાણી નહિ ત્યારે દોષ પરઠ્યો. માટે કોઈક એમ કહે જે, 'તમે પરમહંસ થઈને રસિક કીર્તન કેમ ગાઓ છો?' **તો તેને એમ કહેવું જે,** 'જો અમે રસિક કીર્તન ન ગાઈએ અને ભગવાનનાં રસિક ચરિત્રને વિષે દોષ પરઠીએ તો અમે પણ રાજા પરીક્ષિત તથા બીજા જે નાસ્તિક વિમુખ જીવ તેની પંક્તિમાં ભળીએ. માટે અમારે તો વિમુખની પંક્તિમાં ભળવું નથી, શા માટે જે **પરમહંસ માત્રના ગુરુ જે શુકજી તેણે ભગવાનનાં રસિક ચરિત્ર ગાયાં છે, માટે અમારે પણ જરૂર ગાવવાં.'**

અને ક્ષર-અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના

કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ ધરીને વિચરે છે ત્યારે સર્વે મનુષ્યનાં જેવાં જ ચરિત્ર કરે છે અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા ઈત્યાદિક માયિક સ્વભાવ હોય તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે, તે સર્વે જીવના કલ્યાણને અર્થે છે. પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદને પામે છે અને જે વિમુખ હોય તે દોષ પરઠે છે અને એ **ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમજ પ્રકૃતિ પુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે અને ક્ષર-અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.**

**અને ભગવાનની મોટાઈ તો એવી છે જે,** 'જેના એક એક રોમના છિદ્રને વિષે અનંત કોટિ બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યાં છે.' એવા જે મોટા ભગવાન તે જીવના કલ્યાણને વાસ્તે મનુષ્ય જેવડા જ થાય છે, ત્યારે જીવને સેવા કર્યાનો યોગ આવે છે અને જો ભગવાન જેવડા છે તેવડા ને તેવડા રહે તો બ્રહ્માદિક જે બ્રહ્માંડના અધિપતિ દેવ તેને પણ દર્શન કર્યાનું કે સેવા કર્યાનું સામર્થ્ય રહે નહિ, તો મનુષ્યને તો રહે જ ક્યાંથી? અને જેમ વડવાનળ અગ્નિ છે તે સમુદ્રના જળને વિષે રહ્યો છે અને સમુદ્રના જળને પીએ છે ને સમુદ્રનો ઓલાવ્યો ઓલાતો નથી એવો મોટો છે. તે અગ્નિ જ્યારે આપણે ઘરમાં દીવો જોઈતો હોય ત્યારે આવીને આપણા ઘરમાં બેસે તો આપણને દીવા જેવું સુખ થાય નહિ અને બળીને સર્વે ભસ્મ થઈ જઈએ. અને તે જ અગ્નિ દીવા રૂપે હોય તો અજવાળું કરે ને આનંદ થાય અને તે દીવો છે તો તેનો તે જ અગ્નિ, પણ ફૂંકીએ તથા હાથે કરીને ઓલવીએ તો ઓલાઈ જાય એવો અસમર્થ છે; તોપણ તે થકી જ આપણને સુખ થાય; પણ વડવાનળ અગ્નિથી સુખ ન થાય. તેમજ ભગવાન મનુષ્ય જેવા અસમર્થ જણાતા હોય પણ અનેક જીવનું કલ્યાણ એ થકી જ થાય પણ જેના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે એવી મૂર્તિનું તો જીવ દર્શન કરવા પણ સમર્થ થાય નહિ, માટે એવે રૂપે

કરીને કલ્યાણ ન થાય. તે માટે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે છે, તે સર્વે ગાન કરવા યોગ્ય છે, પણ એમ ન સમજવું જે, 'ભગવાન થઈને એમ શું કરતા હશે?' **અને ભગવાનનાં ચરિત્ર તો સર્વે કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે.''**

**પછી રોજકાના હરિભક્ત કાકાભાઈએ પૂછ્યું જે, ''જેને માહાત્મ્ય વિનાનો એકલો ભગવાનનો નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને એકલો નિશ્ચય હોય તેને એમ ઘાટ થાય જે, 'ભગવાન તો મળ્યા છે પણ શું જાણીએ કલ્યાણ તો થશે કે નહિ થાય?' અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય, તો મારે કલ્યાણનો શ્યો સંશય છે ? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું' એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો.''

**પછી વળી કાકાભાઈએ પૂછ્યું જે, ''ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે ભગવાનના ભક્ત તેનાં શાં લક્ષણ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભક્ત પોતાને દેહ થકી જુદો જે આત્મા તે રૂપ માને અને દેહના ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઈત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિષે માને નહિ અને પોતાના શરીરને વિષે રહ્યો જે જીવાત્મા તેને દેખે અને તે આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે અને બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે અને એવો સમર્થ થયો છે તોપણ એ આત્મદર્શન થકી ભગવાન અને ભગવાનના સંત તેને અધિક જાણે છે પણ પોતાને આત્મદર્શન થયું છે તેનું અભિમાન લેશમાત્ર ન હોય, **એવાં**

**જેનાં લક્ષણ છે તે ઉત્તમ ભક્ત કહેવાય.** હવે જેને ભગવાનનો નિશ્ચય હોય અને આત્મનિષ્ઠા પણ હોય તોપણ ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા આવે અને જો ભગવાન એનું અપમાન કરે તો ભગવાન ઉપર પણ ઈર્ષ્યા આવે જે, 'મોટા થઈને વગર વાંકે આમ શીદ કરતા હશે' **એવાં લક્ષણ હોય તે મધ્યમ ભક્ત જાણવો.** અને ભગવાનનો નિશ્ચય તો હોય પણ આત્મનિષ્ઠા ન હોય અને ભગવાનને વિષે પ્રીતિ હોય અને જગતના વ્યવહારને વિષે પણ પ્રીતિ હોય અને સાંસારિક વ્યવહારને વિષે હર્ષ-શોકને પામતો હોય **તેને કનિષ્ઠ ભક્ત જાણવો.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૨ ॥

## ॥ વચનામૃત ૭૩મું : કામ જીત્યાનું - નિર્વાસનિક થયાનું ॥

સંવત્ ૧૮૭૬ના ચૈત્ર વદિ અમાસને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સાધુ ચાર તથા પચાસને આશરે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''**કામનું શું રૂપ છે?**'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**વીર્ય એ જ કામનું રૂપ છે.**'' પછી આશંકા કરી જે, ''વીર્ય તો સાત ધાતુ માંહીલો ધાતુ છે માટે એ જ કામનું રૂપ કેમ કહેવાય ? અને તે વીર્યની ઉત્પત્તિ શાણે કરીને છે ?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મનોવહા નામે નાડીને વિશે મન રહ્યું છે. તે મનને વિશે જ્યારે સ્ત્રી સંબંધી સંકલ્પ થાય છે ત્યારે જેમ દહીં હોય તે રવાઈએ કરીને મથાય ત્યારે ઘી હોય તે સર્વ ઉપર તરી આવે છે. તેમ સ્ત્રી સંબંધી સંકલ્પે કરીને વીર્ય જે તે શરીરમાંથી મથાઈને મનોહવા નાડીને વિશે ભેળું થઈને શિશ્ન દ્વારે આવે છે. અને જેને વીર્ય શિશ્ન દ્વારે ન આવે તે ઊર્ધ્વરેતા પુરુષ કહેવાય અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય અને શ્રીકૃષ્ણ

ભગવાને રાસક્રીડાને વિષે સ્ત્રીઓનો સંગ કરીને પણ વીર્યપાત થવા દીધો નહિ તે માટે ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કહેવાણા ને કામને જીત્યો. માટે વીર્ય તે જ કામનું રૂપ છે. **જેણે વીર્યને જીતીને વશ રાખ્યું તેણે કામને જીત્યો.**''

**પછી વળી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''જ્યારે એ દેહને બાળી દે છે ત્યારે સપ્તધાતુ દેહ ભેળા બળી જાય છે; માટે જો વીર્ય જ કામનું રૂપ હોય તો દેહ ભેળે વીર્યને બળવે કરીને કામ પણ બળી ગયો જોઈએ; ત્યારે એ જીવ બીજા દેહમાં જાય છે ત્યારે કામના કેમ ઉદય થાય છે?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સૂક્ષ્મ દેહ ભેળું વીર્ય રહે છે. તે સૂક્ષ્મ દેહને યોગે કરીને સ્થૂળ દેહ ઉદય થઈ આવે છે, જેમ ભૂત હોય તે સૂક્ષ્મ દેહ પ્રધાન હોય, પછી સૂક્ષ્મ દેહમાંથી સ્થૂળ દેહને ધરીને સ્ત્રીનો સંગ કરે છે અને તે સ્ત્રીને ભૂત થકી બાળક ઉત્પન્ન થાય છે, માટે સૂક્ષ્મ દેહ ભેળું જ વીર્ય રહે છે.''

**પછી વળી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''શિવજી ઊર્ધ્વરેતા હતા પણ મોહિની રૂપને જોઈને વીર્યપાત થયો, તેમ જેના દેહમાં વીર્ય હોય અને તેને જાગ્રતમાં અથવા સ્વપ્નમાં સ્ત્રીનો યોગ થાય ત્યારે વીર્યપાત થયા વિના રહે નહિ, માટે જ્યાં સુધી દેહમાં વીર્ય હોય ત્યાં સુધી નિષ્કામી કેમ કહેવાય?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શિવજીને પણ એટલી યોગકળામાં ખોટ કહેવાય છે અને જેને જાગ્રત અથવા સ્વપ્નને યોગે કરીને સ્ત્રીના સંકલ્પ થકી વીર્યપાત થાય તો તેને પાકો બ્રહ્મચારી કહેવાય નહિ. માટે આ સંસારમાં દૃઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણ ઋષિ છે અને તે નરનારાયણનો આપણે આશ્રય છે. તેના પ્રતાપ થકી ધીરે ધીરે એ નરનારાયણનું ભજન કરીને આપણે પણ એ સરખા જ નિષ્કામી થઈશું. અને દેહમાં જે વીર્ય રહે છે તેને બાળી નાખવાને અર્થે યોગી કેટલાક પ્રકારનું જતન કરે છે અને શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને નૈષ્ઠિક બ્રહ્મચર્ય રાખ્યું, તે એવું સામર્થ્ય તો ભગવાનમાં જ હોય પણ બીજાથી એમ રહેવાય નહિ. માટે બીજા યોગીને તો જાગ્રતમાં અથવા સ્વપ્નમાં સ્ત્રીનો સંકલ્પ ન થાય એવું જતન કરવું.''

**પછી શુકમુનિએ પૂછ્યું જે, "દ્વારકામાં સોળ હજાર એકસો ને આઠ જે ભગવાનની સ્ત્રીઓ હતી તેમાં એક એક સ્ત્રીને વિષે દશ દશ પુત્ર અને એક એક પુત્રી થઈ એમ પણ કહ્યું છે, તેનું કેમ સમજવું ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "દ્વારિકાની વાત બીજી છે અને વ્રજની બીજી છે. દ્વારિકામાં તો ભગવાન સાંખ્યમતને આશર્યા હતા. તે સાંખ્યમતવાળો હોય તે દેહ, ઈન્દ્રિયો, મન એ સર્વ થકી પોતાનું સ્વરૂપ ભિન્ન સમજે અને સર્વ ક્રિયાને કરતો થકો પોતાને અકર્તા સમજે ને તે ક્રિયાએ કરીને હર્ષ-શોકને પામે નહિ, એ મતને ભગવાન આશર્યા હતા માટે ભગવાનને નિર્લેપ કહ્યા. અને ભગવાન દ્વારિકામાં જે સાંખ્યમતને આશર્યા હતા તે મત તો જનક જેવા રાજાઓનો છે, જે રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુને ભજે તે જ સાંખ્યમતને અનુસરે, એમ ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હતા અને દ્વારિકાના રાજા કહેવાતા હતા માટે સાંખ્યમતને અનુસર્યા થકા એમ નિર્લેપ હતા અને વૃંદાવનને વિષે તો યોગકળાને આશર્યા હતા તે સ્ત્રીઓનો સંગ કરીને પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રાખ્યું, એ ઠેકાણે તો પોતાને વિષે નરનારાયણ ઋષિપણું દેખાડ્યું. તે શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવે દેવહુતિ પ્રત્યે કહ્યું છે જે, **'સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી.'**' માટે શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને કામને જીત્યો.

અને જ્યારે દુર્વાસા ઋષિ આવ્યા ત્યારે ભગવાને સર્વે ગોપીઓને અન્નના થાળ ભરાવીને મોકલવા માંડી **ત્યારે ગોપીઓ બોલી જે,** "અમે યમુનાજી કેમ ઊતરીશું?" **પછી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે,** "યમુનાજીને એમ કહેજ્યો જે, 'જો શ્રીકૃષ્ણ સદા બાળબ્રહ્મચારી હોય તો અમને માગ દેજ્યો.'' પછી ગોપીઓએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માગ દીધો. પછી સર્વે ગોપીઓ ઋષિને જમાડીને બોલિયું જે, 'અમારે આડાં યમુનાજી છે તે અમે ઘેર કેમ કરીને જઈશું?'' **પછી ઋષિએ કહ્યું જે,** 'કેમ કરીને આવ્યાં હતાં?' પછી ગોપીઓએ કહ્યું જે, 'અમે યમુનાજીને એમ કહ્યું જે, 'શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી

હોય તો માગ દેજ્યો.' એટલે યમુનાજીએ માગ દીધો પણ હવે કેમ કરીને ઘેર જઈએ?' પછી દુર્વાસા ઋષિ બોલ્યા જે યમુનાજીને એમ કહેજો જે, 'દુર્વાસા ઋષિ સદા ઉપવાસી હોય તો માગ દેજ્યો.' પછી ગોપીઓએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માગ દીધો. ત્યારે ગોપીઓનાં મનને વિષે અતિ આશ્ચર્ય થયું પણ ભગવાનનો તથા તે ઋષિનો જે મહિમા તેને ન જાણી શકતી હવી. અને ભગવાન તો નૈષ્ઠિક વ્રત રાખીને ગોપીઓને સંગે રમ્યા હતા માટે બ્રહ્મચારી હતા અને દુર્વાસા ઋષિ તો વિશ્વાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પોતાના આત્માને એક કરીને સર્વે ગોપીઓના થાળ જમી ગયા, માટે ઋષિ પણ ઉપવાસી જ હતા અને અન્ન તો સર્વે ભગવાનને જમાડ્યું હતું. **માટે એવા અતિ મોટા હોય તેની ક્રિયા કળ્યામાં આવે નહિ.**

**અને સાંખ્યવાળાને ખોળીએ તો હજારો જડે પણ યોગકળાએ કરીને ઊર્ધ્વરેતા હોય એવા તો એક નરનારાયણ જ છે,** અથવા જે નરનારાયણના અનન્ય ભક્ત હોય તે પણ તેના ભજનને પ્રતાપે કરીને દૃઢ બ્રહ્મચર્યવાળા થાય છે પણ બીજાથી થવાતું નથી અને જેને ઈન્દ્રિય દ્વારે કરીને જાગ્રત અથવા સ્વપ્નમાં વીર્યનો પાત થાય છે તે બ્રહ્મચારી કહેવાય નહિ. **અને જે સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ રાખે છે તે તો બ્રહ્મચર્યને માર્ગે ચાલ્યો છે, તે હવે નરનારાયણના પ્રતાપે કરીને ધીરે ધીરે દૃઢ બ્રહ્મચારી થશે.**

**અને જ્યારે અમે નાના હતા ત્યારે એમ સાંભળ્યું હતું જે,** 'વીર્ય તો પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે.' પછી તે વીર્યને ઊર્ધ્વ રાખવાને સારુ અમે બે પ્રકારની જળબસ્તિ શીખ્યા હતા અને કુંજરક્રિયા શીખ્યા હતા અને કામને જીત્યા સારુ કેટલાંક આસન શીખ્યા હતા અને રાત્રિએ સૂતા ત્યારે ગોરખ આસન કરીને સૂતા. જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ. પછી તે કામ જીત્યાનું એવું સાધન કર્યું જે, 'શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ અને ટાઢ-તડકો પણ લાગે નહિ.' પછી અમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ પરસેવો વળ્યા સારુ બધે શરીરે આવળના પાટા

બંધાવ્યા હતા, તો પણ શરીરમાં પરસેવો આવ્યો નહિ, માટે કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે, **એ તો જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશય પંચવિષયમાંથી નિર્વાસનિક થયો હોય અને તે નિર્વાસનિકપણાની અતિશય ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને નિષ્કામી થાય છે.''**

**પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''નિર્વાસનિક થયાનું કારણ તે આવી વાત સાંભળવી તે છે કે વૈરાગ્ય છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વૈરાગ્ય તો એકલો ટકી શકે નહિ, અંતે જાતો નાશ થઈ જાય છે. અને જ્યારે આત્મ - નિષ્ઠા હોય અને ભગવાનની મૂર્તિનું યથાર્થ જ્ઞાન હોય પછી એમ વિચારે જે, 'હું તો આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું અને પિંડબ્રહ્માંડ તો માયિક છે ને નાશવંત છે, માટે હું ક્યાં? ને એ પિંડબ્રહ્માંડ ક્યાં? અને મારા ઈષ્ટદેવ જે પુરુષોત્તમ ભગવાન તે તો અનંતકોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે તે ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે.' એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુક્ત કહેવાય ને એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ. જેમ અગ્નિ બળતો હોય તેને માથે જળ પડે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ સમુદ્રને વિષે છે તે જળનો ઓલાવ્યો ઓલાતો નથી, તેમ જે જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનળ અગ્નિ તથા વીજળીનો અગ્નિ તેવો છે તે કોઈ કાળે ઓલાય નહિ અને તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહિ.

**અને અમારો જે વૈરાગ્ય તે તો જેવો વીજળીનો અગ્નિ તથા વડવાનળ અગ્નિ તે સરખો છે તે અમારા સ્વભાવને** તો જે અતિશય અમારે ભેળા રહ્યા હશે તે જાણે છે અને જે છેટે રહે છે તેને અમારો સ્વભાવ જાણ્યામાં આવતો નથી અને આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તોપણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, 'મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.' અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે

છે અને અંતર્યામી સૌમાં રહ્યા છે તે બાઈભાઈને મનમાં એમ સમજાવે છે જે, 'બ્રહ્મચારીમાં કોઈ વાતની ખોટ્ય નથી.' **તે એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટા પુરુષને વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે** અને જે મોટા પુરુષને વિષે દોષ પરઠે છે, તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુઃખિયો મટે નહિ અને જે બુદ્ધિમાન છે તે તો અમારે સમીપે રહીને અમારી સર્વે પ્રકૃતિને જાણે છે જે, 'જેટલાં સંસારમાં મોહ ઉપજાવવાનાં પદાર્થ ધન, સ્ત્રી, અલંકારાદિક તથા ખાનપાનાદિક છે, તે કોઈમાં મહારાજને હેત નથી અને મહારાજ તો સર્વ થકી ઉદાસી છે અને કોઈકને દયા કરીને પાસે બેસવા દે છે કે જ્ઞાનવાર્તા કરે છે તે તો કેવળ તેના જીવના કલ્યાણને અર્થે દયા કરીને કરે છે' અને જે મૂર્ખ હોય તે તો પાસે રહે તોય પણ અમારા સ્વભાવને એમ ન જાણે અને છેટે રહે તે પણ એમ ન જાણે.

**અને આ વાત સમજાય પણ તેને,** જેને આત્મનિષ્ઠા હોય અને તે આત્માને વિષે પરમેશ્વરની મૂર્તિને ધારીને તેની ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈ ગયો હોય તોય પણ ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ. **માટે આત્મનિષ્ઠા અને ભગવાનની મૂર્તિનો મહિમા સમજ્યા થકી કોઈ પદાર્થને વિષે વાસના રહેતી નથી** અને વાસના ટળ્યા પછી જેવું પોતાના દેહનું પ્રારબ્ધ હોય તેવાં સુખદુઃખને ભોગવે ખરો પણ ઈન્દ્રિયોની તીક્ષ્ણતા મટી જાય છે. અને મનોમય ચક્રની જે ધારા તે તો ઈન્દ્રિયો છે. તે જ્યારે બ્રહ્મ અને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે બુઠ્ઠિયો થઈ જાય છે. પછી જેમ કોઈ પુરુષે લીંબુ ચૂસ્યાં હોય ને દાંત અતિશય અંબાઈ ગયા હોય ને પછી તેને ચણા ચાવવા પડે ત્યારે તેથી કોઈ રીતે ચવાય નહિ ને અતિશય ભૂખ્યો થયો હોય તો તે ચણાને ગળી જાય પણ ચવાય નહિ તેમ જેણે આત્માનો ને ભગવાનનો

યથાર્થ મહિમા જાણ્યો છે તેને કોઈ લોકનાં વિષયસુખને વિષે આનંદ થાય નહિ અને દેહનું પ્રારબ્ધ હોય ત્યાં સુધી ખાનપાનાદિક સર્વે ભોગ ભોગવે ખરો પણ જેમ દાંત અંબાઈ ગયા હોય ને ચણા આખા ગળી જાય એમ ભોગવે.

**અને વાસના ટળવી એ પણ કામ અતિશય ભારે છે.** વાસના તો સમાધિનિષ્ઠ થાય તો પણ રહી જાય છે અને સમાધિ થયા કેડે તો બ્રહ્મના સ્વરૂપમાંથી દેહમાં કોઈ રીતે અવાતું નથી અને જો અવાય છે તો તેના ત્રણ હેતુ છે, તેમાં એક તો જો કાંઈ સંસારના સુખની વાસના હોય તો સમાધિ – માંથી પાછો દેહમાં આવે, અને કાં તો અતિ સમર્થ હોય તે સમાધિમાં જાય ને પોતાની ઈચ્છાએ પાછો દેહમાં આવે અને કાં તો કોઈક પોતા થકી અતિ સમર્થ હોય તે પાછો સમાધિમાંથી દેહમાં લાવે. એ ત્રણ પ્રકારે સમાધિમાંથી પાછો દેહમાં આવે છે અને જ્યારે સમાધિ થાય છે અને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે કોટિકોટિ સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખીને જો થોડી સમજણ હોય તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની જે મૂર્તિ છે. તેને વિષે ન્યૂનપણું સમજે અને બ્રહ્મમાં અધિકપણું માની લે એટલે ઉપાસનાનો ભંગ થયો. માટે પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દૃઢ નિશ્ચય થયો જોઈએ તો સર્વે કામ સરે અને **અમે પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે જે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ.''**

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જેણે મન દીધું હોય તેનાં કેવાં લક્ષણ હોય અને મન ન દીધું હોય તેનાં કેવાં લક્ષણ હોય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેણે મન અર્પણ કર્યું હોય તેને જો પરમેશ્વરની વાત થતી હોય તથા પરમેશ્વરનાં દર્શન થતાં હોય અને તે સમે જો પોતે ન હોય તો તેની અતિશય પોતાના હૈયામાં દાઝ (દુઃખ) થાય. અને જ્યારે ભગવાનની વાત સાંભળે તથા ભગવાનનાં દર્શન કરે તેને વિષે અધિક અધિક પ્રીતિ થતી જાય પણ તેમાંથી મન પાછું હઠે નહિ. અને પરમેશ્વર જ્યારે કોઈકને પરદેશ મૂક્યાની આજ્ઞા કરતા હોય, ત્યારે જેણે મન અર્પ્યું હોય તેના મનમાં એમ

થાય જે, 'જો મને આજ્ઞા કરે તો બુરાનપુર તથા કાશી જ્યાં મૂકે ત્યાં રાજી થકો જઉં.' એવીરીતે પરમેશ્વરના ગમતામાં રહીને જે રાજી રહેતો હોય તે તો હજાર ગાઉ ગયો હોય તોય અમારે પાસે છે અને જેણે એવી રીતે મન ન અર્પ્યું હોય અને તે અતિશય અમારે સમીપે રહેતો હોય તોય લાખો ગાઉ છેટે છે. અને જેણે અમને મન ન અર્પ્યું હોય તેને તો ઉપદેશ કરતાં પણ બીક લાગે જે, શું જાણીએ સવળું સમજશે કે અવળું સમજશે? એવી રીતે મન અર્પ્યું હોય ને ન અર્પ્યું હોય તેનાં લક્ષણ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૩ ॥

## ॥ વચનામૃત ૭૪મું : સમજણ આપત્કાળે કળાય છે ॥

**સંવત્ ૧૮૭૬ના વૈશાખ સુદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહિ,** અને ઝાઝી સંપત્ કે આપત્ આવે એની વાત શી કહેવી ? પણ આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે.'' **પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે,** ''ભગવાનના ભક્તનો પક્ષ તો હૈયામાં રહે છે ખરો. તે પણ સમજીને રહે છે જે, જો સત્સંગનું ઉત્કૃષ્ટપણું હોય તો ઘણા જીવોને સમાસ થાય અને જ્યારે કાંઈ સત્સંગનું અપમાન જેવું હોય ત્યારે કોઈ જીવને સમાસ થાય નહિ, એટલા માટે હર્ષશોક જેવું થઈ આવે છે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના દાસ છીએ, તે શ્રીકૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું** અને એ શ્રીકૃષ્ણ

ભગવાનની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે અને એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું અને એ ભગવાનના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ અને એ ભગવાનની ઈચ્છાએ કરીને જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થતી જાય તેવી રીતે રાજી રહેવું, પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ શોક મનમાં ધારવો નહિ, એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૪ ॥

## ॥ વચનામૃત ૭૫મું : એકોતેર પરિયાં તર્યાનું ॥

**સંવત્ ૧૮૭૬ના વૈશાખ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પીળા પુષ્પના હાર કંઠને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી સુરાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, 'જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તો તેનાં એકોતેર પરિયાં ઉદ્ધરે છે એમ કહ્યું છે અને તેના ગોત્રમાં કેટલાક તો સંતના ને ભગવાનના દ્વેષી પણ હોય ત્યારે તેનો કેવી રીતે ઉદ્ધાર છે ?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ કર્દમ ઋષિનો દેવહુતિએ પતિબુદ્ધિએ કરીને પ્રસંગ કર્યો હતો, તોપણ કર્દમ ઋષિને વિષે સ્નેહ હતો તો એનો ઉદ્ધાર થયો અને માંધાતા રાજાની દીકરીઓ પચાસ તે સૌભરિ ઋષિનું રૂપ જોઈને વરીઓ તેને કામનાએ કરીને સૌભરીને વિષે હેત હતું, તો તે સર્વેનું

કલ્યાણ ઋષિના જેવું થયું. માટે જેના કુળમાં ભક્ત થયો હોય અને તેનાં કુટુંબી સર્વે એમ માને જે, 'આપણું મોટું ભાગ્ય છે જે આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે.' એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વ કુટુંબીનું કલ્યાણ થાય અને મરીને પિત્રી જે સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે, 'આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો તે આપણું મોટું ભાગ્ય છે.' એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો તે પિત્રીનું પણ કલ્યાણ થાય. અને જે ભગવાનના ભક્ત સંગાથે વૈરબુદ્ધિ રાખે તેનું તો કલ્યાણ ન થાય અને જેમ જેમ વૈર કરતો જાય તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય અને દેહ મૂકે ત્યારે પંચ મહાપાપના કરનારા જે નરકના કુંડમાં પડે તે પણ તે જ કુંડમાં પડે છે. તે માટે ભગવાનના ભક્તમાં જેને હેત હોય તો સંબંધી હોય અથવા બીજો કોઈ હોય તે સર્વનું કલ્યાણ થાય છે.''

પછી નાજે ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, **''ભગવાનનો ભક્ત હોય તે એક તો દૃઢ નિશ્ચયવાળો હોય અને એક તો થોડા નિશ્ચયવાળો હોય અને ઉપરથી તો બેય સારા દેખાતા હોય તે બે કેમ ઓળખ્યામાં આવે ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય અને દૃઢ વૈરાગ્ય હોય અને ભક્તિ ને સ્વધર્મ પણ પરિપૂર્ણ હોય તેનો નિશ્ચય પરિપૂર્ણ જાણવો અને **એમાંથી જો એકે વાનું ઓછું હોય તો નિશ્ચય છે તો પણ માહાત્મ્ય વિનાનો છે અને એ ચાર વાનાં સંપૂર્ણ હોય તે માહાત્મ્ય સહિત ભગવાનનો નિશ્ચય જાણવો.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૫ ॥

## ॥ વચનામૃત ૭૬મું : ક્રોધી, ઈર્ષ્યાળુ, કપટી ને માનીનું ॥

**સંવત્ ૧૮૭૬ના પ્રથમ જયેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.**

તેમની આગળ શ્રીજી મહારાજે વાર્તા કરી જે ''ક્રોધી,ઈર્ષ્યાવાળો, કપટી

અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભકત હોય તો પણ તે સાથે અમારે બને નહિ. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, 'એ સત્સંગી છે.' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે **અને જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે** અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે અને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તોય પણ હેત થાય નહિ અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૬ ॥

## ॥ વચનામૃત ૭૭મું : જ્ઞાનને ઓથે ધર્મ ખોટા ન કરવાનું ॥

**સંવત્ ૧૮૭૬ના દ્વિતીય જ્યેષ્ઠ વદિ ૩૦ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને મુનિ માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરતા હતા. પછી એક મુનિએ અણસમજણે કરીને ભગવાનના નિશ્ચયનું બળ લઈને ધર્મને ખોટા જેવા કરવા માંડ્યા, **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'ભગવાનના જ્ઞાનની ઓટ્ય લઈને જે ધર્મને ખોટા કરી નાખે તેને અસુર જાણવો અને ભગવાનના સ્વરૂપમાં તો એવા કલ્યાણકારી અનંત ગુણ રહ્યા છે. તે શ્રીમદ્ ભાગવતને વિષે પ્રથમ સ્કંધમાં પૃથ્વીએ ધર્મ પ્રત્યે કહ્યા છે. માટે જેને ભગવાનનો આશરો હોય તેમાં તો ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે અને **જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં એકાદશ સ્કંધમાં કહ્યાં છે એવાં જે સાધુનાં ત્રીશ લક્ષણ તે આવે છે. માટે જેમાં ત્રીશ લક્ષણ સંતના ન હોય તેને પૂરો સાધુ ન જાણવો.** અને જેને

ભગવાનનો નિશ્ચય હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે અને જ્યારે પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ ત્રીશ લક્ષણે યુક્ત હોય. માટે આજથી જે કોઈ પંચ વર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી ને વચનદ્રોહી છે અને એવી ધર્મભંગ વાત જે કોઈ કરતો હોય તેને વિમુખ કહેવો અને એમ કહેવું જે, 'તમે તો અસુરનો પક્ષ લીધો છે તે અમે નહિ માનીએ.' એમ કહીને તે અધર્મીની વાતને ખોટી કરી નાખવી.

**પછી સંતે પ્રશ્ન પૂછ્યો જે,** 'હે મહારાજ ! કોઈક ભગવાનનો અતિ દૃઢ ભક્ત હોય ને દેહ મૂકવા ટાણે તેને પીડા થઈ આવે છે અને બોલ્યાનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી; અને કોઈક તો કાંઈ પાકો હરિભક્ત જણાતો ન હોય ને તે દેહ મૂકવાને સમે તો અતિ સમર્થ જણાય છે ને અતિશય ભગવાનના પ્રતાપને જાણીને ને ભગવાનનો મહિમા મુખે કહીને સુખિયો થકો દેહ મૂકે છે, એનું શું કારણ છે ? **જે સારો હોય તેનું અંતસમે સારું ન દેખાય ને જેવો તેવો હોય તેનું અંતસમે સારું દેખાય છે એનું કારણ કહો.**'' એ પ્રશ્ન છે.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'દેશ, કાળ, ક્રિયા, સંગ, ધ્યાન, મંત્ર, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ જેવાં હોય તેવી પુરુષની મતિ થાય છે. તે જો સારાં હોય તો સારી મતિ થાય છે અને ભૂંડાં હોય તો ભૂંડી મતિ થાય છે અને પુરુષના હૃદયને વિષે પરમેશ્વરની માયાના પ્રેર્યાં થકા ચારે યુગના ધર્મ વારાફરતી વર્તતા હોય, તે જો અંતસમે સત્યયુગનો ધર્મ આવી જાય તો મૃત્યુ બહુ શોભી ઊઠે અને ત્રેતા ને દ્વાપરનો ધર્મ આવે તો તેથી થોડું શોભે અને કળિનો ધર્મ મૃત્યુસમે આવે તો અતિશય ભૂંડું દેખાય, એમ અંતસમે સારું નરસું તે તો કાળે કરીને છે; અથવા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે. તેમાં જો અંત સમે જાગ્રત અવસ્થા વર્તતી હોય, તો પાપી હોય તે પણ બોલતાં ચાલતાં દેહ મૂકે છે અને અંતસમે સ્વપ્ન અવસ્થા વર્તતી હોય, તો ઝંખ્યા જેવું કાંઈ ને કાંઈ બોલતો થકો ભગવાનનો ભક્ત હોય તોપણ દેહ મૂકે અને અંતસમે સુષુપ્તિ અવસ્થા પ્રધાન વર્તે, તો ભગવાનનો

ભક્ત હોય અથવા વિમુખ હોય તોપણ ઘેનમાં ને ઘેનમાં રહીને દેહ મૂકે, પણ સારું કે નરસું કાંઈ બોલાય નહિ અને અંતકાળે એ ત્રણ અવસ્થા થકી પર અને બ્રહ્મરૂપ એવો પોતાના જીવાત્માને સાક્ષાત્કાર માનતો થકો જે દેહ મૂકે, તે તો જેવી ઈશ્વરને સામર્થિ હોય તેવી સામર્થિ જણાવીને દેહ મૂકે છે અને એમ બ્રહ્મરૂપ થઈને ને સામર્થિ જણાવીને દેહ મૂકવો તે ભગવાનના ભક્તને જ થાય છે પણ બીજા વિમુખ જીવને એમ થાય જ નહિ.

એવી રીતે કાળે કરીને અંતસમે સારુંનરસું જણાય છે અથવા અવસ્થાઓને યોગે કરીને સારુંનરસું જણાય છે. અને વિમુખ હોય ને તેને અંતકાળે જાગ્રત અવસ્થા વર્તતી હોય ને બોલતો બોલતો દેહ મૂકે તેણે કરીને કાંઈ તેનું કલ્યાણ થતું નથી. વિમુખ તો સારી રીતે દેહ મૂકે અથવા ભૂંડી રીતે દેહ મૂકે પણ નરકે જ જાય; અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે અથવા શૂન્યમૌન રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી એમ ભગવાનના ભક્તને જાણવું. અને ભગવાનનો ભક્ત હોય તેને અંતસમે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય, માટે નક્કી હરિભક્ત હોય ને અંતસમે લાવાં ઝંખાં કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશમાત્ર સંશય રાખવો નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૭૭॥

## વચનામૃત ૭૮મું : દેશકાળાદિકના પ્રધાનપણાનું, સર્વદેશી સમજણનું

**સંવત્ ૧૮૭૭ના અષાઢ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણે બારણે ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ વિરાજમાન હતી ને કંઠને વિષે શ્વેત પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''સર્વે સંત સાંભળો એક પ્રશ્ન પૂછીએ છીએ.'' પછી સંતે કહ્યું જે, ''પૂછો મહારાજ !'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે અને એ આઠ ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, માટે એ આઠેમાં પૂર્વસંસ્કાર કર્મનું કાંઈ જોર છે કે નથી?'' પછી મુનિ બોલ્યા જે, ''પૂર્વકર્મનું જોર જણાય છે તો ખરું, જો સારાં પૂર્વકર્મ હોય તો પવિત્ર દેશને વિષે જન્મ આવે ને ભૂંડાં પૂર્વકર્મ હોય તો ભૂંડા દેશને વિષે જન્મ આવે. તેમજ કાળાદિક સાત છે તેમાંથી પણ જેવાં પૂર્વકર્મ હોય તેવાનો યોગ બને છે. માટે સર્વેમાં પૂર્વકર્મનું પ્રધાનપણું જણાય છે અને દેશકાળાદિક જે આઠ તેનું તો કોઈ ઠેકાણે પ્રધાનપણું હોય ને પૂર્વકર્મનું તો સર્વે ઠેકાણે પ્રધાનપણું છે.''

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'દેશકાળથી લઈને દેવતા જે પરમેશ્વર ત્યાં પર્યંત સર્વેને વિષે પૂર્વકર્મને પ્રધાન કહો છો, તે ક્યા શાસ્ત્રને મતે કહો છો તેનું કોઈ વચન ભણી દેખાડો. અને એક કર્મનું જ પ્રધાનપણું તો જૈનનાં શાસ્ત્રમાં છે પણ બીજામાં નથી. બીજાં શાસ્ત્રમાં તો પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તનો સંગ તેનું જ પ્રધાનપણું છે; માટે તમે કેવળ પૂર્વકર્મનું પ્રતિપાદન કરો છો તે ઉપરથી સત્સંગી છો ને છાના નાસ્તિક છો કે શું ? કેમ જે નાસ્તિક વિના બીજો તો કોઈ કર્મનું પ્રતિપાદન કરતો નથી.

અને નાસ્તિક તો વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસ જે ભારતાદિક તેને ખોટા જાણે છે ને પોતાના માગધી ભાષાના જે ગ્રંથ તેને જ સાચા માને છે; માટે મૂર્ખ થકા કર્મનું પ્રતિપાદન કરે છે અને જો પૂર્વ કર્મે કરીને દેશાદિક આઠ ફરતા હોય તો મારવાડને વિષે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે તેમને અર્થે સો હાથ ઊંડાં પાણી હતાં તે ઉપરછલાં થયાં નથી; અને જો પૂર્વકર્મને વશ દેશ હોય તો પુણ્ય કર્મવાળાને અર્થે પાણી ઊંચાં આવ્યાં જોઈએ ને પાપીને અર્થે ઊંડાં ગયાં જોઈએ, પણ એમ તો થતું નથી અને મારવાડ દેશમાં તો

પાપી હોય અથવા પુણ્યવાળો હોય પણ ઊંડાં પાણી ઊપજે પણ તે દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી. માટે દેશકાળાદિક તો પૂર્વકર્મનાં ફેરવ્યાં ફરે નહિ, તે માટે જે પોતાના કલ્યાણને ઈચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ. **અને ભૂંડા દેશકાળાદિક આઠ હોય તેનો ત્યાગ કરીને રૂડા જે દેશકાળાદિક આઠ તેનું સેવન કરવું** અને દેશ તો બારણે પણ સારોનરસો હોય અને પોતાનો દેહરૂપ જે દેશ તે પણ સારોનરસો હોય. તે જ્યારે દેહરૂપ જે સારો દેશ તેને વિષે જીવ હોય ત્યારે શીલ, સંતોષ, દયા, ધર્મ ઈત્યાદિક જે કલ્યાણકારી ગુણ તે વર્તતા હોય અને જ્યારે આ દેહરૂપ જે ભૂંડો દેશ તેને વિષે જીવ રહ્યો હોય ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈત્યાદિક ભૂંડા ગુણ વૃદ્ધિ પામે છે. અને સારો ભૂંડો જે સંગ થાય છે તેની વિગતી એમ છે જે, જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ ત્યારે તેનો સંગ થયો જાણવો. અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. **માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.**''

પછી મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજે સર્વે નાના નાના વિદ્યાર્થી સાધુને પોતાની સમીપે બોલાવ્યા અને એમ કહ્યું જે, 'તમે સર્વે વિદ્યાર્થી મને પ્રશ્ન પૂછો.'

**પછી મોટા શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય તે કેમ ઓળખાય ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે. અને ભગવાન જીતે અથવા હારે અથવા કોઈક ઠેકાણે ભાગે, અથવા ક્યારેક રાજી થાય, ક્યારેક શોક કરે, ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, 'પ્રભુની સર્વ ક્રિયા કલ્યાણને અર્થે છે.' તે જ્યારે બોલે ત્યારે એવું ને

એવું બોલતો હોય તો તેને પરિપક્વ નિશ્ચયવાળો જાણવો.''

પછી નિર્માનાનંદ સ્વામીએ પૂછ્યું જે, **'ભગવાન અને ભગવાનના સંત તેને વિષે દોષબુદ્ધિ ન આવે તેનો શો ઉપાય છે?'** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેવો પ્રથમ કહ્યો એવો ભગવાનનો અચળનિશ્ચય હોય તો તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષબુદ્ધિ આવે નહિ અને એવા મોટા જે ભગવાન તેના દાસનો મહિમા જ્યારે વિચારે ત્યારે ભગવાનના ભક્તનો પણ કોઈ રીતે અવગુણ આવે નહિ.

પછી નિર્માનાનંદ સ્વામી અને નાના પ્રજ્ઞાનાનંદસ્વામી એ બેયે મળીને પૂછ્યું જે, **'જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને વિષે ભગવાનની મૂર્તિ અખંડ કેમ જણાય ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''પૂર્વજન્મનો કોઈક શુભસંસ્કાર બલિષ્ઠ હોય તેને ભગવાનની મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે, અથવા ભય, કામ અને સ્નેહ એ ત્રણ જેને વિષે અખંડ હોય તેને ભગવાન વિના બીજું પદાર્થ હોય તે પણ ત્રણ અવસ્થામાં અખંડ દેખાય છે, તો ભગવાન દેખાય એમાં શું કહેવું? એ તો દેખાય જ.''

પછી નાના શિવાનંદસ્વામીએ પૂછ્યું જે, **''સત્સંગને વિષે અચળ પાયો જેનો હોય તે કેમ જણાય?''** એક તો એ પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન એ છે જે, **'માન, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર અને ઈર્ષ્યા ઈત્યાદિક જે શત્રુ તે ક્યે પ્રકારે કરીને નાશ પામે છે ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ. જેમ પોતાના કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તોય પણ જ્યારે તેનું કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ. એવી રીતે જેવો દેહનાં સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે અને **બીજા પ્રશ્નનો એ ઉત્તર છે જે,** જેને એવો સત્સંગનો પક્ષ છે, તે સંત અથવા સત્સંગી તે સંઘાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો

નાશ થઈ જાય છે અને જેને સત્સંગીનો પક્ષ ન હોય અને સત્સંગી ને કુસંગીને વિષે સમભાવ હોય તો ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય પણ અંતે જતાં જરૂર વિમુખ થાય.''

**પછી નાના આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''ભગવાન અને ભગવાનના સંત તે કોઈકને તો નિધડક થઈને જેમ કહેવું ઘટે તેમ કહે છે અને તેની કોરનો એમ ભરૂંસો આવે છે જે, 'આનું માન કરીશું અથવા તિરસ્કાર કરીશું તોય પણ કોઈ રીતે એ પાછો નહિ પડે' **એવો જે ભરૂંસો તે ભગવાન ને ભગવાનના સંતને કેમ આવે?** એક તો એ પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન એ છે જે, **'જે સંતને પાસે રહેતા હોઈએ તેને જેવું આપણા ઉપર હેત હોય તેવું સમગ્ર સંતને કેમ રહે?**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'જેવો શિવાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર કર્યો છે તેવો સત્સંગનો જેને દૃઢ પક્ષ હોય તો તેને કહેતાં સાંભળતાં ભગવાન ને ભગવાનના સંતને સંશય થાય નહિ અને એનો કોઈ રીતે કુવિશ્વાસ આવે નહિ જે 'આને કહેશું તો આ સત્સંગમાંથી જતો રહેશે,' તેની કોરનો તો દૃઢ વિશ્વાસ જ હોય જે, 'એનો સત્સંગ તો અચળ છે માટે એને કહેશું તેની કાંઈ ફિકર નથી.' **અને બીજા પ્રશ્નનો ઉત્તર એ છે જે,** જેને પાસે પોતે પ્રથમ રહેતો હોય અને તેને સાથે પોતાને ન બન્યું ત્યારે બીજા પાસે જઈને રહે તોપણ જેને પાસે પ્રથમ રહ્યો હોય તેનું જો કોઈક ઘસાતું બોલે તો ખમી શકે નહિ **ત્યારે સર્વે સંતને એમ સમજાય જે,** 'આ તો કૃતઘ્ની નથી. જેને પાસે ચાર અક્ષર ભણ્યો છે તેનો ગુણ મૂકતો નથી, માટે બહુ રૂડો સાધુ છે,' એમ જાણીને સર્વે સંતને હેત રહે. અને જેની પાસે પ્રથમ રહ્યો હોય તેને મૂકીને બીજા પાસે જાય ત્યારે પ્રથમ જેની પાસે રહ્યો હોય તેની નિંદા કરે ત્યારે સર્વ સંતને એમ જણાય જે, 'આ કૃતઘ્ની પુરુષ છે, તે જ્યારે આપણી સાથે નહિ બને ત્યારે આપણી પણ નિંદા કરશે', પછી તે ઉપર કોઈને હેત રહે નહિ.''

**પછી દહરાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાન તો અક્ષરાતીત છે અને મન વાણી થકી પર છે અને સર્વને અગોચર છે, તે સર્વને પ્રત્યક્ષ દેખાય છે તેનો**

**શો હેતુ છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો,' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે.''

**પછી ત્યાગાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાન રાજી કેમ થાય?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો દેહના સુખને ઈચ્છવું નહિ અને દર્શનનો પણ લોભ રાખવો નહિ ને ભગવાન જેમ કહે તેમ કરવું એ જ ભગવાનને રાજી થયાનું સાધન છે.''

**પછી લક્ષ્મણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાન ને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય અને આઠે પહોર અહો અહો સરખું કેમ રહે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભક્ત એમ સમજે જે 'આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે!' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે.''

**પછી પરમાત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એકાદશ સ્કંધમાં સંતનાં જે ત્રીશ લક્ષણ કહ્યાં છે, તે શો ઉપાય કરે તો આવે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** જે ત્રીશ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન કર્મ વચને એનો સંગ કરે, તો એ સંગના કરનારાને વિષે પણ એ ત્રીશ લક્ષણ આવે છે. એવીરીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છેજે, સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.

**પછી શાંતાનંદ સ્વામીએ પૂછ્યું જે,** 'એક તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય અને બીજો તો ભગવાનનું ભજન સ્મરણ પણ કરે અને કથા કીર્તન પણ કરે ને સાંભળે; એ બે પ્રકારના જે ભગવાનના ભક્ત તેમાં ક્યો

શ્રેષ્ઠ છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને નિર્વિકલ્પ સમાધિ થતી હોય અને દેહની ખબર રહે નહિ એવો હોય તો તે કથાકીર્તન ન કરે તોપણ શ્રેષ્ઠ છે અને જેને દેહની ખબર રહેતી હોય ને ભજનમાંથી પોતાની મેળે ઊઠીને ખાવું, પીવું, દેહની ક્રિયા, તે સર્વે કરતો હોય અને જો ભગવાનની કથાકીર્તન ન કરે અને ન સાંભળે તો તે થકી તો ભગવાનની કથાકીર્તન કરતો હોય ને સાંભળતો હોય તે શ્રેષ્ઠ છે.''

પછી આધારાનંદ સ્વામીએ પૂછ્યું જે, **'કેવી રીતે વર્તીએ તો ભગવાન અને ભગવાનના સંત પ્રસન્ન થાય?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'પંચ વર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ આવવા દઈએ નહિ તો ભગવાન અને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશમાત્ર સંશય નહિ.''

પછી વેદાંતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **''જેણે પ્રથમ કાંઈક ગોબરું વર્તાણું હોય, પછી તે શો ઉપાય કરે ત્યારે તેની ઉપર ભગવાન ને ભગવાનના સંત રાજી થાય?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય તેને દેખીને ભગવાન અને ભગવાનના સંત કુરાજી થતા હોય તે સ્વભાવ સાથે જ્યારે વૈર કરીએ ત્યારે જેને જે સાથે વૈર હોય તે તો સર્વે જગત જાણે એવું હોય તે સંતને પણ ખબર પડે. પછી સંત તો તે સ્વભાવના વૈરી છે. તે આપણા પક્ષમાં ભળીને અને આપણી ઉપર દયા કરે અને જે પ્રકારે તે સ્વભાવને જીતીએ એવો ઉપાય બતાવે. માટે જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય, તે સ્વભાવ સાથે સૂધું દૃઢ વૈર બાંધીને તેનું મૂળ ઊખડી જાય એવો ઉપાય કરવો. અને જ્યારે એવી રીતે વર્તીએ ત્યારે ભગવાન ને ભગવાનના સંત આપણા ઉપર પૂર્ણ દયા કરે અને જ્યારે હરિની ને હરિજનની જે ઉપર દયા થાય ત્યારે તેને હૈયામાં અતિશય સુખ વર્ત્યા કરે અને કલ્યાણને માર્ગે ચાલ્યાની પણ સામર્થી વધે અને પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે. માટે જે પોતાના હૃદયને વિષે અતિશય શત્રુ પીડતો હોય તે સાથે અતિશય વૈર કરીએ તો તેની પરમેશ્વર

Index



સહાય કરે છે. માટે પોતાના શત્રુ જે કામાદિક તે સાથે જરૂર વૈર કરવું ઘટે છે અને પોતાના અંતઃશત્રુ સાથે વૈર કર્યામાં ઘણો જ લાભ છે.''

**પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ! જેવી ભગવાનની બીક પાસે બેઠા હોઈએ ને રહે છે તેવી ને તેવી બીક છેટે જઈએ તો પણ રહે તે કેમ સમજીએ તો રહે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેવી પાસે ભગવાનની મર્યાદા રહે છે તેવી છેટે જાય તોય પણ રહે જો ભગવાનનું પૂરું માહાત્મ્ય સમજે તો. તે માહાત્મ્ય એમ સમજવું જે, 'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે અને અન્વય થકા પણ વ્યતિરેક છે અને તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે. અને તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી અને અનંત કોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ દુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે. એવા જે ભગવાન તે જીવોનાં કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પધારે છે, ત્યારે પોતે ઘોડે ચડીને ચાલે ત્યારે ઘોડો ભગવાનને ઉપાડીને ચાલે છે, પણ એ તો ઘોડાના આધાર છે અને પૃથ્વી ઉપર બેઠા હોય ત્યારે એમ જણાય જે પૃથ્વી ભગવાનને ધરી રહી છે, પણ એ તો સ્થાવર-જંગમ સહિત સમગ્ર પૃથ્વીને ધરી રહ્યા છે અને જ્યારે રાત્રિ હોય ત્યારે ચંદ્રમા કે દીવો કે મશાલ તેને અજવાળે કરીને ભગવાનનું દર્શન થાય અને દિવસે સૂર્યને અજવાળે કરીને દર્શન થાય, પણ એ ભગવાન તો સૂર્ય, ચંદ્રમા, અગ્નિ એ સર્વને પ્રકાશના દાતા છે. એવી અદ્‌ભુત સામર્થી છે, તોપણ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મને દર્શન આપે છે.' એવી રીતે માહાત્મ્ય સમજે તો જેવી પાસે રહ્યા મર્યાદા રહે છે તેવી ને તેવી છેટે જાય તો પણ રહે.''

**પછી વળી ભગવદાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનના કર્યા વિના કાંઈ થતું નથી, સર્વે ભગવાનનું જ કર્યું થાય છે. ત્યારે ભગવાનને અથવા ભગવાનના ભક્તને કાંઈક જ્યારે ભૂંડો દેશકાળ આવે છે ત્યારે તે દુઃખને કેમ ભગવાન ટાળતા નથી અને તેને ટાળ્યાના મનસૂબા કેમ કરે છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એ તો જ્યારે ભગવાન મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે ભગવાનની એવી રીતિ જ છે જે, 'મનુષ્યની પેઠે સર્વે વ્યવહાર કરે પણ અલૌકિક સામર્થીને પ્રગટ કરે નહિ.' એવી રીતે સર્વ શાસ્ત્રમાં ભગવાનનાં ચરિત્ર કહ્યાં છે; તેથી જ્યારે ભગવાન કાંઈક નવાં ચરિત્ર કરે ત્યારે સંશય કરજ્યો, પણ જ્યાં સુધી પૂર્વે અવતાર થયા છે, તેનાં જેવાં ચરિત્ર કરે ત્યાં સુધી તો સંશય કરવો નહિ."

**પછી નિર્મળાનંદ સ્વામીએ પૂછ્યું જે, "કેમ સમજીએ ત્યારે પ્રભુના સંતનો મહિમા અતિશય જણાય?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'મત્સ્ય, કચ્છ, વારાહ, વામન, પરશુરામ અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, 'જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે, તે ભગવાનના આ સંત છે; તેનો મારે સમાગમ મળ્યો છે તે માટે હું પણ અતિ બડભાગી છું.' એમ સમજે તો દિવસે દિવસે સંતનો મહિમા અતિશય જણાતો જાય."

**પછી નારાયણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહને વિષે જીવ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જ્યારે દેહને વિષે સુખદુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખદુઃખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે અને જ્યારે ત્રણે દેહનાં સુખદુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે."

**પછી શૂન્યાતિતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જ્યારે સત્સંગ કરે છે ત્યારે તો સંતમાં ને સત્સંગીમાં અતિશય હેત હોય અને પછી કેમ ઓછું થઈ જાય**

છે?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રથમ તો એને સંતને વિષે અલૌકિક મતિ હોય ને પછી તો તે સંતનો અલ્પ દોષ જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો દોષ પરઠે છે. પછી એની અસદ્‌વાસના થઈ જાય છે તેણે કરીને સંતને વિષે ઓછો ભાવ થઈ જાય છે. તે જો વિચારીને અસદ્‌વાસનાને ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થાય અને જો અસદ્‌વાસના ન ટાળે તો અંતે જતાં વિમુખ થઈ જાય છે.''

**પછી પ્રસાદાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જીવને મોક્ષનો શો હેતુ છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ સંત કહે તેમ જ સંશય રહિત થકો કરે એ જ જીવને મોક્ષનો હેતુ છે.''

**પછી ત્રિગુણાતિતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'દેશ, કાળ, ક્રિયા, સંગ એનું વિષમપણું હોય ત્યારે ત્યાં શો ઉપાય કરવો?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'દેશાદિક વિષમ હોય ત્યાં તો ઊગર્યાનો એ જ ઉપાય છે જે ત્યાંથી જે તે પ્રકારે કરીને ભાગી છૂટવું.''

**પછી નાના નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનો નિશ્ચય છે તો પણ અસદ્‌વાસના કેમ ટળતી નથી?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણ્યું નથી? એટલે અસદ્‌વાસના ટળતી નથી.


**પછી મોટા યોગાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાનનો નિશ્ચય પરિપૂર્ણ છે તોપણ ભગવાનને વિષે ને ભગવાનની કથાને વિષે હેત કેમ થતું નથી?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ભગવાનનું જેવું માહાત્મ્ય છે તેવું એને સમજ્યામાં આવ્યું નથી અને જો યથાર્થ ભગવાનનું માહાત્મ્ય સમજાય તો ભગવાન વિના બીજામાં હેત રાખે તો પણ રહે નહિ, ને એક ભગવાન અને ભગવાન-ના સંત અને ભગવાનની કથા-કીર્તન તેને વિષે જ અચળ હેત થાય છે.''

**પછી પ્રતોષાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાનની ભક્તિ અચળ કેમ રહે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને

વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે.''

એવી રીતે સર્વ મુનિના પ્રશ્નનોના ઉત્તર કરીને **પછી શ્રીજી મહારાજ સર્વેને પૂછતા હવા જે,** ''**કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે, એમાંથી જેને જે અતિશય જીત્યામાં આવ્યો હોય તે સર્વે કહો.**'' પછી જેને જે વાતની અતિશય દૃઢતા હતી તે તેવી રીતે બોલ્યા. **તે મુનિનાં વચન સાંભળીને શ્રીજી મહારાજ અતિશય રાજી થયા** અને આત્માનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદસ્વામી એ ચાર જણાને રાજી થઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધાં, **અને એમ બોલ્યા જે,** 'જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર પણ છે; માટે એમનું કોઈને અપમાન કરવા દેશોમા. એમ મુક્તાનંદ સ્વામી આદિક જે મોટેરા સાધુ તેમને ભલામણ કરીને શ્રીજી મહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે જમવા પધાર્યા. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭૮ ॥**

## શ્રી ગઢડા પ્રથમ પ્રકરણં સમાપ્તમ્



।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# સારંગપુર પ્રકરણ

## વચનામૃત ૧ : મન જીત્યાનું, કૂતરાના ગલૂડિયાનું

સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'જિતં જગત્ કેન મનો હિ યેન' એ શ્લોકમાં એમ કહ્યું છે જે 'જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું' તે મન જીત્યું કેમ જણાય ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેમાંથી જ્યારે ઈન્દ્રિયો પાછા હઠે અને કોઈ વિષય પામવાની ઈચ્છા રહે નહિ, ત્યારે સર્વે ઈન્દ્રિયો વશ થાય છે અને જ્યારે ઈન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે ત્યારે મન પણ ઈન્દ્રિયો લગણ આવે નહિ અને હૈયામાં ને હૈયામાં રહે. એવી રીતે જેને પંચવિષયનો ત્યાગ અતિ દૃઢપણે કરીને થયો, ત્યારે તેનું મન જીત્યું જાણવું અને જો વિષય ઉપર કાંઈ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તોપણ જીત્યું ન જાણવું.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'વિષયની નિવૃત્તિ થયાનું કારણ તે વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે

ભગવાનનું જ્ઞાન તે છે. તેમાં આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે.' એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ. **એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે.**

**અને ભગવાનનો મહિમા એમ વિચારે જે,** 'હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રીપુરુષોત્તમ ભગવાન તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે અને તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારી ફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે, તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે. એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે.' એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે.

**અને એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રકટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે** અને જેણે એવી રીતે સમજીને વિષયસુખનો ત્યાગ કર્યો, તેને પાછી વિષયમાં પ્રીતિ થાય જ નહિ અને એનું જ મન જીતાણું કહેવાય અને એવી સમજણ વિના ઝાઝું હેત જણાતું હોય પણ જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે અથવા પુત્રકલત્રાદિકને વિષે

પ્રીતિ કરે અથવા રોગાદિક સંબંધી પીડા થાય અથવા પંચવિષયનું સુખ હોય તે મટી જાય, ત્યારે ભગવાનને વિષે પ્રીતિ રહે નહિ અને વિકળ જેવો થઈ જાય અને જેમ કૂતરાનું ગલૂડિયું હોય તે પણ નાનું હોય ત્યારે સારું દીસે તેમ એવાની ભક્તિ પ્રથમ સારી દીસે પણ અંતે શોભે નહિ.'' **ઈતિ વચનામૃતમ્ ૧**

## ॥ વચનામૃત ૨ : ભગવાનની મૂર્તિમાં હેત થયાનું ॥

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૬ છઠને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી તથા શ્વેત પછેડી ઓઢી હતી તથા શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ** મુનિ પ્રત્યે બોલ્યા જે, ''માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.'' પછી **સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિમાં અતિશય હેત ક્યે પ્રકારે થાય?''** પછી તે પ્રશ્નનો ઉત્તર મુનિએ માંહોમાંહી કરવા માંડ્યો, પણ થયો નહિ. પછી **શ્રીજી મહારાજે તેનો ઉત્તર કરવા માંડ્યો જે,** ''સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે તથા કામે કરીને પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે તથા સ્વાર્થે કરીને પણ થાય છે તથા ગુણે કરીને પણ થાય છે. તેમાં રૂપે કરીને જે સ્નેહ થાય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત નીસરે અથવા કોઢ નીસરે ત્યારે સ્નેહ થયો હોય તે નાશ પામે છે તેમજ લોભ, કામ, અને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે.''

ત્યારે **શ્રીજી મહારાજ પ્રત્યે સોમલો ખાચર બોલ્યા જે, ''એ તે ગુણ કયા? ઉપરલા કે માંહિલા ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ઉપરલે ગુણે શું થાય ! એ તો વચને કરીને, દેહે કરીને અને મને કરીને જે ગુણ હોય અને તે ગુણે કરીને જે હેત થયું હોય તે નથી નાશ પામતું અને તમે પૂછો છો તે

ભક્તને ભગવાન ઉપર સ્નેહ થાય એમ જ કેવળ પૂછો છો ? કે ભગવાનને ભક્ત ઉપર સ્નેહ થાય એમ પણ પૂછો છો?'' ત્યારે **સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે,** ''એ બેયને પૂછીએ છીએ.''

**પછી શ્રીજી મહારાજે તેની વિસ્તારે કરીને વાર્તા કરવા માંડી જે,** ''વચને કરીને તો કોઈ જીવ-પ્રાણીમાત્રને દુઃખવવાં નહિ અને પરમેશ્વર સાથે અથવા મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતા હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થતો હોય અને તેમાં પોતે જીતીએ એમ જણાય તોપણ જે મોટાથી નાનો હોય તેને મોટાને સમીપે નમી દેવું; અને આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભોંઠા પડે એમ કરવું નહિ. મોટા સંત આગળ અને પરમેશ્વર આગળ તો જરૂર હારી જવું અને પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું. તેમાં યોગ્ય વચન હોય તેમાં તો આશંકા થાય નહિ પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય અને તેમાં આશંકા થાય એવું હોય તોપણ તે સમાને વિષે ના પાડવી નહિ, એ તો હા જ પાડવી અને એમ કહેવું જે, **'હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ હું કરીશ.'** અને તે વચન પોતાને મનાય નહિ એવું હોય તો પરમેશ્વર તથા મોટા સંત તેની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમ કહેવું જે, **'હે મહારાજ! તમે જે વચન કહ્યું તે તો ઠીક છે પણ આટલી મને તેમાં આશંકા થાય છે.'** એ પ્રકારનું દીન થઈને વચન કહેવું. અને જો પરમેશ્વરની મરજી ન હોય, તો તેમને સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમને આગળ કહેવું જે, 'આવી રીતે પરમેશ્વરે વચન કહ્યું છે, તે તો મને માન્યામાં આવતું નથી.' પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગળ કહીને એ વચનનું સમાધાન કરાવે, પણ પરમેશ્વરે વચન અયોગ્ય કે યોગ્ય કહ્યું હોય તે સમે ના પાડવી નહિ. એવી રીતની યુક્તિએ મોટાના વચનને પાછું ઠેલવું પણ કહ્યું ને તત્કાળ ના પાડવી નહિ, **એવી રીતે તો વચનને ગુણે કરીને વર્તવું.** પછી તે ભક્તના ઉપર પરમેશ્વર તથા મોટા સંત

તેને સ્નેહ થાય છે અને તે ભક્તને પણ ભગવાનને વિષે દૃઢ સ્નેહ થાય છે.

**હવે દેહને ગુણે કેમ વર્તવું ?** તો પોતાના દેહમાં જો કાંઈ ઉન્મત્તપણું જણાય તો ભજનમાં બેસવે કરીને અથવા ચાંદ્રાયણ વ્રતે કરીને દેહને નિર્બળ કરી નાખવું. પછી તેને દેખીને તેના દેહની મોટા સંત અથવા પરમેશ્વર ખબર રખાવે તો ભલે, પણ પોતાને જાણે દેહનું જતન કરવું નહિ તથા દેહે કરીને ભગવાનની અને ભગવાનના ભક્તની ટેલ ચાકરી કરવી. એવી રીતે જ્યારે એ દેહને ગુણે કરીને વર્તે, ત્યારે તેને દેખીને તેની ઉપર પરમેશ્વર ને મોટા સંત તેને સ્નેહ થાય છે અને એ ભકતને પણ ભગવાનને વિષે પ્રીતિ થાય છે.

**હવે મનને ગુણે જેમ વર્તવું તેની રીત કહીએ છીએ જે,** પરમેશ્વરના જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં. અને પરમેશ્વરના દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુપક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરના દર્શનમાંથી વૃત્તિ તોડીને આડીઅવળી, ઊંચીનીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય, પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી. અને એ દર્શન કરે છે તે કેવાં કરે છે, તો જેમ અન્ય મનુષ્ય કરે છે તેમ તે પણ કરે છે અને એવી લૌકિક દૃષ્ટિવાળો તો જેમ ખિલખોડી બોલે છે તે ભેળે પૂંછડું ઊંચું કરે છે તેવો જાણવો. શા સારુ જે પરમેશ્વર ભેળે બીજાં દર્શન કરે છે. અને એવાં લૌકિક દર્શન જ્યારે એ કરવા માંડે ત્યારે જેવો પ્રથમ સારો હોય તેવો રહે નહિ અને તે દિવસે-દિવસે ઊતરતો જાય. તે માટે પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડીઅવળી દૃષ્ટિ કરવી નહિ. પરમેશ્વરનાં દર્શન તો પ્રથમ પહેલે નવીન થયાં હોય ને તે સમયને વિષે જેવું અંતરમાં અલૌકિકપણું હોય તેવું ને તેવું મનમાં અલૌકિકપણું રહેતું જાય ને એક દૃષ્ટિએ કરીને મૂર્તિને જોતે જવું અને દૃષ્ટિ પલટીને અંતરમાં તેવી ને તેવી તે મૂર્તિને ઉતારવી.

જેમ **ધર્મપુરમાં કુશળકુંવરબાઈ** હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં, તેમ દર્શન તો મનેયુક્ત

દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં પણ જેમ બીજા દર્શન કરે છે તેમ ન કરવાં. અને જો પરમેશ્વરનાં દર્શન ભેળે બીજાં દર્શન મનુષ્યનાં કે કૂતરાં-બિલાડાનાં કરે છે, તો તેને જ્યારે સ્વપ્ન થાય ત્યારે પરમેશ્વર પણ દેખાય અને તે અન્ય પદાર્થ પણ ભેળે દેખાય. **તે માટે પરમેશ્વરનાં દર્શન તો એક દૃષ્ટિએ કરવાં પણ ચપળ દૃષ્ટિએ ન કરવાં.**

**અને પરમેશ્વરનાં દર્શન દૃષ્ટિને નિયમમાં રાખીને કરે છે,** તેને એ દર્શન નવીનનાં નવીન રહે છે અને પરમેશ્વરે જે જે વચન કહ્યાં હોય તે પણ તેને નવીનના નવીન રહે છે અને લૌકીક બાહ્યદૃષ્ટિએ કરીને દર્શન કર્યાં હોય તેને પરમેશ્વરનાં દર્શન તથા વચન એ સર્વે જૂનાં થઈ જાય છે. તે રોજ દર્શન કર્યા કરે પણ એવાને તો જેમ ન થયા હોય તેવા ને તેવા રહે છે. તે જ્યારે ભજનમાં બેસે ત્યારે તેનું મન સ્થિર રહે નહિ. બહુ ધારાએ યુક્ત થાય અને પરમેશ્વરને ધારે ત્યારે તે ભેળે બીજાં દર્શન જે જે કર્યાં છે તે પણ વગર ધાર્યા આવીને હૈયામાં સ્ફૂરે છે. તે માટે દર્શન તો એક પરમેશ્વરનાં જ કરવાં અને એમ જે દર્શન કરે છે, તેનું મન ભજન-સ્મરણ કરતે એક પરમેશ્વરમાં જ રહે છે પણ તેની બહુધારા નથી રહેતી એક રહે છે અને જે ચપળ દૃષ્ટિએ દર્શન કરે છે, તેને હું જાણું છું અને જેનાં દૃષ્ટિ ને મન નિયમમાં હોય એવા જે મોટા સંત તે પણ જાણે જે, 'આ તો લૌકિક દર્શન કરે છે.' પછી તે લૌકિક દર્શનનો કર-નારો આ સમાગમમાંથી દિવસે દિવસે ઊતરતો જાય છે અને જેમ કોઈક કામી પુરુષ હોય તેની રૂપવંતી સ્ત્રીમાં એક મને કરીને દૃષ્ટિ પ્રોવાણી હોય તે સમે વચમાં કોઈક પશુપક્ષી આવે જાય કે બોલે પણ તેની તેને ખબર રહે નહિ; **એવી રીતે એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું, પણ લૌકિક દર્શન ન કરવાં.''**

ત્યારે **નિર્વિકારાનંદ સ્વામીએ આશંકા કરી જે,** **''હે મહારાજ ! અમારે તો દેશદેશમાં મનુષ્ય આગળ વાર્તા કરવી પડે તેણે કરીને મનનું એકાગ્રપણું રહેતું નથી.''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મનુષ્ય આગળ વાર્તા કરવી તેની તો અમે આજ્ઞા આપી છે, પણ અહીં મૂર્તિના દર્શન મેલીને બીજાં દર્શન કરવાં

એવી કયે દિવસ અમે આજ્ઞા આપી છે ?'' **એમ કહીને વળી વાર્તા કરવા લાગ્યા જે,** 'પ્રથમ જ્યારે મૂર્તિના દર્શન થાય છે ત્યારે એને કેવું અલૌક્કિપણું રહે છે! તેવું ને તેવું અલૌક્કિપણું તો, તો રહે જો મને સહિત દૃષ્ટિ પરમેશ્વરમાં રાખે.

એવી રીતે મનને ગુણે કરીને વર્તે ત્યારે તે ભક્તની ઉપર નિત્ય પ્રત્યે ભગવાનને નવીન ને નવીન હેત રહે છે. અને તે ભક્તને પણ ભગવાનને વિષે નિત્ય પ્રત્યે નવીન ને નવીન હેત રહે છે.

અને વળી **નેત્ર ને શ્રોત્ર એ બેને તો વિશેષે કરીને નિયમમાં રાખવાં. તે શા સારુ ?** જે જ્યાં ત્યાં ગ્રામ્યવાર્તા થતી હોય ને તેને શ્રોત્રની વૃત્તિ દ્વારે તણાઈ જઈને સાંભળીએ, તો તે સર્વ ગ્રામ્ય શબ્દ ભજનમાં બેસે ત્યારે સાંભરી આવે છે અને ફાટેલ નેત્રની વૃત્તિએ કરીને જે જે રૂપ જોયું હોય તે સર્વે ભજન કરતાં સાંભરી આવે છે. તે સારુ એ બે ઈન્દ્રિયોને તો અતિશય નિયમમાં રાખવાં. અને નેત્રની ને શ્રોત્રની વૃત્તિ જ્યારે મૂર્તિનાં દશન કરતા હોઈએ ને મૂર્તિને મેલીને અન્યમાં તણાય તો તેને એમ ઉપદેશ દેવો જે, 'હે મૂર્ખ ! તું ભગવાનની મૂર્તિ વિના અન્ય રૂપને જુવે છે કે પરમેશ્વરની વાર્તા વિના અન્ય વાર્તાને સાંભળે છે તેમાં તને શું પ્રાપ્ત થશે ? અને હજી તને સિદ્ધદશા તો આવી નથી જે જેવું ચિંતવ્યું તેવું તને તત્કાળ મળે, શા સારુ? જે હજી તો તું સાધક છું. માટે જે વિષયને તું ચિંતવીશ તે વિષય મળશે નહિ અને ઠાલાં વલખાં કરીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે ? અને કાંઈક જો તને અલ્પ વિષય મળશે તો તેનાં પાપમાં યમપુરીનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દેવો.

**અને વળી એમ કહેવું જે,** 'જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધદશાને પામીશ. પછી તું જે જે બ્રહ્માંડમાં વાર્તા થાય છે તેને સહેજે સાંભળીશ અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવના જેવાં રૂપને ઈચ્છીશ તો તેવા રૂપને પામીશ; અને લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થવા ઈચ્છીશ તો તેવો થઈશ. અને ભગવાનનું ભજન કરતાં કરતાં સિદ્ધદશાને દેહ છતે નહિ

પામ્ય, તો દેહ પડ્યા પછી મુક્ત થઈશ ત્યારે સિદ્ધદશા મળશે પણ સિદ્ધદશા આવ્યા વિના રૂપને જોઈ જોઈને મરી જઈશ તોપણ તે રૂપ મળશે નહિ અને ગ્રામ્ય શબ્દને પણ સાંભળી સાંભળીને મરી જઈશ તો તેણે કરીને બુદ્ધિ તો અતિશય ભ્રષ્ટ થઈ જશે પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહિ થાય.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનની મૂર્તિમાં જ રાખવાં. અને એવી રીતે જે વર્તે તેને ભગવાનની મૂર્તિમાં દિવસે દિવસે અધિક સ્નેહ થાયછે ને તે ભક્ત ઉપર પરમેશ્વરને અને મોટા સાધુને સ્નેહ હોય તેથી પણ દિવસે દિવસે વધતો જાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥ ૫૦ ॥

## ॥ વચનામૃત ૩ : શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું ॥

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ** શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **''હે મહારાજ ! એક ભક્ત તો નાના પ્રકારની પૂજાસામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસી પૂજા કરે છે, એ બે ભક્તમાં શ્રેષ્ઠ તે કોણ છે ?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તોય ન્યૂન છે.'' **ત્યારે સોમલેખાચરે પૂછ્યું જે,** ''એવી રીતે જે પ્રેમમગ્ન થઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરતો હોય અથવા માનસી પૂજા કરતો હોય તે ભક્ત

ક્યે લક્ષણે કરીને ઓળખાય ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનની પૂજા-સેવાને વિષે તથા કથાવાર્તા, કીર્તનને વિષે અતિશય શ્રદ્ધા હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય ને એ બે વાનાં દિવસે દિવસે નવાં ને નવાં જ રહેતાં હોય, પણ ક્યારેય ગૌણ ન પડે, જેમ **મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા** અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી; એ બે લક્ષણે કરીને તે ભક્તને ઓળખવો. અને એવી રીતે **માહાત્મ્ય ને શ્રદ્ધા વિનાના સર્વે યાદવ** શ્રીકૃષ્ણ ભગવાન ભેળા જ રહેતા અને જેમ બીજા રાજાની સેવાચાકરી કરે તેમ સેવાચાકરી કરતા તોપણ તેનું કોઈ નામ જાણતું નથી અને તે ભક્ત પણ કહેવાયા નથી અને **ઉદ્ધવજી જો** શ્રીકૃષ્ણ ભગવાનની શ્રદ્ધા માહાત્મ્યે સહિત સેવાચાકરી કરતા તો તે પરમ ભાગવત કહેવાયા અને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશય પ્રસિદ્ધિ છે.''

પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **''હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કેને કહેવાય ?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને **શ્રવણ કહીએ.** અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરી વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે **તેને મનન કહીએ** અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો **તેને નિદિધ્યાસ કહીએ.** અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે **તેને સાક્ષાત્કાર કહીએ.** અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય; અને જો ભગવાનનો એવી રીતે શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે, પણ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી. અને

જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન અને નિદિધ્યાસ તે ન કર્યા હોય, તો લાખ વર્ષ સુધી દર્શન કરે તોપણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય અને તે દર્શન તો કેવળ શ્રવણમાત્ર સરખું કહેવાય. અને જેણે ભગવાનનાં અંગઅંગનું દર્શન કરીને પછી તે અંગઅંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યો હશે, તો તે અંગ આજે સહેજે સાંભરી આવતું હશે અને જે અંગનું દર્શનમાત્ર જ થયું હશે તો તે અંગને સંભારતો હશે તો પણ નહિ સાંભરતું હોય.

અને **કેટલાક હરિભક્ત કહે છે જે,** 'અમે તો મહારાજની મૂર્તિને ધ્યાનમાં બેસીને ઘણાય સંભારીએ છીએ તોપણ એકે અંગ ધાર્યામાં નથી આવતું, તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી આવે?' **તેનું પણ એ જ કારણ છે જે** ભગવાનની મૂર્તિનાં દર્શન માત્ર કરે છે, પણ મનન ને નિદિધ્યાસ નથી કરતા, માટે કેમ ધાર્યામાં આવે? કાં જે, જે માયિક પદાર્થ છે તે પણ કેવળ દૃષ્ટિમાત્રે દેખ્યું હોય ને કેવળ શ્રવણમાત્રે સાંભળ્યું હોય અને તેને જો મનમાં સંભારી ન રાખ્યું હોય તો તે વીસરી જાય છે, તો જે અમાયિક ને દિવ્ય એવું જે ભગવાનનું સ્વરૂપ તે તો મનન ને નિદિધ્યાસ કર્યા વિના ક્યાંથી સાંભરે ? માટે ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે, તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩ ॥ ૮૧ ॥

## વચનામૃત ૪ : આત્મા-અનાત્માના વિવેકનું

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને મસ્તકે શ્વેત પાઘ બાંધી હતી ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! આત્મા-અનાત્માની ચોખી જે વિક્તિ તે કેમ સમજવી ? જે સમજવે કરીને આત્મા-**

**અનાત્મા એક સમજાય જ નહિ.''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખું સમજાય તે ઠીક છે; જે સમજાણા કેડે આત્મા અનાત્માના એકપણાનો લોચો જ રહે નહિ અને ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થતી નથી. **માટે એમ ચોખું સમજે જે,** 'હું આત્મા તે મારા જેવો ગુણ દેહને વિષે એકેય આવતો નથી અને જડ, દુઃખ અને મિથ્યારૂપ જે દેહ તેના જે ગુણ તે હું ચૈતન્ય તે મારે વિષે એકેય આવતો નથી.' એવી વિક્તિ સમજીને ને અત્યંત નિર્વાસનિક થઈને ચૈતન્યરૂપ થકો પુરુષોત્તમ ભગવાનનું ચિંતવન કરે એવો જે જડચૈતન્યનો વિવેક **તેને દૃઢ વિવેક જાણવો** અને ઘડીક પોતાને આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય તો તે અન્ન સુખદાયી ન થાય, સામું દુઃખદાયી થાય છે, તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે; માટે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખો આત્મવિચાર કરવો.

અને કોઈકને એવો સંશય થાય જે, **'અત્યંત નિર્વાસનિક નહિ થઈએ ને કાચા ને કાચા મરી જઈશું તો શા હવાલ થશે?'** તો એવો વિચાર ભગવાનના ભક્તને કરવો નહિ અને એમ સમજવું જે, 'મરશે તો દેહ મરશે પણ હું તો આત્મા છું અને અજર-અમર છું માટે હું મરું નહિ.' એવું સમજીને હૈયામાં હિંમત રાખવી અને પરમેશ્વર વિના સર્વે વાસના ત્યાગ કરીને અચળ મતિ કરવી અને એમ વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી ઘણી વાસના રહી ગઈ તો જેવાં મોક્ષધર્મમાં નરક કહ્યાં છે તેવાં નરકની પ્રાપ્તિ થશે. તે નરકની વિગતિ, જે ભગવાનનો ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહે તેને ઈન્દ્ર આદિક દેવતાના જે લોક તેની પ્રાપ્તિ થાય ને તે લોકને વિષે જઈને અપચ્છરાઓ

તથા વિમાન તથા મણિમય મહોલ એ આદિક જે વૈભવ તે સર્વે પરમેશ્વરના ધામની આગળ નરક જેવાં છે તેને ભોગવે છે, પણ વિમુખ જીવની પેઠે યમપુરીમાં જાય નહિ અને ચોરાશીમાં પણ જાય નહિ, માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તોપણ ઘણું થશે તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને ને નિર્વાસનિક થઈને અંત્યે ભગવાનના ધામને પામશો; પણ વિમુખ જીવની પેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને **ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું** અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતનાં વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪ ॥ ૮૨ ॥

## ॥ વચનામૃત ૫ : અન્વય-વ્યતિરેકનું ॥

સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને શ્રદ્ધા તથા હરિ અને હરિજનનાં વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. તેમાં પણ જો **એક માહાત્મ્ય અતિશય દૃઢ હોય અને શ્રદ્ધા તથા વિશ્વાસ તથા પ્રીતિ એ ત્રણ દૂબળાં હોય તોપણ મહા બળવાન થાય છે** અને માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તોપણ અંતે નાશ થઈ જાય છે. જેમ દશ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષયરોગ થાય, પછી તે કન્યા યુવાન થયા

મોર જ મરી જાય પણ યુવાન થાય નહિ, **તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિપકવ થતી થતી નાશ થઈ જાય છે** અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદયમાં નથી તો શમદમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદયમાં છે તોય પણ નહિ જેવા જ છે, કેમ જે અંતે નાશ પામી જશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. તે માટે **માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહા મોટું અચળ સાધન છે.**''

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **''જીવ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અને ઈશ્વર અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અક્ષરબ્રહ્મ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અને પુરુષોત્તમ ભગવાનને અન્વયપણે કેમ જાણવા ને વ્યતિરેકપણે કેમ જાણવા?'** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જન્મ મરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે અન્વય જાણવું અને અચ્છેદ્ય અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું અને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું અને પિંડબ્રહ્માંડ -થી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. અને પ્રકૃતિપુરુષ તથા સૂર્યચંદ્રાદિક સર્વે દેવતા તેનું જે પ્રેરક તે અક્ષરનું અન્વય સ્વરૂપ જાણવું અને જે સ્વરૂપને વિષે પુરુષપ્રકૃતિ આદ્યે કાંઈ ઉપાધિ રહેતી નથી, એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેનાં હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમજ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે અને જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ

પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. એવી રીતે અન્વય વ્યતિરેકપણું છે.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાનના દર્શનનો જે મહિમા તથા ભગવાનના નામસ્મરણનો જે મહિમા તથા ભગવાનના સ્પર્શનો જે મહિમા તે ભગવાનના ભક્તને અર્થે છે કે સર્વે જીવને સારુ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'દર્શનાદિકનો તો ભેદ જુદો જ છે તે કહીએ તે સાંભળો, જે જ્યારે એ દર્શનનો કરનારો ભગવાનના દર્શન કરે છે ત્યારે એનું મન છે તે દૃષ્ટિ દ્વારે આવીને તે સહિત દૃષ્ટિ જો દર્શન કરે તો તે દર્શન એવું થાય છે, જે વિસારે તોય પણ વીસરે નહિ. એવી રીતે મને સહવર્તમાન ત્વચા સ્પર્શ કરે તો તે સ્પર્શ પણ વીસરે નહિ. જેમ **ગોપાંગનાઓનાં ભગવાન પ્રત્યે ભાગવતમાં વચન છે જે,** હે ભગવન્ ! જે દિવસથી તમારાં ચરણનો સ્પર્શ થયો છે તે દિવસ થકી તમ વિના જે જે સંસારનાં સુખ છે તે અમને વિષ જેવાં લાગે છે.' એવી રીતે સર્વે જ્ઞાનેન્દ્રિયે કરીને મને સહવર્તમાન જે દર્શન-સ્પર્શ-શ્રવણાદિક થાય છે તે કોઈ કાળે વીસરી જતાં નથી. જેમ અજ્ઞાની જીવ હોય તેણે મને સહવર્તમાન જે પંચ જ્ઞાનઈન્દ્રિયો તેણે કરીને જે જે વિષય ભોગવ્યા હોય તે વિસારે તોય વીસરે નહિ, **એવી રીતે ભગવાનનું પણ મને સહવર્તમાન જે દર્શનાદિક કરે છે, તેને જ દર્શનાદિક જાણવું.**

અને બીજાને તો દર્શન થયું છે તોય પણ ન થયા જેવું છે, કાં જે, જે સમે એણે દર્શન કર્યાં તે સમે એનું મન તો કયાંઈયે ફરતું હતું. માટે એ દર્શન એને કાં તો એક દિવસમાં વીસરી જશે અથવા પાંચ દિવસમાં અથવા પચાસ દિવસમાં અથવા છ મહિનામાં અથવા વર્ષમાં અથવા પાંચ વર્ષમાં જરૂર વીસરી જશે, પણ અંતે રહેશે નહિ. માટે જે માહાત્મ્ય જાણીને અતિશય પ્રીતિએ કરીને મને સહિત દૃષ્ટિ આદિક જ્ઞાનઈન્દ્રિયે કરીને દર્શન-સ્પર્શાદિક કરે છે તેને જ તેમનું ફળ છે અને બીજાને તો જે પરમેશ્વરનાં દર્શનાદિક થાય છે તેનું બીજબળ થાય છે અને **યથાર્થ મહિમા તો જે મને સહવર્તમાન દર્શનાદિક કરે છે તેને અર્થે છે.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫ ॥ ૮૩ ॥

## વચનામૃત ૬ : એક અવસ્થામાં બબે અવસ્થાનું, ચાર પ્રકારની વાણીનું

સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "એકએક અવસ્થાને વિષે બીજી બે-બે અવસ્થાઓ કેમ રહી છે?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "આ જીવાત્મા જે તે 'જેને વિષે રહીને વિષયભોગને ભોગવે છે' તેને અવસ્થા કહીએ. તે અવસ્થા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ પ્રકારની છે.

**તેમાં જે જાગ્રત અવસ્થા છે તે** વૈરાજપુરુષની જે સ્થિતિ અવસ્થા તેનું કાર્ય છે ને સત્ત્વગુણાત્મક છે ને નેત્ર સ્થાનકને વિષે રહી છે. એવી જે જાગ્રત અવસ્થા તેને વિષે વિશ્વાભિમાની નામે જે આ જીવાત્મા તે જે તે સ્થૂળ દેહના અભિમાને સહિત થકો દશ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને વિવેક સહિત યથાર્થપણે પોતાનાં પૂર્વ કર્મને અનુસારે બાહ્ય શબ્દાદિક પંચવિષયના ભોગને ભોગવે છે, તેને સત્ત્વગુણપ્રધાન એવી જાગ્રત અવસ્થા કહીએ. અને એ જાગ્રતને વિષે જો એ જીવાત્મા ભ્રાંતિએ કરીને અયથાર્થપણે બાહ્ય વિષયભોગને ભોગવે છે તો તેને જાગ્રતને વિષે સ્વપ્ન કહીએ અને એ જીવાત્મા જે તે જાગ્રતને વિષે શોક તથા શ્રમાદિકે કરીને વિવેકે રહિત થકો જો બાહ્ય વિષય ભોગને ભોગવે છે, તો તેને જાગ્રતને વિષે સુષુપ્તિ કહીએ.

**અને જે સ્વપ્ન અવસ્થા છે તે** હિરણ્યગર્ભની જે ઉત્પત્તિ અવસ્થા તેનું કાર્ય છે ને રજોગુણાત્મક છે ને કંઠ સ્થાનકને વિષે રહી છે એવી જે સ્વપ્ન અવસ્થા, તેને વિષે તૈજસાભિમાની નામે જે જીવાત્મા તે સૂક્ષ્મ દેહના અભિમાને સહિત રહ્યો થકો ઈન્દ્રિયો અંતઃકરણે કરીને પૂર્વકર્મને અનુસારે સુખદુઃખરૂપ વાસનામય ભોગને ભોગવે છે, તેને રજોગુણ પ્રધાન સ્વપ્ન અવસ્થા કહીએ અને એ સ્વપ્નને વિષે એ જીવાત્મા જે તે જ્યારે જાગ્રતની

પેઠે જ વિવેકે કરીને જાણતો થકો વાસ-નામય ભોગને ભોગવે છે ત્યારે તેને સ્વપ્નને વિષે જાગ્રત અવસ્થા કહીએ અને એ સ્વપ્નને વિષે જણાણા જે વાસનામય ભોગ તેમને એ જીવાત્મા જે તે ભોગ-વતો થકો પણ જો જડપણે કરીને ન જાણે તો તેને સ્વપ્નને વિષે સુષુપ્તિ કહીએ.

**અને જે સુષુપ્તિ અવસ્થા છે તે** ઈશ્વરની જે પ્રલય અવસ્થા તેનું કાર્ય છે ને તમોગુણાત્મક છે ને હૃદય સ્થાનકને વિષે રહી છે, એવી જે સુષુપ્તિ અવસ્થા તે જ્યારે એ જીવને આવે છે ત્યારે ઈન્દ્રિયો અંતઃકરણની જે વૃત્તિઓ તથા વિષયભોગની વાસના તથા જ્ઞાતાપણું ને કર્તાપણું એ સર્વે કારણ દેહને વિષે લીન થઈ જાય છે અને તે કારણ દેહનો અભિમાની જે પ્રાજ્ઞ નામે જીવાત્મા તેનું પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મના સુખલેશને વિષે અતિશય લીનપણું થઈ જાય છે તેને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહીએ અને એ સુષુપ્તિને વિષે કર્મસંસ્કારે કરીને કર્તાવૃત્તિનું જે ઉત્પન્ન થવું તેને સુષુપ્તિને વિષે સ્વપ્ન કહીએ. અને જાગ્રત ને સ્વપ્નને વિષે જે પીડા તેના તાપ થકી વળી તે સુષુપ્તિના સુખને વિષે પ્રવેશ કરતી જે કર્તાવૃત્તિ તેના પ્રતિલોમપણાનું જે જ્ઞાન તેને સુષુપ્તિને વિષે જાગ્રત કહીએ. એવી રીતે એક એક અવસ્થાને વિષે બીજી બે બે અવસ્થાઓ રહી છે અને એ જે અવસ્થાના ભેદ તેનું જે જ્ઞાન તે જીવાત્માને જે વતે થાય છે અને વળી તે તે અવસ્થાને વિષે એ જીવને કર્માનુસારે જે ફળના પમાડનારા છે તેને **તુર્યપદ** કહે છે, અંતર્યામી કહે છે, દૃષ્ટા કહે છે, બ્રહ્મ કહે છે, **પરબ્રહ્મ** કહે છે.''

**પછી વળી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''પરા, પશ્યંતી મધ્યમા અને વૈખરી એ જે ચાર વાણી તેને કેમ સમજવી ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ વાર્તા તો બહુ મોટી છે ને અતિશય સૂક્ષ્મ છે અને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહી છે. તેને સંક્ષેપે કરીને કહીએ તે સાંભળો જે, પ્રથમ ઉત્પત્તિકાળને વિષે પુરુષોત્તમ ભગવાન જે તે વૈરાજપુરુષના મસ્તકને વિષે રહ્યું જે સહસ્રદળનું કમળ તેને વિષે પ્રવેશ

કરીને અક્ષરબ્રહ્માત્મક એવો જે નાદ તેને કરતા હવા. પછી તે નાદ જે તે સુષુમ્ણા માર્ગે કરીને તે વિરાટપુરુષના નાભિકંદ પ્રત્યે વ્યાપીને મહાપ્રાણે સહિત થકો ત્યાંથી ઊંચો વૃદ્ધિને પામતો હવો તેણે કરીને તે વિરાટપુરુષનું જે નાભિપદ્મ તે અધોમુખ હતું તે ઊર્ધ્વમુખ થતું હવું. એવી રીતે **તે વિરાટ પુરુષના નાભિકંદને વિષે જે નાદ થયો તેને પરાવાણી કહીએ** અને તે પરાવાણી જે તે વેદની ઉત્પત્તિને અર્થે પોતે ભગવાને બીજરૂપે કરીને પ્રકાશી છે ને તેજના પ્રવાહરૂપ છે ને અર્ધમાત્રારૂપ છે. પછી તે પરાવાણી જે તે ત્યાં થકી તે વિરાટના હૃદયાકાશને પામીને **પશ્યંતી નામે** થતી હવી ને ત્યાં થકી કંઠદેશને પામીને **મધ્યમા નામે** થતી હવી ને ત્યાંથી તે વિરાટના મુખને પામીને **વૈખરી સંજ્ઞાને** પામતી હવી અને અકાર, ઉકાર ને મકાર એ ત્રણ વર્ણરૂપે થઈને પ્રણવ રૂપે થતી હવી ને પછી બાવન અક્ષરરૂપે થઈને ચાર વેદરૂપે થતી હવી. એવી રીતે વિરાટપુરુષને વિષે પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર વાણી સમજવી.

**હવે આ જીવના દેહને વિષે પણ ચાર વાણી કહીએ તે સાંભળો જે**, એના એ પુરુષોત્તમ ભગવાન તે જીવને વિષે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે ને એ જીવની જે ત્રણ અવસ્થા તેને વિષે સ્વતંત્ર થકા અનુસ્યૂત છે એવા જે ભગવાન તે જ જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે અવતાર ધારે છે, ત્યારે એ જીવ જે તે, તે ભગવાનના સ્વરૂપનું જે પ્રતિપાદન કરે તથા તે ભગવાનનાં જે ધામ, ગુણ અને ઐશ્વર્ય તેનું પ્રતિપાદન કરે તથા તેનાં ચરિત્રનું વર્ણન કરે તથા આત્મા-અનાત્માનો વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ પૃથક્ કહી દેખાડે એવી જે વાણી તેને **પરાવાણી કહીએ.**

અને જે માયિક પદાર્થ તથા વિષય તેમને વિવેકે સહિત યથાર્થપણે કહી દેખાડે તેને **વૈખરી વાણી કહીએ** અને પદાર્થને ને વિષયને ભ્રાંતિએ સહિત અયથાર્થપણે કહી દેખાડે તેને **મધ્યમાવાણી કહીએ.** અને એ પદાર્થને અને વિષયને અંધધંધ સરખું કહી દેખાડે ને કાંઈ સમજ્યામાં ન આવે તેને **પશ્યંતી વાણી કહીએ.** એવી રીતે જીવની જાગ્રતાવસ્થાને વિષે એ ચારવાણીનું રૂપ

સમજ્યામાં આવે છે ને સ્વપ્ન ને સુષુપ્તિને વિષે તો કોઈક સમાધિવાળાને એ ચાર વાણીનાં રૂપ સમજ્યામાં આવે પણ બીજાને સમજ્યામાં આવતાં નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬ ॥ ૮૪ ॥

## ॥ વચનામૃત ૭મું : નૈમિષારણ્ય ક્ષેત્રનું ॥

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો. ત્યારે તેમાં એમ વાર્તા આવી જે 'જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં **નૈમિષારણ્ય ક્ષેત્ર** જાણવું, એ વાર્તાને સાંભળીને **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! એ મનોમય ચક્ર તે શું છે? ને એની ધારા તે શી સમજવી?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઈન્દ્રિયો છે એમ જાણવું અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.** તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું. અને જ્યારે મનોમય ચક્રની ઈન્દ્રિયોરૂપ જે ધારા તે બૂઠી થઈ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયને વિષે ક્યાંય પ્રીતિ રહે નહિ. અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય અથવા વસ્ત્ર અલંકારાદિક અતિ સુંદર પદાર્થ દેખાય, ત્યારે મૂળગો તેના મનમાં અતિશય અભાવ આવે પણ તેમાં ઈન્દ્રિયોની વૃત્તિ જઈને ચોંટે નહિ. જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ

નીસરે નહિ અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહિ, તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઈન્દ્રિયો તે બુંઠિયો થઈ જાય ત્યારે ગમે તેવા શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઈન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહિ અને થોથાની પેઠે ઈન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. **એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥ ૮૫ ॥

## વચનામૃત ૮મું : ઈર્ષ્યાના રૂપનું

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! ઈર્ષ્યાનું શું રૂપ છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે અને ક્રોધ, મત્સર અને અસૂયા તે પણ માનમાંથી પ્રવર્તે છે અને ઈર્ષ્યાનું એ રૂપ છે જે 'પોતાથી જે મોટા હોય તોપણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ' એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવું જે આના હૈયામાં ઈર્ષ્યા છે અને **યથાર્થ ઈર્ષ્યાવાળો જે હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે નહિ.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૮ ॥ ૮૬ ॥

## વચનામૃત ૯મું : યુગના ધર્મ પ્રવર્ત્યાનું - સ્થાન તે શું ? તેનું

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના ભક્તજનને સુખ દેવાને અર્થે સારંગપુરથી ચાલ્યા તે ગામ શ્રી કુંડળ પધાર્યા અને તે કુંડળ મધ્યે અમરા પટગરના આથમણા ઓરડાની**

ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદે વિરાજમાન હતા અને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી તથા ધોળી પછેડી ઓઢી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા ધોળો અંગરખો પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જીવના હૃદયમાં યુગના ધર્મ પ્રવર્તે છે, તેનું શું કારણ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'યુગના ધર્મ પ્રવર્તે છે, તેનું કારણ તો ગુણ છે.** તે જ્યારે શુદ્ધ સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં સત્યયુગની પ્રવૃત્તિ હોય અને જ્યારે સત્ત્વ ને રજ ભેળા વર્તતા હોય ત્યારે તેના હૈયામાં ત્રેતાયુગની પ્રવૃત્તિ હોય. અને જ્યારે રજ ને તમોગુણ ભેળા વર્તતા હોય ત્યારે તેના હૈયામાં દ્વાપર યુગની પ્રવૃત્તિ હોય. અને જ્યારે એકલો તમોગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં કળિયુગની પ્રવૃત્તિ હોય; એમ ગુણે કરીને યુગની પ્રવૃત્તિ છે."

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "ગુણની પ્રવૃત્તિ થયાનો શો હેતુ છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ગુણની પ્રવૃત્તિનું કારણ તો કર્મ છે.** તે જેવાં પૂર્વકર્મ હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે, માટે જેને રજોગુણ ને તમોગુણ વર્તતા હોય ને એ જો એકાગ્ર થઈને ભગવાનનું ધ્યાન કરવા જાય તો થાય નહિ. માટે એવાને તો આત્મનિષ્ઠાનું બળ રાખવું અને ભગવાનના મહિમાનું બળ રાખવું ને એમ સમજવું જે, 'હું તો આત્મા છું તે મારે વિષે માયાકૃત ઉપાધિ હોય નહિ ને હું તો ગુણાતીત છું.' ભગવાનનો મહિમા એમ વિચારવો જે 'અજામેળ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું તે સર્વ પાપથી છૂટીને પરમપદને પામ્યો તો મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાતદિવસ તે ભગવાનનું હું નામ લઉં છું માટે હું તો કૃતાર્થ થયો છું.' એવી રીતે વિચારીને આનંદમાં રહેવું. પણ જેને તમોગુણ ને રજોગુણ વર્તતા હોય તેણે ધ્યાન ધારણાને અર્થે આગ્રહ કરવો નહિ અને જેવું બની આવે તેવું ભજનસ્મરણ કરવું, ને દેહે કરીને ભગવાનની તથા સંતની

પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી ને પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂરણકામ માનવું.'' **પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જેને તામસી કર્મ ઘણાં હોય તેના હૈયામાં કળિયુગ વર્તે તે કોઈ ઉપાયે ટળે કે ન ટળે ?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો એને સંત તથા પરમેશ્વરનાં વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે. માટે **અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.''**

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'સ્થાન તે કેને કહીએ?'** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ચાર વર્ણ અને ચાર આશ્રમ તેને જે પોતપોતાનો ધર્મ તેને સ્થાન જાણવું** અને તમે ત્યાગી છો તે તમારાથી જો ત્યાગનો પક્ષ મૂકીને ગૃહસ્થને માર્ગે ચલાય તો તે સ્થાનક થકી ભ્રષ્ટ થવાણું એમ જાણવું. માટે ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તોપણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહિ અને જેમ ગૃહસ્થ વસ્ત્ર તથા અલંકારે કરીને અમારી પૂજા કરવાને ઈચ્છે તેમ તમારે ઈચ્છવું નહિ. તમારે તો પત્ર, પુષ્પ, ફળ અને જળે કરીને પૂજા કરવી ને એવી પૂજાએ કરીને જ આનંદ માનવો, પણ પોતાના ધર્મથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી એ ઠીક નહીં. માટે સર્વેને પોતાના ધર્મમાં રહ્યા થકા જેટલી પૂજા થાય તેટલી કરવી; એ અમારી આજ્ઞા છે તેને દૃઢ કરીને સર્વે રાખજ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૯ ॥

## વચનામૃત ૧૦મું : આત્મદૃષ્ટિ, બાહ્યદૃષ્ટિનું - પાંચ ખાસડાનું

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ સર્વે સંતનું મંડળ લઈને ગામ કુંડળથી ચાલ્યા તે વાટમાં ગામ ખાંભડે આવ્યા ને ત્યાં પીપરના વૃક્ષ હેઠે ઊતર્યા. પછી તે ગામના માણસે ઢોલિયો લાવીને તે ઉપર પધરાવ્યા અને તે સમે શ્રીજી મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાને ચારે કોરે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા બેઠી હતી.**

અને સાધુ કીર્તન ગાતા હતા, તે કીર્તન રખાવીને **શ્રીજી મહારાજે તે ગામના માણસ આગળ વાત કરી જે,** ''**આ સંસારને વિષે ધર્મવાળા અને અધર્મી એ બે પ્રકારના માણસ છે.** તેમાં ધર્મવાળા જે માણસ હોય તે ચોરી તથા પરસ્ત્રીનો સંગ તથા ચાડીચુગલી એ આદિક સર્વે પાપનો ત્યાગ કરીને ને પરમેશ્વરથી ડરીને ધર્મમર્યાદામાં ચાલે છે. તેનો સંસારમાં જે પોતાના કુટુંબી હોય અથવા કોઈ બીજા હોય પણ તે સર્વે વિશ્વાસ કરે ને તે જે બોલે તે વચન સૌને સત્ય જ ભાસે અને એવા જે ધર્મવાળા હોય તેને જ સાચા સંતનો સમાગમ ગમે. અને જે અધર્મી માણસ હોય તે તો ચોરી, પરસ્ત્રીનો સંગ, મદ્યમાંસનું ભક્ષણ, વટલવું, વટલાવવું એ આદિક જે સર્વે કુકર્મ તેને વિષે જ ભરપૂર હોય ને તેનો સંસારમાં કોઈ વિશ્વાસ કરે જ નહિ ને એનાં સગાં હોય તે પણ કોઈ એનો વિશ્વાસ ન કરે અને એવા જે અધર્મી હોય તેને સાચા સંતનો સમાગમ તો ગમે જ નહિ અને જો કોઈ બીજો તે સંતનો સમાગમ કરે તો તેનો પણ દ્રોહ કરે; **માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું જ નહિ અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો, તો નિશ્ચય જ એ જીવનું કલ્યાણ થાય એમાં કાંઈ સંશય નથી.**'' એટલી વાર્તા કરી તેને સાંભળીને તે ગામનાં કેટલાંક માણસે શ્રીજી મહારાજનો આશ્રય કર્યો.

**પછી ત્યાંથી શ્રીજી મહારાજ પાછા સારંગપુર પધાર્યા. પછી જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને તે સમે પોતે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ સર્વે જે ભગવાનનાં ધામ તેને બાહ્ય દૃષ્ટિએ કરીને જોઈએ તો ઘણાં છેટે છે અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો એક અણુ જેટલું પણ છેટું નથી. **માટે બાહ્ય દૃષ્ટિવાળાની સમજણ છે તે મિથ્યા છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણ છે તે સત્ય છે અને જે સાધુ એમ સમજતો હોય જે** 'મારા ચૈતન્યને વિષે

ભગવાન સદાય વિરાજમાન છે, તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી અને એવી રીતનો જે સંત હોય તે તો જેવો શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે અને **એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે,** 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું' ને એવી સમજણવાળો જે સંત તે તો કૃતાર્થ છે અને જેને આવી સમજણ તો આવી શકે નહિ, ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ. જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ. તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંતસમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૦ ॥ ૮૮ ॥

## ॥ વચનામૃત ૧૧મું : પુરુષપ્રયત્નનું, પરમેશ્વરની કૃપાનું ॥

**સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ ૩૦ અમાસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''પુરુષપ્રયત્ન શાસ્ત્રમાં કહ્યું છે, તે પુરુષપ્રયત્ને કરીને કેટલું કામ થાય છે અને પરમેશ્વરની કૃપાએ કરીને કેટલું કામ થાય છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સદ્‌ગુરુ ને સત્‌શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટપ્રકારનું જે

બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય અને અહિંસાધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહિ, તેમ કહ્યા એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે ને જન્મમરણ થકી રહિત થાય છે ને આત્મસત્તાને પામે છે, આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે, અને **પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે અને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે** અને શ્રુતિએ કહ્યું છે જે, **'નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ'** એ શ્રુતિનો એ અર્થ છે જે અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે, કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે, તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે અને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે.'

પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **"જેમાં એ સર્વે અંગ સંપૂર્ણ હોય તેની ઉપર તો ભગવાનની કૃપા થાય છે અને જો એ અંગમાંથી કાંઈક ન્યૂનતા હોય તો તેની શી ગતિ થાય છે ?"** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, અહિંસાધર્મ અને આત્મનિષ્ઠા એમાંથી કોઈ અંગમાં ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને તો ન પામે અને એ વિના બીજાં જે ભગવાનનાં ધામ છે તેને પામે. અથવા વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે, જે દેવલોકને ભગવાનનાં ધામ આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યાં છે અને દેવતામાંથી મનુષ્ય થાય અને મનુષ્યમાંથી વળી દેવતા થાય અને

**'અનેક જન્મ સંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્'** એ શ્લોકનો પણ એ જ અર્થ છે જે, જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરક-ચોરાશીમાં તો ન જાય અને દેવતામાં ને મનુષ્યમાં તો અનંત જન્મ ધરે. પછી જ્યારે પૂર્વે કહ્યાં એવાં વૈરા-ગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય અને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ **જે દિવસ પ્રથમ કહ્યાં એવે લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે ને આત્યંતિક મોક્ષને પામશે,** પણ તે વિના તો નહિ જ પામે.'

**પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે "આ દેહે કરીને જ સર્વે કસર માત્ર મટી જાય એવો કોઈ ઉપાય છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જો ખબડદાર થઈને મંડે તો આ ને આ દેહે જ સર્વે કસર મટી જાય અથવા દેહપર્યંત કસર ન મટી હોય અને અંત સમે જ નિર્વાસનિક થાય ને ભગવાનને વિષે અતિશય પ્રીતિ થાય તો અંતકાળે પણ ભગવાનની કૃપા થાય ને ભગવાનના ધામને પામે. માટે એક દેહે અથવા અનંત દેહે અથવા અંત સમે એક ઘડી મૃત્યુ આડી રહી હોય ત્યારે પણ જો અતિશય ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી." **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥ ૮૯ ॥**

## ॥ વચનામૃત ૧૨મું : આત્માના વિચારનું, સાધુમાં અખંડગુણનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "સાધુને વિષે કયા ગુણ અખંડ રહે છે ને કયા ગુણ આવે જાય એવા છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એક તો આત્મનિષ્ઠા અને બીજો સ્વધર્મ અને ત્રીજો ભગવાનના સ્વરૂપનો

નિશ્ચય એ ત્રણ ગુણ તો અખંડ રહે છે અને બીજા ગુણ તો આવે ખરા ને પાછા જાય પણ ખરા. માટે બીજા ગુણ તો આવ્યા ગયા રહે છે અને એ ત્રણ ગુણ તો અખંડ રહે છે.''

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''દેહની અને આત્માની નોખી વિક્તિ સમજાણી હોય તોય પણ તે વિક્તિને ભૂલીને પાછો દેહાભિમાની કેમ થાય છે?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''દેહ-આત્માની વિક્તિ એકવાર ચોખી સમજાણી હોય તો પછી પાછી ભુલાય નહિ અને એમ માને જે 'હું દેહ છું તોપણ દેહ પોતાનું રૂપ મનાય જ નહિ.' અને **ભગવાનનો નિશ્ચય પણ જો એકવાર દૃઢ થયો હોય તો પાછો ટાળે તોપણ ટળે નહિ.** અને એમ જણાય છે જે આત્મબુદ્ધિ મટીને દેહબુદ્ધિ આવી જાય છે એ તો ખોટો ખોટો મનમાં ભ્રમ પડે છે પણ દેહાભિમાન તો આવતું જ નથી અને એવો જે પરિપક્વ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે.''

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''પોતાના આત્માનો વિચાર કેમ કરવો?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જ્યારે અંતઃકરણ સામું દૃષ્ટા એવો જે જીવાત્મા તે જોઈ રહે ત્યારે બાહેર જે સ્થૂળ શરીર અને તે સંબંધી જે વિષય તે સર્વે વીસરી જાય છે અને અંતઃકરણ ને દૃષ્ટા એ બેના વચ્ચમાં જે વિચાર ઠરે છે, તે વિચારે કરીને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ સર્વનાં રૂપને જાણવાં. પછી વિચારની દૃષ્ટિએ એ અંતઃકરણના ઘાટ સામું જોતાં જોતાં જ્યારે ઘાટ બંધ થઈ જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી તો સંકલ્પ સામું જોઈ રહેવું પણ ધ્યાન ન કરવું અને જે બાહેર સ્થૂળ દેહને વિષે પંચ જ્ઞાનઈન્દ્રિયો છે તે જ્યારે પોતપોતાના વિષય સામે જાય છે **ત્યારે વિચારને બે પ્રકારે કરવો :** એક તો જે વિષયને આકારે ઈન્દ્રિયો થઈ હોય તે વિષયને આકારે વિચાર કરવો અને

બીજો તે ઈન્દ્રિયોના ગોલકને વિષે જે જોનારો દ્રષ્ટા છે તે દ્રષ્ટાને આકારે વિચાર કરવો. પછી વિષયને આકારે ને દ્રષ્ટાને આકારે એ બે પ્રકારે જે વિચાર છે તે એક થઈ જાય છે પછી તે વિષયમાંથી વૃત્તિ અતિશય તૂટી જાય છે અને એમ વિચાર્યા વિના જો બળાત્કારે કરીને વિષયમાંથી વૃત્તિને તોડે તો તે વૃત્તિને વિષયમાંથી પ્રીતિ મટે નહિ અને જ્યારે વિચારીને વૃત્તિને પાછી વાળે ત્યારે તે વૃત્તિ પાછી વિષયમાં જોડાય જ નહિ. માટે જ્યાં સુધી ઈન્દ્રિયોની વૃત્તિને વિષય સન્મુખ પ્રીતિ હોય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન કરવું નહિ ને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું.

અને **જ્યારે બાહેર સ્થૂળ દેહમાં દ્રષ્ટા વર્તતો હોય ત્યારે ચોખો વિભાગ કરી રાખવો જે** જ્યારે સ્થૂળ દેહમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ સામું તો જોવું જ નહિ અને જ્યારે અંતઃકરણ સન્મુખ જોવું ત્યારે સ્થૂળ દેહને વિસારી દેવું અને દ્રષ્ટાને ને દૃશ્યને મધ્યે જે વિચાર છે તે વિચારે કરીને એમ સમજવું જે, 'દ્રષ્ટા ને દૃશ્ય તે અતિશય જુદાં જ છે.' એમ સમજીને દેહના ભાવ તે દેહને વિષે હોમવા અને દ્રષ્ટા જે ચૈતન્ય તેના ભાવ તે ચૈતન્યને વિષે હોમવા. અને બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ સર્વે દેહના ભાવ છે તે આત્માને વિષે માનવા જ નહિ અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ એ જે સર્વે આત્માના ભાવ છે, તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહિ, એ ગુણ તો આત્માને વિષે સમજવા. એવો જે વિચાર તે જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી મૂકવો નહિ. જેમ રાજા હોય તે જ્યાં સુધી શત્રુનું બળ હોય ત્યાં સુધી રાજગાદીએ બેસીને સુખ ભોગવે નહિ અને જ્યારે શત્રુમાત્રનો નાશ થઈ જાય ત્યારે પોતાના રાજ્યના જે વૈભવ છે તેને ભોગવે છે. તેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યાં સુધી મન ને ઈન્દ્રિયોરૂપી શત્રુ પીડતા હોય ત્યાં સુધી પૂર્વે કહ્યો એવો જે વિચાર તે દૃઢપણે રાખવો અને જ્યારે મન-ઈન્દ્રિયોના ઘાટ સર્વે શમી જાય ત્યારે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૨ ॥ ૯૦ ॥

## ॥ વચનામૃત ૧૩મું : નિશ્ચય ટળ્યા - ન ટળ્યાનું ॥

સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદેદ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પ્રથમ થઈને પછી મટી જાય છે, તેને તે પ્રથમ નિશ્ચય થયો હતો કે નહોતો થયો?" પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે,** "જેને પોતાના જીવાત્માને વિષે નિશ્ચય થયો હોય તે તો કોઈ રીતે ટળે નહિ અને શાસ્ત્રની રીતે જો નિશ્ચય થયો હોય તો શાસ્ત્રમાં ન મળે એવું ચરિત્ર જ્યારે પરમેશ્વર કરે ત્યારે ભગવાનનો નિશ્ચય હોય તે ટળી જાય છે." **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે** "શાસ્ત્રને વિષે તો પરમેશ્વરનું સમર્થપણું, અસમર્થપણું, કર્તાપણું, અકર્તાપણું એવી અનંત જાતની વાત છે; માટે એવું ક્યું શાસ્ત્રબહાર ચરિત્ર પરમેશ્વરે કર્યું હશે જે જેણે કરીને એનો નિશ્ચય ટળી ગયો ? એ પ્રશ્નનો ઉત્તર કરો." પછી **સર્વે મુનિ બોલ્યા જે** "શાસ્ત્ર બહાર તો કોઈ ચરિત્ર નથી, માટે હે મહારાજ, એ જીવને નિશ્ચય થઈને પાછો ટળી જાય છે તેનું શું કારણ છે?"

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે, કાં જે શાસ્ત્રમાં પરમેશ્વરનાં પણ લક્ષણ કહ્યાં હોય અને સંતનાં પણ કહ્યાં હોય; માટે શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે જ અચળ રહે છે અને શાસ્ત્ર વિના પોતાને મને કરીને જે નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય ટળી જાય છે. અને વળી ધર્મની પ્રવૃત્તિનું જે કારણ છે તે પણ શાસ્ત્ર જ છે; અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ મા, બેન, દીકરી અને સ્ત્રી તેની વિગતિરૂપ જે ધર્મની મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે તેનું કારણ પણ શાસ્ત્ર જ છે, કેમ જે શાસ્ત્રમાંથી કોઈકે પ્રથમ એવી વાત સાંભળી છે તે પરંપરાએ કરીને સર્વે લોકમાં પ્રવર્તી છે. માટે

જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રનાં વચનની પ્રતીતિ જ નથી, એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે અને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ, કાં જે શાસ્ત્રમાં તો અનંત જાતનાં ભગવાનનાં ચરિત્ર છે; માટે પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બારણે હોય જ નહિ. માટે જેને શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ.'' **ઈતિ વચનામૃતમ્ ૧૩**

## ॥ વચનામૃત ૧૪મું : પ્રમાદ અને મોહનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો શ્વેત ખેસ પહેર્યો અને શ્વેત ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેતપાઘ બાંધી હતી ને કાન ઉપર પીળાં પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં અને પાઘમાં પીળાં પુષ્પનાં છોગાં ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર નાભિ સુધી હિંડળતો વિરાજમાન હતો અને આથમણું મુખારવિંદ કરીને શ્રીજીમહારાજ વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભાભરાઈને બેઠી હતી.**

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનના ભક્ત હોય તે ભગવાનનાં ધામ જે વૈકુંઠાદિક તેને પામીને પાછા પડતા નથી એમ ભગવાને ગીતામાં કહ્યું છે અને જે પડતો હશે તે શે દોષે કરીને પાછો પડતો હશે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કોણ ભગવાનના ધામને પામીને પાછો પડ્યો છે, એક તો બતાવો ?'' **પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કહ્યું જે,** ''એક તો વૈકુંઠમાંથી જયવિજય ભગવાનના પાર્ષદ પડ્યા અને ગોલોકમાંથી રાધિકાજી ને શ્રીદામા પડ્યાં.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જયવિજય પડ્યા, એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા જે, 'સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવાં ધામને પામ્યો હોય તોય પણ પડી

જાય છે.' અને જયવિજય તો પાછા ત્રીજે જન્મે ભગવાનના વૈકુંઠ ધામમાં પહોંચ્યા; માટે એ કાંઈ પડ્યા ન કહેવાય, એ તો ભગવાનની ઈચ્છાએ થયું. અને પડ્યો તો તે કહેવાય જે જેને પાછો ભગવાનનો સંબંધ જ ન રહે. અને ગોલોકથી રાધિકાજી પડ્યાં તે પણ ભગવાનની જ ઈચ્છા હતી અને પોતાને પણ મનુષ્યદેહ ધરીને અનંત જીવનો ઉદ્ધાર કરવો હતો અને પોતાનાં કલ્યાણકારી જે ચરિત્ર તેને વિસ્તારવાં હતાં. માટે રાધિકાજીને કોઈ પડ્યાં કહે તો ભગવાન પણ તે ભેળે પડ્યા કહેવાય, તે સારુ ભગવાનની ઈચ્છાએ જે ગોલોકથી પૃથ્વીને વિષે આવ્યાં એ તે કાંઈ પડ્યાં ન કહેવાય. એ ઠેકાણે તો ભગવાનની જ ઈચ્છા જાણવી. તે ભગવાનની ઈચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે અને જડ હોય તે ચૈતન્ય થઈ જાય અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય; કેમ જે ભગવાન તો અતિ સમર્થ છે તે જેમ કરે તેમ થાય પણ તે ભગવાનની ઈચ્છા વિના તો ભગવાનના ધામને પામીને કોઈ પડે જ નહિ અને જે પડે છે તે તો આધુનિક અપક્વ ભક્ત હોય તે સાધનકાળમાંથી જ પડે છે. તે તો યોગભ્રષ્ટ કહેવાય પણ વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભગવાનની ભક્તિ અને બ્રહ્મચર્યાદિક જે ધર્મ તેણે કરીને જ સિદ્ધ થાય, તે તો જેવા શ્વેતદ્વીપને વિષે મુક્ત છે તે સરખા છે, તે તો કોઈ કાળે પડતા નથી.''

એવી રીતે **શ્રીજી મહારાજ એટલી વાત કરીને પછી બોલ્યા જે, ''લ્યો હવે અમે એક પ્રશ્ન પૂછીએ.' પછી મુનિએ કહ્યું જે, 'પૂછો.' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મહાભારતના ઉદ્યોગપર્વને વિષે સનત્સુજાત ઋષિએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહ્યું છે જે, 'એક તો પ્રમાદ અને બીજો મોહ એ બેયનો જે ત્યાગ કરે તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ ને મોહ એનું જ નામ માયા છે.' માટે આપણે ત્યાગી એવા ભગવાનના ભક્ત કહેવાઈએ છીએ ને તેમાં જેને પ્રમાદ ને મોહ વર્તતા હશે ને ભગવાનના મહિમાનું બળ લઈને તે ભક્ત પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો નહિ રાખતો હોય, તે ભક્તને દેહ છતે કેવું સુખ હશે અને મરીને તે કેવા સુખને પામશે? એ પ્રશ્ન છે.''

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે,** ''જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું માહાત્મ્ય અતિશય વિચારીને પ્રમાદ કે મોહ ન ટળે તોપણ તેની કાંઈ ઝાઝી ચિંતા રાખે નહિ.' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનનો ભક્ત હોય ને તેને પ્રમાદ ને મોહ વર્તતા હોય ને તેને ટાળ્યાનો ખટકો રાખે તેને ખોટ્ય કેટલી છે અને તે ટાળ્યાનો ખટકો ન રાખે તેમાં શો વિશેષ છે ?'' **પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે,** ''ભગવાનનું બળ રાખે અને સાધનનું બળ ન રાખે માટે એ વિશેષ જ છે.''

તે પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને પ્રમાદ ને મોહરૂપ શત્રુ રહ્યા છે તોય પણ જે ગાફલ રહે છે તેને તો તમે શ્રેષ્ઠ કહો છો. જેમ પતિવ્રતા સ્ત્રી હોય ને તે પોતાના પતિની બીકે ને પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે અતિશય મનમાં ખટકો રાખીને કોઈ પુરુષ સાથે હસીને તાળી લે નહિ અને તેને એમ મનમાં બીક રહે જે, 'જો હું ગાફલાઈ રાખીશ તો મારો પતિ મને વ્યભિચા-રિણી જાણશે, તો મારી સેવા અંગીકાર નહિ કરે એટલે મારે પતિવ્રતાના ધર્મમાં ખોટ્ય પડશે.' એવું જાણીને મનમાં ખટકો રાખે છે. તેમ જે ભક્ત એ પતિવ્રતાના જેવી ભક્તિ રાખે ને પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો રાખે તેને તો તમે મૂળગી ખોટ્ય બતાવો છો અને વળી જેમ કોઈક સ્ત્રી પોતાના મનમાં આવે તે પુરુષ સાથે તાળિયો દેતી ફરે ને પતિવ્રતાનો ધર્મ પાળવાનો ખટકો ન રાખે તેમ જે ભક્ત પ્રમાદને અને મોહને ટાળ્યાનો ખટકો ન રાખે તેને તો તમે શ્રેષ્ઠ બતાવો છો, એ તે શું તમારી એવી અવળી સમજણ છે કે કેમ છે ? અને જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે, તો તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહિ રહે. જેમ મદિરા પીવે તથા ભાંગ્ય પીવે તો જેમ વિમુખને કેફ ચડે છે તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય. તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે **અને વિમુખમાં ને હરિભક્તમાં એટલો જ ફેર છે જે,** 'વિમુખને એ બે શત્રુ ટળે નહિ અને

ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય.' એટલો ભગવાનના ભક્તને વિશેષ છે અને જે ગાફલાઈ રાખે તે તો ભગવાનનો ભક્ત હોય તોય સારો નહિ.''

**પછી શ્રીજી મહારાજે ફરીને પ્રશ્ન પૂછ્યો જે, ''સ્થૂળ શરીર તે કેટલાં તત્ત્વનું છે અને સૂક્ષ્મ શરીર તે કેટલાં તત્ત્વનું છે ? અને સ્થૂળ દેહમાં ને સૂક્ષ્મ દેહમાં બરોબર તત્ત્વ છે કે કાંઈ ઓછાં અધિક છે ? એ બે શરીરનું રૂપ કરો?''** પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ. પછી સર્વે મુનિ બોલ્યા જે, ''હે મહારાજ ! એનો ઉત્તર તમે કૃપા કરીને કરો.''

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''સ્થૂળ દેહ છે તે તો પૃથ્વી આદિ પંચ મહા -ભૂત નામે જે પાંચ તત્ત્વ તેનું છે. અને સૂક્ષ્મ દેહ છે તે તો પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચપ્રાણ અને ચાર અંતઃકરણ એ નામે જે ઓગણીશ તત્ત્વ તેનું છે અને તે સ્થૂળ દેહને વિષે પણ જ્યારે સૂક્ષ્મ દેહ અનુસ્યૂતપણે વર્તે છે ત્યારે જ સર્વે ક્રિયા યથાર્થપણે થાય છે પણ તે વિના થતી નથી, કેમ જે કાન, નેત્ર આદિક જે ઈન્દ્રિયોનાં ગોલક તેમણે યુક્ત એવો જે સ્થૂળ દેહ તેને વિષે તે તે ઈન્દ્રિયાદિકે યુક્ત એવો જે સૂક્ષ્મ દેહ તે ભળે છે. તેણે કરીને તે તે ઈન્દ્રિયોના વિષયનું ગ્રહણ થાય છે, પણ કેવળ સ્થૂળ દેહના ગોલકે કરીને થતું નથી. તે માટે પંચ તત્ત્વનું જે સ્થૂળ દેહ તેને વિષે ઓગણીશ તત્ત્વનું જે સૂક્ષ્મ દેહ તે અનુસ્યૂતપણે રહ્યું છે તે સારુ સ્થૂળ દેહને વિષે પણ ચોવીશ તત્ત્વ છે અને તેમ જ સૂક્ષ્મદેહને વિષે પણ પંચ તત્ત્વનું જે સ્થૂળ દેહ તે એકત્વપણે વર્તે છે ત્યારે જ સૂક્ષ્મ દેહના ભોગ સિદ્ધ થાય છે, અને સૂક્ષ્મ દેહ ઓગણીશ તત્ત્વનું છે તેને વિષે પંચતત્ત્વનું સ્થૂળ દેહ ભળે છે માટે સૂક્ષ્મ દેહ પણ ચોવીશ તત્ત્વનું છે. અને જો સૂક્ષ્મ દેહમાં સ્થૂળ દેહ છે તો સૂક્ષ્મ દેહમાં સ્ત્રીનો સંગ કરે છે તેનો સ્થૂળ દેહમાં વીર્યપાત થઈ જાય છે; માટે સ્થૂળ દેહને સૂક્ષ્મ દેહની જાગ્રત અવસ્થાને વિષે ને સ્વપ્ન અવસ્થાને વિષે એકતા છે.''

**પછી મુનિએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ તો જેવું સ્થૂળ દેહ છે તેવું જ સૂક્ષ્મ દેહ થયું. ત્યારે જેમ સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેમજ સૂક્ષ્મ દેહમાં લાગે છે કે કાંઈ ફેર છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "સ્થૂળ દેહને વિષે જેવી દૃઢ પોતાપણાની માનીનતા છે તેવી જ જો સૂક્ષ્મ દેહને વિષે માનીનતા હોય તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મ દેહમાં પણ લાગે, અને જે સૂક્ષ્મ દેહનાં કર્મને અલ્પ કહ્યાં છે તે તો જીવને હિંમત દેવા સારુ છે. અને જેને સ્થૂળ દેહને વિષે તથા સૂક્ષ્મ દેહને વિષે અભિમાન નથી તેને તો સ્થૂળ દેહનું કર્મ પણ લાગતું નથી ને સૂક્ષ્મ દેહનું પણ લાગતું નથી; કેમ જે એ તો કેવળ આત્મસત્તા રૂપે જ વર્તે છે.

માટે **એવા જે આત્મજ્ઞાની હોય તેને તો સ્થૂળ દેહ સંબંધી તથા સૂક્ષ્મ દેહ સંબંધી કર્મ લાગે નહિ** અને તે આ દેહે કરીને અશુભ કર્મને તો કરે જ નહિ અને પ્રારબ્ધાનુસારે જે સુખદુઃખ આવે તેને તો ભોગવે અને ભોગવતો થકો એમ માને જે 'હું એનો ભોક્તા નથી હું તો આત્મા છું.' અને જે અજ્ઞાની દેહાભિમાની હોય તેને તો સ્થૂળ દેહ અથવા સૂક્ષ્મ દેહ સંબંધી સર્વ કર્મ લાગે છે અને તે કર્મ પ્રમાણે સુખ દુઃખને પણ ભોગવે છે; કેમ જે, જે અજ્ઞાની છે તે જે જે વિષયને ભોગવે તે ભોગવતો થકો પોતાને દેહરૂપે માનીને એમ માને જે, 'હું એ વિષયનો ભોક્તા છું,' પછી જ્યારે અંત સમો આવે, ત્યારે તે અજ્ઞાની જીવને તો યમના દૂત દેખાય ને દેહની વિસ્મૃતિ થઈ જાય ને મૂર્છા અવસ્થા આવે છે, પછી તે યમના દૂત દેહને મુકાવીને જીવને જુદો કરે છે, ત્યારે એ જીવને પ્રેતનો દેહ બંધાય છે; પછી તે દેહે કરીને યમપુરીનાં કષ્ટને ભોગવે છે. અને જ્ઞાની એવો જે ભગવાનનો ભક્ત તેને તો અંતકાળે ભગવાન કે ભગવાનના સંત દેખાય છે ને એને પણ દેહની વિસ્મૃતિ થઈ જાય અને મૂર્છા અવસ્થા આવે છે. પછી એ દેહને મૂકીને જુદો થાય છે, ત્યારે એ ભક્તને ભગવાન ભાગવતી તનુ આપે છે ને તે દેહે કરીને એ ભગવાનના ધામને વિષે રહે છે." ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૪ ॥૯૨॥

## ॥ વચનામૃત ૧૫મું : મુગ્ધા, મધ્યા અને પ્રૌઢાનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૪ ચોથને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ‘લ્યો અમે પ્રશ્ન કરીએ છીએ જે, બે પ્રકારના ભગવાનના ભક્ત છે, તેમાં એકને તો ભગવાનને વિશે અત્યંત પ્રીતિ છે અને ભગવાનના દર્શન વિના ક્ષણમાત્ર પણ રહેવાતું નથી અને તેનો પ્રેમ બાહેર પણ ઘણો દીઠામાં આવે છે. અને બીજો જે ભગવાનનો ભક્ત છે તેને તો આત્મનિષ્ઠા પણ છે અને વૈરાગ્ય પણ પરિપૂર્ણ છે અને ભગવાનને વિષે પ્રીતિ પણ છે, તોપણ તેનો પ્રેમ પ્રથમ કહ્યો જે ભક્ત તેના જેવો જણાતો નથી અને પ્રથમ કહ્યો તેને તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બેય નથી તોપણ એની ભક્તિ અતિશય શોભે છે. અને આત્મનિષ્ઠા ને વૈરાગ્યે યુક્ત છે તોપણ તેની ભક્તિ તો પ્રથમ કહ્યો જે ભક્ત તેના જેવી શોભતી નથી. એ બે પ્રકાર-ના ભક્તમાં કેની ભક્તિ શ્રેષ્ઠ છે? ને કેની ભક્તિ કનિષ્ઠ છે? એ પ્રશ્ન છે.’’

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, “આત્મનિષ્ઠા અને વૈરાગ્ય નથી તોપણ જેને ભગવાનમાં અતિશય પ્રેમ છે તે જ સરસ છે.” પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** “જેને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા નથી તેને શ્રેષ્ઠ કહો છો, તે શી સમજણે કહો છો ? કેમ જે એ તો દેહાભિમાની છે, માટે જ્યારે એના દેહને સુખ થાય એવા પંચવિષયનો યોગ થશે ત્યારે એને વિષયમાં પ્રીતિ થઈ જશે. પછી ભગવાનને વિષે એવી પ્રીતિ નહિ રહે, તેને તમે શ્રેષ્ઠ કેમ કહો છો?” **પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે,** “જેને વિષયમાં પ્રીતિ થઈ જાય એને અમે પ્રેમી કહેતા નથી, અમે તો ગોપીઓ જેવા ભક્ત હોય તેને  કહીએ છીએ.”

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** “ગોપીઓ કાંઈ ભોળિયું નહોતી એ તો

આત્મનિષ્ઠા ને વૈરાગ્ય યુક્ત હોય તેની સમજણને ઉલ્લંઘી જાય એવી તો ડાહિયો હતી, જેમ કોઈક રાજનીતિનો જાણનારો હોય ને તે બોલે તેના જેવું તો ગોપીઓને બોલ્યામાં ડહાપણ હતું; અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણ્યા જોઈએ તેમ જાણતી હતી. અને સર્વે યાદવમાં અતિશય ડાહ્યા ને ભગવાનના ચોવટિયા એવા જે ઉદ્ધવજી તે ગોપીઓની સમજણ જોઈને ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા. અને તે ઉદ્ધવજી એમ બોલ્યા જે, 'ગોપીઓ પાસે મને જ્ઞાન કહેવા મોકલ્યો તે તો ભગવાને મારી ઉપર અતિશય અનુગ્રહ કર્યો.' અને પોતે ગોપીઓને ઉપદેશ કરવા ગયા હતા પણ ગોપીઓનાં વચન સાંભળીને પોતે સામો ઉપદેશ ગ્રહણ કર્યો અને તમે કહેશો જે, 'ગોપીઓ તો એવી બુદ્ધિમાન નહોતી,' તો એમાં તો **મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા** એ ત્રણ પ્રકારના ભેદ હતા.

તેમાં **મુગ્ધાનું એવું લક્ષણ** છે જે, એક તો ભગવાન ઉપર ધોખો ઘણો કરે અને એમ બોલે જે, 'અમે તમારે અર્થે કરી કરીને મરી ગયાં તોપણ તમે નજરમાં લાવતા નથી' અને એમ કરતાં જો વધુ છેડે તો ભગવાન સાથે રીસ કરે અને તોછડાં તોછડાં વચન બોલે જે, **'જાણીએ હમણાં વિમુખ થઈ જશે.'** એવી જાતનાં જેનાં શાસ્ત્રને વિષે વચન હોય તે ગોપીને મુગ્ધા જાણવી. અને જે **મધ્યા હોય** તે તો કોઈ દિવસ ભગવાન સામો ક્રોધ ન કરે અને તોછડું વચન પણ ન કહે અને ડહાપણે કરીને યુક્તિ યુક્તિએ પોતાનું સ્વાર્થીપણું બીજાને જણાવા દે નહિ. અને પોતાનું કામ સાધે તે ભેળું ભગવાનનું ગમતું કરે, પણ એકલું ભગવાનનું ગમતું કરે નહિ અને જો ભગવાનનું જ ગમતું કરવું પડે તોપણ કાંઈક **પોતાનું ગમતું કરવાની યુક્તિ જરૂર રાખે,** એવાં જેનાં શાસ્ત્રને વિષે વચન હોય તે ગોપીને મધ્યા જાણવી. **અને જે પ્રૌઢા હોય તે તો** કેવળ ભગવાનના ગમતા પ્રમાણે જ ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહિ અને કેવળ ભગવાનને રાજી કરવાને ઈચ્છે અને જે રીતે ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહે અને પોતાની બરોબરની જે

બીજી ગોપીઓ હોય તે ઉપર ઈર્ષ્યા-ક્રોધ કરે જ નહિ. અને માન, મત્સર આદિક સર્વે વિકારનો ત્યાગ કરીને **ભગવાનની સેવામાં સાવધાન રહે** અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તેવું આચરણ તો મન, કર્મ, વચને કરીને કોઈ કાળે કરે નહિ. એવાં જેનાં શાસ્ત્રમાં વચન હોય તે ગોપીને પ્રૌઢા જાણવી. એવીરીતે મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એવા ગોપીઓના ભેદ છે માટે ગોપીઓની સમજણમાં તો અતિશય વિવેક હતો તેમાટે એની પ્રીતિ અણ સમજણની કહેવાય નહિ અને ગોપીઓ તો યથાર્થ ભગવાનના મહિમાને જાણતી હતી અને તે મહિમાને પ્રતાપે કરીને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય સહજે એનાં હૈયામાં વર્તતાં હતાં. માટે એ ગોપીઓને વિષે તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય આદિક અનંત જે કલ્યાણકારી ગુણ તે ભગવાનના માહાત્મ્યને પ્રતાપે કરીને સર્વે સંપૂર્ણ હતા.

**અને એવા ભક્તની રીત તો આમ છે જે,** 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચ વિષય તે ભગવાન સંબંધી જ ઈચ્છે છે, પણ બીજા કોઈ સંબંધી ઈચ્છે નહિ. અને ભગવાનને વિષે એ પંચવિષયે કરીને જે અતિશય હેત તે હેતે કરીને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા નથી તોપણ ભગવાન વિના બીજો કોઈ જગતનો ઘાટ હૈયામાં થાય નહિ.' અને જેમ વરસાદ ન વરસ્યો હોય ત્યારે નાનાં પ્રકારનાં તૃણનાં જે બીજ તે પૃથ્વી ઉપર કાંઈએ ભાસે નહિ અને જ્યારે વરસાદ વરસે ત્યારે એટલાં તૃણ ઊગે જે પૃથ્વી જ દેખાય નહિ. તેમ જે આત્મનિષ્ઠા ને વૈરાગ્યે કરીને રહિત છે, તેને જો ભગવાન વિના બીજા કોઈ વિષયના ઘાટ જણાતા નથી તોય પણ જ્યારે એને કુસંગનો યોગ થશે ત્યારે વિષયના ઘાટ થવા લાગશે ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે ને પરમેશ્વરની તો હૈયામાં સ્મૃતિ પણ નહિ રહે ને અખંડ વિષયનું ધ્યાન થશે. પછી એ જે વૈરાગ્ય ને આત્મનિષ્ઠા વિનાનો પ્રેમી તેને એમ ભાસશે જે, 'મારે ભગવાનમાં લેશમાત્ર પ્રીતિ નથી.' માટે આત્મનિષ્ઠા અને વૈરાગ્ય વિનાનો જે પ્રેમી ભક્ત જણાતો હોય, તે તો અતિશય ન્યૂન છે. અને જેને આત્મનિષ્ઠા છે ને વૈરાગ્ય છે ને ભગવાનમાં પ્રીતિ પણ સાધારણ જેવી જ છે તે તો એમ જાણે છે જે, 'મારા

જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન છે.' એમ જાણીને ઉપરથી તો ભગવાનની મૂર્તિના દર્શનસ્પર્શાદિકને વિષે આતુરતા જેવું નથી જણાતું ને શાંતપણા જેવું જણાય છે તોપણ એની પ્રીતિનાં મૂળ ઊંડાં છે, તે કોઈ કુસંગને યોગે કરીને પણ એની પ્રીતિ ઓછી થાય એવી નથી માટે એ ભક્ત શ્રેષ્ઠ છે ને એકાંતિક છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૫ ॥૯૩॥**

## ॥ વચનામૃત ૧૬ : નરનારાયણના તપનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી પરમાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, 'શ્રીનરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યનાં કલ્યાણને અર્થે અને સુખને અર્થે તપને કરે છે', ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતાં ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર તો તે શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધને વિષે જ છે જે, 'એ ભગવાન તપ કરે છે તે તો **પોતાના ભક્તને અર્થે કરે છે પણ અભક્તને અર્થે નથી કરતા.**' કેવી રીતે ? તો આ ભરતખંડને વિષે અતિશય દુર્લભ એવો જે મનુષ્ય દેહ તેને જાણીને જે જન ભગવાનના શરણને પામે છે ને ભગવાનની ભક્તિ કરે છે, તે જનના અનુગ્રહને અર્થે તપસ્વીના જેવો છે વેષ જેનો, એવા જે શ્રીનરનારાયણ ભગવાન તે જે તે કૃપાએ કરીને મોટું તપ કરે છે અને પોતાને વિષે નિરંતર અધિકપણે વર્તતા એવા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ઐશ્વર્ય એ આદિક ગુણ તેણે યુક્ત એવું જે તપ તેને કરતા થકા તે ભગવાન જે તે આ જગતનો રાત્રિપ્રલય થાય ત્યાં સુધી બદરિકાશ્રમને વિષે રહ્યા છે. અને ભરતખંડને વિષે રહ્યા જે તે પોતાના ભક્તજન તેમના જે ધર્મ, જ્ઞાનાદિક ગુણ તે જે તે અતિશય અલ્પ હોય તો પણ તે ભગવાનના ગુણે યુક્ત તપને

પ્રતાપે કરીને થોડાક કાળમાં જ અતિશય વૃદ્ધિને પામે છે. અને તે પછી તે ભક્તજનના હૃદયને વિષે ભગવાનની ઈચ્છાએ કરીને જણાતું જે અક્ષર-બ્રહ્મમય એવું તેજ તેને વિષે સાક્ષાત્ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું દર્શન થાય છે. એવી રીતે જે પોતાના ભક્ત છે તેમનું તે ભગવાનના તપે કરીને નિર્વિઘ્ન કલ્યાણ થાય છે; પણ જે ભગવાનના ભક્ત નથી તેમનું કલ્યાણ થતું નથી, એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર છે.'' ।।ઈતિ વચનામૃતમ્ ।।૧૬।।૯૪।।

## ॥ વચનામૃત ૧૭મું : મુક્તના ભેદનું-આંબલીની ડાળીનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૬ છઠ્યને દિવસ સંધ્યા સમે શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનના ભજનનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે અને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે. તે જ્યારે એ ભક્ત પોતાને દેહરૂપે માનતો હોય, ત્યારે ભગવાનને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિના સાક્ષી જાણે; અને જ્યારે પોતાને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર માને, ત્યારે ભગવાન તે થકી પર ભાસે છે. પછી જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થતી જાય તેમ તેમ ભગવાનને પોતા થકી પર જાણતો જાય અને અને મહિમા પણ વધુ વધુ સમજતો જાય. અને પછી જેમ જેમ પોતાની વૃત્તિ હેતે કરીને ભગવાન સંઘાથે ચોંટતી જાય તેમ તેમ ઉપાસના સૂધી દ્રઢ થતી જાય. **ત્યાં દ્રષ્ટાંત છે :** જેમ સમુદ્ર છે તેને વિષે કીડી પણ જઈને પાણી પીવે અને ચરકલું પણ પીવે ને મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગર મત્સ્ય એ સર્વે સમુદ્રનું જળ પીને બળિયા થાય છે, પણ સમુદ્ર લેશમાત્ર ઓછો થતો નથી. અને જે જે જીવનું જેવું જેવું મોટું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રનો મહિમા વધુ જાણે છે.

**વળી બીજું દૃષ્ટાંત છે :** જેમ આકાશ છે તેને વિષે મચ્છર ઊડે ને ચરકલું ઊડે ને સમળા ઊડે ને સીંચાણો પણ ઊડે ને અનળપક્ષી પણ ઊડે ને ગરુડ પણ ઊડે, તો પણ એ સર્વેને આકાશ અપારનો અપાર રહે છે અને જેને પાંખને વિષે વધુ બળ હોય તે આકાશનો મહિમા વધુ જાણે છે અને પોતાને વિષે ન્યૂનપણું સમજતો જાય છે. તેમ મરીચ્યાદિક પ્રજાપતિની પેઠે અલ્પ ઉપાસનાવાળા ભક્ત તો મચ્છર જેવા છે અને બ્રહ્માદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ચરકલા જેવા છે અને વિરાટપુરુષાદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સમળા જેવા છે અને પ્રધાનપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સીંચાણા જેવા છે અને શુદ્ધ પ્રકૃતિપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો અનળપક્ષી જેવા છે અને અક્ષરધામમાં રહેનારા જે અક્ષરમુક્ત તેની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ગરુડ જેવા છે. અને એ સર્વે ભક્ત જેમ જેમ વધુ વધુ સામર્થિને પામ્યા છે, તેમ તેમ ભગવાનનો મહિમા વધુ વધુ જાણતા ગયા છે; અને જેમ જેમ વધુ સામર્થિને પામતા ગયા તેમ તેમ ભગવાનને વિષે સ્વામી-સેવકપણાનો ભાવ પણ અતિ દ્રઢ થતો ગયો છે.

**અને જ્યારે ભજનનો કરનારો જીવરૂપે હતો,** ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી દાવાનળ જેવો થયો, પછી વીજળી જેવો થયો, પછી ચંદ્રમા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો, એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો અને સામર્થી પણ વૃદ્ધિને પામી અને સુખ પણ વૃદ્ધિને પામ્યું. એવી રીતે ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદ્ય, મધ્ય અને અંત જે ભેદ કહ્યા તે સર્વે મુક્તના ભેદ છે. તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું.'' એમ કહીને

શ્રીજી મહારાજ "જય સચ્ચિદાનંદ" કહીને ઊઠ્યા. પછી આંબલીની ડાળખીને ઝાલીને ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા થકા બોલ્યા જે, "જેમ પૂનમના ચંદ્રમાનું મંડળ હોય તે અહીંથી તો નાની થાળી જેવું દેખાય છે, પણ જેમ જેમ એની સમીપે જાય તેમ તેમ મોટું મોટું જણાતું જાય. પછી અતિશય ઢૂંકડો જાય, ત્યારે તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહિ એવું મોટું જણાય. તેમ માયારૂપી અંતરાય ટાળીને જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટ્યપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દ્રઢ થતું જાય છે." ॥ઈતિ વચનામૃતમ્ ॥૧૭॥ ૯૫॥

## ॥ વચનામૃત ૧૮મું : ખાર ભૂમિનું - સ્વભાવ સુધારવાનું ॥

**સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતનાં વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે અને જો કુસંગ મળે ને કુસંગીનાં વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો વૈરાગ્ય, વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે. જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં ન હોય અને તે જ ખારભૂમિને વિષે જો પાણીની રેલ આવે, તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય. પછી તે કાંપ ભેળાં વડ-પીપળા આદિક વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે.

તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય અને જગત સંબંધી વિષયસુખનો અંકુર પણ ઊઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય, તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગતવાર્તારૂપી કાંપ આવીને ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે બીજ રહ્યાં છે તે સર્વે ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.

અને વળી પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે, પણ મુર્ખાઈએ કરીને ગમે તેટલા ઉપાય કરે તોય ભૂંડો સ્વભાવ ટળે નહિ. અને **મૂર્ખ હોય તે જ્યારે મૂંઝાય** ત્યારે કાં તો **સૂઈ** રહે ને કાં તો **રૂવે** અને કાં તો કોઈક સાથે **વઢે** ને કાં તો **ઉપવાસ** કરે. એ ચાર પ્રકારે કરીને મૂંઝવણ ટાળ્યાનો ઉપાય કરે અને એમ કરતાં જો અતિશય મૂંઝાય તો છેલ્લી બાકી **મરે પણ ખરો,** એવી રીતે મૂર્ખને શોક ટાળ્યાનો ઉપાય છે. પણ એમ કર્યા થકી દુઃખ પણ મટે નહિ ને સ્વભાવ પણ ટળે નહિ અને **સમજીને ટાળે તો દુઃખ ને સ્વભાવ એ બેય ટળી જાય; માટે સમજુ હોય તે જ સુખી થાય છે.** અને જેમ અગ્નિની મોટી જવાળા હોય ને જો ઉપરથી જળ વરસે તો તત્કાળ ઓલાઈ જાય અને વીજળીના અગ્નિનો તો થોડોક ઝબકારો થતો હોય પણ તે અગ્નિ મેઘની ઘટામાં રહે છે તો પણ ઓલાતો નથી. તેમ સમજ્યા વિના ગમે તેટલો વૈરાગ્ય હોય અથવા ભગવાનમાં પ્રીતિ હોય તોપણ અગ્નિની જવાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને સર્વે નાશ થઈ જાય છે. અને સમજીને જે વૈરાગ્ય ને પ્રીતિ હોય તે તો વીજળીના અગ્નિ જેવી છે, તે થોડી હોય તોપણ નાશ ન પામે.''

**પછી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''જેમ **વાણિયો** હોય તે જેટલો વેપાર કરે **તેનું નામ માંડી રાખે છે.** તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે, તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો


સ્વભાવ ટળે છે અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે, અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે; પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે. એવી રીતે જે **સત્સંગ કરીને પોતાનો જો તપાસ કરતો રહે તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.**''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''કુસંગ હોય ત્યારે તો ભૂંડો સ્વભાવ હોય જ પણ સંતનો સમાગમ કરીને પછી મલિન સ્વભાવ આવી જાય છે તેનું શું કારણ છે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્યારે બાળ અવસ્થા હોય, ત્યારે કામ, ક્રોધ, લોભાદિક શત્રુ હોય નહિ અને ભગવાનમાં પ્રીતિ પણ વિશેષ હોય. પછી જ્યારે યુવાન અવસ્થા આવે, ત્યારે કામાદિક શત્રુનો વધારો થાય અને દેહાભિમાન પણ વધે. પછી તે જો જે સંતને વિષે કામાદિક શત્રુ ન હોય તથા દેહાભિમાને રહિત હોય, એવા સંતનો સમાગમ રાખે તો યુવાન અવસ્થારૂપી સમુદ્રને તરી જાય છે. અને જો એમ ન કરે તો કામાદિક શત્રુએ કરીને પરાભવ પામીને ભ્રષ્ટ થઈ જાય છે અને જેની પ્રૌઢ અવસ્થા હોય અને તે સત્સંગ કરતાં થકાં બગડે છે તેનું તો કારણ એ છે જે, **મોટા પુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે.** અને જો મોટા પુરુષના ગુણનું ગ્રહણ કરે અને એમ જાણે જે, 'મોટા પુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે અને મોટા પુરુષ તો નિર્દોષ છે અને મને દોષ જણાણો તે તો મારી કુમતિએ કરીને જણાણો છે.' એમ વિચારીને **સત્પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો તે પુરુષની મલિનતા મટી જાય છે.**''

**પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''રાજસી, તામસી ને સાત્ત્વિકી એ જે ત્રણ ગુણના સ્વભાવ તે સાધન કરતાં થકા ટળે છે કે નથી ટળતા ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે.''

પછી વળી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **"દુર્વાસાદિક મુક્ત થયા છે તોપણ તે તામસી કેમ રહ્યા છે ?"** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "દુર્વાસાદિકમાં જે તમોગુણ આદિક ગુણ વર્તે છે, તે તો **પોતાને એ ગુણ રાખવા છે માટે રહ્યા છે.** અને તે એમ જાણે છે જે, 'કોઈક અવળો ચાલતો હોય તેને શિક્ષા કર્યા સારુ આપણે તમોગુણ છે તે બહુ રૂડો છે' એમ ગુણ જાણીને રાખ્યો છે. અને જ્યારે પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, **'હું ભગવાનનો ભક્ત છું તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહિ.'** એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઈચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે." ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૮ ॥ ૯૬ ॥

## ॥ શ્રી સારંગપુર પ્રકરણમ્ સમાપ્તમ્ ॥



ॐ

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

## ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# કારિયાણી પ્રકરણ

### વચનામૃત ૧ : ઈયળ-ભમરીનું

સંવત્ ૧૮૭૭ના ભાદરવા સુદિ ૧૨ દ્વાદશીને દિવસ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ સુરતના હરિભક્ત જાદવજી છપ્પરપલંગ લાવ્યા હતા તે ઢાળ્યો હતો ને તે પલંગ ઉપર રેશમનું ગાદલું ધોળા ઓછાડે સહિત બિછાવ્યું હતું ને તેની ઉપર ધોળો તકિયો તથા લાલ મશરૂનાં ઢીચણિયાં મૂક્યાં હતાં અને તે પલંગની ઉપર ચારેકોરે સોનેરી કસબના સેજબંધ લટકતા હતા. એવી શોભાએ યુક્ત જે તે પલંગ તેની ઉપર શ્રીજી મહારાજ ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સોનેરી છેડાનો ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો અને સોનેરી છેડાનું શેલું ઓઢ્યું હતું ને કાળા છેડાનો ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજી મહારાજના મુખારવિંદરૂપ ચંદ્રમા સામા ચકોરની પેઠે સર્વે ભક્તજન જોઈ રહ્યા હતા.

**પછી શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** ''માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરો.'' **ત્યારે ભૂધરાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનો નિશ્ચય થાય છે, તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે ?''** ત્યારે તેનો ઉત્તર **શિવાનંદ સ્વામી**એ કરવા માંડ્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ જીવ છે તે બુદ્ધિએ કરીને જાણે છે અને તે બુદ્ધિ છે તે સર્વનું કારણ છે

ને સર્વથી મોટી છે. માટે તે બુદ્ધિ મનને વિષે રહી છે, ચિત્તને વિષે રહી છે, અહંકારને વિષે રહી છે, શ્રોત્રને વિષે રહી છે, ચક્ષુને વિષે રહી છે, ઘ્રાણને વિષે રહી છે, જિહ્‌વાને વિષે રહી છે, વાણીને વિષે રહી છે, ત્વચાને વિષે રહી છે, હાથને વિષે રહી છે, પગને વિષે રહી છે, શિશ્નને વિષે રહી છે, ગુદાને વિષે રહી છે, એવી રીતે બુદ્ધિ જે તે નખશિખા પર્યંત આ શરીરને વિષે વ્યાપીને રહી છે. **અને તે બુદ્ધિને વિષે જીવ રહ્યો છે પણ તે જીવ જણાતો નથી અને એકલી બુદ્ધિ જણાય છે.** **ત્યાં દૃષ્ટાંત છે :** જેમ અગ્નિની જ્વાળા ઘટે છે ને વધે છે તે વાયુએ કરીને વધે છે ને ઘટે છે અને તે અગ્નિની જ્વાળા વધતી-ઘટતી જણાય છે પણ વાયુ જણાતો નથી અને જેમ અગ્નિ લઈને છાણામાં મૂકીએ ને તે છાણામાં સળગવા માંડે તેને લઈને જ્યાં વાયુ ન હોય ત્યાં મૂકીએ તે ધુમાડો ઊંચો ચડવા માંડે તે ધુમાડો જ ઊંચો ચડતો જણાય પણ તેમાં વાયુ જણાતો નથી અને જેમ આકાશને વિષે વાદળાં ચાલે છે તે વાયુએ કરીને ચાલે છે તે વાદળાં ચાલતાં જણાય છે પણ તેમાં રહ્યો એવો જ વાયુ તે જણાતો નથી. તેમ જ્વાળા ધુમાડો ને વાદળાં તેને ઠેકાણે બુદ્ધિ જાણવી અને વાયુને ઠેકાણે જીવ જાણવો.

**તે જીવ કેવો છે ?** તો બુદ્ધિએ કર્યો જે નિશ્ચય તેને જાણે છે અને તે બુદ્ધિમાં નિશ્ચયની વિગતિનો કરનારો જે બ્રહ્મા તેને પણ જાણે છે અને મનના સંકલ્પને જાણે છે અને તે મનના સંકલ્પની વિગતિનો કરનારો જે ચંદ્રમા તેને પણ જાણે છે અને ચિત્તના ચિંતવનને જાણે છે અને તે ચિત્તના ચિંતવનની વિગતિના કરનારા જે વાસુદેવ તેને પણ જાણે છે અને અહંકારની અહંમતિને જાણે છે અને તે અહંમતિની વિગતિના કરનારા જે રૂદ્ર તેને પણ જાણે છે. એવી રીતે જે ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયો તેના જે વિષય ને તે વિષયની વિગતિના કરનારા જે દેવતા **એ સર્વેને એક્કાળાવછિન્ન જાણે છે,** એવો જે જીવ તે જે તે એકદેશસ્થ જણાય છે અને બરછીની અણી જેવો તીખો જણાય છે અને અતિશય સૂક્ષ્મ જણાય છે તે બુદ્ધિએ સહિત છે, માટે એવો સૂક્ષ્મ

જણાય છે. પણ જ્યારે એ જીવને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને વિષય તેના પ્રકાશકપણે જાણીએ ત્યારે તો જીવ બહુ મોટો જણાય છે અને વ્યાપક જણાય છે, **તે બુદ્ધિએ રહિત છે અને અનુમાને કરીને જણાય છે પણ સાક્ષાત્કાર નથી જણાતો, ત્યાં દૃષ્ટાંત છે :** જેમ કોઈક દશ મણની તરવાર હોય તેને જોઈને માણસ અનુમાન કરે જે, 'એ તરવારનો ઉપાડનારો બહુ મોટો હશે.' તેમ એ સર્વ દેહ, ઈન્દ્રિયાદિકને એક કાળે પ્રકાશે છે, માટે એ જીવ બહુ મોટો છે એવી રીતે અનુમાને કરીને જણાય છે.'' એવી રીતે શ્રીજી મહારાજે ઉત્તર કર્યો.

**ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે,**''**હે મહારાજ ! એમાં તે શું ઉત્તર થયો?**'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એમાં તો એ ઉત્તર થયો જે, જ્યારે બુદ્ધિમાં નિશ્ચય થયો ત્યારે જીવમાં પણ નિશ્ચય થઈ ગયો એમ જાણવું. તે કેવી રીતે થાય છે? તો પ્રથમ ઈન્દ્રિયોમાં નિશ્ચય થાય છે, પછી અહંકારમાં નિશ્ચય થાયછે પછી ચિત્તમાં નિશ્ચય થાય છે, પછી મનમાં નિશ્ચય થાય છે, પછી બુદ્ધિમાં નિશ્ચય થાય છે, પછી જીવમાં નિશ્ચય થાય છે.'' એમ શ્રીજી મહારાજે કહ્યું. **ત્યારે નિત્યાનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, ''હે મહારાજ ! ઈન્દ્રિયોમાં નિશ્ચય હોય તે કેમ જણાય ને અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય ને જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ઈન્દ્રિયોમાં નિશ્ચય તે એમ જાણવો જે, આ જગતને વિષે જે જે પદાર્થ છે તે દીઠામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં, અડ્યામાં આવે છે, તેમાં કેટલાક શુભ છે અને કેટલાક અશુભ છે, અને કેટલાક સુખરૂપ છે ને કેટલાક દુઃખરૂપ છે, અને કેટલાક પ્રિય છે ને કેટલાક અપ્રિય છે, અને કેટલાક યોગ્ય છે ને કેટલાક અયોગ્ય છે, એ સર્વે ભગવાનમાં જણાય તેણે કરીને કોઈ સંશય ન થાય **તો એને ઈન્દ્રિયોમાં નિશ્ચય જાણવો.** અને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનાં જે કાર્ય છે તેમાં આળસ-નિદ્રાદિક તમોગુણનું કાર્ય છે અને કામક્રોધાદિક રજોગુણનું કાર્ય છે અને શમદમાદિક

સત્ત્વગુણનું કાર્ય છે, એ સર્વે ભગવાનમાં દેખાય પણ તેમાં કોઈ સંશય ન થાય **તો એને અંતઃકરણમાં ભગવાનનો નિશ્ચય જાણવો.**

અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોય ખબર ન રહી. એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય તેમાં કોઈ સંશય ન થાય, **તો એને જીવને વિષે નિશ્ચય જાણવો.** **ત્યાં દૃષ્ટાંત છે :** જેમ સમુદ્રમાં વહાણ ચાલે છે તેમાં જે લોઢાનાં નાંગળ હોય તેને સમુદ્રમાં નાખે તે જો ધરતી લગણ ન પૂગ્યો હોય ને તેને જો તરત તાણી લે તો ઝાઝી મહેનત ન પડે ને તરત નીસરી આવે અને તેને ધરતી લગણ જવા દઈને તાણે તો ઘણી મહેનતે નીસરે અને જો ધીરે ધીરે જવા દે ને ધરતીમાં ખૂંતે ને ભરાઈ જાય તો પાછો તે તાણ્યો તણાય નહિ ને નીસરે પણ નહિ. એમ જેને જીવને વિષે નિશ્ચય થાય તો તેનો નિશ્ચય કોઈ પ્રકારે તાણ્યો તણાય નહિ.'' એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા ઘણીક કરી પણ આ તો દિશમાત્ર લખી છે.

**પછી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! ભગવાન તો મનવાણી થકી પર છે અને ગુણાતીત છે, તેને માયિક એવાં જે ઈન્દ્રિયો, અંતઃકરણ તે કેમ પામે ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા,** ''આ દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તેને જાણનારો જે જીવ તે જ્યારે સુષુપ્તિમાં લીન થાય છે ત્યારે એનાં ઈન્દ્રિયો, અંતઃકરણ પણ સુષુપ્તિમાં લીન થાય છે. ત્યારે તે સમયમાં એ જીવને ભગવાન પ્રકાશે છે. અને જ્યારે સુષુપ્તિમાંથી સ્વપ્નમાં આવે છે ત્યારે તે સ્વપ્ન સંબંધી જે સ્થાન, ભોગ, વિષય અને જીવ એ સર્વેને ભગવાન પ્રકાશે છે અને જાગ્રતમાં પણ ભગવાન પ્રકાશે છે. એવી રીતે રૂપપણે ને અરૂપપણે કરીને રહ્યો જે જીવ તેને ભગવાન પ્રકાશે છે અને પ્રધાનમાંથી મહત્તત્ત્વ થયું અને મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને તે અહંકારમાંથી ઈન્દ્રિયો, દેવતા, પંચભૂત, પંચમાત્રા એ સર્વે થયાં, તેમને પણ જે ભગવાને પ્રકાશ્યાં છે અને એ સર્વે તત્ત્વે મળીને રચ્યો એવો જે વિરાટ તેને

પણ ભગવાન પ્રકાશે છે. અને એ સર્વે જ્યારે માયામાં લીન થાય છે ત્યારે તે માયાને પણ ભગવાન પ્રકાશે છે. એવી રીતે જીવ અને ઈશ્વર એ બેય જ્યારે રૂપપણે થાય છે ત્યારે જે ભગવાન પ્રકાશે છે, અને જ્યારે એ જીવ ને ઈશ્વર બેય નામરૂપ રહિત થકા સુષુપ્તિમાં ને પ્રધાનમાં રહે છે ત્યારે પણ જે ભગવાન પ્રકાશે છે અને જે કાળ તે એ માયાદિક તત્ત્વને નામરૂપપણાને પમાડે છે ને અરૂપપણાને પમાડે છે એવો જે કાળ તે કાળને પણ જે ભગવાન પ્રકાશે છે એવા જે ભગવાન તે જે તે એ ઈન્દ્રિયો અંતઃકરણે કરીને કેમ જાણ્યામાં આવે ? એ તમારો પ્રશ્ન કે નહિ ?'' **ત્યારે સૌએ કહ્યું જે,** ''હે મહારાજ! એ જ પ્રશ્ન છે.'' ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો એમ ઉત્તર છે જે, એવા જે ભગવાન તેને આ જગતની ઉત્પત્તિ અને સ્થિતિનું કરવું છે તે કાંઈ પોતાને અર્થે નથી, કાંજે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :

**'બુદ્ધીન્દ્રિયમનઃપ્રાણાન્ જનાનામસૃજત્પ્રભુઃ ।**
**માત્રાર્થં ચ ભવાર્થં ચ હ્યાત્મને કલ્પનાય ચ ॥'**

**એ શ્લોકમાં એમ કહ્યું જે,** 'સર્વે જનનાં બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણ તેને ભગવાન જે તે સૃજતા હવા, તે જીવને વિષયભોગને અર્થે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જવાને અર્થે તથા મોક્ષને અર્થે સૃજ્યાં છે.' માટે આ જગતની ઉત્પત્તિ કરે છે તે પણ જીવના કલ્યાણને અર્થે કરે છે અને સ્થિતિ કરે છે તે પણ જીવના કલ્યાણને અર્થે કરે છે અને પ્રલય કરે છે તે પણ જીવને અર્થે કરે છે, કાં જે નાના પ્રકારની સંસૃતિએ કરીને થાક્યા જે જીવ તેના વિશ્રામને અર્થે પ્રલય કરે છે. એવી રીતે સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન તે જે તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે તે જીવના જાણ્યામાં કેમ ન આવે ? એ તો આવે જ.'' એમ શ્રીજી મહારાજે કહ્યું.

**ત્યારે ભજનાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''હે મહારાજ ! આ શ્રુતિમાં એમ કેમ કહ્યું છે જે, **'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'** **ત્યારે શ્રીજી**

**મહારાજ પ્રસન્ન થકા બોલ્યા જે,** ‘એનું એમ છે જે, ‘જેમ પૃથ્વી આકાશમાં રહી છે પણ આકાશના ભાવને નથી પામતી અને જળ આકાશને વિષે રહ્યું છે પણ આકાશના ભાવને નથી પામતું અને તેજ આકાશને વિષે રહ્યું છે પણ આકાશના ભાવને નથી પામતું અને વાયુ આકાશને વિષે રહ્યો છે પણ આકાશના ભાવને નથી પામતો, એમ મન વાણી ભગવાનને નથી પામતાં.’’

**ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ‘‘હે મહારાજ ! શ્રુતિ-સ્મૃતિમાં એમ કહ્યું છે જે, **‘નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ’ ‘બહવો જ્ઞાનતપસા પૂતા મદ્‌ભાવ-માગતાઃ’** **ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,** ‘‘એ તો અમે અભક્તનાં મન-ઈન્દ્રિયોને કહ્યું છે પણ ભક્તનાં મન, ઈન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે. જેમ આકાશને વિષે રહી છે જે પૃથ્વી તે પ્રલયકાળને સમે આકાશરૂપ થઈ જાય છે અને જળ પણ આકાશરૂપ થઈ જાય છે અને તેજ પણ આકાશરૂપ થઈ જાય છે અને વાયુ પણ આકાશરૂપ થઈ જાય છે, એમ જે ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તે સર્વ ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, કાં જે ભગવાન પોતે દિવ્યમૂર્તિ છે તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહ તેને આકારે એ ભક્તનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ થાય છે; માટે દિવ્ય થઈ જાય છે. **ત્યાં દૃષ્ટાંત** જેમ ભમરી ઈયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે તેણે કરીને તે ઈયળ તેને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે, પણ કોઈ અંગ ઈયળનું રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે, તેમ ભગવાનનો ભક્ત પણ એને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે.

અને **આ જે અમે વાર્તા કહી તેનું હાર્દ એ છે જે,** આત્મજ્ઞાને સહિત જે ભક્તિનિષ્ઠાવાળો છે તથા કેવળ ભક્તિનિષ્ઠાવાળો છે તે બેયની એ ગતિ કહી છે પણ કેવળ આત્મનિષ્ઠાવાળો જે કૈવલ્યાર્થી તેનાં દેહ, ઈન્દ્રિયો અને અંતઃ કરણ તેનું ભગવાનની મૂર્તિને તદાકારપણું નથી થતું એ તો કેવળ બ્રહ્મસત્તાને પામે છે. **એમ વાર્તા કરીને બોલ્યા જે,** ‘‘હવે એટલી વાર્તા રાખો

અને સભા સર્વે શૂન્ય થઈ ગઈ છે માટે કોઈક સારાં સારાં કીર્તન બોલો.'' એમ કહીને પોતે ધ્યાન કરવા માંડ્યા અને સંત કીર્તન ગાવા લાગ્યા. ।।ઈતિ વચનામૃતમ્ ।।૧।। ૯૭ ।।

## ॥ વચનામૃત ૨ : શાપિત બુદ્ધિનું ॥

**સંવત્ ૧૮૭૭ના આસો સુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને શ્રીજી મહારાજની આજ્ઞાએ કરીને નાના નાના પરમહંસ આગળ આવીને પ્રશ્ન-ઉત્તર કરતા હતા. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો અમે એક પ્રશ્ન પૂછીએ.'' **ત્યારે સર્વે બોલ્યા જે,** ''પૂછો મહારાજ !''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**એકની બુદ્ધિ તો એવી છે જે,** જે દહાડાથી સત્સંગ કર્યો હોય તે દહાડાથી ભગવાનનો તથા સંતનો અવગુણ આવે ખરો પણ રહે નહિ ટળી જાય, પણ એમ ને એમ ગુણ-અવગુણ આવ્યા કરે પણ સત્સંગ મૂકીને કોઈ દિવસ જાય નહિ, શા માટે ? જે એને બુદ્ધિ છે તે એમ જાણે જે, ''આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી અને આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી,' એમ સમજાણું હોય માટે સત્સંગમાં અડગપણે રહે છે. **અને એકની તો એવી બુદ્ધિ છે જે** સંતનો અથવા ભગવાનનો કોઈ દિવસ અવગુણ જ આવતો નથી અને બુદ્ધિ તો એ બેયની સરખી છે અને ભગવાનનો નિશ્ચય પણ એ બેયને સરખો છે; પણ એકને અવગુણ આવ્યા કરે છે ને એકને નથી આવતો. તે જેને અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ છે ? એ પ્રશ્ન **નાના શિવાનંદ સ્વામીને** પૂછીએ છીએ.''

પછી શિવાનંદ સ્વામીએ એનો ઉત્તર કરવા માંડ્યો પણ ઉત્તર થયો નહિ. પછી **ભગવદાનંદ સ્વામી બોલ્યા જે,** ''એની બુદ્ધિ શાપિત છે.'' પછી **શ્રીજી**

**મહારાજ બોલ્યા જે,** ''એ ઠીક કહે છે. એનો ઉત્તર એ જ છે જે, કોઈ જગતમાં કહેતા નથી જે 'એને તો કોઈકનો ફટકાર લાગ્યો છે' એમ મોટા સંતને દુઃખવ્યા હોય અથવા કોઈ ગરીબને દુઃખવ્યા હોય અથવા મા-બાપની ચાકરી ન કરી હોય, તે માટે એમણે શાપ દીધો હોય તેણે કરીને એની બુદ્ધિ એવી છે.''

**પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! એની શાપિત બુદ્ધિ છે તે કેમ કરી સારી થાય ?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનું તો એમ છે જે, એક તો અમે આ માથે બાંધી રહ્યા એ વસ્ત્રને ધોવું હોય અને એક મોદા જેવું જાડું વસ્ત્ર તેને ધોવું હોય ત્યારે તે કાંઈ સરખે દાખડે ધોવાય નહિ, કાં જે આ ઝીણું વસ્ત્ર ધોવું હોય ત્યારે તેમાં લગારેક સાબુ દેઈને ધોઈ નાખીએ એટલે તરત ઊજળું થાય, અને જ્યારે જાડા વસ્ત્રને ધોવું હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી મૂકે ને પછી અગ્નિએ કરીને બાફે ને પછી સાબુ દેઈને ધૂએ ત્યારે ઊજળું થાય; તેમ **જેની બુદ્ધિ શાપિત હોય તે સર્વે પાળે છે એટલું જ પાળે તો એ દોષ ટળે નહિ,** અને બીજા જેમ નિષ્કામી રહે છે, નિઃસ્વાદી રહે છે, નિર્લોભી રહે છે, નિઃસ્નેહી રહે છે, નિર્માની રહે છે તેમ જ એને ન રહેવું; બીજા નિષ્કામી રહેતા હોય તેથી એને વિશેષે નિષ્કામી રહેવું અને બીજા નિર્લોભી રહેતા હોય તેથી એને વિશેષે નિર્લોભી રહેવું અને બીજા નિઃસ્વાદી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્વાદી રહેવું અને બીજા નિઃસ્નેહી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્નેહી રહેવું અને બીજા નિર્માની રહેતા હોય તેથી એને વિશેષે નિર્માની રહેવું અને બીજા સૂઈ રહે તે કેડે ઘડી મોડું એને સૂવું અને બીજા માળા ફેરવે તેથી એ વિશેષે માળા ફેરવે અને બીજા ઊઠે તેથી ઘડી વહેલો ઊઠે. એમ **સર્વથી વિશેષે પાળે તો એની બુદ્ધિ શાપિત ટળે, નહિ તો ટળે નહિ.''**

**પછી મોટા શિવાનંદ સ્વામીએ** મોટા યોગાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **''કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે?''** ત્યારે **મોટા યોગાનંદ સ્વામીએ** કહ્યું જે, ''એનો ઉત્તર તો મને આવડે એમ જણાતું નથી.' ત્યારે **શ્રીજી મહારાજ**

**બોલ્યા જે** 'વસ્તુતાએ કર્મ તો અમૂર્ત છે અને કર્મમાંથી થયું એવું જે શુભ અથવા અશુભ એવું ફળ તે તો મૂર્તિમાન છે. અને જે કર્મને મૂર્તિમાન કહે છે તે તો નાસ્તિક કહે છે, કાં જે કર્મ જે ક્રિયા તે કાંઈ મૂર્તિમાન ન હોય.'' એવી રીતે શ્રીજી મહારાજે ઘણીક વાર્તા કરી તેમાંથી આ તો દિશમાત્ર લખી છે. **॥ ઈતિ વચનામૃતમ્ ॥૨॥ ૯૮ ॥**

## ॥ વચનામૃત ૩ : શુકમુનિ મોટા સાધુ છે, માણસની ઓળખનું ॥

**સંવત્ ૧૮૭૭ના આસો વદિ ૭ સાતમને દિવસ સાયંકાળને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે શ્વેત ફેંટો બાંધ્યો હતો ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી ને ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે, તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે પણ મંદ તો પડતો નથી; માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.''** એમ કહીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મનુષ્યને પરસ્પર હેત થાય છે તે ગુણે કરીને થાય છે અને અવગુણ આવે છે તે દોષે કરીને આવે છે, તે ગુણ ને દોષ તો માણસની ઉપરની પ્રકૃતિએ કરીને ઓળખાતા નથી; કાં જે કોઈક મનુષ્ય તો બિલાડાની પેઠે હેઠું જોઈને ચાલતો હોય પણ માંહી તો અતિ કામી હોય, તેને દેખીને અણસમજુ હોય તે કહે જે, 'આ તો બહુ મોટો સાધુ છે.'અને કોઈક તો ફાટી દૃષ્ટિએ ચાલતો હોય તેને જોઈને અણસમજવાળો હોય તે એમ કહે જે, 'આ તો અસાધુ છે.' પણ તે માંહી તો મહાનિષ્કામી હોય, માટે શરીરની ઉપરની પ્રકૃતિ જોઈને મનુષ્યની પરીક્ષા થાય નહિ, પરીક્ષા તો ભેળાં રહ્યાં થાય છે. ભેળો રહે ત્યારે બોલ્યામાં જણાય, ચાલ્યામાં જણાય, ખાતે જણાય, પીતે જણાય, સૂતે જણાય, ઊઠતે જણાય, બેઠતે જણાય. ઈત્યાદિક ક્રિયાને વિષે

જણાય છે અને વિશેષે કરીને તો ગુણ-અવગુણ યુવા અવસ્થામાં જણાય છે, પણ બાળ અવસ્થા તથા વૃદ્ધ અવસ્થામાં તો નથી જણાતા. કાં જે કોઈક બાળ અવસ્થામાં ઠીક ન હોય ને યુવા અવસ્થામાં સરસ થાય, અને કોઈક બાળ અવસ્થામાં સારો હોય ને યુવા અવસ્થામાં બગડી જાય છે. અને જેને ખટકો હોય જે, 'મને આ ઘાટ થયો તે ઠીક નહિ' ને તે ઘાટને ટાળ્યાનો યત્ન કર્યા કરે અને તે જ્યાં સુધી ટળે નહિ ત્યાં સુધી ખટકો રાખે, એવો જેનો સ્વભાવ હોય તે યુવા અવસ્થામાં વધી જાય અને જેને ખટકો ન હોય ને પ્રમાદી હોય તે વધે નહિ **અને એવો સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય.**'' તે ઉપર પોતે પોતાના બાળકપણાના ત્યાગી સ્વભાવની ઘણીક વાર્તા કરીને બોલ્યા જે, ''સારો હોય તેને તો બાળપણામાંથી જ છોકરાની સોબત ગમે નહિ ને જિહ્વાનો સ્વાદિયો હોય નહિ ને શરીરને દમ્યા કરે. જુઓને, **મને બાળપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે,** 'મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રૂધિર ને માંસ તે રહેવા દેવું નથી.' માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, 'શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રૂધિર તો નીસરે જ નહિ.' એવી રીતે જે સારો હોય તે તો બાળપણામાંથી જ જણાય.''

**ત્યારે ભજનાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! એવો વિચાર તે મને કરીને રાખે તો ઠીક કે શરીરને દમે તે ઠીક ?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કેટલાક તો શરીરના દોષ છે તે જાણ્યા જોઈએ અને કેટલાક તો મનના દોષ છે તે પણ જાણ્યા જોઈએ. તેમાં **શરીરના દોષ તે શું જે,** 'શિશ્ન ઈન્દ્રિય વારંવાર જાગ્રત થાય તથા તેમાં ચેળ થાય તથા ઠેકડો ભરવો તથા ઘડી એકમાં સર્વને જોઈ વળવું તથા ઘડી એકમાં ઘણાક પ્રકારના ગંધ સૂંઘી લેવા તથા વીશ પચીશ ગાઉની મજલ કરવી તથા બળે કરીને કોઈકને મળીને તેનાં હાડકાં ભાંગી નાખવાં તથા સ્વપ્નમાં વીર્યપાત થાય ઈત્યાદિક જે દોષ છે તે સર્વે દેહના દોષ છે પણ મનના નથી. તે એ શરીરના જે દોષ તે અતિશય ક્ષીણ થઈ જાય

તોય પણ મનમાં જે કામનો સંકલ્પ તથા ખાધાનો તથા પીધાનો તથા ચાલ્યાનો તથા સ્પર્શનો તથા ગંધનો તથા શબ્દનો તથા સ્વાદનો જે સંકલ્પ તે રહ્યા કરે તે મનના દોષ જાણવા. **એમ મનના ને શરીરના દોષ** જાણીને શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા અને શરીર ક્ષીણ થયા પછી જે મનના દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે, 'હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું.' **એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે.** અને જેને એકલું દમન છે ને વિચાર નથી તો તે ઠીક નહિ તથા જેને એકલો વિચાર છે ને દમન નથી તે પણ ઠીક નહિ, માટે એ બે જેને હોય તે શ્રેષ્ઠ છે. અને **શરીરનું દમન ને વિચાર એ બે વાનાં તો ગૃહસ્થ સત્સંગીને પણ જરૂર રાખ્યાં જોઈએ ત્યારે ત્યાગીને તો જરૂર રાખ્યાં જ જોઈએ.**''

**ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! એમ જે રહેવાય છે તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે?''** ત્યારે **શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ તો મોટા સંતના સમાગમે કરીને થાય છે. અને જેને મોટા સંતના સમાગમે કરીને પણ ન થાય તે તો મહાપાપી છે.'' એમ કહીને વળી શ્રીજી મહારાજ બોલ્યા જે,** જે ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે, કાં જે એને એ ભોગ પ્રાપ્ત થનાર છે નહિ અને તેની ઈચ્છા રાખે છે માટે એના સમજ્યામાં એ વાત આવી નથી, કાં જે, જે ગામ જવું નહિ તેનું નામ શું પૂછવું ? તેમ એણે જે પદાર્થનો ત્યાગ કર્યો છે ને તેની પાછી અભિલાષા રાખે છે તે શું આ દેહે કરીને એને પ્રાપ્ત થવાનું છે? તે તો જો આ સત્સંગમાંથી વિમુખ થાય તો પ્રાપ્ત થાય પણ સત્સંગમાં રહ્યે થકે તો થાય નહિ.

**માટે સત્સંગમાં રહ્યે થકે તે ભોગની જે ઈચ્છા રાખે છે તે મૂર્ખ છે,** કેમ જે સત્સંગમાં જે રહેશે તેને તો જરૂર પાળ્યું જોઈશે. જેમ કોઈ સતી થવાને નીસરી ને પછી અગ્નિ જોઈને પાછી વળે તો તેને શું તેના સગાં પાછી વળવા દે ? એ તો જોરે કરીને બાળે. અને જેમ કોઈક બ્રાહ્મણી હોય ને તે વિધવા

થઈને તે જો સુવાસિનીના જેવો વેષ રાખે, તે શું તેનાં સગાં રાખવાં દે ? ન રાખવા દે. **તેમ જે સત્સંગમાં રહીને અયોગ્ય સ્વભાવ રાખે છે તેને એવી રીતે વાત સમજ્યામાં આવી નથી અને જો આવી હોય તો અયોગ્ય સ્વભાવ રહે નહિ.**'' એવી રીતે વાત કરીને શ્રીજી મહારાજ '**જય સ્વામિનારાયણ**' કહીને શયનને અર્થે પધારતા હવા. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩ ॥ ૯૯ ॥**

## ॥ વચનામૃત ૪ : જીવ અને સાક્ષીના જાણપણાનું ॥

**સંવત્ ૧૮૭૭ના આસો વદિ ૮ અષ્ટમીને દિવસ દોઢ પહોર દિવસ ચઢતે શ્રીજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરો.'' ત્યારે **ગોપાળાનંદ સ્વામીએ** ભજનાનંદ સ્વામીને પૂછ્યું જે, ''**આ દેહને વિષે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલું છે ?**'' પછી **ભજનાનંદ સ્વામીએ** ઉત્તર કરવા માંડ્યો પણ ઉત્તર થયો નહિ.

ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''બુદ્ધિ છે તે આ દેહને વિષે નખશિખા પર્યંત વ્યાપીને રહી છે. તે બુદ્ધિ જે તે સર્વ ઈન્દ્રિયોની ક્રિયાને એક્કાળાવછિન્ન જાણે છે તે બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે, તે જીવના જાણપણાને કહેવે કરીને બુદ્ધિનું જાણપણું કહેવાયું અને તે જીવને વિષે સાક્ષી રહ્યા છે માટે સાક્ષીના જાણપણાને કહેવે કરીને જીવનું જાણપણું પણ કહેવાયું.''

ત્યારે શ્રીજી મહારાજને **નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''**હે મહારાજ, આ જીવને વિષે સાક્ષી રહ્યા છે તે સાક્ષી જે હોય તે તો મૂર્તિમાન હોય ને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ હોય ?**'' ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મૂર્તિમાન હોય તે પણ વ્યાપક હોય. જેમ અગ્નિદેવ છે તે પોતાના લોકને વિષે મૂર્તિમાન છે ને પોતાની શક્તિએ કરીને કાષ્ઠને વિષે રહ્યો છે, તેમ

ભગવાન પણ પોતાના અક્ષરધામને વિષે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિષે વ્યાપીને રહ્યા છે ને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે; માટે એને પણ મૂર્તિમાન જાણવા.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪ ॥ ૧૦૦ ॥

## ॥ વચનામૃત ૫મું : અવતાર ધર્યાના પ્રયોજનનું ॥

**સંવત્ ૧૮૭૭ના આસો વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.'' **પછી મુનિ બોલ્યા જે,** 'પૂછો મહારાજ !' પછી **શ્રીજીમહારાજે પૂછ્યું જે,** 'ભગવાન જીવનાં કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરે છે તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી ? અને કલ્યાણ તો ભગવાન જેમ ધારે તેમ કરે ત્યારે અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવનાં કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિષે પણ એટલું અસમર્થપણું આવે. માટે ભગવાન તો અવતાર ધરીને પણ કલ્યાણ કરે અને અવતાર ન ધરે તો પણ જીવનાં કલ્યાણ કરવા સમર્થ છે. **માટે એવા જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ?** એ પ્રશ્ન છે.''

પછી મોટા મોટા સંત હતા તેમણે જેની જેવી બુદ્ધિ તેણે તેવો ઉત્તર કર્યો, પણ **શ્રીજી મહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું** અને શ્રીજી મહારાજે આશંકા કરી તે સર્વેના ઉત્તર ખોટા થઈ ગયા.પછી **મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે,** ''હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો તો થાય.''

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે,** ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત હોય તેની

ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે. અને તે ભક્ત હોય તે સ્થૂળભાવે યુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છૂપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે અથવા સખાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે અથવા સગાંસંબંધીને ભાવે વર્તે છે. તેણે કરીને એ ભક્તને ભગવાન-ની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. **માટે પોતાના જે પ્રેમીભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે.** હવે એમાં આશંકા થતી હોય તો બોલો.' પછી મુનિએ કહ્યું જે, 'હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો.' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫ ॥**

## ॥ વચનામૃત ૬ : મત્સરવાળાનું ॥

સંવત્ ૧૮૭૭ના આસો વદિ અમાસ જે દિવાળી તેને દિવસ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ ઉપર છપ્પરલંગ બિછાવ્યો હતો. તે ઉપર સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ વિરાજમાન હતા અને સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરી હતી અને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો ફેંટો કમરે કસીને બાંધ્યો હતો અને કંઠને વિષે પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી દીવબંદરના હરિભક્ત આવ્યાં હતાં,** તેણે શ્રીજી મહારાજની પૂજા

કર્યાને અર્થે પ્રાર્થના કરી. પછી **શ્રીજી મહારાજે** તે સિંહાસન ઉપરથી ઊતરીને તે ભક્તજન સામા જઈને તેની પૂજા અંગીકાર કરી. પછી તેનાં આપેલાં વસ્ત્ર તથા પીળું છત્ર તથા પાદુકા તેનું ગ્રહણ કરીને પાછા તે સિંહાસન ઉપર વિરાજમાન થતા હવા.

**પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે,** ''આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી ને આવી રીતે કોઈનાં વસ્ત્ર ઘરેણાં પહેરીને રાજી થયા નથી. આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો.'' **પછી મુનિ બોલ્યા જે,** ''એવા જ એ પ્રેમી હરિભક્ત છે.'' એવા સમામાં **દીનાનાથ ભટ્ટ** આવીને શ્રીજી મહારાજને પગે લાગીને બેઠા. પછી શ્રીજી મહારાજે ભારે ભારે વસ્ત્ર હતાં તે સર્વે દીનાનાથ ભટ્ટને આપ્યાં.

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **'હે મહારાજ ! ભગવાન પોતાના ભક્ત ઉપર કયે ગુણે કરીને રાજી થતા હશે?'** **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે. તેમાં પણ **મત્સર છે તે સર્વ વિકારમાત્રનો આધાર છે;** માટે **શ્રીવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતને વિષે નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે.** માટે મત્સર તે સર્વ વિકારથી ઝીણો છે અને મત્સર ટળવો તે પણ ઘણો કઠણ છે.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''મત્સર ટાળ્યાનો શો ઉપાય છે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''સંતને માર્ગે ચાલે ને જે સંત હોય તેનો તો મત્સર ટળે અને જેને સંતને માર્ગે ન ચાલવું હોય તેને તો મત્સર ન ટળે.''**

પછી વળી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''મત્સર ઊપજ્યાનો શો હેતુ છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એક સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ મત્સરના હેતુ છે. અને જેને એ ત્રણ વાનાં ન હોય તેને માન છે તે મત્સરનો હેતુ છે. અને જે મત્સરવાળો હશે તેને તો અમે આ ભટ્ટને વસ્ત્ર

દીધાં તેમાં પણ મત્સર આવ્યો હશે, પણ મત્સરવાળાને એવો વિચાર ન આવે જે, 'વસ્ત્ર લાવ્યાં હતાં તેને ધન્ય છે જે, આવાં ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યાં' અને મહારાજને પણ ધન્ય છે જે, 'તરત બ્રાહ્મણને દઈ દીધાં.' એવો જે વિચાર તે મત્સરવાળાના હૃદયમાં ન આવે અને કોઈક લે અને કોઈક દે તોપણ મત્સરવાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે.

અને અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે પણ પંચવિષયમાંથી એકેને વિષે લેશમાત્ર ભાવ થતો નથી. અને જેટલું કાંઈક અન્નવસ્ત્રાદિકનું ગ્રહણ કરતા હઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું; પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા.

**અને અમારે જે ખાવું પીવું, ઓઢવું પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે** અને જો એમને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ. અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી. તે અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલોખાચર આદિક જે હરિજન છે તે કેટલાંક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે જે, **'મહારાજને એક પ્રભુના ભક્ત વિના કોઈ સંઘાથે હેતસંબંધ નથી ને મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે'** એમ નિરંતર અમારે પાસેના રહેનારા છે તે અમારા સ્વભાવને જાણે છે. અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંઘાથે સંબંધ છે અને **ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે.**

અને જે ભગવાનના ભક્ત હશે ને ભગવાન સંગાથે જ દૃઢ પ્રીતિ હશે તેને પણ રમણીય જે પંચવિષય તેને વિષે તો આનંદ ઊપજે જ નહિ અને દેહને

રાખ્યા સારુ તો જેવા તેવા જે શબ્દાદિક વિષય તેણે કરીને ગુદરાણ કરે પણ રમણીય વિષય થકી તો તત્કાળ ઉદાસ થઈ જાય અને એવા જે હોય તે જ ભગવાનના પરિપૂર્ણ ભક્ત કહેવાય.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬ ॥ ૧૦૨ ॥

## ॥ વચનામૃત ૭મું : ચટકીના વૈરાગ્યનું-આત્યંતિક કલ્યાણનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ હતો ને તે ઉપર પલંગ બિછાવ્યો હતો ને તે પલંગ ઉપર શ્રીજી મહારાજ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી ગામ બોચાસણવાળા કાશીદાસે** શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે ''હે મહારાજ ! ત્યાગી હોય તે તો નિવૃત્તિ માર્ગને અનુસર્યા છે, તે અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે અને જે ગૃહસ્થાશ્રમી છે તે તો પ્રવૃત્તિ માર્ગને અનુસર્યા છે માટે તેને તો સંસારની અનંત વિટમણા વળગી છે; માટે તે **ગૃહસ્થાશ્રમી કેમ સમજે તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ગૃહસ્થને તો એમ સમજવું જે,** 'જેમ પૂર્વે ચોરાશી લાખ જાતનાં મારે માબાપ તથા સ્ત્રીછોકરાં થયાં હતાં તેવાં ને તેવાં જ આ દેહનાં પણ છે ને કેટલાક જન્મની મા, બોન, દીકરીઓ તે કેટલીક રઝળતી હશે તેની જેમ મારે મમતા નથી તેમ આ દેહનાં સંબંધી તેની પણ મારે મમતા ન રાખવી.' એવી રીતે વિચાર કરીને સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે, તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે.''

પછી એવી રીતે શ્રીજી મહારાજની વાત સાંભળીને **જે ગૃહસ્થ સર્વે સભામાં બેઠા હતા તેમણે હાથ જોડીને પૂછ્યું જે, ''હે મહારાજ, જે ગૃહસ્થને એવી રીતે ન વર્તાય તેના શા હાલ થશે?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'એ તો જે ભગવાન વિના અન્ય પદાર્થ-માંથી વાસનામાત્રને ટાળીને ભગવાનમાં અખંડવૃત્તિ રાખે તેની વાત કહી છે. અને જે એવો બળિયો ન હોય તેને તો સત્સંગની ધર્મમર્યાદામાં રહેવું અને સંત ને ભગવાન તેનો જે પોતાને આશરો છે તેનું બળ રાખવું જે, ''ભગવાન તો અધમઉદ્ધારણ ને પતિતપાવન છે તે મને સાક્ષાત્ મળ્યા છે.'' પછી એવા શ્રીજી મહારાજનાં વચન સાંભળીને સર્વે હરિજન અતિશય રાજી થયા.

**પછી શ્રીજી મહારાજે સંતને પ્રશ્ન પૂછ્યો જે,** **''વૈરાગ્ય ઉદય થયાનું શું કારણ છે ?''** પછી જેને જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. **પછી સર્વે મુનિ બોલ્યા જે,** ''હે મહારાજ ! એનો ઉત્તર તમે કરો.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વૈરાગ્યનું કારણ તો એ છે જે, સદ્‌ગ્રંથ ને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને ચટકી લાગે અને ચટકી લાગે તે પાછી મટે જ નહિ, એવી જે ચટકી તે જ વૈરાગ્યનો હેતુ છે, બીજો વૈરાગ્યનો હેતુ નથી. અને જેને ચટકી લાગતી હોય ને તે તામસી હોય તથા રાજસી હોય તથા સાત્ત્વિકી હોય તે સર્વેને વૈરાગ્ય ઊપજે અને જેને ચટકી લાગતી ન હોય તેને વૈરાગ્ય ન ઊપજે અને જેને ચટકી લાગી ને થોડા દિવસ કેડે ટળી જતી હોય તેને તો એ ચટકીનો વૈરાગ્ય અતિશય ખુવાર કરે, કેમ જે જ્યારે ચટકી લાગે ત્યારે ઘર મૂકીને જતો રહે. પછી ભેખ લીધા કેડે જે ચટકી લાગી હોય તે ઊતરી જાય અને પછવાડે ઘર તો ધૂળધાણી થઈ ગયું હોય, પછી જેમ 'ધોબીનો કૂતરો વાટનો નહિ ને ઘાટનો નહિ' તેમ તે પુરુષ ઉભય ભ્રષ્ટ થાય છે અને જે દૃઢ વૈરાગ્યવાળા હોય છે તે પરમપદને પામે છે.''

**પછી શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થકા** બીજો પ્રશ્ન પરમહંસ પ્રત્યે પૂછતા હવા જે, **''આત્યંતિક કલ્યાણ તે કેને કહીએ? અને આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તે પુરુષની સર્વ ક્રિયાને વિષે કેવી દશા વર્તતી હોય?''** પછી જેને જેવો ભાસ્યો તેવો સર્વે મુનિએ ઉત્તર કર્યો, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. **પછી સર્વે મુનિ હાથ જોડીને શ્રીજી**

**મહારાજ પ્રત્યે બોલ્યા જે,** ‘‘હે મહારાજ, એનો ઉત્તર તમે કરો.’’

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનાં કાર્ય જે ચોવીશ તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે અને તે પ્રકૃતિપુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે અને પછી એકલું સચ્ચિદાનંદ (ચિદ્‌ઘન) જે તેજ તે રહે છે અને તે તેજને તે વિષે દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્યમૂર્તિ થકા જીવનાં કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિષે સર્વ જનને નયનગોચર થકા વિચરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે, તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ એ માયિક ગુણે યુક્ત નથી; એ તો સદા ગુણાતીત દિવ્યમૂર્તિ જ છે અને તેનું તે જે ભગવાનનું સાકાર દિવ્યસ્વરૂપ તેને જે વેદાંતશાસ્ત્ર છે તે નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર વ્યાપક એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે, તે જીવની બુદ્ધિમાંથી માયિક ભાવ ટાળવાને અર્થે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ સર્વે કાળને વિષે એકરૂપે કરીને જ વિરાજમાન છે પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી, સદા દિવ્યરૂપે કરીને વિરાજમાન રહે છે; **એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ.** અને એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય જે, ‘પિંડ બ્રહ્માંડનો તથા પ્રકૃતિ પુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ’ એ સિદ્ધદશાનું લક્ષણ છે.’’ ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥

## ॥ વચનામૃત ૮મું : સગુણ-નિર્ગુણ સ્વરૂપનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ**

**ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** "હે મહારાજ ! વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસને વિષે ભગવાનનું સગુણ સ્વરૂપ નિરૂપણ કર્યું છે અને નિર્ગુણ સ્વરૂપ પણ નિરૂપણ કર્યું છે. **તે ભગવાન શ્રીપુરુષોત્તમ તેનું નિર્ગુણ સ્વરૂપ કેવી રીતે સમજવું અને સગુણ સ્વરૂપ તે કેવી રીતે સમજવું ?** અને તે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ સમજવે કરીને ભગવાનના ભક્તને કેટલો સમાસ છે અને તે ભગવાનનું સગુણ સ્વરૂપ સમજવે કરીને કેટલો સમાસ છે ?"

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "**ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો** સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે; અને એ સર્વે ભગવાનનું શરીર છે.

અને જેમ દેહ થકી જીવ છે તે સૂક્ષ્મ છે ને શુદ્ધ છે ને ઘણો પ્રકાશમાન છે તેમ એ સર્વે થકી ભગવાન અતિશય સૂક્ષ્મ છે અને અતિશય શુદ્ધ છે અને અતિશય નિર્લેપ છે અને અતિ પ્રકાશે યુક્ત છે. અને જેમ આકાશ છે તે પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક છે ને પૃથ્વી આદિક ચાર ભૂત થકી અસંગી છે અને એ ચાર ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી, આકાશ તો અતિશય નિર્લેપ થકો એ ચાર ભૂતને વિષે રહ્યો છે; તેમ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે તોપણ અતિશય નિર્વિકાર છે ને અસંગી છે ને પોતે પોતાને સ્વભાવે યુક્ત છે અને તે સરખો થવાને કોઈ સમર્થ નથી થતો. જેમ આકાશ ચાર ભૂતમાં રહ્યો છે પણ ચાર ભૂત આકાશ જેવાં નિર્લેપ તથા અસંગી થવાને સમર્થ નથી થતાં, તેમજ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મા છે, તોપણ અક્ષરપર્યંત કોઈપણ પુરુષોત્તમ ભગવાન જેવા સમર્થ થવાને સમર્થ નથી થતાં.

**એવી રીતે જે અતિશય સૂક્ષ્મપણું અને અતિશય નિર્લેપપણું અને અતિશય શુદ્ધપણું અને અતિશય અસંગીપણું અને અતિશય પ્રકાશે યુક્તપણું અને અતિશય ઐશ્વર્યે યુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.** અને જેમ ગિરનાર પર્વત છે તેને લોકાલોક પર્વતની પાસે મૂકીએ ત્યારે તે અતિશય નાનો ભાસે, પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી, એ તો લોકાલોકની અતિશય મોટાઈ આગળ નાનો જણાય છે, તેમ પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે, પણ તે બ્રહ્માંડ કાંઈ નાનાં થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે. **એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશય મોટાઈ તે ભગવાનનું સગુણપણું છે.**

**ત્યારે કોઈકને એમ આશંકા થાય જે, ‘ભગવાન નિર્ગુણરૂપે તો અતિ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિ સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે, ત્યારે એ બેય રૂપનું ધરનારું જે ભગવાનનું મૂળ સ્વરૂપ તે કેવું છે ?’** તો તેનો ઉત્તર એ છે જે, પ્રકટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે, અને નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્રને લેવા સારુ અર્જુન સહિત રથે બેસીને ચાલ્યા તે લોકાલોક પર્વતને ઉલ્લંઘીને માયાનું તમ આવ્યું તેને સુદર્શન ચક્રે કરીને કાપીને તેથી પર જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા જે ભૂમાપુરુષ તેની પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવ્યા; ત્યારે તે રથ ને ઘોડા તે માયિક હતા ને સ્થૂળ ભાવે યુક્ત હતા પણ તે શ્રીકૃષ્ણ ભગવાનને યોગે કરીને અતિ સૂક્ષ્મ ને ચૈતન્યરૂપે થઈને ભગવાનના નિર્ગુણ બ્રહ્મધામને પામ્યા. એવી રીતે જે સ્થૂળ પદાર્થને સૂક્ષ્મપણાને પમાડી દેવું એ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે. અને એ જ શ્રીકૃષ્ણ ભગવાન તેણે પોતાની માતા જે યશોદાજી તેને પોતાના મુખને વિષે અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું અને વળી અર્જુનને પોતાની મૂર્તિને વિષે વિશ્વરૂપ દેખાડ્યું અને અર્જુન વિના

જે બીજા હતા તે તો સાડા ત્રણ હાથની ભગવાનની મૂર્તિને દેખતા હતા.

**અને જ્યારે ભગવાને વામનાવતાર ધર્યો ત્યારે** પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું અને ત્રણ પગલાં ધરતી બળિ પાસે શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા પછી એવું પોતાના સ્વરૂપને વધાર્યું, જે સાત પાતાળનું તો એક પગલું કર્યું અને આકાશમાં તો પોતાનું શરીર બધેય માઈ રહ્યું અને બીજું પગલું ઊંચું મેલ્યું તેણે સાત સ્વર્ગને વેંધીને અંડકટાહ ફોડ્યું; એવું જે ભગવાનનું મોટું સ્વરૂપ થયું તેને બળિ રાજાએ દીઠું અને બળિ વિના જે બીજા હતા તેણે તો જેવું વામન સ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું તેવું ને તેવું દીઠું. એવી રીતે જે ભગવાનને વિષે અતિશય મોટાઈ થકી જે મોટાઈ દેખાય એ ભગવાનની મૂર્તિને વિષે સગુણપણું જાણવું. જેમ આકાશ છે તે શીતકાળે તથા ઉષ્ણકાળે વાદળાંએ રહિત હોય અને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે અસંખ્ય વાદળાંની ઘટાએ કરીને ભરાઈ જાય છે, તે કાળે કરીને આકાશમાં વાદળાં ઊપજે છે ને પાછાં લીન થઈ જાય છે, તેમ ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણ અને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રકટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે. અને **એવા જે ભગવાન તે મનુષ્ય જેવા જણાતા હોય પણ તેના મહિમાનો પાર કોઈ પામતો નથી.** અને જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું સમજે તે ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવાને સમર્થ થતાં નથી અને તેને આઠે પહોર અંતરમાં આશ્ચર્ય રહ્યા કરે છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૮ ॥ ૧૦૪ ॥

## ॥ વચનામૃત ૯મું : પાડાખારનું, સાધુને રીસ ન રાખ્યાનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૫ પાંચમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે** નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહિ, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે, એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ ?' **પછી એ બે બોલ્યા જે,** ''જે એવો હોય તેને તો સાધુ ન કહેવાય.'

પછી **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક ભગવદીયનો હૈયામાં અવગુણ આવતો હોય અને તેણે કરીને તે ભગવાનના ભક્ત ઉપર રીસ ચડતી હોય તો તે અવગુણ ટાળ્યાનો શો ઉપાય છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ. **જેમ ઉદ્ધવજી** જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, 'આ ગોપીઓના ચરણરજના અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાંને બળદેવજી આગળ અતિ મોટાં ભાગ્યવાળાં કહ્યાં છે. **અને બ્રહ્માએ પણ** શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો ! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.' માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય.

અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય

હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ સ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું. માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તોપણ તેને અર્ધો વિમુખ જાણવો અને **ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.**'' ।। ઈતિ વચનામૃતમ્ ।।૯।।૧૦૫।।

## ॥ વચનામૃત ૧૦મું : નાડી જોયાનું - તપનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૦ દશમીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાને વિષે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ દશ-બાર મોટેરા સાધુ બેઠા હતા તથા પાંચ-છો હરિભક્ત બેઠા હતા. અને શ્રીજી મહારાજના શરીરમાં કાંઈક તાવ જેવું જણાતું હતું અને આગળ સગડી મેલીને તાપતા હતા.**

**પછી શ્રીજી મહારાજે** મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, ''**અમારી નાડી જુઓ. શરીરમાં કાંઈક કસર જણાય છે.**'' **પછી મુક્તાનંદ સ્વામીએ** નાડી જોઈને કહ્યું જે, ''હે મહારાજ! કસર તો બહુ છે.'' **અને વળી એમ કહ્યું જે,** 'હે મહારાજ! હમણાં સત્સંગીને કઠણ કાળ વર્તે છે કેમજે, **હે મહારાજ ! તમે તો સર્વે સત્સંગીના જીવનપ્રાણ છો, તે મહારાજને શરીરે કસર જેવું છે એ જ સર્વે સત્સંગીને કઠણ કાળ છે.**''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગ પર્યંત ટાઢ-તડકાને તથા ભૂખ-તરસને સહન કરીને મહા તપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા, એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઈન્દ્રિયોને દમીને તપ કરે છે. માટે જે

વિવેકી સાધુ હોય તેને તો જાણીને દેહ-ઈન્દ્રિયોને કષ્ટ થાય તેમ વર્ત્યું જોઈએ; તો ઈશ્વર ઈચ્છાએ જે કાંઈ કષ્ટ આવે તેને શીદ ટાળવાને ઈચ્છે ? **અને વળી ત્યાગી સાધુને તો પોતાના મનમાં એમ દૃઢ રુચિ રાખી જોઈએ જે,** 'મારે તો દેવલોક, બ્રહ્મલોક અને વૈકુંઠાદિક લોકના જે પંચવિષય સંબંધી ભોગસુખ તે નથી જોઈતાં અને મારે તો હમણાં દેહ છતે તથા દેહનો ત્યાગ કરીને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને અને તપ કરીને ભગવાનને રાજી કરવા છે; તે એક જન્મ તથા બે જન્મ તથા સહસ્ર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાનને રાજી કરવા છે.'

**અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, 'પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી.' એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.** અને **જે તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે.** અને એ તપને વિષે પણ જેવો રાધિકાજી તથા લક્ષ્મીજી ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભાવ રાખે છે તેવો ભાવ રાખવો. અને જો તપ ન કરે ને ભગવાનને જ સર્વ કર્તા જાણે તોય પણ જન્મમરણનાં દુઃખથી તો જીવ તરી જાય પણ તપ કર્યાં વિના તે જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ. અને જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળકર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલ્યમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તોપણ શ્રીપુરુષોત્તમ નારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી. માટે જેનો સંગ કર્યા

થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામી સેવકભાવ ટળી જતો હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''હે મહારાજ ! જે ભક્ત સુંદર વસ્ત્ર તથા અલંકાર તથા નાના પ્રકારનાં ભોજનાદિક વસ્તુ તેણે કરીને ભગવાનની સેવા કરે છે તે પણ ભગવાનને રાજી કરવાને ઈચ્છે છે અને તમે તો તપે કરીને જ ભગવાન રાજી થાય એમ કહો છો, **તે તપ વિના એવી સેવાએ કરીને રાજી કરે તેમાં શો બાધ છે ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે સારા સારા પદાર્થે કરીને ભગવાનની ભક્તિ કરે છે તે જો નિષ્કામભાવે કરીને કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે જ કરતો હોય તો તો ઠીક છે, પણ જો પોતે પણ ભગવાનની પ્રસાદી જાણીને તે પદાર્થને વિષે લોભાઈને ને ભગવાનને પડ્યા મેલીને તે પદાર્થને વિષે પ્રીતિ કરે તો તે પદાર્થને ભોગવતો થકો વિષયી થઈને ભ્રષ્ટ થઈ જાય છે એ બાધ છે. **માટે જે ત્યાગી ભક્ત હોય તેને તો ભગવાનને સર્વકર્તા જાણીને તપે કરીને જ ભગવાનને રાજી કરવા** અને રાધિકાજી તથા લક્ષ્મીજી તેની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએકરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! અમારું આ લોકને વિષે તથા પરલોકને વિષે સારું થાય તે કહો ?'** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'આ જે અમારો સિદ્ધાંત છે તે જ આલોક ને પરલોકને વિષે પરમ સુખનો હેતુ છે.'

**પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! ત્યાગનો ને તપ કરવાનો મનમાં ઈશક તો હોય અને ત્યાગ કે તપ કરતાં વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો તેનું કેમ કરવું ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ **ત્યારે તેનો સાચો ઈશક જાણવો.** જુઓને અમે એકવીસ વર્ષ થયાં શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા

અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી; શા માટે જે, અમારે ત્યાગનો જ ઈશક છે. અને આ સંસારને વિષે કેટલીક રાંડો છે તે ધણી મરી ગયો હોય, તો તેને વાંસે છાતી કૂટીકૂટીને રોયા જ કરે છે અને કેટલીક બાઈઓ છે તે પોતાના પરણ્યા ધણીનો પણ ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે છે. અને કેટલાક મૂર્ખ પુરુષ હોય છે તે પોતાની સ્ત્રી મરી ગઈ હોય તો તેને વાંસે રોયા કરે છે અને બીજી સ્ત્રીને વાસ્તે હાયવોય કરતા ફરે છે અને કેટલાક વૈરાગ્યવાન પુરુષ હોય તે ઘરમાં પરણેલી સ્ત્રી હોય તેનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કરે છે, એવી રીતે સૌ સૌના ઈશક જુદી જુદી જાતના છે.

**અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે** 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામી સેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ.' માટે તમો પણ સર્વે આ અમારાં વચનને પરમ સિદ્ધાંત કરી માનજ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૦ ॥ ૧૦૬ ॥

## ॥ વચનામૃત ૧૧મું : પ્રેમના લક્ષણનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ એકાદશીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ રાત્રિને સમે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી અને પીળાં ને રાતાં જે ગુલદાવદીનાં પુષ્પ તેના હાર પહેર્યા હતા અને પાઘમાં પીળાં પુષ્પના તોરા લટકતા હતા અને પોતાની આગળ બે કોરે બે વાળંદ મશાલ લઈને ઊભા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજીમહારાજને **સચ્ચિદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનને વિષે પ્રીતિ હોય તેનાં શાં લક્ષણ છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને

પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહિ, એ પ્રીતિનું લક્ષણ છે. જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ હતી તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરાં જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું. પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનનાં નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહિ ત્યારે સર્વે ડરીને છેટે રહ્યો અને અંતરમાં એમ બીનીયો જે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહિ રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જશે' એમ વિચારીને કાંઈ કહી શકીયો નહિ. પછી ભગવાન મથુરાં પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તોપણ ગોપીયો કોઈ દિવસ મરજી લોપીને દર્શને ગઈ નહિ અને ગોપીયોએ એમ જાણ્યું જે, 'ભગવાનની મરજી વિના જો આપણે મથુરાં જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે.' **માટે હેતનું એ જ રૂપ છે જે,** 'જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે.' અને જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે, પણ **કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહિ એ પ્રેમનું લક્ષણ છે.** જો ગોપીયોને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહિ અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું પણ કોઈ રીતે ભગવાનનાં વચનનો ભંગ કર્યો નહિ. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે; એ પ્રીતિનું લક્ષણ છે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો એક અમે પ્રશ્ન પૂછીએ.'' પછી મુનિએ કહ્યું જે, 'હે મહારાજ! પૂછો.' **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની મૂર્તિના સંબંધ વિનાના જે અન્ય સંબંધી પંચવિષય તેને તુચ્છ કરી નાખે છે અને પંચે પ્રકારે એક ભગવાનનો

સંબંધ રાખે છે, એવો જે ભક્ત તેને ભગવાન એમ આજ્ઞા કરે જે, 'તમે અમ થકી છેટે રહો.' ત્યારે તે જો ભગવાનના દર્શનનો લોભ રાખે તો એને આજ્ઞાનો ભંગ થાય અને જો આજ્ઞા ન પાળે તો ભગવાનને એ ભક્ત ઉપર હેત ન રહે. **માટે એ ભક્તે જેમ માયિક શબ્દાદિક પંચ વિષયનો ત્યાગ કર્યો છે તેમ જ ભગવાન સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય છે તેનો પણ ત્યાગ કરે કે ન કરે?** એ પ્રશ્ન છે.'

પછી સર્વે મુનિ મળીને જેને જેવી બુદ્ધિ હતી તેણે તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજી મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! એનો ઉત્તર તમે કરો.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક પંચવિષય તેને તુચ્છ કરી નાખ્યા છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંઘાથે દૃઢપણે જોડાણો છે તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે; ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદયમાંથી આંખ્યનું મટકું ભરીએ એટલીવાર છેટે રહેતા નથી. માટે એ ભક્તને પાંચે પ્રકારે ભગવાન સંગાથે અખંડ સંબંધ રહે છે, કેમ જે, જે શબ્દાદિક પંચવિષય વિના જીવમાત્રને રહેવાતું નથી તે શબ્દાદિક પંચવિષયને એણે તુચ્છ કર્યા છે ને પંચે પ્રકારે કરીને ભગવાનને વિષે જોડાણો છે, તે માટે એ ભક્તને ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥૧૦૭ ॥

## ॥ વચનામૃત ૧૨મું : કારણ શરીર ટાળ્યાનું-આંબલીના બીજનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૫ પૂન્યમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને ધોળો ફેંટો બોકાના સહિત બાંધ્યો હતો**

**અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘પ્રશ્ન-ઉત્તર કરો.’’ પછી મુનિએ માંહોમાંહી ઘણીવાર સુધી પ્રશ્ન-ઉત્તર કર્યા; તેમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરનો વિચાર નીસર્યો તથા વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરનો વિચાર નીસર્યો. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘કારણ શરીર છે એ જીવની માયા છે, તે જ કારણ શરીર તે સ્થૂળ, સૂક્ષ્મ રૂપે થાય છે માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ જીવની માયા છે. તેમ જ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે. તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરનાં વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. **જેમ આંબલીનું બીજ** હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય, તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાંની પેઠે જુદું થઈ જાય છે. અને તે વિના બીજા કોટી ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.’’ એવી રીતે શ્રીજી મહારાજે વાર્તા કરી.

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** ‘‘જાગ્રત અવસ્થામાં સત્ત્વગુણ વર્તે છે અને સર્વે પદાર્થનું યથાર્થ જ્ઞાન વર્તે છે તોપણ જાગ્રત અવસ્થામાં જે શ્રવણ કર્યું હોય તેને સૂક્ષ્મ દેહમાં જ્યારે મનન કરે ત્યારે તે સાંભળ્યું હોય તે પાકું થાય છે. અને સૂક્ષ્મ દેહમાં તો રજોગુણ વર્તે છે તે રજોગુણમાં તો અયથાર્થ જ્ઞાન રહ્યું છે તોપણ જે જાગ્રતમાં સાંભળ્યું હોય તેનું

સૂક્ષ્મ દેહમાં મનન કરે ત્યારે યથાર્થ જ્ઞાન થાય છે, એનું શું કારણ છે?'' પછી મુનિ સર્વે મળીને જેની જેવી બુદ્ધિ હતી તેણે તેવો ઉત્તર કર્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. **પછી મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે,** ''હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો તમે કરો તો થાય.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર તો એ છે જે, '**હૃદયને વિષે ક્ષેત્રજ્ઞ જે જીવ તેનો નિવાસ છે. તે ક્ષેત્રજ્ઞ ચૌદ ઈન્દ્રિયોનો પ્રેરક છે.** તેમાં અંતઃકરણ જે છે તે ક્ષેત્રજ્ઞને સમીપે વર્તે છે; માટે અંતઃકરણમાં મનન કરે ત્યારે દૃઢ થાય છે, કાં જે ક્ષેત્રજ્ઞ છે તે સર્વે ઈન્દ્રિયો અંતઃકરણ થકી સમર્થ છે. માટે ક્ષેત્રજ્ઞ પ્રમાણ કરે એ વાત અતિ દૃઢ થાય છે.'' એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર કર્યો, ત્યારે સર્વે મુનિએ કહ્યું જે, ''હે મહારાજ ! યથાર્થ ઉત્તર કર્યો. એવો ઉત્તર બીજા કોઈથી થાય નહિ.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહિ, તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહિ. અને તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તોપણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે, તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૨ ॥ ૧૦૮ ॥

## ॥ શ્રીકારિયાણી પ્રકરણમ્ સમાપ્તમ્ ॥

Index

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

## ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# લોયા પ્રકરણ

## વચનામૃત ૧લું : ક્રોધનું, સંપૂર્ણ સત્સંગ થયાનું

સંવત્ ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં પરમહંસના ઉતારા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, "શંકર શબ્દનો શો અર્થ છે?"** પછી **મુનિ બોલ્યા જે, "સુખને કરે તે શંકર કહીએ."** પછી એ વાતને સાંભળીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "આજ પાછલી ચાર ઘડી રાત હતી તે સમે સ્વપ્નમાં અમને શિવજીએ દર્શન દીધાં. તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા અને શરીરે બહુ પુષ્ટ હતા ને ચાળીસ વર્ષની અવસ્થા હતી ને મોટી જબરી જટા હતી ને તે શિવજી ભેળે પાર્વતી હતાં, તેણે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને તે શિવજી મોટા સંતની પેઠે શાંત મૂર્તિ હતા. અને મારે ઉપર તો શિવજીને ઘણું હેત જણાયું તો પણ મારે તો શિવ ઉપર હેત ન જણાયું, **કેમ જે હું એમ જાણું છું જે,** 'શિવ તો તમોગુણના દેવતા છે અને આપણે તો શાંત મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેના ઉપાસક છીએ,' તે માટે રજોગુણી-તમોગુણી દેવ એવા જે બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવતા

તેમની ઉપર ભાવ બેસે નહિ. અને તેમાં પણ ક્રોધ ઉપર તો મારે ઘણું વેર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મને ગમે જ નહિ; તથાપિ જે શિવજીને અમે માનીએ છીએ તેનું શું કારણ છે ? તો શિવજી તો ત્યાગી છે ને યોગી છે ને ભગવાનના મોટા ભક્ત છે માટે શિવને માનીએ છીએ.

અને **ક્રોધ તો કેવો છે ?** 'તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે.' જેમ હડકાયા કૂતરાની જે લાળ તે ઢોર અથવા મનુષ્ય જેને અડે તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાખીને મરી જાય, તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાખીને સંતના માર્ગથકી પડી જાય.

**અને વળી ક્રોધ કેવો છે?** તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરીલે છે તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે; **એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તે તો અતિ ભૂંડો લાગે. કેમ જે, સાધુ તો શાંત હોય** પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે અને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે એ ક્રોધનું નામ વિરૂપ છે, માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાખે.''

ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, **''હે મહારાજ ! જે લગારેક ક્રોધ ચઢી આવે ને પછી તેને ટાળી નાખે, એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેમ આ સભા બેઠી છે તેમાં જો હમણે સર્પ નીકળે ને કોઈને કરડે નહિ તોપણ ઊઠીને સૌને ભાગવું પડે તથા સૌનાં અંતરમાં ત્રાસ થાય. અને વળી જેમ ગામને ઝાંપે આવીને વાઘ હુંકારા કરતો હોય અને કોઈને મારે નહિ તોપણ સૌ માણસને અંતરમાં ભય લાગે ને બારણે નીકળાય નહિ, તેમ થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશય દુઃખદાયી છે.''

પછી નાના નિર્માનાનંદ સ્વામીએ પૂછ્યો જે, **''કામને મૂળમાંથી ઊખેડી નાખવો તેનું શું સાધન છે?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય ને અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રત રાખવું,એ આદિક જે

પંચ વર્તમાન તેને દૃઢ કરીને પાળે અને ભગવાનનો મહિમા અતિશય સમજે, એ ઉપાયે કરીને કામનું મૂળ ઊખડી જાય છે ને કામનું મૂળ ઊખડી જાય તોપણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ અને **અતિશય કામનું મૂળ ઊખડ્યાનો તો ઉપાય એ છે જે,** 'ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો.'

**અને તે પછી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! કનિષ્ઠ વૈરાગ્ય ને મધ્યમ વૈરાગ્ય ને ઉત્તમ વૈરાગ્ય એ ત્રણ પ્રકારના વૈરાગ્યનું શું રૂપ છે?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "કનિષ્ઠ વૈરાગ્યવાળો જે હોય તે તો ધર્મશાસ્ત્રમાં કહ્યા જે સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમ તેમાં સારી પેઠે વર્તે ત્યાં સુધી તો એને ઠીક રહે પણ જો કોઈ સ્ત્રીના અંગને દેખી જાય તો તે અંગમાં એનું ચિત્ત ચોંટી જાય અને એનું ઠેકાણું ન રહે, **તેને કનિષ્ઠ વૈરાગ્યવાળો કહીએ.** અને જે મધ્યમ વૈરાગ્યવાળો હોય તે તો કદાચિત્ જો સ્ત્રીને ઉઘાડી થકી દેખી જાય તોય પણ જેમ પશુને ઉઘાડાં દેખીને ક્ષોભ થતો નથી તેમ તેના મનમાં ક્ષોભ ન થાય ને તે સ્ત્રીનાં અંગમાં ચિત્ત ચોંટી જાય નહિ, **તેને મધ્યમ વૈરાગ્યવાળો કહીએ** અને જે ઉત્તમ વૈરાગ્યવાળો હોય તેને તો જો કદાચિત્ એકાંતમાં સ્ત્રિયાદિક પદાર્થનો યોગ થાય તોપણ એ ડગે નહિ, **તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ.**"

**અને વળી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એ ત્રણ પ્રકારે જે ભગવાનનું જ્ઞાન તેનું શું સ્વરૂપ છે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "કનિષ્ઠ જ્ઞાનવાળો તે તો પ્રથમ ભગવાનનો પ્રતાપ દેખીને નિશ્ચય કરે અને પછી તેવો પ્રતાપ ન દેખાય ને ભગવાનનો કોઈક દુષ્ટ જીવ દ્રોહ કરતા હોય તેનું કાંઈ ભૂંડું ન થાય ત્યારે તેને નિશ્ચય રહે નહિ, **એને કનિષ્ઠ જ્ઞાનવાળો કહીએ.** અને મધ્યમ જ્ઞાનવાળો જે હોય તે તો જ્યારે ભગવાનનાં શુભ અશુભ એવાં મનુષ્ય ચરિત્રને દેખે ત્યારે તેમાં મોહ થાય ને નિશ્ચય રહે નહિ, **તેને મધ્યમ જ્ઞાનવાળો કહીએ** અને ઉત્તમ જ્ઞાનવાળાને તો એમ વર્તે જે ભગવાનને ગમે તેવી શુભ-અશુભ ક્રિયાને કરતા દેખીને પણ તેમાં મોહ થાય

નહિ ને નિશ્ચય જાય નહિ તથા જેણે પોતાને નિશ્ચય કરાવ્યો હોય ને તે જ વળી કહે જે, 'એ ભગવાન નથી' ત્યારે તેને એમ જાણે જે 'એનું માથું ફર્યું છે,' એવો જે હોય **તેને ઉત્તમ જ્ઞાનવાળો કહીએ.** અને તેમાં જે કનિષ્ઠ જ્ઞાનવાળો તે તો અનેક જન્મે કરીને સિદ્ધ થાય અને મધ્યમ જ્ઞાનવાળો બે ત્રણ જન્મે કરીને સિદ્ધ થાય અને ઉત્તમ જ્ઞાનવાળો તે જ જન્મે કરીને સિદ્ધ થાય.'' એવી રીતે વાર્તા કરી.

**ત્યાર પછી મોટા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનો નિશ્ચય તો સંપૂર્ણ હોય તોપણ અંતરમાં કૃતાર્થપણું મનાતું નથી તેનું શું કારણ છે ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક જે શત્રુ તેણે કરીને જેનું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય ને તેને નિશ્ચય હોય તોપણ પોતાને કૃતાર્થ માને નહિ.''

**પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ કામાદિક શત્રુ તો, તો ટળે; જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે, જેમ ધર્મરાજા છે તે પાપીને મારવાને અર્થે દંડ લઈને રાત દિવસ તૈયાર રહે છે. તેમ ઈન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિયોને દંડ દે અને અંતઃકરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે. તેમાં ઈન્દ્રિયોને કૃચ્છ્ચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે, તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય અને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને.''

**ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એક તો અતિશય દૃઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી અતિશય અસંગી માને અને એ દેહ ઈન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તોપણ પંચ વર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહિ અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તોપણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે

નહિ, સ્વામીસેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે અને પ્રત્યક્ષ મૂર્તિ જે ભગવાન તેને આકાશની પેઠે અતિશય અસંગી સમજે, જેમ આકાશ છે તે ચાર ભૂતમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે અને ચાર ભૂતની જે ક્રિયા તે આકાશને વિષે થાય છે તોપણ આકાશને એ પૃથ્વી આદિક ચાર ભૂતના વિકાર અડતા નથી, તેમ પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે.

**અને તે ભગવાનનાં જે અસંખ્યાત ઐશ્વર્ય છે તેને સમજે,** જે 'આ ભગવાન જીવોનાં કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તોપણ એ અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઈત્યાદિક જે ધામ તે સર્વના સ્વામી છે અને અનંત કોટિ એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વના સ્વામી છે.' એવો ભગવાનનો મહિમા જાણીને તે ભગવાનને વિષે શ્રવણાદિક ભક્તિને દૃઢ કરીને રાખે અને તે ભગવાનના ભક્તની સેવાચાકરી કરે. એવી રીતે જે વર્તે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ.''

**પછી નાના શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''**ક્યારેક તો ભગવાનના ભક્તનો મહિમા અતિશય સમજાય છે ને ક્યારેક તો અતિશય સમજાતો નથી તેનું શું કારણ છે ?**'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સંત છે તે તો ધર્મવાળા છે, તે જ્યારે કોઈકને અધર્મમાં ચાલતો દેખે ત્યારે તેને ટોકે પછી જે દેહાભિમાની હોય તેને સવળો વિચાર કરીને શિક્ષા ગ્રહણ કરતાં આવડે નહિ ને સામો તે સંતનો અવગુણ લે માટે જ્યાં સુધી એને દુ:ખાડીને કહે નહિ ત્યાં સુધી માહાત્મ્ય રહે ને જ્યારે હિતની વાત પણ દુ:ખાડીને કહે ત્યારે અવગુણ લે ને માહાત્મ્ય ન જાણે, અને જેને સંતનો અવગુણ આવ્યો તેને કોઈ રીતે પ્રાયશ્ચિતે કરીને પણ શુદ્ધ થવાતું નથી. જેમ કામાદિક દોષનાં પાપનિવારણ છે તેમ સંતના દ્રોહનું પાપનિવારણ છે નહિ. ને જેમ કોઈને ક્ષયરોગ થાય તેને ટાળ્યાનું કોઈ ઔષધ નથી, તે તો નિશ્ચય મરે, તેમ **જેને સંતનો અવગુણ આવ્યો તેને તો ક્ષયરોગ થયો જાણવો,** તે તો પાંચ દિવસ મોડોવહેલો નિશ્ચય

વિમુખ થશે અને વળી જેમ મનુષ્યનાં હાથ, પગ, નાક, આંખ્ય, આંગળીઓ એ આદિક જે અંગ તે કપાય તોપણ એ મનુષ્ય મૂઓ કહેવાય નહિ અને જ્યારે ધડમાંથી માથું કપાઈ જાય ત્યારે તેને મૂઓ કહેવાય, **તેમ હરિજનનો જેને અવગુણ આવે તેનું તો માથું કપાણું.** અને બીજા વર્તમાનમાં કદાચિત્ ફેર પડે તો અંગ કપાણું કહેવાય પણ તે જીવે ખરો, કહેતાં તે સત્સંગમાં ટકે ખરો, અને જેને સંતનો અવગુણ આવ્યો તે તો નિશ્ચય સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ જ થાય, એ એનું માથું કપાણું જાણવું.''

**પછી ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ઉપાય તો છે પણ અતિ કઠણ છે. તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું જે, માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહિ તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહિ. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહિ ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય.અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુઃખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય, તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય, પણ એ વિના બીજો કોઈ એનો ઉપાય નથી કહ્યો; એ જ એક ઉપાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧॥

## ॥ વચનામૃત બીજું : વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું ॥

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને**

**નરનારાયણ નામે અંકિત એવો જે કાળો કિનખાબ તેની ડગલી પહેરી હતી અને માથે બુરાનપુરી આસમાની રંગનો રેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કસુંબી રંગનો રેંટો કેડ્યે બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે દૂકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા.**

પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સર્વે પરમહંસ સાંભળો, હું તમને એક પ્રશ્ન પૂછું છું.'' ત્યારે **મુનિ બોલ્યા જે,** ''હે મહારાજ! પૂછો.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?**'' **પછી મુક્તાનંદ સ્વામી**એ જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો; પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી **બીજા પરમહંસ બોલ્યા જે,** ''હે મહારાજ, એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે. તે અમારી નજરમાં તો એમ આવ્યું છે જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે; તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિઃ એક તો **વિશ્વાસી,** બીજો **જ્ઞાની,** ત્રીજો **શૂરવીર,** ચોથો **પ્રીતિવાળો** એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો અને દેહ છતે કૃતાર્થપણું મનાય છે.

**હવે એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ,** તેમાં જે **વિશ્વાસી હોય તે તો** પ્રત્યક્ષ ભગવાન ને તેના સાધુ તેનાં વચનને વિષે અતિશય વિશ્વાસને પામ્યો છે; માટે તે ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહિ અને એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું.' અને **જ્ઞાનીને તો** આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે,'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું.' માટે એને પણ મૃત્યુનો ભય હોય

નહિ અને **શૂરવીર હોય તે** થકી તો ઈન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ, માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ માટે પોતાને કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહિ. અને **ચોથો જે પ્રીતિવાળો તેને** તો પતિવ્રતાનું અંગ છે, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહિ ને એક પોતાના પતિને વિષે જ પ્રીતિ રાખે, તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહિ. અને ચાર અંગ માંહીલું એક પ્રધાન હોય ને બીજાં ત્રણ ગૌણ હોય તોપણ જન્મ મૃત્યુના ભય થકી તરે છે અને ચાર માંહીલું એક પણ ન હોય તેને તો મૃત્યુનો ભય ટળે નહિ.''

એટલી વાર્તા કરીને **પછી શ્રીજી મહારાજ સર્વ પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે બોલ્યા જે,** 'એ ચાર માંહીલાં જેને જે અંગ પ્રધાનપણે વર્તતાં હોય તે કહો.'' પછી **પરમહંસ સમગ્રને જે જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં** અને હરિ-ભક્તને પણ જેને જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં, તે સાંભળીને શ્રીજી મહારાજ ઘણા પ્રસન્ન થયા. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો.'' પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતાં હતાં, તે સર્વે શ્રીજી મહારાજનાં ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યા. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વળી જેને પ્રશ્ન પૂછવો હોય તે પૂછો.'' **ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જે કારણ હોય તે તો કાર્યથી મોટું જોઈએ, ત્યારે વડનું બીજ તે તો નાનું છે ને તે થકી મોટો વડ કેમ થાય છે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''કારણ હોય તે તો નાનું હોય ને સૂક્ષ્મ હોય તોપણ મોટા કાર્યની ઉત્પત્તિ કરવાને સમર્થ છે, એ જ કારણમાં મોટાઈ છે.** જેમ મૂળ પ્રકૃતિનાં કાર્ય એવાં જે અનંત પ્રધાન તેનો મોટો વિસ્તાર છે પણ કારણરૂપ જે મૂળ પ્રકૃતિ તે તો સ્ત્રીને આકારે છે તથા પૃથ્વીનું

કારણ જે ગંધ તે સૂક્ષ્મ છે અને તેનું કાર્ય જે પૃથ્વી તે મોટી છે. એમજ આકાશ આદિક જે બીજાં ચાર ભૂત તેનો મોટો વિસ્તાર છે અને તેનાં કારણ જે શબ્દાદિક તે સૂક્ષ્મ છે. અને **જે કારણ હોય તે નાનું હોય તોપણ તે મોટા કાર્યને ઉત્પન્ન કરવા સમર્થ થાય એવી એમાં કળા રહી છે.** જેમ અગ્નિદેવ છે તે તો મનુષ્ય જેવો મૂર્તિમાન છે અને માણસ જેવડો છે અને તેનું કાર્ય જે અગ્નિની જવાળાઓ તે તો અતિ મોટી છે તથા જેમ વરુણની મૂર્તિ તે તો મનુષ્ય જેવડી છે અને તેનું કાર્યરૂપ જે જળ તે તો અતિ ઝાઝું છે. અને જેમ સૂર્યની મૂર્તિ તો મનુષ્ય જેવી રથમાં બેઠી છે અને તેનું કાર્ય જે પ્રકાશ તે તો આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યોછે તેમ સર્વના કારણ એવા જે શ્રીપુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ તેતો મનુષ્ય જેવડા છે તોપણ અનંતકોટિ બ્રહ્માંડના કારણ છે. અને જે **મૂર્ખ હોય તે તો એમ સમજે જે,** 'જેનું કાર્ય આવડું મોટું છે તો તેનું કારણ તો કેવડું મોટું હશે ?' એ તો મૂર્ખની સમજણ છે. અને સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે તોપણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંતકોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે ને પાછાં પોતાને વિષે લય કરવાને સમર્થ છે; જેમ અગ્નિ, વરુણ, સૂર્ય તે પોતાના કાર્યરૂપે મોટા જણાય છે ને વળી કાર્યને પોતામાં લીન કરીને એક પોતે જ રહે છે, તેમ ભગવાનના એક એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે રહ્યાં છે તે અષ્ટાવરણ ને ચૌદ લોક સુધ્ધાં રહ્યાં છે, એવી રીતે કારણમાં અલૌકિકપણું છે ને મોટાઈપણું છે, તેને સમજુ હોય તે જાણે જે 'ભગવાન મનુષ્ય જેવા જણાય તોપણ એ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે.'' એમ કહીને શ્રીજી મહારાજ શયન કરવા પધાર્યા. ॥ઈતિ વચનામૃતમ્ ॥૨॥૧૧૦॥

## વચનામૃત ૩જું : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૩ તેરશને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો**

**ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળીપછેડી ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી.**

તે સમયને વિષે શ્રીજી મહારાજને **ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ?** એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે." એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી. ગામ ડડુસરવાળા રજપૂત **ગલુજી** તથા ધર્મપુરવાળાં **કુશળકુંવરબાઈ** તથા **પર્વતભાઈ** તથા **રાજબાઈ** તથા **જીવુબાઈ** તથા **લાડુબાઈ** તથા મોટાં **રામબાઈ** તથા **દાદોખાચર** તથા **માંચો ભક્ત** તથા **મૂળજી બ્રહ્મચારી** તથા ભૂજવાળાં **લાધીબાઈ** ને **માતાજી** તથા **મુક્તાનંદ સ્વામી** તથા વાળાક દેશનો **આહીર પટેલ સામત** તથા ગામ માનકુવાના **મૂળજી** તથા **કૃષ્ણજી** તથા વાળાક દેશમાં **ગુંદાળી ગામના બે કાઠી** હરિભક્ત **ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા.**

**અને વળી એમ કહ્યું જે, "જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનનાં વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે." તે ઉપર પોતાની વાત કરી જે,** "અમારો સ્વભાવ કેવો હતો ? તો ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ' એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રી રામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું. તોપણ સ્વામીએ ભૂજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તેમણે કહ્યું જે,

'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' **પછી અમે સ્વામીનાં દર્શન થયાં મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.** એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ.'' અને પછી **સુંદરજી સુતાર** ને **ડોસા વાણિયા**ની વાત કરી. અને વળી જેને ભગવાનનો ને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે એમ કહીને **રાણા રાજગર**ની વાર્તા કરી અને **પ્રહ્‌લાદ**ની વાર્તા કરી જે, ''પ્રહલાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, 'હે મહારાજ! હું આ તમારા વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો; ને તમે જ્યારે મારા ઈન્દ્રિયો રૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.' માટે જે ભગવાનનો ભક્ત હોય તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે ને રક્ષા ન કરે તેણે કરીને શોક ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે. અને ભગવાન ને સંત તેનું માહાત્મ્ય બહુ જાણે.'' તે ઉપર ગામ **કઠલાલની ડોસી**ની વાત કરી. ''અને **આવી રીતનો જે હરિભક્ત હોય તેનો દેહ** પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઈત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તોપણ એમ સમજે જે, 'ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ એ તો ભગવાનના ધામને જ પામે અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનનાં લાકડાંમાં સંસ્કારે યુક્ત બળે તોપણ તે તો નિશ્ચય યમપુરીમાં જાય.' એ બેની વિક્તિ સારી પેઠે સમજે. એ સર્વે પ્રકારની જેના હૃદયમાં દૃઢ ગાંઠ પડી જાય તેને ભગવાન ને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે એમ જાણવું અને એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મમહોલમાં જ પૂગે પણ બીજે ક્યાંઈ કોઈ ધામમાં ઓરો રહે નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩ ॥ ૧૧૧ ॥

## વચનામૃત ૪થું : ભગવાનમાં કુતર્ક થાય તો માયાને તર્યો ન કહેવાય તેનું

**સંવત્ ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૪ ચૌદશને દિવસ પહોર એક દિવસ ચઢતે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં**

વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી અખંડાનંદ સ્વામીએ** શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **''અનંત કોટિ બ્રહ્માંડ છે તે બ્રહ્માંડને વિષે જેવી આ બ્રહ્માંડમાં વર્તમાન કાળે ભગવાનની મૂર્તિ છે તેવી ને તેવી જ દેખાય છે કે નથી દેખાતી ?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાન પોતે પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે અને મૂળ માયામાંથી ઊપજ્યા જે અનંતકોટિ પ્રધાનપુરુષ તે થકી અનંતકોટિ બ્રહ્માંડ ઊપજે છે. પછી તે ભગવાન પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને તે અનંતકોટિ બ્રહ્માંડને વિષે પોતાના ભક્તને અર્થે અનંત રૂપે દેખાય છે.''

પછી વળી **અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **''શ્રીકૃષ્ણ નારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે ને તે ભગવાનનું સ્વરૂપ સર્વકાળે સત્ય છે. અને તે જ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ? અને વળી બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીતિ તથા ભગવાનની મૂર્તિ તે એકસરખી છે કે જુદીજુદી છે ?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનની મૂર્તિ તો સદા એકસરખી છે, તોપણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદા દ્વિભુજ છે, તોપણ પોતાની ઈચ્છાએ કરીને કયાંઈ ચાર ભુજ, ક્યાંઈ અષ્ટભુજ, ક્યાંઈ અનંત ભુજને દેખાડે છે તથા મત્સ્ય-કચ્છાદિક રૂપે કરીને ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે ને પોતે તો સદા એકરૂપે જ વિરાજમાન રહે છે ને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડને વિષે અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે.

જેમ વ્યાસજી એક હતા તેણે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર-જંગમ

સર્વે જીવમાં રહીને સાદ કર્યો અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવર જંગમ સર્વે સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો. એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ જે સર્વ જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે. તે તો ભગવાનના ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાને પામ્યા છે, તો પોતે ભગવાન પુરુષોત્તમ તે તો યોગેશ્વર છે ને સર્વ યોગકળાના નિધિ છે, તે એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ભાસે છે તેમાં શું કહેવું ? અને એ ભગવાનમાં એમ હોય તેનું શું આશ્ચર્ય છે ?

**કેમ જે, કોઈક ગોડિયો હોય તે** તુચ્છ માયાને જાણે છે તેમાં પણ લોકોને કેવું આશ્ચર્ય થાય છે ને તેની યથાર્થ ખબર પડતી નથી; તો ભગવાનમાં તો સર્વ યોગકળાઓ રહી છે તે મહા આશ્ચર્યરૂપ છે, તેને જીવ કેમ જાણી શકે ? માટે ભાગવતમાં કહ્યું છે જે, 'આટલા ભગવાનની માયાને તર્યા છે.' અને વળી એમ કહ્યું છે જે, કોઈ ભગવાનની માયાના બળને પાર પામ્યા નથી.' તેણે કરીને એમ જાણવું જે, એ ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય. તે કુતર્ક તે શું ? તો જે, એ ભગવાન તે કેમ એમ કરતા હશે?' અને ભગવાનને એમ સમજે જે, **'એ તો સમર્થ છે તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે.' એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય.**

અને કલ્યાણની રીતિ તો એકસરખી છે પણ ભજનારા જે પુરુષ તેને વિષે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થયા છે. અને વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ** શ્રીજી મહારાજને કહ્યું જે, ''ઝીણોભાઈ તો આજ બહુ દિલગીર થયા અને એમ બોલ્યા જે, જ્યારે મહારાજ અમારે ઘેર

આવ્યા નહિ ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે?'' એ વાત સાંભળીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મૂંઝાઈને રીસે કરીને જે પ્રેમ કરે તે પ્રેમ અંતે નભવાનો નહિ. અને રીસવાળાની ભક્તિ તથા પ્રેમ એ સર્વે અંતે ખોટાં થઈ જાય છે. માટે મૂંઝાઈને ઝાંખું મુખ કરવું તે તો અતિ મોટી ખોટ છે.'' પછી ઝીણાભાઈએ કહ્યું જે, ''ભગવાન ને ભગવાનના સંત તે પોતાને ઘેર આવે ત્યારે મુખ પ્રફુલ્લિત થયું જોઈએ અને જ્યારે ભગવાન ને સંત ન આવે ત્યારે તો મુખ ઝાખું થયું જ જોઈએ અને હૈયામાં શોક પણ થયો જોઈએ.''

પછી **એ વાર્તા સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાન ને સંત તે આવે ત્યારે રાજી થવું પણ શોક તો ક્યારેય પણ કરવો નહિ. અને જો શોક કર્યાનો સ્વભાવ હોય તો અંતે જરૂર કાંઈક ભૂંડું થયા વિના રહે નહિ. માટે પોતપોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેને રાજી થકા પાળવી પણ પોતાનું ગમતું કરવા સારુ કોઈ રીતે મૂંઝાવું નહિ. અને ભગવાન ક્યાંઈક જવાની આજ્ઞા કરે ને જો શોક કરીને મૂંઝાય તો પ્રથમ જે ભગવાને દર્શન આપ્યાં હોય તથા પ્રસાદ આપ્યો હોય તથા અનંત પ્રકારની જ્ઞાનવાર્તા કરી હોય ઈત્યાદિક ક્રિયાએ કરીને જે પોતાને સુખ પ્રાપ્ત થયું હોય તે જતું રહે અને મૂંઝવણે કરીને બુદ્ધિમાં એકલો તમોગુણ છાઈ જાય. તેણે કરીને કેવળ દુઃખિયો થકો જ જ્યાં મૂકે ત્યાં જાય. પછી એ મૂંઝવણે કરીને આજ્ઞા પણ યથાર્થ પળે નહિ, **માટે ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તોપણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહિ.**'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૪॥

## ॥ વચનામૃત ૫મું : ઈન્દ્રિયો અંતઃકરણ જીત્યાનું, કપટીનું ॥

સંવત્ ૧૮૭૭ના કાર્તિક વદિ અમાસને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની

**આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે** સર્વ પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **''કેટલા સંકલ્પ કહેવાય ત્યારે નિષ્કપટ કહેવાય ને કેટલા સંકલ્પ ન કહેવાય ત્યારે કપટી કહેવાય?''** પછી પરમહંસ વતે એનો ઉત્તર ન થયો. **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પંચવર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહીલો સંકલ્પ થયો હોય ને તેને જે સંતની આગળ ન કહે તેને કપટી જાણવો.''

**પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે** **''એવો કપટી હોય ને તે ડાહ્યો હોય તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખીએ ?''** ત્યારે એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો. **ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,** **''એ તો એમ ઓળખાય જે** એનો સહવાસ હોય ને ખાધે-પીધે, બેઠતે-ઊઠતે, ચાલતે-હાલતે પોતા ભેળો રહેતો હોય ત્યારે પોતે તેની ખબર રાખે ને પોતાથી નોખો પડે ત્યારે પણ બીજા માણસ પાસે તેની છાની ખબર રખાવે, ત્યારે તેનું કપટ ઓળખ્યામાં આવે.'

**પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''દંભે કરીને વર્તમાન પાળે ને દંભે કરીને ભગવાનનો નિશ્ચય રાખતો હોય ને તે પોતે બુદ્ધિવાળો હોય ને માની હોય તે પોતાના વર્તમાન ને પોતાના નિશ્ચયને બીજાના સાચા વર્તમાન ને નિશ્ચય તેની આગળ અધિક કરી દેખાડતો હોય ત્યારે તેને એમ કેમ કળીએ જે **એનાં દંભે કરીને વર્તમાન ને નિશ્ચય છે ?''** ત્યારે એ પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસ વતે ન થયો, **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય, નહિ તો ન કળાય.''

**અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''ભગવાનનો નિશ્ચય તથા વર્તમાન તે બેમાંથી કેવો ઘાટ હોય તે પાડે અને કેવો ઘાટ હોય તોપણ ન પાડે ?**

**અને તેનો અવધિ હોય તે કેવો જે, ક્યાં સુધી એ ઘાટ રહે તે ધર્મમાંથી પાડે ને ભગવાનના નિશ્ચયમાંથી પાડે ?''** ત્યારે એનો ઉત્તર પણ પરમહંસ વતે થયો નહિ, **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ઘાટને ટાળ્યાનો જતન કરે, તો પણ ટળે નહિ એવો જે કાંઈક ધર્મ પાળ્યામાં અયોગ્ય ઘાટ રહેતો હોય અને તે ઘાટ પંદર દિવસ તથા મહિના સુધી ન થાય ને વળી કોઈક દિવસ પ્રગટ થઈ આવે, એવો જે ઘાટ તે ધર્મમાંથી પાડે અને એમ જ ભગવાનના નિશ્ચયમાં પણ જાણવું. અને જે ઘાટ થયો ને તેને વિચારે કરીને ટાળી નાખે ને પાછો ફરીને તે ઘાટ થાય નહિ એવો જે ઘાટ તે એ બેમાંથી પાડી શકે નહિ.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''સત્સંગમાં દૃઢ પાયો કેનો થાય ને કેનો ન થાય ?''** પછી એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો, **ત્યારે શ્રીજી મહારાજે કર્યો જે,** ''જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી.''

**પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''સંત તથા શાસ્ત્ર તથા પોતાનો વિચાર એ ત્રણે હોય ત્યારે અતિશય ઈન્દ્રિયો, અંતઃકરણ જિતાય કે એમાંથી એકે વાનું હોય તો પણ જીતાય? અને જો એમ કહેશો જે એ ત્રણે વાનાં ભેળાં હોય તો જીતાય ત્યારે સંત પાસેથી કેવી યુક્તિ શીખવી ? અને શાસ્ત્રમાંથી શી યુક્તિ શીખવી ? અને પોતાને વિચારે કરીને શી યુક્તિ શીખવી ?** તે કહો.'' ત્યારે એનો ઉત્તર પણ પરમહંસથી થયો નહિ, **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શાસ્ત્રે કરીને તો ભગવાન તથા સંત તેનું માહાત્મ્ય સમજવું અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઈન્દ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે, 'આવી રીતે નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્યવાર્તા ન સાંભળવી.' ઈત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી. અને તે સંતે શિખાવી જે યુક્તિ તેને

પોતાને વિચારે કરીને પોતાના કલ્યાણને અર્થે સવળી સમજીને માનવી ને તેમ વર્તવા લાગવું. એમ ત્રણે વાનાંએ કરીને ઈન્દ્રિયો-અંતઃકરણ જીતાય છે.''

અને તે પછી વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''**ઈન્દ્રિયોને જીત્યે અંતઃકરણ જીતાય છે કે અંતઃકરણને જીત્યે ઈન્દ્રિયો જીતાય છે ?**'' પછી એ પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો, ત્યારે **શ્રીજી મહારાજે કર્યો જે,** ''બાહ્ય ઈન્દ્રિયોને દેહદમને કરીને જીતે અને દેહદમને કરીને બાહ્ય ઈન્દ્રિયો જીતાણી હોય, તોપણ પાંચ વર્તમાનના નિયમમાં દૃઢ થઈને રહેતો હોય, તો બાહ્ય ઈન્દ્રિયો જીતવે કરીને અંતઃકરણ જીતાય પણ એકલે અંતઃકરણને જીતવે કરીને બાહ્ય ઈન્દ્રિયો જીતાય નહિ. અને બાહ્ય ઈન્દ્રિયોને જીતવે કરીને તો અંતઃકરણ જીતાય છે, કેમ જે જો બાહ્ય ઈન્દ્રિયોને જીતે ને વિષયમાં પ્રવર્તવા દે નહિ ત્યારે અંતઃકરણ માંહીલી કોરેથી નિરાશ થઈ જાય છે જે, ''આ દેહે કરીને આ વાત બનવાની નથી.''

**અને તે પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''**બાહ્ય ઈન્દ્રિયો શાણે કરીને જીતાય ને અંતઃકરણ શાણે કરીને જીતાય ?**'' પછી એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો, ત્યારે **શ્રીજી મહારાજે કર્યો જે,** ''ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ્ ચાંદ્રાયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજનસ્મરણમાં બેસે તથા આસન જીતે, ઈત્યાદિક સાધને કરીને બાહ્ય ઈન્દ્રિયો જીતાય છે. અને ભગવાનના માહાત્મ્યનો વિચાર ને ભગવાનનું ધ્યાન તથા આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જીતાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫ ॥ ૧૧૩ ॥

## ॥ વચનામૃત ૬ઠું : સંગશુદ્ધિનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર સુદિ ૧ પડવાને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો ફેંટો બાંધ્યો**

હતો તથા બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી ને તે ધોળા ફેંટાનું છોગલું માથે લટકતું હતું ને ચોફાળ ઓઢ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન માન્યું છે?''** પછી એ પ્રશ્નનો ઉત્તર પરમહંસ વતે ન થયો, **ત્યારે શ્રીજી મહારાજે કર્યો જે, ''એકાંતિકપણું એમાં આવે એ અતિશય દુર્લભ છે.** તે એકાંતિકપણું તે શું ? તો ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.''

પછી વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''ધર્મ સંબંધી સાધનમાં એવું કયું સાધન છે જે એક રાખ્યે કરીને સર્વે ધર્મ રહે ?** ને ભગવાન સંબંધી જે ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા એ આદિક સાધન છે તેમાં એવું એક સાધન કયું છે જે **આપત્કાળ હોય ને સર્વે જાય ને જો એક રહે તો સર્વે રહે ?''** **પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** 'ધર્મ સંબંધી સાધનમાં તો એક **નિષ્કામપણું** હોય તો સર્વે સાધન આવે અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે **નિશ્ચય** રહે તો સર્વે આવે.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''કેવી મતિ એક પ્રકારની રાખ્યે રૂડું થાય ને તેને જો ફેરવીએ તો ભૂંડું થાય અને કેવી મતિને વારંવાર ફેરવીએ તો રૂડું થાય ને ન ફેરવીએ તો ભૂંડું થાય?''** **પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ભગવાનના નિશ્ચય રૂપ જે મતિ તેને તો ફરવા જ દેવી નહિ. ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ વારંવાર કર્યા કરવી તો રૂડું થાય ને એ મતિને વારંવાર ફેરવે તો ભૂંડું થાય. અને પોતે પોતાના મનને જાણ્યે જે મતિમાં નિશ્ચય કર્યો હોય જે, 'મારે આમ કરવું છે' તે મતિને સંતને વચને કરીને વારંવાર ફેરવવી ને સંત કહે જે,'અહીં બેસવું નહિ ને આ કરવું નહિ.' તો તે ઠેકાણે બેસવું નહિ ને તે કરવું નહિ. એવી રીતે મતિને ફેરવે તો રૂડું થાય ને એ મતિને ફેરવે નહિ ને પોતાનું ધાર્યું કરે તો ભૂંડુ થાય.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,''કેવી જાતનો સત્સંગી અથવા**

**પરમહંસ હોય અને ધર્મમાં સંપૂર્ણ રહેતો હોય ને તેને પાસે બેસીએ ને વાત સાંભળીએ તો દોષ લાગે ?''** **ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''જેને ભગવાનનો નિશ્ચય હોય ને ધર્મમાં પણ પોતે રહેતો હોય તોપણ જો તેને વ્યવહારમાં આસક્તિ હોય તથા દેહાભિમાન હોય તથા માન હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે, તો તે ભગવાનનો ને સંતનો અવગુણ જરૂર લે. પછી બીજાને આગળ પણ ભગવાનના તથા સંતના અવગુણની વાત કરીને તેને વિમુખ જેવો કરે,એવો જે હોય તેનો કોઈ રીતે સંબંધ ન રાખવો અને રાખે તો ભૂંડું થાય.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''કેવો સાધુ હોય ને તે ધર્મમાં રહેતો હોય ને નિશ્ચય પણ હોય તોપણ તેને ભેળે નાવા જવું નહિ ને પાસે પથારી કરવી નહિ ને તેની વાત પણ ન સાંભળવી ?''** **પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,**''જે સંત હિંમત રહિત વાત કરતો હોય જે,'શું એક જન્મે કરીને નિષ્કામા -દિક ગુણ આવે છે ? એ તો ભગવાન કૃપા કરે તો આવે, નહિ તો અનેક જન્મે કરીને કલ્યાણ થાય પણ આ જ દેહે કરીને શું કલ્યાણ થાય છે ?' એવી રીતે જે હિંમત રહિત વાત કરતો હોય તેના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.

**અને જે એમ કહેતો હોય જે,** ''આ ને આ દેહે કરીને કૃતાર્થ થયા છીએ ને કામ, ક્રોધ,મદ, મત્સર, માન ઈત્યિાદિક દોષનો શો ભાર છે ? ભગવાન ને સંતના પ્રતાપે કરીને એ સર્વેનો નાશ કરી નાખીશું.' એમ જે કહેતો હોય ને તે કામાદિક દોષને નાશ કરવાના ઉપાયમાં તત્પર થઈને મંડ્યો હોય તેનો સંગ સર્વ પ્રકારે કરવો.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,'કેવો સાધુ હિંમત સહિત વાત કરતો હોય તો પણ તેનો ત્યાગ કરવો ?''** **પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''જે સંત કેવળ પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય અને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ ન રાખે અને એમ ન સમજે જે, 'આ સાધને કરીને ભગવાનને રાજી કરવા છે' તો તેનો પણ ત્યાગ કરવો.

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "કેવો સાધુ હોય તેનો સંગ કરવો ને કેવાનો ન કરવો ?"** **ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** 'વર્તમાન પણ સૂધાં સારાં પાળતો હોય ને નિશ્ચય સૂધો હોય ને તે પાસે આપણ રહેતા હોઈએ ને આપણને ટોકે નહિ ને પંપોળીને રાખે ને જાપરો રાખે, તો તે મુક્તાનંદ સ્વામી જેવો લોકવ્યવહારે મોટો કહેવાતો હોય તેનો પણ સંગ ન કરવો. અને જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહિ ને તે લોકવ્યવહારે મોટો ન કહેવાતો હોય તોપણ તેનો સંગ કરવો.''

પછી વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જે સંતમાં બધા ગુણ સારા મોટા મોટા ભક્તિ-જ્ઞાનાદિક હોય પણ તેમાં એક એવો ક્યો ભૂંડો દોષ હોય જેણે કરીને તેનો સંગ ન કરીએ?"** **ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** "જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે, 'હમણાં કરીશું, શી ઉતાવળ છે ? ધીરે ધીરે થશે.'એમ બોલે તે સૂધો સારો હોય તો પણ તેનો સંગ ન કરવો.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,"સૂધી સારી વાત કરતો હોય પણ તેની વાત ન સાંભળીએ એવો એની વાણીમાં શો દોષ જાણવો?"** **ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** "વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તેની જ અહંકારે કરીને પોતે સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે જ્ઞાન, ભક્તિ આદિક ગુણ તેની કાંઈક ન્યૂનતા દેખાડે, એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'જેની વાણીમાં તો કુત્સિતપણું હોય, તોપણ તે વાણીને અમૃતની પેઠે પાન કરીએ એવી તે કઈ વાણી છે ?"** **પછી તેનો પણ પોતે ઉત્તર કર્યો જે,** 'જે સંત વાત કરે ત્યારે પોતે પોતાનાં સંબંધી, માબાપ, બોન, ભાઈ તથા પોતાની જાતિ તેની કુત્સિત શબ્દે કરીને નિંદા કરતો હોયતો તેની તે વાણી સારી જાણવી, શા સારુ જે તે વાણીને જે સાંભળે

તેને તે સંતની કોરનો એમ ગુણ આવે જે, 'આ સંતને તો કોઈ રીતે પોતાના દેહ સંબંધી આદિકમાં હેત નથી' માટે તે વાણીને અમૃતની પેઠે પાન કરવી.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'ક્યે ઠેકાણે માન રાખવું ને ક્યે ઠેકાણે માન ન રાખવું ?'' પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''ભગવાનનો દૃઢ આશ્રિત હોય ને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય તોપણ તે આગળ માન ન રાખવું ને જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડીગયો હોય તેને આગળ તો માન રાખવું પણ તેથી દબાઈ જવું નહિ ને પ્રશ્નોત્તરમાં તેના વેણ ઉપર વેણ લાવવું.

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,''ક્યે ઠેકાણે ભગવાનનાં દર્શનાદિકને વિષે તથા સંતને વિષે હેત ન રાખવું ને કયે ઠેકાણે રાખવું ?'' ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''અમે સર્વે સંતને સાધારણપણે કહેતા હોઈએ જે,'બુરાનપુર તથા કાશીએ કોણ જશે?'' ત્યારે કોઈ બોલે નહિ ત્યારે તે સભામાંથી પોતે ઊઠીને અમને એમ કહેવું જે,'કહો તો હે મહારાજ ! હું જાઉં', એમ કહીને અમારી આજ્ઞા લઈને ત્યાં જવું. એવે ઠેકાણે અમારી પ્રસન્નતાને અર્થે અમારાં દર્શનાદિકનું તથા સંત સમાગમનું હેત પણ ન રાખવું.

**અને અમે તથા સંત તે જેને કચવાણા હોઈએ** ને વઢીને તિરસ્કાર કરીને બહાર કાઢી મૂક્યો હોય ને તે શોકે કરીને રોતો હોય ને તે પાસે કોઈ એકડમલ વિમુખ જેવો આવીને સંતનો અથવા અમારો અવગુણ કહેવા લાગે ત્યારે તેની આગળ તે સંતની કોરનું ને ભગવાનની કોરનું બહુ હેત જણાવે અને એમ કહે જે, 'હું તો એનો વેચાણ છું ને મારા કટકા કરી નાખે તોપણ મારે એમનો અવગુણ ન આવે, એતો મારા કલ્યાણના કરતલ છે.' એવી રીત તે ઠેકાણે અતિશય હેત જણવે.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''જેણે કરીને ભગવાન રાજી થતા હોય તોપણ તે કરવું નહિ અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તોપણ તે કરવું એવું તે શું છે?'' પછી એનો ઉત્તર પણ પોતે કર્યો જે,**''અમે કોઈક વચન કહીએ ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું કહેતાં તેમાં

ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહિ. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, 'અશ્વત્થામાનું માથું કાપી નાખો.' પછી તે વચન અર્જુને ન માન્યું, તેમ એવી રીતનું જે વચન તેમાં અમે રાજી થતા હોઈએ તોપણ ન માનવું તથા પંચવર્તમાન સંબંધી જે નિયમ કહ્યા છે, તેમાંથી જેણે કરીને ભંગ થતો હોય એવું જે વચન તે ન માનવું અને એ બે વચન ન માનીએ ને ભગવાન કચવાતા હોય તો સારી પેઠે કચવાવવા પણ તેમાં રાજી ન કરવા.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''ભગવાનનું ધ્યાન કરતે થકે મનને વિષે અનેક પ્રકારના ભૂંડા ઘાટના તરંગ ઊઠવા માંડે, જેમ સમુદ્રના મોટા મોટા તરંગ ઊઠે તેમ ભૂંડા ઘાટ ઊઠવા લાગે ત્યારે તે ઘાટને કેમ ટાળવા ?''** **પછી એનો ઉત્તર પણ પોતે કર્યો જે,** 'જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને **'સ્વામિ--નારાયણ, સ્વામિનારાયણ'** ભજન કરવું. અને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી, તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''આ સત્સંગમાં જે અતિ મોટો ગુણ જણાતો હોય ને તે ગુણનાં સર્વે વખાણ કરતા હોય તોપણ તે ત્યાગ કરવા યોગ્ય હોય એવો કયો ગુણ છે ? અને દોષ હોય ને તે ગ્રહણ કરવા યોગ્ય હોય એવો કયો દોષ છે ?''** ત્યારે **તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય કેમ જે એમની બરોબર વર્તાય નહિ. તે સારુ એ ગુણ યદ્યપિ મોટો છે તોપણ તેનો ત્યાગ કરીને સર્વ સંતને બરોબર વર્તવું અને બરોબર વર્તવારૂપ દોષ છે તો પણ એનું ગ્રહણ કરવું.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''આ સંતમાં એવો કયો એક દોષ છે જે, જેનો ત્યાગ કરે ત્યારે સર્વે દોષમાત્રનો ત્યાગ થઈ જાય અને એવો કયો એક**

**ગુણ છે જે, એક આવ્યે સર્વે ગુણ આવે?''** ત્યારે **તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે અને 'હું તો દેહથી નોખો જે આત્મા તે છું.' એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણમાત્ર આવે છે.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''કેવા પંચવિષયને સેવવે કરીને બુદ્ધિમાં પ્રકાશ થાય છે અને કેવા પંચવિષયને સેવવે કરીને બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે?''** ત્યારે **તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''ભગવાન સંબંધી જે પંચવિષય તેને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે અને જગત સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''કેવો દેશ, કેવો કાળ, કેવો સંગ, કેવી ક્રિયા જેનો સંબંધ ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન કરવો ?''** ત્યારે **એનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''જે દેશમાં રહ્યે થકે પોતાના દેહનાં સંબંધીનો વારંવાર બેઠા ઊઠ્યાનો યોગ થતો હોય તો તે દેશમાં ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન રહેવું. અને અમારાં દર્શન થતાં હોય ને તે ભેળે સ્ત્રીઓનાં દર્શન થતાં હોય, એવો સંગ તથા ક્રિયા હોય ત્યાં અમે બેસાડીએ અને કહીએ જે, 'અમારાં દર્શન કરો.' તોપણ તે ઠેકાણે બેસવું નહિ, કોઈક મિષ લઈને ઊઠી જવું અને જે કાળમાં વિષમપણું વર્તતું હોય ને મારકૂટ થતી હોય ને જો ભગવાનની આજ્ઞા હોય, તોપણ ત્યાંથી ચાલી નીકળવું પણ તે જ ઠેકાણે રહીને માર ન ખાવો.''

અને વળી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''ક્યા શાસ્ત્રોને સાંભળવાં ને ભણવાં અને ક્યા શાસ્ત્રોને ન સાંભળવાં ને ન ભણવાં ?''** પછી **તેનો ઉત્તર પણ પોતે કર્યો જે,** ''જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય અને તે ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સૂધા બુદ્ધિવાનના કરેલા હોય તોપણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને

સાંભળવા પણ નહિ અને જો રણછોડ ભક્તના જેવાં કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન હોય તો તેને ગાવવાં ને સાંભળવાં તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬ ॥

## વચનામૃત ૭મું : ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ પહોંચ્યાનું

**સંવત્ ૧૮૭૭ના માગશરસુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે ધોળી પાઘનું છોગલું વિરાજમાન હતું તથા ધોળી છીંટની ડગલી પહેરી હતી અને રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને **તે સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજી મહારાજને આપ્યું.** પછી તે પુસ્તકને જોઈને બહુ રાજી થયા અને પરમહંસ પ્રત્યે બોલ્યા જે, ''આજ તો ભારે ભારે પ્રશ્ન પૂછો તો વાત કરીએ.''

**ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''શ્રુતિમાં કહ્યું છે જે, **'ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ' 'તમેવ વિદિત્વાતિમૃત્યુમેતિ નાન્યઃ પન્થા વિદ્યતેઽયનાય ॥'** એ શ્રુતિમાં એમ કહ્યું જે, 'ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે.' **ત્યારે શાસ્ત્રમાં જે બીજાં સાધન કલ્યાણને અર્થે બતાવ્યાં છે તેનું શું પ્રયોજન છે ? કેમ જે કલ્યાણ તો જ્ઞાને કરીને જ થાય છે ?''**

એવા પ્રશ્નને સાંભળીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**જ્ઞાન તે જાણવાનું નામ છે.**'' **ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે,** ''જાણવું એ જ જ્ઞાન હોય તો શાસ્ત્રે કરીને ભગવાનને સર્વે જગત જાણે છે, તેણે કરીને સર્વેનું કલ્યાણ થતું નથી.' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા તેણે કરીને જેમ કલ્યાણ નથી તેમ જ રામ કૃષ્ણાદિક ભગવાનના અવતાર હતા ત્યારે તેમને સર્વે મનુષ્યે પ્રત્યક્ષ દીઠા હતા તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ?''

**ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''જેણે ભગવાનને પ્રત્યક્ષ દીઠા હોય

તેનું તો જન્માંતરે કલ્યાણ થાય છે.'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેણે શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે. કાં જે, જેને શાસ્ત્રે કરીને જાણ્યા છે તેને જ નેત્રે કરીને દેખે છે અને જેને નેત્રે કરીને દેખે છે તેને જ શાસ્ત્રે કરીને જાણે છે; માટે બેયનું બીજબળ બરોબર થાય છે ને બેયનું જન્માંતરે કલ્યાણ પણ બરોબર છે. કેમ જે, શ્રવણે કરીને ભગવાનને સાંભળ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સાંભળ્યા જ કહેવાય અને ત્વચાએ કરીને સ્પર્શ કર્યો તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સ્પર્શ કર્યો જ કહેવાય. અને નેત્રે કરીને જોયા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે જોયા જ કહેવાય. અને નાસિકાએ કરીને સૂંઘ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સૂંઘ્યા જ કહેવાય. અને જિહ્વાએ કરીને વર્ણન કર્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે વર્ણન કર્યા જ કહેવાય. **એવી રીતે બાહ્ય ઈન્દ્રિયોએ કરીને જ્ઞાન છે તથા અંતઃકરણે કરીને જે જ્ઞાન છે, અને અંતઃકરણ ઈન્દ્રિયો પર જે જીવસત્તા તદાશ્રિત જે અનુભવ જ્ઞાન છે, તેમાંથી તમે કયા જ્ઞાનને કહો છો ?**

**અને જે ભગવાન છે તેણે તો** આ જગતની ઉત્પત્તિને અર્થે અનિરુદ્ધ એવું સ્વરૂપ ધાર્યું છે, જેને વિષે સ્થાવર-જંગમરૂપ જે વિશ્વ તે સાવકાશે કરીને રહ્યું છે. અને સંકર્ષણરૂપે કરીને જગતનો સંહાર કરે છે અને પ્રદ્યુમ્નરૂપે કરીને જગતની સ્થિતિ કરે છે તથા મત્સ્ય-કચ્છાદિક અવતારનું ધારણ કરે છે. એવી રીતે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા કાર્યની સિદ્ધિને અર્થે તેવા રૂપનું ગ્રહણ કરે છે. તેમાં કોઈ કાર્ય તો એવું છે જે, જેમાં અંતઃકરણ ઈન્દ્રિયો નથી પૂગતાં, કેવળ અનુભવજ્ઞાને કરીને જ જણાય છે; ત્યારે તેવાં કાર્યની સિદ્ધિને અર્થે ભગવાન પણ તેવા સ્વરૂપનું ધારણ કરે છે અને કોઈ કાર્ય એવું છે જે ઈન્દ્રિયો અંતઃકરણે કરીને જાણ્યામાં આવે છે ત્યારે તે કાર્યની સિદ્ધિને અર્થે ભગવાન પણ તેવા જ થાય છે. માટે **તમે ક્યા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને કલ્યાણ થાય એમ પૂછો છો ?''**

**ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે,** ''જે ભગવાનના સ્વરૂપને વિષે

ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે પૂગે એવા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને મોક્ષ થાય એમ કહીએ છીએ.''

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એવા જે ભગવાન તે તો શ્રીકૃષ્ણ છે. તે તો પોતે પોતાને એમ કહે જે :

**'યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥'**
**'વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ ।'**
**'મત્તઃ પરતરં નાન્યત્કિંચિદસ્તિ ધનંજય! ।**
**મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ ॥'**
**'પશ્ય મે પાર્થ ! રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ।**
**નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥'**

ઈત્યાદિક વચને કરીને પોતે પોતાને ઈન્દ્રિયો અંતઃકરણ થકી અગોચર કહે છે. માટે ભગવાનને તત્ત્વે કરીને સમજવા તે તો એમ છે જે, ઈન્દ્રિયો અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે. અને કોઈક સાધને કરીને બ્રહ્મસ્વરૂપને પામ્યો હોય તે પણ જો પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે તો તે પણ પૂરો જ્ઞાની ન કહેવાય.

માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે - **'નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવવર્જિતં ન શોભતે જ્ઞાનમલં નિરંજનમ્ ।'** તથા ગીતામાં કહ્યું છે જે :

**''કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ।**
**અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥''**

અકર્મ જે જ્ઞાન તેને વિષે પણ જાણવું રહ્યું છે, તે શું ? તો જે બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ

પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે. તે ભકિત તે શું ? તો જેમ શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદનપુષ્પાદિ નાના પ્રકારની પૂજા સામગ્રીએ કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે, તેમ એ પણ બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન-પુષ્પ, શ્રવણ-મનનાદિકે કરીને કરે. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે,

**'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્‌ભક્તિં લભતે પરામ્‌ ॥'**

માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય અને

**'ભૂમિરાપોડનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥'**

એ વ્યાપ્ય એવી જડ પ્રકૃતિ છે અને

**'અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્‌ ।**
**જીવભૂતાં મહાબાહો ! યયેદં ધાર્યતે જગત્‌ ॥'**

એ વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ છે. અને જે પ્રત્યક્ષ ભગવાન છે તે કેવા છે? તો એ અષ્ટ પ્રકારની જે વ્યાપ્ય પ્રકૃતિ અને તેને વિષે વ્યાપક એવી જે ચૈતન્ય પ્રકૃતિ તે બેયના આધાર છે. જેમ આકાશ છે તે પૃથિવ્યાદિક ચાર તત્ત્વોનો આધાર છે. અને પૃથ્વીની જ્યારે સંકોચ અવસ્થા થાય છે તે ભેળો આકાશ પણ સંકોચને પામે છે ને પૃથ્વીની વિકાસ અવસ્થા થાય છે તે ભેળી આકાશની પણ વિકાસ અવસ્થા છે તથા જળ, તેજ અને વાયુની સંકોચ-વિકાસ અવસ્થા ભેળી આકાશની પણ સંકોચ-વિકાસ અવસ્થા છે અને પૃથિવ્યાદિ તત્ત્વની સંકોચ-વિકાસ અવસ્થા તે બેય આકાશને વિષે થાય છે, તેમ એ બે પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા ભેળી ભગવાનની પણ સંકોચ-વિકાસ અવસ્થા છે ને એ બે પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા તે ભગવાનને વિષે છે, એવા જે ભગવાન તે સર્વના આત્મા છે, ત્યાં શ્રુતિઓ છે

**'અન્તઃપ્રવિષ્ટઃ શાસ્તા જનાનાં સર્વાત્મા' યસ્યાક્ષરં શરીરં...એષ સર્વભૂતાન્તરાત્માऽપહતપાપ્મા દિવ્યો દેવ એકો નારાયણઃ ।' યસ્યાત્મા શરીરં ય આત્માનમન્તરો યમયતિ સ ત આત્માન્તર્યામ્યમૃતઃ ।' યસ્ય પૃથિવી શરીરં યઃ પૃથિવીમન્તરો યમયતિ સ ત આત્માન્તર્યામ્યમૃતઃ ।'** ઈત્યાદિક શ્રુતિઓ છે.

તથા અન્નમય બ્રહ્મ કહ્યો છે, મનોમય બ્રહ્મ કહ્યો છે, વિજ્ઞાનમય બ્રહ્મ કહ્યો છે, આનંદમય બ્રહ્મ કહ્યો છે ઈત્યાદિક ઘણીક પ્રકારની બ્રહ્મવિદ્યા કહી છે. તેનું શું તાત્પર્ય છે ? જે ભગવાન સર્વના કારણ છે ને સર્વના આધાર છે. માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે, પણ એ સર્વે શરીર છે અને એ સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમ છે. તે ભગવાનને વિષે એ જડચૈતન્યરૂપ જે બે પ્રકૃતિ તે સંકોચ-વિકાસ અવસ્થાએ કરીને પોતાના કાર્ય સહિત સુખે કરીને રહી છે અને એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે અને તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે. એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ.''

**ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''એવી રીતે દેખાતું તો ન હોય ને અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ આંટી હોય તેને પરિપૂર્ણ જ્ઞાન કહેવાય કે નહિ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ અંધારું ઘર હોય ને તેમાં કોઠી તથા થાંભલા રહ્યાં હોય તેને દેખે છે, તોપણ યથાર્થ દેખ્યા ન કહેવાય, તેમ પુરુષોત્તમ ભગવાનને વિષે જડ ચિત્ પ્રકૃતિ રહી છે ને એ પ્રકૃતિને વિષે પોતે રહ્યા છે તેને અનુમાને કરીને જાણે છે પણ જો દેખ્યામાં નથી આવતું તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય. અને જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઈક એને અલૌકિકપણું જણાયું જોઈએ, નહિ તો જણાશે. અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી તો એમ એ સમજે જે, 'એ ભગવાનને વિષે તો સર્વે છે પણ મને દેખાડતા નથી એવી જ એની ઈચ્છા છે, એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે; માટે ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે પ્રકારે કરીને જે

ભગવાનને યથાર્થપણે જાણતો હોય તેને જ્ઞાની કહીએ. અને તેવા જ્ઞાનીને ભગવાને ગીતમાં શ્રેષ્ઠપણે કહ્યો છે :

**'આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ! ।**

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ॥'**

એવો જે જ્ઞાની તે તો સદા સાકાર મૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ, અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે. એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. અને જે એમ નથી સમજતા ને કેવળ શાસ્ત્રે કરીને **'અહં બ્રહ્માસ્મિ'** થઈ બેસે છે ને કહે છે, જે 'રામકૃષ્ણાદિક તો બ્રહ્મરૂપ એવો જે હું તે મારી લહરી છે' એવા જે બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતી તે તો અતિ દુષ્ટ છે ને મહાપાપી છે અને મરીને નરકમાં પડે છે. તે કોઈ દિવસ એનો છૂટકો થતો નથી.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥ ૧૧૫ ॥**

## ॥ વચનામૃત ૮મું : ઈન્દ્રિયોની ચંચળતા ટાળ્યાનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર સુદિ ૫ પંચમીને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

તે સમયને વિષે શ્રીજી મહારાજને **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'જે ભોળો હોય તેને તો કોઈ સ્વભાવ દેખીને સંતનો અવગુણ આવે પણ જે ડાહ્યો હોય તેને સંતનો અવગુણ કેમ આવે છે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ડાહ્યો હોય તેને પોતામાં જે કોઈ અયોગ્ય સ્વભાવ દેખ્યામાં આવ્યો ને તેની ઉપર પોતે અતિ દોષબુદ્ધિ રાખીને દ્વેષે સહિત તે સ્વભાવને ટાળ્યાનો દાખડો કરતો હોય અને તે સ્વભાવ ઉપર પોતાને અતિ ખાર હોય અને તેનો તે સ્વભાવ કોઈ બીજા સંતમાં દેખાય ત્યારે તેનો અભાવ આવે છે. અને જે મૂર્ખ

હોય તે તો પોતાના સ્વભાવને ટાળે નહિ ને બીજા સંતમાં કાંઈક તે સ્વભાવ દેખે તો તેનો અવગુણ લે છે તેને મૂર્ખ કહીએ.''

ત્યાર પછી શ્રીજી મહારાજ **નાના નાના પરમહંસને તેડાવીને પોતે પ્રશ્ન શીખવવા લાગ્યા** ને પોતે ઉત્તર કરવા લાગ્યા. તેમાં **પ્રથમ તો પોતે એમ પ્રશ્ન પૂછ્યો જે,** ''કામ, ક્રોધ અને લોભાદિક શત્રુનો જે વેગ તેનું જે તીવ્રપણું ને મંદપણું તે બાળ, યૌવન અને વૃદ્ધ તેણે કરીને છે. કેવી રીતે ? તો બાળપણમાં મંદ વેગ હોય અને યૌવન અવસ્થામાં તીવ્ર વેગ હોય ને વળી પાછું વૃદ્ધપણામાં મંદપણું થાય, એમ કામાદિકનું તીવ્ર, મંદપણું છે તે તો જણાય છે, **પણ વિચારે કરીને એનું મંદપણું છે કે નહિ ?**'' ત્યારે તેનો ઉત્તર પોતે જ કર્યો જે, ''વિચારે કરીને પણ કામાદિકનું મંદપણું છે, તે વિચાર કેમ કરે ? તો બાળક અવસ્થામાં મંદપણું છે ને યૌવન અવસ્થામાં તીવ્રપણું છે ને વૃદ્ધ અવસ્થામાં પાછું મંદપણું છે તે તો આહારે કરીને છે; જે બાળ અવસ્થાને વિષે પણ આહાર થોડો છે માટે કામ પણ ઓછો છે ને વૃદ્ધાવસ્થામાં પણ આહાર ઓછો હોય એટલે કામ પણ ઓછો હોય અને યૌવન અવસ્થામાં આહારની વૃદ્ધિ હોય એટલે કામની પણ વૃદ્ધિ હોય. તે માટે જો યૌવન અવસ્થામાં આહાર ઓછો કરે અને દેહે કરીને શીત, ઉષ્ણ, વરસાદ, ભૂખ તેનું જાણીજાણીને સહન કરે એવો જે વિચાર રાખે ને મોટા સાધુનો સમાગમ રાખે તો તેને યૌવન અવસ્થામાં પણ કામ મંદ પડી જાય.''

પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **''જીવને નાના પ્રકારનાં વ્યસન પડે છે. કોઈકને ભાંગ્યનું, અફીણનું, દારૂનું, ગાંજાનું ઈત્યાદિક અનેક પ્રકારનાં પડે છે, તે વ્યસન ક્રિયમાણ છે કે પ્રારબ્ધે કરીને છે ?''**ત્યારે **તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે,** ''એ વ્યસન તો કર્યાં થાય છે પણ પ્રારબ્ધે કરીને નથી. માટે જો એ વ્યસનને ટાળ્યાનો શ્રદ્ધા સહિત આગ્રહ કરે ને શૂરવીરપણું હોય તો તે ટળી જાય, પણ શ્રદ્ધા ન હોય ને ફોશી હોય તેથી એ સ્વભાવ ટળે નહિ.''

પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **'કેટલાંક બાળકને તો વૃદ્ધના**

**સરખી પ્રકૃતિ હોય છે ને કેટલાંકને તો અતિ ચંચળ પ્રકૃતિ હોય છે; તે સંગે કરીને થાય છે કે એના જીવમાં જ એવી પ્રકૃતિ રહી છે?''** ત્યારે **તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે,** 'બહુધા તો સંગે કરીને જ સારી નરસી પ્રકૃતિ થાય છે અને કેટલાકને પૂર્વકર્માનુસારે પણ થાય છે.''

**પછી કપિલેશ્વરાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! પૂર્વનો સ્વભાવ હોય તે કેમ જાણવો ને હમણાંનો સ્વભાવ હોય તે કેમ જાણવો ?'' ત્યારે શ્રીજી મહારાજે તેનો ઉત્તર કર્યો જે,** ''જે સ્વભાવ હમણાંનો હોય તે તો જો રૂડા સંતને સંગે રહીને થોડોક તેને ટાળ્યાનો ઉપાય કરે તો ટળી જાય; જેમ વંડી ઉપર તૃણ ઊગ્યાં હોય તે પાંચ દહાડા મેઘ ન વરસે તો સુકાઈ જાય, તેમ હમણાંનો જે સ્વભાવ તે તો થોડાક દિવસમાં ટળી જાય છે અને જે પૂર્વનો સ્વભાવ હોય તેને ટાળ્યાનો તો અતિ દાખડો કરે ત્યારે માંડમાંડ ટળે. જેમ ધરતીમાં ધરોનો છોડ હોય અથવા બોરડીનાં ઝાડ હોય તેને તો ખેડૂત અગ્નિ લગાડીને બાળે તોપણ પાછો ફૂટી આવે ને જો કોદાળી લઈને મૂળમાંથી ખોદી નાખે તો જાય, તેમ જે પૂર્વનો સ્વભાવ હોય તેને રૂડા સંતના સમાગમમાં રહીને અતિ પ્રયાસે કરીને ટાળે, તો માંડમાંડ ટળે.''

**અને ત્યાર પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''જેની ઈન્દ્રિયો ચંચળ હોય તે ચંચળતાને ટાળ્યાના પૃથક્ પૃથક્ ક્યા ઉપાય છે?''** ત્યારે **તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, ''ચક્ષુ ઈન્દ્રિયની ચંચળતા ટાળ્યાનો એ ઉપાય છે જે,** નાસિકાગ્ર દૃષ્ટિ રાખે ને આડુંઅવળું જુવે નહિ, ભણવું હોય તો ભણ્યા કરે તથા ભજનસ્મરણ કર્યા કરે અને એમ કરતાં સ્ત્રી આદિક દેખાય જાય ને અયોગ્ય ઘાટ ન થયો હોય તોપણ નેત્રને ઉઘાડાં રાખીને મેષોન્મેષે રહિત કરીને જ્યાં સુધી નેત્ર સારી પેઠે બળે ને આંસુ ચાલે ત્યાં સુધી ઘડી બે ઘડી પર્યંત જોઈ રહે, ત્યારે તેની દૃષ્ટિ ચંચળ હોય તો પણ વશ થઈ જાય છે અને **નાસિકા ઈન્દ્રિય છે,** તે કોઈનું શરીર અથવા મુખ કે વસ્ત્ર તે ગંધાતું હોય તેનો ગંધ લે ત્યારે તે ન ગમે. ત્યારે તેનો એમ વિચાર કરે જે, 'મારો દેહ પણ ઉપરથી

સારો છે પણ માંહી તો રૂધિર, માંસ, હાડકાં છે તથા પેટમાં મળ, મૂત્ર, આંતરડાં છે.' એમ વિચારે તો નાસિકાની ચંચળતા ટળે. અને **કાનની ચંચળતા એમ ટળે જે,** કોઈ રમૂજ થતી હોય અથવા ભવાઈ થતી હોય, તો તેને સાંભળ્યામાં હેત થાય ને ભગવાનની કથાકીર્તન સાંભળ્યામાં નિદ્રા આવે, ત્યારે ઊભા થવું ને નિદ્રા-આળસને ટાળવું ને ભગવાનની કથા સાંભળ્યામાં શ્રદ્ધા રાખવી ને હેત રાખવું તો કાન જીતાય. અને **ત્વચા ઈન્દ્રિયને એમ જીતે જે,** જાણીજાણીને ટાઢ, તડકો, વરસાદ તેને ખમવો ને ગોદડી હોય તે ઉશીકે મૂકી રાખવી ને સારી પેઠે ટાઢ વાય, ત્યારે ઓઢવી તથા જ્યાં ત્યાં પડી રહેવું, એમ કરીને ત્વચાને બાળી નાખે; એમ કરે તો ત્વચા ઈન્દ્રિયની ચંચળતા ટળે.

અને **હાથની ચંચળતા એમ ટળે જે,** જ્યારે હાથ નવરા હોય, ત્યારે હાથમાં માળા રાખીને શ્વાસોચ્છ્‌વાસે ભગવાનનું નામ લઈને તે માળા ફેરવવી, પણ ઉતાવળી લહરકે માળા ન ફેરવવી અને કેટલાક એમ કહે છે જે, 'મને કરીને તો નામ વધુ લેવાય' એ વાત ખોટી છે; જેટલાં જીભે લેવાય તેટલાં જ મને કરીને લેવાય છે, એમ કરે તો હાથની ચંચળતા ટળે. અને **પગ ચંચળ હોય તો** આસનને જીતવું તો પગ જિતાય. અને **શિશ્ન ચંચળ હોય** તો જેમ ઝીણી ખસ હોય કે રાતી દાદર હોય તેને ખંજોળીએ તો લોહી નીકળે ત્યાં સુધી ખરજ ટળે નહિ અને જો ન ખંજોળીએ તો તે એમ ને એમ બળી જાય, તેમ શિશ્ન ઈન્દ્રિયમાં ચળ આવે તોપણ તેને હાથે કરીને અડે જ નહિ. અને જો શિશ્નમાં વાયુ ભરાતો હોય તો આહાર થોડો કરે ને ઉપવાસ કર્યા કરે ને દેહને બળહીન કરીનાખે તો શિશ્ન જિતાય. અને **જિહ્‌વા ઈન્દ્રિયને જીતવી હોય,** તો જે વસ્તુ જીભને ગમતી હોય તે વસ્તુ ન આપવી અને આહાર યુક્ત કરવો, તો જિહ્‌વાની ચંચળતા ટળે. અને **વાણી ચંચળ હોય તો** એમ ટળે જે, મુક્તાનંદ સ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તે વચમાં પોતે ડહાપણ કરીને બોલવું નહીં અને જો વચમાં બોલાઈ જાય તો પંચવીશ માળા ફેરવવી, તો વાણીની ચંચળતા ટળી જાય.''

અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **"એ સર્વે ઈન્દ્રિયો છે તેમાંથી એકને પરિપક્વ જીતે તો સર્વે ઈન્દ્રિયો જિતાય એવી કઈ ઈન્દ્રિય છે?"** ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, "એક જિહ્વાને પરિપક્વ જીતે, તો બીજી સર્વે ઈન્દ્રિયો જિતાય છે."

ત્યાર પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **"જે પુરુષને અંતરમાં કામ વ્યાપ્યો હોય તેને બહારથી કેમ જાણીએ જે 'એને કામ વ્યાપ્યો છે' અને એનું જે અંગ તે તો વસ્ત્રમાં ઢાંક્યું હોય છે?"** ત્યારે એનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, "જેને કામ વ્યાપે તેનાં નેત્ર આદિક જે સર્વે ઈન્દ્રિયો તે ચંચળ થાય, ત્યારે જાણવું જે એ કામે વ્યાકુળ થયો છે."

અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **"જેનો ચંચળ સ્વભાવ હોય તેને શાંત થવું અને જેનો શાંત સ્વભાવ હોય તેને ચંચળ થવું તે કયા વિચારે કરીને થાય છે ?"** ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, "જે ચંચળ હોય તે એમ વિચારે જે, 'હું આત્મા છું, બ્રહ્મ છું, અલિંગ છું અને આકાશની પેઠે સ્થિર છું', એવે વિચારે કરીને ઉપશમ અવસ્થાને પામે, તો ચંચળ હોય તે શાંત થાય અને જે શાંતને ચંચળ થવું હોય, તેને તો ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણવું ને માહાત્મ્ય જાણે ત્યારે ભગવાનની નવ પ્રકારે ભક્તિ કરે તથા ભગ-વાનના ભક્તની સેવાચાકરી કરે તેણે કરીને એનો ચંચળ સ્વભાવ થાય છે.'

અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **"શ્રીમદ્ ભાગવતાદિક જે આઠ સત્શાસ્ત્ર તેમાંથી કોઈ ત્યાગ કરવા યોગ્ય છે કે સર્વે ગ્રહણ કરવા યોગ્ય છે?"** ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, "એ સર્વે ગ્રંથમાં પણ અનેક પ્રકારનાં પ્રકરણ છે તે સર્વે પ્રકરણે કરીને ભગવાનને પામ્યા જે ભક્ત તેમનાં અંગ કહ્યાં છે માટે એ સર્વે ગ્રહણ કર્યા યોગ્ય છે પણ સર્વ પ્રકરણમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેને ગ્રહણ કરવું ને બીજાનો ત્યાગ કરવો. અને એમ જાણવુંજે, 'એછે તો સાચું પણ એ બીજા ભક્તને અર્થે છે, પણ મારે અર્થે નથી."

**અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''આ તમે સર્વે નાના છોકરા બેઠા છો તેમાંથી કોઈકને તો આ સર્વે સંત પ્રમાણ કરે છે ને કોઈકને તો નથી કરતા અને સર્વની અવસ્થા સરખી છે ને સંગ પણ એક સરખો છે અને ભોજન, વસ્ત્ર, ઉપાસના, શાસ્ત્ર, ઉપદેશ, મંત્ર તે સર્વને એક સરખાં છે, તોપણ જે ન્યૂન- અધિકપણું રહી ગયું તેનું શું કારણ છે ? અને જે સંત છે, તે તો સમદૃષ્ટિવાળા છે ને નિષ્પક્ષ છે ને ધર્મવાળા છે તે તો જે જેવો હોય તેને તેમ કહે, માટે એનો ઉત્તર કહો?'' **પછી પોતે જ એનો ઉત્તર કર્યો જે,** ''**જેનાં સંત વખાણ કરે છે તેને જ શ્રદ્ધા છે; માટે ધર્મ પાળ્યાને વિષે તેનો વધારો છે ને તેને સંતની સેવા કરવાને વિષે તથા ભગવાનની વાત સાંભળવાને વિષે પણ શ્રદ્ધા છે ને સંતનો વિશ્વાસ છે, માટે એ વધી ગયો** અને જે આવા સમાગમમાં રહ્યો થકો વધ્યો નહિ, તે શ્રદ્ધારહિત છે એમ જાણવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૮॥

## ॥ વચનામૃત ૯મું : ધર્માદિક ચારને ઊપજ્યાના હેતુનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર સુદિ ૬ છઠ્યને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો.'' ત્યારે **આત્માનંદ સ્વામીએ** અખંડાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''**વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ અને ધર્મ એ ચારને ઊપજ્યાનો હેતુ શો છે?**'' **પછી તેનો ઉત્તર શ્રીજી મહારાજે કર્યો જે,** ''વૈરાગ્ય તો એમ ઊપજે જે, જો કાળનું સ્વરૂપ જાણ્યામાં આવે. **તે કાળનું સ્વરૂપ તે શું ?** તો નિત્ય પ્રલયને જાણે, નૈમિત્તિક પ્રલયને જાણે, પ્રાકૃત પ્રલયને જાણે અને આત્યંતિક પ્રલયને જાણે, તથા બ્રહ્માદિક સ્તંબપર્યંત સર્વ જીવનાં આયુષને જાણે અને એમ જાણીને પિંડબ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે.

**જ્ઞાન તો એમ થાય જે,** જો બૃહદારણ્ય, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ્ તથા ભગવદ્ગીતા તથા વાસુદેવમાહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઈત્યાદિક ગ્રંથનું સદ્ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઊપજે. અને **ધર્મ તો એમ ઊપજે,** જો યાજ્ઞવલ્કયસ્મૃતિ, મનુસ્મૃતિ, પરાશરસ્મૃતિ, શંખલિખિતસ્મૃતિ ઈત્યાદિ સ્મૃતિનું શ્રવણ કરે, તો ધર્મ ઊપજે ને તેમાં નિષ્ઠા આવે. અને **ભક્તિ એમ ઊપજે જે,** ભગવાનની જે વિભૂતિઓ છે તેને જાણે. તે કેમ જાણે ? તો ખંડ ખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિઓ જે રહી છે તેનું શ્રવણ કરે તથા ભગવાનનાં ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર, શ્વેતદ્વીપાદિક ધામ છે તેને સાંભળે તથા જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપ જે ભગવાનની લીલા તેને માહાત્મ્ય સહિત સાંભળે તથા રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે, તો ભગવાનને વિષે ભક્તિ ઊપજે. અને એ ચારમાં જે ધર્મ છે તે તો કાચી બુદ્ધિ હોય ને પ્રથમ જ કર્મકાંડરૂપ જે સ્મૃતિઓ તેનું શ્રવણ કરે તો ઊપજે અને જ્યારે ધર્મને વિષે દ્રઢતા થાય ત્યાર પછી ઉપાસનાના ગ્રંથનું શ્રવણ કરે, ત્યારે એને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ ત્રણેય ઊપજે; એવી રીતે એ ચારને ઊપજ્યાના હેતુ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥

## ॥ વચનામૃત ૧૦મું : નિર્વિકારી રહ્યાનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર સુદિ ૮ આઠમને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળને સમે વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**તે સમયમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''આ જગતમાં કેટલાક મનુષ્યને સ્ત્રિયાદિક પદાર્થમાં એવું હેત થાય છે જે, 'તેનો વિયોગ થયો હોય તો પ્રાણનો ત્યાગ થઈ જાય.' અને કેટલાકને સ્ત્રિયાદિક પદાર્થમાં હેત છે પણ સાધારણ છે, માટે તેના વિયોગે કરીને પ્રાણનો ત્યાગ ન થાય, **એ બે પ્રકારના**

**જીવ છે.** તે જેમ સંસારમાં હેતે કરીને જોડાય છે તેમ તે હેતવાળાને જો ભગવાન મળે તો તેમાં પણ એમ જ જોડાય જે, 'ભગવાનનો વિયોગ થાય તો પ્રાણ જાય.' અને જેને સંસારમાં સાધારણ હેત છે ને તેને ભગવાન મળે તો ભગવાનમાં પણ સાધારણ હેત થાય. તે એ બે પ્રકારના જે મનુષ્ય તેને વિષે કર્મે કરીને એવો ભેદ છે કે એ બે પ્રકારના જીવ અનાદિના જ છે ?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ભેદ જીવમાં સ્વાભાવિક નથી, એ તો કર્મે કરીને થાય છે. તે કેવી રીતે થાય છે ? તો **જ્યારે જીવ કર્મ કરે છે ત્યારે જીવની વૃત્તિનો વેગ ત્રણ પ્રકારે થાય છે :** એક મંદ વેગ, બીજો મધ્યમ વેગ અને ત્રીજો તીવ્ર વેગ; તેમાં જેવે વેગે વૃત્તિ પદાર્થમાં ચોંટે ત્યારે તેને તેવી જાતનું કર્મ લાગે છે; તે કર્મે કરીને સ્નેહમાં પણ ત્રણ પ્રકાર છે.''

**પછી વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''વૃત્તિના વેગમાં એ ત્રણ પ્રકાર થયા, તે ગુણે કરીને થયા કે કોઈ બીજા હેતુએ કરીને થયા ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ ત્રણ પ્રકારના જે ભેદ તે ગુણે કરીને નથી; એ તો જે પદાર્થમાં કેવળ ઈન્દ્રિયો જ પ્રવર્તે, ત્યારે મંદ વેગ થાય છે અને જ્યારે મને સહિત ઈન્દ્રિયો પદાર્થમાં જાય ત્યારે મધ્યમ વેગ થાય છે અને જ્યારે ઈન્દ્રિયો, મન અને જીવ એ ત્રણે ભેગાં થઈને પદાર્થમાં પ્રવર્તે છે, ત્યારે તે વૃત્તિનો તીવ્ર વેગ થાય છે. અને તે તીવ્ર વેગ એક ચક્ષુ ઈન્દ્રિયને વિષે લાગ્યો હોય, તો બીજી ઈન્દ્રિયો તેને અનુવર્તી થઈને સર્વે ઈન્દ્રિયોમાં લાગે છે. એવી રીતે જે જે ઈન્દ્રિયમાં મુખ્યપણે તીવ્ર વેગ લાગ્યો હોય ત્યારે બીજી ઈન્દ્રિયો તેને અનુવર્તી થઈ રહે છે અને એ જે તીવ્રવેગ તે રજોગુણી, સત્ત્વગુણી અને તમોગુણી એ ત્રણેયને લાગે છે અને એક એક ઈન્દ્રિયમાં તો સર્વને તીવ્ર વેગ હોય છે અને તદનુસારે પદાર્થમાં હેત થાય છે.''

**ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એને ભગવાનમાં કેમ તીવ્ર વેગે કરીને હેત થતું નથી?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ એટલાને યોગે કરીને શુભ અથવા

અશુભ આચરણ થાય છે. તે જો રૂડા દેશ, કાળ, સંગાદિક પ્રાપ્ત થયા હોય, તો ભગવાનને વિષે પણ તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે અને જો ભૂંડા દેશાદિકનો યોગ થાય, તો ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ થાય છે.''

**ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** જ્યારે જે સ્થળમાં કાળનું વિષમપણું હોય ત્યારે તે ઠેકાણેથી અન્ય સ્થળમાં ભાગી જવું પણ વિષમ કાળમાં રહેવું નહિ. અને કાળ સત્યયુગ, ત્રેતા, દ્વાપર, કળિ રૂપે કરીને બહાર વર્તે છે ને પોતાના અંતરમાં પણ વર્તે છે, તે જ્યારે હૈયામાં કળિ વર્તતો હોય, ત્યારે ભગવાનની મૂર્તિ હૈયામાં ધારવી નહિ, બહાર નેત્રને આગળ ધારવી.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જેના હૃદયમાં મંદ વેગ, મધ્યમ વેગ અને તીવ્ર વેગ વર્તતો હોય, તે કેમ જાણવો ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્યારે મંદ વેગ વર્તતો હોય, ત્યારે નાની બાળકી તથા નવયૌવનવાળી સ્ત્રી તથા વૃદ્ધ સ્ત્રી એ ત્રણેયને દેખીને સરખો ભાવ રહે, કેમ જે ત્યાં એકલી ઈન્દ્રિયની જ વૃત્તિ ગઈ છે, માટે **તેમાં મંદ વેગ છે.** અને જ્યારે ઈન્દ્રયને વિષે મન ભળે છે ને એ ત્રણ પ્રકારની સ્ત્રીને દેખે છે ત્યારે બાળકી ને વૃદ્ધ સ્ત્રી તેનો તો ભૂંડો ઘાટ નથી થતો અને યુવાન સ્ત્રીને વિષે ભૂંડો ઘાટ થાય છે ને વિકારને પામી જાય છે, એને **મધ્યમ વેગ જાણવો.** અને જ્યારે ઈન્દ્રિયને વિષે મન ને જીવ એ બેય ભળીને એ ત્રણ પ્રકારની સ્ત્રીને દેખે છે ત્યારે તો એ ત્રણે પ્રકારની સ્ત્રીને વિષે ભૂંડા ઘાટ થાય છે ને વિકારને પામે છે અને પોતાની માબોન હોય તો તેને દેખીને પણ વિકારને પામે, એને **તીવ્ર વેગ જાણવો.**''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ત્રણ પ્રકારની જે સ્ત્રીઓ તેને દેખીને વ્યકિત જણાય તથા રૂપ-કુરૂપ પણ જણાય અને વિકાર તો થાય નહિ ત્યારે તેને કયો વેગ જાણવો ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે પદાર્થને અત્યંત દુઃખદાયી જાણીને મનન થયું હોય, પછી તે મનને કરીને તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે. તે દોષનો મનમાં વિચાર થઈને જીવમાં તે દોષ

પ્રવેશ કરે છે અને જીવથી પર જે સાક્ષી તેણે પણ તે દોષનું પ્રમાણ કર્યું છે, તેણે કરીને એ દોષની અતિ દઢતા થઈ છે માટે પદાર્થને વિષે જ્યારે ઈન્દ્રિયની વૃત્તિ જાય છે ત્યારે તે વૃત્તિ ભેળે મન તથા જીવ એ બેય આવે છે, પણ જીવમાં જે અતિશય દોષની દઢતા છે તે દોષની સેડ્ય મન-ઈન્દ્રિયોને વિષે સોંસરી નીસરે છે માટે તે પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે, પણ તેને વિષે અત્યંત અભાવ આવી જાય છે. જેમ દૂધસાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાખી હોય ને તેને નાખતાં દીઠી હોય, પછી તે દૂધ જેવું પૂર્વે દેખાતું હતું તેવું ને તેવું જ દેખાય પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે; કેમ જે એણે એમ જાણ્યું છે જે, 'એને પીવે તો તત્કાળ પ્રાણ જાય.'

**તેમ જેને એમ સમજાયું જે,** 'આ રૂપવાન સ્ત્રી છે તે કલ્યાણના માર્ગમાં વિરોધી છે અને આ લોક પરલોકને વિષે પરમ દુઃખદાયી છે ને સ્ત્રીની પ્રાપ્તિ તો મને સર્વે પશુ આદિક જન્મને વિષે અનંતવાર થઈ છે અને હજી જો પરમેશ્વરને નહિ ભજું તો અનંત સ્ત્રીની પ્રાપ્તિ થશે, માટે એ વાત દુર્લભ નથી અને ભગવાન અને ભગવાનના સંત તેનો સંગ તે તો મહા દુર્લભ છે અને એ દુર્લભ વસ્તુની પ્રાપ્તિને વિષે એ સ્ત્રી જ પરમ વિઘ્નરૂપ છે.' એવું જાણીને જે હૈયામાં દોષની દઢતા થઈ છે તેણે કરીને ગમેતેવી રૂપવાન સ્ત્રી દેખાઈ જાય તો પણ વિકાર થાય નહિ.

અને **વળી એને વિષે અવિકારી રહ્યાનું બીજું પણ કારણ છે,** જેમ જનક વિદેહી જેવા જે મોટા ભગવાનના ભક્ત રાજા હતા, તે રાજ્યમાં રહ્યા હતા ને રમણીય એવા જે શબ્દાદિક પંચવિષય તેને ભોગવતા થકા પણ જ્ઞાનની દઢતાએ કરીને નિર્વિકારપણે રહ્યા. અને એ જનક જેવા જે જ્ઞાની હોય, તે એમ વિચારે જે, 'હું આત્મા છું.' શુદ્ધ છું, ચેતન છું, નિર્વિકાર છું, સુખરૂપ છું, અવિનાશી છું અને સ્ત્રીઆદિક જે વિષય છે તે તો દુઃખરૂપ છે, તુચ્છ છે, જડ છે અને નાશવંત છે. એમ વિચારીને કેવળ પોતાના આત્મસ્વરૂપને જ સુખરૂપ જાણે છે. અને 'શબ્દાદિક વિષયમાં જે સુખ જેવું જણાય છે ને સારા

જેવું જણાય છે તે આત્મા વતે જણાય છે અને આત્મા દેહમાંથી નીકળી જાય, ત્યારે સુખરૂપ હોય તે ભૂંડું થઈ જાય છે.' **એવી રીતે પોતાના આત્માને વિચારે અને આત્મા થકી પર જે પરમાત્મા તેનો વિચાર કરે જે,** 'આવું જે માયા થકી પર શુદ્ધ આત્માનું જ્ઞાન તેને હું પામ્યો, તે સંતને પ્રતાપે પામ્યો છું અને તે સંત પરમેશ્વરના ભક્ત છે અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે; એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.' અને **તે ભગવાનનો મહિમા તો એમ સમજે જે, 'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા ત્વમપિ ।'** ઈત્યાદિક શ્રુતિએ ભગવાનનો મહિમા અતિશય પ્રતિપાદન કર્યો છે; એવી રીતે પોતાના સ્વરૂપનું તથા પરબ્રહ્મના સ્વરૂપનું જેને જ્ઞાન છે, તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહિ અને અવશ્ય જે શબ્દાદિક વિષય ગ્રહણ કર્યા જોઈતા હોય તેને ગ્રહણ કરે; પણ તે વિષયને આધીન થઈ જાય નહિ, સ્વતંત્રપણે ગ્રહણ કરે જેમ કરોળિયો પોતાની લાળને વિસ્તારીને પાછી સ્વતંત્રપણે ગળવી ઘટે ત્યારે ગળી લે છે, તેમ એવો જે જ્ઞાની તે પોતાની ઈંદ્રિયોની વૃત્તિને વિષયમાં પ્રસારીને પાછો સ્વતંત્ર થકો સંકેલી લે છે. અને એવો જે હોય, તે રાજ્યમાં હોય તોપણ વનમાં છે અને વનમાં હોય તોપણ તેને રાજ્ય કરતાં વધતો આનંદ છે.

અને **એવો જે જ્ઞાની તે** રાજ્યમાં રહ્યો હોય ને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતાં હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય, તેણે કરીને પોતાને કાંઈ એમ ન માને જે, 'હું બહુ મોટો થઈ ગયો.' અને તે રાજ્યનો નાશ થઈ જાય ને હાથમાં મૃત્તિકાનું પાત્ર લઈને ઘરોઘર માગી ખાય, તેણે કરીને એમ ન માને જે, 'હું તો હવે ગરીબ થઈ ગયો.' કેમ જે, તે તો પોતાના કેફમાં મહા અલમસ્ત રહે તથા તેણે પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે. તે માટે એને સોનું, કૂચો, લોઢું, પાષાણ એ સર્વને વિષે

સમબુદ્ધિ વર્તે છે તથા માન-અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી, કેમ જે એની દૃષ્ટિ તો અતિ મોટી થઈ ગઈ છે ને માયિક સર્વે પદાર્થને તુચ્છ જાણ્યા છે. જેમ કોઈક પુરુષ પ્રથમ કંગાલ હોય ને પછી તેને રાજ્ય મળે, ત્યારે તેની દૃષ્ટિ મોટી થાય છે અને પ્રથમ લાકડાંના ભારા વેચતો હોય તથા બીજાં તુચ્છ તુચ્છ કામ કરતો હોય, તે સર્વે એને વીસરી જાય ને મોટાં મોટાં રાજ્ય સંબંધી કાર્ય કરવા લાગે, તેમ એવા જ્ઞાનીને સર્વ પદાર્થ માત્ર તુચ્છ થઈ જાય છે ને એવા જ્ઞાનને વિષે એની વિશાળ દૃષ્ટિ થાય છે. અને **એવી રીતે જે સમજ્યો છે તે સુખિયો છે. તથા જે વિશ્વાસી હોય,** કહેતાં એમ સમજતો હોય જે, 'આવા મોટા સંત તથા ભગવાન જે વાત કહે છે તે એમજ છે પણ એમાં કાંઈ સંશય નથી,' એમ સમજીને તે ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવા લાગે, એ બે જણ જ સુખિયા છે ને એ વિના જે બીજા છે તે સુખિયા નથી. ત્યાં શ્લોક છે:

**'યશ્ચ મૂઢતમો લોકે યશ્ચ બુદ્ધેઃ પરં ગતઃ ।**
**તાવુભૌ સુખમેધેતે ક્લિશ્યત્યન્તરિતો જનઃ ॥'**

તથા ભગવદ્‌ગીતામાં કહ્યું છે જે :-

**'વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥'**

એવી રીતે જેની અલૌકિક દૃષ્ટિ થાય છે, તેને પરમેશ્વર વિના સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય છે અને આ બે શ્લોક છે તેનો પણ એકસરખો ભાવ છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ** શ્રીજી મહારાજને કહ્યું જે, ''હે મહારાજ, હવે તમે જે પ્રશ્ન પૂછતા હતા, તે પૂછો.'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''માયામાં તે કેવળ દુઃખ છે કે સુખ પણ કાંઈક છે ? એ પ્રશ્ન છે.'' **પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''માયા તો કેવળ દુઃખદાયી છે.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''માયામાંથી ઊપજ્યા એવા જે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ; તેમાં જે સત્ત્વ છે તે તો સુખરૂપ કહેવાય છે. તથા શ્રીમદ્

ભાગવતમાં કહ્યું છે જે, **'સત્ત્વં યદ્ બ્રહ્મદર્શનમ્'** તથા સત્ત્વગુણની સંપત્તિ તે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, શમદમાદિક છે એવી જે માયા તે કેવી રીતે દુઃખરૂપ છે? અને વળી એકાદશસ્કંધમાં કહ્યું છે જેઃ-

**'વિદ્યાવિદ્યે મમ તનૂ વિદ્ધ્યુદ્ધવ ! શરીરિણામ્ ।**
**મોક્ષબંધકરી આદ્યે માયયા મે વિનિર્મિતે ॥'**

માટે મોક્ષને કરે એવી જે વિદ્યારૂપ માયા તે કેવી રીતે દુઃખદાયી છે ?'' પછી એ પ્રશ્નને સાંભળીને **મુક્તાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ બોલ્યા જે,** ''હે મહારાજ ! એનો ઉત્તર અમથી થાય નહિ, એનો ઉત્તર તો કૃપા કરીને તમે જ કરો.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ યમરાજાનું જે રૂપ તે પાપી જીવને અતિ ભયાનક, વિકરાળ જણાય છે તથા મોટા મોટા દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે તથા કાજળ જેવું કાળું અને પર્વત જેવું મોટું ને કાળ જેવું ભયાનક, એવું દુઃખરૂપ દેખાય છે. અને પુણ્યવાળા જે જીવ તેને તો તે યમરાજાનું રૂપ અતિશય સુખદાયી, વિષ્ણુના જેવું જણાય છે; **તેમ માયા છે તે જે** ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશય સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે. **માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી, પરમ સુખદાયી છે.**''

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''જ્યારે માયા સુખદાયી છે ત્યારે પરમેશ્વરનો ભક્ત હોય, તે ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને ભજન કરવા બેસે છે ત્યારે એને અંતઃકરણરૂપ માયા તે સંકલ્પ-વિકલ્પરૂપે કરીને કેમ દુઃખ આપે છે?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશય દૃઢ ભગવાનનો આશ્રય હોય, તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી; અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે. જેમ કાચો સત્સંગી હોય, તો તેને કુસંગી હોય, તે

ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઈ લાલચ રાખે નહિ અને તેને સાંભળતા કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહીં. તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે, તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહિ અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે, અને જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય, તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહિ થાય. માટે એનો ઉત્તર એ જ છે જે, **"જેને ભગવાનનો એવો પરિપકવ નિશ્ચય છે તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને અર્થે સમર્થ થતી જ નથી."** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૦ ॥ ૧૧૮ ॥

## વચનામૃત ૧૧મું : સત્પુરુષ અને અસત્પુરુષની સમજણનું

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયામધ્યે સુરાખાચરના દરબારમાં પ્રાતઃકાળને સમે વિરાજ-માન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજને **શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, "શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્ ગીતા એ આદિક જે સત્શાસ્ત્ર તે થકી અસત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એનો ઉત્તર કરીએ છીએ જે, અસત્પુરુષની એમ સમજણ છે જે આ વિશ્વને વિષે સ્થાવર જંગમરૂપ એવી જે સ્ત્રીપુરુષની સર્વે આકૃતિઓ તે જે, તે વિરાટરૂપ એવા જે આદિપુરુષ નારાયણ તે થકી માયાએ કરીને ઉપજી છે, માટે એ સર્વે આકૃતિઓ તે નારા-યણની જ છે, તે સારુ જે મુમુક્ષુ કલ્યાણને ઈચ્છતો હોય તેણે પ્રથમ પોતાનું મન વશ કરવું. તે મન જે તે સ્ત્રીઓ તથા પુરુષરૂપ એવી ઉત્તમ, નીચ જે જે આકૃતિઓ તેને વિષે આસક્ત થાય, ત્યારે તેને તે જ આકૃતિનું મનને વિષે ધ્યાન કરવું, તો એને સદ્ય સમાધિ થાય. અને તે આકૃતિને વિષે જો મન દોષને

કલ્પે, તો તેમાં બ્રહ્મની ભાવના લાવવી જે, 'સમગ્ર જગત તે બ્રહ્મ છે' એમ વિચાર કરીને તે સંકલ્પને ખોટો કરવો. એવી રીતે જે સત્શાસ્ત્રમાંથી અનુભવ-નું ગ્રહણ કરવું તે અસત્પુરુષની સમજણ છે અને એમ સમજવું એ એના મનનો અતિ દુષ્ટ ભાવ છે અને એનું ફળ અંતકાળે ઘોરતમ નરક છે ને સંસૃતિ છે.

ત્યારે વળી શ્રીજી મહારાજને **શુકમુનિએ પ્રશ્ન કર્યો જે, "એ સત્શાસ્ત્ર થકી સત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે તે કહો ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એ સત્શાસ્ત્રને વિષે જ એ પ્રશ્નનો ઉત્તર કર્યો છે જે, એક પુરુષોત્તમ નારાયણ વિના બીજા જે શિવ-બ્રહ્માદિક દેવતા તેનું ધ્યાન જે મોક્ષને ઈચ્છતો હોય તેને કરવું નહિ અને મનુષ્યને વિષે તથા દેવતાને વિષે જે પુરુષોત્તમ નારાયણની રામકૃષ્ણાદિક મૂર્તિઓ તેનું ધ્યાન કરવું. અને તેને વિષે પણ જે ડાહ્યા છે તે જે તે, જે સ્થાનકમાં એ રામકૃષ્ણાદિક ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિઓ રહી છે, તે સ્થાનકને વિષે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ લોકની ભાવના કરે છે અને તે લોકોને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન ઉદ્ધવાદિક તેને વિષે કરે છે. અને કોટિ કોટિ સૂર્ય, ચંદ્રમા, અગ્નિ તેના પ્રકાશ જેવી પ્રકાશમાન એવી જે તે લોકોને વિષે રહી પુરુષોત્તમ નારાયણની દિવ્યમૂર્તિઓ તેની ભાવના તે રામકૃષ્ણાદિકને વિષે કરે છે; એવી રીતે જે સત્શાસ્ત્ર થકી સમજણનું ગ્રહણ કરીને દિવ્યભાવે સહિત મનુષ્યરૂપ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે છે, તેને ભગવાનના અવતારની જે મૂર્તિઓ તથા તે વિનાના જે અન્ય આકાર તે બેયને વિષે સમપણું થાય જ નહિ. અને ભગવાનના અવતારની જે મૂર્તિઓ તે છે તો દ્વિભુજ અને તેને વિષે ચાર ભુજની ભાવના, અષ્ટ ભુજની ભાવના કહી છે; તે પણ ભગવાનની મૂર્તિ, ને તે વિનાના અન્ય આકાર તે બેમાં જે અવિવેકી પુરુષને સમભાવ થાય છે તેની નિવૃત્તિને અર્થે કહી છે.

અને **જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું. અને પોતાને ભગવાનની**

**મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી.** જેમ પાર્વતીએ કહ્યું છે જે, 'કોટિ જન્મલગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી.' એવી રીતે પતિવ્રતાપણાની ટેક તે પણ ભગવાનનું રૂપ ને અન્ય જીવનું રૂપ તે બેયને વિષે અવિવેકી પુરુષને સમભાવ થાય છે તેની નિવૃત્તિને અર્થે કહી છે, કેમ જે પોતાને મળી જે મૂર્તિ તેને મૂકીને તેના જ પૂર્વે પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે, તો તે ભગવાન વિના બીજા જે દેવ મનુષ્યાદિક આકાર છે તેનું પણ ધ્યાન કરે, માટે પતિવ્રતાના જેવી ટેક કહી છે, પણ **ભગવાનની મૂર્તિઓને વિષે ભેદ નથી.** આવી રીતે સત્પુરુષની સમજણ છે. માટે જે સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું, તે સત્પુરુષ થકી જ કરવું. પણ અસત્પુરુષ થકી સત્‌શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહિ.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥ ૧૧૯ ॥**

## ॥ વચનામૃત ૧૨મું : છ પ્રકારના નિશ્ચયનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને બીજાં સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન કર્યો જે,** ''**ભગવાનનો નિશ્ચય બે પ્રકારનો છે, એક સવિકલ્પ ને બીજો નિર્વિકલ્પ. અને તે બેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે; તે બે મળીને છ ભેદ થયા, તેનાં લક્ષણ પૃથક્ પૃથક્ કરીને કહો ?**'' પછી તેનો ઉત્તર પરમહંસ વતે થયો નહિ. **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સવિકલ્પ નિશ્ચયમાં **કનિષ્ઠ ભેદ તો એ જે,** ભગવાન જે તે અન્ય મનુષ્યની બરોબર કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન એ આદિકને વિષે પ્રવર્તે ત્યાં સુધી તો ભગવાનનો નિશ્ચય રહે પણ જો વધારે કરે તો ન રહે. અને **મધ્યમ ભેદ તો એ જે,** મનુષ્ય થકી બમણા કામાદિકને વિષે અધિક પ્રવર્તે ત્યાં સુધી પણ નિશ્ચય રહે. અને **ઉત્તમ ભેદ તો એ જે,** ભગવાન ગમે તેવું

નીચ જાતિની પેઠે આચરણ કરે તથા મદ્ય, માંસ, પરસ્ત્રી, ક્રોધ, હિંસા ઈત્યાદિક ગમે તેવું આચરણ કરે તોપણ સંશય થાય નહિ. કેમ જે, એ ભક્ત ભગવાનને એમ જાણે છે જે, 'ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે ને સર્વના ભોક્તા છે. માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિષે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે, તો એ તો કાંઈક થોડીક એવી નીચ જેવી ક્રિયા કરી તેણે કરીને એમને કાંઈ બાધ નથી, કેમ જે એ તો સર્વકર્તા છે.' એવી રીતે ભગવાનને વિષે સર્વેશ્વરપણું જાણે માટે એને ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્ભક્ત કહીએ.

અને હવે **નિર્વિકલ્પમાં કનિષ્ઠ ભક્ત ક્યો ?** તો ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતા દેખે તોપણ એમ સમજે જે, 'સર્વ ક્રિયાને કરે છે તોપણ અકર્તા છે, કેમ જે એ ભગવાન તો બ્રહ્મરૂપ છે. તે બ્રહ્મ કેવું છે ? તો આકાશની પેઠે સર્વને વિષે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિષે જ થાય છે.' એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે, જેમ રાસ પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે,'ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ? ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે, 'શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે તે જેજે શુભાશુભ ક્રિયાને કરેછે તે સર્વે ભસ્મ થઈ જાયછે,' એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે **તેને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ** અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટ્ ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે,**તેને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.** અને અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, **તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.''**

**ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! એવી રીતે નિશ્ચયના ભેદ તે શાણે કરીને થયા છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'જ્યારે મુમુક્ષુ

પ્રથમ ગુરુ પાસે આવે ત્યારે વકતા જે ગુરુ તેને વિષે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ-અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદતીક્ષ્ણ -પણું તેણે કરીને એવા ભેદ પડી જાય છે; માટે સારા દેશાદિકને સેવવા તથા વક્તા પણ સૂધો શાંત હોય ને તેમાં કોઈ દોષ ન હોય, તે સમે તે થકી જ્ઞાન સાંભળવું.''

**ત્યારે વળી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''કદાચિત્ કોઈક યોગે કરીને કનિષ્ઠ નિશ્ચય થયો હોય તેને પાછો વળી ઉત્કૃષ્ટ નિશ્ચય થાય કે નહિ ?''** ત્યારે **શ્રીજીમહારાજ બોલ્યા જે,** 'જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ઠ નિશ્ચય થાય, નહિ તો જન્માન્તરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ૧૨॥**

## વચનામૃત ૧૩મું : દેશકાળે પરાભવ ન થાય તેનું

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ ૧૦ દશમીને દિવસ પ્રાતઃકાળને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજા ધોળા ફેંટાની બોકાની વાળી હતી ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ચોફાળ ઓઢ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે,** ''મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો.'' **ત્યારે ગોપાળાનંદ સ્વામીએ** બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **'કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પરાભવ ન થાય ને કેવો હોય તેને થાય ?** અને સાંભળ્યામાં તો એમ આવે છે જે, 'બ્રહ્માને પણ સરસ્વતીને દેખીને મોહ થયો ને શિવજીને પણ મોહિનીને દર્શને કરીને મોહ થયો.' માટે વિચારીને ઉત્તર કરો, કેમ જે એવા મોટાને પણ દેશકાળાદિકે કરીને પરાભવ થયો!'' **પછી તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ**

**થયો નહિ,** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર એ છે જે નાડી પ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણનાં ચરણારવિંદમાં રહ્યાં હોય, તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય અને એવી રીતે બ્રહ્માદિક રહ્યા હોય, તો તેને પણ પરાભવ ન થાય અને એવી રીતે સ્થિતિ ન થઈ હોય ને દેહમાં વર્તતા હોય તો બીજા જીવને પરાભવ થાય ને એવા મોટા જે બ્રહ્માદિક તેને પણ થાય, અને એમ ન હોય તો

**'તત્સૃષ્ટસૃષ્ટસૃષ્ટેષુ કોઽન્વખંડિતધીઃ પુમાન્ ।**
**ઋષિં નારાયણમૃતે યોષિન્મય્યેહ માયયા ॥'**

એ શ્લોકનો અર્થ ઠીક બેસે નહિ. માટે એને વિષે રહ્યા થકા તો એક નારાયણઋષિને પરાભવ ન થાય અને બીજો તો ગમે એવો મોટો હોય ને તે જો નારાયણનાં ચરણારવિંદને વિષે નિમગ્ન ન રહે તો તેને પરાભવ થાય અને જો નિમગ્ન રહે તો ન થાય, એવી રીતે અમે અમારા અંતરમાં અચલ સિદ્ધાંત કરી રાખ્યો છે. અને તે ભાગવતમાં કહ્યું છે જે

**'એતદીશનમીશસ્ય પ્રકૃતિસ્થોઽપિ તદ્ગુણૈઃ ।**
**ન યુજ્યતે સદાત્મસ્થૈર્યથા બુદ્ધિસ્તદાશ્રયા ॥'**

તથા ભગવાને કહ્યું છે જે-

**'દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥'**

એવી રીતે માયાએ કરીને નિર્લેપપણું તે એક નારાયણને જ છે અથવા તે નારાયણને નિર્વિકલ્પપણે પામ્યો હોય તેને પણ પરાભવ ન થાય અને સવિકલ્પપણે જો નારાયણને પામ્યો હોય તો તે ગમે તેવો મોટો હોય તેને પણ પરાભવ થાય.''

અને ત્યાર પછી **નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''હે મહારાજ ! જ્યાં સુધી એ મુક્તોને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશ, કાળાદિકે કરીને

વિપર્યયપણું થાય. અને નારાયણ છે તે તો ગુણમાં રહ્યા થકા દેશ કાળાદિકે કરીને પરાભવને ન પામે એ તો ઠીક; પણ જ્યારે એ સર્વે મુક્તોને ગુણનો સંબંધ ન હોય ને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય, તેવારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે ને **'મમ સાધર્મ્યમાગતાઃ' એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે, એવા જે મુક્ત અને નારાયણ તેને વિષે કેમ ભેદ સમજવો?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ ચંદ્રમા છે ને તારા છે, તેમાં ભેદ છે કે નહિ ? જુઓને પ્રકાશપણે કરીને સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે અને સર્વ ઔષધિનું પોષણ તે પણ ચંદ્રમા વતે જ થાય પણ બીજે તારે ન થાય અને રાત્રિનો અંધકાર તે પણ ચંદ્રમાએ કરીને ટળે પણ તારાએ કરીને ટળે નહિ. તેમ નારાયણ તથા મુક્તોમાં ભેદ છે. અને વળી જેમ રાજા ને રાજાના ચાકર તે મનુષ્ય જાતિએ કરીને સરખા છે પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે. અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહિ, સૂઝે એવડો મોટો હોય તોપણ ન થાય. તેમ પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે, અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે, અતિ સમર્થ છે અને **કર્તુંમકર્તુંમન્યથાકર્તું** સમર્થ છે, તે જો પોતાની ઈચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે અને સૂઝે તો એ સર્વે મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સહિત વિરાજ-માન રહે. અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંત કોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે. જેમ પૃથુ ભગવાને પૃથ્વીને કહ્યું જે, 'મારા ધનુષ થકી નીસર્યાં જે બાણ તેણે કરીને તને મારીને મારા સામર્થ્યે કરીને આ સર્વ જગતને ધારવાને હું સમર્થ છું.' તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે તે એને

ને બીજા અક્ષરાદિક મુક્તને સરખા કહે છે તે દુષ્ટ મતવાળા જાણવા ને તેને અતિ પાપી જાણવા અને એનાં દર્શન પણ કરવાં નહિ. અને એવી રીતની સમજણવાળાનાં દર્શન કરીએ, તો પંચ મહાપાપ જેવું પાપ થાય.

**અને એ નારાયણને લઈને તો** જેને વિષે મોટ્યપ કહીએ તેને વિષે સંભવે અને એને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય છે અને ઉદ્ધવજીને વિષે એ નારાયણને લઈને ઉદ્ધવને ભગવાન કહેવાય. અને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી ? અને **'અપરિમિતા ધ્રુવાસ્તનુભૃતો યદિ સર્વગતાસ્તર્હિ ન શાસ્યતેતિ નિયમો ધ્રુવ ! નેતરથા ।'** એ વેદસ્તુતિના ગદ્યનો પણ એ જ અર્થ છે અને જો એમ ન હોય તો આ આપણ સર્વે છીએ તે આ દેહ થકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ અને જ્ઞાન, વૈરાગ્યાદિક સાધને યુક્ત છીએ તોપણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાત દિવસ ઉજાગરા કરીએ છીએ અને કીર્તન, નામસ્મરણ તે તાળીઓ વજાડી વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ તથા કથાવાર્તા રાતદિવસ કરીએ કરાવીએ છીએ, તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ? માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી. અને **'એકમેવાદ્વિતીયં બ્રહ્મ ।'** એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે, એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે,' એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.''એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજી મહારાજે વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૩ ॥ ૧૨૧ ॥

## ॥ વચનામૃત ૧૪મું : રુચિનું, અભિપ્રાયનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ એકાદશીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે**

**ધોળો ફેંટો ધારણ કર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** ''**પૂર્વે આચાર્ય થઈ ગયા છે તેને પૃથક્ પૃથક્ રુચિ છે.** તેમાં **શંકરસ્વામી**ને અદ્વૈત જ્ઞાનાંશપ્રધાન જણાય છે તથા **રામાનુજ**નો એમ મત છે જે, 'જીવ, માયા અને પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે. અને પુરુષોત્તમ છે, તે જીવ માયાના નિયંતા છે ને સર્વના કારણ છે ને પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકાર થકા વિરાજમાન છે ને સર્વે જે અવતાર તે તેના છે, એવા જે પુરુષોત્તમ નારાયણ તેની ઉપાસના જીવને કરવી.' એવી રીતે રામાનુજની સમજણ જણાય છે તથા **વલ્લભાચાર્ય**ને કેવળ ભક્તિ ઉપર નિષ્ઠા બહુ જણાય છે અને એ સર્વે આચાર્યે પોતાના ગ્રંથોમાં પ્રસંગે કરીને બીજી વાર્તાઓ લખી છે પણ ગમે તેવી રીતે કરીને અંતે પોતાની રુચિ ઉપર જાય, એમ તેમના ગ્રંથોને વિષે તેમનાં વચન છે તેણે કરીને તેમનો અભિપ્રાય યથાર્થ જાણ્યામાં આવે છે, તેમ અમારી વાર્તા સાંભળીને તમને સર્વેને અમારી કેવી રુચિ જણાય છે? અને જેમ સોય કેડે દોરો ચાલ્યો જાય છે ને વળી જેમ માળાના મણકાને વિષે દોરો સુંસરો છે, તેમ અમારી જે સર્વે વાર્તા તેમાં શો અભિપ્રાય નિરંતર સુંસરો ચાલ્યો આવે છે, તે જેને જેમ જણાતો હોય તે તેમ કહો.'' ત્યારે સર્વે મોટેરા પરમહંસે જેને જેમ જણાયું તેણે તેમ કહ્યું.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**લ્યો અમે અમારો અભિપ્રાય તથા રુચિ તે કહીએ.** એક તો અમને એ ગમે છે જે, ઋષભદેવ ભગવાન વાસુદેવ સંઘાથે એકાત્મતાને પામ્યા હતા તોપણ જ્યારે સિદ્ધિઓ આવી પ્રાપ્ત થઈઓ ત્યારે પોતે ભગવાન હતા, તોપણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિઓને ગ્રહણ ન કરતા હવા. **તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે,** ''યોગી સિદ્ધ થયો હોય ને પોતાનું મન વશ થયું હોય, તોપણ તે મનનો વિશ્વાસ ન કરવો.

ત્યાં શ્લોક છે: '**ન કુર્યાત્કર્હિચિત્સખ્યં મનસિ હ્યનવસ્થિતે ।**
**યદ્વિસ્રંભાચ્ચિરાચ્ચીર્ણં ચસ્કન્દ તપ ઐશ્વરમ્ ॥**
**નિત્યં દદાતિ કામસ્ય છિદ્રં તમનુ યેરયઃ ।**
**યોગિનઃ કૃતમૈત્રસ્ય પત્યુર્જાયેવ પુંશ્ચલી ॥**'

એવી રીતે જે મનનો વિશ્વાસ ન કરે, **તેવો ત્યાગ અમને ગમે છે.** તથા અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવાં ગમે છે, તેવાં બીજાં લોક ગમતાં નથી. **અને એમ મનમાં રહે છે** જે શ્વેતદ્વીપને વિષે તથા બદરિકાશ્રમને વિષે જઈને નિરન્નપણે રહ્યા થકા તપ કરીએ, તે બહુ સારું લાગે, પણ બીજા લોકોમાં અનેક પ્રકારના વૈભવ ભોગવવા તે નથી ગમતાં. તથા ભગવાનના જે ઘણાક અવતાર થયા છે **તેને એમ જાણીએ છીએ જે,** એ સર્વે અવતાર નારાયણના છે, તોપણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઉતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બે સરખા જણાય છે. એ ત્રણે અવતાર કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે **અને એમ જાણીએ છીએ જે** 'બીજા સર્વે અવતાર કરતાં આ અવતાર બહુ મોટો થયો ને બહુ સમર્થ છે અને એમાં અવતાર અવતારી એવો ભેદ નથી જણાતો.' અને બીજા જે મત્સ્ય - કચ્છાદિક ભગવાનના અવતાર છે પણ તેમાં અમારી અતિ રુચિ નથી.

**અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે,** સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધો-ઊર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે. અને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારે કોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણના દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ અને તે ભગવાનને વિષે તેજનું અતિશયપણું છે. તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે. અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે, તોપણ

એને વિષે રુચિ નથી અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે, અમારે એવી રીતે ઉપાસના છે.

**અને એ ભગવાનને વિષે ભક્તિ તો** જેવી ગોપીઓને હતી તેવી ગમે છે. તે સારુ અમે સૌ માણસને જોતા રહીએ છીએ જે, કોઈક કામી સ્ત્રી હોય તેને પુરુષને વિષે જેવું હેત હોય તથા કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત હોય તેને દેખીને એમ થાય જે, 'એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક'. તથા કોઈકને પુત્રમાં, ધનમાં બહુ હેત જણાય તેને દેખીને એમ થાય જે, 'એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક' તથા કોઈક ગાતો હોય તો તેને સાંભળીને તેને પાસે કોઈ માણસને મોકલીએ અથવા અમે પંડે એની પાસે જઈએ ને જાણીએ જે,'એ બહુ ઠીક કરે છે.'

**અને અમારે સુવાણ તો એવા સાથે થાય છે જે,** જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન,ઈર્ષ્યા, દંભ, કપટ ઈત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય, તે સાથે જ અમારે બેઠા-ઊઠ્યાની સુવાણ થાય છે. અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તોપણ તેની સાથે સુવાણ થાય નહિ, તેની તો ઉપેક્ષા રહે છે અને મોરે તો અમારે કામી ઉપર બહુ અભાવ રહેતો અને હવે તો ક્રોધ, માન, ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે. કાં જે કામી હોય તે તો ગૃહસ્થની પેઠે નિર્માની થઈને સત્સંગમાં પડ્યો રહે છે. અને જેમાં ક્રોધ, માન ને ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે, માટે એ ત્રણ ઉપર બહુ ખેદ રહે છે. તે માન તે શું ? તો જે માની હોય તેને પોતાથી મોટો હોય તેની આગળ પણ સ્તબ્ધપણું રહે, પણ તેની આગળ હલકો થઈને તેની સેવામાં વર્તાય નહિ.

**અને એ સર્વે જે અમારો અભિપ્રાય તે થોડાકમાં લ્યો કહીએ જે,** જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, તેને વિષે તો અમારે રુચિ નથી. તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ

ભગવાન તેનું નિરૂપણ કર્યું છે. તે **પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે** તથા ગોપીઓના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે **ભક્તિ** છે તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે **વૈરાગ્ય** છે ને **આત્મનિષ્ઠા** છે, એવી રીતે અમારો અભિપ્રાય તથા રુચિ છે. તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને જો પૂર્વાપર વિચારીને જુવે, તો જે બુદ્ધિવાન હોય તેના જાણ્યામાં આવે છે.'' એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજી મહારાજે વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. **।। ઈતિ વચનામૃતમ્ ।।૧૪।।**

## ।। વચનામૃત ૧૫મું : ભૂંગળી તથા ગાયના દૃષ્ટાંતે આત્મદર્શનનું ।।

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ તેરશને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા ને ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા બીજે ધોળે ફેંટે બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ને ધોળી પછેડી તે ભેગાં કરીને ઓઢ્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ દેશદેશના હરિભક્તની સભા તથા પરમહંસની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ કૃપા કરીને બોલ્યા જે,** ''આ જીવ છે તે અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવપણે કરીને સર્વ દેહમાં નખશિખાપર્યંત વ્યાપીને રહ્યો છે અને દેવતા ને ઈન્દ્રિયોરૂપે કરીને જીવનું ભોક્તાપણું છે પણ દેવતા ઈન્દ્રિયોથી પૃથક્‌પણે ભોક્તા નથી.''**ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે,** ''હે મહારાજ ! ત્યારે એમ કહેવાય છે જે જીવ જે તે સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને વિશેષપણે હૃદયાકાશમાં રહ્યો છે. ત્યારે સર્વે ઠેકાણે સરખું જાણપણું નથી જણાતું તેનું કેમ સમજવું ?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ સૂર્ય છે તે કિરણે કરીને સર્વ પદાર્થમાં વ્યાપીને રહ્યો છે પણ આગળ જેવું પદાર્થ છે ત્યાં તેવો સૂર્યનો પ્રકાશ જણાય છે, કેમ જે કાચની ભૂમિ હોય તથા સ્વચ્છ નિર્મળ પાણી હોય

ત્યાં જેવી રીતે સૂર્યનો શુદ્ધ પ્રકાશ જણાય છે, તેવી રીતે પાણાની ભૂમિ, રેતીની ભૂમિ તથા ડોળાયેલું પાણી તેમાં જણાતો નથી. એવી રીતે સૂર્યના પ્રકાશમાં ન્યૂન અધિકપણું જણાય છે. તેમ એ જીવ ઈન્દ્રિયો, અંતઃકરણ, ગોલક એ સર્વેને વિષે સમાનપણે રહ્યો છે પણ ઈન્દ્રિયોને વિષે સ્વચ્છપણું છે. માટે તેને વિષે વિશેષ પ્રકાશ જણાય છે. જુઓને નેત્રમાં જેવું તેજ જણાય છે તેવું નાક કાનમાં કોઈ દિવસ જણાય છે? નથી જણાતું અને ચાર અંતઃકરણનું અતિ સ્વચ્છપણું છે તો ત્યાં જીવનો અધિક પ્રકાશ જણાય છે અને બીજા ઈન્દ્રિયોમાં ન્યૂન જણાય છે, પણ જીવ તો સર્વ દેહને વિષે સમાનપણે રહ્યો છે.''

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **''એ જીવને કેટલાક તો તારા જેવો દેખે છે તથા દીવાની જ્યોત જેવો દેખે છે તથા બપોરિયા જેવો દેખે છે તે કેમ સમજવું ?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એ તો એમ છે જે, જેમ જેને અક્ષિવિદ્યા છે તેને નેત્ર દ્વારાએ જીવનું દર્શન થાય છે ને તેને વિષે ભગવાનની મૂર્તિને પણ દેખે છે. તેમ જેને ઈન્દ્રિય દ્વારા લક્ષ થયો તે તેવો આત્માને દેખે છે. જેમ કાચનું પૂતળું મનુષ્યને આકારે કર્યું હોય તેને જે જે અવયવ તથા મુવાળા તથા નાડીઓ તે સર્વે કાચનાં હોય ને તે પૂતળાની માંહીલી કોરે તેજ ભર્યું હોય તે તેજ દેખાય, તે જેવો ભૂંગળીનો અવકાશ હોય તે પ્રમાણે દેખાય છે પણ સમગ્ર નથી દેખાતું. તેમ એ જીવનું સ્વરૂપ જેણે જેવું દીઠું છે તે તેવું કહે છે, પણ એની નિરાવરણ દૃષ્ટિ નથી થઈ માટે એને જેવો આત્મા છે તેવો નથી દેખાતો. અને જ્યારે એની નિરાવરણ દૃષ્ટિ થઈને આત્માકારે થાય છે ત્યારે ઈન્દ્રિયોના ગોલકના જે વિભાગ તે એની દૃષ્ટિમાં નથી આવતા ને જેવો આત્મા છે તેવો જણાય છે. જેમ જે આકાશની દૃષ્ટિને પામ્યો હોય તેની દૃષ્ટિમાં બીજાં ચાર ભૂત નથી આવતાં. તેમ જેની નિરાવરણ દૃષ્ટિ થાય છે તેને ગોલક, ઈન્દ્રિયો, દેવતા, અંતઃકરણ તેણે કરીને જણાતા જે જીવના પ્રકાશના ભેદ તે દૃષ્ટિમાં નથી આવતા ને જેવો જીવ છે

તેવો યથાર્થ જણાય છે, અને ભેદ દૃષ્ટિવાળાને જેવો છે તેવો નથી જણાતો. જેમ કોઈકે ગાયનું પૂંછડું દીઠું, કોઈકે મુખ દીઠું, ખુર દીઠો, પેટ દીઠું, સ્તન દીઠો તેણે જે જે અંગ દીઠું તે ગાયનું દીઠું છે પણ જેવી ગાય છે તેવી કોઈએ દીઠી નથી, અને એક અંગ દીઠું, માટે ગાય દીઠી પણ કહેવાય. તેમ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને ઈન્દ્રિયો દ્વારા અથવા અંતઃકરણ દ્વારા થયું તેટલો તે આત્મદર્શી કહેવાય પણ સમ્યક્ આત્મ દર્શન એને કહેવાય નહિ. માટે અમે તો એ જીવને વિષે એવી રીતે સામાન્ય વિશેષપણું કહીએ છીએ.''

ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **''હે મહારાજ ! તમે જીવને તો નિરાકાર કહ્યો ત્યારે તે જીવને વિષે ભગવાન રહ્યા છે તે પણ અલિંગપણે રહ્યા છે કે મૂર્તિમાન રહ્યા છે ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ભગવાન તો ઈન્દ્રિયો, દેવતા, અંતઃકરણ અને જીવ એ સર્વના આશ્રયપણે રહ્યા છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ ભેળે ગોપીઓને કહેવરાવ્યું છે જે, 'ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને જીવ તેના આશ્રયપણે કરીને તમારે સમીપે હું રહ્યો છું. જેમ મહાભૂત બ્રહ્માંડને વિષે રહ્યાં છે ને તેનાં તે જ સર્વના દેહમાં રહ્યાં છે, તેમ જે હું આ મથુરામાં રહ્યો છું તે તો જેમ પંચમહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિષે રહ્યાં છે તેમ રહ્યો છું અને જેમ એ ભૂત જીવોના દેહોમાં સામાન્યપણે રહ્યાં છે તેમ હું તમારે પાસે રહ્યો છું. અને જે હું દેખાતો નથી તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો; પણ રહ્યો તો મૂર્તિમાન છું.''

ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''હે મહારાજ ! એ ભગવાન ઈન્દ્રિયાદિકના આશ્રયપણે રહ્યા છે, તે પુરુષરૂપે કરીને રહ્યા છે કે અક્ષરરૂપે રહ્યા છે કે પોતે સ્વયં પુરુષોત્તમપણે રહ્યા છે ?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જીવ, પુરુષ, અક્ષર અને પુરુષોત્તમ એ સર્વેનું તેજ પ્રકાશપણે તો સજાતીય છે; માટે એમના પ્રકાશના ભેદ પાડવાને તો કોઈ સમર્થ છે નહિ. અને ભેદ તો અતિશ છે પણ તે ભેદને દેખવાને કોઈ સમર્થ નથી અને જેને એ ભગવાન

કૃપા કરે છે તેણે કરીને તેને પ્રકાશમય એવો દિવ્ય દેહ બંધાય છે. પછી તે એમ જાણે છે જે, આ હું છું ને આ પુરુષ છે ને આ અક્ષર છે ને એ સર્વેથી વિલક્ષણ એવા આ પુરુષોત્તમ છે.' એવી રીતે એ સર્વને પૃથક્પણે દેખે છે ને એમના પ્રકાશને પણ વિલક્ષણપણે દેખે છે, પણ બીજો તો કોઈ પૃથક્ દેખવાને અર્થે સમર્થ થાય નહિ, માટે એ ભગવાન સૂઝે એ રૂપે કરીને રહ્યા છે પણ પોતે જ રહ્યા છે.

અને વેદાંત જે ઉપનિષદ્ તથા યોગ તથા સાંખ્ય એ ત્રણ શાસ્ત્ર સનાતન છે તે એ શ્રીકૃષ્ણ પરમાત્માનું જ વર્ણન કરે છે, **તે એ ત્રણ શાસ્ત્રના મત તમને અમે પૃથક્ પૃથક્પણે કરીને કહીએ તે સાંભળો,** તેમાં જે **સાંખ્યવાળા છે તે તો** ચોવીસ તત્ત્વને કહીને તેથી પર પંચવીશમા પરમાત્માને કહે છે પણ જીવ-ઈશ્વરને પૃથક્પણે નથી કહેતા, તેનો એ અભિપ્રાય છે જે તત્ત્વ છે તે જીવ વિનાનાં હોય નહિ માટે તત્ત્વ ભેળો તદાત્મકપણે રહ્યો જે જીવ તેને તત્ત્વરૂપ જ કહે છે, પણ તત્ત્વ થકી પૃથક્ નથી કહેતા. અને જેમ જીવને ચોવીસ તત્ત્વરૂપ માને છે તેમ બ્રહ્માંડાભિમાની જે ઈશ્વર તેને પણ ચોવીસ તત્ત્વરૂપ માને છે. એવી રીતે જીવ-ઈશ્વર એ બેયને તત્ત્વરૂપ માનીને તત્ત્વ ભેળે જ એને ગણે છે પણ તત્ત્વથી નોખા નથી ગણતા અને એ પંચવીશમા પરમાત્માને કહે છે એ સાંખ્યનો મત છે. પણ એમ ન સમજવું જે જીવ નથી, કાં જે સાંખ્યવાળે ષટ્સંપત્તિ, શ્રવણ, મનન, નિદિધ્યાસનાદિક સાધન કહ્યાં છે તે જીવને જ કરવાનાં કહ્યાં છે. પછી તે સાધને કરીને વિચારને પામે ને તે વિચારે કરીને તત્ત્વ થકી પોતે નોખો પડે ને પોતાને બ્રહ્મરૂપ માને ને પરમાત્માને ભજે એવી રીતે સાંખ્યમત છે. તે મોક્ષધર્મમાં શુકજી પ્રત્યે નારદજીએ કહ્યું છે જે '**ત્યજ ધર્મમધર્મં ચ ઉભે સત્યાનૃતે ત્યજ ।**

**ઉભે સત્યાનૃતે ત્યક્ત્વા યેન ત્યજસિ તત્ત્યજ ॥**'

એનો એમ અર્થ છે જે, 'જ્યારે મુમુક્ષુ આત્મવિચાર કરવા બસે ત્યારે તેને આડા જે ધર્મરૂપ અથવા અધર્મરૂપ, સત્યરૂપ, અસત્યરૂપ જે જે સંકલ્પ આવે

તેનો ત્યાગ કરીને અને જે વિચારે કરીને એને તજે છે તે વિચારનો પણ ત્યાગ કરીને બ્રહ્મરૂપે રહેવું પણ દેહે કરીને ધર્મરૂપ નિયમનો ત્યાગ કરવો કહ્યો નથી, એ શ્લોકનો એ અર્થ છે. **અને યોગવાળા છે તે** ચોવીસ તત્ત્વને પૃથક્ ગણે છે ને જીવ-ઈશ્વરને પંચવીશમા કહે છે ને પરમાત્માને છવીસમા કહે છે અને વિવેકે કરીને પંચવીશમાને તત્ત્વ થકી પૃથક્ સમજીને તેને વિષે પોતાપણાની દૃઢતા માનીને ચોવીસ તત્ત્વની જે વૃત્તિઓ તેનો પિંડીભાવ કરીને બળાત્કારે છવીશમાને વિષે રાખે પણ વિષયસન્મુખ જવા દે નહિ અને એમ સમજે જે, 'મારી વૃત્તિ ભગવાનને મૂકીને બીજે ઠેકાણે જશે તો મને સંસૃતિ થશે' માટે અતિ આગ્રહ કરીને ઈન્દ્રિયો અંતઃકરણની જે વૃત્તિઓ તેને ભગવાનને વિષે રાખે. અને જે સાંખ્યવાળો છે તે તો એમ સમજે જે 'મારે ઈન્દ્રિયો-અંતઃકરણ જ નથી તો જશે ક્યાં?' માટે પોતાને બ્રહ્મરૂપ માનીને નિર્ભય રહે છે. અને જે યોગવાળો છે તે તો ડરતો જ રહે છે જેમ કોઈક પુરુષના હાથમાં તેલનું માથા લગણ ભરેલું પાત્ર હોય ને તે પુરુષને પગથિયાને ઉપર ઊંચું ચઢવું હોય ને બે કોરથી ઉઘાડી તરવારવાળા પુરુષ ડરાવવાને ઊભા રહ્યા હોય ને તે તેલને ઢળવા દેવું ન હોય ને તે પુરુષ જેવો ભયને પામે, તેમ યોગવાળો વિષય થકી બીયને ભગવાનને વિષે વૃત્તિઓને રાખે છે, એ યોગનો મત છે. **અને વેદાંત જે ઉપનિષદ્ તેનો મત એ છે જે,** સર્વના અતિશય મોટા કારણ એવા જે પુરુષોત્તમ નારાયણ બ્રહ્મ તેનું જ ગ્રહણ કરીને બીજા સર્વેને મિથ્યા માને છે. જેમ આકાશની દૃષ્ટિને જે પામ્યો હોય તે બીજાં તત્ત્વને દેખે નહિ, તેમ એ બ્રહ્મને જે દેખતો હોય તે બીજા કોઈને દેખે નહિ, એવી રીતે વેદાંતનો મત છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૫ ॥ ૧૨૩ ॥

## ॥ વચનામૃત ૧૬મું : વાસના કુંઠિત અને નિર્મૂળ થયાનું ॥

**સંવત્ ૧૮૭૭ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા આરતી થયા કેડે શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી**

પહેરી હતી તથા માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો." એમ કહીને પોતે જ પ્રશ્ન પૂછ્યો જે, **"જેને વાસના કુંઠિત ન થઈ હોય ને જેને વાસના કુંઠિત થઈ ગઈ હોય ને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેનાં શાં લક્ષણ છે ?"** પછી મુક્તાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેની વાસના કુંઠિત ન થઈ હોય તેની ઈન્દ્રિયોની વૃત્તિ વિષયમાં ચોંટી જાય તે પાછી વિચારે કરીને પણ નીસરે નહિ. અને જેને કુંઠિત વાસના થઈ ગઈ હોય તેની વૃત્તિ વિષયમાં તત્કાળ પ્રવેશ કરે નહિ અને કદાચિત્ વૃત્તિ વિષયમાં પ્રવેશ કરી જાય ને તે વૃત્તિને પાછી વાળે તો તરત પાછી વળે પણ વિષયમાં આસક્ત થાય નહિ. અને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને સારા નરસા જે વિષય તે બેય સમાનપણે જણાય અને પોતે ગુણાતીતપણે વર્તે."

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **"વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જતી તેનું શું કારણ છે ?"** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એનો ઉત્તર એ છે જે, આત્મનિષ્ઠારૂપ એવું જે જ્ઞાન તથા પ્રકૃતિનાં કાર્ય એવાં જે પદાર્થ માત્ર તેને વિષે અનાસક્તિરૂપ એવો જે વૈરાગ્ય તથા બ્રહ્મચર્યાદિકરૂપ જે ધર્મ તથા માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં સંપૂર્ણ હોય, તેને વાસના નિર્મૂળ થઈ જાય છે અને **એ ચારમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી વાસના નિર્મૂળ થતી નથી.**"

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "લ્યો, અમે પ્રશ્ન પૂછીએ જે, **'મુમુક્ષુને ભગવાનની પ્રાપ્તિને અર્થે અનંત સાધન કરવાના કહ્યાં છે, તેમાં એક એવું મોટું કયું સાધન છે જેણે કરીને સર્વે દોષ ટળી જાય ને તેમાં સર્વે ગુણ આવે ?"** ત્યારે

એ પ્રશ્નનો ઉત્તર પરમહંસ વતે થયો નહિ. **પછી શ્રીજી મહારાજે એનો ઉત્તર કર્યો જે,** "ભગવાનનું માહાત્મ્ય જેમ કપિલદેવજીએ દેવહુતિ પ્રત્યે કહ્યું છે જે, **'મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ।' એવી રીતે અનંત પ્રકારનાં માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે** અને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તોપણ એ સર્વે આવે છે, માટે એ સાધન સર્વમાં મોટું છે."

**અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જે કપટી હોય ને તે બુદ્ધિવાળો હોય માટે પોતાના કપટને જણાવા દે નહિ, એનું કપટ કેવી રીતે કળાય ?** તે કહો." **ત્યારે એનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કર્યો જે,** "જેની બેઠ્યક ઉઠ્યક તે જે સત્સંગનો દ્વેષી હોય ને સંતનું ને ભગવાનનું ઘસાતું બોલતો હોય તે પાસે હોય તેણે કરીને તે ઓળખાય, પણ બીજી રીતે તો ન ઓળખાય."

પછી એ ઉત્તરને **શ્રીજી મહારાજે માન્યો અને પછી પોતે બોલ્યા જે, "એવાનો સંગ ન કરતો હોય તો કેમ કળીએ?"** ત્યારે **બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે,** "કોઈક દેશકાળનું વિષમપણું આવે ત્યારે એનું કપટ કળાય જાય." ત્યારે **શ્રીજી મહારાજે કહ્યું જે,** "એ ઠીક ઉત્તર કર્યો."

**અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "એવો કયો એક અવગુણ છે જે, જેણે કરીને સર્વે ગુણમાત્ર તે દોષરૂપ થઈ જાય છે ?** તે કહો." **ત્યારે શ્રીપાત દેવાનંદ સ્વામી બોલ્યા જે,** "ભગવાનના ભક્તનો જે દ્રોહ કરે તેના જે સર્વ ગુણ તે દોષરૂપ થઈ જાય છે." **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એ ઉત્તર પણ ખરો પણ અમે તો એનો ઉત્તર બીજો ધાર્યો છે જે, સર્વે ગુણે સંપન્ન હોય ને જો **ભગવાનને અલિંગ સમજતો હોય પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે.** એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે."

**અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "સંતનો અભાવ શાણે કરીને આવે છે તે કહો ?"** પછી એનો ઉત્તર પરમહંસે કરવા માંડ્યો પણ થયો નહિ.

**ત્યારે શ્રીજી મહારાજે એનો ઉત્તર કર્યો જે,** ''જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે. કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, 'જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વેને પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે.' **માટે એ માનરૂપ મોટો દોષ છે. અને તે માન સમજુમાં જ હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ. ભોળામાં તો સમજુ કરતાંય ઝાઝું હોય છે.''**

**પછી મુક્તાનંદ સ્વામીએ** **શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! એ માન કેમ ટળે ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને માન ન આવે; કેમ જે, જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા ! પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, 'એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને **તુલસીદાસજીએ કહ્યું છે જે :**

**'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ ।**
**તાકે પગકી પહેનિયાં મેરે તનકી ચામ ॥'**

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજનકીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું મહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જતું નથી. તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું.'' **॥ઈતિ વચનામૃતમ્॥૧૬॥૧૨૪॥**

## ॥ વચનામૃત ૧૭મું : સ્તુતિ નિંદાનું ॥

સંવત્ ૧૮૭૭ના માગશર વદિ અમાસને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી માંહેલી કોરે ધોળે અંગરખે સહિત પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ચોફાળ ઓઢીને તે ઉપર પીળી રજાઈ ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. એવી રીતે શ્રીજી મહારાજ પ્રસન્ન થકા રાત્રિને સમે વિરાજમાન હતા.

પછી શ્રીજી મહારાજ પોતાની મેળે બોલ્યા જે, **“જુઓને, ભગવાનની માયાનું બળ કેવું છે ? જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે, કેમ જે પ્રથમ કેવો સારો જણાતો હોય ને પછી અતિશય ભૂંડો થઈ જાય છે.”** એમ કહીને પછી વળી પરમહંસ પ્રત્યે બોલ્યા જે, “આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ.”

ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **“હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે; માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ, વિષમ થાય તોપણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ; તે શાણે કરીને થાય ?”** ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જેને દેહનો અનાદર હોય ને દૃઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય એવાને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિ. અને જે દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થતો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે. અને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તોપણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે

તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે.''

પછી વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''કોઈકને દેહાભિમાન તથા પંચવિષયની આસક્તિ હોય તોપણ તે સત્સંગમાં નભ્યો જાય છે તે કેમ સમજવું?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એને જ્યાં સુધી કોઈક ધક્કો નથી લાગ્યો ત્યાં સુધી નભ્યો જાય છે પણ જ્યારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે; ત્યારે એ જરૂર સંતનો દ્રોહ કરશે ને સત્સંગમાંથી વિમુખ થશે. જેમ સર્પે લાળ નાખી હોય એવું જે દૂધસાકર તેને જેણે પીધું હોય ને તે જીવે છે તોપણ તે ઘડી બે ઘડીમાં, સાંજ-સવારે, આજ-કાલ જરૂર મરનારો છે, **તેમ જે દેહાભિમાની છે તે** મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દશ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે. **અને જેને દેહાભિમાન ન હોય અને એમ સમજતો હોય જે,** 'અંતઃકરણ, ઈન્દ્રિયોનો પ્રકાશક ને જેણે કરીને દેહ ચાલે છે, હાલે છે એવો જે સત્તારૂપ આત્મા તે હું છું; તે હું ધન-સ્ત્રિયાદિક કોઈ પદાર્થે કરીને સુખી થઉં એવો નથી ને એ પદાર્થ ન મળે તેણે કરીને દુઃખી થઉં એવો નથી.' એમ દૃઢ સમજણ જેને હોય તેને સંત ગમે તેવી રીતે પંચવિષયનું ખંડન કરે તથા દેહાભિમાનનું ખંડન કરે તો પણ તે સંતનો અભાવ કોઈ રીતે આવે નહિ અને તુચ્છ પદાર્થ સારુ સંત સાથે બખેડો થાય નહિ ને આંટી પણ પડે નહિ.''

પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **''જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ જણાય ?''** ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને વિષયનો અભાવ હોય તે એમ જણાય જે, જ્યારે કાંઈ સારું ખાવાનું આવે ત્યારે તેને ખાય પણ જેમ જેવું તેવું ખાતો હોય ને તેમાં આનંદ હોય તેવો આનંદ રહે નહિ, મૂંઝાય જાય અને લૂગડાં જેવાં તેવાં જાડાં પહેરતો હોય તેમાં આનંદ હોય તેવો ઝીણાં લૂગડાં પહેરવાં પડે તેમાં આનંદ ન રહે ને મન મૂંઝાય. તેમજ સારી પથારી

હોય અથવા કોઈક માન દે ઈત્યાદિક જે જે સારા પદાર્થનો યોગ થાય ત્યારે તેમાં તેનું મન મૂંઝાય પણ તેમાં કોઈ રીતે આનંદ પામે જ નહિ, ત્યારે તેને એમ જાણીએ જે, 'એને વિષયને વિષે અભાવ છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! એ પંચવિષયનો અભાવ કેમ થાય ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વિષયનો અભાવ થયાનું મુખ્ય સાધન તો પરમેશ્વરનું માહાત્મ્ય છે ને તે પછી આત્મનિષ્ઠા ને વૈરાગ્ય છે. તે માહાત્મ્ય તે શું ? તો જે 'ભગવાનની બીકે કરીને ઈન્દ્ર વરસે છે, સૂર્ય, અગ્નિ, ચંદ્રમા પ્રકાશ કરે છે, પૃથ્વી સર્વને ધારી રહી છે, સમુદ્ર મર્યાદા નથી લોપતા, ઔષધિઓ ઋતુને પામીને ફળે છે અને જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરે છે, અને જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે, અક્ષર છે.' એવી રીતે જે ભગવાનની મોટ્યપને સમજતો હોય તેને જગતમાં એવું શું પદાર્થ છે તે બંધન કરે ? તે કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, સ્વાદ, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી તથા જે જે પંચવિષય સંબંધી પદાર્થ તે એને કોઈ બંધન કરે નહિ. કાં જે એણે તો સર્વનું પરિમાણ કરી રાખ્યું છે જે, 'ભગવાન તે આવા છે ને આવો એ ભગવાનનાં ભજન, સ્મરણ, કથાવાર્તાને વિષે માલ છે. અને અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ સંબંધી સુખ તે આવું છે તથા પ્રકૃતિપુરુષ સંબંધી સુખ તે આવું છે અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવું છે ને સ્વર્ગનું સુખ તે આવું છે તથા રાજ્યાદિકનું સુખ તે આવું છે.'

એવી રીતે એ સર્વના સુખનું અનુમાન કરીને અને ભગવાનના સુખને સર્વથી અધિક માનીને જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો ક્યો પદાર્થ છે તે ભગવાનનાં ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે. જેમ પારસમણિ હોય તે કોઈક લોઢાને અડીને તેનું સોનું થયું તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ લોઢું થાય નહિ, તેમ એવું જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનનાં ચરણારવિંદથી પડે નહિ તો શું બીજે

પદાર્થે કરીને એ પડે ? ન પડે.

અને એ ભગવાનને ભજતા હોય એવા જે સંત **તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે,** 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે માટે એ બહુ મોટા છે.' જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા ! પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓના ચરણની રજને પામવાને ઈચ્છ્યા અને વૃક્ષવેલીનો અવતાર માગ્યો; કેમ જે એવા મોટા ભગવાન, જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી. તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? અને તેને નમાય કેમ નહિ ? તેની આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય. અને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે, 'મારાં મોટાં ભાગ્ય થયાં જે એવા સંતનો હું તિરસ્કાર સહું છું, નહિ તો પ્રારબ્ધવશ થઈને બાયડી-છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા માબાપના તથા રાજાના તિરસ્કાર સહેવા પડત અને પ્રારબ્ધવશ થઈને ડોડીની ભાજી ખાવી પડત તથા મોથ્ય ખોદીને ખાવી પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું નિઃસ્વાદી વર્તમાન પાળું છું તે મારાં મોટાં ભાગ્ય છે. **અને પ્રારબ્ધવશ થઈને** જેવાં તેવાં વસ્ત્ર તથા ચીંથરાં પહેરવાં પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું ગોદડી ઓઢું છું તે એ મારાં મોટાં ભાગ્ય છે.'અને સંતની સભામાં જાય છે ને પોતાને માન જડતું નથી, ત્યારે એ સંતનો અવગુણ લે છે, ત્યારે એને સંતની મોટ્યપ જાણ્યામાં આવી નથી, નહિ તો અવગુણ લેત નહિ. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરશી નાખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરશી ન નાખી દે ને આદર કોઈ ન કરે ત્યારે કાંઈ એને તે ઈંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશ માત્ર પણ થતું નથી. શા માટે જે એ ઈંગ્રેજની મોટાઈ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું.' એવું જાણીને ધોખો થાય નહિ. તેમ જો સંતની મોટાઈ જાણી

હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તોપણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ. માટે **જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૭॥ ૧૨૫ ॥

## ॥ વચનામૃત ૧૮મું : નિશ્ચયનું ॥

સંવત્ ૧૮૭૭ના પોષ સુદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ચોફાળે સહિત રજાઈ ઓઢી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં સંધ્યા આરતી તથા સ્તુતિ પરમહંસ કરી રહ્યા પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''કીર્તન ગાઓ.'' પછી વાજિંત્ર વજાડીને મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસે કીર્તન ગાયાં.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે કીર્તન રાખો, હવે તો અમે વાર્તા કરીશું અને અમે આ વાત કરીએ તેમાં જેને આશંકા ઊપજે તે પૂછજ્યો.'' **એમ કહીને બોલ્યા જે, ''ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહા કઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે,** માટે કહેતાં બીક લાગે છે જે, 'શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રૂટી જાય તો તે મૂળગેથી જાય' અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી. અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે છે. તે સારુ વાત કરીએ છીએ, જે ભગવાને વરાહનો દેહ ધાર્યો તે ભૂંડનું રૂપ તે અતિ કુરૂપ કહેવાય તથા મત્સ્યાવતાર ધાર્યો ત્યારે

માછલા જેવું જ રૂપ હતું તથા કચ્છાવતાર ધાર્યો ત્યારે બીજા કાચબા જેવું જ રૂપ હતું તથા નૃસિંહાવતાર ધાર્યો ત્યારે સિંહના જેવું ભયાનક રૂપ હતું તથા વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથપગ ટૂંકા ને કેડ્ય ધીંગી ને શરીર ધીંગું એવા ટુકડા હતા તથા વ્યાસાવતાર ધાર્યો ત્યારે તે વ્યાસ કાળા હતા ને શરીરમાં મુવાળા ઘણા હતા ને શરીર ગંધાતું હતું, ઈત્યાદિક જે ભગવાને આકૃતિઓ ધારણ કરી હતી ત્યારે તેને તે કાળે જે જે મળ્યા તેમણે તેવાં તેવાં રૂપનું ધ્યાન કર્યું છે અને તે ધ્યાને કરીને તે તે ભગવાનનાં રૂપને પામ્યા છે.

તેમાં જે વરાહને મળ્યા તે શું ધામને વિષે ભગવાનને વારાહરૂપ જ દેખે છે? અને મત્સ્યજીને મળ્યા તે શું ધામને વિષે મત્સ્યરૂપ જ દેખે છે ?અને કૂર્મને મળ્યા તે શું ધામને વિષે કૂર્મરૂપ જ દેખે છે ? અને નૃસિંહને મળ્યા તે શું ધામને વિષે નૃસિંહરૂપ જ દેખે છે ? અને હયગ્રીવને મળ્યા તે શું ધામને વિષે ઘોડારૂપ જ દેખે છે? અને જેણે વારાહને પતિભાવે ભજ્યા તે શું ભૂંડણ થઈ ને સખાભાવે ભજ્યા તે શું ભૂંડ થયો ? અને મત્સ્યને પતિભાવે ભજ્યા તે શું માછલી થઈ ને સખાભાવે ભજ્યા તે શું માછલો થયો ? અને કૂર્મને પતિભાવે ભજ્યા તે શું કાચબી થઈ ને સખાભાવે ભજ્યા તે શું કાચબો થયો ? અને નૃસિંહને પતિભાવે ભજ્યા તે શું સિંહણ થઈ ને સખાભાવે ભજ્યા તે શું સિંહ થયો ? અને હયગ્રીવને પતિભાવે ભજ્યા તે શું ઘોડી થઈ ? ને સખાભાવે ભજ્યા તે શું ઘોડો થયો ? માટે જો ભગવાનનું મૂળ રૂપ વારાહાદિક જેવું જ હોય તો તે તે અવતારના ભક્તોને તેના ધ્યાને કરીને તદાકારપણું થાય. ત્યારે તો કહ્યું તેમજ થયું જોઈએ, પણ એ વાત એમ નથી.

ત્યારે તમે કહેશો જે, **'તે ભગવાનનું કેવું રૂપ છે ? તો કહીએ છીએ જે,** 'ભગવાન તો સચ્ચિદાનંદ રૂપ છે ને તેજોમય મૂર્તિ છે અને જેના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે ને કોટિ કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે અને અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે,

રાજાધિરાજ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે અને અતિશય સુખસ્વરૂપ છે. અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે; એવું ભગવાનનું સ્વરૂપ છે. તે સ્વરૂપ સદા દ્વિભુજ જ છે ને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ પણ જણાય છે, અષ્ટભુજ પણ જણાય છે અને સહસ્રભુજ પણ દેખાય છે. અને તે જ ભગવાન મત્સ્ય, કચ્છ, વારાહાદિક રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે, પણ જે એ પોતાનું મૂળ રૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ નથી કરતા. તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્ય ને અનંત શક્તિ સહિત જ મત્સ્ય-કચ્છાદિક રૂપને ધારણ કરે છે. અને જે કાર્ય નિમિત્ત જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ પણ કરે છે. તે ભાગવતમાં કહ્યું છે જે :

**'ભૂભારઃક્ષપિતો યેન તાં તનૂં વિજહાવજઃ ।**
**કંટકં કંટકેનૈવ દ્વયં ચાપીશિતુઃ સમમ્ ॥'**

જે દેહે કરીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો તથા જીવોને દેહાભિમાન રૂપ જે ચૈતન્યમાં કાંટો ખૂંચી રહ્યો હતો તેને કાઢીને ને કાઢવાના કાંટારૂપ જે પોતાનો દેહ તેને પણ ત્યાગ કર્યો. અને રાક્ષસને મારવાને અર્થે ભગવાને નૃસિંહરૂપ ધાર્યું ને પછી તે કાર્યને કરીને પછી તે દેહનો ત્યાગ કરવાને ઈચ્છ્યા પણ તે સિંહને કોણ મારે ? પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ તે શરભનું રૂપ ધારીને આવ્યા અને નૃસિંહને ને શરભને યુદ્ધ થયું. પછી બેય જણે દેહ મૂક્યો, તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા અને નૃસિંહજીએ દેહ મૂક્યો તે નારસિંહી શિલા થઈ; માટે ચિત્રામણમાં જ્યાં જ્યાં મત્સ્ય-કૂર્માદિક ભગવાનના અવતારનાં ચિત્રામણ કરે છે ત્યાં ત્યાં થોડોક મત્સ્ય-કચ્છાદિકનો આકાર કરીને પછી તે ઉપર શંખ, ચક્ર, ગદા, પદ્મ, વૈજ્યંતી-માળા, પીતાંબર વસ્ત્ર, કિરીટ-મુકુટ, શ્રીવત્સનું ચિહ્ન ઈત્યાદિક ચિહ્ને

સહિત ભગવાનની મૂર્તિને લખે છે તો જો ભગવાનનું રૂપ અનાદિ એવું જ છે.

અને શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ જન્મ સમયમાં વસુદેવ-દેવકીને ચતુર્ભુજ રૂપે દર્શન દીધું અને અક્રૂરને ચતુર્ભુજ રૂપે દર્શન જળને વિષે દીધું તથા રુક્મિણીને મૂર્ચ્છા આવી ત્યારે પણ ચતુર્ભુજરૂપે દર્શન દીધું અને અર્જુને પણ એમ કહ્યું જે, **"તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે"** માટે અર્જુન પણ ચતુર્ભુજરૂપ દેખતા અને યાદવાસ્થળી કરીને પીપળાની હેઠે શ્રીકૃષ્ણ ભગવાન બેઠા હતા તે સમયમાં ઉદ્ધવજીએ તથા મૈત્રેય ઋષિએ ભગવાનનું રૂપ ચતુર્ભુજ શંખ, ચક્ર, ગદા, પદ્મ, પીતાંબર સહિત દીઠું અને શ્રીકૃષ્ણ ભગવાન તો શ્યામ હતા ને તેનું રૂપ તો કોટિ કામને લજ્જા પમાડે એવું કહ્યું છે. માટે એવા મનુષ્ય જેવા જણાય છે તેને વિષે જ પૂર્વે કહ્યો એવો પ્રકાશ ને સુખ તે સર્વે રહ્યાં છે. તે જેને ધ્યાન-ધારણા, સમાધિનું અંગ હોય તેને એની એ મૂર્તિ છે તે જ કોટિકોટિ સૂર્યના પ્રકાશે યુક્ત દેખાય છે પણ મશાલ-દીવાનું કામ પડતું નથી. અને એવો પ્રકાશ એ ભગવાનને વિષે છે ને તે નથી દેખાતો તે તો એ ભગવાનની એવી ઈચ્છા છે અને એ ભગવાન ઈચ્છે જે, 'એવો પ્રકાશવાન હું આ ભક્તને દેખાઉં' તો તે પ્રકાશે યુક્ત એવી એ જ મૂર્તિને દેખે છે. માટે જેને ભગવાનનો નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામમાં જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ તેણે સહિત એ ભગવાન છે અને એમની સેવાના કરતલ તો રાધિકા, લક્ષ્મી આદિક છે. એવા પરમભાવે સહિત ભગવાનને દેખે છે. અને જે મૂઢ છે તે માણસ જેવા દેખે છે; તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે :

**અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।**
**પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥**

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમ ભાવને જાણ્યા વિના ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યના ભાવને પરઠે છે. તે મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક

અંતઃકરણના ભાવ છે તથા હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મ, મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે; ઈત્યાદિક જે મનુષ્યભાવ તે સર્વે ભાવને ભગવાનને વિષે પરઠે છે. માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે તોપણ તેનો નિશ્ચય કાચો છે. અને એ જરૂર સત્સંગમાંથી પડશે અને એ ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી. માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો, પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમ તેનો ભાવ આવે છે, જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો, પછી ગર્ગાચાર્યનાં વચનને સંભારીને નારાયણનો ભાવ આવ્યો, પછી એમ કહ્યું જે, તમે તો નારાયણ છો માટે અમને તમારું ધામ દેખાડો. ત્યારે અક્ષરધામ દેખાડ્યું. એવી રીતે ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે તેને પૂરો નિશ્ચય જાણવો.

**અને એમ કહે છે જે,** 'આને પ્રથમ ભગવાનનો નિશ્ચય નહોતો ને હવે થયો' તે શું એ પ્રથમ ભગવાનને નો'તો દેખતો ? દેખતો તો હતો, પણ મનુષ્યભાવે સહિત દેખતો હતો અને પછી જ્યારે નિશ્ચય થયો ત્યારે દિવ્યભાવે સહિત દર્શન કર્યું ત્યારે એને નિશ્ચય થયો જાણવો. અને જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતેવાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે જે, 'આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી.' એવી રીતે ગુણ-અવગુણ પરઠ્યા કરે છે તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે. **માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો, અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો.** કાં જે દેહે કરીને તો ભગવાનના

ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય અને તે જ્યારે દેહ મૂકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે ? નથી રહેતા. એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે તેને મૂકીને દિવ્યરૂપ થાય છે-બ્રહ્મરૂપ થાય છે. માટે હરિના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય?

અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તોપણ એટલી સમજવી છે. અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પડ્યા વિના છૂટકો નથી. માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાત કરીને ચેતાવી દેવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર કરવી, એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશોમા, જરૂર ભૂલશોમા.''

એમ કહીને શ્રીજી મહારાજ સર્વે હરિભક્તને **'જય સ્વામિનારાયણ' કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા.** એવી રીતે શ્રીજી મહારાજની વાર્તા સાંભળીને સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજી મહારાજને સર્વ અવતારના કારણ અવતારી જાણીને દિવ્ય ભાવની અતિશય દૃઢતા કરતા હવા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૮ ॥ ૧૨૬ ॥

## ॥ શ્રીલોયા-પ્રકરણમ્ સમાપ્તમ્ ॥

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# પંચાળા પ્રકરણ

## વચનામૃત ૧લું : બુદ્ધિવાળાનું, વિચારને પામ્યાનું

સંવત્ ૧૮૭૭ના ફાગણ સુદિ ૪ ચોથને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો અંગરખો પહેર્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને માથાના ફેંટાનો પેચ જમણી કોરે છૂટો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં સંધ્યા આરતી થઈ રહી તે કેડે **શ્રીજી મહારાજ** તકિયા ઉપર વિરાજમાન થઈને બોલ્યા જે, “**અમે આ સર્વે મોટા પરમહંસ તથા મોટા હરિ ભક્તને પ્રશ્ન પૂછીએ છીએ જે,** ‘ભગવાનમાં હેત હોય તથા ધર્મમાં નિષ્ઠા હોય તોપણ જો વિચારને ન પામ્યો હોય તો અતિ સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય તે જે તે અતિશય ભૂંડા જે શબ્દાદિક પંચવિષય તે સરખા થાય નહિ અથવા તેથી અતિશય ઊતરતા પણ થાય નહિ. માટે ક્યા વિચારને પામે ત્યારે અતિ સારા જે પંચવિષય તે અતિશય ભૂંડા જે પંચવિષય તે સરખા થઈ જાય અથવા તે કરતાં પણ અતિશય ભૂંડા થઈ જાય ? **એ પ્રશ્ન સર્વે મોટેરા પરમહંસને તથા સર્વે મોટેરા હરિભક્તને અમે પૂછીએ છીએ.** તે જેણે જેવે વિચારે કરીને એ સારા પંચવિષયને ભૂંડા

પંચવિષય જેવા જાણ્યા હોય અથવા ભૂંડાથી પણ અતિશય ભૂંડા જાણ્યા હોય તે જે પોતપોતાનો વિચાર તે કહો.'' પછી તે સર્વે પરમહંસે તથા સર્વે હરિભક્તે પોતપોતાનો વિચાર કહી દેખાડ્યો.

**ત્યાર પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તમારો સર્વેનો તો એ વિચાર સાંભળ્યો, પણ **હવે અમે જે વિચાર કર્યો છે તે કહીએ છીએ.** જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રૂક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિ ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે. તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમનાં રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમનાં વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે તેમ પુરાણ ભારતાદિક ગ્રંથે કરીને એમ સાંભળ્યામાં આવે છે જે, **'ભગવાન જે તે આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે ને સદા સાકાર છે** અને જો સાકાર ન હોય તો તેને વિષે કર્તાપણું કહેવાય નહિ. અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે. એવા દિવ્યમૂર્તિ પ્રકાશમય ને સુખરૂપ જે ભગવાન તે જે તે પ્રલયકાળે માયામાં કારણ શરીર સહિત લીન હતા જે જીવ, તેમને ઉત્પત્તિકાળે બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણને આપે છે. તે શાને અર્થે આપે છે ? તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ જે વિષય તેના ભોગને અર્થે ને મોક્ષને અર્થે આપે છે.

**અને એ જીવોને અર્થે ભોગ ને ભોગના સ્થાનક તે ભગવાને રચ્યાં છે;** તેમાં જે ઉત્તમ પંચવિષય કર્યા છે તે ભૂંડા પંચવિષયના દુઃખની નિવૃત્તિને અર્થે કર્યા છે. જેમ કોઈક ભારે શાહુકાર હોય તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારુ કરાવે છે, તેમ બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની

ટેટી બાફીને ખાતાં હોય તે જેવા ગરીબ છે. તે બ્રહ્માદિક દેવ-મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યાં છે. અને જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળાદિકમાં સુખ જેવા રાંકને અર્થે રચ્યાં છે તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશય ઉત્તમ હશે એમ જણાય છે. તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે, તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે. માટે એ ભગવાનના ધામમાં સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે.

અને સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઈત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે, પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી. જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી. તેમ બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે અને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે. અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે **માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે,** 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુઃખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે. માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે, **તેને બુદ્ધિવાન કહીએ.** અને પશુનાં સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.

એવી રીતે ભગવાનના સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચવિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે અને તે ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો, જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે. અને એ ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ **ત્યારે સર્વ જે બીજાં સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે,** 'આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ ?' અને સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થતો નથી પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસી થઈ જાય છે. **અને આ જે સર્વે વાત છે તે જે બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે,** માટે બુદ્ધિવાળા ઉપર અમારે હેત છે. કેમ જે, અમે બુદ્ધિવાળા છીએ તો એવી રીતે અમારી દૃષ્ટિ પૂગે છે, માટે બુદ્ધિવાળો જે હોય તેની પણ દૃષ્ટિ પૂગે ખરી. અને આવી રીતે અમારો વિચાર તે તમારા સર્વેના વિચાર કરતાં અમને અધિક જણાયો છે, **તે સારુ આ અમારા વિચારને અતિ દૃઢપણે કરીને હૈયામાં સૌ રાખજો.** અને આ વિચાર વિના તો જો રમણીય પંચવિષયમાં વૃત્તિ ચોંટી હોય તેને અતિ બળે કરીને ઉખાડે ત્યારે માંડમાંડ ઊખડે. અને જો આ વિચારને પામ્યો હોય તો તે વૃત્તિને ખેંચ્યામાં લેશમાત્ર પ્રયાસ પડે નહિ, સહેજે જ વિષયની તુચ્છતા જણાઈ જાય છે.

અને આ જે વાર્તા છે તે જેને ઝાઝી બુદ્ધિ હોય ને ઝાઝા સુખના લોભને ઈચ્છે તેને સમજાય છે. જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે. તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે; માટે **જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે છે** અને આ વિચાર જેના હૃદયમાં દૃઢ ઠર્યો હોય ને તે વનમાં બેઠો હોય તો પોતાને એમ જાણે જે, 'હું

અનંત માણસ તથા રાજ્ય સમૃદ્ધિએ વીંટાણો છું' એમ સમજે પણ દુઃખિયો ન માને. અને ઈન્દ્રના લોકમાં હોય તો જાણે જે 'વનમાં બેઠો છું' પણ તે ઈન્દ્રના લોકના સુખે કરીને સુખિયો ન માને, તે સુખને તુચ્છ જાણે. તે સારુ આ વિચારને રાખીને એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે,'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી સુખ તેમાં લોભાવું નથી.' એવી રીતે સૌ દૃઢ નિશ્ચય રાખજ્યો અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે, માટે દૃઢ કરીને રાખજ્યો.''

**॥ ઈતિ વચનામૃતમ્ ॥૧॥ ૧૨૭ ॥**

## ॥ વચનામૃત બીજું : સાંખ્ય અને યોગનું ॥

**સંવત્ ૧૮૭૭ના ફાગણ સુદિ ૭ સાતમને દિવસ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢાળ્યો હતો તે ઉપર શ્રીજી મહારાજ વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી ને પરમહંસની સભા તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને શ્રીજીમહારાજના મુખારવિંદ આગળ બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**મોક્ષધર્મનું** પુસ્તક મંગાવો તો સાંખ્યના અધ્યાયની તથા યોગના અધ્યાયની કથા કરાવીએ.'' એ વચનને સાંભળીને પુસ્તક મંગાવ્યું. **પછી નિત્યાનંદ સ્વામીએ** કથા કરવાનો આરંભ કર્યો. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''યોગવાળા છે તે પંચવીશમા જીવઈશ્વરને કહે છે અને છવીશમા પરમાત્માને કહે છે. અને સાંખ્યવાળા છે તે ચોવીશ તત્ત્વને અવાંતર જીવઈશ્વરને કહીને પંચવીશમા પરમાત્માને કહે છે. તેમાં જે યોગવાળા છે તેનો એમ મત છે જે, સૂઝે એવો આત્મા-અનાત્માનો વિચાર કરો, સાધન કરો પણ પ્રત્યક્ષ ભગવાનના આશ્રય વિના મોક્ષ ન થાય. અને સાંખ્યવાળાનો એમ મત છે જે, સર્વે દેવ, મનુષ્યાદિકની જે ગતિઓ તેને જાણીને અને વિષયને વિષે વૈરાગ્યને પામીને ત્રણ દેહ થકી પર એવો જે આત્મા તેને જાણે ત્યારે મુક્ત થાય. અને એ બે પ્રકારના જે મત છે તેને

પોતપોતાના મતમાં જે દૂષણ છે તેના નિવારણને અર્થે યુક્તિનું ગ્રહણ કરવું.

**તેમાં યોગમતમાં એ દૂષણ છે જે,** જીવને પંચવીશમો કહ્યો તથા ઈશ્વરને પંચવિશમા કહ્યા અને જીવનો ચોવીશ તત્ત્વનો દેહ કહ્યો, ને ઈશ્વરનો પણ ચોવીશ તત્ત્વનો દેહ કહ્યો. માટે એ બેયને વિષે તુલ્ય ભાવ આવી જાય, 'જે સ્થૂળ ને વિરાટ તે તુલ્ય છે, તથા સૂક્ષ્મ ને સૂત્રાત્મા તે તુલ્ય છે અને કારણ ને અવ્યાકૃત તે તુલ્ય છે તથા જાગ્રત ને સ્થિતિ અવસ્થા તે તુલ્ય છે તથા સ્વપ્ન ને ઉત્પત્તિ અવસ્થા તે તુલ્ય છે તથા સુષુપ્તિ ને પ્રલય અવસ્થા તે તુલ્ય છે.'અને વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ ને વિષ્ણુ, બ્રહ્મા અને શિવ તે તુલ્ય છે, એમ સમજીને છવીશમાને ભજે છે. એવી રીતે જીવ-ઈશ્વરને વિષે જે તુલ્ય ભાવ રૂપ દોષ છે તેને ટાળવાને અર્થે કોઈક મોટા પાસેથી યુક્તિ શીખવી જે, 'ઈશ્વરના દેહમાં જે પંચભૂત રહ્યાં છે, તેની મહાભૂત એવી સંજ્ઞા છે ને તે ભૂત સર્વ જીવના દેહોને ધારી રહ્યાં છે. અને જીવના દેહમાં જે પંચભૂત છે તે અલ્પ છે ને બીજાને ધારવાને સમર્થ નથી. અને જીવ છે તે અલ્પજ્ઞ છે ને ઈશ્વર છે તે સર્વજ્ઞ છે.' એવી રીતે યુક્તિ શીખીને જીવ ઈશ્વરને વિષે સમપણું ન સમજવું. અને જો એવી યુક્તિ ન શીખ્યો હોય ને કોઈ પ્રતિવાદી પ્રશ્ન પૂછે, તો તેનો ઉત્તર કરવો કઠણ પડે ને સમજણ ચૂંથાઈ જાય. અને કોઈક પ્રશ્ન કરે તે તો જીવ ઈશ્વરને વિષે સમપણું રહેવા દે નહિ; માટે જીવ ઈશ્વરને વિષે સમપણું ન આવે એવી રીતની યુક્તિ શીખવી અને એવી રીતનાં જે વચન તેને સાંભળવાં.

**અને સાંખ્યવાળાને એ દૂષણ છે જે,** ચોવીસ તત્ત્વ કહ્યાં છે ને પંચવસમા પરમાત્મા કહ્યાછે ને તે ચોવીસ તત્ત્વને મિથ્યા કહ્યા છે ને પરમાત્માને સત્ય કહ્યા છે ત્યારે તે પરમાત્માને પામે છે કોણ? કેમ જે, પામનારા જીવને તત્ત્વથી ભિન્ન કહ્યો નથી. માટે એ જે દૂષણ છે તેને ટાળવાને અર્થે મોટા થકી એમ યુક્તિ શીખવી જે, 'એ ચોવીસ તત્ત્વ કહ્યાં તે જીવ વિના હોય નહિ માટે એ તત્ત્વ ભેળા જ જીવ-ઈશ્વરને કહ્યા છે. તે જીવ ઈશ્વર એ તત્ત્વ થકી પૃથક્ છે ને પરમાત્માને પામે છે.' એવી રીતની યુક્તિ શીખવી. અને આ યુક્તિ ન

શીખી હોય ને કોઈ પ્રતિપક્ષી પ્રશ્ન પૂછે તો સંશય થાય જે, 'તત્ત્વ તો મિથ્યા છે ત્યારે તે પરમાત્માને પામ્યા ને અર્થે બ્રહ્મચર્યાદિક ધર્મ કહ્યા છે તથા શ્રવણ, મનન, નિદિધ્યાસાદિક સાધન કહ્યાં છે તે શાને અર્થે કહ્યાં છે ? માટે તત્ત્વનાં તદાત્મકપણાને પામ્યા જે જીવ-ઈશ્વર તેને તત્ત્વરૂપે કરીને કહ્યા છે પણ એ તત્ત્વ થકી અતિ વિલક્ષણ છે તે પરમાત્માને પામે છે' ઈત્યાદિક જે યુક્તિઓ તેને મોટા સંત થકી સાંખ્યવાળાને શીખવી. અને યોગવાળા જે છે તે 'પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહ, વામન, રામ, કૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય' એવી યુક્તિનું ગ્રહણ કરે છે. અને જે સાંખ્યવાળા છે તે જે તે **'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'** ઈત્યાદિક શ્રુતિશાસ્ત્રે કરીને કહ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને અનુભવે કરીને યથાર્થ જાણે ત્યારે મોક્ષ થાય એવી યુક્તિનું ગ્રહણ કરે છે. અને એ બેય મત છે તે સારા છે અને મોટાએ માન્યા છે અને એ બેયનું યથાર્થ જો આચરણ જે કરે તો તે પરમ ગતિને પામે છે. અને એ બે મત છે તેમાં સાધન સરખાં કહ્યાં છે, પણ ઉપાસનાની જે રીત તે સરખી નથી, ઘણી પૃથક્ છે.''

એવી રીતે વાર્તા કરીને **શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** ''હવે તો કીર્તન ગાઓ.'' પછી મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે વાજિંત્ર લઈને કીર્તન ગાવા લાગ્યા. તે પછી **વળી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''હવે કીર્તન રાખો અને એ સાંખ્ય ને યોગ એ બેયનો સિદ્ધાંત તમે કીર્તન ગાયાં ત્યાં સુધી અમે વિચાર્યો છે તે કહીએ તે સાંભળો,** જે યોગવાળો છે તેને આત્યંતિક પ્રલયને વિષે જે અક્ષરધામમાં તેજોમય એવી દિવ્યરૂપ ભગવાનની મૂર્તિ રહી છે તે ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા પ્રકૃતિપુરુષરૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા પ્રકૃતિપુરુષનાં કાર્ય જે ચોવીસ તત્ત્વ તે રૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા હિરણ્યગર્ભ ને તેથી ઓરા ચોવીસ તત્ત્વથી ઊપજ્યો જે વિરાટ તે ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા પૃથ્વીને વિષે જે મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વરાહાદિક

ભગવાનના અવતાર તથા શાલિગ્રામાદિક પ્રતિમાઓ એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે એવું યોગવાળાનું તાત્પર્ય જણાણું.

પછી સાંખ્યનો વિચાર ઊપજ્યો ત્યારે તેણે એ આકારમાત્રનું નિરાકરણ કરી નાખ્યું **અને એમ જણાણું જે,** 'એ સર્વના વિચારનો કરતલ જે જીવ છે, તે જેવો શુદ્ધ કોઈ નથી માટે જીવનું ધ્યાન કરવું એ ઠીક છે.' એવો જે સાંખ્યનો વિચાર તેને ટાળવાને અર્થે વળી યોગનો વિચાર થયો જે, એ પરાત્પર એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું એ પ્રકૃતિ પુરુષાદિક સર્વને વિષે અન્વયપણું છે; માટે એ સર્વે ભગવાન જ છે ને દિવ્યરૂપ છે ને સત્ય છે ને ધ્યેય છે. અને એ વાતને દૃઢ કરવાને અર્થે શ્રુતિ છે જે, **'સર્વં ખલ્વિદં બ્રહ્મ' 'નેહ નાનાસ્તિ કિંચન'** તથા **'ઈદં હિ વિશ્વં ભગવાનિવેતરો યતો જગત્સ્થાન-નિરોધસંભવાઃ'** એવી રીતનો યોગમાર્ગ છે તેને વિષે પ્રવર્ત્યો જે મુમુક્ષુ તેને કોઈ વિઘ્ન નથી; શા માટે જે એ માર્ગ સ્થૂળ છે ને એને વિષે પ્રત્યક્ષમૂર્તિ ભગવાનનું આલંબન છે. તે સારુ જેવો-તેવો હોય તે પણ એ માર્ગે કરીને નિર્વિઘ્ન થકો મોક્ષને પામે છે. પણ એ માર્ગમાં એક દોષ છે જે એ સર્વથી પર જે પુરુષોત્તમ ભગવાન તેને અને પ્રકૃતિપુરુષાદિકને અંશઅંશી ભાવ આવી જાય છે જે, 'ભગવાનના અંશ પ્રકૃતિપુરુષ છે ને તેના અંશ હિરણ્ય ગર્ભ વિરાટાદિક છે' એવી રીતે સમજાય તો મોટો દોષ આવે, કાં જે ભગવાન અચ્યુત છે, નિરંશ છે, નિર્વિકાર છે, અક્ષર છે, અખંડ છે તેને વિષે ચ્યુતભાવ આવે છે ને અંશઅંશીભાવ આવે છે; માટે એવો દોષ આવવા દેવો નહિ.

**અને એમ સમજવું જે,** 'એ ભગવાન જેવા તો ભગવાન જ છે ને બીજા જે પ્રકૃતિ પુરુષાદિક છે તે તો એના ભક્ત છે અને એનું ધ્યાન કરે છે, માટે એ ભગવાન રૂપ છે. જેમ કોઈ મોટા સંત હોય ને તે ભગવાનનું ધ્યાન કરતા હોય ને તેને ભગવાન રૂપ જાણે છે, તેમ એ પ્રકૃતિ પુરુષાદિક પણ ભગવાન રૂપ છે. અને એ સર્વથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ રૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે તે

ધ્યાન કરવા યોગ્ય છે,' એમ સમજે તો એ યોગમાર્ગ તે અતિશય નિર્વિઘ્ન છે ને શ્રેષ્ઠ છે. અને સાંખ્યવાળા છે તેમાં એ દોષ છે જે એ સાંખ્યવાળા હોય તે એમ કહે છે જે, 'અંતઃકરણે કરીને તથા ઈન્દ્રિયે કરીને જે જે ગ્રહણ કર્યામાં આવે છે તે સર્વ મિથ્યા છે અને અનુભવે કરીને જે ગ્રહણ કર્યામાં આવે છે તે સત્ય છે.' એવી રીતે આકાર માત્રને મિથ્યા કરે છે તે ભેળે જીવના કલ્યાણને અર્થે પ્રકટ થયા જે ભગવાન તેના રૂપને પણ મિથ્યા કરે છે. તથા અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ એમના રૂપને પણ મિથ્યા કરે છે અને નિર્ગુણ એવા જે વાસુદેવ તેનું જ ગ્રહણ કરે છે એવો એ મોટો દોષ છે. **માટે એ સાંખ્યવાળા એમ સમજે તો ઠીક જે,** 'સાંખ્યવિચારનું ગ્રહણ કરીને પ્રકૃતિ પુરુષથી જે જે ઉપજ્યું તેને મિથ્યા કરીને પોતાના આત્માને સર્વથી પૃથક્ શુદ્ધ બ્રહ્મરૂપ માનીને તે પછી જીવના કલ્યાણને અર્થે પ્રકટ થયા જે ભગવાન તેના રૂપને સત્ય જાણીને તેનું ધ્યાન કરવું.' એવી રીતે એ બે પ્રકારનાં જે વિચાર છે તે કોઈક અમારા જેવા મોટા પાસેથી શીખે ત્યારે આવડે, નહિ તો શાસ્ત્રને ભણે, સાંભળે પણ આવડે નહિ. અને છે તો એમ જે, 'પ્રથમ સાંખ્ય વિચારે કરીને જે બ્રહ્મરૂપ થયો હોય તેને અર્થે યોગનો ઉપદેશ છે; તે કહ્યું છે જે :

**'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્‌ભક્તિં લભતે પરામ્ ।।'** તથા
**'આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।**
**કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂતગુણો હરિઃ ।।**
**પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ।।'**

એવી રીતે સાંખ્યવાળાને યોગની અપેક્ષા છે; કાં જે, એ સાંખ્યવાળો વિચારે કરીને પોતાના આત્માથી વ્યતિરિક્ત જે જે કાંઈ પંચઈન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને ભોગવવામાં આવે એવા વિષયભોગ છે તેને અતિશય તુચ્છ જાણે છે, માટે એ કોઈ પદાર્થને વિષે આશ્ચર્ય પામે નહિ તથા બંધાય

નહિ. અને એની પાસે કોઈ આવીને એમ કહે જે, 'આ પદાર્થ તો બહુ જ રૂડું છે.' ત્યારે તેને એમ વિચારે જે, 'ગમે તેવું સારું હશે પણ ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને ગ્રહણ કર્યામાં આવે એવું હશે ને ઈન્દ્રિયો-અંતઃકરણના ગ્રહણમાં જે આવે તે તો અસત્ય છે, નાશવંત છે' એવી એ સાંખ્યવાળાને દૃઢ સમજણ રહે છે અને પોતાના આત્માને શુદ્ધ જાણે છે. એવો જે સાંખ્યવાળો તેને યોગમાર્ગે કરીને ભગવાનની જે ઉપાસના, ધ્યાન, ભક્તિ તે કરવાં અને એમ ન કરે તો એને વિષે અતિ ન્યૂનતા કહેવાય છે; એવી રીતે સાંખ્યશાસ્ત્ર તથા યોગશાસ્ત્ર તેનો જે સનાતન સિદ્ધાંત છે તે અમે યથાર્થ વિચારીને કહ્યો છે. અને જે આધુનિક યોગવાળા ને સાંખ્યવાળા છે તેમણે તો એ બેય માર્ગને બગાડી નાખ્યા છે. જે યોગવાળા છે તે આકારનું સ્થાપન કરવા જાય છે ત્યારે બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના આકાર તથા રામકૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે. અને સાંખ્યવાળા છે તે આકારનું ખંડન કરે છે તે ભેળે તીર્થ, વ્રત, પ્રતિમા, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેનું ખંડન કરે છે. માટે આધુનિક જે સાંખ્યવાળા ને યોગવાળા તે બેય માર્ગને મૂકીને કુમાર્ગે ચાલ્યા છે તે નારકી થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥ ૧૨૮ ॥

## વચનામૃત ૩જું : મુનિબાવાનું, મોક્ષના કામમાં આવે તેવી બુદ્ધિનું

**સંવત્ ૧૮૭૭ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સર્વે પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.'' **ત્યારે મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે,** ''**આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે તથા સત્સંગનો**

**ખપ છે તોપણ માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે?''** પછી એનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એવો જે છે તેમાં બુદ્ધિ નથી અને જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે અને બીજામાં જે ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહીં અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે. અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે.' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને માટે એમાં માન-ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહિ. અને કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે **જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી** અને તે બુદ્ધિ ઉપરથી બહુ ચોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિ મૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહિ. અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો **એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે અને એને જ બુદ્ધિવાળો કહીએ.** અને જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહિ ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ અને પોતામાં અવગુણ પરઠે તેને બુદ્ધિવાળો કહીએ.''

**પછી શ્રીજી મહારાજે આજ્ઞા કરી જે,** ''કીર્તન ગાઓ.'' પછી **'સખી આજ મોહન દીઠા રે શેરીએ આવતા રે'** એ કીર્તન પરમહંસ ગાવા લાગ્યા, ત્યારે વળી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''હવે કીર્તન રાખો અને આ કીર્તન ગાયાં તેમાં હેત બહુ છે. **તે હેતનો અમે વિચાર કર્યો જે,** હેત મોટી વાત છે અને હેતે કરીને ભગવાનને ભજવા એ ઠીક છે. પણ સારી પેઠે વિચારીને જોયું ત્યારે એમ જણાણું જે, **'હેત છે તે જ ભગવાનની માયા છે'** કેમ જે સ્ત્રીઓ પરસ્પર બોલતી

હોય, જોતી હોય, સ્પર્શ કરતી હોય તેમાં બીજી રીતનું હેત છે અને પુરુષ હોય ને પરસ્પર બોલે, જુએ, સ્પર્શ કરે તેમાં પણ બીજી રીતનું હેત છે. અને પુરુષ જે તે સ્ત્રીને જોતો હોય ને આલિંગન કરતો હોય, તેની વાર્તા સાંભળતો હોય, તેનો સુગંધ લેતો હોય ને તેની વાર્તા કરતો હોય તેને વિષે જેવું હેત થાય છે ને તે સ્ત્રીમાં પુરુષનું મન આકર્ષણ થઈ જાય છે, તેવું પુરુષને પુરુષમાં નથી થતું; સ્ત્રી હોય ને પુરુષને જોતી હોય, આલિંગન કરતી હોય ઈત્યાદિક પુરુષના સંબંધે કરીને સ્ત્રીને હેત જેવું પુરુષમાં થાય છે ને તેનું મન પુરુષમાં સમગ્રપણે ખેંચાઈ જાય છે, તેવું સ્ત્રીને સ્ત્રીમાં નથી થતું.

માટે જે થકી જગતનો પ્રવાહ છે ને જે જીવને સંસૃતિ ને બંધનને કરનારી છે એવી જે ભગવાનની માયા તે જ હેતરૂપે છે. **પછી એમ વિચાર થયો જે,** 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય છે, તે બીજે ઠેકાણેથી મિથ્યા કરીને એક ભગવાનમાં જ આત્યંતિક સુખ જાણીને જોડ્યાં હોય તે તો ઠીક છે તે માયા નથી.' **પછી વળી તેમાં પણ વિચાર થયો જે** એ પણ ઠીક નહિ, કાં જે, ભગવાનના રૂપ કરતાં અધિક રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ, અધિક શબ્દ તે બીજાને વિષે જણાય તો ભગવાનને મૂકીને તેને વિષે હેત થઈ જાય. જેમ સોળ હજાર ને એક સો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી. તેમણે બ્રહ્મા પાસે વર માગ્યો જે, 'હે મહારાજ ! અમે દેવ, દૈત્ય અને મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો માટે એવી કૃપા કરો જે એ અમારા પતિ થાય.' **પછી બ્રહ્માએ કહ્યું જે,** 'તમે તપ કરો, તમારા પતિ નારાયણ થશે.' ત્યારે તેમણે ઘણું તપ કર્યું. પછી તેમની ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદમુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે, 'તમારા પતિ નારાયણ થશે.' એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી, પણ જો ભગવાન કરતાં સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી. માટે જેની એક મતિ રહેતી ન હોય તેને પંચ ઈન્દ્રિયોના વિષયના સુખસંબંધે

કરીને ભગવાનમાં પ્રીતિ કરવી તે ઠીક નહિ અને જેની મતિ એકની એક નિસ્તર્કપણે રહ્યા કરે તેને તો ઠીક છે. અને **જેને બુદ્ધિ હોય તેને ભગવાનમાં હેત કેમ કરવું?** તો, જે ચોવીસ તત્ત્વ છે તે થકી પોતાના જીવને પૃથક્ જાણવો ને તે જીવને વિષે ખૂંતીને રહી જે પંચઈન્દ્રિયોની વૃત્તિઓ તેને ઉખાડી નાખીને ઈન્દ્રિયોની વૃત્તિ વિના જીવસત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે કરીને જેટલું ભગવાનમાં હેત થાય તેટલું કરવું. **તે નિર્ગુણપણું તે શું ?** જે દશ ઈન્દ્રિયો તે રજોગુણની સંપત્તિ છે અને અંતઃકરણ ને દેવતા તે સત્ત્વગુણની સંપત્તિ છે અને પંચભૂત ને પંચવિષય તે તમોગુણની સંપત્તિ છે. તે એ ત્રણ ગુણની સંપત્તિઓ ને ત્રણ ગુણ તેને પૃથક્ માનીને કેવળ જીવસત્તાએ કરીને રહે તેને નિર્ગુણ કહીએ. એવા નિર્ગુણ થઈને ભગવાનમાં હેત કરવું, તે કહ્યું છે જે :

**''નૈર્ગુણ્યસ્થા રમન્તે સ્મ ગુણાનુકથને હરેઃ''** તથા

**'પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્ય ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥'**

**અને એવી રીતના જે જ્ઞાની છે તે** ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞના રૂપને જાણીને પોતે ક્ષેત્રજ્ઞરૂપે થઈને ભગવાનમાં પ્રીતિ કરે છે. તે ક્ષેત્ર તે શું ? તો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા એ સર્વ ક્ષેત્ર છે. તે ક્ષેત્રને પોતાના આત્માથી પૃથક્ જાણે છે જે, 'એ મારે વિષે કોઈ દિવસ હોય નહિ, હું તો એનો જાણનારો છું ને અતિ શુદ્ધ છું, અરૂપ છું, અલિંગ છું. ચેતન છું, અને એ ક્ષેત્ર તો અતિ મલિન છે, જડ છે, નાશવંત છે' એમ દૃઢપણે સમજીને, **ને એ સર્વથી વૈરાગ્યને પામીને સ્વધર્મે સહિત જે ભગવાનને વિષે ભક્તિ કરવી તેને એકાંતિકી ભક્તિ કહીએ અને એને જ્ઞાની કહીએ.** અને એ જે જ્ઞાની તે સર્વથી શ્રેષ્ઠ છે. તે ભગવાને કહ્યું છે જે :

**'તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।**
**પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ॥**
**ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ॥'**

એમ સમજીને ઈન્દ્રિયો, અંતઃકરણ ને વિષય એ સર્વેનાં જે મૂળ તે જીવમાંથી ઉખેડીને નાખીને ભગવાનને વિષે હેત કરવું એ જ ઠીક છે. અને જ્યાં સુધી એનાં મૂળ ઉખાડી નાખ્યાં ન હોય ત્યાં સુધી એ ઈન્દ્રિયો અંતઃકરણે કરીને ભગવાનનાં દર્શન-સ્પર્શનાદિક રૂપ જે કામ તે લેવું પણ એને પોતાના હેતુ ન માનવાં, વૈરી માનવાં. અને એનો ગુણ ન લેવો જે, 'એ ભગવાનની ભક્તિને વિષે ઉપકાર કરે છે.' કેમ જે, નેત્રે કરીને ભગવાનના દર્શન થાય છે, શ્રવણે કરીને ભગવાનની કથા સંભળાય છે, ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ થાય છે, નાસિકાએ કરીને ભગવાનની માળા ને તુલસીનો સુગંધ લેવાય છે, મુખે કરીને ભગવાનનાં કથાકીર્તન કહેવાય છે તથા જીહ્વાએ કરીને ભગવાનની પ્રસાદીનો રસ લેવાય છે. ઈત્યાદિક ભગવાનની ભક્તિને વિષે ઉપયોગી છે, એમ સમજીને એનો ગુણ ન લેવો ને એનો વિશ્વાસ ન કરવો, એને તો વૈરી જ જાણવાં; કાં જે, શું જાણીએ એ ભગ-વાનનાં દર્શનસ્પર્શનાદિકે કરીને સુખ માનતા થકા સ્ત્રિયાદિકના દર્શનસ્પર્શ-નાદિકે કરીને જ સુખ મનાવી દે તો ભૂંડું થાય. માટે એ પંચ ઈન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની ભક્તિરૂપ કામ લેવું. જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહિ ને વિશ્વાસ પણ કરે નહિ. અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચય મારે; તેમ જો ઈન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટા મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગથકી પાડી નાખે છે માટે એનો વિશ્વાસ ન કરવો.

અને વળી જેમ ઈંગ્રેજ કોઈક ગુનેગારને પકડે છે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી. તેમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો, શત્રુભાવ જ રાખવો. અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને

એનો ગુણ લે તો ભગવાનના દર્શન-સ્પર્શનાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રિયાદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય. જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે, તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી; **માટે કેવળ આત્મારૂપ થયે થકે જે ભગવાનને વિષે હેત થાય તે ઠીક છે એમ અમારો સિદ્ધાંત છે અને એવી રીતે જે ભગવાનમાં હેત કરે છે તે અમને ગમે છે.** અને એમ પણ વિચાર કરવો જે, 'ભગવાનમાં જેવું રૂપ છે તેવું બીજે નથી અને જેવો ભગવાનનો સ્પર્શ છે તેવો બીજે નથી અને જેવો ભગવાનમાં સુગંધ છે તેવો બીજે નથી અને ભગવાનના શ્રવણમાં જેવું સુખ છે તેવું બીજે નથી અને જેવો ભગવાનમાં રસ છે તેવો બીજે નથી.' એમ ઈન્દ્રિયો-અંતઃકરણને લોભ દેખાડીને બીજા વિષયથી પાછાં વાળવાં એ પણ સમજણ ઠીક છે.''

**ત્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, ''હે મહારાજ ! આ જે સર્વે વિચાર તે ક્યા સ્થાનકે રહીને કરવો ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પોતાના હૃદયને વિષે એમ વિચાર કરે જે, સ્થૂળદેહ, સૂક્ષ્મદેહ, કારણદેહ એ હું નહિ અને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા હું નહિ અને પંચ જ્ઞાનઈન્દ્રિયો ને પંચ કર્મઈન્દ્રિયો ને ચાર અંતઃકરણ ને એમના દેવતા એ સર્વે હું નહિ, હું તો એ સર્વેથી પૃથક છું, ચૈતન્ય છું ને ભગવાનનો ભક્ત છું' અને ઈન્દ્રિયો-અંતઃકરણ કાંઈક ચાળા કરે તો એને કહેવું જે, 'કેમ તારે તે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ જોવું છે ? ને કેવળ ભગવાનનો શબ્દ સાંભળવો છે તથા ગંધ લેવો છે કે બીજાનો પણ શબ્દ સાંભળવો છે ને ગંધ લેવો છે ? અને જો ભગવાન વિના બીજા વિષયમાં તું જઈશ તો તારે-મારે શું છે ભાઈ? તું કોણ ને હું કોણ ? તારે મારે લેવું-દેવું નથી. તમે કરશો તે તમે ભોગવશો.' **એમ ઈન્દ્રિયો-અંતઃકરણને કહીને પછી ભગવાનની પ્રાર્થના કરવી જે,** 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઈન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોખો છું ને એ

તો મારા શત્રુ છે, માટે એ થકી મારી રક્ષા કરજ્યો.' એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી, ને પોતાને ક્ષેત્રજ્ઞ ચૈતન્યરૂપ માનીને ભગવાનને વિષે હેત-ભક્તિ કરવી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩ ॥ ૧૨૯॥

## ॥ વચનામૃત ૪થું : મનુષ્યભાવમાં દિવ્યભાવનું, ભગા મૂળાનું ॥

**સંવત્ ૧૮૭૭ના ફાગણ વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ઝીણી ધોળી પછેડી ઓઢી હતી ને હસ્તકમળને વિષે તુલસીની માળા ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો.'' **ત્યારે મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''પ્રથમ તો ભગવાનનો નિશ્ચય હોય ને ભજનસ્મરણ કરતો હોય અને પછી ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખીને તે નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું શું કારણ છે ?''** પછી એ પ્રશ્નનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહિ,

**ત્યારે શ્રીજી મહારાજ ઝાઝીવાર સુધી વિચારી રહ્યા ને પછી બોલ્યા જે,** ''એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે; વેદ, પુરાણ, મહાભારત, સ્મૃતિઓ ઈત્યાદિક જે શાસ્ત્ર તેને વિષે ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે. તે કહ્યું છે જે, ભગવાન કેવા છે ? તો આ ચક્ષુઈન્દ્રિયે કરીને દીઠામાં આવે છે જે યત્કિંચિત્ રૂપ તે જેવું તેમનું રૂપ નથી અને શ્રવણે કરીને સાંભળ્યામાં આવે છે જે કાંઈ શબ્દમાત્ર, તે જેવો એ ભગવાનનો શબ્દ નથી અને ત્વચાએ કરીને સ્પર્શમાં આવે છે જે સ્પર્શ, તે જેવો એનો સ્પર્શ નથી અને નાસિકાએ કરીને સૂંઘ્યામાં આવે છે જે સુગંધ, તે જેવો એનો સુગંધ નથી. અને જિહ્‌વાએ કરીને વર્ણન કર્યામાં આવે એવા પણ એ ભગવાન નથી અને મનના સંકલ્પમાં આવે એવા નથી તથા ચિત્તના

ચિંતવનમાં આવે એવા નથી તથા બુદ્ધિના નિશ્ચયમાં આવે એવા નથી તથા અહંકારે કરીને અહંપણું ધરાય એવા નથી જે, 'એ ભગવાનનો હું છું ને એ મારા છે.' એવી રીતે ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર એ ભગવાન રહ્યા છે.

**અને એ ભગવાનનું જેવું રૂપ છે તેવું આ બ્રહ્માંડમાં બ્રહ્માદિક સ્તંબ પર્યંત કોઈનું રૂપ નથી જે જેની એને ઉપમા દઈએ.** તથા એનો જેવો શબ્દ છે તેવો બીજો આ બ્રહ્માંડમાં કોઈનો શબ્દ નથી જે જેની એને ઉપમા દઈએ અને એ ભગવાનનો જેવો સુગંધ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સુગંધ નથી જે જેની એને ઉપમા દઈએ; તથા એ ભગવાનનો જેવો સ્પર્શ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સ્પર્શ નથી જે જેની એને ઉપમા દઈએ; તથા એ ભગવાનમાં જેવો રસ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો રસ નથી જે જેની એને ઉપમા દઈએ. અને એ ભગવાનનું જેવું ધામ છે તેવું સ્થાનક આ બ્રહ્માંડમાં કોઈ નથી જે જેની એને ઉપમા દઈએ; તે સપ્તદ્વીપ ને નવ ખંડમાં જે જે સ્થાનક છે તથા મેરુ ઉપર ઘણીક શોભાએ યુક્ત બ્રહ્માદિકનાં સ્થાનક છે તથા લોકાલોકાચળને વિષે ઘણાંક સ્થાનક છે તથા ઈન્દ્ર, વરુણ, કુબેર, શિવ, બ્રહ્મા એનાં જે સ્થાનક છે તથા બીજાં પણ ઘણાંક સ્થાનક છે, એ સર્વે માંહીલું એવું એકે સ્થાનક નથી જે જેની ભગવાનના ધામને ઉપમા થાય.

**અને એ ભગવાનના ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત** તેને જેવું સુખ છે તેવું આ બ્રહ્માંડમાં કોઈ સુખ છે નહિ જેની એને ઉપમા દઈએ. અને એ ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર નથી જેની એને ઉપમા દઈએ. કેમ જે આ બ્રહ્માંડમાં જેટલા પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે. માટે એ બેયને વિષે અતિશય વિલક્ષણપણું છે. તે સારુ એને ને એને સાદૃશ્યપણું કેમ થાય? જેમ મનુષ્યને કહીએ જે, 'આ માણસ ભેંસ જેવો છે, સર્પ જેવો છે, ચરકલા જેવો છે, ગધેડા જેવો છે, કૂતરા જેવો છે, કાગડા જેવો છે, હાથી જેવો છે.' એવી ઉપમા મનુષ્યને સંભવે નહિ; કેમ જે, મનુષ્ય થકી

એ બીજાં જે સર્વે તે વિજાતીય છે, અને મનુષ્ય મનુષ્યમાં પણ અતિશય સાદૃશ્યપણું નથી જેની ઉપમા એમ દઈએ જે 'આ તે આ જેવો જ છે.' અને જો તે, તે જેવો જ હોય તો તેની ઓળખાણ કેમ થાય ? માટે મનુષ્ય મનુષ્ય સજાતિ છે તેને વિષે પણ સાદૃશ્યપણું અત્યંત છે નહિ. જુવોને, આ ભગો મૂળો બે સરખા કહેવાય છે પણ ઝાઝા દિવસ ભેગા રહીએ તો ઓળખાઈ જાય જે 'આ ભગો છે ને આ મૂળો છે.' માટે જો વિલક્ષણતા ન હોય તો ઓળખાય કેમ ? માટે મનુષ્ય-મનુષ્યમાં પણ અતિ સાદૃશ્યપણું નથી તો માયિક-અમાયિકને વિષે સાદૃશ્યપણું કેમ આવે? જેની ઉપમા ભગવાનને દઈએ તથા ભગવાનના ધામને દઈએ; કાં જે 'એ ભગવાન છે તે ઈન્દ્રિયો અંતઃકરણને અગોચર છે' એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે.

**તે એ ભગવાન જ્યારે જીવને પોતાનું દર્શન દેવાને ન ઈચ્છે ત્યારે** તો આવી રીતે દિવ્યરૂપ અગોચર થકા પોતાના અક્ષરધામને વિષે રહ્યા છે અને એ ભગવાન મહારાજાધિરાજ છે ને દિવ્યરૂપ એવી જે અસંખ્ય સમૃદ્ધિ તથા અસંખ્ય પાર્ષદ તેણે યુક્ત છે ને અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે. જેમ આ લોકમાં કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય તેનું સૂર્યના ઉદય-અસ્ત સુધી રાજ્ય હોય અને તે જ રાજા પોતાના તપને બળે કરીને દેવતાના જેવા ઐશ્વર્યને પામ્યો હોય ને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રિલોકીના રાજ્યને કરતો હોય; જેમ અર્જુન હતા તે એને એ દેહે કરીને સ્વર્ગને વિષે ઈન્દ્રાસનને ઉપર કેટલાંક વર્ષ સુધી રહ્યા તથા નહુષ રાજા પણ ઈન્દ્ર થયો હતો; એવો જે પ્રતાપી ચક્રવર્તી રાજા તેને ઘેર જેટલાં ગામ છે તેની ગણતી થાય નહિ, એ તો અસંખ્ય છે. તથા ગામ-ગામના જે પટેલ તેની પણ ગણતી થાય નહિ, અને તે ગામ ગામના અસંખ્ય પટેલ તે એના દરબારમાં અરજ કરવા આવતા હોય અને તે રાજાનાં ધન, માલ, ભોગ, સ્થાનક, સમૃદ્ધિ તે પણ ગણતીમાં આવે નહિ, તેમ એ ભગવાન અસંખ્ય કોટિ જે બ્રહ્માંડરૂપ ગામ તેના રાજાધિરાજ છે અને એ બ્રહ્માંડરૂપ જે ગામ તેના મુખ્ય પટેલ તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે;

જેમ એક ગામમાં એક પટેલ મોટો હોય, તેને તે ગામની સર્વે પ્રજા તે આવીને નમે ને આજ્ઞામાં રહે ને તે પટેલ રાજાને નમે, તેમ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે તે મોટેરા છે ને બીજા જે બ્રહ્માંડમાં દેવ, દૈત્ય, મનુષ્ય, ઋષિ, પ્રજાપતિ તે એને ભજે છે ને આજ્ઞામાં રહે છે. ને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તે ભગવાન પુરુષોત્તમને ભજે છે ને આજ્ઞામાં વર્તે છે.

**તે એ બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તે એ ભગવાનની પ્રાર્થના કરે છે જે,** 'હે મહારાજ ! કૃપા કરીને તમે અમારા બ્રહ્માંડમાં પધારો.' જેમ કોઈ ગામનો પટેલ હોય તે ચક્રવર્તી રાજા આગળ જઈને પ્રાર્થના કરે જે, 'હે મહારાજ ! હું ગરીબ છું તે તમે મારે ઘેર પધારો, મારાથી જેવી તમારી ચાકરી બની આવશે તેવી કરીશ.' તેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે એ ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ, તમે અમને દયા કરીને દર્શન દ્યો ને અમારા બ્રહ્માંડમાં પધારો' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે; જેમ વરાહરૂપ ભગવાને ધાર્યું ત્યારે સૂંઘીને પૃથ્વીને ખોળી કાઢી, તથા હયગ્રીવરૂપે થયા ત્યારે ઘોડાની પેઠે ફૂંફાડા મારવા માંડ્યા તથા મત્સ્ય, કચ્છાદિક જળજંતુનો દેહ ધારણ કર્યો ત્યારે જળમાં જ ફર્યા પણ પૃથ્વીમાં ન ફર્યા તથા નૃસિંહરૂપે થયા ત્યારે સિંહની પેઠે જ વર્ત્યા પણ મનુષ્યના જેવી ચેષ્ટા ન કરી.

**અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે** મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે. તે જ્યારે સત્યયુગ હોય ત્યારે મનુષ્યને લાખ વર્ષની આવરદા હોય ત્યારે એ ભગવાન પણ લાખ વર્ષ જ દેહ રાખે. અને તે સત્ય યુગના માણસ મનોવાંછિત ભોગને ભોગવે ત્યારે ભગવાન પણ તેમ જ ભોગને ભોગવે પણ અધિકપણે ન વર્તે. અને ત્રેતાયુગમાં દેહ ધારણ કરે ત્યારે માણસને દશ હજાર વર્ષની આવરદા હોય ત્યારે ભગવાન પણ તેટલાં જ વર્ષ

દેહ રાખે અને દ્વાપર યુગમાં હજાર વર્ષની આવરદા હોય ને દશ હજાર હાથીનું બળ માણસમાં હોય છે ત્યારે ભગવાનનું પણ એટલું બળ ને એટલી આવરદા હોય છે અને કળિમાં દેહ ધારણ કરે ત્યારે કળિ પ્રમાણે આયુષ્ય ને બળ તેનું ભગવાન ધારણ કરે છે.

**અને જેમ બાળક ગર્ભમાં આવે ને તે ગર્ભ વૃદ્ધિને પામે** પછી જન્મે છે ને બાળ, યૌવન, વૃદ્ધ અવસ્થા થાય છે ને મૃત્યુને પામે છે, તેમ જ ભગવાન પણ એવી જ મનુષ્યની ચેષ્ટા કરે છે અને જેમ મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, મદ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ, રાગ, મોહ, સુખ, દુઃખ, ભય, નિર્ભય, શૂરતા, કાયરતા, ભૂખ, તરસ, આશા, તૃષ્ણા, નિદ્રા, પક્ષપાત, પારકું, પોતાનું, ત્યાગ, વૈરાગ્ય ઈત્યાદિક સ્વભાવ છે; તેમ તેવા જ એ સર્વે સ્વભાવ મનુષ્યદેહને ભગવાન ધારે ત્યારે તેમાં જણાય છે. તે એ મનુષ્યસ્વરૂપ ભગવાનનું પણ સર્વ શાસ્ત્રમાં વર્ણન કર્યું છે અને મૂળ જે દિવ્ય રૂપ છે તેનું પણ વર્ણન કર્યું છે. **તે એ બેય રૂપનું જેણે યથાર્થ શ્રવણમનન કરીને દૃઢ નિશ્ચય કર્યો હોય તેને તો કોઈ રીતે સંશય થાય નહિ** અને જેને આવી રીતની સમજણમાં કસર હોય તેને ભગવાનમાં સંશય થાય છે.

અને એ જ દિવ્યરૂપ એવા ભગવાન મનુષ્યના દેહનું ધારણ કરે છે, ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તતા હોય. પણ **જે બુદ્ધિવાન હોય તેને એમ જણાય ખરું જે,** 'એમાં કામ છે તે બીજા મનુષ્યના જેવો નથી તથા ક્રોધ, લોભ, સ્વાદ, માન ઈત્યાદિક મનુષ્યના સ્વભાવ તે એ ભગવાનમાં છે પણ બીજા માણસ જેવા તો નથી,' એમાં કાંઈક દિવ્યભાવ છે, તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય કરે છે. જેમ શંકરાચાર્યે શૃંગારરસની વાર્તા જાણ્યાને અર્થે રાજાના દેહમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે તે રાજાના જેવા જ સર્વે શૃંગારાદિક ભાવ ને દેહની ચેષ્ટા તે હતી, પણ તે રાજાની રાણી બુદ્ધિવાળી હતી. તેણે એમ જાણ્યું જે, 'મારા ધણીમાં આવો ચમત્કાર નહોતો, માટે આ દેહને વિષે કોઈક બીજે જીવે પ્રવેશ કર્યો છે.' તેમ

મનુષ્યરૂપ એવા જે તે ભગવાન તેને વિષે દિવ્યભાવ જણાય છે તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય છે. ત્યારે તમે કહેશો જે, 'કાંઈક દિવ્યભાવ જાણ્યામાં આવ્યો તેણે કરીને મનુષ્યને ભગવાનપણાનો નિશ્ચય થયો ત્યારે ઘણો દિવ્યભાવ જણાવે તો તો બહુ માણસને નિશ્ચય થાય.' તો એનું તો એમ છે જે આ સૂર્ય છે તેને સર્વ શાસ્ત્રમાં કહ્યા છે જે, 'એ નારાયણ છે' ને તે એ સૂર્ય સર્વ મનુષ્યને દૃષ્ટિગોચર પણ છે ને નિત્ય એનું દર્શન મનુષ્યમાત્ર કરે છે; તોપણ એને દર્શને કરીને મનુષ્યને પોતાના કલ્યાણનો નિશ્ચય નથી થતો જે, 'મારું કલ્યાણ થયું' અને મનુષ્યપણે રહ્યા જે રામકૃષ્ણાદિક અવતાર તથા નારદ-શુકાદિક સંત તેના દર્શને કરીને મનુષ્યને એમ નિશ્ચય થાય છે જે, 'મારું કલ્યાણ નિશ્ચય થયું ને હું કૃતાર્થ થયો છું' અને તે ભગવાન ને સંત તેમાં તો કાંઈ પ્રકાશ છે નહિ, દીવો કરીએ ત્યારે તેનાં દર્શન થાય છે, તોપણ એવો કલ્યાણનો નિશ્ચય થાય છે. તથા અગ્નિ છે તે પણ સાક્ષાત્ ભગવાન છે, કાં જે ભગવાને કહ્યું છે :

**'અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**

**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥'**

એવો જે અગ્નિ તેના પણ સર્વને દર્શન છે, પણ મનુષ્યને કલ્યાણનો નિશ્ચય થતો નથી. અને ભગવાનને ને સંતને દર્શને કરીને થાય છે, તેનું શું કારણ છે જે, 'મનુષ્યને ને સૂર્ય અગ્નિને વિજાતિપણું છે' માટે એને દર્શને કરીને કલ્યાણનો નિશ્ચય નથી થતો; કાં જે,એ અગ્નિનો સ્પર્શ કરે તો બળી મરે. તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલા મંત્રે કરીને તેડ્યા ત્યારે તે સૂર્ય કુંતાજી પાસે આવ્યા તે મનુષ્યરૂપે જેવા કુંતાજી હતાં તેવા જ સૂર્ય થઈને આવ્યા ત્યારે તેના અંગસંગનું સુખ આવ્યું ને કર્ણરૂપ ગર્ભ રહ્યો, પણ જેવા સૂર્ય પ્રકાશવાન છે તેવા પ્રકાશે સહિત આવ્યા હોત તો કુંતાજી બળી મરત ને સ્પર્શનું સુખ પણ ન આવત. તથા સત્રાજિત યાદવ પાસે સૂર્ય આવતા તે પણ માણસ જેવા થઈને આવતા અને જ્યારે એ સૂર્ય કુંતાજી પાસે તથા સત્રાજિત

પાસે આવ્યા ત્યારે શું આકાશમાં નહોતા ? આકાશમાં પણ હતા ને બીજે રૂપે એના એ જ સૂર્ય કુંતાજી ને સત્રાજિત પાસે આવ્યા. અને જેવો સૂર્યનો પ્રકાશ છે તે સર્વે એમાં છે ખરો પણ તેનો સંકોચ કરીને માણસ જેવા થઈને આવ્યા છે, તેમ એ જે ભગવાન છે તે પોતે પોતાના દિવ્યભાવ સહિત જ જીવને જો દર્શન આપે તો મનુષ્યને ઠીક ન પડે અને એમ જાણે જે, 'આ તે શું ભૂત હશે કે શું હશે?' **માટે એ ભગવાન પોતાના ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય જેવા જ થઈને દર્શન આપે છે** અને પોતે પોતાના ધામમાં પણ વિરાજમાન છે; ત્યારે તે મનુષ્યને દર્શનમાં, સ્પર્શમાં તથા નવ પ્રકારની ભક્તિ કર્યામાં આવે છે.

અને જો ભગવાન મનુષ્ય જેવા ન થાય ને દિવ્યભાવે વર્તે, તો મનુષ્યને પોતામાં હેત થાય નહિ ને સુવાણ ન પડે, શા માટે ? તો મનુષ્ય-મનુષ્યને વિષે હેત થાય છે ને સુવાણ થાય છે, પણ પશુને ને મનુષ્યને હેત સુવાણ્ય થતી નથી અને પશુ પશુને પરસ્પર હેત ને સુવાણ્ય થાય છે. કેમજે, સજાતિ-સજાતિમાં હેત થાય પણ વિજાતિમાં થાય નહિ. તેમ ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી અને દિવ્યભાવ જણાવે તો વિજાતિપણું થાય, માટે ભક્તને પોતામાં હેત ને સુવાણ્ય થાય નહિ. તે સારુ મનુષ્યરૂપે એ ભગવાન થાય છે ત્યારે પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ પોતાની દૃષ્ટિ રહે છે અને છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે ત્યારે દિવ્યભાવ જણાઈ આવેછે અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને જણાવે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મને મારવાને ઉતાવળા થયા, ત્યારે મનુષ્યભાવ ભૂલી ગયા ને પોતામાં દિવ્યભાવ આવ્યો, તેણે કરીને પોતાના ભારને પૃથ્વી સહન કરવા સમર્થ ન થઈ તથા અર્જુનને દિવ્યભાવ દેખાડ્યો તે પોતાની ઈચ્છાએ દેખાડ્યો, પણ તે દિવ્યભાવે કરીને અર્જુનને સુખ ન થયું ને બહુ વ્યાકુળ થઈ ગયા. પછી

શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું મનુષ્યપણે દર્શન અર્જુનને આપ્યું ત્યારે અર્જુનને સુખ થયું, ત્યારે કહ્યું જે:

**'દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।**

**ઈદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ।।'**

માટે મનુષ્યપણે કરીને ભગવાન વર્તે તો જ જીવને સાનુકૂળ પડે, નહિ તો ન પડે; તે સારુ એ ભગવાન મનુષ્યપણે વર્તે છે ત્યારે જે આવી રીતે નથી સમજતો તેને મનુષ્યભાવ દેખીને અવળું પડે છે. અને જો એ ભગવાન દિવ્યભાવે જ વર્તે તો મન-વાણીને અગોચર હોય તે જીવના જાણ્યામાં આવે નહિ, માટે એ બે પ્રકારે ભગવાનને શાસ્ત્રમાં કહ્યા છે, તેવી રીતે જેણે યથાર્થ જાણ્યા હોય તેને સંશય ન થાય અને જો એમ ન સમજે તો સંશય જરૂર થાય.

અને જે એમ કહે છે જે, 'મેં ભગવાનને જાણ્યા છે ને મને નિશ્ચય છે' ને જો તે આ વાતને સમજ્યો નથી તો તેનો નિશ્ચય કાચો છે. જેમ કોઈક પુરુષ શ્લોક શીખ્યો હોય તથા કીર્તન શીખ્યો હોય ને તેને પૂછીએ જે, 'તને આ શ્લોક તથા કીર્તન આવડ્યો?' ત્યારે કહે જે આવડ્યો, ને કંઠથી મુખપાઠે કહી દેખાડે પણ પછી થોડાક દિવસ થાય ત્યારે તે શ્લોક-કીર્તનને ભૂલી જાય, ત્યારે એ તે શું જે એને જ્યારે એ શીખ્યો હતો ત્યારે જ એને એટલો આવડ્યો નહોતો; કેમ જે શ્રવણ-મનને કરીને એનો દૃઢ અભ્યાસ થઈને એના જીવમાં એ શ્લોક-કીર્તન ચોંટી નહોતો ગયો. અને કોઈક વાતનો બાળકપણામાં જ એવો અધ્યાસ થયો હોય છે તો એ યુવા થાય, વૃદ્ધ થાય તોપણ તે વાતનું જ્યારે કામ પડે ત્યારે સાંભરી આવે છે તેમ એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એના નિશ્ચયમાં કસર રહી ગઈ હતી. અને જો કસર ન રહી હોત ને આવી રીતે પ્રથમથી જ શ્રવણ કરીને ને તેનું મનન કરીને તેનો દૃઢ અધ્યાસ એના જીવમાં થયો હોત તો એને કોઈ દિવસ સંશય થાત જ નહિ.''

॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪ ॥ ૧૩૦ ॥

## ॥ વચનામૃત ૫મું : માનીપણું ને નિર્માનીપણું ક્યાં સારું ? તેનું ॥

સંવત્ ૧૮૭૭ના ફાગણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કયે ઠેકાણે માન સારું છે ને કયારે ઠેકાણે સારું નથી, અને કયે ઠેકાણે નિર્માનીપણું સારું છે ને કયે ઠેકાણે સારું નથી ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે અને **ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે."** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫ ॥૧૩૧॥

## ॥ વચનામૃત ૬ઠું : ઉપાસનાની દૃઢતાવાળાનું કલ્યાણ થાય તેનું ॥

સંવત્ ૧૮૭૭ના ફાગણ વદિ ૯ નવમીને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળે અંગરખે સહિત ગરમપોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "અમે ઝાઝીવાર સુધી વિચાર કર્યો ને સર્વે શાસ્ત્રમાં નજર ફેરવીને જોયું ત્યારે એમ જણાયું જે, **'શ્રીકૃષ્ણ જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઈ નથી થયો.'** કેમ જે, બીજી જે સર્વે પોતાની અનંત

મૂર્તિઓ ભિન્નભિન્નપણે રહી છે તે સર્વેનો ભાવ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે દેખાડ્યો. કેવી રીતે ? તો પ્રથમ પોતે દેવકી થકી જન્મ્યા ત્યારે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું તેણે કરીને લક્ષ્મીપતિ જે વૈકુંઠનાથ તેનો ભાવ પોતામાં જણાવ્યો; તથા માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું તેણે કરીને સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં જણવ્યું; તથા અક્રૂરને યમુનાના ધરામાં દર્શન દીધાં તેણે કરીને શેષશાયીપણું જણવ્યું; તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું જે, **'પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોऽથ સહસ્રશઃ ।।'** એવી રીતે અનંત બ્રહ્માંડ દેખાડીને પુરુષોત્તમપણું જણવ્યું. તથા પોતે શ્રીકૃષ્ણે કહ્યું જે :

**'યસ્માત્ક્ષરમતીતોऽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોऽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ।।'**

એવી રીતે પોતે પોતાનું પુરુષોત્તમપણું જણવ્યું તથા ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તે તો પોતે જ હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતે જ એ અવતાર ધર્યો હતો. તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિષે તથા ભાગવતમાં એ શ્રીકૃષ્ણને જ કહ્યા છે; તે માટે એ શ્રીકૃષ્ણના અવતારને વિષે તો ભિન્નભિન્નપણે રહી જે એ જ ભગવાનની મૂર્તિઓ તથા શક્તિઓ, ઐશ્વર્ય તે સમગ્ર છે, માટે એ અવતાર તે બહુ મોટો થયો છે. અને બીજી મૂર્તિને વિષે થાડું ઐશ્વર્ય છે ને એને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય છે, માટે કૃષ્ણાવતાર જેવો કોઈ અવતાર નથી. અને એ અવતાર સર્વોપરી વર્તે છે અને બીજા અવતારે કરીને થોડી શક્તિ જણાવી છે ને આ અવતારે કરીને સંપૂર્ણ ઐશ્વર્ય-શક્તિઓ જણવી, **માટે આ અવતાર સર્વોત્કર્ષપણે વર્તે છે.** એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ મતિ હોય ને એ મતિ કોઈ દિવસ વ્યભિચારને ન પામતી હોય ને તેની વતે કોઈ કુસંગે કરીને કદાચિત્ કાંઈક અવળું વર્તાઈ ગયું હોય તોપણ તે કલ્યાણના માર્ગમાંથી પડે

નહિ, એનું કલ્યાણ જ થાય. માટે તમે સર્વે પરમહંસ ને હરિભક્ત છો તે પણ એવી રીતે જો ઉપાસનાની દૃઢતા ભગવાનને વિષે રાખશો તો કદાચિત્ કાંઈક અવળું વર્તાઈ જશે તોપણ અંતે કલ્યાણ થશે.'' એવી રીતની વાર્તાને સાંભળીને **સર્વે સાધુ તથા હરિભક્ત તે શ્રીજી મહારાજને વિષે સર્વકારણપણું જાણીને ઉપાસનાની દૃઢતા કરતા હવા.** ॥ઈતિ વચનામૃતમ્ ॥૬॥૧૩૨॥

## ॥ વચનામૃત ૭મું : નટની માયાનું ॥

સંવત્ ૧૮૭૭ના ફાગણ વદિ ૧૧એકાદશીને દિવસ છ ઘડી દિવસ ચઢતે શ્રીજી મહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ઝીણી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી.

**અને શ્રીજી મહારાજ નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની કથા કરાવતા હતા.** તેમાં **'જન્માદ્યસ્ય યતઃ'** એ શ્લોક પ્રથમ આવ્યો તેનો અર્થ કર્યો. ત્યારે **'યત્ર ત્રિસર્ગો મૃષા'** એવું જે એ શ્લોકનું પદ તેનો અર્થ પોતે **શ્રીજી મહારાજ કરવા લાગ્યા જે,** ''માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે ભગવાનના સ્વરૂપને વિષે ત્રિકાળમાં છે જ નહિ' એમ સમજે તથા એ શ્લોકનું પદ જે, **'ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્'** કે'તાં ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે એ માયાના સર્ગરૂપ કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્યસ્વરૂપ છે, તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય તેજે યુક્ત છે, તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે જાણવું; તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, ત્યારે પોતા જેવા મનુષ્ય દેખે છે. અને જેમ પોતે જન્મ્યો હોય, બાળક થાય, યુવા થાય, વૃદ્ધ

Index



થાય ને મરી જાય તેમ જ ભગવાનને પણ જાણે છે. અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુનાં વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનનાં ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે, તે પણ ભાગવતમાં કહ્યું છે જે :

**'સ વેદ ધાતુઃ પદવીં પરસ્ય દુરન્તવીર્યસ્ય રથાંગપાણેઃ ।**

**યોઽમાયયા સંતતયાનુવૃત્ત્યા ભજેત તત્પાદસરોજગન્ધમ્ ॥'**

અને એ ભગવાનને વિષે જે બાળક, યુવાન, વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે; પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે. **જેમ નટવિદ્યાવાળો હોય** તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના શત્રુ જે અસુરના યોદ્ધા તે સાથે વઢવા જાય છે, પછી કટકા થઈને હેઠો પડે ને તે પછી તે કટકાને ભેગા કરીને તે નટની સ્ત્રી બળી મરે, પછી થોડીક વાર તે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો ને તેવો જ આવે ને રાજા પાસે મોજ માગે ને કહે જે, 'મારી સ્ત્રી લાવો.' એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી, તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે ? અને જે નટની માયાને જાણતો હોય તે તો એમ જાણે જે, 'એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.' **તેમ ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો** ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી; ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, હવે એ નાશ થઈ ગયા અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે 'અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે' એમ ભગવાનને અખંડ સમજે. તે પોતે શ્રીકૃષ્ણે કહ્યું છે જે :

**'અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।**

**પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥'**
માટે મૂર્ખ હોય તે જો ભગવાનને સાકાર સમજે, તો કેવળ મનુષ્ય જેવા જ સમજે અને જો નિરાકાર સમજે તો બીજા આકારને જેમ માયિક જાણે તેમ ભગવાનના આકારને પણ માયિક જાણે અને અરૂપ એવું ભગવાનનું સ્વરૂપ કલ્પે, માટે એ બે પ્રકારે મૂર્ખને તો અવળું પડે છે. અને જો ભગવાનને આકાર ન હોય તો જ્યારે આત્યંતિક પ્રલય હતો ત્યારે શ્રુતિએ એમ કહ્યું જે, '**સ ઈક્ષત**' કહેતાં 'તે ભગવાન જે તે જોતા હવા' ત્યારે જો જોયું તો એ ભગવાનનું નેત્ર, શ્રોત્રાદિક અવયવે સહિત સાકાર એવું દિવ્ય સ્વરૂપ જ હતું. અને વળી એમ પણ કહ્યું છે જે, '**પુરુષેણાત્મભૂતેન વીર્યમાધત્ત વીર્યવાન્**' એવી રીતે પુરુષરૂપે થઈને એ પુરુષોત્તમ તેણે માયાને વિષે વીર્યને ધારણ કર્યું, ત્યારે એ ભગવાન પ્રથમ જ સાકાર હતા. અને એ જે પુરુષોત્તમ નારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાયછે ને પુરુષોત્તમ જ રહે છે. તેમજ માયારૂપે થાયછે ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાયછે ને તે રૂપે ભગવાન જ રહે છે.

અને પછી એ ભગવાન મહત્તત્ત્વ રૂપે થાય છે ને તેમજ મહત્તત્ત્વમાંથી થયાં જે બીજાં તત્ત્વ તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વનું કાર્ય જે વિરાટ તે રૂપે થાય છે તથા તે વિરાટ પુરુષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે તથા નારદ-સનકાદિક રૂપે થાય છે. એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે બિરાજમાન થકા રહે છે અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે તથા જેમ સૂર્ય ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારાચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે, તેમ એ ભગવાન જેને જેને

વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે. અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું.

એવી રીતે સર્વનાં કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાગ સમજવો નહિ ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન, ઉપાસના, ભક્તિ કરવી પણ તેથી કાંઈ પૃથક્ ન સમજવું. અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો. અને જે આવી રીતે સમજે તેને તે ભગવાનને વિષે કોઈ રીતે મોહ થતો નથી. **અને આ વાર્તા છે તે કેને સમજ્યામાં આવે છે ? તો જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે,** 'આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે.' એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે. અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોનાં કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, **પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી.** અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ.

અને આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તોપણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.

**અને જેણે પ્રથમ એવો દૃઢ નિશ્ચય કર્યો હોય જે,** 'જ્યારે આંત્યતિક પ્રલય થાય છે તેને અંતે પણ ભગવાન સાકાર છે.' એવી દૃઢ ગ્રંથિ હૃદયમાં પડી હોય ને પછી જો તેને તેજોમય અલિંગપણું જે શાસ્ત્રમાં કહ્યું હોય તેનું શ્રવણ થાય તથા એવી વાર્તા કોઈ થકી સાંભળે તોપણ તેને સંશય થાય નહિ. કેમ જે, એ તો એમ સમજ્યો છે જે, 'ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે.' **એવી રીતે જેની દૃઢપણે સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી.**'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પોતાના સ્વરૂપની જે અનન્ય નિષ્ઠા તે સંબંધી વાર્તા કરી, તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજી મહારાજના સ્વરૂપની એવી જ રીતે વિશેષે દૃઢતા કરતા હવા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥ ૧૩૩ ॥

## ॥ શ્રીપંચાળા-પ્રકરણમ્ સમાપ્તમ્ ॥

Index

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# ગઢડા મધ્ય પ્રકરણ

## વચનામૃત ૧લું : મોહ ઉદય થયાનું

**સંવત્ ૧૮૭૭ના જયેષ્ઠ સુદિ ૧૫ પૂર્ણમાસીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ પરમહંસ ઝાંઝ મૃદંગ લઈને ગાવતા હતા.**

પછી શ્રીજી મહારાજે કીર્તનિયાને કહ્યું જે, 'હમણાં કીર્તન રાખો ને પ્રશ્ન-ઉત્તર કરો.'' **પછી મુક્તાનંદ સ્વામીએ** હાથ જોડીને નમસ્કાર કરીને શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **''હે મહારાજ ! મોહનું શું રૂપ છે અને મોહની નિવૃત્તિ થયાનો શો ઉપાય છે ?''** **પછી શ્રીજી મહારાજ થોડીકવાર વિચારી રહીને પછી બોલ્યા જે,** ''મોહનું રૂપ તો મનને વિષે ભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે; પછી આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી અને **તે મોહ થયાનું કારણ તો આજ જ અમે વિચાર્યું છે જે,** આજ અર્ધ રાત હતી ત્યારે અમારે નિદ્રા ઊડી ગઈ હતી. પછી અમે ઉત્તરાદિ દિશા સામું મુખ કરીને સૂતા હતા. પછી ધ્રુવનો તારો દીઠો ત્યારે એમ વિચાર

થયો જે, 'આ તો ઉત્તર ધ્રુવ છે પણ શાસ્ત્રમાં દક્ષિણ ધ્રુવ કહ્યો છે તે ક્યાં હશે? પછી અમે દક્ષિણ ધ્રુવ જોયો ત્યારે તે પણ દીઠો અને જેમ કૂવા ઉપર પાણી સિંચવાનો ફાળકો હોય તેવી રીતે બે ધ્રુવને વચ્ચે મોટો ફાળકો દીઠો ને તે ફાળકાના મેરુનાં બે ઠેબાં તે બે કોરે ધ્રુવને અડી રહ્યાં છે.

જેમ લાકડાના સ્તંભ હોય ને તેમાં લોઢાની આરો ખૂંતીને રહી હોય તેમ છે અને તે ફાળકા ઉપર જેમ સૂતરની ફેલ વીંટી હોય ને તે ફાળકા સંઘાથે જેમ પીતળની ફુદડીઓ જડી હોય તેમ સર્વે તારા ને દેવતા ને નવગ્રહાદિક તેનાં જે સ્થાનક તે ફાળકાને આશરીને રહ્યાં છે તે સર્વેને જોયાં અને પછી સૂર્ય ને ચંદ્ર તેનો ઉદય ને અસ્ત તે એક જ ઠેકાણેથી થાય છે તે પણ જોયો. પછી અંતર્દૃષ્ટિએ કરીને જોયું ત્યારે જેટલું ધ્રુવ આદિક બ્રહ્માંડમાં છે તેટલું સર્વે પિંડમાં પણ દીઠું, પછી આ દેહને વિષે જે ક્ષેત્રજ્ઞ છે તેને પણ દીઠો; પછી તે ક્ષેત્રજ્ઞમાં પુરુષોત્તમ ભગવાન રહ્યા છે તેને પણ દીઠા. તે ભગવાનને જોઈને ભગવાનના સ્વરૂપને વિષે અતિશય વૃત્તિ જોડાઈ ગઈ, પછી સમાધિમાંથી કોઈ પ્રકારે નીકળાયું નહિ. પછી તો કોઈક ભક્તજને આવીને અમારી સ્તુતિ બહુ કરી તેની દયાએ કરીને અમારે પાછું દેહમાં અવાયું.

**પછી અમારા હૃદયમાં વિચાર થયો જે,** 'અમારે જે સમાધિમાંથી નીસરાયું તે તો દયાએ કરીને નીસરાયું, પણ બીજાને સમાધિમાંથી નીસરાતું હશે તેનું શું કારણ હશે ? **પછી અમને એમ જણાયું જે,** 'એને કાંઈક વિષયમાં આસક્તિ રહે છે તેણે કરીને પાછું નીકળાય છે' અને **મોહનું જે કારણ તે પણ પંચવિષય જ છે.** તે વિષય પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના છે. તેમાં જ્યારે ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય અને તેમાં કોઈ અંતરાય કરનારો આવે, ત્યારે તે ઉપર ક્રોધ થાય, પછી ક્રોધ થકી મોહ થાય છે. અને સામાન્યપણે તો શ્રોત્રને અને શબ્દને સદા સંબંધ છે અને ત્વચાને ને સ્પર્શને સદા સંબંધ છે. એવી રીતે પંચ જ્ઞાનઈન્દ્રિયોને પંચવિષયનો સંબંધ છે. માટે જે પદાર્થને સામાન્યપણે જોયું હોય ને તે પદાર્થમાંથી વૃત્તિને તોડીને ભગવાનના

સ્વરૂપમાં રાખવી હોય તો તેમાં કાંઈ દાખડો પડે નહિ, સહજે જ તે રૂપ વિષયમાંથી વૃત્તિ તૂટીને ભગવાનના સ્વરૂપમાં રહે અને જો સ્ત્રી આદિકનું અતિશય રમણીય રૂપ દીઠામાં આવી ગયું હોય ને તેમાં વૃત્તિ જોડાણી હોય ને પછી જો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવા જાય તો રહે નહિ અને ચિત્ત પણ એક ઠેકાણે રહે નહિ માટે જ્યાં સુધી રમણીય પંચવિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળે નહિ અને જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે :

**'ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।**
**સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥**
**ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રશાંત્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥'**

માટે આ વચન જે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યાં છે તે પરમ સિદ્ધાંત છે. જે જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાયું, ત્યારે ગમે તેવો બુદ્ધિવાન હોય પણ તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહે નહિ અને પશુ જેવો થઈ જાય છે. **માટે મોહને ઉદય થયાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે.** અને જેને એ વિષયમાંથી ચિત્તને ઉખેડવું હોય તેને **પ્રથમ** તો આત્મનિષ્ઠા અતિ દૃઢ કરી રાખવી જે, 'હું આત્મા છું પણ દેહ તે હું નહિ.' એક તો એ વિચાર દૃઢ કરવો અને **બીજું** જે પ્રકારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે, તે વાર્તા પણ સારી પેઠે સમજવી અને **ત્રીજું** ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અતિશયપણે સમજવું. તે એમ વિચારવું જે, પંચવિષય છે તે તો ભગવાનના કર્યા થયા છે; માટે ભગવાનમાં તો એથી અતિ ઝાઝું સુખ છે. શા માટે ? જે શબ્દ હોય તેમાં એકલું શબ્દ સંબંધી જ સુખ હોય, પણ બીજા જે ચાર વિષય

રહ્યા તેનું સુખ શબ્દમાં ન હોય. એવી જ રીતે સ્પર્શમાં સ્પર્શનું જ સુખ હોય પણ બીજું ન હોય, તેમજ રૂપમાં રૂપ સંબંધી જ સુખ હોય, તેમજ રસ ને ગંધ તેમાં પણ પોતપોતા સંબંધી જ સુખ હોય, પણ એક વિષયમાં પંચવિષયનું સુખ ભેળું ન આવે અને ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે, તે એક દર્શન કરે તો પણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય. એવી રીતે ભગવાનના સ્પર્શાદિક પણ પોતાના ભક્તને પૂર્ણકામ કરે છે.'

અને માયિક જે વિષય સંબંધી સુખ છે તે તો સર્વે નાશવંત છે અને ભગવાન સંબંધી સુખ છે તે તો અખંડ છે.' એવો જે ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનો વિચાર તે પણ અતિ દૃઢ કરવો. એ જે ત્રણ વિચાર કહ્યા તેણે કરીને વિષયમાંથી આસક્તિ ટળી જાય છે. અને જ્યારે વિષયમાંથી આસક્તિ ટળે ત્યારે વિષય સારા કે નરસા તેનો ભેદ રહે નહિ; જેવી રૂપવાન સ્ત્રી તેવી જ કુરૂપવાન સ્ત્રી ભાસે અને તેવી જ રીતે પશુ, પક્ષી, લાકડાં, છાણાં, પથરા, સુવર્ણ એ સર્વેને તુલ્યપણે જુએ, પણ સારું પદાર્થ દેખીને તેમાં મોહ ન પામે. એવી રીતે પંચવિષયને વિષે વર્તે પણ સારો કે નરસો એવો બુદ્ધિને વિષે ભેદ રહે નહિ, એવું જેને વર્તે તેને નિર્મોહી કહીએ. તે શ્રીકૃષ્ણભગવાને પણ ગીતામાં કહ્યું છે જે **'સમલોષ્ટાશ્મકાંચનઃ'** એવાં જેનાં લક્ષણ હોય તેણે ભગવાનનું સ્વરૂપ તત્ત્વે કરીને જાણ્યું છે અને એને જ અનન્ય ભક્ત કહીએ અને પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું અને જ્ઞાની પણ તેને જ જાણવો અને ભગવાન પણ તેની ઉપર જ રાજી થાય છે અને ભગવાનને એવો ભક્ત અતિશય વહાલો છે. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે, **'પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ'** માટે એવા જે પતિવ્રતાના અંગવાળા ભગવાનના ભક્ત છે તે જ ભગવાનને અતિશય વહાલા છે.

અને તે પતિવ્રતાનું અંગ ડાહ્યાને જ આવે એમ નથી, જેને ખપ હોય તેને સૌને આવે. જેમ આ સંસારમાં ભોળી સ્ત્રીઓ હોય ને તે પતિવ્રતા હોય અને ડાહી હોય ને તે વ્યભિચારિણી હોય. માટે ડાહ્યાભોળાનો કાંઈ મેળ નથી. **એ**

**તો જેને કલ્યાણનો ખપ હોય તે પતિવ્રતાનું અંગ રાખીને ભગવાનની ભક્તિ કરે છે** અને જે એવી રીતે સારાનરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તે તો જાણે જે એક દિવસે જ એમ કરી લઉં ને નિર્મોહી થઉં, એમ ઉતાવળે એ કામ થતું નથી, એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે. અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન પડે. માટે કલ્યાણને અર્થે જેને યત્ન કરવો હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી એને વિષે આકળા થઈને અકળાઈ જવું નહિ. એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે, **અનેક જન્મ સંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ।** માટે એમ વિચારવું જે, 'આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે, પણ ભગવાનના ભક્ત છીએ તે નરકચોરાશીમાં તો જવું નથી.' એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો અને **જ્યાં સુધી સારા ને નરસા એ બે વિષય તુલ્ય ન જણાય ત્યાં સુધી એ ભગવાનનો ભક્ત સાધન દશામાં કહેવાય અને જ્યારે સારા નરસા વિષય તુલ્ય ભાસે ત્યારે એ ભક્ત સિદ્ધદશાને પામ્યો જાણવો.** અને જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો. અને વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે માટે આ વાર્તાને સર્વે હરિભક્ત દૃઢ કરીને રાખજ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧ ॥ ૧૩૪ ॥

## વચનામૃત બીજું : પાણી સેર્યનું - પંચવિષયરૂપી રોગના ઔષધનું

સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડામધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ રેશમના ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં

હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા.

પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''કીર્તન રાખો અમે વાત કરીએ છીએ,'' એમ કહીને **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને આત્યંતિક કલ્યાણ પામવું હોય અને નારદ-સનકાદિક જેવા સાધુ થવું હોય તેને એમ વિચાર કરવો જે,** આ દેહ છે તેને વિષે જીવ રહ્યો છે અને ઈન્દ્રિયો અંતઃકરણ છે તે જીવ સાથે વળગી રહ્યાં છે અને ઈન્દ્રિયો ને અંતઃકરણ છે તે બાહેર પણ પંચવિષયમાં વળગી રહ્યાં છે. તે અજ્ઞાને કરીને જીવ ઈન્દ્રિયો અંતઃકરણને પોતાનું રૂપ માને છે પણ વસ્તુગત્યે જીવ ઈન્દ્રિયો અંતઃકરણ થકી નોખો છે અને પંચવિષય છે તે અંતઃકરણ થકી નોખા છે પણ એ તો વિષયને અભ્યાસે કરીને અંતઃકરણને વિષે પંચવિષયની એક્તા જણાય છે અને વિષયની જે ઉત્પત્તિ તે તો ઈન્દ્રિયો થકી થાય છે પણ અંતઃકરણમાંથી નથી થતી. જેમ અતિશય તડકો હોય અથવા ટાઢ હોય તેનો પ્રથમ બાહેર ઈન્દ્રિયોને સંબંધ થાય છે; પછી ઈન્દ્રિયો દ્વારે કરીને શરીરને માંહીલી કોરે તેનો પ્રવેશ થાય છે પણ એની ઉત્પત્તિ માંહીલી કોરેથી નથી; એ તો બાહેરથી ઉત્પન્ન થઈને માંહીલી કોરે પ્રવેશ કરે છે; તેમ પંચવિષય છે તે પ્રથમ અંતઃકરણમાંથી ઉપજતા નથી, એ તો પ્રથમ ઈન્દ્રિયોને બાહેર વિષયનો સંબંધ થાય છે ને પછી અંતઃકરણમાં પ્રવેશ કરે છે. માટે જેમ બાહેર ગૂમડું થયું હોય તેને ઔષધ ચોપડે ત્યારે જ કરાર થાય પણ કેવળ વાર્તા સાંભળ્યે કરાર થાય નહિ. અને જેમ ક્ષુધા-પિપાસા લાગી હોય તે ખાધેપીધે જ નિવૃત્તિ થાય પણ અન્નજળની વાત કર્યે નિવૃત્તિ ન થાય, તેમ પંચવિષયરૂપી જે રોગ છે તે તો તેનું જ્યારે ઔષધ કરીએ ત્યારે જ નિવૃત્તિ થાય.

**તે ઔષધની રીત એમ છે જે,** જ્યારે ત્વચાને સ્ત્રીયાદિક વિષયનો સ્પર્શ થાય છે ત્યારે ત્વચા દ્વારે અંતઃકરણમાં તેનો પ્રવેશ થાય છે અને અંતઃકરણ દ્વારે થઈને જીવમાં પ્રવેશ કરે છે પણ મૂળ થકી વિષયની ઉત્પત્તિ જીવમાંથી

પણ નથી અને અંતઃકરણમાંથી પણ નથી. અને જે જે વિષય અંતઃકરણમાંથી સ્ફૂરતા હશે તે પણ પૂર્વજન્મને વિષે બાહેરથી જ ઈન્દ્રિયો દ્વારે કરીને આવ્યા છે. માટે વિષય ટાળ્યાનું એ જ ઔષધ છે જે ત્વચાએ કરીને સ્ત્રીયાદિક પદાર્થનો સ્પર્શ તજવો અને નેત્રે કરીને તેનું રૂપ ન જોવું અને જિહ્વાએ કરીને તેની વાત ન કરવી અને કાને કરીને તેની વાત ન સાંભળવી અને નાસિકાએ કરીને તેનો ગંધ ન લેવો. એવી રીતે પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દૃઢ રાખે, તો બાહેરથી વિષયનો પ્રવાહ માંહીલી કોરે પ્રવેશ કરે નહિ. જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાંના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય. તેમ બાહ્ય ઈન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય અને જેમ ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે, તેમ પ્રથમથી જે ઈન્દ્રિયો દ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા; **તે આત્મવિચાર એમ કરવો જે** 'હું આત્મા છું ને મારે વિષે ઈન્દ્રિયો અંતઃકરણનો સંબંધ નથી.' એમ દૃઢ વિચાર કરીને અને તે ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારીને અને પોતાના આત્મસુખ વતે કરીને પૂર્ણ રહેવું. જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાયો હોય ત્યારે જે બાહેરથી પોતામાં સેર્યો આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે પણ માંહીલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહિ, અને જો ઉલેચાઈને ઠાલો થાય તો સેર્યનું પાણી બાહેરથી માંહી આવે. એવી રીતે આત્મસુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી. માટે આ વિચાર દૃઢ કરીને રાખજ્યો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥**

## ॥ વચનામૃત ૩જું : રસિક માર્ગ અને આત્મજ્ઞાનનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના**

**મંદિરની આગળ ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પોતાની આગળ પરમહંસ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.**

પછી શ્રીજી મહારાજ નેત્રકમળની સાને કરીને સૌને છાના રાખીને બોલ્યા જે, ''મોટેરા મોટેરા પરમહંસ હો તે આગળ આવો, વાત કરવી છે.'' એમ કહીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભગવાનને ભજતા હોય તેને મોટી પદવી પામ્યાના બે ઉપાય છે અને પડ્યાના બે ઉપાય છે; **તે કહીએ છીએ જે,** એક તો **રસિક માર્ગે** કરીને ભગવાનની ભક્તિ કરવી અને બીજો **આત્મજ્ઞાન,** એ બે મોટ્યપ પામ્યાના પણ માર્ગ છે અને પડ્યાના પણ છે. **તેમાં રસિક માર્ગે તો હજારો ને લાખો પડી ગયા છે** અને ભગવાનને તો કોઈક પામ્યો હશે. અને મોટા આચાર્ય થયા તેમણે પણ રસિક માર્ગે કરીને ભક્તિ કરાવી છે પણ તેમાં બગાડ ઘણાંને થયો છે અને સારું તો કોઈકનું થયું છે. કાં જે રસિકપણે કરીને જ્યારે ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાન ભેળું રાધિકાજી તથા લક્ષ્મીજી તથા તેની સખીઓ તેનું પણ વર્ણન આવે અને જ્યારે સ્ત્રીઓનું વર્ણન આવે ત્યારે તો તેનાં અંગોઅંગનું વર્ણન થાય; ત્યારે વર્ણનના કરનારાનું મન નિર્વિકાર કેમ રહે ? અને ઈન્દ્રિયોનો તો એ જ સ્વભાવ છે, જે સારો વિષય હોય તે ઉપર જ પ્રીતિ હોય. અને રાધિકાજી-લક્ષ્મીજી તેના જેવું તો ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહિ અને એના જેવી કોઈની બોલી પણ મીઠી ન હોય અને એના દેહનો સુગંધ પણ અતિશય હોય, માટે એવાં રૂપને દેખીને અથવા સાંભળીને કયે પ્રકારે મોહ ન થાય ? એ તો થાય જ ને લેશમાત્ર જો મન વિકાર પામે તો તે કલ્યાણના માર્ગમાંથી પડ્યો; માટે રસિકની રીતે જે ભગવાનને ભજે તેને એ મોટું વિઘ્ન છે.

અને **બ્રહ્મજ્ઞાનમાં તો આવી રીતે અવળું સમજાય છે જે,** 'જે બ્રહ્મ છે તે જ પ્રકૃતિપુરુષરૂપે થાય છે અને પછી તે જ બ્રહ્મ બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપે થાય છે

ને પછી તે જ બ્રહ્મ સ્થાવર જંગમરૂપે થાય છે અને તે સ્થાવર જંગમરૂપ જે આકાર તેને વિષે રહ્યા જે જીવ તે રૂપે પણ બ્રહ્મ થાય છે.' એવી રીતે બ્રહ્મજ્ઞાનને અવળું સમજીને પછી સમજનારો પોતાના જીવને પણ ભગવાન જાણે છે ત્યારે એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો; માટે એ પણ ભગવાનના માર્ગ થકી પડ્યો. એવી રીતે બ્રહ્મજ્ઞાનમાં પણ ઉપાસનાનું ખંડન થાય એ મોટું વિઘ્ન છે. કાં જે, સમજી સમજીને સર્વના કારણ અને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનું જ ખંડન થયું; માટે એમ સમજનારો પણ કલ્યાણના માર્ગ થકી પડ્યો જાણવો. અને એ બે માર્ગ છે તે કલ્યાણના છે અને એ બેમાં વિઘ્ન પણ અતિ મોટાં છે, માટે જે કલ્યાણને ઈચ્છતો હોય તેને કેમ કરવું ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર કરો.'' પછી સર્વે પરમહંસ વિચારી રહ્યા પણ કોઈથી ઉત્તર ન થયો.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર તો એ છે જે, 'જેમ પોતાની માતા હોય અથવા બેન હોય તથા દીકરી હોય તે ઘણી રૂપવાન હોય તોપણ તેને દેખીને મનને વિષે વિકાર થતો નથી, તેમ જ તેને સાથે બોલે છે, સ્પર્શ કરે છે તોપણ મનને વિષે લેશમાત્ર વિકાર થતો નથી. એવી રીતે ભગવાનના ભક્ત જે બાઈઓ હોય તેને વિષે મા, બેન ને દીકરી તેની બુદ્ધિ રહે તો કોઈ રીતે વિકાર થાય નહિ અને રસિક માર્ગે કરીને ભગવાનને ભજીને અભયપદને પામે. અને જ્યારે એમ ન સમજે અને કોઈ મોટા ભગવાનના ભક્ત બાઈઓ હોય તેને દેખીને અવળું સમજે ત્યારે એને મોટો દોષ લાગે. અને જે અન્ય સ્ત્રીને દેખવે કરીને દોષ લાગ્યો હોય તે તો ભગવાનના ભક્તને દર્શને કરીને ટળે છે અને ભગવાનના ભક્તને જોઈને જે દોષ લાગ્યો હોય, તેને ટાળ્યાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો જ નથી. તેમ જ ભગવાનનો ભક્ત જે પુરુષ હોય તેને દેખીને જે સ્ત્રી અવળું સમજે તેને પણ એ પાપ થકી કોઈ કાળે છુટાય નહિ. ત્યાં શ્લોક છે : **અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।**

**તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥**

**એ શ્લોકનો અર્થ એ છે જે,** 'બીજે ઠેકાણે પાપ કર્યું હોય તે તો ભગવાન કે ભગવાનના ભક્ત પાસે ગયે છૂટે અને ભગવાન ને ભગવાનના ભક્ત પાસે જઈને જે પાપ કરે તે તો તીર્થક્ષેત્રનું પાપ છે તે વજ્રલેપ થાય છે.' માટે જેને રસિક માર્ગે કરીને ભગવાનને ભજવા હોય તેને તો જેવી રીતે અમે વાત કરી તેવી રીતે નિર્દોષ બુદ્ધિ રાખવી.

**હવે જે બ્રહ્મજ્ઞાનનો માર્ગ છે તેમાં તો એમ સમજવું જે,** 'જે બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે ને નિરંશ છે; માટે એ વિકારને પામે નહિ ને એના અંશ પણ થાય નહિ.' અને એ બ્રહ્મને જે સર્વ રૂપે કહે છે તેનું તો એમ છે જે, 'એ બ્રહ્મ જે તે પ્રકૃતિપુરુષ આદિક સર્વેનાં કારણ છે ને આધાર છે અને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે. માટે જે કારણ ને આધાર ને વ્યાપક હોય, તે કાર્ય થકી પૃથક્ હોય નહિ. એમ સમજણને લઈને એ બ્રહ્મને શાસ્ત્ર જે તે સર્વરૂપ કહે છે, પણ એ બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર જીવરૂપે થઈ ગયા એમ ન સમજવું. અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામિ-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે.'' ॥ઈતિ વચનામૃતમ્॥૩॥૧૩૬

## વચનામૃત ૪થું : અખંડ ચિંતવનનું, ફાટેલ લંગોટી ને તુંબડીનું

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર મેડીની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર -વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દૂકડ સરોદા સતાર વગાડીને મલાર રાગનાં કીર્તન ગાતા હતા.**

પછી શ્રીજી મહારાજે કહ્યું જે, **"કીર્તન ગાવવાં રહેવા દ્યો, હવે તો પરમેશ્વરની વાર્તા કરીએ."** પછી પરમહંસે કહ્યું જે, " સારુ મહારાજ !" **પછી**

**શ્રીજી મહારાજે પ્રશ્ન કર્યો જે,** ''શાસ્ત્રમાં કહ્યા એવા ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિ પણ કરતો હોય ને તેને એવો આપત્કાળ આવે જે, ભક્તિ રાખવા જાય તો ધર્મ જાય ને ધર્મ રાખવા જાય તો ભક્તિ જાય, ત્યારે કેને રાખવો ને કેનો ત્યાગ કરવો ?'' **પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે,** ''જો ભગવાન ભક્તિ રાખ્યે રાજી હોય તો ભક્તિ રાખવી અને જો ધર્મ રાખ્યે રાજી હોય તો ધર્મ રાખવો.''

**ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,** 'જેને પ્રકટ ભગવાન મળ્યા હોય તેને તો જેમ ભગવાન રાજી હોય તેમ જ કરવું એ ઠીક છે પણ જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે કેમ કરવું ?' પછી **મુક્તાનંદ સ્વામી** એનો ઉત્તર કરવા લાગ્યા પણ થયો નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જ્યારે ભગવાન પરોક્ષ હોય ને આપત્ કાળ પડે ને કાંઈ ન રહે ત્યારેતો ભગવાનનું એક અખંડ ચિંતવન કરવું તો એ ભગવાનના માર્ગ થકી પડે નહિ.'

**પછી વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''જે ભગવાનનો મહિમા અતિશય સમજતો હોય તેણે કરીને એમ જાણે જે, 'ગમે તેટલાં પાપ કર્યાં હોય ને જો ભગવાનનું એક નામ લીધું હોય તો સર્વે પાપ બળીને ભસ્મ થઈ જાય' એવું માહાત્મ્ય સમજતો હોય, તેને કેવી રીતે સમજે ત્યારે ધર્મમાંથી ડગાય નહિ ?'' **પછી મુક્તાનંદ સ્વામીએ** એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે ભગવાનનો મહિમા અતિશય જાણતો હોય તેને તો આવી રીતે સમજાય ત્યારે ધર્મમાં રહેવાય જે, 'મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થવું છે અને જો કામ, ક્રોધ, લોભાદિક, વિકારને વિષે મારી વૃત્તિ જશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થશે.' એમ જાણીને કુમાર્ગ થકી અતિશે જે ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહિ. એવી રીતે સમજે તો ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તો પણ ધર્મમાંથી કોઈ કાળે પડે નહિ. અને ભગવાનનું જે અખંડ ચિંતવન થવું તે કાંઈ થોડી વાત નથી.

ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો દેહ મૂકે તો તે અતિ મોટી પદવી પામે છે.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''એમ જાણીએ છીએ તો પણ અખંડ ચિંતવન રહેતું નથી એનું શું કારણ છે ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એક તો અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ અને જ્યારે એવી શ્રદ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછ્યપ છે અને જ્યારે માહાત્મ્ય જાણ્યામાં ઓછ્યપ છે ત્યારે ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં પણ એટલી ઓછ્યપ છે માટે જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રદ્ધા હોય તો અખંડ ચિંતવન થાય, તે માહાત્મ્ય એમ જાણવું જે, 'ભગવાન તો જેવા પ્રકૃતિ પુરુષ થકી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષમાં આવ્યા છે, તોપણ પ્રતાપે યુક્ત છે અને પ્રકૃતિપુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તોપણ ભગવાન તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે, પણ ભગવાનની મૂર્તિને વિષે કોઈ રીતે માયાનો લેશ અડતો નથી. જેમ અન્ય ધાતુ છે ને સોનું પણ છે તેને ભેળાં કરીને પૃથ્વીમાં દાટે તો સોના વિના અન્ય ધાતું છે, તે સર્વે ઘણે કાળે કરીને ધૂળ્ય ભેળાં ધૂળ્ય થઈ જાય અને સોનું હોય તે તો જેમ પૃથ્વીમાં રહે તેમ વૃદ્ધિ પામે પણ ઘટે નહિ, તેમ ભગવાન અને બીજા જે બ્રહ્માદિક દેવ તથા મુનિ તે કાંઈ સરખા નથી. કેમ જે, જ્યારે વિષયરૂપી ધૂળ્યનો યોગ થાય ત્યારે ભગવાન વિના બીજા ગમે તેવા મોટા હોય તોપણ વિષયમાં એકરસ થઈ જાય અને ભગવાન તો મનુષ્ય જેવા જણાતા હોય તોપણ એને માયિક પદાર્થ બાધ કરવાને સમર્થ થાય નહિ અને ગમે તેવા વિષય હોય તો તેમાં કોઈ દિવસ લોપાય નહિ,એવું ભગવાનનું અલૌકિક સામર્થ્ય છે.

એમ ભગવાનનું માહાત્મ્ય જાણે તો તેને ભગવાનનું અખંડ ચિંતવન થાય. અને **જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો જ નથી.** અને જો ઉદ્ધવજી હતા તેને ભગવાને એમ કહ્યું જે, 'હે ઉદ્ધવ! હું થકી અણુમાત્ર ન્યૂન નથી.' તે શા માટે જે? ઉદ્ધવજીએ અલૌકિક ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હતું ને પંચવિષયના લીધા લેવાતા

નહોતા અને જેને ભગવાનનો મહિમા સમજાય છે તેને રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે અને બાળક સ્ત્રી અને સોળ વર્ષની સ્ત્રી અને એંશી વર્ષની સ્ત્રી તે સર્વમાં સરખો ભાવ વર્તે અને જે જે સંસારમાં સારું નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય અને એવી રીતે જે વર્તતો હોય તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં બંધાય નહિ અને જો એવો મર્મ ન સમજાયો હોય તો ફાટી લંગોટી તથા તુંબડી તેમાંથી પણ મનને ઉખેડવું મહા મુશ્કેલ છે. માટે **આવી રીતે ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી** અને જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪ ॥ ૧૩૭ ॥

## ॥ વચનામૃત ૫મું : પતિવ્રતા અને શૂરવીરપણાનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ ઓટા ઉપર ચાકળો નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ તાલ-મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા.**

**પછી શ્રીજી મહારાજ** નેત્રકમળની સાને કરીને તે કીર્તન રખાવીને બોલ્યા જે, ''**સર્વે સાંભળો એક વાત કરીએ છીએ જે, જે ભગવાનના ભક્ત હોય તેને એક પતિવ્રતાનો ધર્મ રાખવો અને બીજું શૂરવીરપણું રાખવું.** જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ વૃદ્ધ હોય તથા રોગી હોય તથા નિર્ધન હોય તથા કુરૂપ હોય, પણ પતિવ્રતા સ્ત્રીનું મન કોઈ બીજા પુરુષના રૂડા ગુણ દેખીને ડોલે જ નહિ. અને જો રાંકની સ્ત્રી હોય ને તે જો પતિવ્રતા હોય તો મોટો રાજા

Index



હોય તોપણ તેને દેખીને તે પતિવ્રતાનું મન ચળે જ નહિ. એવી રીતે ભગવાનના ભક્તને પતિવ્રતાનો ધર્મ ભગવાનને વિષે રાખવો. અને પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહિ, અતિશય શૂરવીર થઈને જવાબ દેવો; પણ પાજીપળાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહિ. એવી રીતે શૂરવીરપણું રાખવું અને **લોકમાં એમ કહે છે જે, 'સાધુને તો સમદષ્ટિ જોઈએ' પણ એ શાસ્ત્રનો મત નથી.** કેમ જે, નારદ, સનકાદિક ને ધ્રુવ-પ્રહ્‌લાદાદિક તેમણે ભગવાનનો ને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજે જન્મે જાતો જરૂર વિમુખ થશે. માટે **જે ભગવાનના ભક્ત હોય તેને જરૂર ભગવદીયનો પક્ષ રાખ્યો જોઈએ અને વિમુખનો પક્ષ ત્યાગ્યો જોઈએ.** આ અમારી વાર્તાને સર્વે અતિ દૃઢ કરીને રાખજ્યો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫ ॥**

## ॥ વચનામૃત ૬ઠ્ઠું : હૂંડીનું, ચિત્તના સ્વભાવનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ વેદિ ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાલ મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા.**

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે,** ''કીર્તન રાખો, હવે ભગવદ્‌વાર્તા કરીએ.'' પછી સર્વે મુનિ હાથ જોડીને બેઠા. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ સંસારમાં કેટલાક યવન સરખા જીવ હોય તે એમ કહે છે જે, 'ગંગાજીનું પાણી ને બીજું પાણી એ બેય સરખાં જણાય છે અને શાલગ્રામ ને બીજા પાણા તે સરખા જણાય છે અને તેમ જ તુલસી ને બીજાં ઝાડ તે સરખાં જણાય છે અને બ્રાહ્મણ ને શૂદ્ર તે પણ સરખા જણાય છે અને ઠાકોરજીની પ્રસાદીનું અન્ન ને બીજું અન્ન તે બેય સરખાં જણાય છે અને એકાદશીને

દિવસ ભૂખ્યા રહ્યા ને બીજે દિવસ ભૂખ્યા રહ્યા, તે બેય સરખા જણાય છે અને સાધુ અને અસાધુ એ બેય સરખા જણાય છે. તે માટે આ વિધિનિષેધનો જે વિભાગ તે મોટા પુરુષ કહેવાયા તેણે શા સારુ શાસ્ત્રમાં કહ્યો હશે ? એમ દુષ્ટમતિવાળા જે જીવ છે તે કહે છે. માટે સર્વ સંતને અમે આ પ્રશ્ન પૂછીએ છીએ જે, **એ વિધિનિષેધનો વિભાગ મોટા પુરુષે શાસ્ત્રમાં કહ્યો છે તે સાચો છે કે કલ્પિત છે ?** તે પ્રશ્નનો ઉત્તર નાના-નાના પરમહંસ હોય તે કરો.''

પછી **નાના નાના પરમહંસ હતા તે બોલ્યા જે,** 'વિધિ-નિષેધનો ભેદ સત્ય છે અને એમ ન હોય તો સ્વર્ગ નરક કેને માથે કહેવાય ? ''પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''નાના છે પણ સારી દિશ ઉપર સમજે છે.'' એમ કહીને શ્રીજી મહારાજે એનો ઉત્તર કરવા માંડ્યો જે, **''મોટા પુરુષે જે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે તે સર્વે સત્ય છે.** ત્યાં દૃષ્ટાંત છે જે, જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે. તે જ્યારે હૂંડી જે શાહુકારની ઉપર લખી હોય તેને આપે ત્યારે એ હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે. તેમ મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી પણ અંતે **મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે;** જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ અને જે સમર્થ શાહૂકારે હૂંડી લખી હોય અને તેનો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો અને તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી; તેમ **નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મીક ઈત્યાદિક જે મોટા પુરુષ તેનાં વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહા પાપિષ્ઠ જાણવો.**

અને વળી **જે નાસ્તિક મતિવાળા હોય તેને એમ સમજાય છે જે,** 'બીજા પાણામાં ને ઠાકોરજીની મૂર્તિમાં શો ફેર છે ? સર્વે પાણા એક સરખા છે અને પરણેલી સ્ત્રી ને ન પરણેલી સ્ત્રી તેમાં શો ફેર છે ? સર્વે સ્ત્રી સરખી છે અને ઘરની સ્ત્રી ને મા બેન તેમાં શો ફેર છે ? સર્વેનો સરખો જ આકાર છે અને

રામ કૃષ્ણાદિક જે ભગવાનની મૂર્તિઓ તે પણ સર્વે મનુષ્ય જેવી છે, માટે અધિકન્યૂન ભાવ તો માણસે કલ્પીને ઊભો કર્યો છે, પણ શું કરીએ? માણસ ભેળું રહેવું તે માણસની હાયે હા કહી જોઈએ, પણ વિધિનિષેધનો માર્ગ છે તે ખોટો છે.' એમ પાપી એવા જે નાસ્તિક તે પોતાના મનમાં સમજે છે માટે જેની આવી જાતની બોલી સાંભળીએ તેને પાપિષ્ઠ જાણવો ને નાસ્તિક જાણવો. અને એને ચાંડાળ જાણીને એનો કોઈ પ્રકારે સંગ રાખવો નહિ.''

અને વળી **શ્રીજી મહારાજે બીજી વાર્તા કરી જે, ''મનુષ્ય માત્રનું ચિત્ત કેવું છે?** તો જેમ મધ હોય અથવા ગોળ, સાકર, ખાંડ તેનું ઘાટું પાણી હોય તે સરખું છે. તે મધમાં કે ગોળ-સાકર, ખાંડના પાણીમાં માખી, કીડી, મકોડો જે આવે તે ચોટી રહે અને મનુષ્ય જો હાથ અડાડે તો માણસની આંગળીએ પણ ચોટી જાય, તેમ ચિત્તનો સ્વભાવ એવો છે જે, જે જે પદાર્થ સાંભરે તે તે પદાર્થમાં ચોંટી જાય છે. તે જો પથરો તથા કચરો તથા કૂતરાનો મળ એ આદિક જે નકારી વસ્તુ હોય તેમાં તો લેશમાત્ર સુખ નથી તોપણ એ નકારી વસ્તુમાં પણ ચિત્ત વળગે છે અને તે સાંભરી આવ્યું હોય તો તેનું પણ ચિંતવન કરે છે, એવો એનો વળગવાનો સ્વભાવ છે. જેમ મોટું કાચનું દર્પણ હોય તેમાં મોટા સાધુ આવે તો તેનું પણ પ્રતિબિંબ દેખાય તથા કૂતરાં, ગધેડાં, ચાંડાળાદિક જે જે આવ્યાં હોય તો તેનું પણ પ્રતિબિંબ તેમ જ દેખાય, તેમ ચિત્તને વિષે અતિ નિર્મળપણું છે, તે જે પદાર્થ સાંભરે તે દેખાઈ આવે છે; એમાં સારા નરસાનો કાંઈ મેળ નથી. **માટે જે મુમુક્ષુ હોય તેને એમ ન વિચારવું જે,** 'મારે વૈરાગ્ય નથી તે માટે સ્ત્રીઆદિક પદાર્થ મારા ચિત્તમાં સ્ફૂરે છે.' એ તો જે વૈરાગ્યવાન હોય તેના ચિત્તમાં પણ જે સમે જે પદાર્થ આવ્યું તે સહજે સ્ફૂરી આવે છે. માટે વૈરાગ્ય-અવૈરાગ્યનું કાંઈ કારણ નથી, **એ તો ચિત્તનો સ્વભાવ જ એવો છે જે,** 'ભલું અથવા ભૂંડું સાંભળ્યું તેને ચિંતવે.' અને જ્યારે જે પદાર્થનું ચિંતવન કરે ત્યારે તે પદાર્થ જેમ દર્પણમાં દેખાઈ આવે તેમ દેખાઈ આવે. તે માટે એમ જાણવું જે, 'હું તો એ ચિત્ત થકી જુદો

છું અને હું તો એનો જોનારો આત્મા છું,' એમ જાણીને ચિત્તના સારા-ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ. પોતાને ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૬॥૧૩૯॥

## ॥ વચનામૃત ૭મું : દરિદ્રીનું, પરમેશ્વરની કૃપાદષ્ટિનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે,** ''ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે, **ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી તોય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાંસારાં ભોજન ને સારાંસારાં વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઈચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે.''

**પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી **પરમેશ્વર તેને કૃપાદષ્ટિએ કરીને જુવે જે,** 'આ બિચારો વૈરાગ્ય રહિત છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે; માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુ કાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૭॥૧૪૦॥

## ॥ વચનામૃત ૮મું : એકાદશીનું, જ્ઞાનયજ્ઞનું, અંતર્દષ્ટિનું ॥

સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૨ દ્વાદશને દિવસ પ્રાતઃકાળને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાલ-મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

પછી **શ્રીજી મહારાજ સંત પ્રત્યે બોલ્યા જે, "એકાદશીનું વ્રત કરવું તેની તો એમ વિગતિ છે જે,** પૂર્વે ભગવાન દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન તેને અંતરસન્મુખ કરીને પોઢ્યા હતા. તે સમયમાં નાડીજંઘનો દીકરો જે મુરદાનવ તે યુદ્ધ કરવા આવ્યો. પછી ભગવાનના એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી એક કન્યા ઉત્પન્ન થઈ ત્યારે મુરદાનવ કન્યા પ્રત્યે બોલ્યો જે, 'તું મને વર્ય.' પછી કન્યા બોલ્યાં જે, 'મારે તો એવી પ્રતિજ્ઞા છે જે, જે મને યુદ્ધમાં જીતે તેને હું વરું.' પછી મુરદાનવને અને કન્યાને યુદ્ધ થયું, ત્યારે કન્યાએ મુરદાનવનું મસ્તક ખડ્ગે કરીને કાપી નાખ્યું. પછી **ભગવાને પ્રસન્ન થઈને તે કન્યાને કહ્યું જે,** 'તું વર માગ્ય.' ત્યારે તે કન્યાએ વર માગ્યો જે, **'મારા વ્રતને દિવસ કોઈ અન્ન ન ખાય અને હું તમારા એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી પ્રગટ થઈ; માટે મારું નામ એકાદશી છે અને હું તપસ્વિની છું; માટે મારા વ્રતને દિવસ મન આદિક જે અગિયાર ઈન્દ્રિયો તેનો જે આહાર તે કોઈ કરે નહિ.'** એવું એકાદશીનું વચન સાંભળીને ભગવાને તે વર આપ્યો, એવી રીતે પુરાણની કથા છે.

અને **વળી ધર્મશાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે,** 'એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહિ અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહિ.' એમ શાસ્ત્રમાં વચન છે. **અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે,** 'એકાદશીને દિવસ ઢોરલાંઘણ

કરવી નહિ અને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય.' અને જેમ પ્રાણને અન્નનો આહાર છે તેમ જ શ્રોત્રને શબ્દનો આહાર છે અને ત્વચાને સ્પર્શનો આહાર છે ને નેત્રને રૂપનો આહાર છે ને જિહ્વાને રસનો આહાર છે ને નાસિકાને ગંધનો આહાર છે ને મનને સંકલ્પ-વિકલ્પનો આહાર છે. એવી રીતે અગિયારે ઈન્દ્રિયોના જુદાજુદા આહાર છે; તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કહેવાય. પણ અગિયારે ઈન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય.

માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ, **એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે તે ખબડદાર થઈને કરવું,** તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે; પણ તે વિના જે ઢોરલાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી અને શ્વેતદ્વીપમાં જે નિરન્નમુક્ત કહેવાય છે તે તો સદાય એ વ્રત રાખે છે, ક્યારેય પણ એ વ્રતનો ભંગ થવા દેતા નથી; માટે નિરન્ન કહેવાય છે અને **આપણે પણ ઈચ્છા તો એમ રાખવી જે,** 'જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે તેવું જ થવું છે.' પણ એ વાતમાં હિમ્મત હારવી નહિ. એવી રીતે જે હિમ્મત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા-કીર્તનાદિકને કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે, તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહી છે.'' એટલી વાત કરીને શ્રીજી મહારાજ મૌન રહ્યા ને સંતે કીર્તન ગાવવા માંડ્યા.

**પછી વળી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું જે, 'તમો સર્વે યજ્ઞ કરજ્યો ને તે યજ્ઞે કરીને તમારે સર્વ પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની પણ વૃદ્ધિ થશે, માટે યજ્ઞ તો જરૂર કરજ્યો.' પછી વેદમાં બહુ પ્રકારના જે યજ્ઞ હતા તે સર્વે બ્રહ્માએ વિધિ સહિત બતાવ્યા. તેમાં જે પ્રવૃત્તિ માર્ગવાળા હતા તેને તો રાજસી, તામસી એવા પ્રવૃત્તિ માર્ગના યજ્ઞ બતાવ્યા અને જે નિવૃત્તિ માર્ગવાળા હતા તેને તો

સાત્ત્વિક યજ્ઞ બતાવ્યા, તે યજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ ગીતાને વિષે પણ કહ્યા છે. **માટે આપણે તો નિવૃત્તિમાર્ગવાળા છીએ તે આપણે તો સાત્ત્વિક યજ્ઞ કરવા;** પણ જેમાં પશુ મરતાં હોય એવા જે રાજસી, તામસી યજ્ઞ તે આપણે કરવા નહિ. તે સાત્ત્વિક યજ્ઞની રીત જે, **'દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછાં ખેંચીને બ્રહ્મ અગ્નિને વિષે હોમવા' એનું નામ યોગયજ્ઞ કહેવાય.** અને એવી રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારાને ભગવાન દર્શન આપે છે તેમ જ એ યોગયજ્ઞના કરનારાના અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે શ્રીપુરુષોત્તમ તે પ્રકટ થઈ આવે છે. એ યોગયજ્ઞનું ફળ છે અને **અંતર્દૃષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે.**

હવે કોઈ એમ પૂછે જે, **'અંતર્દૃષ્ટિ તે શું ?'** તો તેનો ઉત્તર એ છે જે, **'બાહેર અથવા માંહીલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી'** એ જ અંતર્દૃષ્ટિ છે. અને તે વિના તો અંતર્દૃષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદૃષ્ટિ જ છે; માટે **બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા, કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દૃષ્ટિ છે.** અને **એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે.** અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન વંદનાદિક જે કરવું તે પણ અંતર્દૃષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. માટે સત્સંગીમાત્રને તો એવો અખંડ જ્ઞાનયજ્ઞ થાય છે; અને સમાધિ તો કોઈકને થાય છે અને કોઈકને નથી થતી, તે તો પરમેશ્વરની ઈચ્છાએ કરીને એમ રહ્યું છે; અથવા કોઈક ઠેકાણે ભક્તની કચાઈવતે કરીને એમ રહ્યું છે.

અને **કોઈક મૂર્ખ લોક છે તે એમ કહે છે જે,** 'ગોપિકાનાં અંગનાં કીર્તન હોય તે રહેવા દ્યો અને નિર્ગુણ કીર્તન હોય તે ગાઓ.' તથા જે ઉઘાડા થઈને ફરતા હોય તેને મૂર્ખ હોય તે નિર્ગુણ પુરુષ કહે છે પણ જો ઉઘાડા ચાલ્યે નિર્ગુણ થવાતું હોય તો કૂતરાં, ગધેડાં ઈત્યાદિક સર્વે નિર્ગુણ કહેવાય, માટે એ તો મૂર્ખની સમજણ છે અને **જ્ઞાની ભક્ત હોય તે તો એમ જાણે જે,** 'ભગવાનનું

સ્વરૂપ છે તે જ નિર્ગુણ છે અને જેને જેને તે ભગવાનનો સંબંધ થયો તે સર્વે નિર્ગુણમાર્ગવાળા છે અને જે જે કથાકીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય. અને **જે કથા કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે; માટે સગુણ કહેવાય** અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો નિર્ગુણ ન કહેવાય અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તોપણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.'

માટે **ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ નિર્ગુણ માર્ગ છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે.** અને જેને ભગવાનનો સંબંધ થયો છે તેના ભાગ્યનો પાર આવે નહિ અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થતો નથી, એ તો શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, **'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્'** એ શ્લોકનો એ અર્થ છે જે, 'અનેક જન્મનું સુકૃત ભેળું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમપદને પામે છે.' **તે પરમપદ તે શું ? જે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે** અને વળી શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં એમ પણ કહ્યું છે જે :

**'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**
**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥'**

એ શ્લોકનો અર્થ એ છે જે, 'આ સંસારને વિષે ભગવાનના અંશ જે જીવ છે તે તો મને સહિત જે પંચ જ્ઞાનઈન્દ્રિયો તેને પંચવિષય થકી ખેંચીને પોતાને વશ રાખે છે અને જે ભગવાનના અંશ નથી તેને તો ઈન્દ્રિયો ખેંચીને જ્યાં પોતાની ઈચ્છા હોય ત્યાં લઈ જાય છે.' માટે **આપણ સર્વે ઈન્દ્રિયોના દોર્યા દોરાતા નથી તો જો ભગવાનના અંશ છીએ એવું જાણીને અતિશય આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું** અને સર્વે ઈન્દ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપમાં હોમવી અને સદા જ્ઞાનયજ્ઞ કર્યા કરવો અને **યજ્ઞ રહિતનું કોઈ રીતે કલ્યાણ થતું નથી.** અને ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર

પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વ શાસ્ત્રનું એ જ સિદ્ધાંત છે જે, 'યજ્ઞ રહિતનું કલ્યાણ થતું નથી.' માટે **અમારી પણ એ જ આજ્ઞા છે જે,** 'સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો.' અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય, **એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે.** એવી રીતે જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે, એવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો અને જ્યાં સુધી એવું ન થવાય ત્યાં સુધી એટલું અધૂરું જાણવું. અને નિરન્નમુક્ત જેવા થવાની અતિશય ઈચ્છા રાખવી પણ શ્રદ્ધારહિત થવું નહિ અને પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહિ ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૮ ॥ ૧૪૧ ॥**

## ॥ વચનામૃત ૯મું : સ્વરૂપનિષ્ઠાનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા ને તે સમે આનંદાનંદ સ્વામીએ પૂજા કરી હતી તે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાબની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો તથા કમરે જરકસી શેલું બાંધ્યું હતું તથા ગૂઢા આસમાની રંગનો રેંટો ખભા ઉપર નાખ્યો હતો અને હાથે રાખડિયો બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''કીર્તન બોલીએ.'' પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''લ્યો પરમેશ્વરની વાર્તા કરીએ.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે,** 'કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ' અને કોઈક કાળે ભગવાનનાં વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહિ; પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ અને જો

ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય; પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ, માટે જે સમજુ હોય તેને ભગવાનનાં વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું; પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, **'સર્વોપરી ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'** અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે.

અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. **તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું.** અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. અને જેમ અર્જુન હતા તેને તો ભગવત્ સ્વરૂપનું બળ હતું અને યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રનાં વચનનું બળ હતું. પછી જ્યારે ભારતી લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે :-

**'સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'**

એ શ્લોકનો એ અર્થ છે જે, 'હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ; તું કાંઈ શોક કરીશમા.' એ વચનને માનીને અર્જુન જે તે લડાઈને વિષે અનંત દોષ થયા

તોપણ લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહિ અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા. અને યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહિ તો પણ શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, 'મારું કોઈ કાળે કલ્યાણ નહિ થાય.' પછી સર્વે ઋષિએ સમજાવ્યા તથા વ્યાસજીએ સમજાવ્યા તથા શ્રીકૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા તોય પણ શોક મૂક્યો નહિ. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો; તોય પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહિ. **માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઈએ,** એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે. તે પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે : **'સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।**

**એ શ્લોકનો એ અર્થ છે જે,** 'ભગવત્સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તે પણ મોટા ભયથકી રક્ષાને કરે છે.' જેમ અર્જુને ભારતી લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા; પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ, તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ. **માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય.**

અને **શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાન છે જે,** 'શ્રુતિસ્મૃતિના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનનો આશ્રય તજવો નહિ.' અને કોઈક એમ જાણે જે, 'આવી વાત કરીએ તો ધર્મ ખોટા થઈ જાય' પણ આ વાર્તા કાંઈ ધર્મને ખોટા કર્યા સારુ નથી; આ તો એટલા સારુ છે જે દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા એટલાં વાનાં શુભ ને અશુભ એ બે પ્રકારનાં છે. તેમાંથી જો અશુભનો યોગ થાય ને એને કાંઈક વિઘ્ન પડે તોપણ **જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહિ.** અને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય, તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું

નરકમાં પડી ચૂક્યો.' માટે **જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી છે અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય. અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે.**

અને **આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને** જો નારદ, સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે તો સાંભળીને એમ કહે જે, 'આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહિ. આ વાર્તા તો **'ન ભૂતો ન ભવિષ્યતિ'** એવી છે. અને અતિશય ઝીણી વાર્તા થાય છે તોપણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે. માટે 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે, તેનાં પુણ્યનો પાર આવે એમ નથી.' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ. અને જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તોપણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી. પણ જેને પરમેશ્વરને વિષે અતિશય પ્રીતિ તો ન હોય તેને તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજ્યો જોઈએ. માટે જે ડાહ્યો હોય તેને તો આ વાર્તા સમજી-વિચારીને અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એ જ મત અતિ સારમાં સાર છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૯ ॥ ૧૪૨ ॥

## ॥ વચનામૃત ૧૦મું : નિશ્ચયરૂપી ગર્ભના જતનનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. પછી તે ફૂલવાડીને મધ્યે આંબાના વૃક્ષની હેઠે વેદિ છે તે ઉપર ઉત્તરાદું મુખારવિંદ કરીને વિરાજમાન હતા ને શ્રીજી મહારાજે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં તથા પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શ્રીમદ્ ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો

ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે અને દ્વિતીય સ્કંધમાં જ્યાં આશ્રયનું રૂપ કર્યું છે ત્યાં પણ ભગવાનનું સ્વરૂપ ભક્તિહીન હોય તેને નિરાકાર સમજાય છે પણ ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી, કાં જે ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી, તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે અને ભાગવતમાં **'અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ એ ત્રણનો જે આધાર છે તે ભગવાનનું સ્વરૂપ છે,'** એમ કહ્યું છે. તેની વાત કરીએ તે સાંભળો. અધ્યાત્મ જે વિરાટપુરુષનાં ઈન્દ્રિયો અને અધિભૂત જે તેનાં પંચમહાભૂત અને અધિદેવ જે વિરાટના ઈન્દ્રિયોના દેવતા એ સર્વે વિરાટને વિષે આવ્યાં તો પણ વિરાટ ઊભો ન થયો. પછી વાસુદેવ ભગવાને પુરુષરૂપે થઈને જ્યારે વિરાટપુરુષને વિષે પ્રવેશ કર્યો ત્યારે વિરાટપુરુષ ઊભા થયા. તે ભગવાન વિરાટપુરુષના જે અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ તેને વિષે તદાત્મકપણે કરીને વર્તે છે અને સ્વરૂપે તો વિરાટ થકી ન્યારા છે અને તેને જ આશ્રય કરવા યોગ્ય સ્વરૂપ કહ્યું છે.

અને જેમ અગ્નિ છે તે પ્રકાશસ્વરૂપે તો અરૂપ છે ને અગ્નિ પોતે તો મૂર્તિમાન છે; તે જ્યારે અગ્નિને અજીર્ણ થયું હતું ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ ભગવાન ને અર્જુન પાસે આવ્યો હતો. પછી જ્યારે ઈન્દ્રનું ખાંડવ વન બાળવા ગયો, ત્યારે તે જ અગ્નિ જ્વાળારૂપ થઈને સમગ્ર વનમાં વ્યાપ્યો; તેમ જ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની અંતર્યામી શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે. અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે અને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે, **માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દૃઢ રાખવો અને વાત પણ એવી કરવી જે,**

**'કોઈને ભગવાનનો આશ્રય હોય તે ટળે નહિ.'** અને જેમ સ્ત્રીના ઉદરમાં ગર્ભ હોય પછી તેમાંથી પુત્રરૂપ ફળ ઉદય થાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચયરૂપ ગર્ભ હોય તેને ભગવાનનું જે અક્ષરધામ તે રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. માટે એવો ઉપાય કરવો, 'જેણે કરીને એ ગર્ભને વિઘ્ન ન થાય.' અને બીજાને પણ એવી વાત કરવી, 'જેણે કરીને ભગવાનના નિશ્ચયરૂપ ગર્ભનો પાત ન થાય.''

**પછી શ્રીજી મહારાજ વાડી થકી દાદાખાચરના દરબારમાં પધાર્યા અને ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજે નાના નાના પરમહંસને બોલાવીને પરસ્પર ચર્ચા કરાવી.**

**પછી અચિંત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે,** ''જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણને વિષે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થયાનું વિશેષ કારણ કોણ છે ?'' પછી એ પ્રશ્નનો ઉત્તર તો કોઈથી થયો નહિ, **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ અને જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેનું રૂપ જુદું જુદું કહીએ જે, જીવમાત્રનો એવો સ્વભાવ છે જે, 'સારું પદાર્થ દેખે ત્યારે તેથી ઊતરતું જે પદાર્થ હોય તેમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે.' માટે ભગવાનનું જે અક્ષરધામ છે ને તેને વિષે જે સુખ છે, તેની આગળ જે આ માયિક સુખ છે તે તો નકલ જેવું છે અને અચળ સુખ તો ભગવાનના ધામને વિષે જ છે માટે પરમેશ્વરની વાત સાંભળતાં સાંભળતાં જો ભગવાન સંબંધી સુખ ઓળખાય, તો જેટલું માયા થકી ઉત્પન્ન થયું છે તે સર્વે તુચ્છ જણાય, જેમ ત્રાંબાનો પૈસો કોઈક પુરુષના હાથમાં હોય તેને જ્યારે તે પૈસા માટે સોનામહોર કોઈ આપે ત્યારે ત્રાંબાના પૈસામાંથી હેત ઊતરી જાય છે. એવી રીતે જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વ થકી વૈરાગ્ય પામે છે; અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે; **એ વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે.**

હવે **જ્ઞાનનું સ્વરૂપ કહીએ છીએ જે,** જ્ઞાન નિરૂપણને વિષે બે શાસ્ત્ર છે. એક સાંખ્યશાસ્ત્ર ને બીજું યોગશાસ્ત્ર. તેમાં **સાંખ્યશાસ્ત્રનો મત એ છે જે,** જેમ આકાશ જે તે પૃથ્વી, જળ, તેજ, વાયુ તેમાં વ્યાપક છે અને આકાશ વિના એક અણુ પણ ક્યાંય ખાલી નથી તોપણ પૃથ્વી આદિકના જે વિકાર તે આકાશને અડતા જ નથી. તેમ પુરુષોત્તમ ભગવાન છે તેને આકાશની પેઠે માયિક વિકાર કોઈ અડતો જ નથી. એ વાર્તા **કૃષ્ણતાપની ઉપનિષદ**માં કહી છે જે, 'જ્યારે દુર્વાસા ઋષિ વૃંદાવનને વિષે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, દુર્વાસા ભૂખ્યા છે માટે સર્વે થાળ લઈને જાઓ.' પછી ગોપીઓએ પૂછ્યું જે, આડાં યમુનાજી છે તે કેમ ઉતરાશે ? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે યમુનાજીને તમે એમ કહેજો જે, ''શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો માર્ગ દેજ્યો.'' પછી ગોપીઓ હસતી હસતી યમુનાજીને કાંઠે જઈને એમ કહ્યું, ત્યારે યમુનાજીએ તત્કાળ માર્ગ દીધો. પછી ગોપીઓએ ઋષિને જમાડતાં તે ઋષિ સર્વના થાળ જમી રહ્યા, પછી ગોપીઓએ કહ્યું જે, ''અમે ઘેર કેમ કરીને જઈએ ? આડાં યમુનાજી છે.'' ત્યારે તે ઋષિએ પૂછ્યું જે, ''આવ્યાં ત્યારે કેમ કરીને આવ્યાં હતાં ?'' પછી ગોપીઓએ કહ્યું જે, ''શ્રીકૃષ્ણે એમ કહ્યું હતું જે, 'અમે સદા બાળ બ્રહ્મચારી હોઈએ તો યમુનાજીને કહેજો જે માર્ગ દેજો.' પછી યમુનાજીએ માર્ગ દીધો તે તમારી પાસે આવ્યાં છીએ.'' તે વાત સાંભળીને ઋષિ બોલ્યા જે, ''હવે યમુનાજીને એમ કહેજો જે, દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ દેજ્યો.'' પછી ગોપીઓ હસતી હસતી જઈને એમ કહ્યું ત્યારે યમુનાજીએ તત્કાળ માર્ગ દીધો. ત્યારે ગોપીઓ સર્વે એ બે વાત જોઈને અતિશય આશ્ચર્ય પામી.' માટે ભગવાનનું સ્વરૂપ તો એવું આકાશની પેઠે નિર્લેપ છે અને સર્વે ક્રિયાઓને કર્તા થકા ભગવાન અકર્તા છે અને સર્વના સંગી થકા પણ અત્યંત અસંગી છે. એવી રીતે સાંખ્યશાસ્ત્ર ભગવાનના સ્વરૂપને નિર્લેપપણે કરીને કહે છે, એવું સમજવું એ સાંખ્યને મતે જ્ઞાન છે.

**હવે યોગશાસ્ત્રનો મત કહીએ તે સાંભળો.** યોગનો મત એમ છે જે, જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેને પ્રથમ દૃષ્ટિ સ્થિર કરવી. તે દૃષ્ટિ સ્થિર કરવા સારુ ભગવાનની પ્રતિમા અથવા બીજું કાંઈ પદાર્થ હોય તેમાં પ્રથમ દૃષ્ટિને ઠેરાવવી. પછી એક ને એક આકાર જોતાં થકાં દૃષ્ટિ સ્થિર જઈ જાય ત્યારે તે ભેળું અંતઃકરણ પણ સ્થિર થાય છે અને જ્યારે અંતઃકરણ સ્થિર થાય ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારવી, તેમાં ધારણ કરનારા યોગીને પ્રયાસ ન પડે, સુખે ધરાય છે અને જો પ્રથમથી અભ્યાસ કરીને અંતઃકરણ સ્થિર ન કરે તો જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે બીજાં પણ કેટલાંક ટિખળ આડાં આવીને ઊભાં રહે, માટે **યોગશાસ્ત્રનો એ સિદ્ધાંત છે જે,** 'પ્રથમ અભ્યાસ કરીને વૃત્તિ સ્થિર કરવી ને પછી ભગવાન સંઘાથે જોડવી' એમ જાણવું એ યોગશાસ્ત્ર સંબંધી જ્ઞાન છે. એવી રીતે એ બે શાસ્ત્રને મતે કરીને જે સમજણ દૃઢ કરવી તેનું નામ જ્ઞાન છે.

હવે **ભક્તિની રીત તો એમ છે જે,** જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં, પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે ? તેને હું વરું.' પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહિ ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહિ. એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વ ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં, માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.''

એ વાર્તા સાંભળીને **મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એને વિષે પરમેશ્વરને વિષે પ્રીતિ થવાનું કેને વિષે અધિક દૈવત આવ્યું ?** તે સમજાણું નહિ.'' **પછી શ્રીજી મહારાજ**

**બોલ્યા જે,** ''ભક્તિને વિષે દૈવત ઘણું છે અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિ તો અતિ દુર્લભ છે, તે **ભક્તિવાળાનાં લક્ષણ આવાં હોય છે જે,** જ્યારે જીવોનાં કલ્યાણ અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે ત્યારે ભગવાનનાં કેટલાંક ચરિત્ર તો દિવ્ય હોય ને કેટલાંક ચરિત્ર તો માયિક જેવાં હોય; તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધર્યો ત્યારે દેવકી વસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું તથા ગોવર્ધન તોળ્યો તથા કાળિયનાગને કાઢીને યમુનાજીનું જળ નિર્વિષ કર્યું તથા બ્રહ્માનો મોહ નિવારણ કર્યો તથા અક્રૂરજીને યમુનાના જળને વિષે દર્શન દીધું તથા મલ્લ, હસ્તિ, કંસાદિક દુષ્ટને મારીને સર્વ યાદવનું કષ્ટ નિવારણ કર્યું. તેમજ રામાવતારને વિષે ધનુષ ભાંગ્યું તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વ દેવતાનું કષ્ટ નિવારણ કર્યું, ઈત્યાદિક જે પરાક્રમ તે ભગવાનનાં દિવ્ય ચરિત્ર કહેવાય. અને સીતાહરણ થયું ત્યારે રઘુનાથજી રોતારોતા ઘેલા જેવા થઈ ગયા તથા કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા તથા જરાસંઘની આગળ હાર્યા ને પોતાની રાજધાની જે મથુરા તેને તજીને સમુદ્રના બેટમાં જઈ વસ્યા. ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તે પ્રાકૃત જેવાં જણાય છે. માટે દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્ય-પણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો અને ભગવાને ગીતામાં કહ્યું છે જે :

**'જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥'**

**એ શ્લોકનો એમ અર્થ છે જે,** 'હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્યછે, તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.' માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યનાં જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તોપણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં

અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય, અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે. અને જેમ ગોપીઓ ભગવાનનાં ભક્ત હતાં તે કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહિ અને રાજા પરીક્ષિતે તો ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો. પછી શુકજીએ ભગવાનનું સમર્થપણું દેખાડીને તે અવગુણને ખોટો કરી નાખ્યો. **માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ, એવી જે ભક્તિ તે તો મહા દુર્લભ છે;** અને એક બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે. એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય છે ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે; માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન, વૈરાગ્ય થકી અધિક છે અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય, તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૦॥૧૪૩॥

## ॥ વચનામૃત ૧૧મું : કર્મમાત્ર ભક્તિરૂપ થયાનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેટલા ગ્રંથ છે તે સર્વે ગ્રંથોને સાંભળીને કેટલાક જે જીવ છે તે એ ગ્રંથોને ધર્મ, અર્થ ને કામ પર જાણે છે. પછી એમ જાણીને પોતે પણ ધર્મ, અર્થ ને કામ તેને જ અર્થે યજ્ઞ વ્રતાદિક શુભ કર્મ કરે છે. પછી તે કર્મનું ફળ દેવલોક અથવા બ્રહ્મલોક અથવા મૃત્યુલોક, તેને વિષે ભોગવીને પછી ત્યાંથી પડે છે ને નરક ચોરાશીમાં જાય

છે. માટે જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે તે સર્વે સાત્ત્વિકી, રાજસી ને તામસી થાય છે ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે; પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહિ અને જ્યારે મોક્ષ ન થાય ત્યારે જન્મ મરણ અને નરકનું દુઃખ તે મટે નહિ અને જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે, ત્યાં શ્લોક છે જે:

**'આમયો યેન ભૂતાનાં જાયતે યશ્ચ સુવ્રત ! ।**
**તદેવ હ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતમ્ ॥**
**એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ ।**
**ત એવાત્મવિનાશાય કલ્પન્તે કલ્પિતાઃ પરે ॥'**

એ શ્લોકનો પૂર્વે વાત કરી એ જ ભાવ છે. માટે એ વાર્તા છે તે સુધી અટપટી છે, તે જો પૂરી સમજાણી ન હોય તો ભગવાનના ભક્ત હોય તેનો પણ સર્વ અજ્ઞાની જીવના સરખો દેહનો વ્યવહાર જોઈને તે ભગવાનના ભક્તનો અવગુણ લે; તેણે કરીને અવગુણનો લેનારો નારકી થાય છે અને **ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે,** કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે, માટે **હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે અને જે ભક્તિ છે તે તો નૈષ્કર્મ્ય જે જ્ઞાન તે રૂપ છે,** માટે હરિજનની ક્રિયા છે તે તો સર્વે નૈષ્કર્મ્યરૂપ છે. ત્યાં શ્લોક ભગવદ્ ગીતાનો છે જે :

**'કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।**
**સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥'**

એ શ્લોકનો અર્થ છે જે, 'ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની પ્રસન્નતાને અર્થે જે જે કર્મ કરે છે તે કર્મને વિષે અકર્મ જે જ્ઞાન તેને દેખે છે

અને વિમુખ હોય તે નિવૃત્તિમાર્ગ પકડીને અકર્મપણે રહેતો હોય તો પણ તેને કર્મમાં બૂડ્યો છે એમ જે દેખે છે તે દેખનારો સર્વે મનુષ્યને વિષે બુદ્ધિમાન છે ને તે જ્ઞાની છે તથા તે યુક્ત છે, કહેતાં મોક્ષને યોગ્ય છે અને **'કૃત્સ્નકર્મકૃત્'** કહેતાં સર્વ કર્મનો કરનારો છે.' માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનના ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે.''

**॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥ ૧૪૪ ॥**

## વચનામૃત ૧૨મું : રાજનીતિનું, કલ્યાણને અર્થે પુરુષપ્રયત્નનું

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ વદિ ૬ છઠ્ઠ્યને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડાની ઓસરીએ શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એક વાત કરીએ છીએ તે સર્વે સાંભળો અને આ જે વાર્તા કહીશું તેમાં એક જ સાધન કલ્યાણને અર્થે કહીશું. તે **એકને વિષે સર્વે સાધન આવી જાય એવું એક બળવાન કલ્યાણનું સાધન છે તે કહીએ છીએ જે,** દેહને વિષે જે જીવ છે તે એમ જાણે છે જે, 'કામ ક્રોધાદિક ભૂંડી પ્રકૃતિઓ છે તે મારા જીવ સાથે જડાણી છે' એવી રીતે કામાદિક જે જે પ્રકૃતિ જેને વિષે મુખ્ય હોય તે પ્રકૃતિને યોગે કરીને પોતાના જીવને કામી, ક્રોધી, લોભી ઈત્યાદિક કુલક્ષણે યુક્ત માને છે પણ જીવને વિષે તો એ એકે કુલક્ષણ છે નહિ. એ તો જીવે મૂર્ખાઈએ કરીને પોતાને વિષે માની લીધાં છે. માટે જેને પરમપદ પામવા ઈચ્છવું તેને કાંઈક પોતાને વિષે પુરુષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહિ **અને એમ વિચાર કરવો જે,** 'જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દશ ઈન્દ્રિયો છે, પંચ પ્રાણ છે, તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિષે છું તે સર્વ થકી અધિક છું ને એ સર્વનો નિયંતા છું.' પણ એમ

ન માનવું જે, 'હું તો તુચ્છ છું ને અંતઃકરણ, ઈન્દ્રિયો તો બળવાન છે.'

**જેમ કોઈક રાજા હોય** ને તે બુદ્ધિહીન હોય પછી એના ઘરનાં મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહિ. પછી એ વાર્તાની જ્યારે ગામનાં મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઈ હુકમ માને નહિ, પછી દેશનાં મનુષ્ય એ વાત સાંભળે ત્યારે દેશના મનુષ્ય પણ કોઈ એનો હુકમ માને નહિ. પછી તે રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને બેસી રહે અને કોઈ ઉપર હુકમ ચલાવે નહિ, તેમ રાજાને ઠેકાણે જીવ છે અને ઘરનાં મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે ને ગામનાં ને દેશનાં મનુષ્યને ઠેકાણે ઈન્દ્રિયો છે. તે **જ્યારે એ જીવ નાદાર થઈને બેસે** અને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઈચ્છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહિ અને ઈન્દ્રિયોને વશ રાખવા ઈચ્છે તો ઈન્દ્રિયો પણ એને વશ રહે નહિ. પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તો પણ રાંકની પેઠે ઓશિયાળો થઈ રહે છે.

**અને જ્યારે રાજા નાદર થાય ત્યારે** તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહિ, તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે અને એ જીવનું લેશમાત્ર ચાલવા દેતા નથી. માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ ને જે પ્રકારે પોતાનાં ઈન્દ્રિયો ને અંતઃકરણ તે સર્વે પોતાના હુકમમાં વર્તે એવો ઉપાય કરવો, જેમ રાજા હોય તે રાજનીતિના ગ્રંથ ભણીને પોતાના રાજ્યમાં પોતાનો હુકમ ચલાવે, પણ રૈયતનો દબાવ્યો દબાય નહિ અને જો રાજનીતિ ન જાણતો હોય તો જે વસ્તી હુકમ ન માને તેને મારવા જ માંડે, પછી પોતાનો દેશ હોય તે ઉજ્જડ થઈ જાય અને કાં તો કોઈ હુકમ જ માને નહિ તેણે કરીને પોતે દુઃખિયો થકો વર્તે; **એવી રીતે રાજનીતિ જાણ્યા વિના બે વાતે બગાડ થાય છે,** તેમ જીવ પણ જો રાજનીતિને જાણ્યા વિના કાયાનગરમાં હુકમ કરવા જાય તો એમાંથી સુખ થાય નહિ.''

**પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''કલ્યાણને ઈચ્છે તેને**

કેમ રાજનીતિ ભણવી?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''રાજનીતિ એમ ભણવી જે, પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું, પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા પણ ગ્રામ્યવાર્તા હોય તે સાંભળવા દેવી નહિ. તેમજ ત્વચા તે ભગવાન ને ભગવાનના જન તેનો જ સ્પર્શ કરે અને નેત્ર તે પરમેશ્વર ને તેના દાસ તેનું જ દર્શન કરે અને રસના તે અખંડ ભગવદ્‌ગુણને જ ગાય ને ભગવાનનો પ્રસાદ હોય તેનો જ સ્વાદ લે અને નાસિકા તે ભગવાનની પ્રસાદી જે પુષ્પાદિક તેનો જ સુગંધ લે પણ કુમાર્ગે કોઈ ઈન્દ્રિયને ચાલવા દે નહિ. એવી રીતે જે વર્તે તેનો દેહરૂપી નગરને વિષે હુકમ કોઈ ફેરવે નહિ અને એવી રીતે પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે ને નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશય મોટો ઉપાય છે. અને **એ પુરુષપ્રયત્નરૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે** તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે; માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૨ ॥૧૪૫॥

## ॥ વચનામૃત ૧૩મું : તેજનું ॥

**સંવત્ ૧૮૭૮ના શ્રાવણ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજે પોતાના બે ભુજ ઊંચા ઉપાડીને સર્વેને છાના રાખ્યા ને પછી પોતાના મુખારવિંદની આગળ સ્તુતિ કરીને બેઠા એવા જે સંત તે પ્રત્યે **શ્રીજી મહારાજ એમ બોલતા હવા જે, ''હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને**

**સાંભળજ્યો.** અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી, એ તો એમ જાણીએ છીએ જે 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારુ કરીએ છીએ અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ સભામાં કરીએ છીએ જે; મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તોપણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે. અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાખે તે બેય સમ વર્તે છે અને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બેય પણ સમ વર્તે છે, તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું, બધાય હરિભક્ત સરખા જણાય છે.

**અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો.** જેમ કોઈકે માથે પાણો ઉપાડ્યો હોય તથા રૂપિયા ને સોનામહોરની વાંસળી કેડ્યે બાંધી હોય તેનો ભાર જણાય છે તેમ ભાર નથી જણાતો અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો તથા મારે વિષે જ્ઞાન છે જે 'હું બ્રહ્મ છું' તેનો પણ ભાર નથી જણાતો અને આ જે હું ઉપર થકી કોઈક પદાર્થને વખાણું છું ને કોઈક પદાર્થને કુવખાણું છું તે તો જાણીજાણીને કરું છું. અને જે જે પદાર્થને વિષે ઈન્દ્રિયોની વૃત્તિને બળાત્કારે જોડું છું તે માંડમાંડ તે

પદાર્થ સન્મુખ રહે છે અને જ્યારે ઢીલી મેલું છું ત્યારે તરત પાછી વળી આવે છે. જેમ આકાશને વિષે પથરો ફગાવીએ તે જ્યાં સુધી હાથને જોરે કરીને ઠેલાય ત્યાં સુધી જ આકાશને વિષે રહે ને પછી પાછો પૃથ્વીને વિષે આવીને પડે છે અને જેમ પૂંછલેલ ઢોર હોય તેને માણસ બળાત્કારે કરીને જ્યાં સુધી ઊંચું ઝાલી રાખે ત્યાં સુધી રહે ને જ્યારે મૂકી દે ત્યારે ધબ લઈને પડી જાય અને જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાખતો હોય અને તે પુરુષને દશવીશ કાગદી લીંબુ ચુસાવ્યાં હોય, પછી તે શેકેલા ચણા પણ માંડમાંડ ચાવે, તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડમાંડ જોડાય છે.

**તે આ જે એમ મને વર્તે છે તેનું શું કારણ છે ?** તો મારી ઈન્દ્રિયોની જે વૃત્તિ છે તે પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે છે અને તે હૃદયાકાશને વિષે અતિશય તેજ દેખાય છે. જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે. અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તોપણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે પણ ચાર ભુજ કે અષ્ટ ભુજ કે સહસ્ર ભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે, તે એ મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી જણાય છે ને ક્યારેક હરતી-ફરતી દેખાય છે અને એ મૂર્તિને ચારેકોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે, તે સર્વે મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, તે મૂર્તિને અમે પ્રકટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા હતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા. અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ

અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને **જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને** જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંઈ આસક્તિ રહે જ નહિ. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જીતાઈ જશે. અને એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ; **અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ.** તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોનાં કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તોપણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે, તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે :

**'ન તદ્‌ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।**
**યદ્‌ગત્વા ન નિવર્તન્તે તદ્‌ધામ પરમં મમ ॥'**

માટે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તોપણ અક્ષરાતીત કૈવલ્યમૂર્તિ જ છે અને ભગવાન જે મનુષ્યદેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્યસ્વરૂપે ભાસે છે અને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે. માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તોપણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જેજે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. **એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું** તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે.

**અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.** તે જ્યારે ભગવાન મૂર્તિ ધરીને પાછા અંતર્ધાન થાય છે ત્યારે તે જે ભગવાનની મૂર્તિ તે ક્યારેક તો મનુષ્યની પેઠે આ પૃથ્વીને વિષે પડી રહે છે. તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિને ખોળામાં લઈને રૂક્મિણીજી બળી મૂઆં તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિષે બળી ગયો; એમ પણ થાય અને ક્યારેક તો હાડમાંસ સહિત દિવ્યભાવ પામીને કાંઈ રહે નહીં, અંતર્ધાન થઈ જાય અને જ્યારે પ્રકટ થાય ત્યારે પણ ક્યારેક તો સ્ત્રી થકી જન્મ ધરે ને ક્યારેક તો પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી પ્રકટ થઈ આવે છે, એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે અને **જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે, તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય** ને એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ. અને **તમે એમ કહેશો જે,** 'અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દૃઢતા છે તોપણ પ્રાણ ઈન્દ્રિયો કેમ લીન નથી થતાં ?' તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ એમ રહ્યું છે એમ સમજવું પણ તેને કાંઈ કરવું રહ્યું નથી, એ તો કૃતાર્થ છે અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે અને જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દૃઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એમાં કાંઈક થોડી ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઈ ચિંતા નથી પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ **માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો.**

અને આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઈક પ્રારબ્ધકર્મને વશ થઈને જો કોઈક નીચ ઉચ્ચ દેહની પ્રાપ્તિ થાય તોપણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તો પણ પૂર્વજન્મનું જ્ઞાન ટળ્યું

નહિ, એવું આ જ્ઞાનનું અતિશય માહાત્મ્ય છે અને નારદ, સનકાદિક અને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આ જ વાર્તા થાય છે અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.

**અને જેને આવી રીતે યથાર્થ ભગવાનનું સ્વરૂપ સમજ્યામાં આવ્યું છે તેને** જો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણ કાળને વિષે દૃષ્ટિ પહોંચતી હોય તોપણ તેને એ વાતનો કાંઈ ગર્વ હોય નહિ અને કોઈને વર કે શાપ દે નહિ અને કોઈ ઠેકાણે વર કે શાપ દે પણ ખરા અને કોઈ ઠેકાણે નિર્ભય રહે ને કોઈ ઠેકાણે બીવે પણ ખરા, પણ તેણે કરીને પોતે કાંઈ હર્ષ-શોક મનમાં લાવે નહિ. અને જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દૃઢ આશ્રય હોય તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય તો પણ તે દૃઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહિ માટે એ જે ભગવાનનો દૃઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી. **અને એ વાત જેને સમજાણી હોય તેનો તો અતિ મોટો આશય હોય, જુઓને** અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કોઈ સ્વાર્થ સાધવો નથી તો પણ કોઈને બોલાવીએ છીએ, કોઈને વઢીએ છીએ, કોઈને કાઢી મૂકીએ છીએ તેનું એ જ પ્રયોજન છે જે, 'કોઈ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય.' માટે આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો.

અને **'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે'** એમ જાણજ્યો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તોપણ તમારે મારે વિષે હેત રહેશે, તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે અને **આ વાતને નિત્યે નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશોમા. આજ છે તેવી જ**

**કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિનદિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે.** અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે અને **જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે.**'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, 'જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે.' ।।ઈતિ વચનામૃતમ્।।૧૩ ।।૧૪૬।।

## વચનામૃત ૧૪મું : નિર્વિકલ્પ સમાધિનું

**સંવત્ ૧૮૭૮ના ભાદરવી સુદિ ૧ પ્રતિપદાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર પાસે ઉત્તરાદે બારણે ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો ને ફેંટા ઉપર રાતા કર્ણિકારના પુષ્પનું છોગું વિરાજમાન હતું ને સુંદર કુંકુમનો ચાંદલો ભાલને વિષે વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''ભગવાનના સ્વરૂપને વિષે જે સંત તદાત્મકપણાને પામે છે તે સમાધિએ કરીને પામે છે કે એનો કોઈ બીજો પણ ઉપાય છે ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેણે ભગવાનનું સ્વરૂપ જેવું કાલે અમે કહ્યું તેવું યથાર્થ જાણ્યું હોય ને તેમાં કોઈ જાતનું ઉત્થાન રહ્યું ન હોય, જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એકવાર જાણી લીધું છે પછી કોઈ રીતે

મનમાં સંકલ્પ થતો નથી જે 'લીંબડો હશે કે નહિ હોય ?' એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ, **એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ. અને એવું જે એ તદાત્મકપણું તે ભગવાનના એકાંતિક ભક્તના પ્રસંગે કરીને થાય છે** પણ કેવળ સમાધિએ કરીને નથી થતું અને એવું જે એ તદાત્મકપણું તેને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ ને એવી જાતની જેને નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તે સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે.

અને એવા અડગ નિશ્ચયવાળા જે સંત તે નિવૃત્તિમાર્ગને વિષે વર્તે અથવા પ્રવૃત્તિ માર્ગને વિષે વર્તે તોપણ એનું નિર્ગુણ જ સ્વરૂપ છે જેમ નારદ ને સનકાદિક એ સર્વે નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા અને સપ્તઋષિ તથા જનકાદિક રાજા એ સર્વે પ્રવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા પણ **એ સર્વેને ભગવાનના નિશ્ચયે કરીને નિર્ગુણ જાણવા** અને જે નિવૃત્તિ માર્ગને વિષે પ્રવર્ત્યા હોય ને જો ભગવાનનો નિશ્ચય ન હોય તો તેને માયિક ગુણે કરીને સગુણ જાણવા. અને એમ જાણવું જે, 'આ અતિશય ત્યાગી જણાય છે પણ એને ભગવાનનો નિશ્ચય નથી માટે એ અજ્ઞાની છે તે જરૂર નરકમાં જશે.' અને જેને ભગવાનના સ્વરૂપનો એવો નિશ્ચય છે ને જો તેમાં કાંઈક થોડી ઘણી ખોટ રહી ગઈ હશે તોપણ તે ભૂંડી ગતિને નહિ પામે, તે તો અંતે જાતો નિર્ગુણપણાને જ પામશે અને જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય તોપણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે **અને આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય ને તેને થોડી બુદ્ધિ હોય તોપણ એને મોટી બુદ્ધિવાળો જાણવો** અને આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય ને તેને જો ઝાઝી બુદ્ધિ હોય તોપણ તેને બુદ્ધિહીન જાણવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૪ ॥ ૧૪૭ ॥

## ॥ વચનામૃત ૧૫મું : સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું ॥

**સંવત્ ૧૮૭૮ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ચાકળો નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજે** સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **"ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ એવો તે ક્યો વિચાર છે ? તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો."** પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું પણ યથાર્થ કોઈથી કહેવાયું નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "લ્યો અમે કહીએ જે, 'જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તોપણ અતિશય રાજી થવાય છે તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ એવો વિચાર જેને હાથ આવે, તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા તે શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ, **સામો તે સાધુનો અતિશય ગુણ લે અને એમ જાણે જે 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરેછે માટે મારા પરમ હેતુ છે.'** આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુમાત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ ને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ

કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશપામે નહિ. **માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.''**

**પછી શ્રીજી મહારાજે વળી પ્રશ્ન કર્યો જે, ''ધર્મ, વૈરાગ્ય, આત્મજ્ઞાન અને માહાત્મ્યે સહિત પરમેશ્વરની ભક્તિ એ ચાર વાનામાંથી કોઈ કાળે પડે નહિ એવો જે હોય તેને શે લક્ષણે કરીને ઓળખવો?''** પછી સર્વે સંતે જેને જેવું સમજાણું તેણે તેવું કહ્યું પણ તે કોઈથી યથાર્થ કહેવાયું નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેનો બાળકપણાથી જ એવો સ્વભાવ હોય જે કોઈની છાયામાં તો દબાય જ નહિ અને એ જ્યાં બેઠો હોય ત્યાં કોઈએ હાંસી-મશ્કરી થાય નહિ અને તેને કોઈએ હળવું વેણ પણ કહેવાય નહિ, એવાં જેનાં લક્ષણ હોય તે કોઈ દિવસ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને ભગવાનની ભક્તિ તેમાંથી પડે જ નહિ અને તેનો માનીના જેવો સ્વભાવ હોય તોપણ તેને કલ્યાણનો ખપ હોય માટે તે સત્સંગમાંથી કોઈ પ્રકારે જાય નહિ.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૫ ॥**

## ॥ વચનામૃત ૧૬મું : સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠાનું ॥

**સંવત્ ૧૮૭૮ના ભાદરવા સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર પાસે પાટ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''એક તો અર્જુનની પેઠે જે સ્વરૂપનિષ્ઠા અને બીજી યુધિષ્ઠિર રાજાની પેઠે જે ધર્મનિષ્ઠા એ બે નિષ્ઠા છે,** તેમાંથી જે સ્વરૂપનિષ્ઠાનું બળ રાખે તેને ધર્મનિષ્ઠા મોળી પડી જાય છે અને જે ધર્મનિષ્ઠાનું બળ રાખે તેને સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે માટે એવો શો ઉપાય છે જે જેણે કરીને એ બેમાંથી એકે નિષ્ઠા મોળી ન પડે ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પૃથ્વીનો ને ધર્મનો શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે સંવાદ છે તેમાં એમ કહ્યું છે જે, 'સત્ય શૌચાદિક જે કલ્યાણકારી એવા

ઓગણચાળીસ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે' માટે સર્વે ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે. તે સારુ ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે.

અને વળી શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધનેવિષે શૌનકાદિક ઋષિએ સૂત પુરાણીને પૂછ્યું છે જે, 'ધર્મના બખતર રૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કેને શરણે રહ્યો ?' માટે ધર્મ તે ભગવાનની મૂર્તિને જ આશરે રહે છે તે સારુ જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. **માટે જે સ્વરૂપ નિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહજે જ રહે ને** એકલી ધર્મનિષ્ઠા રાખેતો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દઢપણે રહેશે.'

**પછી મુક્તાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, "પંચવિષય જીતાય તે વૈરાગ્યે કરીને જીતાય છે કે કોઈ બીજો ઉપાય છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "વૈરાગ્ય હોય અથવા ન હોય પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જીતાય છે. અને જો શબ્દ થકી વૈરાગ્યે કરીને વૃત્તિ પાછી વાળે તો ઘણો પ્રયાસ કરે તોપણ શબ્દ સંભળાય ખરો અને કાનને બીડી લે તો સહજે શબ્દ સંભળાય નહિ. તેમજ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ તો સહજે સ્પર્શ જીતાય. તેમજ અયોગ્ય વસ્તુ હોય તેને નેત્રે કરીને જુએ નહિ તો સહજે રૂપ જીતાય. તેમજ જે જે સ્વાદું ભોજન હોય તેને મેળાવી પાણી નાખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહેજે જ રસના જીતાય તેમજ અયોગ્ય ગંધ હોય ત્યાં નાકને બીડી લે તો સહજે ગંધ જીતાય, એવી રીતે નિયમે કરીને પંચવિષય જીતાય છે અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ; **માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે.** તેમાં પણ મંદવૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઉગર્યાનો ઉપાય છે, જેમ માંદો હોય તે કરી પાળીને ઔષધ ખાય તો જ નિરોગી થાય."

**પછી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''માંદાને તો કરીનો નિયમ હોય જે આટલા દિવસ જ કરી રાખવી, તેમ કલ્યાણનાં સાધનનો પણ કોઈ નિયમ છે કે નથી ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે** ''જેને શ્રદ્ધા મંદ હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે, તે ભગવદ્ ગીતામાં કહ્યું છે જે, **'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્'** એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'અનેક જન્મે કરીને સંસિદ્ધ થયો જે યોગી તે જે તે પરમપદને પામે છે' એ મંદ શ્રદ્ધાવાળાનો પક્ષ છે અને જેને બળવાન શ્રદ્ધા હોય તે તો તત્કાળ સિદ્ધ થાય છે, તે પણ ગીતામાં કહ્યું છે :

**'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥**

**એ શ્લોકનો એમ અર્થ છે જે,** 'નિયમમાં છે ઈન્દ્રિયો જેનાં ને શ્રદ્ધાવાન એવો જે પુરુષ તે જ્ઞાનને પામે છે ને જ્ઞાનને પામીને તત્કાળ પરમપદને પામે છે.' **માટે જે અતિશય શ્રદ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે** અને જેને મંદશ્રદ્ધા હોય તેને તો અનેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે; જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે. તેમ જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયા સત્સંગી થયો હોય તોય પણ લોચોપોચો રહે છે.''

**પછી શ્રીગુરુચરણરતાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જ્યારે મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મે કલ્યાણ થાય ત્યારે ત્યાં સુધી તે ક્યાં રહેતો હશે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સુંદર દેવલોક હોય ત્યાં જઈને તે રહે છે. અને જ્યારે એ ભગવાનનું ધ્યાન કરતો ત્યારે એ ભક્ત ભગવાન સામું જોતો ત્યારે ભગવાન પણ તે ભક્ત સામું જોતા. પછી ભગવાનનું ધ્યાન કરતાં થકા જે જે

વિષયનું એણે ચિંતવન કર્યું હતું અને જે જે વિષયમાં એ ભક્તને હેત હતું, તે ભગવાન સર્વે નજરે જોઈને, અને એ દેહ મૂકે ત્યારે એને જેવા ભોગ વહાલા છે, તેવા ભોગ જે લોકમાં છે તે લોકમાં એ ભક્તને પહોંચાડે છે ને કાળને એમ આજ્ઞા કરે છે જે, 'એ ભક્તના ભોગને તું ખંડન કરીશમા.' માટે તે નિરંતર દેવલોકમાં રહ્યો થકો ભોગને ભોગવે છે પછી મૃત્યુલોકમાં આવીને અનેક જન્મે કરીને મોક્ષને પામે છે.''

**પછી અખંડાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, ''તીવ્ર શ્રદ્ધાવાન પુરુષનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્ કથા વાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસી પૂજા કરવી હોય ઈત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશય ઉતાવળો થઈને કરે અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય. અને મોટો માણસ હોય તોપણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો અને જે એવી શ્રદ્ધાવાળો હોય તે સર્વે ઈન્દ્રિયોને પણ તત્કાળ વશ કરે છે અને જેને ભગવાનના માર્ગમાં મંદ શ્રદ્ધા હોય તેની ઈન્દ્રિયો વિષય-સન્મુખ અતિ તીક્ષ્ણપણે યુક્ત હોય; તે ગમે તેટલો સંતાડવા જાય પણ સૌને જણાઈ જાય જે, 'આની ઈન્દ્રિયોના વિષય સન્મુખ તીક્ષ્ણ વેગ છે.' ઈન્દ્રિયોનું રૂપ તો વાયુના વેગ જેવું છે, જેમ વાયુ દેખાય નહિ પણ વૃક્ષને હલાવે તેણે કરીને જણાય છે જે વાયુ વાય છે, તેમ ઈન્દ્રિયોની વૃત્તિઓ દેખાતી નથી પણ વિષય સન્મુખ દોડે તે સૌને જણાય છે; અને જો કપટે કરીને ઢાંકવા જાય તો કપટી જાણીને તેનો સૌને અતિશય અવગુણ આવે છે. માટે **જેનાં ઈન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની તીક્ષ્ણતા હોય તે કોઈ પ્રકારે છાની રહે નહિ.**''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''વિષય સન્મુખ ઈન્દ્રિયોની જે**

**તીક્ષણતા તેને ટાળ્યાનો શો ઉપાય છે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ઈન્દ્રિયોની તીક્ષણતાને ટાળ્યાનો એ જ ઉપાય છે જે પરમેશ્વરે ત્યાગીના ને ગૃહસ્થના જે નિયમ બાંધ્યા છે તેમાં સર્વે ઈન્દ્રિયોને મરડીને રાખે તો સહેજે જ ઈન્દ્રિયોની તીક્ષણતા મટી જાય અને શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચે ઈન્દ્રિયોને જ્યારે કુમાર્ગમાં ન જવા દે ત્યારે ઈન્દ્રિયોના આહાર શુદ્ધ થાય છે, તે કેડે અંતઃકરણ પણ શુદ્ધ થાય છે માટે વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તોપણ જો ઈન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના નિયમમાં રાખે તો **જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જીતાય છે તે થકી પણ તે નિયમવાળાને વિશેષે વિષય જીતાય છે.** માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને જ અતિ દૃઢ કરીને રાખવા.''

**પછી વળી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જેને મંદ શ્રદ્ધા હોય તેને શ્રદ્ધા વૃદ્ધિ કેમ પામે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિને પામે. જેમ પાણી પીવાનું વાસણ મૃત્તિકાનું હોય તેમાં સહેજે જ પ્રીતિ થાય નહિ અને તે પાત્ર જો સુવર્ણનું હોય તો તેમાં સહેજે જ પ્રીતિ થાય, તેમ ભગવાનનું તથા ભગવાનની કથા કીર્તનાદિકનું માહાત્મ્ય જણાય તો સહજ સ્વભાવે જ ભગવાનમાં તથા કથા કીર્તનાદિકમાં શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. માટે જે પ્રકારે ભગવાનનું માહાત્મ્ય સમજાય તે ઉપાય કરવો ને જો એ ઉપાય કરે તો શ્રદ્ધા ન હોય તો પણ શ્રદ્ધા થાય છે અને જો મંદ શ્રદ્ધા હોય તો તે વૃદ્ધિને પામે છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૬ ॥ ૧૪૯ ॥

## વચનામૃત ૧૭મું : ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નહિ તેનું, સ્થિતપ્રજ્ઞનું

**સંવત્ ૧૮૭૮ના આસો વદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરને સમીપે ઓરડાની ઓસરીએ સિંહાસન ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાની આગળ બે મશાલ બળતી**

હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને કીર્તન ગવાતાં હતાં.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "કીર્તન ગાવવાં રહેવા દ્યો, પ્રશ્નઉત્તર કરીએ." પછી **સર્વે મુનિ બોલ્યા જે,** "ઘણું સારું મહારાજ." **પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનું સ્વરૂપ છે તેને કોઈક ભક્ત તો માયાનાં ચોવીશ તત્ત્વે સહિત સમજે છે અને કોઈક ભક્ત તો માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય ભગવાનનું સ્વરૂપ સમજે છે, એ બે પ્રકારના ભક્ત છે તેમાં કેની સમજણ ઠીક છે ને કેની સમજણ ઠીક નથી?"** **પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** "જે ભગવાનને વિષે માયિક ચોવીશ તત્ત્વ સમજે એની સમજણ ઠીક નથી અને ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વે કરીને રહિત કેવળ ચૈતન્યમય સમજે તેની સમજણ ઠીક છે."

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "સાંખ્યવાળે ચોવીશ તત્ત્વ કહ્યાં છે તે સાંખ્યને મતે ત્રેવીશ તત્ત્વ ને ચોવીશમો ક્ષેત્રજ્ઞ જે જીવ ઈશ્વરરૂપ ચૈતન્ય છે. તે એ રીતે ચોવીશ તત્ત્વ કહ્યા છે કેમ જે, ક્ષેત્ર ક્ષેત્રજ્ઞને તો અન્યોન્ય આશ્રયપણું છે, તે ક્ષેત્રજ્ઞ વિના ક્ષેત્ર કહેવાય નહિ ને ક્ષેત્ર વિના ક્ષેત્રજ્ઞ કહેવાય નહિ, તે માટે તત્ત્વ ભેળા જ જીવ ઈશ્વરને કહ્યા છે અને ભગવાન છે તે તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેયના આશ્રય છે; માટે ભગવાન થકી માયિક તત્ત્વ જુદાં કેમ કહેવાય ? અને જેમ આકાશ છે તેને વિષે ચાર તત્ત્વ રહ્યાં છે તોપણ આકાશને કોઈનો દોષ અડતો નથી **તેમ પરમેશ્વરના સ્વરૂપને પણ માયિક તત્ત્વનો એકેય દોષ અડતો નથી** એવું જે ભગવાનનું સ્વરૂપ છે, તેમાં ચોવીશ તત્ત્વ કહીએ તેમાં શો બાધ છે ? ને તત્ત્વે રહિત કહેવું તેમાં શું નિર્બાધપણું આવી ગયું ? અમને તો એમ જણાય છે.'

**પછી દીનાનાથ ભટ્ટે પૂછ્યું જે, "જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેને ભગવાનનું સ્વરૂપ તત્ત્વે સહિત સમજવું કે તત્ત્વે રહિત સમજવું ?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે

તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત ભગવાનના સ્વરૂપને સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. **ભક્ત હોય તે તો એમ જાણે જે,** ''ભગવાન તે ભગવાન, એને વિષે ભાગત્યાગ કર્યાનો માગ નથી; એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.' અને **જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો અને જેને એવી એકમતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો.** અને જે પુરુષને ભગવાનને વિષે એવી દૃઢ મતિ છે તેને ભગવાન સર્વ પાપ થકી મુકાવે છે. તે ભગવાને ભગવદ્ ગીતામાં અર્જુન પ્રત્યે કહ્યું છે જે :

**'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'**

અને આ સંસારમાં પણ એવી રીત છે જે, જે થકી પોતાનો મોટો સ્વાર્થ સરતો હોય તેનો બુદ્ધિવાન હોય તે દોષ ગ્રહણ કરે નહિ. જેમ સ્ત્રી હોય તે પોતાના સ્વાર્થ સારુ પતિનો દોષ ગ્રહણ કરતી નથી તથા બીજા પણ ગૃહસ્થો હોય તે પોતાના ભાઈ, ભત્રીજા, દીકરા ઈત્યાદિક જે સંબંધી તેને વિષે જો પોતાનો અતિશય સ્વાર્થ હોય તો દોષનું ગ્રહણ નથી કરતા; **તેમ ભગવાન થકી જેણે મોટો સ્વાર્થ જાણ્યો હોય જે, 'ભગવાન તો પાપ થકી ને અજ્ઞાન થકી મુકાવીને પોતાના ભક્તને અભયપદ આપે છે.' એવો મોટો સ્વાર્થ જાણ્યો હોય તો કોઈ રીતે ભગવાનનો અવગુણ આવે જ નહિ.** જેમ શુકજીએ રાસપંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો જે, 'ભગવાને પરસ્ત્રીનો સંગ કેમ કર્યો?' પણ શુકજીને લેશમાત્ર સંશય થયો નહિ અને જે ગોપીઓ સંગે ભગવાને વિહાર કર્યો તે ગોપીઓને પણ સંશય ન થયો જે, 'ભગવાન હોય તો આમ કેમ કરે ?' એવો કોઈ રીતે સંશય થયો નહિ. અને જ્યારે ભગવાન કુબ્જાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને ભેળા તેડી ગયા હતા તોપણ ઉદ્ધવજીને કોઈ રીતે સંશય થયો નહિ અને જ્યારે ઉદ્ધવજીને વ્રજમાં

મોકલ્યા ત્યારે ગોપીઓની વાણી સાંભળીને પણ કોઈ રીતે સંશય ન થયો અને સામું ગોપીઓનું માહાત્મ્ય અતિશય સમજ્યા, માટે જેને ભગવાનનો અચળ આશ્રય થયો હોય ને તે અતિશય શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો જ હોય પણ મતિ ભ્રમે નહિ.

અને **ભગવાનના જે દૃઢ ભક્ત હોય તેનું જે માહાત્મ્ય તે પણ ભગવાનનો ભક્ત હોય તે જ જાણે;** પછી શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો હોય પણ જેની ભગવાનને વિષે દૃઢ મતિ હોય તે જ ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણે અને દૃઢ મતિવાળા ભક્ત હોય તેને ઓળખે પણ ખરા. અને તે વિના જે જગતના વિમુખ જીવ હોય તેતો પંડિત હોય અથવા મૂર્ખ હોય પણ ભગવાનને વિષે દૃઢ મતિ પણ કરી શકે નહિ. અને જે દૃઢ મતિવાળા ભક્ત હોય તેને પણ ઓળખે નહિ અને હરિજનનું માહાત્મ્ય પણ જાણે નહિ. માટે ભગવાનનો ભક્ત હોય તે જ ભગવાનના ભક્તને ઓળખે અને માહાત્મ્ય પણ તે જ જાણે; જેમ ઉદ્ધવજીએ ગોપીઓનું અતિશય માહાત્મ્ય જાણ્યું, તેમ ગોપીઓએ પણ ઉદ્ધવજીનું માહાત્મ્ય જાણ્યું.

અને પુરુષોત્તમ ભગવાન છે તે સર્વ ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છે તોપણ નિર્વિકાર છે અને માયા આદિક જે વિકારવાન પદાર્થ તેનો વિકાર પુરુષોત્તમ ભગવાનને અડતો નથી. અને જે આત્મનિષ્ઠ પુરુષ છે તેને પણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના વિકાર નથી અડતા, તો પુરુષોત્તમ ભગવાનને ન અડે એમાં શું કહેવું? ભગવાન તો નિર્વિકારી ને નિર્લેપ જ છે, એવી રીતે જે ભગવાનના સ્વરૂપને સમજે તે ભગવાનનો ભક્ત સ્થિતપ્રજ્ઞ જાણવો **જેમ પોતાના આત્માને વિષે જેને સ્થિતિ હોય તે પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપને વિષે કોઈ જાતનો ઘાટ ન હોય** અને જેમ ભગવાનનું સમર્થપણું હોય ને તેનું ગાન કરે તેમજ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમજ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય

અયોગ્ય એવો ઘાટ ઘડે નહિ એવો જે ભગવાનનો ભક્ત હોય **તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો.** અને જેને એવી પુરુષોત્તમના સ્વરૂપને વિષે દૃઢ નિષ્ઠા થઈ તેને એથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું રહ્યું નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૭ ॥ ૧૫૦ ॥

## ॥ વચનામૃત ૧૮મું : નાસ્તિક અને શુષ્કવેદાંતીનું ॥

સંવત્ ૧૮૭૮ના માગશર વદિ ૬ છઠ્ઠને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢીને તે ઉપર બુટ્ટાદાર રજાઈ ઓઢી હતી અને મસ્તક ઉપર ધોળો ફેંટો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ પ્રાગજી દવે કથા કરતા હતા.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, **''અમે તો સર્વ પ્રકારે વિચારીને જોયું જે આ સંસારમાં જેટલા કુસંગ કહેવાય છે તે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે ?** તો 'જેને પરમેશ્વરની ભક્તિ નહિ અને ભગવાન સર્વના સ્વામી છે, ભક્તવત્સલ છે, પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે એવો પણ ભગવાનની કોરનો જેના હૈયામાં વિશ્વાસ નહિ' તે એવા તો આ સંસારમાં બે મત છે: **એક તો નાસ્તિકનો ને બીજો શુષ્કવેદાંતીનો, એ બે અતિ કુસંગ છે.** અને પંચ મહાપાપે યુક્ત હોય ને તેને જો ભગવાનનો વિશ્વાસ હોય તો તેનો કોઈ કાળે છૂટકો થાય તથા બાળહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા ઈત્યાદિક જે મોટાં પાપ તેનાં કરનારાનો પણ કોઈ કાળે છૂટકો થાય ખરો પણ એ બે મતની જેને પ્રતીતિ આવી તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ; શા માટે જે, એની સમજણ વેદ, શાસ્ત્ર અને પુરાણ તે થકી ઊંધી છે. તેમાં નાસ્તિક તો એમ સમજે છે જે 'રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ ભગવાન એ તો રાજા હતા અને શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તથા પરસ્ત્રીના સંગ કીધા માટે ત્રીજા નરકમાં પડ્યા છે.' એવી રીતે અધમઉદ્ધારણ અને

Index



પતિતપાવન એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પરમેશ્વરની બુદ્ધિ જ નથી. અને કર્મે કરીને પોતાનું કલ્યાણ માન્યું છે. તે જ્યારે કર્મ કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રકટે ત્યારે તે ભગવાન થાય. એવી રીતે અનંત ભગવાન માન્યા છે પણ અનાદિ પરમેશ્વર નાસ્તિકને મતે કોઈ નથી, જેને ભજને કરીને જીવ ભવનાં બંધન થકી છૂટે; માટે એ મત છે તે વેદથી વિરુદ્ધ છે.

**અને શુષ્કવેદાંતી છે તે તો એમ સમજે છે જે,** 'બ્રહ્મ છે તે જ જીવરૂપ થયા છે અને જેમ સૂર્યનું પ્રતિબિંબ છે તેમ બ્રહ્મ તે જીવરૂપ છે.' માટે જ્યારે એમ સમજાય જે, 'હું બ્રહ્મ છું' ત્યારે એને કાંઈ સાધન કરવું રહ્યું નહિ. અને જ્યારે પોતે પરમેશ્વર થયા ત્યારે હવે ભજન પણ કોઈનું કરવું રહ્યું નહિ એમ માનીને પછી પાપ કરતાં પણ બીવે નહિ, અને મનમાં એમ સમજે જે, 'આપણે નિર્ગુણ માર્ગને પામ્યા છીએ માટે આપણે ફરીને જન્મ નહિ ધરવો પડે.' પણ એ શુષ્કવેદાંતી એટલો તપાસ કરતા નથી જે માયા પર જે નિર્ગુણ બ્રહ્મ તેને પણ એની સમજણે કરીને જન્મમરણ ઠેરાણું. કેમ જે, એ એમ કહે છે જે, 'બ્રહ્મ છે તે જ સ્થાવર જંગમરૂપ થયા છે.' ત્યારે જે જીવ હોય તેને માથે તો જન્મમરણ હોય તે જન્મ મરણ બ્રહ્મને માથે આવ્યું અને એતો એમ જાણે છે જે, 'અમે જન્મમરણથી છૂટીશું'. પણ એમ વિચારતા નથી જે આપણે મતે કરીને બ્રહ્મને માથે જન્મમરણ સાચું થયું, ત્યારે આપણ પણ ઘણું સમજીશું તો પોતાને બ્રહ્મસ્વરૂપ માનીશું તો પણ જન્મમરણ નહિ ટળે. **માટે એને જ મતે કરીને એણે જે મોક્ષ માન્યો છે તે ખોટો થઈ જાય છે તોપણ કોઈ તપાસીને જોતા નથી** અને જીભે તો એમ બકે છે જે, 'આપણે તો બ્રહ્મસ્વરૂપ છીએ તે કેનું ભજન કરીએ ? અને કેને નમસ્કાર કરીએ?' એમ માનીને અતિશય અહંકારી થઈ જાય છે અને સમજ્યામાં તો કાંઈ આવ્યું નહિ તોપણ જ્ઞાનીનું માન લઈને બેઠા છે પણ એમ વિચારતા નથી જે, 'પોતાને મતે કરીને જ પોતાનો મોક્ષ ખોટો થઈ ગયો.' અને જે એનો સંગ કરે તેને પણ એવા ને એવા મૂર્ખ કરી મૂકે છે. અને સાચા જ્ઞાની જે નારદ, સનકાદિક, શુકજી તે તો

નિરંતર ભગવાનનું ધ્યાન, નામરટન અને કીર્તન તેને કરે છે અને શ્વેતદ્વીપને વિષે જે નિરન્નમુક્ત છે તે તો બ્રહ્મસ્વરૂપ છે અને કાળના પણ કાળ છે તે પણ પરમેશ્વરનું ધ્યાન, નામરટન, કીર્તન, પૂજન, અર્ચન, વંદન તેને કરતા રહે છે અને પોતે અક્ષરસ્વરૂપ છે તો પણ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે અને બદરિકાશ્રમને વિષે જે ઉદ્ધવ ને તનુઋષિ આદિક મુનિ રહ્યા છે તે પણ તપ કરે છે ને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે અને એ શુષ્કવેદાંતી તો કેવળ દેહાભિમાની જીવ છે તો પણ ભગવાનનું ધ્યાન, સ્મરણ કે વંદન કરતા નથી. અને નારદ-સનકાદિક ને શુકજી તેમની જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે તથા શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત તેને વિષે જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે, તથા બદરિકાશ્રમવાસી જે ઋષિ તેમાં જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે, તેના કોટિમા ભાગની પણ એ શુષ્ક વેદાંતીને વિષે સામર્થી પણ નથી ને જ્ઞાન પણ નથી, તોપણ પરમેશ્વરના સમોવડિયા થઈને બેઠા છે; માટે એ પાકા અજ્ઞાની છે અને જેટલા અજ્ઞાની કહેવાય તેના રાજા છે અને એ તો કોટિ કોટિ કલ્પ સુધી નરકના કુંડમાં પડશે ને યમનો માર ખાશે તોપણ એનો છૂટકો નહિ થાય. અને એવાનો જે સંગ તેનું જ નામ કુસંગ છે. અને **જેમ સત્પુરુષનો જે સંગ તેથી કોઈ મોટું પુણ્ય નથી તેમ અજ્ઞાની એવા જે શુષ્કવેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી.** માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને નાસ્તિક તથા શુષ્કવેદાંતીનો સંગ કરવો જ નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૮ ॥ ૧૫૧ ॥

## વચનામૃત ૧૯મું : શુષ્કવેદાંતના ગ્રંથનું શ્રવણ કરી કાગળ લખ્યાનું

**સંવત્ ૧૮૭૮ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસને ઉતારે દિવસ ઊગ્યા સમે પધાર્યા હતા. પછી ત્યાં આવીને ગાદીતકિયા ઉપર ઉદાસ થઈને બેઠા. તે કોઈને બોલાવે પણ નહિ અને કોઈ સામું જુએ પણ નહિ અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથિલ થઈ ગયો તેને પણ સંભાળે**

**નહિ. એવી રીતે એક ઘડી સુધી અતિશય ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવા લાગ્યાં.**

**પછી શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** ‘‘અમે શુષ્કજ્ઞાનીનો મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું, તે શ્રવણમાત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કેમ જે, એ શુષ્કવેદાંત શાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાયછે એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે અને તે શુષ્ક વેદાંતીનાં વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે. અને અમે તો કાંઈક પ્રયોજન સારુ શુષ્ક વેદાંતની વાત સાંભળી હશે તેણે કરીને પણ હવે અમારે શોક ઘણો થાય છે.’’ એમ કહીને શ્રીજી મહારાજ સૂધા ઉદાસ થઈ ગયા.

પછી ઘણીવાર સુધી દિલગીર થઈને પછી પોતાને હાથે નેત્રમાંથી જળ લોઈને એમ બોલ્યા જે, ‘‘ભગવદ્ ગીતા ઉપર જે રામાનુજભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રીએ સૂતા હતા. **પછી અમને સ્વપ્ન થયું જે,** અમે ગોલોકમાં ગયા, ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા. તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે. તે તો સ્થિર સરખા જણાયા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે, તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય ને ડોલે. **પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા. તે ગાવતાં ગાવતાં એવો વિચાર થયો જે** ‘‘આવી જે પરમેશ્વરની પ્રેમભક્તિ અને આવી જે પરમેશ્વરની ઉપાસના તેનો ત્યાગ કરીને જે મિથ્યાજ્ઞાની થાય છે અને એમ જાણે છે જે, ‘અમે જ ભગવાન છીએ’ તે મહાદુષ્ટ છે.’’

**એમ કહીને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે

શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈરીતે બુદ્ધિ ડગેનહિ એવો લાવો એક કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલીએ.''

'**લિખાવિંત સ્વામી શ્રીસહજાનંદજી મહારાજના સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી બાઈ-ભાઈ, નારાયણ વાંચજ્યો.** બીજું અમારી આજ્ઞા એમ છે જે, શ્રીકૃષ્ણનારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય, અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવમનુષ્યાદિકને વિષે થાય છે. તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી. જેમ સીતાજીને શ્રીરામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી. અને એવા જે ભગવાન તેની હેતે કરીને માનસીપૂજા કરવી તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી.

અને જો એ શ્રીકૃષ્ણનારાયણના અવતાર પૃથ્વીને વિષે પ્રકટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુલસી આદિક સામગ્રી વતે કરવી પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતા ને રૂક્મિણીના જેવી ભક્તિ કરવી અને તે ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું.

બીજું જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું અને સર્વેને પોતપોતાના વર્ણાશ્રમધર્મને વિષે દૃઢપણે વર્તવું, **બીજું આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દૃઢપણે પાળશે તેને** શ્રીકૃષ્ણ-નારાયણને વિષે નારદના જેવી દૃઢ ભક્તિ થશે અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે અને આ અમારાં વચનને જે નહિ માને તેની

Index



ભક્તિ વેશ્યાના જેવી થશે. સંવત્ ૧૮૭૮ના માગશર વદિ ૧૪ ચૌદશ ને દિવસ લખ્યો છે.' એવી રીતે કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલાવ્યો. ॥ઈતિ વચનામૃતમ્॥૧૯॥૧૫૨॥

## વચનામૃત ૨૦મું : જ્ઞાનશક્તિ ને ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે તેનું

**સંવત્ ૧૮૭૮ના પોષ વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢીને તે ઉપર છીંટની રજાઈ ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પરમહંસ તાલ મૃદંગ વજાડીને કીર્તન બોલતા હતા.**

**પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** 'આજ તો અમારા ઉતારામાં અમારી પાસે રહેનારા જે સોમલો ખાચર આદિક હરિભક્ત તેમને અમે એક પ્રશ્ન પૂછ્યો છે તેનો સર્વે પરમહંસ મળીને ઉત્તર કરો.' પછી પરમહંસે કહ્યું જે, **'હે મહારાજ! એ પ્રશ્ન અમને સંભળાવો.''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સમાધિનિષ્ઠ પુરુષ થાય છે તેને તો માયા થકી પર સ્થિતિ થાય છે અને ભગવાનના સ્વરૂપનો પણ દૃઢ સંબંધ રહે છે; માટે એ સમાધિનિષ્ઠને તો જ્ઞાનશક્તિ તથા દેહ-ઈન્દ્રિયોની શક્તિ તે વૃદ્ધિ પામી જોઈએ; શા માટે જે, માયા થકી જે ચોવીશ તત્ત્વ થયાં છે તે જડ-ચૈતન્યરૂપ છે પણ એકલાં જડ ન કહેવાય તેમ એકલાં ચૈતન્ય પણ ન કહેવાય અને તે તત્ત્વમાં શકિત પણ સરખી ન કહેવાય. ઈન્દ્રિયો થકી અંતઃકરણમાં જાણપણું વિશેષ છે અને અંતઃકરણ થકી ઈન્દ્રિયો અંતઃકરણનો દૃષ્ટા જે જીવ તેમાં જ્ઞાન વિશેષ છે. તે જીવને જ્યારે સમાધિ થાય છે ત્યારે ઈન્દ્રિયો અંતઃકરણના દૃષ્ટાપણાનો ત્યાગ કરીને માયા પર જે બ્રહ્મ તે સરખો એ જીવ ચૈતન્ય થાય છે અને ભગવાનના સ્વરૂપનો સંબંધ રહે છે. તે સમાધિવાળાને કેટલાક એમ સમજેછે જે, 'જેને સમાધિ થાય છે તેને તો મોરે સમજણ હતી તેટલી

પણ રહેતી નથી.' માટે એ સમાધિવાળાને જ્ઞાન તથા દેહ-ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે છે કે નથી પામતી?'' એ પ્રશ્ન છે. પછી પરમહંસે જેવી જેની બુદ્ધિ પૂગી તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજી મહારાજના એ પ્રશ્નનો ઉત્તર થયો નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો અમે ઉત્તર કરીએ. એ પ્રશ્નનો તો એમ ઉત્તર છે જે, સાક્ષી જે બ્રહ્મ તે તો માયામાંથી ઉત્પન્ન થયું એવું જે ચોવીશ તત્ત્વાત્મક બ્રહ્માંડ તેને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્યમય કરે છે અને તેને સર્વ ક્રિયા કરવાની સામર્થી આપે છે. અને તે બ્રહ્મનો એવો સ્વભાવ છે જે કાષ્ઠ તથા પાષાણ જેવું જડ હોય તેને વિષે પ્રવેશ કરે ત્યારે તે ચાલેહાલે એવું થઈ જાય છે. તે બ્રહ્મ સંઘાથે સમાધિએ કરીને તુલ્યભાવને પામે ત્યારે એ જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે અને તેને જ્ઞાનની વૃદ્ધિ થાય છે ને ઈન્દ્રિયોની શક્તિ તો જ્યારે તપ ને નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત યોગાભ્યાસ હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. અને જેને તપ તથા નિવૃત્તિધર્મ તથા વૈરાગ્ય તેનું સામાન્યપણું હોય અને ધર્મ, અર્થ ને કામરૂપ જે પ્રવૃત્તિમાર્ગ તેને વિષે રહ્યો હોય તેને તો સમાધિ થાય તોય પણ એકલું જ્ઞાન જ વૃદ્ધિ પામે પણ ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામીને સિદ્ધદશા ન આવે. અને જેમ જનકરાજા જ્ઞાની હતા તેવો જ્ઞાની થાય પણ પ્રવૃત્તિમાર્ગવાળાને નારદ, સનકાદિક, શુકજીના જેવી સિદ્ધદશા ન પમાય. અને જે સિદ્ધ હોય તે તો શ્વેતદ્વીપ આદિક જે ભગવાનનાં ધામ તેને વિષે એ ને એજ શરીરે કરીને જાય અને લોક-અલોક સર્વ ઠેકાણે એની ગતિ હોય અને પ્રવૃત્તિમાર્ગવાળાને તો જનકની પેઠે કેવળ જ્ઞાનની જ વૃદ્ધિ થાય છે પણ જ્ઞાન ઘટતું નથી. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું તેમ તો થાય છે, ત્યાં શ્લોક છે :

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥**

એ શ્લોકનો એ અર્થ છે જે, ''જેને વિષે ભૂત-પ્રાણીમાત્ર સૂતાં છે તેને વિષે સંયમી પુરુષ જાગ્યા છે અને જેને વિષે ભૂત-પ્રાણીમાત્ર જાગ્યાં છે તેની

કોરે સંયમી પુરુષ સૂતા છે.'' માટે જે પુરુષની અંતરાત્મા સન્મુખ દૃષ્ટિ વર્તતી હોય તેને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણની કોરે શૂન્યભાવ વર્તે છે; તેને દેખીને અણસમજુ હોય તે એમ જાણે જે 'સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે.' પછી રજોગુણ, તમોગુણમાં તથા મલિન સત્ત્વગુણમાં રહીને આ પ્રશ્નનો ઉત્તર કરવા જાય તેને એમ જ સૂઝે જે, 'સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે,' પણ એમ નથી જાણતો જે, 'હું દેહાભિમાની છું તે મૂર્ખાઈમાંથી કહું છું.' માટે સમાધિવાળો તો દેહ, ઈન્દ્રિય, અંતઃકરણથી જુદો પડીને વર્તે છે તોપણ જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને પાછો ઈન્દ્રિયો અંતઃકરણમાં આવીને વર્તે તોપણ પોતાને સમાધિને વિષે જે જ્ઞાન થયું છે તેનો નાશ થાય નહિ. અને તપ, નિવૃત્તિધર્મ અને વૈરાગ્ય તેને ગ્રહણ કરીને પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરે તો જેમ જ્ઞાન વૃદ્ધિ પામ્યું છે તેમ ઈન્દ્રિયો અંતઃકરણની શક્તિઓ પણ વૃદ્ધિ પામે અને નારદ, સનકાદિક, શુકજીના જેવી સિદ્ધગતિને પણ પામે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૦ ॥ ૧૫૩ ॥

## વચનામૃત ૨૧મું : કલ્યાણના મુદ્દાનું

**સંવત્ ૧૮૭૮ના ફાગણ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્રીજી મહારાજના મુખાર-વિંદની આગળ પ્રેમાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ વિષ્ણુપદ બોલતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''કીર્તન રહેવા દ્યો ને સર્વે સુરત દઈને સાંભળો એક વાર્તા કરીએ છીએ જે,** જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સુરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે

અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વર્તે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે. અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણેછે તેવુંજ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિ, **તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.**

અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તોપણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનેજ કલ્યાણનાદાતા બતાવે અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો ને કોઈકાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તોપણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહિ, માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.''

**અને તે જ દિવસ સાંજને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચડીને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને ત્યાં આંબાના વૃક્ષ હેઠે ઓટા ઉપર ઢોલિયે વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત પાઘ માથે બાંધી હતી અને તે પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો વિરાજમાન હતો અને કાન ઉપર મોગરાનાં પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન**

હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સાંભળો, તમને એક પ્રશ્ન પૂછીએ જે, 'જીવને સ્વપ્ન અવસ્થાને વિષે જે જે સ્વપ્નમાં સૃષ્ટિ દેખાય છે અને તે સ્વપ્નની સૃષ્ટિના જે ભોગ તેને જીવ ભોગવે છે તે એ સૃષ્ટિરૂપે તે જીવ પોતે થાય છે ? કે એ જીવ પોતાના સંકલ્પે કરીને સ્વપ્નને વિષે એ સૃષ્ટિને સ્રજે છે ? અને જેમ જીવને છે તેમજ સર્વ બ્રહ્માદિક ઈશ્વર છે તેને પણ સ્વપ્ન-સૃષ્ટિ છે, તે પોતે એ સૃષ્ટિરૂપે થાય છે કે પોતે સંકલ્પે કરીને સ્રજે છે ? કે એ જીવ ઈશ્વર થકી પર જે પરમેશ્વર તે જ સ્વપ્નની સૃષ્ટિને સ્રજી આપે છે ? એ પ્રશ્નનો ઉત્તર કરો."** પછી જેવી જેની બુદ્ધિ તેવું તેણે કહ્યું પણ કોઈથી યથાર્થ ઉત્તર થયો નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જીવ તથા ઈશ્વર એમાંથી કોઈ સ્વપ્નસૃષ્ટિને સ્રજતા નથી અને પોતે પણ સ્વપ્નસૃષ્ટિરૂપે થતા નથી. એ તો એ જીવ ઈશ્વર થકી પર જે પરમેશ્વર કર્મફળપ્રદાતા છે તે એ જીવ ઈશ્વરના કર્મને અનુસારે કરીને એ સ્વપ્નસૃષ્ટિને સ્રજે છે. એ સ્વપ્નસૃષ્ટિને વિષે જે અસ્થિરપણું છે ને ભ્રાંતપણું છે તે તો દેશને યોગે કરીને પ્રવર્તે છે; કેમ જે કંઠ દેશ છે તે એવો જ છે જે એ સ્થળમાં અનંત ભાતની એવી સૃષ્ટિ દેખાઈ આવે, જેમ કાચનું મંદિર હોય તેમાં એક દિશે દીવો કર્યો હોય તો અનેક દીવા દેખાઈ આવે, તેમ કંઠ દેશને યોગે કરીને એક સંકલ્પ હોય તે અનંત રીતે દેખાય છે. **અને જે જ્ઞાની હોય તે તો** જ્યાં દેશનું પ્રધાનપણું હોય ત્યાં દેશનું જ સમજે અને કાળનું પ્રધાનપણું હોય ત્યાં કાળનું જ સમજે અને કર્મનું પ્રધાનપણું હોય ત્યાં કર્મનું જ સમજે અને પરમેશ્વરનું પ્રધાનપણું હોય ત્યાં પરમેશ્વરનું જ સમજે. **અને મૂર્ખ હોય તે તો જે** કોઈક એક વાત સમજાઈ ગઈ તેને જ મુખ્ય જાણે. જો કાળની વાત સમજાણી હોય તો કાળને મુખ્ય જાણે અને કર્મની વાત સમજાણી હોય તો કર્મને મુખ્ય જાણે અને માયાની વાત સમજાણી હોય તો માયાને મુખ્ય જાણે, પણ જ્યાં જેનું પ્રધાનપણું તેને ત્યાં

જુદુંજુદું મૂર્ખને સમજતાં ન આવડે. અને જ્ઞાની હોય તે તો જે ઠેકાણે જેનું પ્રધાનપણું હોય તે ઠેકાણે તેનું જ પ્રધાનપણું લે. અને પરમેશ્વર છે તે તો દેશ, કાળ, કર્મ, માયા એ સર્વના પ્રેરક છે અને પોતાની ઈચ્છાએ કરીને દેશકાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે પણ સર્વે પરમેશ્વરને આધારે છે. જેમ શિશુમારચક્ર છે તે ધ્રુવમંડળને આધારે છે અને જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે, તેમાં દીવાન હોય તથા વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે પણ ન ચાલવે દે ત્યારે એક અણુમાત્ર પણ ન ચાલે, તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતાં બહાર અણુમાત્ર પણ ન ચાલે માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે.'' એટલી વાર્તા કરીને શ્રીજી મહારાજ પાછા દરબારમાં પધારતા હવા. ॥ઈતિ વચનામૃતમ્॥૨૧॥૧૫૪॥

## વચનામૃત ૨૨મું : બે સેનાના નિશાનનું, નરનારાયણ પધરાવ્યાનું

**સંવત્ ૧૮૭૮ના ફાગણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ અર્ધ રાત્રિને સમે જાગ્યા ને શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને તે સમે સર્વે સાધુ તથા હરિભક્તને તેડાવ્યા પછી પોતાના મુખારવિંદની આગળ તે સર્વેની સભા ભરાઈને બેઠી.**

ત્યારે શ્રીજી મહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે, **''એક વાર્તા કરીએ તે સાંભળો જે,** જેમ બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય, પછી બેયનાં મનમાં એમ હોય જે, 'આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ ને એનું નિશાન લઈ લઈએ' પણ એવો વિચાર નથી થતો જે, 'એના નિશાન લગી જઈશું તેમાં તો કેટલાકનાં માથાં પડશે ને લોહીની નદી ચાલશે' તેનો તો એને ભય નથી; કાં જે, શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહિ અને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે અને એમ પણ વિચાર કરે છે જે, 'આપણી ફોજ જીતશે તો કોઈકનું ધન હથિયાર હશે તે લૂંટી લઈશું.' અને તે બેય

રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી, પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. **એ તો દૃષ્ટાંત છે એનું સિદ્ધાંત તો એ છે જે,** નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી. **એ ભક્તજનના હૈયામાં તો એજ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંઈ લોભાવું નથી.'** અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે, તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે જે, 'જો કરડાં વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.' અને વળી એવો પણ વિચાર કરે જે, 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું.' એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો. અને શૂરવીર જે ભગવાનના દૃઢ ભક્ત હોય તેને તો પિંડ બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.''

પછી **શ્રીજી મહારાજે પોતાના વૃત્તાંતની વાર્તા કરવા માંડી જે, ''અમે અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે** હજારો માણસનો મેળો ભરાયો હતો. પછી જ્યારે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, 'જેટલા માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી.' પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુઃખ થયું તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી **ધોળકે** જઈને રાત

રહ્યા અને ધોળકાના ચાલ્યા એ ને એ વિચારમાં ગામ કોઠ્યને પાસે **ગણેશધોળકા**ની રાણ્યોમાં જઈને રાત રહ્યા. તે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી; પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી ને જેવા અમે કાંકરીએ તળાવ ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વ ઘાટ ટાળી નાખ્યા. અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દૃષ્ટિ રહેવા માંડી. પછી અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યાં અને દેવતા સંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યા ને અનંત પ્રકારનાં વિમાન ને અનંત પ્રકારની અપ્સરા ને અનંત પ્રકારનાં વસ્ત્ર, અનંત પ્રકારનાં અલંકાર તે જેમ અહીં મૃત્યુલોકને વિષે છે તેમજ ત્યાં દેખાવા લાગ્યાં પણ અમારા અંતરમાં તો એક ભગવાન વિના બીજું કાંઈ ગમ્યું નહિ ને જેમ અહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાયું નહિ તેમજ **દેવલોક, બ્રહ્મલોક** પર્યંત અમારું મન કયાંય લોભાયું નહિ. તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડ્યા જે, 'તમે ભગવાનના એકાંતિક ભક્ત ખરા, કેમ જે, તમારું મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી.' પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિષે સૂધી હિંમત આવી.

**પછી અમે મનને કહ્યું કે** તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભૂકા કરી નાખીશ. **તેમજ બુદ્ધિને કહ્યું જે,** ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે, તેમજ **ચિત્તને કહ્યું જે,** ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાખીશ. તેમજ **અહંકારને કહ્યું જે** ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ. પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી તેમ જ દેવલોક-બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો, એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું.'' **એમ શ્રીજી મહારાજે પોતાનું વૃત્તાંત ભક્તજનના કલ્યાણને અર્થે**

**કહ્યું ને પોતે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**વાસુદેવમાહાત્મ્યને** વિષે એકાંતિક ભક્તના ધર્મ કહ્યા છે જે, 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.' અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે; માટે તુચ્છ એવાં જે સંસારનાં સુખ તે સાધુને ઈચ્છવાં નહિ, કાં જે એ સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે ત્યારે અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ સામગ્રીઓ લાવે છે તેમ સાધુને અર્થે પણ લાવે છે ને ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે. એવો મોટો વિચાર હૈયામાં રાખીને એક ભગવાન વિના બીજું કાંઈ પણ મનમાં ઈચ્છવું નહિ. અને જેમ હાથમાં ચિંતામણિ આવી ત્યારે તે ચિંતામણિને જતન કરીને રાખવી કેમ જે, જો હાથમાં ચિંતામણિ છે તો જે પદાર્થને ઈચ્છશે તે પદાર્થને આપશે. તેમ ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિને ઝાલી રાખવી પણ તેને મૂકવી જ નહિ, તો એને સર્વે વાતની સિદ્ધિ થશે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૨ ॥

## ॥ વચનામૃત ૨૩મું : લૂક તથા હિમનું, પરમ ભાગવત સંતનું ॥

**સંવત્ ૧૮૭૮ના જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની**

આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **શ્રીજી મહારાજ એમ બોલ્યા જે,** ''આજ તો અમે મનનું રૂપ વિચારી જોયું તે મન જીવ થકી જુદું ન દેખાયું. મન તો જીવની જ કોઈક કિરણ છે પણ જીવ થકી જુદું નથી. અને મનનું રૂપ તો એવું દેખાયું જે, જેમ ઉનાળામાં લૂક હોય તથા જેમ શિયાળામાં હિમ હોય તેવું મનનું રૂપ દેખાયું. અને જેમ માણસના દેહમાં લૂક પેસે તથા હિમ પેસે ત્યારે તે માણસ મરી જાય છે, તેમ એ મન ઈન્દ્રિયો દ્વારે થઈને જ્યારે વિષય સન્મુખ જાય છે ત્યારે તે વિષય જો દુઃખદાયી હોય તો મન તપીને ઉનાળાની લૂક જેવું થાય છે અને તે વિષય જો સુખદાયક હોય તો તેને વિષે મન શિયાળાના હિમ જેવું થાય છે. તે જ્યારે દુઃખદાયી વિષયને ભોગવીને લૂક સરખું ઊનું થઈને જીવના હૃદયમાં પેસે છે ત્યારે જીવને અતિશય દુઃખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે. એ તે લૂક લાગીને મરે તેમ જાણવું. અને જ્યારે એ મન સુખદાયી વિષયમાં સુખને ભોગવે ત્યારે ટાઢું હિમ સરખું થઈને જીવના હૃદયમાં પેસે છે અને જીવને સુખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે, એ તો હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું. માટે જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા.

અને એવું મન થવું એ કાંઈ થોડી વાત નથી. અને **મનનો તો કેવો સ્વભાવ છે ?** તો જેમ બાળક હોય તે સર્પને, અગ્નિને તથા ઉઘાડી તલવારને ઝાલવા જાય, તે જો ઝાલવા ન દઈએ તોપણ દુઃખી થાય અને જો ઝાલવા દઈએ તો પણ દુઃખી થાય, તેમ જો મનને વિષય ભોગવવા ન દઈએ તો પણ દુઃખી થાય ને જો ભોગવવા દઈએ તોપણ વિમુખ થઈને અતિશય દુઃખી થાય. માટે **જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૩॥ ૧૫૬ ॥

## ॥ વચનામૃત ૨૪મું : સાંખ્ય અને યોગનિષ્ઠાનું ॥

સંવત્ ૧૮૭૯ના શ્રાવણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચઢીને શ્રી લક્ષ્મી વાડીએ પધાર્યા હતા ને ત્યાં ચોતરા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે મોગરાનાં પુષ્પનો તોરો ધારણ કર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! ભગવાનને વિષે અચળ નિષ્ઠાવાળા જે ભક્ત હોય તેને કોઈ જાતનો વિક્ષેપ આડો આવે કે ન આવે ?"** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એક તો યોગનિષ્ઠા છે ને બીજી સાંખ્યનિષ્ઠા છે. તેમાં યોગનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે ભગવાનના સ્વરૂપમાં પોતાની અખંડ વૃત્તિ રાખે અને સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યનાં સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ સર્વેનાં જે સુખ તેને સમજી રાખે તથા ચૌદ લોકની માંહિલી કોરે જે સુખ છે તે સર્વેનું પરિમાણ કરી રાખે જે, 'આ સુખ તે આટલું જ છે' અને એ સુખની કેડ્યે જે દુઃખ રહ્યું છે તેનું પણ પરિમાણ કરી રાખે. પછી દુઃખે સહિત એવાં જે એ સુખ તે થકી વૈરાગ્યને પામીને પરમેશ્વરને વિષે જ દૃઢ પ્રીતિ રાખે, એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય અને યોગનિષ્ઠાવાળાને તો ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેનું જ બળ હોય પણ કોઈક વિષમ દેશકાળાદિકને યોગે કરીને કોઈક વિક્ષેપ આવે તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહેતી હોય તે કાંઈક બીજે પણ ચોંટી જાય. કેમ જે, યોગનિષ્ઠાવાળાને સમજણનું બળ થોડું હોય માટે કાંઈક વિઘ્ન થઈ જાય ખરું અને સાંખ્યનિષ્ઠા ને યોગનિષ્ઠા એ બે જો એકને વિષે હોય તો પછી કાંઈ વાંધો જ ન રહે અને એવો જે ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય જ નહિ અને એમ સમજે જે, 'ભગવાનનું

જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે, તે સર્વે નાશવંત છે.' એમ જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે. માટે એવા ભક્તને તો કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી.'' ॥ઈતિ વચનામૃતમ્॥૨૪॥૧૫૭॥

## ॥ વચનામૃત ૨૫મું : વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહીનું ॥

**સંવત્ ૧૮૭૯ના શ્રાવણ વદિ ૬ છઠ્ઠ્યને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજે સર્વે પરમહંસને કહ્યું જે,** ''સાંભળો, અમે એક પ્રશ્ન પૂછીએ છીએ જે, એક તો ભગવાનનો ભક્ત ત્યાગી છે ને દેહે કરીને તો સર્વ વર્તમાન દૃઢ રાખે છે, ને અંતરમાં તો વિષય ભોગવવાની વાસના અતિશય તીખી છે તોપણ દેહે કરીને તો ભ્રષ્ટ થતો નથી એવો તો ત્યાગી છે. અને બીજો ભક્ત છે તે તો ગૃહસ્થાશ્રમી છે ને તેને તો દેહે કરીને ધન સ્ત્રીનો પ્રસંગ છે ને અંતરમાં તો સર્વે પ્રકારે નિર્વાસનિક છે. એ બેય જણા જ્યારે દેહ મૂકશે ત્યારે એ બેય શી ગતિને પામશે ? એ બેય તે સરખી ગતિને પામશે કે અધિક ન્યૂન થશે ? એ બેયનો વિક્તિએ કરીને જુદો જુદો ઉત્તર આપો.''

પછી **ગોપાળાનંદસ્વામી બોલ્યા જે,** ''એ ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે એને વિષય ભોગવવાની અંતરમાં તીખી વાસના છે; માટે એને તો ભગવાન મૃત્યુલોકને વિષે અથવા દેવલોકને વિષે મોટો ગૃહસ્થ કરશે અને અતિશય વિષયભોગ પ્રાપ્ત થશે, તે જેવા ભગવદ્ ગીતામાં યોગભ્રષ્ટને ભોગ કહ્યા છે તેવા ભોગને દેવલોકમાં ભોગવશે અને એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે; માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પામશે ને

ભગવાનનાં ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે. અને પ્રથમ કહ્યો જે ત્યાગી તે તો વિષય ભોગવીને જ્યારે તૃપ્ત થશે ત્યારે તે વિષય થકી વૈરાગ્યને પામીને ને મનમાં પશ્ચાતાપ કરીને ભગવાનનું ભજન કરશે પછી નિર્વાસનિક થઈને ભગવાનના ધામમાં જશે.''

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ઠીક કહ્યું, એનો ઉત્તર એ જ છે. **પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવી દૃઢ વાસના હોય ને તેની જેને ટાળવાની ઈચ્છા હોય તો તે શો ઉપાય કરે ત્યારે ટળે?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેવું **ઉકાખાચર**ને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.''

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું ક્યું સાધન છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય અને પછી તેને એક ગામનું રાજ્ય આવે, અથવા પાંચ ગામનું રાજ્ય આવે, અથવા પચાસ ગામનું રાજ્ય આવે, અથવા સો ગામનું રાજ્ય આવે, અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે, તોપણ સંતની આગળ જેવો કંગાલ હતો અને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુકત થકો દીન-આધીન રહે તેમજ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તોપણ સંતની આગળ તેવો તે તેવો જ દીન-આધીન રહે; **અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય** અને જેમ સૌ સંતની ટેલચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.''**॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૫ ॥ ૧૫૮ ॥**

## વચનામૃત ૨૬મું : ભક્તિમાં અંતરાય કરતા આત્મજ્ઞાનાદિકને પાછા પાડવાનું

**સંવત્ ૧૮૭૯ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું અને પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતા હોય ને તે પોતાનાં સગાંવહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતાનો સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો પણ ભગવાનથી જે વિમુખ હોય તેનો પક્ષ લેવો નહિ, **જેમ ભરતજી**એ પોતાની માતાનો પક્ષ ન લીધો, અને ભગવાનનો ભક્ત હોય તેને તો સૌથી વિશેષે પોતામાં જ અવગુણ ભાસે અને જે બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે અને ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતા આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતાં હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને જો ભક્તિને વિષે સહાયરૂપ થતાં હોય તો તો એ ઠીક છે એમ સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય અને જેને બીજાનો અવગુણ આવે ને પોતામાં ગુણ પરઠે તે તો ગમે તેવો મોટો હોય તોપણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે.

**જેમ રાધિકાજી** ઘણા મોટાં હતાં અને ભગવાનને વિષે પ્રેમ પણ અતિશય હતો પણ જ્યારે પોતામાં ગુણ માન્યો ને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અવગુણ માન્યો ત્યારે પોતાના પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો. પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીદામા સાથે વઢવેડ કરી. પછી શ્રીદામાનો શાપ થયો તેણે કરીને ગોલોકમાંથી પડીને ગુર્જરને ઘેર અવતાર લીધો અને ભગવાન વિના

અન્ય પુરુષ હતો તેને ધણી કર્યો, એવા મહા મોટા લાંછનને પામ્યાં.

અને **શ્રીદામા હતો તેણે** પણ પોતામાં ગુણ માન્યો અને રાધિકામાં અવગુણ પરઠ્યો, તો રાધિકાનો શાપ પામીને દૈત્ય થવું પડ્યું અને એ ધામમાંથી તો પડવાની રીત નથી ને જે પડ્યા તે તો ભગવાનની ઈચ્છા એવી હતી, તોપણ ભગવાને એમ જણાવ્યું જે, 'રાધિકાજી જેવો મોટો હોય ને તે પોતામાં ગુણ માનીને ભગવાનના ભક્તનો અવગુણ લે, તો તે પણ પડી જાય તો બીજાની શી ગણતી ?' માટે **ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો ને પોતાનો તો અવગુણ જ લેવો,** એવી રીતે સમજતો હોય ને થોડી બુદ્ધિ હોય તોપણ તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય અને તે વિના તો ઝાઝી બુદ્ધિ હોય તો પણ દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાંથી પાછો હઠતો જાય અને અંતે જાતાં નિશ્ચય વિમુખ થાય. અને વળી એ રીત તો સર્વ ઠેકાણે છે જે, જે ચાકર હોય અથવા શિષ્ય હોય તેને રાજા હોય અથવા ગુરુ હોય તે જેમ વઢીને કહેવા માંડે, તેમાં જે સવળું લેતો જાય તો તે ઉપર રાજા તથા ગુરુને અતિશય હેત થાય છે અને જેને શિખામણની વાત કહે ને અવળું લે તો તે ઉપર હેત થતું નથી, તેમ જ **ભગવાનની પણ રીત છે જે, જેને શિખામણની વાત કહે ને સવળું લે, તો તે ઉપર હેત થાય છે પણ જે અવળું લે, તે ઉપર હેત થતું નથી.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૬ ॥ ૧૫૯ ॥

## વચનામૃત ૨૭મું : મલિન વાસના ન રહે ત્યારે મોટા રાજી થાય તેનું

**સંવત્ ૧૮૭૯ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલદાવદિનાં ધોળાં ને પીળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પાઘમાં બે કોરે તોરા લટકતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે,** ''તમારે ક્રોધ થાય

છે ત્યારે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ? અને અમારે તો એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે તોપણ પોતા સારુ તો ક્રોધ આવે નહિ અને જ્યારે ધર્મલોપ કરે અથવા બળિયો હોય તે ગરીબને પીડે અથવા અન્યાયનો પક્ષ લે, ત્યારે તેની ઉપર અમારે કોઈકને અર્થે લગારેક ક્રોધની ચટકી આવે છે, પણ પોતા સારુ તો લેશમાત્ર ક્રોધ આવતો નથી. અને કોઈક સારુ આવેછે તે પણ ક્ષણમાત્ર પણ નથી રહેતો ને આંટી પણ બંધાતી નથી, તેમ તમારે કેવી રીતે આવે છે ને કેવી રીતે ટળે છે ?'' **પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય, તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે?'' ત્યારે **મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, 'જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી.' અને બીજો શુકજી અને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, 'સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કામક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે ને એ તમારા જીવમાં રહ્યો છે અને એવી રીતે કામક્રોધાદિક ગુણને હઠાવે એવું જે જોર છે તે પૂર્વજન્મનો સંસ્કાર છે. અને તમારું એટલું તો અમને જણાય છે જે, 'તમારે જે જે માયિક પદાર્થનો યોગ થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય પણ અંતે જતાં એના બંધનમાં રહેવાય નહિ; બંધન ત્રોડીને નીકળાય ખરું.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''પ્રથમ આવરણ થઈ જાય એવી કાચ્યપ રહે છે તે શાને યોગે રહે છે?'' **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''દેશકાળાદિક જે આઠ છે તેમાં જેવું પૂર્વસંસ્કારમાં જોર છે તેવું જ એકએકમાં છે, માટે જ્યારે એનો યોગ થાય ત્યારે જરૂર બંધન થાય છે અને પૂર્વના સંસ્કારનું જોર રહેવા દેતાં નથી. અને જો સંસ્કારમાં લખ્યું એટલું જ સુકૃત

દુષ્કૃત થાય તો વેદ, શાસ્ત્ર ને પુરાણ તેને વિષે વિધિનિષેધના ભેદ કહ્યા છે જે, 'આ કરવું ને આ ન કરવું' તે સર્વે ખોટું થઈ જાય; તે એ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહિ. અને જયવિજય હતા તેણે જો અયોગ્ય ક્રિયા કરી તો જે ઠેકાણે કાળ, કર્મ ને માયા નથી, એવું જે ભગવાનનું ધામ ત્યાંથી પડી ગયા અને જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશકાળાદિક અશુભ હતા તોપણ નડી શક્યા નહિ. અને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશકાળાદિક શુભ હતા તોપણ જયવિજય પડી ગયા. **માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને તો જેમ મોટા પુરુષ રાજી થાય તેમ કરવું.**

અને તે મોટા પુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે ને જેને ગરીબ ઉપર ક્રોધાદિકનો સંકલ્પ થતો હોય તો તેને મોટા ઉપર પણ થાય અને પોતાના ઈષ્ટદેવ ઉપર પણ ક્રોધાદિકનો મલિન ઘાટ થાય, માટે **જેને કલ્યાણ ઈચ્છવું તેને કોઈ ઉપર મલિન ઘાટ કરવો નહિ** અને જો કોઈ ઉપર મલિન ઘાટ કરે તો તેને ભગવાનના ભક્ત તથા ભગવાન ઉપર પણ મલિન ઘાટ થઈ જાય. અને અમારાથી તો એક ગરીબ પણ દુઃખાયો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, 'ભગવાન સર્વાંતર્યામી છે તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે માટે જેને અમે દુઃખવ્યો તેના જ અંતરમાં વિરાજમાન હશે ત્યારે અમે ભગવાનનો અપરાધ કર્યો.' એમ જાણીને તેને પગે લાગીને તેને કાંઈક જોઈતું હોય તે આપીએ પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ.

અને **વળી અમે વિચારીને જોયું જે,** જે અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ, ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તોપણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ

થશે. અને જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખ્યે પણ કેમ ઠીક પડે ? એને તો પરમેશ્વરને વાસ્તે પુષ્પ લાવ્યાં જોઈએ, તુલસી લાવ્યાં જોઈએ, ભાજી તરકારી લાવી જોઈએ, ઠાકોરજીને વાસ્તે બાગ-બગીચા કરાવ્યા જોઈએ, મંદિર કરાવ્યાં જોઈએ. માટે જે અતિશય ત્યાગ રાખીને ને અતિશય દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેનાથી ભગવાનની ભક્તિ થતી નથી. અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. તે સારુ અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારુ કરાવ્યાં છે. અને જે ઉપાસક હોય તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ. માટે **પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૭ ॥ ૧૬૦ ॥

## ॥ વચનામૃત ૨૮મું : જીવનદોરીનું, દયાળુ પ્રકૃતિનું ॥

**સંવત્ ૧૮૭૯ના ફાગણ સુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદી ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેતપાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી દવે પ્રાગજીએ કહ્યું જે,** ''શ્રીમદ્ ભાગવત્ જેવો કોઈ ગ્રંથ નથી.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શ્રીમદ્ ભાગવત તો સારું જ છે પણ સ્કંદ પુરાણને વિષે શ્રીવાસુદેવમાહાત્મ્ય છે તે જેવો કોઈ ગ્રંથ જ નથી, કાંજે એ ગ્રંથને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા અહિંસાપણું એમનું અતિશય પ્રતિપાદન કર્યું છે.'' **એમ કહીને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વાલ્મીકિ રામાયણને વિષે અને હરિવંશને વિષે અતિશય હિંસાનું પ્રતિપાદન કર્યું છે અને રઘુનાથજી પણ ક્ષત્રિયની પ્રકૃતિએ વર્ત્યા છે અને રઘુનાથજીને વિષે શરણાગતવત્સલપણું તો ખરું પણ જે શરણાગત હોય ને

તે જો જરાય વાંકમાં આવ્યો હોય તો તેનો તત્કાળ ત્યાગ કરી દે; જો સીતાજીને માથે લગારેક લોકાપવાદ આવ્યો તો અતિ વહાલાં હતાં પણ તત્કાળ ત્યાગ કરી દીધો.'' **પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''એવી તો રામાનંદ સ્વામીની પ્રકૃતિ હતી.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,**''અમારી પ્રકૃતિ તો એવી નથી, અમારે તો પરમેશ્વરના ભક્ત ઉપર અતિશય દયા વર્તે છે અને પાંડવોને વિષે પણ અર્જુનની પ્રકૃતિ બહુ દયાળુ હતી અને **પુરુષમાત્રને વિષે તો રામચંદ્રજી તથા અર્જુન એવો કોઈ પુરુષ નથી અને સીતાજી ને દ્રૌપદી એવી કોઈ સ્ત્રી માત્રમાં સ્ત્રીઓ નથી.**

**હવે અમે અમારી જે પ્રકૃતિ છે તે કહીએ છીએ જે, અમારો દયાળુ સ્વભાવ છે તોપણ** જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું, તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું પણ બોલવાનું મન જ થાય નહિ અને જે ભગવાનના ભક્તની સેવાચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઈ જાય છે અને અમારી પ્રકૃતિ એમ છે જે, 'થોડીક વાતમાં કુરાજી પણ ન થાઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થાઉં.' અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો અને કુરાજીપો થાય છે પણ કોઈના કહ્યા સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી. અને જેનો જેટલો ગુણ મારા મનમાં જણાઈ જાય છે તેટલો તેનો ગુણ આવે છે **અને મારે તો એ જ અંગ છે જે, 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું,'** એ જ મારે વિષે મોટો ગુણ છે અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહીં. અને ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે.

અને જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે અને **વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન કર્મ વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે** અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. **માટે અમારો તો એ જ સિદ્ધાંત છે જે,** 'ભગવાનનો રાજીપો હોય ને ભગવાનના ભક્તનો સંગ હોય તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તોપણ કાંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો.' **અને સર્વ શાસ્ત્રનું પણ એ જ સાર છે જે,** 'ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.' અને જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો.

અને જેને ભગવાન ને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે કેમ જે, જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે, તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે, તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે. **માટે અમારે તો** ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.''

પછી **મુક્તાનંદ સ્વામી આદિક** જે સર્વે હરિભક્ત હતા તેમણે હાથ જોડીને કહ્યું જે, ''હે મહારાજ ! અમારે પણ એ જ નિશ્ચય રાખવો છે.''એમ કહીને સર્વે હરિભક્ત વિનતિએ સહિત શ્રીજી મહારાજને પગે લાગ્યા. પછી વળી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે? તો** વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય

છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨૮ ॥ ૧૬૧ ॥

## ॥ વચનામૃત ૨૯મું : ભગવાનમાં આસક્તિવાળાનાં લક્ષણોનું ॥

**સંવત્ ૧૮૭૯ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસકત થયું હોય તેનાં આવાં લક્ષણ હોય જે,** 'પોતે માર્ગે ચાલીને અતિશય થાકી રહ્યો હોય ને બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય અને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી, એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા સાંભળવામાં અતિશય તત્પર થઈ જાય **અથવા ગમે તેવા રોગાદિકે કરીને** પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. **અને વળી ગમે તેવી રાજ્યસમૃદ્ધિને પામીને** અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય.' **એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય** તેને એ ભગવાનને વિષે દઢ આસક્તિ થઈ જાણવી.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''**એ ભગવાનને વિષે દઢ આસક્તિ શા થકી થાય છે ?**'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કાં તો પૂર્વજન્મનો એવો અતિ બળિયો સંસ્કાર હોય અથવા જે સંતને ભગવાનને વિષે એવી દઢ

આસક્તિ હોય તેને સેવાએ કરીને રાજી કરે એ બેયે કરીને જ ભગવાનને વિષે એવી દૃઢ આસક્તિ થાય છે પણ એ વિના બીજો ઉપાય નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્॥૨૯॥૧૬૨॥

## ॥ વચનામૃત ૩૦મું : સોનું ને સ્ત્રી બંધન ન કરે તેનું ॥

**સંવત્ ૧૮૭૯ના દ્વિતીય ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડામધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી ને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને ધોળાં પુષ્પનો તોરો પાઘમાં લટકતો હતો ને પોતાના મુખાર-વિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, **''શ્રીમદ્ ભાગવત આદિક જે સત્શાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી. જુઓને,** શ્રીમદ્ ભાગવતમાં સુવર્ણને વિષે કળિનો નિવાસ કહ્યો છે, તો તે સુવર્ણ અમને દીઠું પણ ગમતું નથી, અને જેવું બંધનકારી સુવર્ણ છે તેવું જ બંધનકારી રૂપ પણ છે. કેમ જે, જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ, માટે સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે.

**અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય,** જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે અને એ બ્રહ્મ થકી ઓરું જે પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્યમાત્ર તેને અસત્ય જાણે ને નાશવંત જાણે ને તુચ્છ સમજે ને માયિક જે નામરૂપ તેને વિષે અતિશય દોષદૃષ્ટિ રાખે ને તે સર્વ નામરૂપને વિષે અતિશય વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર બંધન કરે.'' ॥ ઈતિ વચનામૃતમ્॥૩૦॥૧૬૩॥

## ॥ વચનામૃત ૩૧મું : મનન દ્વારા બ્રહ્મનો સંગ કર્યાનું ॥

સંવત્ ૧૮૮૦ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદિકા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**અને પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવતમાં કપિલગીતાની કથા વંચાવતા હતા,** પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે **શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** ‘‘સર્વ કારણના પણ કારણ ને અક્ષરાતીત ને **પુરુષોત્તમ** એવા જે **વાસુદેવ ભગવાન** તે **મહાપુરુષરૂપે** કરીને **મહામાયાને** વિષે વીર્યને ધરે છે. તે પુરુષ અક્ષરાત્મક છે, મુક્ત છે અને એને બ્રહ્મ કહે છે. અને એ પુરુષે માયામાં વીર્ય ધર્યું ત્યારે માયા થકી **પ્રધાનપુરુષ** દ્વારાએ **વૈરાજપુરુષ** ઉત્પન્ન થયા, ત્યારે એ વૈરાજપુરુષ તે, તે પુરુષના પુત્ર કહેવાય. જેમ આ જગતમાં કોઈક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિક જે પ્રાકૃત માણસ હોય ને તેની સ્ત્રીમાંથી તેનો દીકરો થાય તેમ એ વૈરાજપુરુષ થાય છે. **એવા જે વૈરાજપુરુષ તે આ જીવ જેવા જ છે** અને એની **ક્રિયા** પણ આ જીવના જેવી જ છે ને તે વૈરાજપુરુષની દ્વિપરાર્ધકાળની **આવરદા** છે. અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયરૂપ એની ત્રણ **અવસ્થા** છે; જેમ જીવની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે તેમ. અને એ વૈરાજપુરુષના વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ દેહ છે ને તે દેહ અષ્ટ આવરણે યુક્ત છે ને તે દેહ મહત્તત્ત્વાદિક જે ચોવીશ તત્ત્વ તે દ્વારે થયાં છે. તે એ વિરાટને વિષે ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતાએ પ્રવેશ કર્યો ને એને ઉઠાડવા માંડ્યું ને વિરાટનો જીવ પણ માંહી હતો તોપણ એ વિરાટ ઊઠ્યું નહીં અને જ્યારે **ક્ષેત્રજ્ઞ એવા જે વાસુદેવ ભગવાન તે પુરુષરૂપે કરીને એમાં આવ્યા ત્યારે એ વિરાટ દેહ ઊઠ્યું ને એ વૈરાજપુરુષ પોતાની ક્રિયાને વિષે સમર્થ થયા. અને એ જ જે ભગવાન** તે આ જીવને પ્રકાશ્યાને અર્થે સુષુપ્તિરૂપ

માયા થકી પર રહ્યા થકા એ જીવને વિષે સાક્ષીરૂપે રહ્યા છે તોપણ જીવને દેહ, ઈન્દ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે; **માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે, તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે,** 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે.' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે પણ એને આ વાર્તા સાંભળી હોય તોપણ નિરંતર સ્મૃતિ રહેતી નથી. એ મોટો દોષ છે. એવી રીતે ઈશ્વર જે વૈરાજપુરુષ ને આ જીવ એ સર્વેના પ્રકાશક તો પુરુષરૂપે કરીને પુરુષોત્તમ એવા વાસુદેવ છે અને એ વૈરાજપુરુષ પણ જીવની પેઠે બદ્ધ છે, તે દ્વિપરાર્ધ સુધી પોતાની આવરદા ભોગવે છે ત્યાં સુધી બદ્ધ વર્તે છે અને એનો પ્રલય થાય ત્યારે એને એ પુરુષનો સંબંધ સાક્ષાત્ થાય છે. કેમ જે, એનો બાપ જે પુરુષ તે સમર્થ છે, તે એને એટલો જાળવે છે અને વૈરાજપુરુષને માયાનો સંબંધ રહ્યો છે માટે પ્રલયને અંતે પાછો માયામાંથી ઊપજે છે અને આ જીવ છે તે જેવો પોતે બદ્ધ છે ને અસમર્થ છે, તેવી રીતે જ એનો જે બાપ હોય તે પણ બદ્ધ ને અસમર્થ હોય માટે એ બાપ તે દીકરાને શી સહાય કરે ? માટે એને સુષુપ્તિરૂપ માયાનો સંબંધ નિરંતર રહે છે, ટળતો નથી. એ તો જ્યારે **પૂર્વે કહ્યો તેવી રીતે નિરંતર પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે ટળે.**

અને વળી એ વિરાટપુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે. તેમાં પ્રલયરૂપ અવસ્થાને વિષે સંકર્ષણની ઉપાસના કરે છે ને સ્થિતિરૂપ અવસ્થાને વિષે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે ને ઉત્પત્તિરૂપ અવસ્થાને વિષે અનિરુદ્ધની ઉપાસના કરે છે. અને તે સંકર્ષણાદિક ત્રણ જે તે વાસુદેવ ભગવાનનાં સગુણ રૂપ છે અને તેની ઉપાસનાને બળે કરીને એ વૈરાજપુરુષ જે તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ ક્રિયાને વિષે સામર્થ્યને પામે છે અને જ્યાં સુધી એ ત્રણની ઉપાસના કરે છે ત્યાં સુધી એને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયરૂપ જે માયાનો સંબંધ તે ટળતો નથી અને **જ્યારે એ નિર્ગુણ**

**એવા જે વાસુદેવ ભગવાન તેની ઉપાસના કરે છે ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે;** જેમ આ જીવ છે તે બ્રહ્માદિક દેવરૂપ ભગવાનની ઉપાસના કરે છે ત્યારે ધર્મ, અર્થ, કામ રૂપ ફળને પામે છે અને જ્યારે **ભગવાનના અવતાર જે રામકૃષ્ણાદિક તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય ને એની મુક્તિ થાય,** તેમ એ વિરાટપુરુષને પણ છે.

**અને એ વૈરાજપુરુષ દ્વારાએ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે,** તે તો એમ સમજવું જે, 'એ જે વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે.' માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિ-લોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહિ; માટે એ થકી અવતાર તો એને વિષે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે. અને એને વિષે વાસુદેવ જે ક્ષેત્રજ્ઞ તેણે પ્રવેશ કર્યો નહોતો ત્યારે એ વૈરાજપુરુષ પોતાની ક્રિયા કરવી તેને વિષે પણ સમર્થ નહોતા થયા. અને પૂર્વે જે પુરુષ કહ્યા તે માયામાં ગર્ભ ધરે ત્યારે પ્રધાનપુરુષ દ્વારાએ, એક એવો જે વૈરાજપુરુષ રૂપ દીકરો તે થાય અને એ જ માયામાંથી અનેક પ્રધાનપુરુષ દ્વારાએ બીજાં પણ ઘણાંક એવાં વૈરાજપુરુષ રૂપ બ્રહ્માંડ થાય છે. અને તે પુરુષ તો નિરન્ન છે ને મુક્ત છે ને બ્રહ્મ છે ને માયાના કારણ છે. તે માયાને વિષે લોમપણે વર્તે છે તોપણ એને માયાનો બાધ થતો નથી ને માયાને વિષે એને ભોગની ઈચ્છા નથી, એ તો પોતે બ્રહ્મસુખે સુખિયા છે ને પૂર્ણકામ છે અને જે વૈરાજપુરુષ ઈશ્વર છે તે માયાના ભોગને ભોગવીને પ્રલયકાળને વિષે માયાનો ત્યાગ કરે છે અને જે જીવ છે તે તો માયાના ભોગને ભોગવીને દુઃખિયો થકો માયામાં જ લીન થાય છે.''

**ત્યારે શુકમુનિએ પૂછ્યું જે,** ''પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે. માટે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે **પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ**

છે ?''ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ આ જીવને વિષે ને વૈરાજ પુરુષ-ઈશ્વરને વિષે ભેદ છે અને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે. ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે. અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે, તે જે તે વાસુદેવનાં ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વર, જીવ અને માયા એ પાંચ ભેદ અનાદિ છે. તે એવી રીતે વાર્તા અમે ઘણીકવાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી. ને ઠાવકી ઘેડ્ય બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ. માટે આ વાર્તાને સારી પેઠે વિચારજ્યો ને લખજ્યો.'' એવી રીતે આ વાર્તા શ્રીજી મહારાજે કરી છે તે લખી છે. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૧ ॥ ૧૬૪ ॥**

## ॥ વચનામૃત ૩૨મું : થોરના ઝાડનું, નિર્વિઘ્ન ભક્તિનું ॥

**સંવત્ ૧૮૮૦ના શ્રાવણ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વિરાજમાન હતા અને શ્રીજી મહારાજે અંગને વિષે સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તકને ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે પુષ્પના હાર વિરાજમાન હતા તથા કર્ણને ઉપર પુષ્પનાં ગુચ્છ વિરાજમાન હતાં તથા મસ્તક ઉપર પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલતા હવા જે,** ''આ સંસારને વિષે પોતાના કુટુંબીનો સંબંધ છે, તે તો જેમ થોરનું ઝાડ હોય અથવા વડનું કે પિંપરનું ડાળ હોય તે એક ઠેકાણેથી કાપીને બીજે ઠેકાણે રોપીએ તો ઊગીને ઝાડ થાય અને આંબો તથા લીંબડો હોય ને તેને એકવાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ, તેમ કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના ઝાડના

જેવો છે. તે એકવાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ. અને કુટુંબીનો સંબંધ છે તે તો થોરના ને વડના ઝાડ જેવો છે, તે કાપી નાખ્યો હોય તોપણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહિ. માટે **એ કુટુંબીનો સંબંધતો તો ટળે,** જો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા, તેને પોતાનું રૂપ જાણીને તેને વિષે ભગવાનની મૂર્તિને ધારીને અને જાતિ, વર્ણ, આશ્રમ તેના માનને મૂકીને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય, તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે. તે વિના બીજો ઉપાય કોઈ નથી.

અને વળી જીવનું જે કલ્યાણ થાય અને **જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે;** ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ **ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી** અને જો અતિશય, ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિક થકી ભક્તિને વિષે વિશેષ છે. તોપણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી અને **જો ધર્માદિક અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશકાળાદિકે કરીને ભક્તિને વિષે વિઘ્ન જરૂર થાય છે.** તે માટે ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી અને એવી રીતે ભક્તિને કરતો જે ભક્ત તેને પણ જો ભૂંડા દેશ, કાળ, ક્રિયા ને સંગ છે તેને વિષે પ્રવર્તાય, તો ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય ને તેના સ્વભાવનો ઠા ન રહે. માટે ભૂંડો દેશ, ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા અને ભૂંડો સંગ તેનો ત્યાગ કરીને રૂડો દેશ, રૂડો કાળ, રૂડો સંગ, રૂડી ક્રિયા તેને વિષે સદા પ્રવર્તવું પણ ભૂંડા દેશાદિકનો સંગ કરવો જ નહીં.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૨ ॥ ૧૬૫ ॥

## ॥ વચનામૃત ૩૩મું : નિષ્કામી વર્તમાનનું ॥

**સંવત્ ૧૮૮૦ના શ્રાવણ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ઢોલિયા ઉપર ગાદી તકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ સર્વે સંત તથા સર્વે હરિભક્ત પ્રત્યે એમ બોલતા હવા જે,** ‘‘પ્રથમ અમે અમારા અંગની વાત કહીએ. પછી તમે સર્વે પોતપોતાનો જે રીતે મોક્ષ માન્યો હોય તથા અમે આવી રીતે વર્તશું તો આ લોકમાં ને પરલોકમાં ભગવાન અમારી ઉપર રાજી રહેશે, એમ જે માન્યું હોય તે કહેજ્યો.’’ એમ સર્વેને કહીને પછી **શ્રીજી મહારાજે પોતાના અંગની વાત કહેવા માંડી જે,** ‘‘અમને તો જે પદાર્થમાં હેત જણાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય અને ભગવાનના ભક્ત વિના જે મનુષ્યમાત્ર અથવા પદાર્થમાત્ર તેની જો મનમાં સ્મૃતિ થઈ હોય તો તેથી અતિશય છેટું કરીએ ત્યારે સુખ થાય. અને જો ભગવાનના ભક્ત હોય તો તેનો કોઈ રીતે કરીને હૈયામાં અભાવ આવે જ નહીં અને અમારે વગર ઈચ્છે પણ પંચવિષય છે તે જોરાવરીએ આવીને પ્રાપ્ત થાય છે તોપણ તેને અમે ઈચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાખીએ છીએ. અને જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે. અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ ને જે અમારે વિષે દોષબુદ્ધિ કરશે તો તેને જાગ્રતમાં તથા સ્વપ્નમાં ભૂંડા ઘાટ થશે ને તેને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થશે અને અમારા અંતરમાં તો એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન રહે છે અને ઉપરથી તો ભગવાનના ભક્ત હોય તેના જીવનું સારું થાય તે સારુ હળીમળીને રહીએ છીએ અને જે દિવસ અમારા હૈયામાં ભગવાન ને

ભગવાનના ભક્ત વિના બીજે ક્યાંઈ હેત જણાશે તો અમે એમ માનીશું જે, 'અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા.' **પણ અમને એવો નિશ્ચય છે જે, 'અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહિ.'** એ અમે અમારું અંગ હતું તે કહ્યું, હવે તમે સૌ પોતપોતાનું અંગ હોય તે કહો.''

પછી સર્વે સંતે તથા સર્વે હરિભક્તે જેવાં જેનાં અંગ હતાં તેવાં કહ્યાં, જે આ લોકનેવિષે ને પરલોકને વિષે આવી રીતનાં અંગમાં અમે રહીએ તો અમારા ઉપર ભગવાન રાજી રહે એવી રીતે કહ્યું. તે સર્વે હરિભક્તનાં અંગની વિક્તિ જે, કોણેક તો ભગવાન વિના બીજે ઠેકાણે વૈરાગ્યનું કહ્યું અને કોણેક આત્મનિષ્ઠાનું કહ્યું, ને કોણેક ભગવાનને વિષે પ્રીતિનું કહ્યું ને કોણેક ધર્મમાં રહેવાનું કહ્યું એવી રીતે બહુ પ્રકારે કહ્યું, પણ શ્રીજી મહારાજે મનમાં જે ધારી રાખ્યું હતું તે કોઈએ ન કહ્યું.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આલોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહીં, અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહીં. અને અમે અહિંયા ટક્યા છીએ તે પણ અહિંયાના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ અને **જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે.** માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે ને બીજો કોઈ સેવાચાકરી કરે તો તે એવી ગમતી નથી.

અને **અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે** અને અમે જે દિવસથી પ્રકટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવીએ છીએ અને સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે

તેટલી યુક્તિ કરીને સંતાડે તોપણ અમને જણાયા વિના રહે જ નહિ, ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશય લાગે છે પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહિ. અને વળી સાધુદાવો છે, માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે **સર્વ મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે,** 'સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશોમા.' **શા માટે જે,** જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે, 'બધા સત્સંગને મૂકીને જતા રહીએ.' માટે જે નિષ્કામી વર્તમાન રાખે, તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.'

**પછી હરજી ઠક્કરે પ્રશ્ન પૂછ્યો જે, "એ નિષ્કામી વર્તમાન શે ઉપાયે કરીને અતિશય દૃઢ થાય ?"** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એનો એક પ્રકારનો ઉપાય નથી, એના તો ત્રણ પ્રકારના ઉપાય છે. જેમ હાંકનારો, બળદિયા, પૈડાં, ધૂંસરી, ઉંધ્ય, માંચડો એવા ઘણાક સામાને કરીને એક ગાડું કહેવાય છે તેમ નિષ્કામી વ્રત દ્રઢ રાખવાની પણ ઘણીક સામગ્રી જોઈએ છીએ. તેમાં પણ **ત્રણ ઉપાય છે તે તો અતિશય મુખ્ય છે તેમાં એક તો** મનને વશ કરવું જે મનને વિષે અખંડ એવું મનન કરવું જે, 'હું આત્મા છું, દેહ નથી.' ને ભગવાનની કથા શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહિ. જેમ કોઈક પુરુષને ભૂત વશ થયો હતો તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય, તેમ આ મન છે તે પણ ભૂત જેવું છે. તે જ્યારે ભગવદ્ ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય.

માટે મનને અખંડ ભગવાનની કથા-કીર્તનાદિકમાં જોડી રાખવું એટલે એ મન વશ થયું કહેવાય.

અને **બીજો ઉપાય એ છે જે,** પ્રાણને નિયમમાં રાખવો તે જેમ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'આહાર-વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધાની લોલુપતા ન રાખવી.' એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે. પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઈન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઈન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય; માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો. અને **ત્રીજો ઉપાય એ છે જે,** આ સત્સંગને વિષે જેને જેને જે જે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો. એવી રીતે એ ત્રણ ઉપાયને જે દૃઢ રાખે તેને નિષ્કામી વર્તમાન અતિશય દૃઢ થાય છે. અને **એને વિષે એમ ન જાણવું જે,** 'એવી રીતે રાખવું ઘણું કઠણ છે.' કેમ જે, **જે સાધુ જ હોય તેને તો એમ રાખવું કાંઈ કઠણ છે નહીં** અને સાધુ હોય તે તો કામ, ક્રોધ, લોભાદિક શત્રુનું બળ હોય તોપણ ભગવાનને રાજી કર્યા સારુ તેનો ત્યાગ કરે ત્યારે જ એ પાકો સાધુ કહેવાય.

**અને મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે ? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય છે.** જેમ કૂવાના કાંઠા ઉપર મહા કઠણ પથરો હોય છે તેને વિષે નિત્યે પાણીને સિંચવું તેણે કરીને નરમ દોરડી છે તે પણ કાપા પાડે છે, **તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે ? એ તો નિશ્ચય નાશ પામશે.** માટે જેને નિષ્કામવ્રત રાખવું હોય તેને કહ્યા એવા જે ત્રણ ઉપાય તે દૃઢ કરીને રાખવા.'' **ઈતિ વચનામૃતમ્ ૩૩**

## ॥ વચનામૃત ૩૪મું : તત્ત્વ જડ છે કે ચૈતન્ય ? તેનું ॥

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને ધોળું ધોતિયું પહેર્યું હતું ને ધોળી ચાદર ઓઢી**

**હતી ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દૂકડ સરોદા લઈને ગાવતા હતા.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''કીર્તન રાખો, પ્રશ્ન-ઉત્તર કરીએ તો આળસ મટે.'' એમ કહીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રથમ હું એક પ્રશ્ન પૂછું છું જે, **આ જીવને વિષે માયાનાં કાર્ય એવાં જે ઈન્દ્રિયો, અંતઃકરણ આદિક ચોવીસ તત્ત્વ તે રહ્યાં છે તે એ તત્ત્વ જડ છે કે ચૈતન્ય છે ?**'' પછી **પરમહંસે કહ્યું જે,** ''એ તત્ત્વ ચૈતન્ય તો ખરા.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્યારે એ તત્ત્વ ચૈતન્ય છે ત્યારે આ શરીરને વિષે જીવ છે તે ભેળા ચોવીસ તત્ત્વના પણ ચોવીસ જીવ થયા ત્યારે આ જીવનું જે કલ્યાણ થશે તે પણ સર્વેને વહેંચાતું ભાગે આવશે ને જે પાપ કરશે તે પણ સર્વેને વહેંચાતું ભાગે આવશે ત્યારે સુખ દુઃખનું જે ભોક્તાપણું તે એક જીવને વિષે જ નહીં કહેવાય અને સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ એ ત્રણ પ્રકારનાં જે કર્મ તે પણ એક જીવને જ નહીં કહેવાય. અને **નારદાદિક જે પૂર્વે મુક્ત થયા છે તેમનો એક પોતપોતાનો જીવ જ મુક્ત થયો છે પણ તે ભેળા ચોવીસ તત્ત્વના જીવ તો મુક્ત થયા કહ્યા નથી.**'' એવી રીતે આશંકા કરીને તત્ત્વને નિર્જીવ કરી દેખાડ્યાં. પછી તેમાં જે જે રીતે પરમહંસે ઉત્તર કર્યા તેને તેને આશંકા કરીને ખોટા કરી નાખ્યા. તે કોઈ રીતે પરમહંસથી ઉત્તર થયો નહીં.'

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો એનો ઉત્તર અમે કરીએ જે, એ તત્ત્વ જે તે કાર્યકારણ ભેદે કરીને બે પ્રકારનાં છે. તેમાં **કારણરૂપ જે તત્ત્વ છે તે ચૈતન્ય છે ને કાર્યરૂપ જે તત્ત્વ છે તે જડ છે.** અને આ જીવ છે તે પોતે વિશેષ સત્તાએ કરીને હૃદયને વિષે રહ્યો છે ને પોતાની સામાન્ય સત્તાએ કરીને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણમાં તદાત્મકપણે મળ્યો છે તેણે કરીને એ દેહાદિક ચૈતન્ય જેવાં જણાય છે પણ એ તો જડ જ છે. અને જ્યારે એ જીવ ભગવાનનો ભક્ત થઈને ભગવાનના ધામમાં જાય છે ત્યારે જડ એવાં જે તત્ત્વ તે પડ્યાં

રહે છે. અને એ ચોવીશ તત્ત્વ છે તે માયામાંથી થયાં છે, માટે માયારૂપ છે ને જડ છે. અને દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણરૂપે જુદાંજુદાં જણાય છે તે તો જેમ એક પૃથ્વી છે તે જ ત્વચા, માંસ, મજ્જા, અસ્થિ ને સ્નાયુ એ પાંચ રૂપે થઈ છે ને કાચરૂપે પણ કરનારાની કીમતે થઈ છે, તેમ એ માયા છે તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને એ દેહાદિકરૂપ જુદે જુદે પ્રકારે જણાય છે.''

॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૪ ॥૧૬૭ ॥

## વચનામૃત ૩૫મું : જારની ખાણનું, કલ્યાણને અર્થે ચાર વાનાનું

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિ પાછલી છો ઘડી રહી ત્યારે શ્રીજી મહારાજ સૂતા ઊઠીને શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને શ્યામ છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી.**

**પછી પરમહંસ તથા હરિભક્તને તેડાવીને તે પ્રત્યે બોલ્યા જે,** ''આજ તો અમને નિદ્રા બહુ આવી તે ઘણું ઊઠવાનું કર્યું પણ ઊઠાય નહિ. ને તે નિદ્રામાં અમે વિચાર ઘણો કર્યો છે ને **તે વિચાર કરીને જે નિર્ધાર કર્યો છે તે કહું છું જે,** હું રામાનંદ સ્વામી પાસે આવ્યા મોર પણ આત્માને સાક્ષાત્ દેખતો ને હમણે પણ દેખું છું. તે આત્મા સૂર્યના જેવા પ્રકાશે યુક્ત છે ને આ મારી સર્વે ઈન્દ્રિયોની ક્રિયાને વિષે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી, પણ એ આત્મદર્શન થવું બહુ કઠણ છે. એવું આત્મદર્શન તો પૂર્વના ઘણાક જન્મના સત્સંસ્કારવાળો કોઈક વીરલો હોય તેને થાય છે અને બીજો તો એ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તો પણ આત્માનું દર્શન થાય નહિ. **એ તો ક્યારે થાય?** તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ત્યારે એ આત્માને દેખવો એ કાંઈ કઠણ નથી અને ભગવાનના ધ્યાન વિના કેવળ આત્માને વિચારે કરીને આત્મા જણાય છે કે દેખાય છે, એવી તો આશા કોઈને રાખવી નહિ. અને **ભગવાનની ઉપાસના કરવી ને ભગવાનનાં ચરિત્ર**

**ગાવવાં, સાંભળવાં ને ભગવાનનું નામસ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું, એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી,** એ તો જેમ વહાણમાં બેસીને સમુદ્રને તરવો એવો સુગમ માર્ગ છે.

અને આત્મદર્શન કરીને કલ્યાણ કરવું, તે તો જેમ તુંબડાં બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે અને **અમે જે આત્મજ્ઞાનની વાર્તા કરીએ છીએ** તેમાં તો એટલું જ પ્રયોજન છે જે, 'જો પોતાના આત્માને દેહથી જુદો માને તો દેહને વિષે પ્રીતિ ન રહે તથા દેહનાં સંબંધીને વિષે હેત ન રહે તથા ભગવાનની ભક્તિને વિષે કોઈ વિઘ્ન ન થાય.' એટલું જ પ્રયોજન છે પણ કેવળ એણે કરીને જ કલ્યાણ થાય એમ તો માનવું નહિ.

અને **વળી જગતમાં એમ વાર્તા છે જે,** 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' એ વાર્તા ખોટી છે. એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ. અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહિ અને એવી રીતે **સ્ત્રીપુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહિ.** તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ. તે માટે **ધર્મમાં તો ક્યારે રહેવાય ?** તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે, તો એણે ધર્મમાં રહેવાય. અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો તેણે ધર્મમાં રહેવાય; અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવા અવસ્થાવાળી જે પોતાની મા, બોન ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુવે, તો એણે ધર્મમાં રહેવાય. એવી રીતે ધર્મમાં રહેવું તથા ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી તથા ભગવાનના અવતાર ચરિત્રનું શ્રવણ કીર્તન કરવું તથા ભગવાનનું નામસ્મરણ કરવું એ ચાર વાનાં જ જીવના અતિશય કલ્યાણને અર્થે છે.

અને **આ તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો.** તે અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. માટે એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે. અને **આવી રીતે અમે સ્વરૂપાનંદ સ્વામીને વાર્તા કરી હતી** તે વાર્તાને ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમશાંતિ થઈ, પણ એ ઘણાય આત્માને દેખતા હતા તોય પણ તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહિ.

અને વળી પરોક્ષ જે શ્રીકૃષ્ણ રામચંદ્રાદિક ભગવાનના અવતાર તેમનાં જે ચરિત્ર તે જ્યાં જ્યાં કહ્યાં હોય તેને પણ સાંભળવાં ને ગાવવાં અને એ ચાર વાનાંની દ્રઢતા થાય તેને અર્થે અમે શ્રીમદ્ ભાગવત આદિક આઠ ગ્રંથનું અતિશય પ્રતિપાદન કર્યું છે. માટે એ ગ્રંથને સાંભળવા ને ભણવા ને એ ચાર વાનાંની જ વાર્તા કરવી. અને વળી ભગવાનની મૂર્તિની ઉપાસના ને ભગવાનનાં ચરિત્ર ને ભગવાનનું નામસ્મરણ **એ ત્રણ વાનાં વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે.** અને ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમાં **ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઈચ્છે એવો જાણવો** ને તેને ચંડાળ જેવો જાણવો, માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે પણ એ વિના બીજું કોઈ એવું સાધન નથી જે જેણે કરીને કલ્યાણ થાય. અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય, કીર્તન તે ગાવવાં ને સાંભળવાં તથા ભગવાનનાં અવતારચરિત્રે યુક્ત એવાં કાવ્ય, કીર્તન બીજા કવિનાં હોય તો

તેને પણ ગાવવાં અને સાંભળવાં, પણ કબીર ને અખાનાં જે કાવ્ય, કીર્તન હોય તથા એ જેવાં જેનાં જેનાં કાવ્ય, કીર્તન હોય તેને ગાવવાં નહિ ને સાંભળવાં પણ નહિ.

અને **તમારે સર્વેને મારે વિષે વિશ્વાસ છે** ને હું તમને જેવી તેવી અવળી વાતે ચડાવી દઉં તો જેમ સર્વેને કૂવામાં નાખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ, તેમ તમે પણ મારાં વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તો એમાં મારું શું સારું થાય ? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે તે મેં તમને હેતે કરીને કહી છે, તે સારુ તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો.'' એમ કહીને પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો તમે સર્વે આ અમે વાર્તા કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય તો એક એક આવીને મારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો જે, અમારે દૃઢપણે એમ જ વર્તવું છે.' પછી સર્વે પરમહંસ તથા સત્સંગી રાજી થકા ઊઠીને શ્રીજી મહારાજનાં ચરણકમળનો સ્પર્શ કરીને નમસ્કાર કરીને પાછા બેઠા. પછી સર્વે બાઈઓને પણ એવી રીતે કહ્યું, ત્યારે બાઈઓએ પણ છેટે ઊભી રહીને એમ વર્તવાનો નિશ્ચય કરીને સમ ખાધા. પછી શ્રીજી મહારાજ પ્રસન્ન થકા પોતાને ઉતારે પધાર્યા. ।।ઈતિ વચનામૃતમ્ ।।૩૫।।૧૬૮

## ॥ વચનામૃત ૩૬મું : અખંડ વૃત્તિના ચાર ઉપાયનું ॥

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૫ પૂન્યમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''પ્રશ્ન-ઉત્તર કરો.'' **ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉપાય તો ચાર

પ્રકારનો છે. **તેમાં એક તો** જેના ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય તે જ્યાં ચોંટાડે ત્યાં ચોંટી જાય. તે જેમ પુત્રકલત્રાદિકમાં ચોંટે છે તેમ પરમેશ્વરમાં પણ ચોંટે, માટે એક તો એ ઉપાય છે અને **બીજો ઉપાય** એ છે જે અતિશય શૂરવીરપણું, તે શૂરવીરપણું જેના હૈયામાં હોય ને તેને જો ભગવાન વિના બીજો ઘાટ થાય તો પોતે શૂરવીર ભક્ત છે માટે તેના હૃદયમાં અતિશય વિચાર ઊપજે, તે વિચારે કરીને ઘાટ માત્રને ટાળીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે.

અને **ત્રીજો ઉપાય** તે ભય છે, તે જેના હૃદયને વિષે જન્મ, મૃત્યુ ને નરકચોરાશી તેની બીક અતિશય રહેતી હોય તે બીકે કરીને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે અને **ચોથો ઉપાય** તે વૈરાગ્ય છે, તે જે પુરુષ વૈરાગ્યવાન હોય તે સાંખ્યશાસ્ત્રને જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને જુદો સમજીને તે આત્મા વિના બીજા સર્વ માયિક પદાર્થને અસત્ય જાણીને પછી તે આત્માને વિષે પરમાત્માને ધારીને તેનું અખંડ ચિંતવન કરે. અને **એ ચાર ઉપાય વિના તો જેના ઉપર ભગવાન કૃપા કરે તેની તો વાત ન કહેવાય** પણ તે વિના બીજા તો અનંત ઉપાય કરે તોપણ ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહે નહિ. અને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહેવી તે તો ઘણું ભારે કામ છે. તે જેને અનેક જન્મનાં સુકૃત ઉદય થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે ને બીજાને તો અખંડ વૃત્તિ રાખવી મહા દુર્લભ છે.''

એવી રીતે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાની વાત કરીને **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આ સંસારને વિષે માયા માયા કહે છે તે માયાનું રૂપ અમે જોઈ લીધું છે જે, 'ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે.'** અને આ જીવને પોતાનો જે દેહ ને દેહનાં સગાસંબંધી ને દેહનું ભરણપોષણ કરનારો એટલાને વિષે તો જેવું પંચવિષયમાં જીવને અતિશય હેત છે તે થકી પણ વિશેષ હેત છે.

માટે **જેને દેહ ને દેહનાં સગાસંબંધી ને દેહનાં ભરણપોષણ કરનારાં એમાંથી**

**સ્નેહ તૂટ્યો, તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે** અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટ છે તેને ભગવાનને વિષે હેત થાય છે. અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે અને જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ થયો છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ૩૬ ॥૧૬૯॥

## ॥ વચનામૃત ૩૭મું : સ્વાભાવિક પ્રકૃતિ ટાળ્યાનું ॥

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''ગીતામાં કહ્યું છે જે જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે અને શાસ્ત્રે કહ્યો એવો જે નિગ્રહ તેનું જોર ચાલે નહિ, માટે **એ સ્વાભાવિક પ્રકૃતિ છે તે શે ઉપાયે કરીને ટળે ?**'' પછી સર્વ જે મુનિમંડળ તેણે વિચારી જોયું પણ શ્રીજી મહારાજના પ્રશ્નનો ઉત્તર થાય એમ જણાયું નહિ. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર એમ છે જે, એ સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેનાં વચનને વિષે અતિશય વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે તોપણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય છે; પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી, માટે **જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવાં કઠણ વચન કહે તોપણ કોઈ રીતે દુઃખાવું નહિ** ને કહેનારાનો ગુણ જ લેવો એવી રીતે વર્તે, તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તોય પણ તે ટળી જાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૭ ॥૧૭૦॥

## ॥ વચનામૃત ૩૮મું : માંચાભક્તનું, પ્રવેશનું ॥

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા વદિ ૬ છઠ્યને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે** 'સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં કયાંય પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહિ. **યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા,** તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા તોપણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા. અને કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો, તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને કહ્યું જે, 'તમે સદાવ્રતી છો માટે તમને આ બુટ્ટી બતાવીને રૂપું કરવા શીખવું.' પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને તેને એમ કહ્યું જે, 'અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઈચ્છા નથી.' પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા.

માટે જે એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય ને બીજો વૈરાગ્ય હોય ને ત્રીજો પોતાનો ધર્મ દૃઢપણે હોય ને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય. અને તે **એકાંતિક ભક્ત જ્યારે દેહ મૂકે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે** અને જે એકાંતિક ન હોય તેનો તો બ્રહ્માદિકમાં પ્રવેશ થાય છે, અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે, પણ એકાંતિક થયા વિના શ્રીકૃષ્ણ વાસુદેવમાં પ્રવેશ થતો નથી. **તે પ્રવેશ તે એમ**

**સમજવો જે,** જેમ અતિશય લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે ને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે ને જેમ ઘણીક દોલતવાળો હોય ને તે વાંઝિયો હોય ને તેને દીકરો આવે તો તેનો દીકરામાં પ્રવેશ થાય છે, તેમ એવી રીતે જેનો જીવ જે સંઘાથે બંધાયો હોય તેને વિષે તેનો પ્રવેશ જાણવો પણ જેમ જળમાં જળ મળી જાય છે અને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ નથી થતો; એ તો જેનો જેને વિષે પ્રવેશ હોય તેને પોતાના ઈષ્ટદેવ વિના બીજા કોઈ પદાર્થને વિષે હેત ઊપજે નહિ ને એક તેની જ રટના લાગી રહે ને તે વિના જીવે તે મહાદુઃખના દિવસ ભોગવીને જીવે પણ સુખ ન થાય.'' ।।ઈતિ વચનામૃતમ્।।૩૮।।૧૭૧।।

## ॥ વચનામૃત ૩૯મું : સ્વાભાવિક ગુણ વર્ત્યાનું ॥

**સંવત્ ૧૮૮૦ના ભાદરવા વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચડીને શ્રીલક્ષ્મીવાડીએ પધાર્યા હતા. પછી ત્યાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** **''દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પણ જે પોતામાં એવો ગુણ હોય તે જાય જ નહિ એવો જેને જે સ્વાભાવિક ગુણ હોય તે કહો ?''** એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે, ''લ્યો, **અમે અમારામાં એવા સ્વાભાવિક ગુણ રહ્યા છે તે કહીએ જે, એક તો અમારે એમ વર્તે છે જે,** પંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થ છે તેનો દેહે કરીને સૂઝે એટલો યોગ થાય તોપણ તેનો મનમાં ઘાટ ન થાય તથા સ્વપ્નમાં પણ ન આવે અને **બીજો એમ જે,** બહારથી સૂઝે એટલી પ્રવૃત્તિમાં રહ્યા હોઈએ પણ જ્યારે અંતર્દૃષ્ટિ કરીને પોતાના આત્મા સામું જોઈએ તો કાચબાના અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય ને પરમ સુખરૂપે વર્તાય અને **ત્રીજો એમ જે** ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે

તેમાં સદા સાકારમૂર્તિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા જ સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થતું નથી, એવી રીતે સાકારની દૃઢ પ્રતીતિ છે. તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તોપણ એ પ્રતીતિ ટળી નહિ. અને **ચોથો એમ જે,** જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, 'આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી,' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય; ને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ મન રાજી થાય ને તેની સાથે જ સુવાણ્ય થાય. એ ચાર ગુણ અમારે વિષે સ્વાભાવિકપણે રહ્યા છે તે કહ્યા અને હવે તમે સર્વે કહો.'' પછી જે મોટેરા પરમહંસ તથા મોટેરા હરિભક્ત હતા તેમણે જેમાં જે ગુણ એવો હતો તે કહી દેખાડ્યો.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે મોટેરો હોય તેને વિષે નિષ્કામરૂપ ધર્મ છે તે અવશ્ય જોઈએ ને બીજી વાતમાં તો કાંઈક કાચ્યપ હોય તો ચાલે પણ એની તો દૃઢતા અતિશય જોઈએ. કેમ જે, **એ મોટેરો છે, તેની સારપ્યે સર્વની સારપ્ય કહેવાય.''** એવી રીતે વાર્તા કરીને પાછા દાદાખાચરના દરબારમાં પધારીને સંધ્યા આરતી, નારાયણધૂન્ય, સ્તુતિ કરીને પછી સર્વે સાધુ તથા હરિભક્તની સભા થઈ. **પછી શ્રીજી મહારાજે મોટેરા મોટેરા પરમ-હંસને પૂછ્યું જે,** ''અમે પંચમસ્કંધ તથા દશમસ્કંધનું અતિશય પ્રતિપાદન કર્યું છે. માટે એ બે ગ્રંથનું જે રહસ્ય તે જેમ તમને સમજ્યામાં આવ્યું હોય તે કહો.'' ત્યારે મોટેરા સર્વે પરમહંસે પોતપોતાની સમજણ પ્રમાણે જેમ જણાયું તેમ કહી દેખાડ્યું. પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો હવે અમે એ બે ગ્રંથનું રહસ્ય કહીએ જે, રહસ્ય તે શું ? તો ગમે તેવો શાસ્ત્રી હોય, પુરાણી હોય, અતિશય બુદ્ધિવાળો હોય, તે પણ સાંભળીને તે વાર્તાને નિશ્ચય સત્ય માને ને હા પાડે, પણ તેને કોઈ રીતે સંશય ન રહે, જે 'એ વાર્તા એમ નહિ હોય' એવી રીતે જે કહી દેખાડવું તેનું નામ રહસ્ય કહેવાય.

**અને એ બે ગ્રંથમાં દશમસ્કંધનું તો એ રહસ્ય છે જે,** ઉપનિષદ, વેદાંત ને શ્રુતિ-સ્મૃતિ તેમાં જેને બ્રહ્મ કહ્યા છે, જ્યોતિઃસ્વરૂપ કહ્યા છે, જ્ઞાનરૂપ કહ્યા છે, તત્ત્વ કહ્યા છે, સૂક્ષ્મ કહ્યા છે અને નિરંજન, ક્ષેત્રજ્ઞ, સર્વકારણ, પરબ્રહ્મ પુરુષોત્તમ, વાસુદેવ, વિષ્ણુ, નારાયણ, નિર્ગુણ એવે એવે નામે કરીને જેને પરોક્ષપણે કહ્યા છે, તે તે આ પ્રત્યક્ષ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણવાસુદેવ છે. એવી રીતે જ્યાં જ્યાં સ્તુતિભાગ છે ત્યાં ત્યાં એવા એવા સ્તુતિના શબ્દને લઈને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને જ કહ્યા છે પણ શ્રીકૃષ્ણ ભગવાનથી અધિક કાંઈ નથી કહ્યું. તથા સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા તે પણ શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ કહ્યું છે.

**અને પંચમસ્કંધને વિષે તો** એ શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા એ શ્રીકૃષ્ણ ભગવાન જે તે આ જગતની સ્થિતિને અર્થે ને પોતાના ભક્તજનને સુખ આપવાને અર્થે અનેક પ્રકારની મૂર્તિઓને ધારીને ખંડખંડ પ્રત્યે રહ્યા છે, એમ કહ્યું છે અને **પોતે બાંધી એવી જે મર્યાદાઓ તેને વિષે જે રહે તે અતિશય મોટ્યપને પામે ને જે ન રહે તે મોટો હોય તોપણ પોતાની સ્થિતિ થકી પડી જાય** અને જે સાધારણ જીવ હોય ને તે મર્યાદાને લોપે તો તેને અધોગતિ થાય છે એમ કહ્યું છે. અને એજ જે શ્રીકૃષ્ણ વાસુદેવ તેણે વસુદેવ દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે અદ્‌ભુત બાળક થકા દર્શન દીધું, એ અનાદિ વાસુદેવરૂપ છે અને એ શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ, અર્થ, કામને વિષે વર્ત્યા છે; **તે ધર્મ, અર્થ, કામ સારુ જે જે ભગવાને ચરિત્ર કર્યાં તેનું જે ગાન કરે અથવા શ્રવણ કરે તે સર્વે જીવ સર્વે પાપ થકી મુકાઈને પરમપદને પામે છે.** અને એ વાસુદેવ ભગવાનનાં જન્મ, કર્મ ને મૂર્તિ એ સર્વે દિવ્યસ્વરૂપ છે અને એ જે વાસુદેવ શ્રીકૃષ્ણ તે જ સર્વોપરી છે એવી રીતે એ બે ગ્રંથનું રહસ્ય છે. અને જે શુકજી જેવા બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને પણ એ શ્રીકૃષ્ણ પરબ્રહ્મની ઉપાસના-ભક્તિ કરવી ને દશમમાં કહ્યાં જે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર તે શુકજી જેવાને પણ ગાવવાં અને સાંભળવાં તે શુકજીએ જ કહ્યું છે જે :

**'પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥'**

અને એવા જે વાસુદેવ ભગવાન તેના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખવી. અને જો ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ હશે ને કદાચિત્ એ જીવ કાંઈક પાપ કરશે તોપણ એનો ઉદ્ધાર થશે. કેમ જે, પાપ કરે તેનું તો પ્રાયશ્ચિત કહ્યું છે. પણ **ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે, એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી.** અને ભગવાનને સાકાર જાણીને નિષ્ઠા રાખી હોય ને કદાચિત્ તેથી કાંઈક પાપ થઈ ગયું હોય તો એનો શો ભાર છે? એ પાપ તો ભગવાનને પ્રતાપે કરીને સર્વે બળી જશે ને એનો જીવ ભગવાનને પામશે. માટે **ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને એની દૃઢ ઉપાસના કરવી, એમ અમે તમને સર્વેને કહીએ છીએ. તે આ વાર્તાને સર્વે દૃઢ કરીને રાખજ્યો.**'' એવી રીતે શ્રીજી મહારાજ સર્વેને શિક્ષાનાં વચન કહીને ભોજન કરવા સારુ પધાર્યા. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૩૯ ॥ ૧૭૨**

## ॥ વચનામૃત ૪૦મું : એક દંડવત્ પ્રણામ અધિક કરવાનું ॥

**સંવત્ ૧૮૮૦ના આસો વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા. પછી સ્નાન કરીને અને શ્વેત વસ્ત્રનું ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હવા. તે પ્રતિદિન જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો.**

તેને જોઈને **શુકમુનિએ પૂછ્યું જે, ''હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો.' **અને આજ તો અમને**

**એવો વિચાર થયો જે,** 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.' માટે જાણે અજાણે, મને વચને દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો.

અને **અમે તો એમ જાણ્યું છે જે,** 'ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું. અને ભગવાનના ભક્તની મને વચને દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું.'

અને એ **ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે** અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે માટે જેને **આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય તેને ભગવાનના ભક્તનો મને વચને દેહે કરીને દ્રોહ ન કરવો** અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય, એવી રીતે વર્ત્યાનો આદર કરવો; પણ એકવાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા એવી રીતે વર્તવું નહિ.

અને આ વાર્તા દાડી સાંભરતી રહે **તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે,** 'ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો.' એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૪૦॥ ૧૭૩॥

## ॥ વચનામૃત ૪૧મું : માનરૂપી હાડકાનું ॥

સંવત્ ૧૮૮૦ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા ખોસ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ કૃપા કરીને** પોતાના ભક્તજનને ઉપદેશ કરતા થકા બોલ્યા જે, "**જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી,** તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી. અને **જીવનો તો એવો સ્વભાવ છે જે,** 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે.' પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ. અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે પણ મૂર્ખ એમ નથી જાણતો જે,'મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું.'

**તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માન રૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી** અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે; પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો **રતનજી તથા મિયાંજી** જેવા કોઈક જ કરતા હશે પણ સર્વેથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી." પછી તે ઉપર **મુક્તાનંદ સ્વામીએ** તુલસીદાસની સાખી કહી જે :

**'કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;**

**તુલસી લઘુ ભોજન કરી, જીવે માન કે રંગ.'**

એ સાખીને સાંભળીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી, માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૧ ॥ ૧૭૪ ॥**

## વચનામૃત ૪૨મું : સગુણ-નિર્ગુણપણું અક્ષરને વિષે છે, કૂંચીનું

**સંવત્ ૧૮૮૦ના માગશર વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી ભગવદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ! ભગવાનના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે કેવી રીતે રહ્યાં છે? અને બ્રહ્માંડમાં ક્યે ક્યે ઠેકાણે ભગવાનના અવતાર થાય છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** પુરુષોત્તમ ભગવાનનું જે અક્ષરધામ તેના બે ભેદ છે, એક સગુણપણું ને બીજું નિર્ગુણપણું અને પુરુષોત્તમ નારાયણ છે તેને તો સગુણ ન કહેવાય ને નિર્ગુણ પણ ન કહેવાય અને સગુણ-નિર્ગુણ ભેદ તો અક્ષરને વિષે છે. તે અક્ષર નિર્ગુણપણે તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મસ્વરૂપે છે અને સગુણસ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશય મોટું છે. તે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે, તે કાંઈ બ્રહ્માંડ અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી, એ તો અષ્ટાવરણે સહવર્તમાન હોય પણ અક્ષરની અતિશય મોટ્યપ છે તે આગળ બ્રહ્માંડ અતિશય નાનાં દેખાય છે. જેમ ગિરનાર પર્વત છે, તે મેરુ આગળ અતિશય નાનો દેખાય અને લોકાલોક પર્વતની આગળ મેરુ પર્વત અતિશય નાનો દેખાય, તેમ બ્રહ્માંડ તો આવડાં ને આવડાં હોય પણ અક્ષરની અતિશય

મોટ્યપ છે તેની આગળ અતિ નાનાં દેખાય છે, માટે અણુ સરખાં કહેવાય છે. અને અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે; તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે તેમ અક્ષરધામ છે. અને તે અક્ષરને ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે. અને ભગવાન જે પુરુષોત્તમ તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન રહે છે ને તે સત્યસંકલ્પ છે અને અક્ષરધામને વિષે રહ્યા થકા જ જે બ્રહ્માંડમાં જે જે રૂપ પ્રકાશ્યાં જોઈએ તેવાં તેવાં રૂપને પ્રકાશ કરે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલાં રૂપે થયા; તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે; અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે અને જ્યાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૨ ॥ ૧૭૫ ॥

## ॥ વચનામૃત ૪૩મું : બ્રહ્મસ્વરૂપ પ્રીતિનું ॥

**સંવત્ ૧૮૮૦ના પોષ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં અયોધ્યાવાસીને ઘેર ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પ્રેમાનંદ સ્વામી સરોદા લઈને કીર્તન ગાવતા હતા.**

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે **''લ્યો પ્રશ્નઉત્તર કરીએ.''** એમ કહીને **શ્રીજી મહારાજે પૂછ્યું જે,** ''જે ભગવાનનો ભક્ત ગુણાતીત હોય ને કેવળ સત્તારૂપે વર્તતો હોય અને તેને વિષે વૈરાગ્યરૂપ જે સત્ત્વગુણ અને વિષયમાં પ્રીતિ રૂપ જે રજોગુણ અને મૂઢપણારૂપ જે તમોગુણ એ ત્રણે ગુણના ભાવ તો ન હોય અને તે તો કેવળ ઉત્થાને રહિત શૂન્યસમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે, એવી રીતે સત્તારૂપે રહ્યો જે નિર્ગુણભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ હોય કે ન હોય? એ પ્રશ્ન છે.'' પછી **મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''જે

સત્તારૂપે વર્તે તેને ભગવાનને વિશે પ્રીતિ તો હોય'' ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું જે ''સત્તારૂપે રહ્યો એવો જે એ ભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ છે તે આત્માને સજાતિ છે કે વિજાતિ છે ?''

પછી **મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''એ પ્રીતિ તો આત્માને સજાતિ છે.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મધ્વાચાર્ય, નિંબાર્ક ને વલ્લભાચાર્ય એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ છે. એમ મોટા મોટા આચાર્યનો સિદ્ધાંત છે. **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૩ ॥**

## ॥ વચનામૃત ૪૪મું : દૈવી-આસુરી જીવનાં લક્ષણનું ॥

**સંવત્ ૧૮૮૦ના પોષ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, ''જ્યારે કોઈક હરિભક્તનો અવગુણ આવે ત્યારે મોરે જેટલા તેમાં દોષ સૂઝતા હોય એટલા ને એટલા જ સૂઝે કે કાંઈ વધુ સૂઝે ?''**

**પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે,** ''અટકળે તો એમ જણાય છે જે મોરે સૂઝતા એટલા ને એટલા સૂઝે છે.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એ વાતમાં તમારી નજર પડી નહિ.** એટલા ને એટલા અવગુણ સૂઝતા હોય તો અવગુણ આવ્યો એમ કેમ કહેવાય ? માટે એ તો ભૂંડા દેશ, કાળ, ક્રિયા, સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ પલટાઈને બીજી રીતની જ થઈ જાય છે, તેણે કરીને અવગુણ વધુ સૂઝે છે. ત્યારે એમ જાણવું જે, 'બુદ્ધિને વિષે ભૂંડા દેશકાળાદિકનું દૂષણ લાગ્યું છે.' અને **અમે તો એમ જાણીએ છીએ જે,** 'જેને પૂર્વે મોટા પુરુષનો સંગ હશે અથવા ભગવાનનું દર્શન થયું હશે તેને તો પોતાના જ અવગુણ ભાસે પણ બીજા હરિભક્તના અવગુણ ભાસે જ નહિ.'

અને **એવાં જેનાં લક્ષણ હોય તેને દૈવી જીવ જાણવો.** અને જે આસુરી જીવ હોય તેને તો પોતામાં એકે અવગુણ ભાસે નહિ અને બીજા જે હરિભક્ત હોય તેને વિષે જ કેવળ અવગુણ ભાસે, **એવી જેની બુદ્ધિ હોય તેને આસુરી જીવ જાણવો.** અને તે આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેવા કાળનેમી, રાવણ ને રાહુ હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ. માટે **પાકા હરિભક્ત હોય તેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા હરિભકતના દોષને તો દેખે જ નહિ.**'' ॥ ઈતિ વચનામૃતમ્ ૪૪

## ॥ વચનામૃત ૪૫મું : એકાવન ભૂતનું ટોળું કાઢવાનું ॥

**સંવત્ ૧૮૮૦ના પોષ વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો, તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલ માત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સૂધા સાવધાન રહેજ્યો, જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને **મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેનાં હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી** અને માયાના ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચ ભૂત, પંચ વિષય અને ચૌદ ઈન્દ્રિયોના દેવતા, એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. અને આ જન્મમાં સર્વ કસર ન ટળી તો બદરિકાશ્રમમાં જઈને તપ

કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરવી છે તથા શ્વેતદ્વીપમાં જઈને નિરન્ન મુક્ત ભેળા તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરી નાખવી છે પણ **ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી; માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો.''** એટલી વાર્તા કરીને શ્રીજી મહારાજ પોતાના ઉતારામાં પધાર્યા.

પછી **તે જ દિવસ સાયંકાળે વળી સભા કરીને વિરાજમાન થયા.** પછી આરતી થઈ રહી ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સાત્ત્વિક કર્મ કરીને દેવલોકમાં જાય છે અને રાજસ કર્મ કરીને મધ્યલોકની પ્રાપ્તિ થાય છે ને તામસ કર્મ કરીને અધોગતિને પામે છે, **તેમાં કોઈ એમ આશંકા કરે જે,** 'રાજસ કર્મ કરીને મનુષ્યલોકની પ્રાપ્તિ થાય છે ત્યારે તો સર્વ મનુષ્યને સુખદુઃખ સરખું જોઈએ' તો **એનો ઉત્તર એમ છે જે,** એક રજોગુણ છે તેના દેશકાળાદિકને યોગે કરીને અનંત પ્રકારના ભેદ થાય છે. માટે **રાજસ કર્મનો એક સરખો નિરધાર રહેતો નથી,** એ તો જેવા દેશ, કાળ, સંગ અને ક્રિયાનો યોગ આવે તેવું કર્મ થાય છે. તેમાં પણ **ભગવાનના ભક્ત સંત અને ભગવાનના અવતાર તે કુરાજી થાય એવું કાંઈક કર્મ થઈ જાય તો** આ ને આ દેહે મૃત્યુલોકમાં યમપુરીના જેવું દુઃખ ભોગવે અને **ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો** આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે અને ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે. **માટે જે સમજુ હોય તેણે તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું.**

અને **પોતાનાં સંબંધી જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો જે,** 'ભગવાન ને ભગવાનના સંત જે જે પ્રકારે આપણા ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું.' અને ભગવાન ને ભગવાનના સંતને અગ્નિએ

જ્યારે રાજી કર્યા હશે ત્યારે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે અને સૂર્ય ચંદ્રાદિક જે પ્રકાશમાન છે તેણે પણ ભગવાન ને ભગવાનના સંતને શુભ કર્મે કરીને રાજી કર્યા હશે ત્યારે એવા પ્રકાશને પામ્યા છે અને દેવલોક મૃત્યુલોકને વિષે જે જે સુખિયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે. માટે જે પોતાના આત્માનું રૂડું થવાને ઈચ્છે તેને તો સદ્‌ગ્રંથને વિષે કહ્યા જે સ્વધર્મ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૫॥

## ॥ વચનામૃત ૪૬મું : મરણદોરીનું, એકાંતિક ધર્મમાંથી પડ્યાનું ॥

**સંવત્ ૧૮૮૦ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પીળી છીંટની રજાઈ ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિ-ભક્તની સભા ભરાઈને બેઠી હતી, ને ઝાંઝમૃદંગ લઈને સંત કીર્તન ગાવતા હતા.**

પછી કીર્તન ગાઈ રહ્યા **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ સંસારને વિષે જે સત્પુરુષ હોય, તેને તો કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ-વૃદ્ધિ થતી દેખીને તેની કોરનો હર્ષ-શોક થાય નહિ અને જ્યારે કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે. કાં જે, થોડાક કાળ જીવવું ને એનો પરલોક બગડશે માટે એને મોટી હાણ થાય છે અને **ભગવાનના જે અવતાર પૃથ્વીને વિષે થાય છે તે** ધર્મના સ્થાપનને અર્થે થાય છે તે કેવળ વર્ણાશ્રમના ધર્મ સ્થાપન કરવાને અર્થે જ નથી થતા; કેમ જે વર્ણાશ્રમના ધર્મ તો સપ્તર્ષિ આદિક જે પ્રવૃત્તિધર્મના આચાર્ય છે તે પણ સ્થાપન કરે છે. માટે એટલા સારુ જ ભગવાનના અવતાર નથી થતા. ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે.

અને **વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી, એને તો**

**એકાંતિક ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે.** તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૈયામાં અભાવ આવ્યો, ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો. અને તે જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને સર્પનો દેહ આવ્યો જાણવો અને તે જો કામે કરીને પડ્યો હોય તો યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો. માટે જે એકાંતિકના ધર્મમાંથી પડીને એવા દેહને પામ્યા છે ને જો તે ધર્મવાળા હોય અથવા તપસ્વી હોય તોપણ ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય, પણ **જેણે ભગવાનનો ને ભગવાનના સંતનો અભાવ લીધો તે તો ભગવાનના ધામને તો ન જ પામે.** અને વળી જે પંચ મહાપાપે યુક્ત હોય અને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો તો એનાં પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય. માટે પંચ મહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૪૬ ॥

## ॥ વચનામૃત ૪૭મું : પાતાળ સુધી પૃથ્વી ફાટ્યાનું ॥

**સંવત્ ૧૮૮૦ના મહા વદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પીળી છીંટની રજાઈ ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય, તેને જો મન દઈને માણસાઈએ રાખતાં આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને જેને સાધુને રાખતાં આવડે નહિ તેની પાસે સાધુ રહે પણ નહિ. અને જે સાધુને મોક્ષનો ખપ હોય, તેને તો જેમ દુઃખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય. **જેમ આ મુક્તાનંદ સ્વામીને ક્ષયરોગ થયો છે** તે દહીં, દૂધ, ગળ્યું, ચીકણું, કાંઈ ખાવા દેતો નથી, તેમ જે સમજુ હોય તેને એમ જણાય જે, 'આ રોગે સારું સારું ખાવાપીવાનું સર્વે ખંડન કરી

નાખ્યું, માટે આ તો ક્ષયરોગરૂપે જાણીએ, કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ?' એમ ભાસે છે. શા માટે ? જે, **શિશ્ન ને ઉદર એ બેને વિષે જે જીવને આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે.** તે ક્ષયરોગ એ બેય પ્રકારની ખોટ્યને કાઢે એવો છે, તેમ એ રોગની પેઠે જે સત્પુરુષ હોય તે વિષયનું ખંડન કરતા હોય ત્યારે મુમુક્ષુ હોય તેને તેમાં દુઃખાઈ જવું નહિ, અને **જે ખાધાપીધાની લાલચે કે લૂગડાંની લાલચે અથવા પોતાને મનગમતા પદાર્થની લાલચે કોઈ મોટેરા સંત ભેગો રહેતો હોય તેને તો સાધુ જ ન જાણવો.** તેને તો લબાડ જાણવો ને કૂતરા જેવો જાણવો અને એવો મલિન આશયવાળો હોય તે અંતે જતાં વિમુખ થાય.

**અને વળી સંતને કોઈ સારું પદાર્થ આપે** તેમાં જે ઈર્ષ્યા કરે તથા જે પંચવિષયનો લાલચી હોય, એ બે તો પંચ મહાપાપીથી પણ અતિ ભૂંડા છે. માટે જે સમજુ હોય તેને સંતના સમાગમમાં રહીને આવો મલિન આશય અંતરમાં રાખ્યો ન જોઈએ; કેમ જે, આ સભા તો જેવી બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં હોય તેવી છે, તેમાં બેસીને જ્યારે મલિન વાસના ન ટળી ત્યારે બીજું ટાળ્યાનું ઠેકાણું ક્યાં મળશે ? અને પંચવિષય છે તે તો પૂર્વે દેવમનુષ્યાદિકને વિષે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે તોપણ હજીલગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી, તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહિ. **જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય** તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ **ઈંદ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ.** માટે હવે તો વિષયની આસક્તિનો ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ. તે મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે, **'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીયે રે.'** માટે આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોતાં મરવું નહિ. અને 'આ દેહમાંથી નીસરીને નારદ, સનકાદિક, શુકજી

જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે.' **એવી વાસના રાખવી** અને એમ કરતાં થકા જો બ્રહ્મલોકમાં કે ઈન્દ્રલોકમાં નિવાસ થઈ જશે તો પણ કાંઈ ચિંતા નથી. જેમ ઝાડે ફરવા ગયા ને પાયખાનામાં માથાભર પડી ગયા તો નાહી ધોઈને પવિત્ર થવું પણ એમાં પડી ન રહેવું, તેમ શુભ વાસના રાખતાં રાખતાં બ્રહ્મલોકમાં કે ઈન્દ્રલોકમાં જવાયું તો એમ જાણવું જે, 'માથાભર નરકના ખાડામાં પડ્યા છીએ' એમ જાણીને શુભ વાસનાને બળે કરીને બ્રહ્મલોક ઈન્દ્રલોકના ભોગને ત્યાગ કરીને ભગવાનના ધામમાં પૂગવું, પણ વચમાં કયાંઈ ન રહેવું એમ નિશ્ચય રાખવો. અને વળી જેમ પોતાની સેવા ગૃહસ્થ કરે છે અથવા ત્યાગી સેવા કરે છે, તેમ આપણે પણ હરિભક્તનું માહાત્મ્ય જાણ્યું જોઈએ; જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણીને કરે છે તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મ્ય જાણીએ છીએ. **જેમ આપણી ગૃહસ્થ અન્નવસ્ત્રે કરીને ચાકરી કરે છે તેમ આપણે પણ એમનું માહાત્મ્ય સમજીને એમની વાતચીતે કરીને ચાકરી કરવી,** એમ અરસપરસ માહાત્મ્ય સમજીને હરિભક્તની સોબત્ય રાખવી.'' ॥ ઈતિ વચનામૃતમ્॥૪૭॥ ૧૮૦॥

## વચનામૃત ૪૮મું : 'વંદુ'ના કીર્તનનું, સંતના મધ્યમાં જન્મ ધરવાનું

**સંવત્ ૧૮૮૦ના મહા વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને તુલસીની નવીન શ્વેત કંઠીઓ કંઠને વિશે ધારણ કરી હતી ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો વિરાજમાન હતો ને કંઠને વિષે પુષ્પના હાર ધારણ કર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને **સાધુ પ્રેમાનંદ સ્વામી** ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે, **''વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ''** એ ગાવતા હતા. પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો **અમારા મનમાં એમ વિચાર થયો જે, 'આવી રીતે એને**

**ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ'** અને જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે જ નહિ. અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તોપણ એ પરમપદને પામ્યો જ છે અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઈ રહ્યો છે. અને દેહક્રિયા તો યોગ્ય હોય એટલી સહજે જ થાય છે અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે, તેતો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી. અને જેને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતે થકે દેહ પડશે, તેને કોટિ કલ્પે દુઃખનો અંત આવતો નથી; માટે આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવું.

અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તોપણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું. અને **અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે,** આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી તોપણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, **'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો' એમ જ ઈચ્છીએ છીએ.** અને જેને એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય, તે તો કાળ, કર્મ ને માયાના પાશ થકી મુકાયો છે. અને જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેનાં માબાપ પણ કૃતાર્થ થયાં જાણવાં. અને ભગવાન વિના બીજા વિષયનું જે ચિંતવન કરે છે, તે તો અતિશય ભૂલ્યો જાણવો.

અને સ્ત્રી, પુત્ર ને ધનાદિક પદાર્થ તે તો જે જે યોનિમાં જાય છે તે સર્વેમાં મળે છે; પણ આવા બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રીવાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર દર્શન ને ચિંતવન તે તો અતિશય દુર્લભ છે. માટે જેમ વિષયી જનને પંચવિષયનું ચિંતવન અંતઃકરણમાં થયા કરે છે, તેમ જેના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે એથી ઉપરાંત મનુષ્યદેહનો બીજો લાભ

નથી. અને એ તો સર્વે હરિભક્તમાં મુખિયો છે. અને એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય; અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતના દર્શન કરવા ઈચ્છે અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે અને નાસિકા તે ભગવાનને ચઢ્યાં જે પુષ્પ, તુલસી તેનાં સુગંધને ઈચ્છે પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ, એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.'' ॥ઈતિ વચનામૃતમ્॥૪૮॥૧૮૧॥

## વચનામૃત ૪૯મું : ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે તેનું,

**સંવત્ ૧૮૮૦ના ફાગણ સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર મેડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘમાં ધોળાં પુષ્પનો હાર લટકતો મૂક્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે. કેમ જે, **માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંતકોટિ કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે** અને જે ભગવાનના સ્વરૂપના દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે, તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેનાં બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે. માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.'' ॥ઈતિ વચનામૃતમ્॥૪૯॥૧૮૨॥

## ॥ વચનામૃત ૫૦મું : રહસ્યનું, જગતના લોચાનું ॥

સંવત્ ૧૮૮૦ના ચૈત્ર વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણે દ્વાર મેડીની ઓસરી ઉપર રાત્રિને વિષે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે,** જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે અને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે અને જેમ શૂરો રણને વિષે ટુક ટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે ને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન અને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી એવું અમારે અખંડ વર્તે છે. અને ઉપરથી તો અમે અતિશય ત્યાગનો ફૂંફવાડો જણાવતા નથી પણ જ્યારે અમે અમારા અંતર સામું જોઈને બીજા હરિભક્તના અંતર સામું જોઈએ છીએ ત્યારે મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ એ સર્વેને કાંઈક જગતની કોરનો લોચો જણાય, પણ **અમારા અંતરને વિષે તો ક્યારેય સ્વપ્નમાં પણ જગતની કોરનો ઘાટ થતો નથી.**

અને ભગવાન ને ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને અર્થે કોઈ સમર્થ નથી એમ જણાય છે અને જે દિવસ ભગવાનની પ્રાપ્તિ નહોતી થઈ તે દિવસ પણ ભગવાનની શક્તિ જે કાળ, તે પણ આ જીવનો નાશ કરી શક્યો નથી, અને કર્મ પણ નાશ કરી શક્યા નથી અને માયા પણ પોતાને વિષે લીન કરી શકી નથી અને હવે તો ભગવાન મળ્યા છે માટે કાળ, કર્મ, માયાનો શો ભાર છે? એમ જાણીને **એવી હિંમત બાંધી છે જે, 'હવે તો**

**ભગવાન ને ભગવાનના ભક્ત વિના કોઈને વિષે પ્રીતિ રાખવી નથી.'**

અને જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી. શા માટે જે ? જેને મારા જેવો અંતરનો દૃઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તોપણ થાય નહિ માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે વાર્તા કરી. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫૦ ॥૧૮૩॥

## ॥ વચનામૃત ૫૧મું : આત્મસત્તારૂપ રહેનારનાં લક્ષણનું ॥

**સંવત્ ૧૮૮૦ના ચૈત્ર વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને પોતાના મુખાર -વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, "કોઈક સમામાં તો જીવ સુષુપ્તિમાં જાય છે ત્યારે અતિશય સુખ થાય છે અને કોઈક સમામાં તો સુષુપ્તિમાં જાય છે, તોપણ ઉદ્વેગ મટતો નથી, તેનું શું કારણ છે?** એ પ્રશ્ન છે.''

પછી મોટા મોટા સંત હતા તેમણે એ પ્રશ્નનું સમાધાન કરવા માંડ્યું પણ યથાર્થ સમાધાન થયું નહિ. પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એ તો રજોગુણનું બળ વૃદ્ધિ પામી જાય છે, તે સુષુપ્તિમાં પણ તમોગુણ ભેળો રજોગુણનો વિક્ષેપ રહે છે માટે સુષુપ્તિમાં પણ અસુખ રહેછે માટે **ગુણનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ અને જ્યારે આત્મસત્તા રૂપે રહે ત્યારે જ સુખી રહે છે.''**

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "આત્મસત્તારૂપે રહે તેનાં શાં લક્ષણ છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "શિવ, બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહિ, એ તો નારદ જેવાના પણ ગુરુ છે અને એ જેવા બ્રહ્મસ્વરૂપે

વર્તે છે તેવું તો બીજાને વર્તવું કઠણ છે. તોપણ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન એ આઠ જો ભૂંડાં થયાં તો તેને યોગે કરીને એ શિવ, બ્રહ્મા જેવાને પણ અંતરમાં અતિશય દુઃખ થયું. માટે ગમે તેવો નિર્ગુણ હોય ને આત્મસત્તારૂપે રહેતો હોય ને જો તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય, તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય માટે **મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.** માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમણે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને **જો તે થકી ઓછું વર્તે તોપણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તોપણ સુખ ન થાય;** શા માટે જે, પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય. તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય, ને તેથી ઓછું અધિકું કરવા જાય તે કરનારો જરૂર દુઃખી થાય. માટે **સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે** અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે; માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૫૧॥૧૮૪॥**

## ॥ વચનામૃત ૫૨મું : ત્યાગી અને ગૃહસ્થની શોભાનું ॥

**સંવત્ ૧૮૮૦ના ચૈત્ર વદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રીલક્ષ્મી વાડીએ પધાર્યા હતા ને ત્યાં વેદિકા પર વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે ફૂલનો તોરો વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને પોતાની આગળ મુનિમંડળ ઝાંઝ, મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા, તે જ્યારે કીર્તન ગાઈ રહ્યા ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'લ્યો હવે વાર્તા

કરીએ તે સાંભળો જે, **આ સંસારને વિષે ગૃહસ્થાશ્રમી ને ત્યાગી એ બેના માર્ગ જુદાજુદા છે.** તે જે ગૃહસ્થને શોભા હોય તે ત્યાગીને દૂષણરૂપ હોય અને જે ત્યાગીને શોભારૂપ હોય તે ગૃહસ્થને દૂષણરૂપ હોય, તેને બુદ્ધિમાન હોય તે જાણે પણ બીજો જાણી શકે નહિ. માટે તેની વિક્તિ કહીએ છીએ જે, જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન-દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ભારે ભારે વસ્ત્ર, આભૂષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે.

અને એ જ જે સર્વે પદાર્થ તે જે ત્યાગી હોય તેને દોષરૂપ છે અને ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું એક કૌપીનભર રહેવું, માથામાં ટોપી ઘાલવી, દાઢીમૂછ મુંડાવી નંખાવવી, ભગવાં વસ્ત્ર રાખવાં અને કોઈ ગાળો દે ને કોઈ ધૂળ નાખે તે અપમાનને સહન કરવું, એજ ત્યાગીને પરમ શોભારૂપ છે.

અને એ **ત્યાગીની જે શોભા તે જ ગૃહસ્થને પરમ દોષરૂપ છે, માટે આ સંસારમાંથી જે નીસર્યો ને ત્યાગી થયો તેને તો એમ વિચારવું જે, 'હું ક્યા આશ્રમમાં રહ્યો છું ?'** એમ બુદ્ધિમાન હોય તેને વિચાર કરવો પણ મૂર્ખની પેઠે વિચાર્યા વિના કોઈ ચાળે ચડી જવું નહિ. અને જે સમજુ હોય તેને કોઈક વઢીને કહે ત્યારે સામો ગુણ લે અને જે મૂર્ખ હોય તેને કોઈક હિતની વાત કહે ત્યારે તે મૂંઝાઈ જાય. અને મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મૂંઝાતા નથી, તો એમની સાથે અમારે ઘણું બને છે.

અને વળી **જે શ્રદ્ધાએ સહિત સેવાચાકરી કરે તે અમને ગમે** અને શ્રદ્ધા વિના તો કોઈ જમ્યાનું લાવે તો તે જમ્યાનું ગમે નહિ. અને વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવું ગમે નહિ અને પૂજા લાવે તો પૂજા ગમે નહિ અને શ્રદ્ધાએ કરીને કરે તે અતિશય ગમે. અને શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતો હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે ને તેની ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે. માટે શ્રદ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તો અમને અતિશય ગમે છે.'' ॥

ઈતિ વચનામૃતમ્ ॥ ૫૨ ॥ ૧૮૫ ॥

## ॥ વચનામૃત ૫૩મું : પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહ તેનું ॥

સંવત્ ૧૮૮૦ના વૈશાખ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાંહતાં ને પોતાના મુખાર-વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે,** 'જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહિ' માટે **પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.**

અને વળી જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય પણ એમ વિચારે નહિ જે, 'મને મારા જીવની ખબર નથી જે આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ? એની કાંઈ ખબર નથી, તોપણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ્ય કાઢે' અને એમ સમજે જે, **'આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી,' એમ ખોટ્ય કાઢે છે પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે,** 'એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે. અને અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે અને શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને પામતા નથી અને નિગમ પણ જેના મહિમાને 'નેતિ નેતિ' કહે છે,

**માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો** અને ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે અને એ ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ

યુક્ત વર્ત્યા કરે છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫૩ ॥ ૧૮૬ ॥**

## વચનામૃત ૫૪મું : સર્વ સાધનાથી સત્સંગ અધિક છે-ગોખરનું-આત્મબુદ્ધિનું

સંવત્ ૧૮૮૦ના જયેષ્ઠ સુદિ ૭ સપ્તમીને દિવસ ત્રીજા પહોરને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. ત્યાં ઘણીવાર સુધી તો ઘોડી ફેરવી, પછી તે વાડી મધ્યે વેદિ ઉપર વિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** ''એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થાઉં છું' એમ ભગવાને કહ્યું છે. **માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો, તે જેને સર્વ સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ?''** પછી જેને જેવું સમજાયું તેવું તેણે કહ્યું, પણ યથાર્થ ઉત્તર થયો નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે, જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે ને મૂછો તાણે તો પણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તોપણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ; શા માટે જે ? એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે. **એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે,** એ વાર્તા ભાગવતમાં કહી છે જે,

**"યસ્યાત્મબુદ્ધિઃકુણપે ત્રિધાતુકે સ્વધીઃકલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ ।**
**યત્તીર્થબુદ્ધિઃ સલિલે ન કર્હિચિજ્જનેષ્વભિજ્ઞેષુ સ એવ ગોખરઃ ॥"**

એ શ્લોકને વિષે એ વાર્તા યથાર્થ કહી છે."॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫૪

## ॥ વચનામૃત ૫૫મું : સોનીની પેઢીનું ॥

**સંવત્ ૧૮૮૦ના જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર નવાનગરનું સોનેરી કોરે યુક્ત શ્વેત મોળિયું બાંધ્યું હતું અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજી મહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને તે સભાને વિષે મુનિ ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા.**

પછી તે મુનિ કીર્તનભક્તિ કરી રહ્યા **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેનું આજ જેવું અંગ હોય તેવું સત્સંગ થયા મોરે પણ કાંઈક હોય ખરું; તે માટે આજ તો સર્વે જેનું જેવું અંગ હોય તે તેવું કહો. તેમાં પ્રથમ તો **અમે અમારું જેવું અંગ છે તેવી વાર્તા કહીએ છીએ તે સાંભળો જે,** જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું એવી વાર્તા ગમતી. અને જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશમાત્ર લાગતી જ નહિ અને વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ, એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા. પછી તીર્થને વિષે ફરતા ફરતા શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા અને પછી શ્રી રામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા તે કેડે સત્સંગનું રૂડું થવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી, **પણ અંતરમાં અખંડ વિચાર એવો રહે છે,** જેમ મનુષ્યને મૂવા ટાણે પથારી ઉપર સુવાર્યો

હોય ત્યારે તે મનુષ્યમાંથી સહુને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે, તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે.

અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે. પણ એમ વિક્તિ નથી જણાતી જે, 'આ સારું પદાર્થ છે ને આ ભૂંડું પદાર્થ છે.' **જેટલાં માયિક પદાર્થમાત્ર છે તે તો સર્વે એકસરખાં જણાય છે; જેમ કાખના મુવાળા છે, તેમાં સારો ક્યો ને નરસો ક્યો ?** તેતો સારોનરસો સહુ એક પાડમાં છે, તેમ માયિક પદાર્થ પણ સર્વે સરખા છે અને કાંઈક સારું-નરસું જે કહીએ છીએ, તે તો ભગવાનના ભક્તને સારું લગાડવાને અર્થે કહીએ છીએ જે, આ સારું ભોજન છે, આ સારું વસ્ત્ર છે, આ સારું ઘરેણું છે, આ સારું ઘર છે, આ સારું ઘોડું છે, આ સારાં પુષ્પ છે, તે ભક્તને સારું લાગે તે સારુ કહીએ છીએ. અને **અમારી સર્વે ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે છે પણ પોતાના સુખને અર્થે એકેય ક્રિયા નથી.**

**અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય** તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે; અને વાણી તે ભગવાનના યશને જ ગાય; અને હાથ તે ભગવાન કે ભગવાનના ભકતની સેવા-પરિચર્યાને જ કરે; અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે; એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા કરીએ છીએ તે થાય છે, પણ એ **ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થમાંથી ઉદાસી છીએ.** જેમ કોઈક મોટો રાજા હોય ને તેને એક જ દીકરો હોય અને તે રાજા સાઠ્ય સિત્તેર વર્ષનો થાય ને પછી તેનો દીકરો મરી જાય ત્યારે તે રાજાનું મન સર્વ પદાર્થમાંથી ઉદાસ થઈ જાય તેમ અમારે પણ ખાતાંપીતાં, ઘોડે ચઢતાં, રાજી-કુરાજીપણામાં, સર્વે કાળે મન ઉદાસી જ રહેછે ને અંતરમાં એમ વિચાર રહે છે જે 'આપણ તો દેહથકી પૃથક્ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને વળી **અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે,** 'આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી

જાય નહિ, તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ; જેમ સાડા સોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે, **તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે,** અને તેમાં માયારૂપી સોની છે તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચ ટચ ટચકા મારતો રહે છે અને જેમ સોનીનાં છોકરાં, સ્ત્રી હોય તે પારસી કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય, તેમ ઈન્દ્રિયો, અંતઃકરણ એ સર્વે માયારૂપી જે સોની તેનાં છોકરાં, સ્ત્રી છે તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક એ રૂપ જે રૂપું, તેને ભેળવીને જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે અને જે સોનામાંથી સોનું કાઢીને રૂપું ભેળવે તો તે સોનું બારવલું થઈ જાય છે અને પછી તે સોનાને તાવી તાવીને પાછું સોળવલું કરે તો થાય છે, તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે રૂપું ભળ્યું છે તેને ગાળીને કાઢી નાખવું ને પછી કંચન રૂપ જે એક આત્મા તે જ રહે પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહિ.' **એવી રીતના વિચારમાં અમે રાતદિવસ મંડ્યા છીએ,** એ અમે અમારું અંગ છે તે કહ્યું. હવે એવી રીતે જેને જે અંગ હોય તે કહો ?''

**પછી સંતમંડળે એમ કહ્યું જે,** ''હે મહારાજ ! તમારે વિષે તો માયિક ગુણનો ભેગ હોય જ નહિ, તમે તો કૈવલ્યમૂર્તિ છો પણ એ જે સર્વે વાત તમે કરી તે તો અમારાં અંગની છે અને તમે કહ્યો જે વિચાર તે અમારે સર્વેને રાખ્યો જોઈએ.'' પછી શ્રીજી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાના ઉતારાને વિષે પધાર્યા. ॥ઈતિ વચનામૃતમ્॥૫૫॥૧૮૮॥

## ॥ વચનામૃત ૫૬મું : કસુંબલ વસ્ત્રનું ॥

**સંવત્ ૧૮૮૧ના અષાઢ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને સર્વ**

**શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને સાધુ દૂકડ, સરોદા લઈને કીર્તન બોલતા હતા, તે કીર્તનભક્તિ થઈ રહ્યા **પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે,** ‘‘આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. પછી તેમાં એમ જણાયું જે, ‘ભગવાનને વિષે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે.’ પછી **તો ગોપાળાનંદ સ્વામી આદિક જે** ભગવાનને વિષે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા અને એ સર્વેનાં અંતઃકરણ ને એ સર્વેના જીવ ને એમની જે ભગવાનને વિષે પ્રીતિ તે સર્વે જોયામાં આવ્યાં. **પછી અમે અમારા આત્માને પણ તપાસીને જોયો ત્યારે અમારે જેવી ભગવાનને વિષે પ્રીતિ જણાણી તેવી બીજાની પ્રીતિ જણાણી નહિ.** શા માટે જે, કાંઈક ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય છે ત્યારે એ સર્વે મોટા છે તોપણ કાંઈક એમની બુદ્ધિને વિષે ફેર પડી જાય છે, ત્યારે એમ જણાય જે, ‘અંતે પાયો કાચો દેખાય છે.’ તે સારી પેઠે જો કોઈક ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનું કાંઈ ઠેકાણું રહે નહિ. માટે એ સર્વેને જોતાં **અમને અમારી કોરનું ઠીક ભાસે છે જે,** ‘ગમે તેવા ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય પણ કોઈ રીતે અમારું અંતઃકરણ ફરે નહિ.’ અને **ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે,** ‘જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય.’

અને **સર્વે સદ્‌ગ્રંથનું પણ એ જ રહસ્ય છે જે** ભગવાન છે એ જ પરમ સુખદાયક છે ને પરમ સાર વસ્તુ છે અને તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે અતિશય તુચ્છ છે ને અતિ અસાર છે અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે. જેમ કસુંબલ વસ્ત્ર હોય તે ઘણું સારું જણાતું હોય, પણ જ્યારે તે ઉપર પાણી પડે ને પછી તેને તડકામાં સુકાવીએ ત્યારે સૂધું નકારું થઈ જાય ને ધોળા વસ્ત્ર જેવું પણ ન રહે, તેમ જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ

ઠેકાણું રહે નહિ. માટે જે **ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારુ પંચવિષયનો અતિશય ત્યાગ કર્યો જોઈએ,** પણ ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ.' **ઈતિ વચનામૃતમ્ ૫૬**

## ॥ વચનામૃત ૫૭મું : ગરોળીના દૃષ્ટાંતનું, મીનડિયા ભક્તનું ॥

**સંવત્ ૧૮૮૧ના અષાઢ સુદિ ૬ છઠ્ઠને દિવસ સંધ્યાઆરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત પાઘ પુષ્પને તોરે યુક્ત વિરાજમાન હતી અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજી મહારાજના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મશાલનો પ્રકાશ થઈ રહ્યો હતો ને મુનિમંડળ દૂકડ ને સરોદા લઈને ભગવાનનાં કીર્તનનું ગાન કરતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સાંભળો, એક વાર્તા કરીએ જે, જ્યારે તમે કીર્તન ગાતા હતા ત્યારે અમે કીર્તન સાંભળતાં જેમ વિચાર કર્યો છે તે વિચાર કહીએ છીએ જે, ભગવાનમાં પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી ને તે સત્તારૂપ આત્મા કેવો છે ? તો જેને વિષે માયા ને માયાનાં કાર્ય જે ત્રણ ગુણ ને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તેનું કોઈ આવરણ નથી અને કાંઈક જે આત્માને વિષે આવરણ જેવું જણાય છે તે અજ્ઞાને કરીને જણાય છે પણ જેણે જ્ઞાન વૈરાગ્યે કરીને એનો સર્વ પ્રકારે નિષેધ કરી નાખ્યો છે, તેને તો એ આત્માને વિષે કોઈ જાતનું આવરણ નથી. અને એ આત્મારૂપે જે વર્તવું તે કેવળ બ્રહ્મ થઈને મસ્ત થવું તેને અર્થે નથી; **એ તો પોતાને આત્મારૂપે રહેવું તેનું એ પ્રયોજન છે જે,** 'હું આત્મા છું તે મારે વિષે કોઈ જાતનું માયાનું આવરણ નથી, તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય ?' એવી રીતે ભગવાનમાં કોઈ રીતનો દોષ ન આવે તે સારુ આત્મનિષ્ઠા દૃઢ કરીને રાખવી અને એ આત્માના પ્રકાશને વિષે વિચારને રાખીને સત્તારૂપમાં જે પેસવા આવે તેનો નાશ કરી

નાખવો. જેમ દીવાના પ્રકાશમાં ગરોળી આવીને જે જે જંતુ આવે તેનો નાશ કરે છે, તેમ આત્માનો જે પ્રકાશ તેમાં રહ્યો જે વિચાર તે આત્મા વિના બીજા પદાર્થનો નાશ કરી નાખે છે.

અને વળી જેને પરમેશ્વરને વિષે પ્રીતિ હોય, તેને તો પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય અને **પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો જે અતિશય ત્યાગ કરે તે ત્યાગ ખરો છે** અને તે પદાર્થ નાનું હોય અથવા મોટું હોય પણ તેનો જે ત્યાગ કરવો તેનું જ નામ ત્યાગ કહેવાય અને જે પદાર્થ ભગવાનના ભજનમાં આડું આવતું હોય તેને તો ન તજી શકે ને બીજો ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તેનો તે ત્યાગ વૃથા છે. અને એમ કાંઈ જાણવું નહિ જે 'સારું પદાર્થ હોય ને તે જ ભગવાનના ભજનમાં આડ્ય કરે ને નરસું પદાર્થ હોય તે ન કરે.' **એ તો જીવનો એવો સ્વભાવ છે જે,** જેમ કોઈકને ગળ્યું ભાવે, કોઈકને ખારું ભાવે, કોઈકને ખાટું ભાવે, કોઈકને કડવું ભાવે તેમ જીવની તો એવી તુચ્છ બુદ્ધિ છે, તે અલ્પ પદાર્થ હોય તેને પણ ભગવાન કરતાં અધિક વહાલું કરી રાખે છે અને **જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ, ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહિ જે, 'તેની કોટિમા ભાગના પાશંગમાં પણ આવે.'** એવા ભગવાનને યથાર્થ જાણીને જો હેત કર્યું હોય, તો માયિક પદાર્થ જે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંઈ પણ પ્રીતિ રહે નહિ, માયિક પદાર્થ સર્વે તુચ્છ થઈ જાય અને **એ ભગવાનનો જ્યારે યથાર્થ મહિમા જણાયો ત્યારે** ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને સર્વે પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય હતું તે રાજ્યનો પણ ત્યાગ કર્યો ને તે એમ સમજ્યા જે, 'એ ભગવાનના સુખ આગળ એ સો લાખ સ્ત્રીઓનું સુખ તે શી ગણતીમાં? ને ચક્રવર્તી રાજ્યનું સુખ પણ શી ગણતીમાં?' અને તેથી ઈન્દ્રના લોકનું ને બ્રહ્માના લોકનું સુખ પણ શી ગણતીમાં?'

અને **એવા જે ભગવાન તે વિના જે બીજા પદાર્થને વિષે પ્રીતિ કરે છે, તે તો અતિશય તુચ્છ બુદ્ધિવાળો છે.** જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ

જઈને કરડે ને તેમાં સુખ માને છે, તેમ મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિને કરે છે. અને જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં તો હેત વધુ હોય, તે તો કેવળ મીનડિયો ભક્ત છે. અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ. અને જ્ઞાન વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ તેણે યુક્ત એવો જે તે ભગવાનનો ભક્ત તે તો એમ જાણે જે, 'શૂરવીર હોય તે લડવા સમે શત્રુ સન્મુખ ચાલે પણ બીવે નહિ તે શૂરવીર સાચો અને શૂરવીર હોય ને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાવર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે તે જે જીવ મારો સંગ કરે તેને આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?' એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્તે કાંઈક થોડીઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહિ.'' એમ કહીને શ્રીજી મહારાજે તુલસીદાસજીનાં ત્રણ પદ ગવરાવ્યાં, તે ત્રણ પદનાં નામ એક તો 'જ્યાકિ લગન રામસોં નાહિ' તથા બીજું 'એ હી કહ્યો સુનુ વેદ ચહું' તથા ત્રીજું 'જ્યાકું પ્રિય ન રામ વૈદેહી' એ ત્રણ પદ ગવરાવીને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેવી રીતે આ પદમાં કહ્યું છે તેવી રીતે આપણે રહેવું છે; તે કરતાં કરતાં જો કાંઈક અધૂરું રહ્યું અને એટલામાં જો દેહ પડ્યો તોપણ મરીને નરકચોરાશીમાં જવું નથી કે કોઈ ભૂતપ્રેત થવું નથી, સૂધો ભૂંડામાં ભૂંડો દેહ આવશે તોપણ ઈન્દ્રના જેવો કે બ્રહ્માના જેવો તો આવશે, પણ એથી ઊતરતો નહિ આવે માટે નિર્ભય રહીને ભગવાનનું ભજન કરવું'' એમ કહીને શ્રીજી મહારાજને મુકુંદ બ્રહ્મચારી તેડવા આવ્યા તે ભેળે જમવા પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫૭ ॥ ૧૯૦ ॥

## ॥ વચનામૃત ૫૮મું : સંપ્રદાયની પુષ્ટિનું ॥

**સંવત્ ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની**

ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને શ્રીજી મહારાજે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણાક કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે?" પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** "એક તો સંપ્રદાય સંબંધી ગ્રંથ હોય અને બીજો શાસ્ત્રે કહ્યો એવો વર્ણાશ્રમનો ધર્મ હોય અને ત્રીજી પોતાના ઈષ્ટદેવને વિષે અતિશય દૃઢતા હોય, એ ત્રણને યોગે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ રહે છે."

પછી શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને પણ પૂછ્યું ત્યારે એમણે પણ એવી જ રીતે કહ્યું. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "લ્યો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, **સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે,** જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે **પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.** તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે.

જેમ રામચંદ્રના ઉપાસક હોય તેને વાલ્મીકિ રામાયણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેને દશમસ્કંધ અને એકાદશસ્કંધ, એ બે જે ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, પણ રામચંદ્રના ઉપાસક તથા શ્રીકૃષ્ણના ઉપાસક તેને વેદે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન થાય. માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે." **એમ કહીને શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે,** 'તમે પણ

પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજ્યો ને **તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.''** પછી એ જે શ્રીજી મહારાજનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું અને શ્રીજી મહારાજને બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

**।।ઈતિ વચનામૃતમ્ ।।૫૮।।૧૯૧।।**

## ॥ વચનામૃત ૫૯મું : પરમ કલ્યાણનું ॥

**સંવત્ ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.'** અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી એ જ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી માટે **ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું** જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે અને પોતાનાં જે સ્ત્રી પુત્રાદિક હોય તે તો કુપાત્ર હોય ને કુલક્ષણવાળાં હોય તોપણ કોઈ રીતે તેનો અવગુણ એ જીવને આવતો નથી અને જે ભગવાનના ભક્ત હોય તે તો સર્વે રૂડે ગુણે કરીને યુક્ત હોય પણ જો તેણે  લગારેક કઠણ વચન કહ્યું હોય તો તેની આંટી જીવે ત્યાં સુધી મૂકે નહિ, એવી જેની વૃત્તિ છે તેને તો જેવું પોતાનાં સંબંધી ઉપર હેત છે તેવું તે ભગવાનના ભક્ત ઉપર કહેવાય જ નહિ ત્યારે એનું કલ્યાણ પણ

થાય નહિ.અને સંતનો મહિમા તો પ્રથમ કહ્યો એવો મોટો છે. તે સંતની ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તોપણ **કોઈકને એમ ડગમગાટ રહે છે જે, 'મારું કલ્યાણ થશે કે નહિ થાય?' તેનું શું કારણ છે?** તો એ જીવને પૂર્વ જન્મને વિષે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી ને તેમની સેવા પણ તેણે કરી નથી. એને તો આ જન્મમાં જ નવો આદર છે, તે આગલ્યા જન્મમાં ફળશે. અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ અને કામ, ક્રોધ, લોભ સંબંધી ઘાટ તો કદાચિત્ રહે પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ, તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહિ. **અને તેની દૃઢતા તો** જેવી **નાથભક્ત**ની છે, કે જેવી **વિષ્ણુદાસ**ની હતી, કે જેવી **હેમરાજ શાહ**ની હતી, કે જેવી **કાશીદાસ**ને છે, કે જેવી **ભાલચંદ્ર** શેઠને હતી, કે જેવી **દામોદર**ને છે એવી દૃઢતા હોય ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.'' ।। ઈતિ વચનામૃતમ્ ।। ૫૯ ।। ૧૯૨ ।।

## વચનામૃત ૬૦મું : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું, પાન ન તોડ્યાનું

**સંવત્ ૧૮૮૧ના શ્રાવણ વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગ-મણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને શ્વેતપાઘ મસ્તક ઉપર બાંધી હતી ને શ્વેતપછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખાર વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે,** ''પ્રશ્ન-ઉત્તર કરો.'' **ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ**

**કહીએ જે,** પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન તથા માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું જે અનુસંધાન **એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી** અને જ્યારે કોઈક જાતના વિક્ષેપનો યોગ આવે ત્યારે ઉપરથી તો ચિત્તનો ધર્મ છે તે વિક્ષેપ જેવું જણાય પણ તે વિક્ષેપનો પોતાના ચૈતન્યમાં તો ડંસ બેસતો નથી; તે કેમ જણાય ? જે જ્યારે સૂઈએ છીએ ત્યારે બહારલ્યો જે વિક્ષેપ તે કોઈ દિવસ સ્વપ્નમાં દેખાતો જ નથી અને જે ચૈતન્યમાં વિક્ષેપ પેઠો હોય તે તો ત્રણે અવસ્થામાં જણાય છે. માટે સ્વપ્નમાં કોઈ રીતે વિક્ષેપ જણાતો નથી, તે થકી એમ જાણીએ છીએ જે, 'ચૈતન્યમાં વિક્ષેપ કોઈ રીતે વળગતો નથી.'

અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક પ્રકારના દુઃખનો વિક્ષેપ થયો હોય એ તો સારી પેઠે અંતરમાં જણાય છે પણ ન જણાય એમ નથી અને એ તો રઘુનાથદાસ સરખો વિમુખ હોય તેને તો ન જણાય; તે જ્યારે રામાનંદ સ્વામીએ દેહ મૂક્યો ને સર્વે સત્સંગી રોવા લાગ્યા ત્યારે પણ રઘુનાથદાસને તો જરાય શોક થયો નહિ અને હસતો જાય ને બીજાને આગળ વાત કરતો જાય. માટે **ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુઃખિયો થાય.**

અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું જે, 'તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે.' **એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે.** અને જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ, એવો જે ચાંડાળ જેવો જીવ હોય તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા

છે અને બીજાં પણ કોટિક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ. અને આ સંસારને વિષે જેમ કોઈક સ્ત્રી હોય તે પોતાના પતિ ઉપર ને બીજા પુરુષ ઉપર સરખું હેત રાખે, તે વેશ્યા સરખી ભૂંડી કહેવાય. તેમ આ સંસારને વિષે જે એવો પુરુષ હોય જે, **'આપણે તો બધાય સાધુ સરખા છે. કેને સારો કે નરસો કહીએ?' તો તે સત્સંગી કહેવાતો હોય તોપણ તેને વિમુખ જાણવો** અને જે પુરુષ એમ જાણે જે, 'આપણ કાંઈક અવળું સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે.' એવી રીતે પોતાની સારપ્ય રાખ્યા સારુ **ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે ને તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવાતો હોય તોપણ તેને વિમુખ જાણવો.**

અને જેવાં પોતાના સગાં-વહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે, તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો. અને **ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય, પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.''**

એટલી વાર્તા કરીને **પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે,** ''હું તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું અને પૂર્વ દેશમાં એક સમે નાગડા વેરાગીની જમાત ભેળો હતો; તે **મને સર્વે વેરાગીએ કહ્યું જે,** 'તાંદળજાની લીલી ભાજી તોડો.' **ત્યારે મેં કહ્યું જે,** 'એમાં તો જીવ છે તે અમે નહિ તોડીએ.' પછી એક જણે તરવાર ઉઘાડી કરીને ડારો કર્યો, તોપણ અમે લીલી ભાજી ન તોડી, **એવો અમારો દયાવાળો સ્વભાવ છે, તોપણ** જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને **તે જો પોતાનો સગો વહાલો હોય તોય પણ જાણીએ જે,** 'તેની આંખ્ય ફોડી નાખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુઃખવે તો તે હાથને કાપી નાખીએ.' એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી. **અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥૬૦॥૧૯૩॥

## ॥ વચનામૃત ૬૧મું : નિયમ, નિશ્ચય અને પક્ષનું, મોટેરાનું ॥

સંવત્ ૧૮૮૧ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત શેલું સોનેરી છેડાનું બાંધ્યું હતું અને એક બીજું શ્વેત શેલું ઓઢ્યું હતું અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, **"જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં તે ક્યા?** તો **એક તો** પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે; અને **બીજો** ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાખે તોય પણ સંશય પડે નહિ, એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય.

અને **ત્રીજો** પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો, તે જેમ માબાપ, દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. **એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.**

અને હરિભક્તની સભામાં મોઢા આગળ આવીને બેસતો હોય ત્યારે બીજાને એમ જણાય જે, 'એ મોટેરો સત્સંગી છે.' પણ **મોટેરાની તો એમ પરીક્ષા છે જે ગૃહસ્થ હોય તે** તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, '**તું પરમહંસ થા.**' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે

કે વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો **ને જે ત્યાગી હોય તે** જ્યારે દેશ પરદેશ માં જાય ને ત્યાં કનક કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, **તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.**

અને વળી **જે કોઈક સંસારમાં રજોગુણી મોટો મનુષ્ય કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે, ત્યારે** તેને આદર કરીને સર્વ સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ; અને એ વ્યવહાર છે તે જ્ઞાની હોય, ત્યાગી હોય તેને પણ રાખ્યો જોઈએ અને જો ન રાખે તો એમાંથી ભૂંડું થાય છે. જેમ રાજા પરીક્ષિત ઋષિના આશ્રમમાં ગયા ત્યારે ઋષિ સમાધિમાં હતા તે રાજાનું સન્માન થયું નહિ, પછી તે રાજાને રીસ ચડી તે મરેલ સર્પ હતો તે ઋષિના ગળામાં નાખ્યો. પછી તે ઋષિના પુત્રે શાપ દીધો, તેણે કરીને તે રાજાનું સાત દિવસમાં મૃત્યુ થયું. અને જ્યારે બ્રહ્માની સભામાં દક્ષપ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી ઊભા ન થયા અને વચને કરીને પણ દક્ષનું સન્માન ન થયું. પછી દક્ષને રીસ ચડી તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. પછી નંદીશ્વર અને ભૃગુઋષિ તેને સામસામા શાપ થયા. પછી તે પાપમાં સતી દક્ષના યજ્ઞમાં બળી મૂઆં અને વીરભદ્રે દક્ષનું માથું કાપીને અગ્નિમાં હોમ્યું અને દક્ષનું મુખ બકરાનું થયું, **માટે ગૃહસ્થ તથા ત્યાગી એ સૌને એ રીત રાખવી જે,** 'સંસાર વ્યવહારે જે મોટો માણસ કહેવાતો હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ.' અને જો અપમાન કરે તો એમાંથી જરૂર દુ:ખ થાય અને ભજન સ્મરણમાં પણ વિક્ષેપ થાય. માટે આ વાર્તા સત્સંગી ગૃહસ્થ સર્વે તથા ત્યાગી સર્વે દૃઢ કરીને રાખજ્યો.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૬૧॥૧૯૪॥

## ॥ વચનામૃત ૬૨મું : આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણાનું ॥

**સંવત્ ૧૮૮૧ના માગશર સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી**

હતી તથા શ્વેત ચોફાળ ઓઢ્યો હતો તથા શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજી મહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **શ્રીજી મહારાજે પોતાના ભત્રીજા જે** અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમને બોલાવીને કહ્યું, ''તમે અમને પ્રશ્ન પૂછો.'' **પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો જે, ''આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય, અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય, અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે?''** એ પ્રશ્ન છે.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સારો દિવસ પ્રવૃત્તિ માર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય તે એવી રીતે એક ઘડી કે અર્ધ ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય તો તેના ભજનથકી તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય. એનો એ જ ઉત્તર છે.''

**પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ-પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે, તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાન પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય તોય પણ મરે ત્યારે ભગવાનના ધામમાં નારદ સનકાદિકની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે, એનો એ જ ઉત્તર છે.''

એવી રીતે **શ્રીજી મહારાજ** વાર્તા કરીને પછી પોતાની ઈચ્છાએ કરીને બોલતા હવા જે, "**અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે,** જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે. તેમાં **એક તો અતિશય આત્મનિષ્ઠા,** જે શુકજીની પેઠે આત્મારૂપે થઈને પરમેશ્વરનું ભજન કરવું અને **બીજું પતિવ્રતાનું અંગ** જે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું અને **ત્રીજું દાસપણાનું અંગ** જે હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું. એ ત્રણ અંગ વિના કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ થતું નથી. અને અમે તો એ ત્રણ અંગને દૃઢ કરી રાખીએ છીએ. અને એ ત્રણ અંગમાંથી જેને એકેય અંગ દૃઢપણે હોય તો તે કૃતાર્થ થાય છે.અને **હવે એ ત્રણ અંગવાળાનાં જે લક્ષણ તે નોખાં નોખાં કરીને કહીએ છીએ.**

તેમાં **આત્મનિષ્ઠાવાળાનું તો એ લક્ષણ છે** જે એક કોરે તો આત્મા છે અને એક કોરે તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ, પંચવિષય, એ આદિક જે માયાનું ટોળું તે છે. અને એ બેના મધ્યને વિષે જે વિચાર રહે, તે વિચાર જ્ઞાનસ્વરૂપી છે. તે વિચાર જેમ વાયુએ રહિત સ્થળને વિષે દીપકની શિખા અતિશય સ્થિર થઈને રહે છે તેમ સ્થિર થઈને રહે છે ને તે વિચાર દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ એમને આત્મા સંઘાથે એક થવા દેતો નથી અને તે વિચાર પણ આત્મા સંઘાથે એક થતો નથી અને જ્યારે તે વિચારને જીવ પામે છે ત્યારે તે જીવની વૃત્તિ કાશી સુધી લાંબી હોય તે વરતાલ જેટલામાં આવે છે અને પછી તે વિચાર જ્યારે દૃઢ થાય ત્યારે વરતાલ થકી આ ગઢડા જેટલામાં આવે છે ને પછી આ ગઢડા જેટલે લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને પોતાના દેહ જેટલમાં રહે છે અને પછી દેહમાંથી વૃત્તિ ટૂંકી થઈને ઈન્દ્રિયોના ગોલકમાં જ રહે છે ને પછી ઈન્દ્રિયોના ગોલક થકી ઈન્દ્રિયોની વૃત્તિ છે, તે અંતઃકરણ સન્મુખ થઈ જાય છે; ને પછી ઈન્દ્રિયોની ને અંતઃકરણની જે વૃત્તિ છે તે આત્માને વિષે લીન થઈ જાય છે, ત્યારે એ જીવના વાસના

લિંગદેહનો નાશ થયો કહેવાય છે **અને એ વિચાર છે તે જ્યારે આ જીવ સંઘાથે મળે છે ત્યારે** તે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિષે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે, એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.'

અને **પતિવ્રતાનું જે અંગ છે તે તો વ્રજની ગોપીઓના જેવું જોઈએ.** જેમ ગોપીઓએ જે દિવસ થકી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસ થકી જેટલાં સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં, તેમ જેને પતિવ્રતાના અંગની ભક્તિ હોય તે ગમે તો ઈન્દ્ર જેવો રૂપાળો પુરુષ હોય તથા દેવતા જેવો હોય તથા કોઈક રાજા જેવો હોય ને તેને જ્યારે દેખે ત્યારે જેમ સડેલ કૂતરાને દેખે અથવા વિષ્ટાને દેખે ત્યારે અતિશય ગ્લાનિ પામીને દૃષ્ટિ પાછી ખેંચી લે છે, તેમ દૃષ્ટિ પાછી ખેંચાઈ જાય, તે ઉત્તમ પતિવ્રતાની રીતિ છે. તે માટે જેની એક ભગવાનને વિષે જ પતિભાવે કરીને વૃત્તિ જોડાણી છે તેનું બીજા કોઈ પુરુષને દેખીને મન રાજી થાય જ નહિ.

અને **ત્રીજું જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે** તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે, તેનું જ દર્શન ગમે અને તેની જ વાર્તા સાંભળવી ગમે ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે અને તેની જ પાસે રહેવું ગમે એવો પ્રીતિવાન હોય, તોપણ પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાતદિવસ એમ ઈચ્છયા કરે જે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તોપણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. **એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે.** એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે અને એ ત્રણે અંગવાળા જે ભગવાનના ભક્ત તેમાં ઉત્તમ, મધ્યમ

અને કનિષ્ઠ પક્ષ છે અને એથી જે બહાર રહ્યા તે તો કેવળ પામર કહેવાય. **માટે એ ત્રણમાંથી એક અંગ પરિપૂર્ણ થાય ને તે કેડ્યે દેહ મૂકે તે તો ઠીક છે** અને એ ત્રણમાંથી એકેય અંગ જેને પરિપક્વ ન થયું હોય ને તેને જે મરવું તે ઠીક નથી અને તે તો પાંચ દહાડા વધુ જીવે ને પોતાની અણસમજણને ટાળીને ને એ ત્રણ અંગમાંથી કોઈક એક અંગને દૃઢ કરીને મરે, એ જ ઠીક છે.

અને વળી **આ જીવનો તો એવો સ્વભાવ દેખાય છે જે,** 'જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે અને જ્યારે ત્યાગ કરે છે ત્યારે પાછા સંસાર સંબંધી સુખના ઘાટ થયા કરે,' એવી રીતે એ જીવનો અવળો સ્વભાવ જણાય છે. માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને ને પોતાના મનનું ગમતું સર્વે મૂકીને ભગવાનને ભજવા અને ભગવાન વિના બીજી સર્વે વાસનાને ટાળીને મરવું તે જ ઠીક છે. અને જેને ભગવાનમાં અતિશય પ્રીતિ ન હોય તેને તો આત્મનિષ્ઠા જ વિચારે કરીને દૃઢ કરવી કેમ જે, જે ભગવાનના ભક્ત હોય તેને કાં તો આત્મનિષ્ઠા દૃઢ જોઈએ ને કાં તો ભગવાનને વિષે અતિશય દૃઢ પ્રીતિ જોઈએ અને એ બે અંગમાંથી જેને એકે અંગની અતિશય દૃઢતા ન હોય તેને તો જે આ સત્સંગના નિયમ છે તેમાં દૃઢપણે કરીને રહેવું તો જ સત્સંગી રહેવાય; નહિ તો સત્સંગ થકી બહાર પડી જવાય. અને **ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી. એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે.** અને પછી જેમ કોઈક પુરુષ પડદામાં રહીને જુવે, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે પણ 'કાળ, કર્મ ને માયાનો શો ભાર છે, જે ભગવાનના ભક્તને પીડી શકે ? એ તો ભગવાનની જ ઈચ્છા છે.' એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું.''

એ વાર્તા સાંભળીને **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''હે મહારાજ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે, તે કોઈકના

જ સમજ્યામાં આવે ને કોઈકના જ વર્ત્યામાં આવે પણ સર્વેને ન આવે. અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે, માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તે તો એ ત્રણ અંગવાળા માંહીલો જે હરિભક્ત હોય, તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે તો તે કાંઈ ન સમજતો હોય તોપણ એ છતે દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે. અને **આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે.** તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે. એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું. અને આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે **બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે.** અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે ને એમને શરીરે મંદવાડ છે, તે રખે કોઈ વાતની સમજણમાં ખામી રહી જાય નહિ ! એમ જાણીને આ વાર્તા કરી છે.'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! મેં પણ જાણ્યું છે જે, મારા સારુ જ આ વાર્તા કરી છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૨ ॥ ૧૯૫ ॥**

## ॥ વચનામૃત ૬૩મું : બળ પામવાનું ॥

**સંવત્ ૧૮૮૧ના માગશર વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારાને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ, ભજનાનંદ સ્વામી શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા ને પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** **''હે મહારાજ ! દ્રષ્ટા ને દ્રશ્યના મધ્યમાં જે વિચાર રહે છે, તે દ્રષ્ટાને અને દ્રશ્યને જુદાંજુદાં રાખે છે. એમાં જીવનું**

**જાણપણું ક્યું જાણવું ને ઈન્દ્રિયો-અંતઃકરણનું જાણપણું ક્યું જાણવું?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમને તો એમ જણાય છે જે,** જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની વૃત્તિઓ તે જીવની જ વૃત્તિ છે અને તેના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે અને તે અંતઃકરણમાં ને ઈન્દ્રિયોમાં જાણપણું છે તે જીવનું જ છે. તે ઈન્દ્રિયો અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે ને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે.

**અને જેનો જીવ અતિશય બળને પામ્યો હોય, તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ અને જેનો જીવ નિર્બળ હોય, તેને તો** સાંખ્યના મતને અનુસરીને એક દૃષ્ટા એવો જે પોતાનો આત્મા તે આત્માપણે રહેવું પણ ઈન્દ્રિયો-અંતઃકરણ ભેળું ભળવું નહિ. એવી રીતે સત્તારૂપ રહેતાં થકાં એનો જીવ બળને પામે છે. અને એથી પણ બળ પામવાનો એક અતિશય મોટો ઉપાય છે જે, ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે **જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.**

અને વળી **અમે અમારા અંતરની વાર્તા કહીએ જે,** જ્યારે અમે અગનોતરાની સાલમાં માંદા થયા હતા, ત્યારે કૈલાસ ને વૈકુંઠ દેખ્યામાં આવ્યાં ને નંદીશ્વરની અસવારી ને ગરુડની અસવારી પણ અમે કરી. એમ અમારા દીઠામાં આવ્યું પણ તે સામર્થીમાં અમને કાંઈ સારું લાગ્યું નહિ. પછી તો અમે કેવળ સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વે ઉપાધિની શાંતિ થઈ; પછી **તેમાં પણ અમને એમ વિચારે થયો જે,** 'સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે.' માટે અમને એમ બીક લાગી જે, 'રખે સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય' માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે તે જ અતિશય શ્રેષ્ઠ સાધન છે.

અને જ્યારે જીવને અંત સમો આવે છે ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રકટ થાય છે. પછી ભગવાન કે ભગવાનના સંતનું જ્યારે દર્શન થાય છે, ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે. એવો ભગવાનનો અને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે. અને **ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ.** અને જેમ પોતાના દેહનાં કુટુંબી હોય છે ને તેને તેના હેતને અર્થે આપણે વઢીને કહીએ ને આપણને તે વઢીને કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી, તેમ ભગવાનના ભક્ત સંઘાથે વર્ત્યું જોઈએ.

**અને જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંઘાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી** ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી. અને આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. **માટે ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પાપ પણ નથી માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન, કર્મ, વચને શુદ્ધભાવે કરીને સેવવા.''** ।। ઈતિ વચનામૃતમ્ ।। ૬૩ ।। ૧૯૬

## ।। વચનામૃત ૬૪મું : શ્રીકૃષ્ણાવતારના માહાત્મ્યનું ।।

સંવત્ ૧૮૮૧ના પોષ સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''હે મહારાજ ! ભગવાનના જે અવતાર છે તે સર્વે સરખા જ છે ? કે તેમાં અધિક-ન્યૂન ભાવ છે?'' **પછી**

**શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું, **ત્યારે તેમાંથી અમને એમ સમજાયું છે જે,** મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે, પણ **બીજા અવતારની પેઠે શ્રીકૃષ્ણ ભગવાન તે અવતાર નથી, તે તો અવતારી જ છે** એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધને વિષે સંપૂર્ણ કહ્યાં છે માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમસ્કંધને અતિશય પ્રમાણ કર્યો છે. અને બીજા જે સર્વે અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે; માટે એ અવતાર ને એ અવતારના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને આપણે માનવા, પણ વિશેષે કરીને તો શ્રીકૃષ્ણભગવાન ને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને જ માનવા.'

**પછી પુરુષોત્તમ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે,** ''**ભગવાન જીવના કલ્યાણને અર્થે આ જગતને સૃજે છે તે વિશ્વ ન રચ્યું હોય ને માયાના ઉદરમાં જીવ હોય તેનું ભગવાન કલ્યાણ કરે તો શું ન થાય ? જે આટલો વિશ્વ સૃજવાનો ભગવાન દાખડો કરે છે?** એ પ્રશ્ન છે.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તે તો રાજાધિરાજ છે ને અખંડમૂર્તિ છે ને પોતાનું અક્ષર ધામરૂપી જે તખત તેને વિષે સદા વિરાજમાન છે અને તે અક્ષરધામને આશ્રિત અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે જેમ કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય ને તેને અસંખ્ય ગામડાં હોય તેમાંથી એક બે ગામ ઉજ્જડ થયાં હોય અથવા વસ્યાં હોય પણ તે તો તે રાજાની ગણતીમાં પણ ન હોય તેમ શ્રીકૃષ્ણ ભગવાન તે અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે તે બ્રહ્માંડોનો કાંઈ એક સામટો પ્રલય થતો નથી અને તેમાંથી એકાદા બ્રહ્માંડનો પ્રલય થાય તે તો ભગવાનની ગણતીમાં પણ નથી.

અને તે **શ્રીકૃષ્ણ ભગવાનનો દેવકીજી થકી જે જન્મ તે તો કથનમાત્ર છે અને એ શ્રીકૃષ્ણ તો સદા અજન્મા છે** અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ છે

તે વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષ થકી પર છે અને અન્વયપણે કરીને તો સર્વે ઠેકાણે છે, જેમ આકાશ છે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે અને વ્યતિરેક-પણે તો ચાર ભૂત થકી પર છે, તેમ શ્રીકૃષ્ણ ભગવાનનું અક્ષરધામ છે અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે. અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટિ જે બ્રહ્માંડ છે તેને વિષે જ્યાં જેને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને તેમ દર્શન દે છે અને જે સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે અને જેનો સ્પર્શ કરવો ઘટે તેનો સ્પર્શ કરે છે. જેમ કોઈક સિદ્ધપુરુષ હોય તે એક ઠેકાણે બેઠો થકો હજારો ગાઉ દેખે ને હજારો ગાઉની વાર્તાને સાંભળે, તેમ ભગવાન પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડને વિષે જ્યાં જેમ જણાવું ઘટે ત્યાં તેમ જણાય છે અને પોતે તો સદા પોતાના અક્ષર ધામમાં જ છે.

અને **એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે જણાય છે તે તો પોતાની યોગકળા છે;** જેમ રાસમંડળને વિષે જેટલી ગોપીઓ તેટલા જ પોતે થયા; માટે એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે દેખાવું એ જ ભગવાનનું યોગકળાએ કરીને વ્યાપકપણું છે પણ આકાશની પેઠે અરૂપપણે કરીને વ્યાપક નથી. અને જે ભગવાનની યોગ માયાએ કરી પચાસ કરોડ યોજન જે પૃથ્વીનું મંડળ છે, તે પ્રલયકાળને વિષે પરમાણુરૂપ થઈ જાયછે અને તે પૃથ્વી પાછી સૃષ્ટિકાળને વિષે પરમાણુમાંથી પચાસ કરોડ યોજન થાય છે અને ચોમાસું આવે છે ત્યારે ગાજવીજ ને મેઘની ઘટા થઈ આવે છે. એ **આદિક સર્વે આશ્ચર્ય તે ભગવાનની યોગમાયાએ કરીને થાય છે.**

એવા **જે શ્રીકૃષ્ણ ભગવાન તે મુમુક્ષુને સર્વ પ્રકારે ભજન કરવા યોગ્ય છે.** શા માટે જે ? બીજા અવતારને વિષે તો એક કે બે કળાનો પ્રકાશ હોય છે અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તો સર્વે કળાઓ છે. માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે ને ત્યાગી પણ છે ને જ્ઞાની પણ છે ને રાજાધિરાજ પણ છે ને કાયર પણ છે ને શૂરવીર પણ છે ને અતિશય કૃપાળુ પણ છે ને યોગકળાને

Index



વિષે પ્રવીણ છે ને અતિશય બળિયા પણ છે ને અતિશય છળિયા પણ છે. માટે **સર્વે કળાએ સંપન્ન તો એક શ્રીકૃષ્ણ ભગવાન જ છે** અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ તેને આશ્રિત જે અનંતકોટિ બ્રહ્માંડ તે પણ સદાય રહે છે. તેમાંથી જે બ્રહ્માંડની સો વર્ષની આવરદા પૂરી થાય તે બ્રહ્માંડનો નાશ થાય, તેણે કરીને કાંઈ સર્વે બ્રહ્માંડનો નાશ થતો નથી. માટે પ્રલયકાળમાં શા સારુ કલ્યાણ કર્યું જોઈએ, સર્વે બ્રહ્માંડ વસે જ છે તો ? એવી રીતે એ પ્રશ્નનું સમાધાન છે.'' **એવી રીતે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા શ્રીજી મહારાજે કરી,** તેને સાંભળીને સર્વે હરિભક્ત એમ જાણતા હવા જે, એ જ જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજી મહારાજ છે. ॥ઈતિ વચનામૃતમ્ ॥૬૪॥૧૯૭॥

## ॥ વચનામૃત ૬૫મું : અખતરડાહ્યાનું, ભગવાનની માયાનું ॥

**સંવત્ ૧૮૮૧ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની સમીપે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''સાંભળો, ભગવાનની વાર્તા કરીએ.'' ત્યારે તાલ પખાજ લઈને સંત કીર્તન ગાવતા હતા તે છાના રહ્યા અને સર્વે હાથ જોડીને સાંભળવા બેઠા, **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામકૃષ્ણાદિક જે અવતાર થાય છે તેને તો માયાનું કાર્ય એવું જે આ જગત તેમાં કોઈ ઠેકાણે મોહ થતો નથી અને પોતાના અલૌકિક પ્રતાપે કરીને નિઃશંક વર્તે છે અને પોતાના ભક્તજનની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચવિષયને પણ સારી પેઠે ભોગવે છે, **તેને જોઈને આ સંસારને વિષે જે અખતરડાહ્યા મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ**

Index



**પરઠે છે અને એમ જાણે જે,** ‘આ તો પરમેશ્વર કહેવાય છે તોપણ એને આપણા કરતાં પણ વધુ સંસારને વિષે આસક્તિ છે.’ એમ જાણીને ભગવાનને પણ પોતા જેવા મનુષ્ય જાણે છે પણ ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી, **એ જ ભગવાનની માયા છે.** અને બ્રહ્મસ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ તેને પણ આ સંસારને વિષે કોઈ પદાર્થ દેખીને મોહ થતો નથી, તો બ્રહ્મથી પર પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને માયા ને માયાનાં કાર્ય થકી નિર્લેપ રહેવાય એમાં તે શું કહેવું ? એ તો રહેવાય જ.

અને આત્મનિષ્ઠાવાળા જે સંત તેને આત્મનિષ્ઠા ને તીવ્ર વૈરાગ્ય એ બેય હોય તેણે કરીને કોઈ રીતનું બંધન તો ન થાય, પણ જો તેને ભગવાનને વિષે ભક્તિ ન હોય તો જેમ બહુ પ્રકારનાં ભોજન ને બહુ પ્રકારનાં વ્યંજન કર્યાં હોય ને તેમાં જો એક લવણ ન હોય તો તે સર્વે નકારાં થઈ જાય છે, **તેમ ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે ને સદા અકલ્યાણકારી જ છે,** એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તોપણ શ્રીમદ્ ભાગવતને ભણતા હવા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દૃઢ ભક્તિને કરતા હવા. માટે આત્મનિષ્ઠાવાળાને જો ભગવાનને વિષે ભક્તિ ન હોય તો એ એને મોટું દૂષણ છે.

અને જેને ભગવાનને વિષે ભક્તિ હોય તેને પણ જો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય, તો જેવી ભગવાનને વિષે પ્રીતિ હોય તેવી બીજા પદાર્થને વિષે પણ પ્રીતિ થઈ જાય માટે **એ ભક્તિ માર્ગવાળાને પણ મોટું દૂષણ છે.** અને જે આવો પરિપક્વ ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે; માટે તેને તો પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે તે સારુ કોઈ પદાર્થમાં તે મોહ પામતો નથી. માટે આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભગવાનને વિષે ભક્તિ એ ત્રણેય ભેળાં હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય અને એવો જે હોય તે તો ભગવાનનો જ્ઞાની ભક્ત કહેવાય, એકાંતિક ભક્ત કહેવાય, અનન્ય ભક્ત કહેવાય.’’ ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૫ ॥ ૧૯૮

## ॥ વચનામૃત ૬૬મું : છ સદ્‌ગુરુના પ્રશ્નોનું, ગોળો ઝાલ્યાનું ॥

સંવત્ ૧૮૮૧ના પોષ વદિ ૧ પ્રતિપદાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પીળાં પુષ્પનાં ને રાતી ગુલદાવદીનાં પુષ્પના હાર કંઠને વિષે વિરાજમાન હતા ને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને પોતાની આગળ સરોદા ને દૂકડ લઈને સંતમંડળ વિષ્ણુપદ ગાવતા હતા. તે કીર્તનભક્તિ થઈ રહ્યા **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘આજ તો અમારે મોટા મોટા સંતને પ્રશ્ન પૂછવા છે.’’ એમ કહીને પ્રથમ **આનંદ સ્વામીને પૂછતા હવા જે,** ‘‘કોઈક એવો પુરુષ હોય જે તેને બુદ્ધિ થોડી હોય તો પણ પોતામાં જે દોષ હોય તેને દેખે અને બીજા હરિભક્તમાં દોષ હોય તેને ન દેખે અને ગુણ હોય તેને જ દેખે, અને બીજો જે પુરુષ છે તેને તો બુદ્ધિ ઘણી છે, તોપણ પોતાના અવગુણને દેખતો જ નથી અને બીજા હરિભક્તને વિષે ગુણનો ત્યાગ કરીને કેવળ દોષ જ દેખે છે. એનું શું કારણ હશે ? જે થોડી બુદ્ધિવાળો હોય તે પણ પોતાના દોષને દેખે છે અને ઝાઝી બુદ્ધિવાળો છે તેને પોતાના દોષ સૂઝતા નથી ? એ પ્રશ્ન છે.’’ પછી આનંદ સ્વામીને જેવો સૂઝ્યો તેવો ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘એનો ઉત્તર એમ છે જે આ જન્મે અથવા કોઈ જન્માંતરને વિષે એણે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે, તે પાપે કરીને એની બુદ્ધિ દોષે યુક્ત છે, માટે એને હરિભક્તના દોષ સૂઝે છે ને પોતાના દોષ સૂઝતા નથી, એજ એનો ઉત્તર છે.’’

એમ કહીને પછી **શ્રીજી મહારાજ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછતા હવા જે,**

**"ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાન પમાય છે ?** ત્યારે તમે એમ કહેશો જે, 'જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ એ ચાર સાધને કરીને પમાય છે.' તે જ્યારે એ ચાર સાધને કરીને ભગવાનની પ્રાપ્તિ થાય છે ત્યારે એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય એવા અનન્ય ભાવનો નિર્ધાર રહ્યો નહિ." પછી નિત્યાનંદ સ્વામીએ બહુ પ્રકારે ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહિ.

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે પણ ભગવાન છે તે અતિ સમર્થ છે ને તેની આજ્ઞાને બ્રહ્માદિક સમગ્ર દેવ પાળે છે તથા કાળ માયાદિક જે સર્વે બ્રહ્માંડના કારણ તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે. માટે **ભગવાનનો ભક્ત હોય તેને એ ભગવાનની આજ્ઞા છે તે દૃઢ કરીને માનવી એજ ભગવાનના ભક્તનું લક્ષણ છે.** તે સારુ સાધન સર્વે અતિ દૃઢ કરીને રાખવાં એટલે એક ભગવાનવતે જ કલ્યાણ છે અને એ સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે. એજ એ પ્રશ્નનો ઉત્તર છે."

પછી **શ્રીજી મહારાજ** બ્રહ્માનંદ સ્વામીને પૂછતા હવા જે, **"આ દેહને વિષે જીવ છે, તે સાકાર છે કે નિરાકાર છે?" પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે,** "જીવ તો સાકાર છે" **ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,** 'જો જીવ સાકાર હોય તો તે કરચરણાદિકે યુક્ત થયો, ત્યારે દશમસ્કંધને વિષે વેદસ્તુતિના અધ્યાયમાં એમ કહ્યું છે જે, 'ભગવાન જે તે જીવના કલ્યાણને અર્થે તે જીવનાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન ને પ્રાણ તેને સૃજતા હવા, તે જો જીવ સાકાર જ હોય, તો તેને અર્થે બુદ્ધિ, ઈન્દ્રિય, મન, પ્રાણ સૃજ્યાનું શું કામ છે? માટે એવી રીતનાં શાસ્ત્રનાં વચનને જોતાં એમ જ નિર્ધાર થાય છે જે, **જીવ જે તે સ્વરૂપ-સ્વભાવે કરીને તો સત્તામાત્ર છે ને ચૈતન્ય વસ્તુ છે; અને અનાદિ અજ્ઞાનરૂપ એવું જે કારણ શરીર તેણે યુક્ત છે** અને જેમ ચમકપાણ હોય તે લોઢાને

તાણીને લોઢા સાથે ચોંટી રહે છે તેમ એ જીવનો પણ ચોંટવાનો સ્વભાવ છે તે માયિક એવાં જે સ્થૂળ અને સૂક્ષ્મ એ બે શરીર તે સાથે ચોંટે છે અને એ જીવ અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે, પણ વસ્તુગતે તો એ જીવ શરીર જેવો નથી.''

**પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ''જ્યારે ભગવાનની ભક્તિએ કરીને એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, ત્યારે એ જીવને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ માયિક ત્રણ દેહનો સંબંધ રહેતો નથી ત્યારે એ જીવ ભગવાનના ધામમાં જઈને કેવી રીતના આકારે યુક્ત થકો રહે છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જ્યારે એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એને માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે. પછી એ જીવ કેવળ ચૈતન્ય સત્તામાત્ર રહે છે. પછી એ જીવને ભગવાનની ભૂમિ આદિક જે આઠ પ્રકારની પ્રકૃતિ તે થકી જુદી જે ચૈતન્ય પ્રકૃતિ તેનો ભગવાનની ઈચ્છાએ કરીને દેહ બંધાય છે ને તેણે યુક્ત થકો ભગવાનના અક્ષરધામને વિષે રહે છે, એ રીતે એ પ્રશ્નનો ઉત્તર છે.''

પછી ગોપાળાનંદ સ્વામીને **શ્રીજી મહારાજ પૂછતા હવા જે,** ''અષ્ટાંગયોગ સિદ્ધ થાય છે અથવા આત્મદર્શન થાય છે, તે તો ભગવાન ને ભગવાનના સંતની કૃપા થકી થાય છે. તે એ યોગને આત્મદર્શન સિદ્ધ થયાનું કારણ જે **ભગવાન ને ભગવાનના સંત, તેને વિષે વૃત્તિ ગૌણ થઈ જાય છે; અને અષ્ટાંગયોગ ને આત્મદર્શન એને વિષે વધુ લગની થાય છે તેનું શું કારણ હશે?''** પછી **ગોપાળાનંદ સ્વામીએ** કહ્યું જે, ''એને યોગાભ્યાસ કરતે થકે યોગ સિદ્ધ થાય છે, તેનું કાંઈક માન આવે છે તેણે કરીને ભગવાનની કોરે કાંઈક વૃત્તિ ગૌણ થઈ જાય છે.''

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે એ યોગી છે તે બ્રહ્મરૂપ થાય છે. તે બ્રહ્મમાં તો કોઈ જાતનું માન હોય નહિ.** માટે ઉત્તર સંભવે નહિ.'' **પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! એ તો કાંઈ**

**સમજાતું નથી; માટે તમે કૃપા કરીને કહો,** ” **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** “એ તો એમ સમજવું જે, જ્યારે પોતાની ખોટ્ય કાઢવી હોય ત્યારે તેને મોટાઓનાં વચનની સાખ્ય લઈને કાઢવી. જેમ કોઈક વ્યાવહારિક કામ હોય ને તે કામને અતિશય સિદ્ધ કરવું હોય, ત્યારે સારા સારા માણસની સાઈદી કરવી; **તેમ અહીં પણ એ સાઈદી છે,** જે શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તોપણ અતિ પ્રીતિએ કરીને શ્રીમદ્ ભાગવત ભણ્યા અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે અને શૌનકાદિક અઠ્યાશી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે, તોપણ સૂતપુરાણીના મુખથકી ભગવાનની કથાને સાંભળે છે. એવી જાતનાં વચનની સાખ્ય ભક્તિની દૃઢતાને અર્થે લેવી. **અને જે ખોટ્ય પોતાના જાણ્યામાં ન આવતી હોય તેની કોરની ભગવાનને આગળ પ્રાર્થના કરવી જે, ‘હે મહારાજ ! મારામાં જે જે ખોટ્ય હોય તે કૃપા કરીને નાશ કરજ્યો.** જેમ કોઈક પુરુષને માથે કલંક આવ્યું હોય ને તે કલંક ટાળ્યાનો કોઈ સાઈદી ન હોય, ત્યારે તે લોઢાનો ગોળો રાતોચોળ હોય તેને ઉપાડીને પોતાનું કલંક ટાળે છે, તેમ જે દોષ ન ઓળખાતો હોય ત્યારે તે દોષ ટાળવાને અર્થે ભગવાનની સ્તુતિ કરવી, એ તે લોઢાનો ગોળો ઝાલ્યા જેવી છે. એમ કરીને પોતાની ખોટ્યને ટાળવી એ તમારા પ્રશ્નનો ઉત્તર છે.”

**પછી શ્રીજી મહારાજ** મુક્તાનંદ સ્વામીને પૂછતા હવા જે, “**ભગવાનને યથાર્થ જાણ્યા હોય ને ભગવાન તો કાંઈ ચમત્કાર ન દેખાડતા હોય ને બીજા જે જંત્ર-મંત્રવાળા હોય તે તો પરચો દેખાડતા હોય, તેને દેખીને ભગવાનનો ભક્ત હોય તેનું મન ભગવાનમાંથી કાંઈ ડગે કે ન ડગે?**”

**પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** “હે મહારાજ ! જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને તો ભગવાન વિના બીજે ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જો બીજે ઠેકાણે પ્રતીતિ આવે તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી. એ તો ગુણબુદ્ધિવાળો હરિભક્ત કહેવાય પણ યથાર્થ ભગવાનનો ભક્ત ન કહેવાય.” **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** “એ જ એનો ઉત્તર છે.”

**પછી શ્રીજી મહારાજે** શુકમુનિને પૂછ્યું જે, "**ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાન તથા ભગવાનના સંત તેને સાક્ષાત્કાર પામ્યો, તેને જીવતાં શી પ્રાપ્તિ થાય છે અને મૂઆ કેડ્યે શી પ્રાપ્તિ થાય છે ?**" પછી **શુકમુનિ બોલ્યા જે,** "હે મહારાજ ! એનો ઉત્તર તો તમે કરશો ત્યારે થશે."

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા, કીર્તન કરતા થકા જ દિવસ ને રાત્રિ વીતે છે અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે અને ભગવાન વિના અન્ય પદાર્થમાત્રને વિષે વૈરાગ્ય થાય છે અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે. જેમ ભગવાને બ્રહ્માને કહ્યું છે જે, 'હે બ્રહ્મા ! જેવો હું છું ને જેવો મારો મહિમા છે ને જેવાં મારાં ગુણ ને કર્મ છે તેવું મારા અનુગ્રહ થકી તને વિજ્ઞાન થાઓ.' એવું જે બ્રહ્માને કહ્યું છે, તેમ જે પોતાના અનન્ય ભક્ત હોય તે સર્વને ભગવાન એવી પ્રાપ્તિ કરાવે છે. અને જેમ ભગવાન કાળ, કર્મ ને માયા થકી રહિત છે તેમ જ ભગવાનના ભક્ત પણ કાળ, કર્મ ને માયા થકી રહિત થાય છે ને અખંડ ભગવાનની સેવાને વિષે રહે છે, એવી દેહ મૂક્યા કેડ્યે પ્રાપ્તિ થાય છે. એ જ એ પ્રશ્નનો ઉત્તર છે." ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૬ ॥ ૧૯૯ ॥

## વચનામૃત ૬૭મું : ગંગાજળિયા કૂવાનું - સ્વામિસેવક ભાવનું

**સંવત્ ૧૮૮૧ના મહા વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગંગાજળિયા કૂવા પાસે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને પોતાની આગળ સાધુ દૂકડ સરોદા લઈને વિષ્ણુપદ ગાવતા હતા. તે

કીર્તનભક્તિ થઈ રહ્યા **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અમે સર્વે સંત પ્રત્યે પ્રશ્ન કરીએ છીએ જે,** ભગવાનનો ભક્ત હોય તે દેહ મૂકીને બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે. પછી એમાં ને ભગવાનમાં શો અંતરાય રહે છે, જેણે કરીને સ્વામિ-સેવકપણાનો નાતો રહે છે ? કેમ જે, એ ભગવાનનો ભક્ત છે તે પણ જેવા ભગવાન સ્વતંત્ર છે ને કાળ, કર્મ ને માયા તેને આવરણે કરીને રહિત છે તેવો જ થાય છે. **માટે એમાં શો ભેદ રહે છે, જેણે કરીને સ્વામિ-સેવકપણું રહે છે ? એ પ્રશ્ન છે."** પછી પરમહંસે જેને જેવું સમજાયું તેણે તેવો ઉત્તર કહ્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી સર્વે સંતે કહ્યું જે, "હે મહારાજ ! તમારા પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરશો ત્યારે થશે."

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે "એનો ઉત્તર એમ છે જે,** ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય, જે ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે અને આટલી શોભાએ યુક્ત છે અને આવા સુખસ્વરૂપ છે; એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે, તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે રૂપ તથા સામર્થિ તે એ ભક્તની પણ તેવી જ થાય છે. તોપણ ભગવાનની સામર્થી અને ભગવાનનું સુંદરપણું ઈત્યાદિક જે પ્રતાપ છે એ ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે. **ત્યારે એ ભક્ત એમ જાણે છે જે,** 'મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય ને તેટલું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે, તોપણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે.' માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તોપણ ભગવાન જેવો કોઈ થવાને સમર્થ થતો નથી. શા માટે જે ? ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ

એ પામતા નથી અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે.

અને **એ ભગવાનને ભજીને અનંત કોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે** તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. **જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય,** તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે જે ? **તે સમુદ્ર તો અગાધ છે, તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશય અપાર છે માટે કોઈ રીતે કરીને વધેઘટે એવો નથી.** તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ સ્વામિસેવકપણું રહે છે એ જ એ પ્રશ્નનો ઉત્તર છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૬૭ ॥ ૨૦૦ ॥

## ॥ શ્રીગઢડા મધ્ય પ્રકરણમ્ સમાપ્તમ્ ॥



ॐ

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# વરતાલ પ્રકરણ

## વચનામૃત ૧લું : નિર્વિકલ્પ સમાધિનું

સંવત્ ૧૮૮૨ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તરાદિ કોરે ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં સિંહાસન ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો સુરવાળ ને ધોળો અંગરખો પહેર્યો હતો અને ગૂઢા રંગનો રેટો કમરે બાંધ્યો હતો ને માથા ઉપર કસુંબલ રેટો સોનેરી તારના છેડાવાળો બાંધ્યો હતો ને ખભે કસુંબલ રેટો જરકસી છેડાનો વિરાજમાન હતા ને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને માથા ઉપર ગુલાબનાં પુષ્પના તોરા વિરાજમાન હતો ને ભુજાઓને વિષે ગુલાબના ગજરા ને બાજુબંધ બાંધ્યા હતા; એવી શોભાને ધરતા થકા ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી વડોદરાવાળા શોભારામ શાસ્ત્રીએ** શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **"હે મહારાજ ! મુમુક્ષુ હોય તે જ્યારે નિર્વિકલ્પ સમાધિને પામે ત્યારે ગુણાતીત થાય ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય; ત્યારે જેને નિર્વિકલ્પ સમાધિ ન થાય તેની શી ગતિ થાય ?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "પ્રાણનો નિરોધ થાય ત્યારે જ નિર્વિકલ્પ સમાધિ થાય એમ નથી. નિર્વિકલ્પ સમાધિની રીત તો બીજી છે તે કહીએ તે સાંભળો જે, શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે-

**'અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ।**

**મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ॥'**

**એ શ્લોકનો એમ અર્થ છે જે,** 'વિશ્વના સર્ગવિસર્ગાદિક જે નવ લક્ષણ તેણે કરીને જાણ્યામાં આવે એવું આશ્રયરૂપ જે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તેને વિષે જે મુમુક્ષુની અચળ મતિ થઈ, જેમ આ આંબાનું વૃક્ષ છે તે એકવાર દૃઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે, તોપણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે, 'આંબાનું વૃક્ષ હશે કે નહિ હોય !' તેમ જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે ને પ્રાણ લીન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે.

અને જેને એ ભગવાનના સ્વરૂપમાં સંકલ્પ-વિકલ્પ રહેતા હોય જે 'બ્રહ્મપુરને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે ? અને શ્વેતદ્વીપ ને વૈકુંઠને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે ? અને તે સ્વરૂપનું ક્યારે દર્શન થશે ?' એવી જાતના સંકલ્પવિકલ્પ કર્યા કરે, પણ પ્રકટ ભગવાન મળ્યા તેને જ સર્વના કારણ જાણીને, તેણે કરીને જ પોતાને કૃતાર્થ ન માને અને એવાને જો દૈવઈચ્છાએ કરીને સમાધિ થાય તોપણ સંકલ્પ વિકલ્પ મટે નહિ અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઈચ્છે પણ મનના વિકલ્પ મટે નહિ, એવો હોય તેને સમાધિ છે તોપણ સવિકલ્પ છે ને સમાધિ ન હોય તોય સવિકલ્પ છે; માટે એવો હોય તે ગુણાતીત એકાંતિક ભક્ત ન કહેવાય. **અને જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી તોય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે.''**

પછી **દીનાનાથ ભટ્ટે** પ્રશ્ન પૂછ્યો જે, **''મનમાં સંકલ્પ-વિકલ્પ ટાળવાનો ઉપાય કરે અને જો મનને ન જીતી શકે તો તેની શી ગતિ થાય ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કૌરવ ને પાંડવને યુદ્ધ કરવાનો પ્રારંભ થયો ત્યારે કૌરવ ને પાંડવ વિચાર્યા જે, 'આપણે એવે ઠેકાણે યુદ્ધ કરીએ જે તે યુદ્ધમાં જે કોઈ

મરે તો પણ તેના જીવનું રૂડું થાય.' એવું વિચારીને કુરુક્ષેત્રને વિષે યુદ્ધ કર્યું. પછી જીત્યા તેનું પણ સારું થયું ને એ સંગ્રામમાં મરાયા તેને પણ દેવલોકની પ્રાપ્તિ થઈ ને રાજ્ય થકી પણ અધિક સુખને પામ્યા, તેમ જે મન સાથે લડાઈ આદરે અને જો મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય અને જો મન આગળ હારે તોપણ યોગભ્રષ્ટ થાય તે પછી એક જન્મે અથવા બે જન્મે અથવા ઘણે જન્મે પણ અંત્યે જાતો એ એકાંતિક ભક્ત થાય, પણ એણે દાખડો કર્યો તે છૂટી ન પડે. **માટે બુદ્ધિવાન હોય તેને તો પોતાના કલ્યાણને અર્થે મન સાથે જરૂર વૈર બાંધવું.** પછી એ મનને જીતશે તોપણ સારું છે ને એ મનથી હારશે તોપણ યોગભ્રષ્ટ થશે તેમાં અંત્યે જાતાં સારું છે. તે માટે જે કલ્યાણને ઈચ્છે તેને તો મન સાથે જરૂર વૈર બાંધવું.'' **ઈતિ વચનામૃતમ્ ॥૧॥૨૦૧॥**

## ॥ વચનામૃત બીજું : ચાર શાસ્ત્રે કરીને ભગવાનને જાણવાનું ॥

સંવત્ ૧૮૮૨ના કાર્તિક સુદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તરાદિ દિશે ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષની હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પીળા તાસતાનો સુરવાળ પહેર્યો હતો અને રાતા કિનખાપની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર જરકસી છેડાની કસુંબલ પાઘ બાંધી હતી તથા જરકસી છેડાનું કસુંબલ શેલું ખભે નાખ્યું હતું અને પાઘને ઉપર ચંપાના પુષ્પના હાર વિરાજમાન હતા ને કંઠને વિષે ધોળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખાર - વિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''કાંઈક પ્રશ્ન-ઉત્તર કરો.'' પછી **ગામ બુવાના પટેલ કાનદાસજીએ** હાથ જોડીને પૂછ્યું જે, **''હે મહારાજ ! ભગવાન શે પ્રકારે રાજી થાય છે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય, ત્યારે કહેશો જે દ્રોહ તે શું ? તો જે આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે તેને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના

કર્તાહર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ એ તે ભગવાનનો દ્રોહ છે. કેમ જે, ભગવાન સર્વના કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તાહર્તા કહે છે; માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. **ત્યાં દૃષ્ટાંત છે,** જેમ તમે ગામના પટેલ છો, તે જે તમારી ગામમાં પટલાઈ ન રહેવા દે, તે તમારો દ્રોહી કહેવાય અને વળી જેમ ચક્રવર્તી રાજા હોય તેનો હુકમ ખોટો કરીને જે રાજા ન હોય તેનો હુકમ ચલાવે, તો તે પુરુષ રાજાનો દ્રોહી કહેવાય. અને વળી જેમ કોઈક એવા કાગળ લખી લખીને મેલે જે, 'અમારો રાજા છે તે નાક કાન વિનાનો છે અથવા હાથપગ વિનાનો છે.' એવી રીતે રાજાનું રૂપ સંપૂર્ણ હોય તેને ખંડિત કરીને વર્ણવે તે રાજાનો દ્રોહી કહેવાય, તેમ ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે અને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે; તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા ને ભગવાન વિના બીજા જે કાળાદિક તેને કર્તા કહેવા, એ જ ભગવાનનો દ્રોહ છે. એવી જાતનો જે ભગવાનનો દ્રોહ તેને જે ન કરે તેણે સંપૂર્ણ ભગવાનની પૂજા કરી અને તે વિના તો ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે તોપણ ભગવાનનો દ્રોહી છે; માટે **ભગવાનને જગતના કર્તાહર્તા જાણે અને મૂર્તિમાન જાણે, તે ઉપર જ ભગવાન રાજી થાય છે.**

અને **વેદમાં તો ભગવાનનું સ્વરૂપ** બહુ રીતે વર્ણવીને નારાયણે પોતે પોતાને મુખે કહ્યું છે, પણ તે કોઈના સમજ્યામાં આવ્યું નહિ ત્યારે **સાંખ્યશાસ્ત્રે** કરીને ચોવીસ તત્ત્વ કહ્યાં ને પંચવીશમું ભગવાનનું સ્વરૂપ કહ્યું. તે સાંખ્યના આચાર્ય જે કપિલમુનિ તેણે એમ વિચાર્યું જે, 'સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તેને વિષે જીવ એકપણે કરીને વર્તે છે અને એથી ન્યારો જીવ રહી શકતો નથી અને ઈશ્વર છેતે પણ પોતાની ઉપાધિ જે વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત તેને વિષે એકપણે વર્તે છે પણ તે વિના રહી શકતા નથી. માટે સાંખ્યશાસ્ત્રે જીવને ને ઈશ્વરને ચોવીસ તત્ત્વ ભેળા જ ગણ્યા છે અને

પંચવીશમા પરમાત્માને કહ્યા છે.' અને **યોગશાસ્ત્રના** આચાર્ય જે હિરણ્યગર્ભ ઋષિ તેણે ચોવીસ તત્ત્વ કહીને પંચવીશમો જીવને કહ્યો છે તેમ જ પંચવીશમા ઈશ્વરને કહ્યા છે અને પરમાત્માને છવીશમા કહ્યા છે, એવી રીતે સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તેણે ભગવાનનું સ્વરૂપ કહ્યું; તો પણ સાક્ષાત્કાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન થયું અને અનુમાન પ્રમાણે તો થયું જે, 'સાંખ્યને મતે ચોવીસ તત્ત્વથી પર છે તે વસ્તુ સત્ય છે અને યોગને મતે ચોવીસ તત્ત્વથી પર જીવ ઈશ્વર છે ને તેથી પર પરમાત્મા છે તે સત્ય છે' એવી રીતે પરમાત્માના સ્વરૂપનું બેય શાસ્ત્ર વતે અનુમાન પ્રમાણે કરીને જ્ઞાન થયું પણ તે ભગવાન કાળા છે કે પીળા છે ? કે લાંબા છે કે ટૂંકા છે ? કે સાકાર છે કે નિરાકાર છે? એવું કાંઈ જ્ઞાન ન થયું. પછી પોતે **વાસુદેવ ભગવાને પંચરાત્ર** નામે તંત્ર કર્યું. તેને વિષે એમ પ્રતિપાદન કર્યું જે, 'શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન છે, તે પોતાના **અક્ષરધામ**ને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે અને તે જ ભગવાન જે તે **શ્વેતદ્વીપવાસી** જે અનંત નિરન્નમુક્ત તેમને પાંચ વખત પોતાનું દર્શન આપે છે તથા **વૈકુંઠલોક**ને વિષે તે જ ભગવાન ચતુર્ભુજ મૂર્તિ થકા લક્ષ્મીજીએ સહિત છે ને તે શંખ, ચક્ર, ગદા, પદ્મને ધરી રહ્યા છે તથા વિષ્વક્સેનાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે. અને એ જ ભગવાન પૂજવા યોગ્ય, ભજવા યોગ્ય ને પામવા યોગ્ય છે અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે.' એવી રીતે સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે. પછી તે જ પંચરાત્ર-તંત્રને નારદજીએ ફરીને કર્યું ત્યારે તે **નારદ પંચરાત્ર** કહેવાયું. તેને વિષે એવી રીતે ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું જે, 'કોઈ રીતે સંશય રહ્યો નહિ.' તે માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :

> **'નારાયણપરા વેદા દેવા નારાયણાઙ્ગજાઃ ।**
> **નારાયણપરા લોકા નારાયણપરા મખાઃ ॥**
> **નારાયણપરો યોગો નારાયણપરં તપઃ ।**

**નારાયણપરં જ્ઞાનં નારાયણપરા ગતિઃ ॥'**
**'વાસુદેવપરા વેદા વાસુદેવપરા મખાઃ ।**
**વાસુદેવપરા યોગા વાસુદેવપરા ક્રિયાઃ ॥**
**વાસુદેવપરં જ્ઞાનં વાસુદેવપરં તપઃ ।**
**વાસુદેવપરો ધર્મો વાસુદેવપરા ગતિઃ ॥'**

એવી રીતે એ ચાર શાસ્ત્રે કરીને શ્રીકૃષ્ણનારાયણ વાસુદેવના સ્વરૂપનું જ પ્રતિપાદન કર્યું છે અને **એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય.** જેમ દૂધ છે તેને નેત્રે જુએ ત્યારે ધોળું દેખાય અને નાકે સૂંઘે ત્યારે સુગંધવાન જણાય અને આંગળીએ કરીને અડે ત્યારે ટાઢું-ઊનું જણાય અને જિહ્‌વાએ કરીને ચાખે ત્યારે સ્વાદુ જણાય પણ એક ઈન્દ્રિયે કરીને દૂધના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ન થાય અને સર્વ ઈન્દ્રિયે કરીને તપાસી જુએ ત્યારે સંપૂર્ણ જ્ઞાન થાય છે, તેમ વેદાદિક ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને એમ જાણવું તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ. અને ભગવાન પણ એમ સમજે જ રાજી થાય છે પણ પરમેશ્વરને રાજી કર્યાનો બીજો ઉપાય નથી. માટે એવી રીતે સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય અને ભગવાન પણ તે ઉપર જ અતિશય રાજી થાય છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥ ૨૦૨ ॥**

## ॥ વચનામૃત ૩જું : ચાર પ્રકારના મોટા પુરુષનું ॥

**સંવત્ ૧૮૮૨ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં સિંહાસન ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર ધારણ કર્યા હતા અને મસ્તને વિષે પાઘમાં તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન,

વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તોપણ ત્રણ જે બાકી રહ્યાં તે, તે એકના પેટમાં આવી જાય એવું એક કયું એ ચારેમાં શ્રેષ્ઠ છે?'' ત્યારે **ગોપાળાનંદ સ્વામીએ** તથા **મુક્તાનંદ સ્વામીએ** કહ્યું જે, ''હે મહારાજ ! એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે.''

ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ધર્મ તો કેટલાક વિમુખ માણસ હોય તેમાં પણ હોય, માટે તેને શું સત્સંગમાં મોટો કરશું?''** પછી એ વાત સાંભળીને કોઈથી ઉત્તર દેવાયો નહિ, પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જો માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ સામાન્યપણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહિ.** કેમજે, જે ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે, 'ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે તે ભગવાનની આજ્ઞા મારાથી કેમ લોપાય ? એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે.''

ત્યારે **શુકમુનિએ પૂછ્યું છે, ''જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચાર વાનાં શા સારુ કહ્યાં ?** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અતિશય માહાત્મ્ય સહિત ભક્તિ ભગવાનને વિષે હોય તો એક ભક્તિને વિષે ત્રણે આવી જાય અને સામાન્ય ભક્તિ હોય તો એકમાં ત્રણ ન આવે, માટે 'ચાર વાનાંએ સહિત જે ભક્તિ તે જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય' એમ કહ્યું છે, અને **એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી,** તે ભગવાને વર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળ્યા સારુ દશ હજાર કાન માગ્યા પણ બીજું કાંઈ ન માગ્યું. અને જે ગોપીઓને રાસક્રીડામાં ન જવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણ પાસે ગઈ. એવી અસાધારણ ભક્તિ હોય તો જ્ઞાનાદિક ત્રણે એક ભક્તિમાં આવી જાય.

ત્યારે **બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવી અસાધારણ ભક્તિ શે ઉપાયે**

**કરીને આવે ?''** ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''મોટા પુરુષની સેવા થકી આવે છે, તે મોટા પુરુષ પણ ચાર પ્રકારના છે.** એક તો દીવા જેવા ને બીજા મશાલ જેવા ને ત્રીજા વીજળી જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવાઃ તેમાં **દીવા જેવા** હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, અને **મશાલ જેવા** હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય ને **વીજળી જેવા** જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને **વડવાનળ અગ્નિ જેવા** હોય, તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો નથી અને સમુદ્રના જળને પીયને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે, તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે. તેમ એવા **જે મોટા પુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે.** એવી રીતે એ ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન કર્મ વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. તે **વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે** એમ જાણવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૩॥ ૨૦૩॥

## ॥ વચનામૃત ૪થું : ફુવારાનું ॥

સંવત્ ૧૮૮૨ના માગશર સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં વિરાજમાન હતા અને અંગને વિષે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **શ્રીજીમહારાજ બોલ્યા** જે 'પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભક્તિમાર્ગને વિષે પ્રવર્ત્યો એવો જે ભગવાનનો ભક્ત તેને એવું એક સાધન તે કયું છે જે એક સાધનને કર્યા થકી જેટલાં કલ્યાણને**

**અર્થે સાધન છે તે સર્વે તે એક સાધનને વિષે આવી જાય ?''**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન કર્મ વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.''

એમ ઉત્તર કરીને પછી **શ્રીજી મહારાજ પ્રશ્ન પૂછતા હવા જે,** **''ભગવાનનો એકાંતિક ભક્ત એવો જે યોગી હોય, તે સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર એ બેયનો મત** એક વાસુદેવનારાયણ પર છે એમ જાણે માટે તે યોગી ક્યે પ્રકારે **ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે ?** અને કેમ પોતાના મનને ચલાવે ને તે મન ભેળી કેમ મૂર્તિને રાખે? અને તે **કેવી રીતે અંતરમાં વૃત્તિ રાખે ?** ને કેવી રીતે બારણે વૃત્તિ રાખે ? અને નિદ્રારૂપી લય ને સંકલ્પ-વિકલ્પરૂપી વિક્ષેપ તે થકી **કેવી યોગની કળાએ કરીને જુદો પડે ?** એનો ઉત્તર કહો.''

**પછી મુક્તાનંદ સ્વામીએ તથા ગોપાળાનંદ સ્વામીએ** જેવું આવડ્યું તેવું કહ્યું, પણ કોઈ થકી ઉત્તર થયો નહિ. પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ જળનો ફુવારો હોય તેને યોગે કરીને ઘૂમરી ખાઈને જળ ઊંચું ઊછળે છે, તેમ અંતઃકરણરૂપી જે ફુવારો તેને વિષે જીવની વૃત્તિ છે તે ઘૂમરી ખાઈને પંચઈન્દ્રિય દ્વારે ઊછળે છે. તેને જે યોગી હોય તે બે પ્રકારે કરીને, એક વૃત્તિએ કરીને તો પોતાના હૃદયને વિષે સાક્ષીરૂપે રહ્યા એવા જે શ્રીવાસુદેવ ભગવાન તેનું ચિંતવન કરે અને બીજી વૃત્તિ છે તેને તો દૃષ્ટિ દ્વારે કરીને બહાર રાખે અને તે વૃત્તિએ કરીને બહાર ભગવાનનું ચિંતવન કરે, તે પણ નખશિખાપર્યંત સમગ્ર મૂર્તિનું ભેળું જ ચિંતવન કરે પણ એકએક અંગનું જુદું જુદું ચિંતવન ન કરે. જેમ મોટું મંદિર હોય તેને એકસામટું ભેળું જ જુએ તથા જેમ મોટો પર્વત હોય તેને એકસામટો ભેળો ને ભેળો જ જુએ, **એવી રીતે ભગવાનના સ્વરૂપને જુએ,** પણ એકએક અંગ ન જુએ અને તે મૂર્તિને જ્યારે પોતાની દૃષ્ટિ આગળ છેટે ધારે ને તે મૂર્તિને પડખે બીજું કાંઈક પદાર્થ દેખાય તો તે મૂર્તિ છેટે ધારી છે તેને ઢૂંકડી લાવીને પોતાની નાસિકાના અગ્રની ઉપર

એ મૂર્તિને રાખે, એમ કરતાં પણ આસપાસ કાંઈક પદાર્થ જણાય તો પોતાની ભ્રકુટિના મધ્યને વિષે મૂર્તિને ધારે, એમ કરતાં જો આળસ કે નિદ્રા જેવું જણાય તો વળી મૂર્તિને દૃષ્ટિ આગળ છેટે ધારે. પછી જેમ છોકરા પતંગને ઉડાડે છે તેવી રીતે મૂર્તિરૂપી પતંગને પોતાની વૃત્તિરૂપી જે દોરી તેણે કરીને મૂર્તિને ઊંચી ચઢાવે અને વળી પાછી હેઠી લાવે અને અડખે-પડખે ડોલાવે, એવી રીતે યોગકળાએ કરીને જ્યારે સચેત થાય ત્યારે વળી પાછી મૂર્તિને નાસિકાને અગ્રે ધારે ને ત્યાંથી ભ્રકુટિમાં લાવીને હૃદયને વિષે મૂર્તિને ઉતારે અને અંતરને વિષે સાક્ષીરૂપ જે મૂર્તિ અને બહારની મૂર્તિ એ બેયને એક કરે. પછી અંતઃકરણની બે પ્રકારે વૃત્તિ હોય તે એક થઈ જાય છે. એમ કરતાં જો આળસ કે નિદ્રા જેવું જણાય તો વળી બે પ્રકારે વૃત્તિને કરીને મૂર્તિને બહાર લાવે, એવી રીતે જે શ્રોત્ર, ત્વક્, રસના અને ઘ્રાણ તે દ્વારે પણ યોગકળા સાધે અને તેમ જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તે દ્વારે પણ ભગવાનની મૂર્તિને ધારે અને ઈન્દ્રિયો ને અંતઃકરણ એ સર્વેને સાંખ્યવિચારે કરીને જુદાં કરીને એકલા ચૈતન્યને વિષે જ ભગવાનની મૂર્તિને ધારે. અને તે ભગવાનની મૂર્તિને અંતરમાં કે બહાર ધારી હોય અને તે સમે કોઈક વ્યવહાર સંબંધી વિક્ષેપ આડા આવે, તો તે વિક્ષેપનું પણ મૂર્તિને ધારવાપણે કરીને જ સમાધાન કરે પણ વિક્ષેપને વિષે પોતાની યોગકળાનો ત્યાગ ન કરે. એવી રીતની યોગકળાએ યુક્ત એ યોગી વર્તે છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૪॥૨૦૪

## વચનામૃત ૫મું : ભગવાનમાં માયા ન સમજવાનું, સરખી સેવાનું

**સંવત્ ૧૮૮૨ના માગશર વદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તર દિશે ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષ હેઠે વેદી ઉપર ઢોલિયાને વિષે ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને અતિ સૂક્ષ્મ એવાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર ઘણાક ધારણ કર્યા હતા અને શ્રવણ ઉપર મોટા બે બે ગુલાબનાં પુષ્પનાં ગુચ્છ ધારણ કર્યાં હતાં અને પાઘને વિષે ગુલાબનાં પુષ્પના**

**તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમગ્ર તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વાંકડા વાંકડા પ્રશ્ન કરો જે, જેણે કરીને સૌનું આળસ ઊડી જાય.'' એમ કહીને પોતે આથમણી કોરે ઉસીકું કરીને પડખાભર થયા. પછી **મુક્તાનંદ સ્વામીએ** પ્રશ્ન પૂછ્યો જે,

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥**

એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું છે જે, 'જે પુરુષ મને પામે તે દુઃખે કરીને પણ ન તરાય એવી જે મારી ગુણમયી માયા તેને તરે છે.' ત્યારે **જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને ભગવાનનું ભજન કરતા થકા કાંઈક અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થઈ આવે છે, તેને માયા વિના બીજું કોણ કરતું હશે ? એ પ્રશ્ન છે.**'' પછી **શ્રીજી મહારાજ પોઢ્યા હતા, તે બેઠા થઈને અતિ કરુણાએ ભીના થકા બોલતા હવા જે,** 'માયાના જે ત્રણ ગુણ છે તેમાં તમોગુણનાં તો પંચભૂત ને પંચમાત્રા છે; અને રજોગુણનાં દશ ઈન્દ્રિયો, બુદ્ધિ ને પ્રાણ છે; અને સત્ત્વગુણનાં મન ને ઈન્દ્રિયો-અંતઃકરણના દેવતા છે. તે જે જે ભક્ત થઈ ગયા છે તે સર્વેમાં એ ત્રણ ગુણના કાર્યરૂપ જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે હતાં, માટે એનો એમ ઉત્તર છે જે, પરમેશ્વરને યથાર્થપણે કરીને પરમેશ્વર જાણ્યા જે, 'એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે' **એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે.**

**અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તોપણ એ માયાને તર્યો કહેવાય. કેમ જે, એ માયાનું કાર્ય પોતાને વિષે તો હોય પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રકટ પ્રમાણ શ્રીવાસુદેવ ભગવાન તેને તો એ માયાના ગુણથી પર સમજે છે, માટે એને** પણ માયાથી પર જ જાણવો અને બ્રહ્માદિક દેવ ને વસિષ્ઠ, પરાશર, વિશ્વા-

મિત્રાદિક ઋષિ એ સર્વમાં ગુણનો પ્રવેશ જણાણો છે, તે શાસ્ત્રમાં પણ લખ્યું છે. માટે તે શું મુક્ત ન કહેવાય ? ને માયાને તર્યા ન કહેવાય? સર્વે મુક્ત છે ને સર્વે માયાને તર્યા છે અને એમ જો ઉત્તર ન કરીએ તો એ પ્રશ્નનું સમાધાન થાય નહિ માટે એ જ ઉત્તર છે.''

**પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! ભગવાનને આશરે જવું તે આશરાનું શું રૂપ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાને ગીતામાં કહ્યું છે જે–

**'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'**

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર્ય.'' અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, **એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.''**

**પછી નાજે ભક્તે પૂછ્યું જે, ''જેને પરિપૂર્ણ ભગવાનનો આશરો ન હોય ને બોલ્યામાં તો નક્કી હરિભક્ત હોય તેના જેવું જ નિશ્ચયનું બળ દેખાડતો હોય, તે શી રીતે કરીને કળ્યામાં આવે?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનના ભક્તનો સરસ-નરસ નિશ્ચય હોય તે તો ભેળા રહ્યા થકી અને ભેળો વ્યવહાર કર્યા થકી જેવો હોય તેવો કળાઈ આવે છે. પછી જેને થોડો નિશ્ચય હોય તે કચવાઈને સત્સંગના ભીડામાંથી માગ દઈને એકાંત પકડીને જેવું થાય તેવું ભજન કરે પણ હરિભક્તની ભીંસણમાં રહેવાય નહિ માટે ભગવાનનો આશરો પણ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો છે અને

તેણે કરીને ભક્ત પણ ત્રણ પ્રકારના છે.''

પછી વળી **નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે, અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમજ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમજ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. **એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે;** તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૫॥**

## ॥ વચનામૃત ૬ઠું : ચિમનરાવજીના પ્રશ્નનું ॥

**સંવત્ ૧૮૮૨ના માગશર વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિર આગળ મંચ પર વિરાજમાન હતા ને સર્વે શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પના હાર ધારણ કર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **ચિમનરાવજીએ પ્રશ્ન પૂછ્યો જે,** ''હે મહારાજ, જીવ જ્યારે પ્રથમ પ્રલયકાળે કારણ શરીરે યુક્ત થકા માયાને વિષે લીન હતા, પછી સૃષ્ટિ સમયને વિષે એ જીવોને સ્થૂળ, સૂક્ષ્મ દેહની પ્રાપ્તિ થઈ તથા દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિક રૂપ જે વિચિત્રપણું થયું તે કર્મે કરીને થયું? અથવા ભગવાનની ઈચ્છાએ કરીને થયું? અને જો કર્મે કરીને થયું એમ કહીએ તો જૈન મતની સત્યતા થાય અને જો ભગવાનની ઈચ્છાએ કરીને થયું એમ

કહીએ તો ભગવાનને વિષે વિષમપણું ને નિર્દયપણું આવે, **માટે એ જેવી રીતે હોય તેવી રીતે કૃપા કરીને કહો?''**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''**એ પ્રશ્ન તમને પૂછતા આવડ્યો નહિ.** કેમજે, જે કારણ શરીર છે તેને વિષે સ્થૂળ, સૂક્ષ્મ એ જે બે દેહ તે બીજવૃક્ષન્યાયે કરીને રહ્યા છે માટે એને કારણ શરીર કહે છે. અને એ જે કારણ શરીર છે તે અવિદ્યાત્મક છે ને અનાદિ છે ને સંચિત કર્મે યુક્ત છે અને જેમ બીજને ને ફોતરાને નિત્ય સંબંધ છે અને ભૂમિને ને ગંધને જેમ નિત્ય સંબંધ છે તેમ જીવને ને કારણ શરીરને નિત્ય સંબંધ છે અને જેમ પૃથ્વીને વિષે બીજ રહ્યાં છે, તે વર્ષાકાળે જળના યોગને પામીને ઊગી નીસરે છે, તેમ માયાને વિષે કારણ શરીરેયુક્ત થકા રહ્યા એવા જે જીવ તે ઉત્પત્તિકાળને વિષે ફળપ્રદાતા એવા જે પરમેશ્વર તેની દૃષ્ટિને પામીને પોતપોતાનાં કર્મને અનુસારે નાના પ્રકારના દેહને પામે છે.

અને **નાસ્તિક એવા જે જૈન છે તે તો કેવળ કર્મને જ કર્તા કહે છે, પણ પરમેશ્વરને કર્મફળપ્રદાતા નથી કહેતા, તે નાસ્તિકનો મત ખોટો છે.** માટે એકલું કાળનું જ બળ કોઈ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું કર્મનું બળ કોઈ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું પરમેશ્વરની ઈચ્છાનું બળ કોઈ કહે તે પણ પ્રમાણ નહિ; **એ તો જે સમે જેનું પ્રધાનપણું હોય તે સમે શાસ્ત્રમાં તેનું જ પ્રધાનપણું કહ્યું હોય, પણ સર્વ ઠેકાણે એનું એ લેવું નહિ.** કેમજે, જ્યારે પ્રથમ આ વિશ્વ રચ્યું ત્યારે પ્રથમનો જે સત્યયુગ તેને વિષે સર્વે મનુષ્યના સંકલ્પ સત્ય થતા અને સર્વે બ્રાહ્મણ હતા અને મનમાં સંકલ્પ ધારે ત્યારે સંકલ્પમાત્રે કરીને જ પુત્રની ઉત્પત્તિ થતી અને સૌને ઘેર કલ્પવૃક્ષ હતાં અને જેટલાં મનુષ્ય હતાં તે સર્વે પરમેશ્વરનું જ ભજન કરતાં અને જ્યારે ત્રેતાયુગ આવ્યો ત્યારે મનુષ્યના સંકલ્પ સત્ય રહ્યા નહિ, જ્યારે કલ્પવૃક્ષ હેઠે જાય ત્યારે સત્ય સંકલ્પ થાય અને સ્ત્રીનો સ્પર્શ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય અને જ્યારે દ્વાપરયુગ આવ્યો ત્યારે સ્ત્રીનો અંગસંગ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય અને એવી રીતે

જે સત્યયુગ, ત્રેતાયુગની રીત તે સર્વે સત્યયુગ, ત્રેતાયુગમાં ન હોય, એ તો પ્રથમ સત્યયુગ ને પ્રથમ ત્રેતાયુગ હતા તેમાં હતી. એવી રીતે જ્યારે શુભ કાળ બળવાનપણે પ્રવર્તે ત્યારે જીવનાં અશુભ કર્મના સામર્થ્યને ન્યૂન કરી નાખે છે. અને જ્યારે અતિશય દુર્ભિક્ષ વર્ષ આવે ત્યારે સર્વે પ્રજાને દુઃખ આવે અથવા ભારે લડાઈ થાય ત્યારે લક્ષાવધિ માણસ એક કાળે મરાઈ જાય છે; ત્યારે શું બધાયનું એક ભેળે શુભ કર્મ ખૂટી ગયું ? એ તો અશુભ કાળની જ અતિશય સામર્થી છે, તેણે જીવના શુભકર્મના બળને હઠાવી દીધું. માટે જ્યારે બળવાન કાળનો વેગ પ્રવર્તે ત્યારે કર્મનો મેળ રહે નહિ, કર્મમાં સુખ લખ્યું હોય તે દુઃખ થઈ જાય ને કર્મમાં જીવવું લખ્યું હોય તે કાળે કરીને મરી જાય. એવી રીતે જ્યારે બળવાન કાળનો વેગ હોય ત્યારે કાળે કરીને જ સર્વ થાય છે એમ શાસ્ત્રમાં લખ્યું હોય અને **જ્યારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગને વિષે પણ સત્યયુગ થાય છે.** એ ઠેકાણે એકાંતિક ભક્તનાં જે ભગવાનની ભક્તિ સંબંધી શુભકર્મ તેનું જોર શાસ્ત્રમાં કહ્યું હોય, પણ કાળનું જોર કહ્યું ન હોય. તે વાર્તાને જાણ્યા વિના નાસ્તિક મતવાળા છે તે કેવળ કર્મને જ સર્વકર્તા કહે છે પણ એમ નથી જાણતા, **જે એ તો ભગવાનના એકાંતિક જે ભક્ત તેનાં કર્મનું સામર્થ્ય કહ્યું છે,** પણ વિમુખ જીવનાં કર્મનું એવું સામર્થ્ય કહ્યું નથી.

**અને જ્યારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રકટ થાય છે જે, 'આ દેહે કરીને તો પાત્ર-કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો યોગ થાય તે સર્વનું કલ્યાણ કરવું છે.' ત્યારે કાળનું ને કર્મનું કાંઈ સામર્થ્ય રહે નહિ ત્યારે તો એકલું પરમેશ્વરનું જ સામર્થ્ય રહે છે;** તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપીણી જે પૂતના તેણે ભગવાનને ઝેર પાયું, તેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જે યશોદાજી તે બરોબર ગતિ આપી અને બીજા પણ મહાપાપી દૈત્ય હતા તે ભગવાનને મારવા આવ્યા હતા તેને પણ શ્રીકૃષ્ણ ભગવાન પરમપદ આપતા હવા ને બીજા પણ જે જે ભાવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધને પામ્યા તે

સર્વેનું કલ્યાણ કર્યું. માટે એ ઠેકાણે તો પરમેશ્વરનું જ બળ અતિશય કહ્યું છે પણ કાળનું કે કર્મનું કાંઈ સામર્થ્ય નથી કહ્યું, માટે જે ઠેકાણે જેવું પ્રકરણ તે ઠેકાણે તેવું જાણવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૬॥ ॥૨૦૬॥

## વચનામૃત ૭મું : દૈવીઆસુરી જીવના લક્ષણનું, અન્વયવ્યતિરેકનું

**સંવત્ ૧૮૮૨ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને હરિભક્ત પરસ્પર ભગવદ્‌વાર્તા કરતા હતા. **તેમાં એવો પ્રસંગ નીસર્યો જે 'દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે;** તેમાં દૈવી જીવ હોય તે તો ભગવાનના ભક્ત જ થાય ને આસુરી હોય તે તો ભગવાનથી વિમુખ જ રહે.' **ત્યારે ચિમનરાવજીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! આસુરી જીવ હોય તે કોઈ પ્રકારે દૈવી થાય કે ન થાય ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આસુરી જીવ તો દૈવી ન જ થાય કેમ જે, એ તો જન્મથી જ આસુરભાવે યુક્ત છે. અને જો કોઈક રીતે કરીને આસુરી જીવ સત્સંગમાં આવી પડ્યો તો પણ આસુરભાવ તો ટળે નહિ. પછી સત્સંગમાં રહ્યો થકો જ જ્યારે શરીરને મૂકે ત્યારે બ્રહ્મને વિષે લીન થાય ને વળી પાછો નીકળે એમ અનંતવાર બ્રહ્મમાં લીન થાય ને પાછો નીસરે ત્યારે એનો આસુરભાવ છે તે નાશ પામે, પણ તે વિના તો આસુરભાવ નાશ પામે નહિ.''

**પછી શોભારામ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! ભગવાનનું અન્વયપણું કેમ છે અને વ્યતિરેકપણું કેમ છે ?''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અન્વયવ્યતિરેકની વાર્તા તો એમ છે જે, ભગવાન અર્ધાક માયાને વિષે અન્વય થયા છે ને અર્ધાક પોતાના ધામને વિષે વ્યતિરેક રહ્યા છે એમ નથી, એ તો ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે પણ ભગવાનને એમ બીક નથી જે, 'રખે હું માયામાં જાઉં ને

અશુદ્ધ થઈ જાઉં. ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષર ધામરૂપ થઈ જાય છે અને ચોવીસ તત્ત્વને વિષે આવે તો ચોવીસ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે, તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, **'ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ !'** ઈત્યાદિક અનંત વચને કરીને ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. અને જેમ વૃક્ષનું બીજ હોય તેમાં પણ આકાશ છે. પછી એ બીજમાંથી વૃક્ષ થયું ત્યારે તે વૃક્ષનાં ડાળ, પાનડાં, ફૂલ, ફળ એ સર્વેને વિષે આકાશ અન્વય થયો, પણ જ્યારે વૃક્ષને કાપે ત્યારે વૃક્ષ કપાય તે ભેળો આકાશ કપાય નહિ, અને વૃક્ષને બાળે ત્યારે આકાશ બળે નહિ. તેમ ભગવાન પણ માયા ને માયાનું કાર્ય તેને વિષે અન્વય થયા થકા પણ આકાશની પેઠે વ્યતિરેક જ છે, એમ ભગવાનના સ્વરૂપનું અન્વય વ્યતિરેકપણું છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૭॥૨૦૭॥**

## ॥ વચનામૃત ૮મું : કરોળિયાની લાળનું ॥

**સંવત્ ૧૮૮૨ના પોષ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને મુનિ દૂકડ સરોદા લઈને કીર્તન ગાવતા હતા. તે સમે **શ્રીજી મહારાજે** અંતર્દષ્ટિ કરીને ધ્યાનમુદ્રાએ યુક્ત થઈને થોડીક વાર દર્શન દીધાં ને પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે સભા સન્મુખ જોઈને બોલ્યા જે, **''હવે સર્વે સાંભળો વાત કરીએ છીએ જે,** આ નેત્રની જે વૃત્તિ તે અરૂપ છે તોપણ તે વૃત્તિને આડું કોઈક સ્થૂળ પદાર્થ આવે ત્યારે તે વૃત્તિ રોકાય છે, માટે એ વૃત્તિ પણ સ્થૂળ છે ને પૃથ્વીતત્ત્વ પ્રધાન છે ને તે વૃત્તિને જ્યારે પરમેશ્વરનો ભક્ત પરમેશ્વરના સ્વરૂપમાં રાખે છે ત્યારે તે વૃત્તિ પ્રથમ તો પાતળી દોરડીની પેઠે પીળી ભાસે છે. અને જેમ કરોળિયો હોય તે પોતાની લાળને એક સ્તંભથી બીજા સ્તંભ સુધી લાંબી કરે, પછી એ કરોળિયો ક્યારેક તો આ સ્તંભ ઉપર જાય ને

ક્યારેક઼ ઓ સ્તંભ ઉપર જાય ને ક્યારેક બે સ્તંભને મધ્યે બેસે, તેમ કરોળિયાને ઠેકાણે જીવ છે ને એક સ્તંભને ઠેકાણે ભગવાનની મૂર્તિ છે ને બીજા સ્તંભને ઠેકાણે પોતાનું અંતઃકરણ છે ને લાળને ઠેકાણે વૃત્તિ છે; તે દ્વારે કરીને ધ્યાનનો કરનારો જે યોગી તે ક્યારેક તો ભગવાનના સ્વરૂપ સંગાથે સંલગ્ન થઈ રહે છે ને ક્યારેક તો અંતઃકરણને વિષે રહે છે અને ક્યારેક તો અંતઃકરણ ને ભગવાન તેના મધ્યે રહે છે.

એમ વર્તતાં થકાં પૃથ્વીતત્ત્વ પ્રધાન એવી જે પીળી વૃત્તિ તે જ્યારે જળતત્ત્વ પ્રધાન થાય ત્યારે શ્વેત જણાય ને જ્યારે અગ્નિતત્ત્વ પ્રધાન થાય ત્યારે રક્ત જણાય ને જ્યારે વાયુતત્ત્વ પ્રધાન થાય ત્યારે લીલી જણાય ને જ્યારે આકાશ તત્ત્વ પ્રધાન થાય ત્યારે શ્યામ જણાય. **પછી પંચભૂતનું પ્રધાનપણું મટીને વૃત્તિ નિર્ગુણ થાય ત્યારે અતિશય પ્રકાશેયુક્ત જણાય છે ને ભગવાનના સ્વરૂપને આકારે થાય છે** માટે એવી રીતે જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેને અતિશય પવિત્રપણે રહેવું. જેમ દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની પૂજાને દેવ અંગીકાર કરે છે, તેમ પરમેશ્વરને વિષે વૃત્તિ રાખતો હોય તેને પણ સાંખ્યશાસ્ત્રની રીતે કરી સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારું જાણીને કેવળ આત્મારૂપ થઈને પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃત્તિ રાખવી. પછી એમ વૃત્તિ રાખતાં રાખતાં જ્યારે **એ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ જ ધ્યાન કરનારા યોગીને નિદ્રા કહી છે,** પણ સુષુપ્તિમાં લીન થવું એવી એ યોગીને નિદ્રા હોય નહિ.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૮॥

## વચનામૃત ૯મું : ભગવાનનું નિર્ગુણ સુખ કેમ જણાય ? તેનું

**સંવત્ ૧૮૮૨ના પોષ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર ગાદી તકિયા બિછવાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે** મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **"રાજસી, તામસી ને સાત્ત્વિકી એ ત્રણ પ્રકારનું જે માયિક સુખ તે જેમ ત્રણ અવસ્થાને વિષે જણાય છે તેમ નિર્ગુણ એવું જે ભગવાન સંબંધી સુખ તે કેમ જણાય છે ?**

પછી એ પ્રશ્નનો ઉત્તર મુનિમંડળ સમસ્ત મળીને કરવા માંડ્યો પણ એનું સમાધાન થયું નહિ. પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય અને જેટલા આકાશને વિષે તારા છે તેટલા ચંદ્રમા હોય ને તેનો જેવો પ્રકાશ થાય તેવો ચિદાકાશનો પ્રકાશ છે. અને તે ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે. તે મૂર્તિને વિષે જ્યારે સમાધિ થાય ત્યારે **એક ક્ષણમાત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, તે ભજનના કરનારાને એમ જણાય જે,** 'હજારો વર્ષ પર્યંત મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું.' એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તે જણાય છે. અને જે માયિક સુખ છે તે બહુકાળ ભોગવ્યું હોય તોપણ અંતે ક્ષણ જેવું જણાય છે. માટે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ છે તે અખંડ-અવિનાશી છે ને જે માયિક સુખ છે તે નાશવંત છે." ॥ ઈતિ વચનામૃતમ્ ॥૯॥ ॥૨૦૯॥

## ॥ વચનામૃત ૧૦મું : જીવનું કલ્યાણ થાય તેનું ॥

**સંવત્ ૧૮૮૨ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને અંગને વિષે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

તે સમયમાં ગામ **ભાદરણના પાટીદાર ભગુભાઈ** આવ્યા. તેણે શ્રીજી મહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **"હે મહારાજ ! જીવનું કલ્યાણ કેમ થાય?"** પછી **શ્રીજી મહારાજે કહ્યું જે,** **"આ પૃથ્વીને વિષે રાજારૂપ ને સાધુરૂપ એ બે**

**પ્રકારે ભગવાનના અવતાર થાય છે.** તેમાં રાજારૂપે જ્યારે પૃથ્વી ઉપર પ્રકટ થાય ત્યારે તો તે ઓગણચાળીશ લક્ષણે યુક્ત હોય અને જ્યારે સાધુરૂપે પૃથ્વી ઉપર પ્રકટ થાય ત્યારે તો ત્રીસ પ્રકારને લક્ષણે યુક્ત હોય. અને **જે રાજારૂપે ભગવાન હોય તે તો** ચોસઠ પ્રકારની કળાએ યુક્ત હોય તથા સામ, દામ, ભેદ, દંડ એ ચાર પ્રકારના જે ઉપાય તેણે યુક્ત હોય તથા શૃંગાર આદિક જે નવ રસ તેણે યુક્ત હોય; અને તે ભગવાન જ્યારે સાધુરૂપે હોય ત્યારે તેમાં એ લક્ષણ હોય નહિ. અને જે રાજારૂપે ભગવાન હોય તેને જો આપત્કાળ આવ્યો હોય તો મૃગયા કરીને પણ જીવે અને ચોર હોય તેને ગર્દન પણ મારે અને ઘરમાં સ્ત્રીઓ પણ રાખે;

અને **સાધુરૂપે ભગવાન હોય તે તો** અતિશય અહિંસાપર વર્તે, તે લીલા તૃણને પણ તોડે નહિ અને કાષ્ઠની તથા ચિત્રામણની સ્ત્રીનો પણ સ્પર્શ કરે નહિ. માટે સાધુરૂપ જે ભગવાનની મૂર્તિ ને રાજારૂપ જે ભગવાનની મૂર્તિ એ બેની રીતિ એક હોય નહિ. અને શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે પૃથ્વી ને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રીકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેનાં ઓગણચાળીશ લક્ષણ કહ્યાં છે અને એકાદશસ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાન ને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે.

**માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે.**

અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી. તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૦॥ ॥૨૧૦॥

Index



## વચનામૃત ૧૧મું : જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ આત્મદર્શન

સંવત્ ૧૮૮૨ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા ને કર્ણની ઉપર પુષ્પનાં ગુચ્છ ખોસ્યાં હતાં ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "**અમારો તો એવો સ્વભાવ છે જે એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય** એ ચારથી તો અમે અતિશય બીયે છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ.'અને એવાતો બીજા કોઈથી અમે બીતા નથી. કેમજે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ અને **એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી** જાય છે.

એ વાતને સાંભળીને **મુક્તાનંદ સ્વામીએ** પ્રશ્ન પૂછ્યો જે, "**હે મહારાજ, જીવ તો અવિનાશી કહ્યો છે તેનો નાશ તે કેમ જાણવો?**" પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "પર્વતનું કે બીજું એવું જ જે કોઈક જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહિ, એટલે એના જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. માટે **જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને એ ચારમાંથી કોઈનો દ્રોહ ન કરવો. અને વળી ભગવાન કે ભગવાનના ભક્ત તે આગળ કોઈ પ્રકારે માન રાખવું નહિ;** કેમ જે, માન છે તે તો ક્રોધ, મત્સર, ઈર્ષ્યા ને દ્રોહ એનો આધાર છે અને માની હોય તેની ભક્તિ પણ આસુરી કહેવાય. અને ભગવાનના ભક્તને જો બિવરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો.

**અને અમારો તો એ સ્વભાવ છે જે** બ્રાહ્મણનો ને ગરીબનો ને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે તે તો અમને દીઠો જ ગમે નહિ અને આ લોકમાં ને પરલોકમાં તેને અને અમારે સોબત રહેવાની નથી." **એટલી વાર્તા કરીને પછી**

**શ્રીજી મહારાજે બે પદ ગવરાવ્યાં જે, "મારા હરજી શું હેત ન દીસે રે તેને ઘેર શીદ જઈએ"** એક તો એ, અને બીજું જે, **"મારા વહાલાજી શું વહાલપ દીસે રે તેનો સંગ કેમ તજીએ."** અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગીમાત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે, **એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી.**

અમે કહીને શ્રીજી મહારાજ શ્રી લક્ષ્મીનારાયણના મંદિર આગળ એક મંચ હતો તે ઉપર આવીને વિરાજમાન થયા. પછી **ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, "આ સંસારને વિષે જે પંડિત છે તે શાસ્ત્ર, પુરાણ સર્વે વાંચે છે પણ તેને ભગવાનનો ને સંતનો જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી ?"** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "શાસ્ત્ર, પુરાણ વાંચે છે તો ખરા; પણ એને ભગવાનનો આશરો નથી માટે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર તેણે એના જીવને હરવી નાખ્યો છે અને કામાદિક જે શત્રુ તે એને કોઈ કાળે માથું ઉપાડવા દેતા નથી. પછી તે પંડિત પોતાની પેઠે જ ભગવાન ને ભગવાનના સંતને સમજે જે, 'જેમ અમારા કામાદિક શત્રુ કોઈ કાળે નિવૃત્તિ પામતા નથી તેમ એના પણ કામાદિક શત્રુ નિવૃત્તિ નહિ પામતા હોય.' એમ ભગવાન ને ભગવાનના સંતને વિષે દોષ સમજે; માટે શાસ્ત્ર, પુરાણ વાંચે પણ એને ભગવાન કે ભગવાનના સંતનું જેમ છે તેમ યથાર્થ માહાત્મ્ય સમજાતું નથી."

પછી **શ્રીજી મહારાજે દીનાનાથ ભટ્ટ તથા મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** "બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદ ઈન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય, તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહિ. અને જ્યારે એને મોટા પુરુષના સરખી સ્થિતિ થાય ત્યારે એ **મોટા પુરુષ** જેમ વર્તે છે તે સત્ય મનાય. અને જ્યાં સુધી એ **સત્પુરુષનો** મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિશે સ્થિતિ પણ ન થાય ને આત્માને વિશે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા પણ ન જણાય. માટે પરસ્પર વિરોધ આવ્યો, તે વિરોધ ટળે તે ઉપાય કહો." પછી જેની જેવી નજર પૂગી તેણે તેવો ઉત્તર

કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહિ.

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''લ્યો અમે ઉત્તર કરીએ. એનો ઉત્તર તો એ છે જે, પૃથ્વીને વિશે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સત્પુરુષને વિશે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે. માટે **સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૧ ॥૨૧૧ ॥

## ॥ વચનામૃત ૧૨મું : મહિમા સહિત નિશ્ચયનું, નપુંસક રાજાનું ॥

સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ તળે પાટ ઉપર ગાદીતકિયે યુક્ત ઢોલિયો હતો તે ઉપર વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને માંહિલી કોરે શ્વેત પછેડીએ યુક્ત ગુલાબી રંગની શાલ ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને કંઠને વિશે ગુલાબના પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને તે સમે શ્રીજી મહારાજ અંતર્દષ્ટિ કરીને બહુવાર સુધી વિરાજમાન થયા હતા. પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે હરિભક્તની સભા સામું કરુણાકટાક્ષે કરી જોઈને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''**આજ તો સર્વેને નિશ્ચયની વાત કરવી છે,** તે સર્વે સાવધાન થઈને સાંભળો જે, અનંત કોટિ સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ, તેને વિશે શ્રીપુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે. અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે રામ-કૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે. ત્યારે

તે ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે. અને જેમ ચંદ્રમાને વિશે જેમ જેમ સૂર્યની કળા આવતી જાય તેમ તેમ તે ચંદ્રમા વૃદ્ધિને પામતો જાય છે, તે જ્યારે પૂર્ણમાસી આવે ત્યારે ચંદ્રમા સંપૂર્ણ થાય છે. તેમ ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર તો એ જીવ અમાવાસ્યાના ચંદ્રની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય; પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ સહિત નિશ્ચયને પામે છે તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણ માસીના ચંદ્ર જેવો એ જીવાત્મા થાય છે. પછી એને ઈન્દ્રિયો-અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થતાં અને પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તોપણ તેને કોઈ રીતે ભગવાનને વિશે દોષ ભાસતો જ નથી. એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો.

અને તે જ ભક્તને જો ક્યારેક અસત્ દેશ, અસત્ કાળ, અસત્ સંગ ને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનનાં ચરિત્રને વિશે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્રમા જેવો હતો પણ પાછો અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે. માટે **પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ હોય તે એ જીવને ઝાઝી નડતી નથી, પણ પરમેશ્વરનાં ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે.** જેમ વૃક્ષનાં મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિશે કોઈ રીતે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ.

અને **જેને નિશ્ચયનું અંગ દુર્બળ હોય** ને તે સત્સંગમાં હોય તોપણ તેને એવા ઘાટ થાય જે, 'શું જાણીએ મારું તે કલ્યાણ થશે કે નહિ થાય ? અને હું જ્યારે મરીશ ત્યારે દેવતા થઈશ કે રાજા થઈશ કે ભૂત થઈશ ?' જેને ભગવાનના સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય ન હોય તેને એવા ઘાટ થાય. **અને જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે,** 'મને તો ભગવાન મળ્યા તે

દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે.' માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિશે કૃતાર્થપણું માનવું, **એ વાત સર્વે ખબડદાર થઈને રાખજ્યો.''**

પછી **શ્રીજી મહારાજે કહ્યું જે,** 'ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા,' એ માહાત્મ્યનું કીર્તન ગાવો.'' પછી તે કીર્તન ગાયું.

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને પણ ભાગવતમાં કહ્યું છે જે

**અહો અમી દેવવરામરાર્ચિતં પાદામ્બુજં તે સુમનઃ ફલાર્હણમ્ ।**
**નમન્ત્યુપાદાય શિખાભિરાત્મનસ્તમોડપહત્યૈ તરુજન્મ યત્કૃતમ્ ॥**

એમ પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે; માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું. અને જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સહિત દૃઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો, તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નહિ. જેમ રાજા હોય તે નપુંસક હોય ને તેનું રાજ્ય જતું હોય ને વંશ જતો હોય, પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ; અને સર્વ મુલકમાંથી પોતા જેવા નપુંસકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તોપણ સ્ત્રીને પુત્ર થાય નહિ. તેમ **જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા-ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું.**

અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીએ તેના પ્રાણ જાય; તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૨॥૨૧૨॥**

## વચનામૃત ૧૩મું : બ્રહ્મ વ્યાપક હોય તો મૂર્તિમાન કેમ કહેવાય ? તેનું

સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૭ સપ્તમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષની તળે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને અંગને વિશે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા અને હસ્તકમળે કરીને એક દાડમનું ફળ ઉછાળતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજીમહારાજને ઉપર સોનાના ઈંડાએ સહિત છત્ર વિરાજમાન હતું. એવી શોભાને ધરતા થકા શ્રીજી મહારાજ વિરાજમાન હતા.

**તે સમયમાં ગામ ભાદરણના પાટીદાર ભગુભાઈ** શ્રીજી મહારાજ પાસે આવ્યા હતા. **તેણે પૂછ્યું જે, "હે મહારાજ ! આ સમાધિ તે કેમ થતી હશે?"** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જીવોનાં કલ્યાણને અર્થે આ ભરતખંડમાં ભગવાન અવતાર ધરે છે. તે ભગવાન **જ્યારે રાજારૂપે હોય ત્યારે તો ઓગણચાળીસ લક્ષણે યુક્ત હોય** અને દત્ત-કપિલ જેવા **સાધુરૂપે હોય ત્યારે તો ત્રીસ લક્ષણે યુક્ત હોય.** તે ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય, પણ એ અતિશય અલૌકિક મૂર્તિ છે.

જેમ પૃથ્વીને વિશે સર્વે પથરા છે તેમ ચમકપાણ પણ પથરો છે, પણ ચમકપાણમાં સહજે એવો ચમત્કાર રહ્યો છે જે, 'ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે.' તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે ને સાધુરૂપે છે, **તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેનાં ઈન્દ્રિયો ભગવાન સામાં તણાઈ જાય છે, ત્યારે સમાધિ થાય છે.** જેમ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરીને ગોકુળવાસી સર્વને સમાધિ થઈ હતી અને ભગવાને તે સમાધિમાં પોતાનું ધામ દેખાડ્યું હતું. તેવી જ રીતે જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિશે એવો ચમત્કાર જરૂર હોય; તે જે શ્રદ્ધાએ યુક્ત ભગવાનના

દર્શન કરે તેનાં ઈન્દ્રિયો સર્વે ભગવાન સામાં તણાઈ જાય અને તત્કાળ સમાધિ થાય. અને **કોઈક સમયમાં ભગવાનને ઘણાક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે** તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે?''

પછી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''બ્રહ્મ છે તે તો સર્વત્ર વ્યાપક છે એમ સર્વે કહે છે; તે જે વ્યાપક હોય તેને મૂર્તિમાન કેમ કહેવાય અને જે મૂર્તિમાન હોય તેને વ્યાપક કેમ કહેવાય ?** એ પ્રશ્ન છે.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'બ્રહ્મ તો એકદેશી છે પણ સર્વદેશી નથી ને **તે બ્રહ્મ તે શ્રીકૃષ્ણ ભગવાન છે** તે એકદેશી થકા સર્વદેશી છે. જેમ કોઈક પુરુષે સૂર્યની ઉપાસના કરી હોય પછી સૂર્ય તેને પોતાના સરખી દૃષ્ટિ આપે, ત્યારે તે પુરુષ જ્યાં સુધી સૂર્યની દૃષ્ટિ પહોંચતી હોય ત્યાં સુધી દેખે. અને વળી જેમ સિદ્ધદશાવાળો પુરુષ હોય તે હજારો ને લાખો ગાઉ ઉપર કોઈક વાત કરતો હોય તેને જેમ પાસે વાર્તા કરે ને સાંભળે તેમ સાંભળે, તેમ જ લાખો ગાઉ ઉપર કાંઈક વસ્તુ પડી હોય તેને મનુષ્યના જેવડા હાથ હોય તેણે કરીને પણ ઉપાડે; **તેમ શ્રીકૃષ્ણ ભગવાન** એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે. અને સિદ્ધ હોય તેમાં પણ દૂરશ્રવણ-દૂરદર્શનરૂપ ચમત્કાર હોય, તો પરમેશ્વરમાં હોય તેમાં શું આશ્ચર્ય છે ? અને ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે, તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે, એમ વ્યાપક કહ્યા છે; પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી, ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંત કોટિ બ્રહ્માંડમાં ભાસે છે.'' ॥ ઈતિ વચનામૃતમ્‌॥૧૩॥૨૧૩॥

## વચનામૃત ૧૪મું : વિમુખ જીવ ધર્મી જાણે તે ધર્મી નથી ને પાપી જાણે તે પાપી નથી તેનું

**સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિર આગળ વિરાજમાન હતા**

**અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે કુપાત્ર જીવ જણાતો હોય ને તેને પણ સમાધિ થઈ જાય છે તેનું શું કારણ હશે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "ધર્મશાસ્ત્રને વિશે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વ લોક એમ જાણે જે, 'આ કુપાત્ર માણસ છે.' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે અને તે જીવ અતિશય પવિત્ર થઈ જાય છે માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે ત્યારે સમાધિ થઈ જાયછે.

અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વે લોક ધર્મવાળો જાણે; પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો તે દ્રોહ કરતો હોય, તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે, 'વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાંખે છે.' માટે **સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચ મહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે.** શા માટે જે ? પંચ મહાપાપ કર્યાં હોય તે તો સત્પુરુષને આશરે જઈને છુટાય છે, પણ **સત્પુરુષનો દ્રોહ કરે તેનો તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી.** કેમ જે, અન્ય ઠેકાણે પાપ કર્યું હોય તે તો તીર્થમાં થઈને છુટાય છે અને તીર્થમાં જઈને પાપ કરે તે તો વજ્રલેપ થાય છે. માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે. અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તોપણ મહાપાપી છે ને તેને કોઈ કાળે ભગવાનનાં દર્શન હૃદયને વિશે થાય જ નહિ. માટે **જેને વિમુખ જીવ પાપી જાણે છે તે પાપી નથી અને જેને વિમુખ ધર્મી જાણે છે તે ધર્મી નથી.**" ।।ઈતિ વચનામૃતમ્ ।।૧૪।।૨૧૪।।

## ॥ વચનામૃત ૧૫મું : દૈવી-આસુરી થયાના હેતુનું ॥

સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને કિનખાબનો સુરવાળ ને ડગલી પહેર્યાં હતાં અને મસ્તક ઉપર મોટા સોનેરી છેડાનું ભારે કસુંબલ શેલું બાંધ્યું હતું અને મોટા મોટા સોનેરી છેડાનું કસુંબલ શેલું ખભા ઉપર વિરાજમાન હતું અને મસ્તક ઉપર સોનેરી ઈંડાનું છત્ર વિરાજમાન હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સભામાં **શોભારામ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો જે,** **‘‘હે મહારાજ ! દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે, તે અનાદિકાળના છે કે કોઈક યોગે કરીને થયા છે ?’’** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે, તે પ્રથમ તો પ્રલયકાળે માયાને વિશે લીન થયા હતા; પછી જ્યારે જગતનો સર્ગ થાય છે ત્યારે તે બે પ્રકારના જીવ પોતપોતાના ભાવે’’ યુક્ત થકા ઊપજે છે. અને કેટલાક સાધારણ જીવ છે તે તો દૈવી ને આસુરીને સંગે કરીને દૈવી ને આસુરી થાય છે અને કેટલાક દૈવી ને આસુરી જીવ છે તે તો જેવાં જેવાં કર્મ કરતા જાય છે તેવા તેવા ભાવને પામતા જાય છે. **તેમાં આસુરભાવને વિશે ને દૈવીભાવને વિશે મુખ્ય હેતુ તો સત્પુરુષનો કોપ ને અનુગ્રહ છે.** જેમ જય-વિજય ભગવાનના પાર્ષદ હતા તેણે સત્પુરુષ એવા જે સનકાદિક તેનો દ્રોહ કર્યો ત્યારે અસુરભાવને પામી ગયા અને પ્રહ્‌લાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો પરમભાગવત સંત કહેવાયા. માટે મોટા પુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે અને જે ઉપર મોટા પુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે; પણ બીજું દૈવી-આસુરી થયાનું કારણ નથી. માટે **જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ અને જે રીતે**

ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૧૫

## ॥ વચનામૃત ૧૬મું : મોટા માણસ સાથે બને નહિ તેનું ॥

**સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા ને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

તે સભામાં **વડોદરાના શાસ્ત્રી બેઠા હતા. તેણે એમ કહ્યું જે,** ''હે મહારાજ! તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય.'' પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે, એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય; માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અને કોઈ મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કાંઈક ગામ-ગરાસ આપે, તેની અમારા હૃદયમાં લાલચ નથી. કેમ જે, ગામ-ગરાસ તો સુખને અર્થે ઈચ્છીએ; તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ, તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિશે પણ નથી. અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિશે સુખ હોય તો **સ્વાયંભૂ, મનુ** આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિશે સુખ હોય તો **ચિત્રકેતુ રાજા** કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. માટે **જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિશે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે; બીજું સર્વે દુઃખરૂપ જણાય છે.** માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતા થકા જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ, પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી; આગ્રહ

તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય-અભિપ્રાય હતો, તે અમે તમારી આગળ કહ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૧૬ ॥ ૨૧૬ ॥

## ॥ વચનામૃત ૧૭મું : જ્ઞાની જિતેન્દ્રિય છે તેનું ॥

**સંવત્ ૧૮૮૨ના પોષ વદિ અમાસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણને સન્મુખ હવેલી ઉપર ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે,** ''પંચ જ્ઞાન ઈન્દ્રિયો ને પંચ કર્મ ઈન્દ્રિયો છે તે પોતપોતાના વિષયને યથાર્થ જાણે છે. તે જ્ઞાની તથા અજ્ઞાનીને ઈન્દ્રિયો દ્વારે એકસરખો વ્યવહાર છે પણ જ્ઞાની હોય તેનાં ઈન્દ્રિયો અજ્ઞાની થકી બીજી રીતે નથી વર્તતાં. માટે **જ્ઞાનીને જિતેન્દ્રિય કહ્યા છે તે કેવી રીતે જાણવા ?** એ પ્રશ્ન છે.''

**પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, ''નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે જિતેન્દ્રિય થાય એમ જણાય છે.''** પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે, ''નિર્વિકલ્પ સમાધિવાળાને પણ પંચવિષય ગ્રહણ કરવા તે તો સૌની પેઠે ઈન્દ્રિયો દ્વારે જ ગ્રહણ થાય છે; માટે જિતેન્દ્રિયપણું કેમ છે ?''** પછી બહુ રીતે કરીને મુક્તાનંદ સ્વામીએ ઉત્તર કર્યો પણ સમાધાન થયું નહિ.

પછી **શ્રીજી મહારાજે કહ્યું જે,** ''એનો ઉત્તર તો એમ છે જે, શબ્દાદિક જે પંચવિષય છે તેમાં જે દોષ રહ્યા છે તેને જાણે અને ભગવાનની જે મૂર્તિ છે તેમાં જે કલ્યાણકારી ગુણ છે તેને પણ જાણે. અને માયિક જે પંચવિષય તેને ભોગવવે કરીને જીવને નરકના કુંડની પ્રાપ્તિ થાય છે ને મહાદુઃખ ભોગવવાં પડે છે તેને પણ જાણે. અને એમ જાણે ત્યારે એને પંચવિષયનો અતિશય અભાવ આવે છે ને એને વિશે વૈરબુદ્ધિ થાય છે. પછી **જે સાથે જેને વૈર થયું**

**તેને, તેને વિશે કોઈ રીતે પ્રીતિ થાય જ નહિ. એમ સમજીને જ્યારે પંચ-વિષયનો મનમાંથી જેને અતિશય અભાવ થઈ જાય તે જિતેન્દ્રિય પુરુષ કહેવાય.** પછી ભગવાનની શ્રવણ-કીર્તનાદિક ભક્તિએ કરીને પોતાનું જીવિતવ્ય પૂરું કરે, પણ વિમુખ જીવની પેઠે પંચવિષયમાં આસકત થાય નહિ. એવો હોય તે જિતેન્દ્રિય કહેવાય.''

**પછી શ્રીજી મહારાજે બીજો પ્રશ્ન પૂછ્યો જે,** ''**એક ત્યાગી સંત છે** તે તો કેવળ નિવૃત્તિ માર્ગવાળા છે અને તે એમ જાણે છે જે, 'અમે આત્મા છીએ,' પણ દેહને પોતાનું રૂપ માનતા નથી ને તેના દેહની રીતિ તો જડ ને ઉન્મત્તના જેવી હોય; અને તે પુરુષને જાતિ, વર્ણ, આશ્રમ તેનું અભિમાન હોય નહિ; ને ખાવું, પીવું, ઊઠવું, બેસવું તે સર્વે ઘેલાના જેવું હોય, પણ લોકમાં ભળતું આવે તેવું ન હોય; ને એવા જે ત્યાગી હોય તેને કોઈનો સંગ પણ રહે નહિ; જેમ વનનું મૃગલું હોય તેની પેઠે ઉન્મત્ત થકો એકલો ફરતો રહે ને એને કોઈ રીતનું બંધન પણ થાય નહિ. **અને બીજા ત્યાગી સંત છે** તે તો નિવૃત્તિ-માર્ગવાળા છે તોપણ પ્રવૃત્તિ માર્ગમાં વર્તે છે અને જે પ્રવૃત્તિને યોગે કરીને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક દોષ હૃદયને વિશે પ્રવર્તે તેવી ક્રિયાને વિશે પ્રવર્તે છે, ત્યારે કોઈક જાતનો અંતરમાં વિકાર પણ થઈ આવે છે. **માટે એ ત્યાગીને એ પ્રવૃત્તિ માર્ગમાં રહેવું ઘટે કે ન ઘટે ? અને વળી એ પ્રવૃત્તિ માર્ગમાં રહેતા થકા કેવી રીતે નિર્વિકાર રહેવાય ?** અને તમે કહેશો જે, 'જો પરમેશ્વરની આજ્ઞાએ કરીને એ પ્રવૃત્તિમાર્ગમાં રહે તો બંધન ન થાય.' તે ઉપર એ આશંકા છે જે, 'પરમેશ્વરની આજ્ઞાએ કરીને ભાંગ્ય પીવે તો શું ગાંડો ન થાય ? જરૂર ગાંડો થાય.' **માટે એ ત્યાગી કેવી રીતે પ્રવૃત્તિ માર્ગમાં રહે તો બંધન ન થાય ? એ પ્રશ્ન છે.''**

પછી **નિત્યાનંદસ્વામીએ ને શુકમુનિએ** એનું સમાધાન કરવા માંડ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે કેવળ નિવૃત્તિ ધર્મવાળા ત્યાગી છે ને ઉન્મત્તની પેઠે વર્તે છે તે તો કેવળ આત્મનિષ્ઠાવાળા

જાણવા. અને વળી જે નિવૃત્તિધર્મવાળા ત્યાગી ભગવાનની ભક્તિએ યુક્ત છે, તેને તો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિશે રહીને ભગવાન ને ભગવાનના ભક્ત સંબંધી જે પ્રવૃત્તિમાર્ગ તેને વિશે સાવધાન થઈને જોડાવું. **અને એ જે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે.** અને એવી પ્રવૃત્તિવાળા જે ત્યાગી છે તેની બરોબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી. શા માટે જે, આ તો ત્યાગી છે ને નિવૃત્તિમાર્ગવાળા છે તો પણ ભગવાન ને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાં પ્રવર્તે છે. **અને એ જે ભગવાનનો ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિ માર્ગને વિશે રહેવું,** પણ પરમેશ્વરના નિયમથી અધિક પણ વર્તવું નહિ ને ન્યૂન પણ રહેવું નહિ અને કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, સ્વાદ એ આદિક જે વિકાર તેનો ત્યાગ કરીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાર્ગને વિશે વર્તવું, તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. અને **કેવળ આત્મ-નિષ્ઠાવાળો જે ત્યાગી તે કરતાં તો આ ત્યાગી અતિશય શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે.''** ॥ ઈતિ વચનામૃતમ ॥૧૭ ॥૨૧૭ ॥

## ॥ વચનામૃત ૧૮મું : અવશ્યપણે પાંચ વાર્તા જાણવાનું ॥

**સંવત્ ૧૮૮૨ના મહાસુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રીવરતાલમધ્યે સંધ્યા આરતી થયા કેડે શ્રીલક્ષ્મીનારાયણના મંડપમાં ગાદીતકિયા નંખાવીને વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્રનું ધારણ કર્યું હતું ને પોતાની ચારે કોરે મંડપને ઉપર તથા હેઠે પરમહંસ સર્વે તથા દેશદેશના હરિભક્ત સર્વે બેઠા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ તમે સર્વે મોટા મોટા પરમહંસ છો તે તમને અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, **'સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ;** કેમ જે તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે, ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ?'' એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, **''લ્યો, એનો ઉત્તર અમે જ કરીએ**

**છીએ જે, એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે, તેની રીત જાણી જોઈએ તથા બીજી ગુરુપરંપરા જાણી જોઈએ.** તે કેવી રીતે ? તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામી રૂપે હતા ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિશે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને **અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી. અને ત્રીજા અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર છે તેને જાણવાં.** તે શાસ્ત્રનાં નામ : ૧. 'વેદ', ૨. 'વ્યાસસૂત્ર', ૩. 'શ્રીમદ્‌ભાગવત પુરાણ', ૪. મહાભારતને વિશે 'વિષ્ણુસહસ્રનામ', ૫. ભગવદ્‌ગીતા', ૬. 'વિદુરનીતિ', ૭. સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહિલું 'વાસુદેવમાહાત્મ્ય' અને ૮. 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ.'- એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં. અને **ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવા.** અને સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું; અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં જે પરોક્ષરૂપ ને પ્રત્યક્ષરૂપ તેને જાણવાં.

**તેમાં પરોક્ષરૂપ તે કેવી રીતે ?** તો માયાના તમ થકી પર એવો જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિશે શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે; તે દ્વિભુજ છે ને કોટિ કોટિ સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર છે, ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ, સુનંદ ને શ્રીદામાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે ને અનંત કોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને મહારાજાધિરાજપણે વિરાજમાન છે. અને એવા જે એ ભગવાન તે ચતુર્ભુજરૂપને ધારે છે, અષ્ટભુજરૂપને ધારે છે ને સહસ્રભુજરૂપને પણ ધારે છે; ને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, ને પ્રદ્યુમ્ન એ જે ચતુર્વ્યૂહ ને કેશવાદિક જે ચોવીસ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે; તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે; ને પોતે તો સદા દ્વિભુજ

છે. અને 'ઉપનિષદ્' તથા 'સાંખ્યશાસ્ત્ર' ને 'યોગશાસ્ત્ર' તથા 'પંચરાત્ર' એમને વિશે એ જ સ્વરૂપનું વર્ણન કર્યું છે. એવી રીતે પરોક્ષપણે ભગવાનનું સ્વરૂપ કહ્યું. અને **સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે** ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, નિમ્બાર્ક ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય; કેમ જે, એ આચાર્ય જો વ્યાસજીનાં વચનને અનુસરે તો એ આચાર્યનાં વચનનું લોકમાં પ્રમાણ થાય, નહિ તો ન થાય. અને **વ્યાસજીને તો બીજા કોઈની અપેક્ષા નથી; કેમ જે, વ્યાસજી તો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે.** માટે આપણે તો વ્યાસજીનાં વચનને જ અનુસરવું. અને તે જે વ્યાસજી તેણે જીવના કલ્યાણને અર્થે વેદનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યાં ને 'મહાભારત' કર્યું, તોપણ તે વ્યાસજીના મનમાં એમ થયું જે, 'જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો.' ને તેણે કરીને પોતાના મનમાં સંતોષ ન થયો. તે પછી સમગ્ર 'વેદ', 'પુરાણ', 'ઈતિહાસ', 'પંચરાત્ર', 'યોગશાસ્ત્ર', 'સાંખ્યશાસ્ત્ર' તેનું સાર એવું જે 'શ્રીમદ્ ભાગવત પુરાણ' તેને વ્યાસજી કરતા હવા. તે ભાગવતને વિશે સર્વ અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનને જ અધિકપણે કહ્યા છે ને સર્વ અવતારના ધરનારા જે છે તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે.

અને એ **શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે ગુણવિભાગના અધ્યાયમાં કહ્યું છે જે, 'હું નિર્ગુણ છું ને મારા સંબંધને જે પામે છે તે પણ નિર્ગુણ થાય છે.'** માટે કામભાવ, દ્વેષભાવ, ભયભાવ, સંબંધભાવ, સ્નેહભાવ - એમાંથી જે જે ભાવે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનને જે જીવ આશર્યા તે નિર્ગુણ થઈ ગયા. માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તે નિર્ગુણ છે. એવી રીતે વ્યાસજીએ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા છે. અને **તે વ્યાસજીએ એમ સિદ્ધાંત કર્યો છે જે,** 'સર્વ અવતારના ધરતલ જે પરમેશ્વર તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે ને બીજા જે અવતાર તે એના છે.' અને જો એ શ્રીકૃષ્ણ ભગવાનને નિર્ગુણ નહિ કહે ને

શુદ્ધ સત્ત્વાત્મક કહેશે, તો તેને ભાગવતના પૂર્વાપર સંબંધની ખબર જ નથી ને તેને વિશે મોટો બાધ આવશે. કેમ જે, ગોપીઓએ શ્રીકૃષ્ણને ભગવાન ન જાણ્યા ને કામભાવે કરીને એ જ શ્રીકૃષ્ણ ભગવાનને ભજ્યા, તેણે કરીને તે ગોપીઓ નિર્ગુણ થઈ ગઈ; ત્યારે તે શ્રીકૃષ્ણ ભગવાનને શુદ્ધ સત્ત્વાત્મક કેમ કહેવાય ? માટે શ્રીકૃષ્ણ ભગવાન તો નિર્ગુણ જ છે તથા શ્રીકૃષ્ણ ભગવાને પોતે અર્જુન પ્રત્યે કહ્યું છે જે:

**'જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ।।'** (ગીતા-૪/૯)

અને એ શ્રીકૃષ્ણ ભગવાને પોતાના જન્મ સમયમાં વસુદેવ-દેવકીને પરમેશ્વરપણાની પ્રતીતિને અર્થે જે ચતુર્ભુજરૂપ દેખાડ્યું તથા બ્રહ્માને જે અનેક ચતુર્ભુજરૂપ દેખાડ્યાં તથા અક્રૂરને જે શેષશાયીરૂપ દેખાડ્યું તથા અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું, ઈત્યાદિક રૂપને ભેદે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસનાના ભેદ કહેવા તે તો યોગ્ય છે પણ એ શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને વિશે બાળમુકુંદ કહેવાયા, મોરલીમનોહર કહેવાયા, રાધાકૃષ્ણ કહેવાયા તથા વાછડાં ચાર્યાં, ગાયો ચારી, ગોવર્ધન પર્વત ધાર્યો, ગોપીઓ સાથે રાસક્રીડા કરી તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો, યાદવને સુખિયા કર્યા તથા સાંદિપનિ બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણ્યા તથા કુબ્જા સંઘાથે વિહાર કર્યો તથા દ્વારિકાપુરીમાં વસ્યા અને રૂક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પરણ્યા તથા સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા તથા હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવની સર્વ કષ્ટ થકી રક્ષા કરી ને દ્રૌપદીની લાજ રાખી ને અર્જુનના સારથિ થયા ઈત્યાદિક સ્થાનકને ભેદે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે; **તેણે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનના દ્વિભુજ સ્વરૂપને વિશે ઉપાસનાના ભેદ ન કરવા અને જે કરશે તે વચનદ્રોહી-ગુરુદ્રોહી છે. અને એ શ્રીકૃષ્ણ ભગવાનનાં આચરણ જે ગોવાળિયાનું ઉચ્છિષ્ટ ખાધું તથા રાસરમણ કર્યું ઈત્યાદિક અનેક પ્રકારનાં છે તે આચરણ પ્રમાણે તે શ્રીકૃષ્ણ**

**ભગવાનના ભકતને આચરણ ન કરવું.** અને એ શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધમાં તથા ભગવદ્‌ગીતામાં તથા વાસુદેવમાહાત્મ્યમાં જેમ સાધુનાં લક્ષણ કહ્યાં છે તથા વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તથા પોતાની ભક્તિ કર્યાનું કહ્યું છે તે પ્રમાણે વર્તવું, પણ એ શ્રીકૃષ્ણ ભગવાનના આચરણ પ્રમાણે આચરણ ન કરવું અને જે કરશે તે વિમુખ છે, અમારો સત્સંગી નથી. અને આપણા ઈષ્ટદેવ એવા જે એ શ્રીકૃષ્ણ ભગવાન, તેનાં આચરણ પ્રમાણે જેમ ન કરવું તેમ જ **તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા એવો જે હું, તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું.** અને અમારા સંપ્રદાયને વિશે જેમ જેના ધર્મ કહ્યા છે તે, જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું પણ અમારાં આચરણ પ્રમાણે ન રહેવું. આ જે અમે વાર્તા કરી તેને સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી શીખી લેજ્યો ને એ પ્રમાણે સમજીને એમ જ વર્તજો ને બીજા આગળ પણ એમ જ વાર્તા કરજો.'' એમ કહીને શ્રીજીમહારાજ ભોજન કરવા પધાર્યા. એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે, 'એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજી મહારાજ છે પણ એ થકી પર કોઈ નથી અને એ જ આપણા ઈષ્ટદેવ છે ને ગુરુ પણ એ જ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૮॥

## ॥ વચનામૃત ૧૯મું : ભક્ત થવાનું, અવિવેકનું, વિષ્ટાના કીડાનું ॥

**સંવત્ ૧૮૮૨ના મહાસુદિ ૨ બીજને દિવસ શ્રીજી મહારાજ સાંજને સમે શ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં ઉગમણી કોરની રૂપચોકી પર ગાદી તકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભાભરાઈને બેઠી હતી.**

પછી ઠાકોરજીની સંધ્યા આરતી થઈ રહી ત્યારે **શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ જે, **આ જીવને જ્યારે ભરતખંડને વિશે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ**

**ભગવાનનો ભક્ત થાય છે.** પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિશે પ્રીતિ રાખવી ઘટે નહીં. શા માટે જે, ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે. અને જે નરકના કીડા છે તે તો નરકને વિશે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે. તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઈચ્છવું નહીં.

અને **જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથને કરે તે સર્વે સત્ય થાય છે.** માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઈચ્છે એ જ એને મોટો અવિવેક છે. તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગ-સુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ અને મન-કર્મ-વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિશે દૃઢ પ્રીતિ કરી જોઈએ. અને **એમ સમજ્યું જોઈએ જે,** 'જે ભગવાનનો ભક્ત હોય ને તેને જો કદાચિત્ ભગવાન વિના બીજી વાસના રહી ગઈ હોય, તો તે પણ ઈન્દ્રપદવીને પામે કાં બ્રહ્મલોકને પામે, પણ પ્રાકૃત જીવની પેઠે નરક-ચોરાશીમાં તો જાય જ નહિ; ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમા ને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ આવે ?' માટે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૯ ॥૨૧૯ ॥

## વચનામૃત ૨૦મું : જનકરાજા જેવી સમજણનું - નિર્વિકારી રહ્યાનું

**સંવત્ ૧૮૮૨ના મહા સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષની હેઠે વેદી ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે ચમેલીનાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને મસ્તક ઉપર રાતા અતલસનું છત્ર વિરાજમાન હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભાઈ ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, ''રજોગુણમાંથી કામની ઉત્પત્તિ થાય છે અને તમોગુણમાંથી ક્રોધ ને લોભની ઉત્પત્તિ થાય છે; માટે કામાદિકનું બીજ ન રહે એવું એક સાધન કયું છે ?''** પછી **શુકમુનિએ કહ્યું જે,** ''જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ને જ્યારે આત્મદર્શન થાય ત્યારે જ એના હૃદયમાંથી કામાદિકનું બીજ બળી જાય.'' પછી **શ્રીજી મહારાજે આશંકા કરી જે,** ''શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદ એમને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી, જે કામે કરીને એ સર્વે વિક્ષેપને પામ્યા ? માટે એ સર્વે નિર્વિકલ્પ સમાધિવાળા જ હતા, તોપણ ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમ થઈ ત્યારે કામાદિકે કરીને વિક્ષેપને પામ્યા. માટે તમે કહ્યું એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર ન થયો. અને જેમ જ્ઞાની નિર્વિકલ્પ સમાધિને વિશે જાય ત્યારે નિર્વિકાર રહે છે, તેમ જ અજ્ઞાની સુષુપ્તિને વિશે નિર્વિકાર રહે છે. અને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમ થાય છે ત્યારે તો જ્ઞાની ને અજ્ઞાની બેય કામાદિકે કરીને વિક્ષેપને પામે છે; એમાં તો જ્ઞાની-અજ્ઞાનીનો કાંઈ વિશેષ જણાતો નથી. **માટે હવે બીજા પરમહંસ ઉત્તર કરો.**'' પછી તો ગોપાળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એ સર્વે મળીને જેવો જેને ભાસ્યો તેવો તેણે ઉત્તર કર્યો, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન થયું નહિ.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેમ જનકવિદેહી હતા તે પ્રવૃત્તિ-માર્ગમાં હતા તોપણ નિર્વિકાર હતા ને જ્યારે જનકની સભામાં સુલભા નામે સંન્યાસિની આવી, ત્યારે જનકરાજા સુલભા પ્રત્યે બોલ્યા જે, 'તું મારા ચિત્તને મોહ પમાડ્યાનું કરે છે પણ મારા ગુરુ જે પંચશિખ ઋષિ તેની કૃપા થકી હું સાંખ્ય ને યોગ એ બે મતને અનુસર્યો છું. માટે મારા અર્ધા શરીરને ચંદન ચર્ચે અને અર્ધું શરીર તરવારે કરીને કાપે એ બેય મારે બરોબર છે અને આ મારી મિથિલાપુરી બળી જાય તોપણ મારું કાંઈ બળતું નથી. એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો અસંગી ને નિર્વિકાર છું.' એવી રીતે રાજા જનકે સુલભા પ્રત્યે કહ્યું. અને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાયા.

**માટે એ પ્રશ્નનો એ જ ઉત્તર છે જે,** 'ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમપણે વર્તતી હોય અને પ્રવૃત્તિમાર્ગમાં રહ્યો હોય તોપણ જો રાજા જનકની પેઠે જેના હૃદયમાં સમજણની દૃઢતા થઈ હોય, તો તે કોઈ રીતે વિકારને પામે નહિ.' અને જેને જેવું જાણ્યું જોઈએ તેવું યથાર્થ જાણ્યું હોય જે, આ તે સાર છે ને આ તે અસાર છે. પછી એક ભગવાનની મૂર્તિ વિના જેટલા માયિક આકાર છે તે સર્વે અતિશય દુઃખદાયક છે ને નાશવંત છે એમ જાણે અને પોતાને દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે. પછી એને એવું કોઈ પદાર્થ નથી જે, 'મોહ પમાડવાને અર્થે સમર્થ થાય;' કેમજે, એ તો સર્વે માયિક આકારને તુચ્છ કરી જાણે છે. અને **એવી રીતે જેના અંતરમાં સમજણની ઘેડ્ય બેઠી હોય ને તેની ઈન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિશે સર્વે અનુલોમપણે વર્તતી હોય તોપણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે.** એવો જે હરિભક્ત હોય તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે અને એવો જે હોય તે જ સર્વે હરિભક્તમાં શ્રેષ્ઠ વૈષ્ણવ છે.

**માટે ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો.** અને શિવ-બ્રહ્માદિકને વિશે જે ખોટ્ય કહેવાય છે તેનું તો એમ છે જે, કેટલાકને વિશે તો આવી રીતની સમજણની કસર છે ને કેટલાકને વિશે તો આવી સમજણ હોય તોપણ ભૂંડા દેશ, કાળ, સંગ, ક્રિયાદિકને યોગે કરીને તેમને કામાદિક વિકારરૂપ ખોટ્ય કહેવાણી છે. **માટે આવી સમજણ હોય તો પણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.''** ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૦॥૨૨૦॥

## ॥ શ્રી વરતાલ પ્રકરણમ્ સમાપ્તમ્ ॥

Index

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત

# અમદાવાદ પ્રકરણ

## ॥ વચનામૃત-૧ : ચમત્કારી ધ્યાનનું ॥

સંવત્ ૧૮૮૨ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરમાં આથમણી કોરે મુખારવિંદ કરીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે ગુલાબનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને કાનની ઉપર ગુલાબનાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા ને પાઘને વિશે ગુલાબનાં પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સભામાં **શ્રીજી મહારાજ** અંતર સામી દૃષ્ટિ કરીને વિરાજમાન હતા. પછી નેત્રકમળને ઉઘાડીને સર્વ સામું જોયું, **પછી એમ બોલ્યા જે,** ''**અમારે એક ધ્યાનના અંગની વાર્તા કરવી છે. તે વાર્તા મોક્ષધર્મને વિશે પણ કહી છે.** અને જે મોટા મોટા એ ધ્યાને કરીને સિદ્ધદશાને પામ્યા છે તે પણ અમે ઘણાક દીઠા છે ને **અમારા પણ અનુભવમાં એમ વર્તે છે જે,** અનંત પ્રકારનાં ધ્યાન છે, પણ જે આ વાત કહેવી છે તેની બરોબર બીજું કોઈ ધ્યાન થાય નહીં. જેમ કોઈ ચમત્કારી મંત્ર હોય અથવા ચમત્કારી ઔષધિ હોય તેમાં સ્વાભાવિક જ ચમત્કાર રહ્યો છે, તેમ જે આ ધ્યાન અમારે કહેવું છે તે ધ્યાનમાં પણ એવો સ્વાભાવિક ચમત્કાર છે જે, તત્કાળ સિદ્ધદશાને પામી જાય.

**હવે તે વાર્તા કરીએ છીએ;** એ જે ધ્યાનનો કરનારો છે તેણે જમણા નેત્રમાં

સૂર્યનું ધ્યાન કરવું ને ડાબા નેત્રમાં ચંદ્રનું ધ્યાન કરવું. એવી રીતે ધ્યાન કરતાં કરતાં સૂર્ય ને ચંદ્રમાં જેવા આકાશમાં છે તેવા ને તેવા જ નેત્રમાં દેખાવા માંડે ત્યારે જમણું નેત્ર છે તે તપવા માંડે ને ડાબું નેત્ર છે તે ઠરવા માંડે, ત્યારે સૂર્યની ધારણા ડાબા નેત્રમાં કરવી ને ચંદ્રની ધારણા જમણા નેત્રમાં કરવી.

એવી રીતે ધારણા કરીને પછી સૂર્યને ને ચંદ્રને અંતર્દષ્ટિ કરીને હૃદયાકાશમાં જોયા કરવા અને જોનારો જે પોતાનો જીવ તેના રૂપને પણ દેખવું અને દેખનારો જે જીવાત્મા તેને વિશે પરમાત્માનું ધ્યાન કરવું. પછી તેનું જે વાસનાલિંગ દેહ છે, તે જેમ રેંટનો ફાળકો ફરે તેમ આકાશને વિશે ફરતું જણાય. પછી એવી રીતે ધ્યાન કરતાં થકાં ભગવાનનું જે વિશ્વરૂપ છે તેનું દર્શન તેને થાય છે તે રૂપને વિશે ચૌદે લોકની રચના છે તે દેખાઈ આવે છે. અને તે સ્વરૂપ અતિશય મોટું પણ નથી દેખાતું. જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા અને તે જ ભગવાનના ઉદરને વિશે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડ દીઠું. એવી રીતે ભગવાનનું ધ્યાન કરતાં થકાં જેટલા કાંઈ શાસ્ત્રમાં પદાર્થ કહ્યા છે, તે સર્વે એની દૃષ્ટિમાં આવે છે. ત્યારે એના જીવાત્માને વિશે જે કાંઈક નાસ્તિકભાગ રહ્યો હોય તે મટી જાય છે અને તેનો જીવ અતિ બળિયો થાય છે અને જે જે શાસ્ત્રમાં કહ્યું છે તે સર્વે સત્ય છે એવી એને દઢ પ્રતીતિ આવે છે અને અણિમાદિક અષ્ટ સિદ્ધિઓ તે પણ એ ધ્યાનના કરનારાને આવીને હાજર થાય છે. અને જ્યાં લગણ સૂર્યની ને ચંદ્રની કિરણ પહોંચતી હોય ત્યાં લગી તેની દૃષ્ટિ પહોંચે એવી અનંત સિદ્ધિઓ પ્રકટે છે, **પણ પરમેશ્વરનો ભક્ત છે માટે કોઈ સિદ્ધિઓને ગ્રહણ કરતો નથી, કેવળ પરમેશ્વરનું જ ધ્યાન કરે છે;** ત્યારે એ ધ્યાનનો કરનારો નારદ, સનકાદિક, શુકજીના સરખી સિદ્ધદશાને પામે છે. માટે અનંત પ્રકારના ધ્યાન છે પણ તત્કાળ સિદ્ધ દશાને પમાડે એવું તો એ જ ધ્યાન છે.''

એટલી વાર્તા કરી રહ્યા ત્યારે **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવું ધ્યાન તે અષ્ટાંગ યોગને માર્ગે કરીને પ્રાણાયામ કરતો હોય તેને જ સિદ્ધ થાય છે કે**

**બીજાને પણ થાય છે?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ એ ધ્યાન સિદ્ધ થાય છે, પણ બીજા જીવ થકી તો એ માર્ગને વિશે ચલાતું જ નથી. માટે એ ધ્યાનના જે અધિકારી છે તેને તો કહ્યું એવું જે એ ધ્યાન તે થકી બીજો તત્કાળ સિદ્ધ થયાનો ઉપાય નથી.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૧ ॥૨૨૧ ॥**

## ॥ વચનામૃત-૨ : નાહી-ધોઈને પૂજા કર્યાનું ॥

સંવત્ ૧૮૮૨ના ફાગણ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિર આગળ વેદિને વિશે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તકને વિશે ગુલાબી રંગનો ફેંટો બાંધ્યો હતો ને તે પાઘને વિશે ગુલાબનાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કાનને ઉપર ગુલાબના બે ગુચ્છ ખોસ્યા હતા ને કંઠને વિશે ગુલાબનાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે ભુજને વિશે ગુલાબના બાજુબંધ બાંધ્યા હતા ને બે હાથને વિશે ગુલાબનાં પુષ્પના ગજરા પહેર્યા હતા. એવી રીતે સર્વે અંગમાં ગુલાબનાં પુષ્પે ગરકાવ થયા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ સર્વે પરમહંસ પ્રત્યે બોલ્યા જે,** એક પ્રશ્ન પૂછું છું જે, ''એક પરમેશ્વરનો ભક્ત છે તે તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તે થકી પર વર્તે છે ને મલિન રજતમ ને મલિન સત્ત્વ તેનો ત્યાગ કરીને શુદ્ધ સત્ત્વમય વર્તેછે ને એવો થકો પરમેશ્વરને ભજે છે અને બીજો જે ભક્ત છે તે તો ત્રિગુણાત્મક વર્તે છે ને પરમેશ્વરને વિશે તો અતિશય પ્રીતિએ યુક્ત વર્તે છે. **એ બે ભક્તમાં કયો ભક્ત શ્રેષ્ઠ છે?''** પછી **સંતમંડળે તો એમ કહ્યું જે,** ''ભગવાનને વિશે પ્રીતિવાળો શ્રેષ્ઠ છે.''

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એક તો નાહી-ધોઈને પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે છે અને એક તો મળ-મૂત્રનો ભર્યો થકો ભગવાનની પૂજા કરે છે, એ બેમાં ક્યો શ્રેષ્ઠ છે ?" ત્યારે મુનિમંડળે કહ્યું જે,** "પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે તે શ્રેષ્ઠ છે."

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે માયિક ઉપાધિને તજીને ભગવાનને ભજે છે તેને તો તમે ન્યૂન કહો છો ને જે માયિક ઉપાધિએ સહિત થકો પરમેશ્વરને વિશે પ્રીતિવાન છે તેને શ્રેષ્ઠ કહો છો; તે એ કેવી રીતે શ્રેષ્ઠ છે?" પછી એ પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે, તેમાં જ્ઞાનીને જ ભગવાને પોતાનો આત્મા કહ્યો છે. માટે **જે માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે તે જ ભક્ત શ્રેષ્ઠ છે.** શા માટે જે, નિત્ય પ્રલય જે સુષુપ્તિ ને નિમિત્ત પ્રલય જે બ્રહ્માની સુષુપ્તિ ને પ્રાકૃત પ્રલય જે પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિશે લીન થઈ જાય અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેમાં તો પ્રકૃતિ પર્યંત સર્વે બ્રહ્મના પ્રકાશને વિશે લીન થઈ જાય છે અને નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થઈ જાય છે ને નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થઈ જાય છે અને પ્રાકૃત પ્રલયમાં પુરુષની ઉપાધી સર્વે લીન થઈ જાય છે પણ જ્યારે સૃષ્ટિ સૃજાય છે ત્યારે એ ત્રણેને પોતપોતાની ઉપાધિ વળગે છે.

અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી. અને એ જો કોઈક કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે પણ કાળ, કર્મ ને માયા તેને આધિન થકો દેહને નથી ધરતો. માટે **બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.** અને આ વાર્તા છે તે જે પરમેશ્વરનો અનન્ય ભક્ત છે અને એકાંતિક ભક્તનાં લક્ષણે યુક્ત છે તેને જ સમજાય છે." ॥ ઈતિ વચનામૃતમ્ ॥ ૨ ॥ ૨૨૨ ॥

## ॥ વચનામૃત-૩ : વડવાઈનું, ઉપશમનું ॥

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરને સન્મુખ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન હતા ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી ને તે પાઘને વિશે ગુલાબના ને ચમેલીના હાર વિરાજમાન હતા તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે** સમગ્ર મુનિમંડળ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "**જીવમાત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે.** તે કાં તો બાહ્ય પંચવિષયને ભોગવતો હોય; અને જ્યારે બાહ્ય પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ **એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી.** અને જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે; અને બીજાં સર્વે મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે.

તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે પણ **અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એજ એને જન્મ-મરણનો હેતુ છે.** એવા જે પંચવિષય તે પરમેશ્વરના ભક્તને કેવી રીતે જન્મ-મરણના હેતુ નથી ? એ પ્રશ્ન છે." પછી એનો ઉત્તર જેમ સમજાયો તેમ મુક્તાનંદસ્વામીએ કર્યો પણ યથાર્થ સમાધાન થયું નહીં. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય, તેને ભગવાનના ચિંતવનને બળે કરીને **જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય.** જેમ મહી જેવી કે સાબરમતી જેવી નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વે તણાઈ જાય પણ કોઈ ઠરી શકે નહિ; તેમ ઉપશમવાળાને પણ ગમે તેવા

રમણીય ભોગ ઈન્દ્રિયોને ગોચર થયા હોય પણ જ્યારે અંતરસન્મુખ દૃષ્ટિ કરે ત્યારે **જેવા પૂર્વજન્મને વિશે દેખ્યા હોય ને તે આ જન્મમાં વીસરી જાય છે, તેવી તેની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીતે જે ભક્તને વર્તતું હોય તે ઉપશમ કહેવાય.** તે ઉપશમનો મહિમા અતિ મોટો છે.

અને જે આ સંસારને વિશે અજ્ઞાની સ્ત્રી-પુરુષ હોય ને તેને પરણાવ્યાં મોર અતિશય પ્રીતિ વર્તતી હોય. ને પછી તેને પરણાવીને ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ઉજાગરો ને પંથ કરાવ્યો હોય, ને પછી એ બેને ભેળાં કર્યાં હોય તો નિદ્રાને માર્યે એકબીજાનાં રૂપનું કે સ્પર્શનું સુખ ભોગવવાને સમર્થ થાય નહિ; અને એકબીજાને આલિંગન કરી રહ્યાં હોય તો પણ જેમ કાષ્ટને સામસામાં બાંધી મૂક્યાં હોય તેમ સૂતાં હોય પણ પંચવિષયમાં એકે સુખ આવે નહીં. એ જો અજ્ઞાનકાળે સુષુપ્તિમાં ઉપશમને પામ્યાં છે તો પણ કોઈ જાતની વિષયની ખબર રહેતી નથી; **તો જે જ્ઞાની છે ને પરમેશ્વરના સ્વરૂપને ધ્યાને કરીને ઉપશમદશાને પામ્યો છે તેને પંચવિષય કેમ બાધ કરે? ન જ કરે.** માટે જે ઉપશમદશાને પામ્યો તેને પંચવિષય જન્મ-મરણના હેતુ થતા નથી.'

**પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **"ઉપશમદશા પામ્યાનો તમે કહ્યો જે આત્મારૂપે થઈને ભગવાનના ધ્યાન કરવારૂપ ઉપાય તે તો અતિ કઠણ છે; માટે એ વિના બીજો એનો સુગમ ઉપાય હોય તે કહો ?"**


**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એક તો ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય; અને બીજું ભગવાન ને ભગવાનના ભક્તની સેવા-ચાકરી, દર્શન કરવું તેમાં અતિશય વેગવાન શ્રદ્ધા વર્તતી હોય; એવો જે ભગવાનનો ભક્ત તેને એ ઉપશમદશા આવે છે. **પણ અમને એમ ભાસે છે જે,** 'જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય.' અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી, તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકની પાસે સેવા-ચાકરી કરાવવી તે પણ એવી છે.

**અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન**

**હોય. માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો.''**

**પછી શુકમુનિએ પૂછ્યું જે, ''જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશય ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશય છે; માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે છે ખરું. અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવાં અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમ જે, અયોધ્યાવાસીએ તો અતિશય જ સત્સંગ-પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે; માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી. અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે; માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે; તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહીં. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી, એમ અમારી આજ્ઞા છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૩ ॥૨૨૩ ॥

## ॥ શ્રીઅમદાવાદ પ્રકરણમ્ સમાપ્તમ્ ॥



Index

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃત
# ગઢડા અંત્ય પ્રકરણ

## ॥ વચનામૃત-૧લું : જ્ઞાન તથા હેતના અંગનું ॥

સંવત્ ૧૮૮૨ના વૈશાખ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના ફળિયાની માંહિલી કોરે આથમણે દ્વાર ઓરડાની ઊંચી ઓસરીએ ગાદીતકિયે યુક્ત જે સુંદર રંગિત ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તકને વિશે જે મોટી શ્વેત પાઘ તેમાં સુંદર મોગરાનાં પુષ્પનો તોરો વિરાજમાન હતો અને કંઠને વિશે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને બે હાથને વિશે તે પુષ્પના ગજરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે પરમહંસને પૂછ્યું જે, ‘‘પરમેશ્વરના ભક્તને ભૂંડા દેશ-કાળાદિકનો યોગ થાય તોય પણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન થાય નહિ એવી શી સમજણ છે ?’’** પછી પરમહંસને જેવું સમજાયું તેવું કહ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહીં. **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ‘‘જે ભગવાનને ભજે તેને એક તો દૃઢ વૈરાગ્ય જોઈએ અને બીજી આત્મનિષ્ઠા જોઈએ. તેમાં જો વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે જેમ ભગવાનમાં પ્રીતિ કરે છે તેમ બીજા પદાર્થમાં પણ ભગવાનના જેવી પ્રીતિ થઈ જાય. અને જો આત્મનિષ્ઠા ન હોય તો જ્યારે દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે એ ભક્તની

વૃત્તિઓ ચૂંથાઈ જાય; પછી જેને સુખદાયી જાણે તેમાં પ્રીતિ કરે અને જેને દુ:ખદાયી જાણે તે સાથે દ્વેષ કરે, એવી રીતે એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. માટે **ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ બેય અતિશય દૃઢ જોઈએ. શા સારુ જે,** વૈરાગ્યે કરીને તો ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકાર-માત્ર ખોટા થઈ જાય છે અને આત્મનિષ્ઠાએ કરીને માયિક જે સુખ ને દુ:ખ તે ખોટાં થઈ જાય છે અને જેને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા ન હોય તેને તો નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તોપણ જ્યાં સુધી સમાધિમાં રહે ત્યાં સુધી સુખ-શાંતિ રહે અને જ્યારે સમાધિમાંથી બહાર નીસરે ત્યારે નારાયણદાસની પેઠે સારા પદાર્થને જોઈને ચાળા ચૂંથવા માંડે.

અને **વળી જે ભગવાનના ભક્ત હોય તેને તો ભગવાનને વિશે જ્ઞાનનું અંગ હોય ને કાં તો હેતનું અંગ હોય.** તેમાં જેને જ્ઞાનનું અંગ હોય તે તો ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજે અને જેને હેતનું અંગ હોય તેને તો ભગવાન વિના અર્ધ ઘડી ચાલે નહીં. તે જ્ઞાનના અંગવાળા તો ઝીણોભાઈ, દેવરામ ને પ્રભાશંકર છે. એવી રીતે જે હરિભક્ત ભગવાનનું માહાત્મ્ય જાણે **તેને જ્ઞાનના અંગવાળા જાણવા.** અને જેવું વ્રજની ગોપીઓને ભગવાનને વિશે હેત હતું તેવી રીતના જે હરિભક્ત હોય **તેને હેતનું અંગ જાણવું.**

અને જેને જ્ઞાનનું અંગ હોય તે ભગવાનને અંતર્યામી જાણે અને એમ જાણે જે, 'ભગવાન તે કોઈનું કહ્યું સાંભળે જ નહીં. ભગવાન તો જે ભક્તનું જેવું અંગ હોય તેને તેવું જાણીને તેવી રીતે કહે છે પણ કોઈની શિખામણે કરીને ચાલતા નથી.' **અને જે એમ જાણે જે,** 'ભગવાન તો કોઈકના શીખવ્યા થકા મારામાં વાંક નથી તોપણ મને કહે છે,' તેને તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જ નથી. અને આ સંસારમાં પણ જે મનુષ્યને જે સંગાથે સ્વાર્થ હોય તેનો કોઈ રીતે અવગુણ લે નહિ; શા માટે જે?, એને પોતાના સ્વાર્થનું હેત છે. તો જેણે ભગવાન સાથે જન્મ-મરણના ભય થકી છૂટવાનો સ્વાર્થ જાણ્યો હોય તેને કોઈ રીતે ભગવાનનો અવગુણ આવે નહીં.

**અને જે એમ જાણે જે,** 'ભગવાન તો કોઈકના ફેરવ્યા ફરી જાય છે' એમ સમજીને જે ભગવાનનો અવગુણ લે, તેને તો જ્ઞાનનું અંગ પણ નથી અને હેતનું અંગ પણ નથી.'' **એવી રીતે કહીને શ્રીજી મહારાજે મોટા મોટા પરમહંસને કહ્યું જે,** ''તમે તમારું એ બેમાંથી જે અંગ હોય તે કહો.'' **પછી સર્વે પરમહંસે કહ્યું જે,** ''અમારે તો જ્ઞાનનું અંગ છે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જેને હેતનું અંગ હોય તેને તો પોતાના જે પ્રિયતમ તેને અર્થે જે ન કરવાનું હોય તે પણ થાય. કેમ જે, આ સંસારને વિશે જે ચોર હોય તેને પોતપોતાની સ્ત્રી ને છોકરાં તેને વિશે હેત હોય છે અને જ્યારે ચોરી કરવા જાય ત્યારે બીજા માણસને મારીને પોતાના ઘરના માણસને દ્રવ્ય આપે છે અને એ ચોર ઘણો નિર્દય છે પણ પોતાનાં કુટુંબી ઉપર હેત છે તો તે સંઘાથે નિર્દય નથી થતો. તેમ **જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંઘાથે હેત હોય તેને ભગવાન કે ભગવાનના ભક્ત ઉપર ક્રોધ કે ઈર્ષ્યા આવે જ નહિ અને અવગુણ પણ કોઈ રીતે આવે જ નહીં.** એવું જેને હેત હોય તેને હેતનું અંગ કહીએ અને જેને જ્ઞાન કે હેત એ બેમાંથી એકેય અંગ નથી, તેને ચાળાચૂંથણો કહીએ.'' એટલી વાર્તા કહીને શ્રીજી મહારાજ પોતાના ઉતારામાં પધાર્યા.

**પછી તે જ દિવસ સાંજને સમે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ગાદીતકિયા બિછાવેલ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે મોગરાનાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને પોતાની આગળ સાધુ દૂકડ-સરોદા વજાડીને કીર્તન ગાતા હતા. તે કીર્તન-ભક્તિ જ્યારે કરી રહ્યા ત્યારે **શ્રીજી મહારાજે એમ આજ્ઞા કરી જે,** ''અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને

ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. **માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેણે એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે.**'' એવી રીતની જે શ્રીજી મહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો જે, ''હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે સર્વે પાળશું.'' તેને સાંભળીને શ્રીજી મહારાજ અતિશય પ્રસન્ન થઈને સર્વે સાધુને ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીના હૃદયને વિશે પોતાનાં ચરણારવિંદ આપતા હવા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧ ॥

## ॥ વચનામૃત-બીજું : સર્વે અર્થ સિદ્ધ થયાનું ॥

**સંવત્ ૧૮૮૨ના જ્યેષ્ઠ સુદિ ૬ છઠને દિવસ સાંજને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરના ફળિયાને વિશે બાજોઠ ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્યામ છેડાની ધોળી પાઘ બાંધી હતી અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો અને પાઘને વિશે મોગરાનાં પુષ્પનો તોરો ખોસ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે તેને પણ દેખે છે, તોપણ આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી મટતું નથી અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તોપણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોંટતું નથી, તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થતો નથી અને ધન-સ્ત્રીઆદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી, તેનું શું કારણ હશે ?'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''જીવના હૃદયમાં વૈરાગ્ય નથી તેણે કરીને જગતનું પ્રધાનપણું મટતું નથી ને ભગવાનમાં પ્રીતિ થતી નથી.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''વૈરાગ્યની ન્યૂનતા છે એ તો વાત સાચી; પણ અમને તો એમ ભાસે છે જે, જેને સત્સંગ થતાં થતાં જેવું અંગ

બંધાય છે તેવું ને તેવું જ સદાય રહે છે પણ તે વિના બીજું થતું નથી, અને સત્સંગે કરીને તે અંગની પુષ્ટિ તો થાય, પણ અંગ તો તેનું તે જ રહે છે અને જ્યારે જેને જે અંગ બંધાય છે, ત્યારે અંગ બંધાતાં એનું ચિત્ત વિભ્રાંત જેવું થઈ જાય છે. જેમ કામી હોય તેનું ચિત્ત કામે કરીને વિભ્રાંત થાય ને જેમ ક્રોધી હોય તેનું ચિત્ત ક્રોધે કરીને વિભ્રાંત થાય ને જેમ લોભી હોય તેનું ચિત્ત લોભે કરીને વિભ્રાંત થાય, તેમ એનું ચિત્ત અંગ બંધાતાં વિભ્રાંત થઈ જાય છે. પછી તે વિભ્રાંતમાં જેવું અંગ બંધાય તેવું અંગ રહે છે. **માટે જે સમજુ હોય તેને પોતાનું જે અંગ હોય તેને ઓળખી રાખ્યું જોઈએ;** તે જ્યારે કામ-ક્રોધાદિકે કરીને પોતાને વિક્ષેપ થતો હોય, ત્યારે પોતાના અંગનો વિચાર કરે તો તે કામાદિક ક્ષીણ પડી જાય. જેમ કોઈક ગૃહસ્થ હોય તેને પોતાની માતા, બોન અથવા દીકરી અતિશય સ્વરૂપવાન હોય, તેને જોઈને જો ભૂંડો ઘાટ થઈ જાય, તો પછી તેની કેવી દાઝ થાય ? તેવી દાઝ જ્યારે સત્સંગ વિના બીજું પદાર્થ પ્રધાન થાય ત્યારે થઈ જોઈએ, અને જ્યારે એવી દાઝ **અયોગ્ય પદાર્થના સંકલ્પને દેખીને ન થાય તેના હૃદયમાં તો સત્સંગ પણ પ્રધાન ન રહે.**

અને સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે, તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ તથા સાંખ્યવિચાર તથા શાસ્ત્રપઠન તથા તપ, ત્યાગ, યોગ, યજ્ઞ અને વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.' **માટે અમને તો એમ ભાસે છે જે,** પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે. માટે **એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે, તોપણ જેને જેમ છે તેમ સમજાતું નથી તેને અતિશય મંદબુદ્ધિવાળો જાણવો.** શા માટે જે ?, જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિશે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિશે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું; એમાં જો લગાર પણ મિથ્યા

કહેતા હોઈએ **તો આ સંતસભાના સમ છે.** તે સમ શા સારુ ખાવા પડે છે ? જે, સર્વેને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે. અને **બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ** તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, 'જેવી એ જીવને પરોક્ષને વિશે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિશે દૃઢપણે પ્રતીતિ થતી નથી.' **તે શ્રુતિમાં કહ્યું છે જે,** 'જેવી પરોક્ષ દેવને વિશે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિશે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને **જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે;** માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે અને આ વાર્તા જે કહી, તે જણાય છે તો જાડી જેવી પણ એ તો અતિશય ઝીણી છે. તે જે એવી રીતે વર્તતો હોય તેને એમ સમજાય જે, 'એ વાર્તા અતિ ઝીણી છે' ને બીજાને તો સમજ્યામાં પણ આવે નહિ; એવી અતિશય ઝીણી વાર્તા છે.'' એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાના ઉતારામાં પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્॥ ૨ ॥૨૨૫ ॥

## ॥ વચનામૃત-૩જું : દયા અને સ્નેહનું ॥

**સંવત્ ૧૮૮૩ના અષાઢ વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિશે વિરાજમાન હતા અને તે દિવસ ઠક્કર હરજીએ પોતાને ઘેર શ્રીજી મહારાજની પધરામણી કરી ત્યારે શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા. પછી ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછાવીને શ્રીજી મહારાજને વિરાજમાન કર્યા. પછી હરજી ઠક્કરે શ્રીજી મહારાજની કેસર-ચંદનાદિકે કરીને પૂજા કરી. એવી રીતે શ્રીજી મહારાજ પૂર્વ મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર તથા બે ભુજાને વિશે તે પુષ્પના ગજરા તથા પાઘને વિશે તે પુષ્પના તોરા તે અતિશય વિરાજમાન હતા**

અને શ્રીજી મહારાજના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં **શ્રીજી મહારાજે સર્વ સંતમંડળને પ્રશ્ન પૂછ્યો જે,** "જે હરિભક્તના હૃદયને વિશે દયા ને સ્નેહ એ બે સ્વાભાવિક રહ્યાં હોય, ત્યારે સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં ત્યાં ચોંટે અને દયાનો સ્વભાવ એવો છે જે, જ્યાં ત્યાં દયા કરે. ત્યારે ભરતજીએ મૃગલા ઉપર દયા કરી તો તેને મૃગલીને પેટ જન્મ લેવો પડ્યો. અને જે દયાવાન હોય તેને જે ઉપર દયા આવે તે સંઘાથે સ્નેહ થયા વિના રહે નહીં અને **એ દયા ને સ્નેહ તેને ટાળ્યાનો ઉપાય તો આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બે જ છે.** તે આત્મજ્ઞાન એવું છે જે, જેમાં કાંઈ બીજું પેસે જ નહીં અને વૈરાગ્યનું એવું સ્વરૂપ છે જે, સર્વે નામ-રૂપને નાશવંત દેખાડે. માટે આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બે વતે કરીને દયા ને સ્નેહનો નાશ થઈ જાય છે અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ આદિક સર્વે ઉપાધિનો પણ નાશ થઈ જાય છે અને કેવળ બ્રહ્મસત્તા માત્ર રહે છે. પછી એને ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે દયા ને સ્નેહ રહે છે કે નથી રહેતાં ? **એ પ્રશ્ન છે.**" પછી મુક્તાનંદ સ્વામી તથા શુકમુનિ તથા નિત્યાનંદસ્વામી એ આદિક પરમહંસે જેની જેવી દૃષ્ટિ પૂગી તેવો તેણે ઉત્તર કર્યો, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું યથાર્થ સમાધાન થયું નહીં.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "લ્યો અમે ઉત્તર કરીએ. એનો તો ઉત્તર એમ છે જે, જ્ઞાન ને વૈરાગ્યે કરીને ત્રણ શરીર, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ એ સર્વ માયિક ઉપાધિ થકી ચૈતન્ય જુદો થઈ જાય છે ને કેવળ સત્તામાત્ર રહે છે, પણ માયિક ઉપાધિનો લેશ પણ રહેતો નથી. ત્યારે જેમ દીપકનો અગ્નિ તે કોડિયું, તેલ ને વાટ્ય એ ત્રણને યોગે કરીને દૃષ્ટિમાં આવે તથા ગ્રહણ કર્યામાં આવે, પણ જ્યારે એ ત્રણ પ્રકારની ઉપાધિનો સંગ છૂટી જાય છે, ત્યારે એ અગ્નિ કોઈની દૃષ્ટિમાં પણ ન આવે ને ગ્રહણ પણ ન થાય; ને ઉપાધિએ યુક્ત હોય ત્યારે જ દૃષ્ટિએ આવે ને ગ્રહણ કર્યામાં આવે. તેમ જ્ઞાન-વૈરાગ્યે કરીને

સર્વ માયિક ઉપાધિ નિવૃત્તિ પામે છે ત્યારે એ જીવાત્મા છે તે કેવળ બ્રહ્મસત્તામાત્ર રહે છે ને તે મન-વાણીને અગોચર છે ને કોઈ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કર્યામાં આવતો નથી. પછી તે કાળે તો એને જો શુદ્ધ સંપ્રદાયે કરીને ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય યથાર્થપણે સમજાયું હોય, તેને તો સર્વ માયિક ઉપાધિનો સંગ ટળી જાય ને પોતાનો જીવાત્મા બ્રહ્મરૂપ થાય તોપણ ભગવાન ને ભગવાનના ભક્તને વિશે જે દયા ને પ્રીતિ તે નિરંતર રહે છે.

**ત્યાં દૃષ્ટાંત છે :** જેમ દીપકની જ્યોત છે તેને જ્યારે ઉપાધિનો સંગ ટળી જાય છે ત્યારે એ અગ્નિ કોઈ ઈન્દ્રિયે કરીને ગ્રહણ ન થાય એવો આકાશને વિશે રહે છે તોપણ એ અગ્નિને વિશે સુગંધી તથા દુર્ગંધીનો જે પાશ લાગ્યો હોય તે ટળતો નથી. જેમ વાયુ છે તે તો અગ્નિ થકી પણ વધુ અસંગી છે, તોપણ તેને સુગંધી તથા દુર્ગંધીનો પાશ લાગે છે. **તેમ જ જીવાત્માને જ્ઞાન-વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો સંગ ટળી જાય છે તોપણ સત્સંગનો પાશ લાગ્યો છે તે ટળતો નથી.** અને તે બ્રહ્મરૂપ થાય છે તોપણ નારદ-સનકાદિક ને શુકજીની પેઠે ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે અતિશય દયા ને પ્રીતિએ યુક્ત વર્તે છે. ત્યાં શ્લોક -

**'પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહિતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥'** તથા
**'હરેર્ગુણાક્ષિપ્તમતિર્ભગવાન્ બાદરાયણિઃ ।**
**અધ્યગાન્મહદાખ્યાનં નિત્યં વિષ્ણુજનપ્રિયઃ ॥'** તથા
**'આત્મારામાશ્ચ મુનયો'** તથા **'પ્રાયેણ મુનયો રાજન્'**
તથા ગીતામાં કહ્યું છે જે:
**'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥'**

ઈત્યાદિક ઘણાક શ્લોકે કરીને પ્રતિપાદન કર્યું છે જે, 'ભગવાનના ભક્ત

હોય તે જ્ઞાન-વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થયા હોય તોપણ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે દયા ને પ્રીતિ તેણે યુક્ત હોય છે.' અને જે ભગવાનનો ભક્ત ન હોય ને કેવળ આત્મજ્ઞાન ને વૈરાગ્યે કરીને માયિક ઉપાધિને ટાળીને સત્તામાત્ર વર્તતો હોય, તેને તો સાધનદશાને વિશે ભગવાનની ઉપાસનાએ રહિત એવા જે કેવળ આત્મજ્ઞાની તેના સંગરૂપ કુસંગનો પાશ લાગ્યો છે; માટે ભગવાન ને ભગવાનના ભક્તને વિશે દયા ને સ્નેહ થતાં નથી. જેમ વાયુને અને અગ્નિને દુર્ગંધનો પાશ લાગે છે, તેમ જ એને તે કુસંગનો પાશ લાગ્યો છે, તે કોઈ પ્રકારે ટળતો નથી. જેમ અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો હતો, પણ એને કુસંગનો પાશ લાગ્યો હતો; માટે શ્રીકૃષ્ણ ભગવાન ને તે ભગવાનના ભક્ત જે પાંડવ તેને વિશે દયા ને સ્નેહ થયાં નહીં. તેમ કેવળ જે આત્મજ્ઞાની છે તે બ્રહ્મરૂપ થાય છે તોપણ તેને કુસંગનો પાશ જતો નથી અને ભગવાન ને ભગવાનના ભક્તમાં દયા ને સ્નેહ થતાં નથી; માટે ભગવાનના ભક્તને તો માયિક ઉપાધિનો સંગ મટી જાય છે તોપણ ભગવાન તથા ભગવાનના ભક્ત તેને વિશે અતિશય દયા ને પ્રીતિ વૃદ્ધિને પામે છે; પણ કોઈ રીતે દયા તથા પ્રીતિ ટળતી નથી, અખંડ રહે છે.'' એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાને ઉતારે પધાર્યા. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૩॥૨૨૬॥

## ॥ વચનામૃત-૪થું : બાધિતાનુવૃત્તિનું ॥

**સંવત્ ૧૮૮૩ના શ્રાવણ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારે મેડીની ઓસરી ઉપર ગાદીતકિયા બિછવાવીને ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનનો ભક્ત હોય ને તે જ્ઞાન-વૈરાગ્યે યુક્ત હોય ને વિચારને બળે કરીને પોતાને બંધન કરે એવી જે માયિક

પદાર્થમાં પ્રીતિ તેને ટાળી નાખી હોય, તોપણ એ ભક્તને જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધિ થાય નહિ ત્યાં સુધી **બાધિતાનુવૃત્તિ** રહી જાય છે. તેણે કરીને વિચારમાં એમ રહે છે જે, 'રખે મારે મા-બાપ, સ્ત્રી-છોકરાં, દ્રવ્ય, કુટુંબ, દેહ-ગેહ એમને વિશે પ્રીતિ રહી ગઈ હોય નહીં ?' એમ બીતો રહે છે. **જેમ કોઈક શૂરવીર પુરુષ હોય** તેણે પોતાના સર્વ શત્રુ મારી નાંખ્યા હોય તોપણ તે મરેલ શત્રુ થકી પણ ક્યારેક બી જાય છે, તથા સ્વપ્નમાં તે શત્રુને દેખે ત્યારે બી જાય છે; તેમ તે જ્ઞાની ભક્તને પણ જે જે પદાર્થ અંતરમાંથી જૂઠું કરી નાખ્યું છે ને તેમાંથી પ્રીતિ તોડી નાખી છે તોપણ બાધિતાનુવૃત્તિએ કરીને અંતરમાં માયિક પદાર્થના બંધન થકી બીક લાગે છે અથવા ધન, કલત્રાદિક પદાર્થની કોઈક સમે સ્મૃતિ થઈ આવે છે ત્યારે મનમાં બી જવાય છે જે, 'રખે મને બંધન કરે.' **એવી રીતે 'જે પદાર્થ અંતરમાંથી અસત્ય કરી નાંખ્યા તે પદાર્થની સ્મૃતિ થઈ આવે' તેને બાધિતાનુવૃત્તિ કહીએ.**

તે બાધિતાનુવૃત્તિ જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે નાશ થાય છે ને એ પુરુષને ખાધા-પીધાની તથા દિવસ-રાત્રિની તથા સુખ-દુઃખની કશી ખબર રહેતી નથી. અને જ્યારે એ નિર્વિકલ્પ સમાધિમાંથી બારણે નીસરે ને સવિકલ્પ સમાધિમાં વર્તે ત્યારે તો બાધિતાનુવૃત્તિ રહે ખરી. માટે **તે હરિભક્તને તાવ આવે અથવા દેહ પડવાનો સમો થાય ત્યારે** બાધિતાનુવૃત્તિને યોગે કરીને ભગવાન વિના બીજા પદાર્થની પણ ક્યારેક સ્મૃતિ થઈ આવે અને તે સમામાં જે બોલાય તે પણ બરલ્યા જેવું બોલાય અને 'ઓય બાપ ! ઓય મા !' એવાં વચન પણ બોલાય. ત્યારે જે આ બાધિતાનુવૃત્તિના મર્મને ન સમજતો હોય તેના હૃદયમાં તે હરિભક્તનો અવગુણ આવી જાય જે, 'આ ભગવાનનો ભક્ત કહેવાતો હતો ને અંતકાળે આમ કેમ બરલે છે ?' એવો જે અવગુણ લેવાય છે, તે બાધિતાનુવૃત્તિનો મર્મ જાણ્યા વિના લેવાય છે.

અને આ સંસારમાં કેટલાક પાપી મનુષ્ય હોય ને તે અંત સમે બોલતાં-ચાલતાં ખબડદાર થકાં દેહને મેલે છે અથવા કોઈક સિપાઈ ને રાજપૂત હોય

ને તેને શરીરમાં ઘા વાગે એટલે ખબડદાર થકાં ને બોલતાં-ચાલતાં મરી જાય છે. માટે ભગવાનથી વિમુખ હોય ને તે ખબડદાર થકો દેહ મૂકે તોપણ શું તેનું કલ્યાણ થાય છે ? તેનો તો નરકમાં જ નિવાસ થાય છે અને **ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામ-સ્મરણ કરતો થકો દેહ મૂકે અથવા બાધિતાનુવૃત્તિને યોગે કરીને બેશુદ્ધ થઈને દેહ મૂકે તોપણ એ ભગવાનનો ભક્ત ભગવાનનાં ચરણારવિંદને જ પામે છે.**'

**અને તે જ દિવસ સંધ્યા સમે શ્રીજીમહારાજ પોતાના ઉતારામાં મેડીની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજે મોટેરા પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "**આ દેહને વિશે જીવ રહ્યો છે તે એક ઠેકાણે કેવી રીતે રહ્યો છે ને સર્વ દેહમાં કેવી રીતે વ્યાપી રહ્યો છે ?** તે કહો." પછી જેને જેવું ભાસ્યું તેણે તેવું કહ્યું, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન થયું નહીં. **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેમ દેહને વિશે અન્નાદિક રસનો વિકાર વીર્ય છે, તેમ પંચ મહાભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિશે માંસનું ચક્ર છે, તેને વિશે જીવ રહ્યો છે. **તે જેમ ચીંથરાનો કાકડો હોય,** તેને તેલે પલાળીને અગ્નિએ સળગાવ્યો હોય તેમ જીવ છે તે, એ માંસના ચક્ર સંઘાથે વળગીને રહ્યો છે. અને **વળી જેમ લોઢાનો ખીલો** હોય તેને વિશે અગ્નિ વ્યાપી રહ્યો હોય, તેમ માંસના ચક્રને વિશે જીવ જે તે વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે અને સામાન્ય સત્તાએ કરીને બધા દેહને વિશે વ્યાપી રહ્યો છે. માટે જે જે ઠેકાણે દેહમાં દુઃખ થાય છે તે સર્વ દુઃખ જીવને જ છે પણ દેહનાં સુખ-દુઃખ થકી એ જીવ જુદો ન કહેવાય.

અને **કોઈક એમ કહેશે જે,** 'જીવ તો પ્રકાશમાન છે અને માંસનું ચક્ર ને દેહ તો પ્રકાશે રહિત છે, તે બેને એકબીજામાં મળ્યાં કેમ કહેવાય ? **તો એનો ઉત્તર એમ છે જે,** જેમ તેલ, કોડિયું ને વાટ્ય, તેના સંબંધ વિના એકલો અગ્નિનો જ્યોતિ આકાશને વિશે અધરપધર રહેતો નથી; તેમ પંચભૂતના વિકારરૂપ

એવું જે માંસનું ચક્ર તેના સંબંધ વિના એકલો જીવ રહેતો નથી. અને જેમ કોડિયા થકી, તેલ થકી ને વાટ્ય થકી અગ્નિ જુદો છે, તે કોડિયાને ભાંગવે કરીને અગ્નિનો નાશ થતો નથી; તેમ માંસના ચક્રને વિશે ને દેહને વિશે જીવ વ્યાપીને રહ્યો છે, તોપણ દેહને મરવે કરીને જીવ મરતો નથી. અને દેહ ભેળો સુખ-દુઃખને તો પામે ખરો, પણ દેહના જેવો એ જીવનો નાશવંત સ્વભાવ નથી. એવી રીતે જીવ અવિનાશી છે ને પ્રકાશરૂપ છે અને દેહને વિશે વ્યાપક છે અને જેમ મંદિરને વિશે એક સ્થળમાં દીવો મૂક્યો હોય તે દીવાના અગ્નિની જ્યોતિ વિશેષે કરીને તો વાટ્યને વિશે વ્યાપી રહી છે અને સામાન્યપણે કરીને તો બધા ઘરને વિશે વ્યાપી રહી છે; તેમ જીવાત્મા છે તે પણ વિશેષે કરીને તો પંચ મહાભૂતના વિકારરૂપ જે માંસનું ચક્ર તેને વિશે વ્યાપીને રહ્યો છે અને સામાન્યપણે કરીને તો બધા દેહમાં વ્યાપીને રહ્યો છે. એવી રીતે આ દેહને વિશે જીવ રહે છે; અને એ જીવને વિશે પરમેશ્વર પણ સાક્ષીરૂપે કરીને રહે છે.'' ।। ઈતિ વચનામૃતમ્‌ ।।૪ ।।૨૨૭ ।।

## ॥ વચનામૃત-૫મું : માહાત્મ્યે યુક્ત નિર્વિઘ્ન ભક્તિનું ॥

સંવત્ ૧૮૮૩ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા અને પાઘને વિશે મોગરાનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને હાથને વિશે મોગરાના પુષ્પના ગજરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં **શ્રીજી મહારાજે કહ્યું જે,** ''કોઈક પ્રશ્ન પૂછો.'' **પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું,** **''હે મહારાજ ! ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી તે કઈ ભક્તિ છે ? અને જે ભક્તિમાં કાંઈક વિઘ્ન થાય છે તે કઈ જાતની ભક્તિ છે ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તૃતીય સ્કંધમાં

કપિલગીતાને વિશે માતા દેવહુતિએ કપિલજી પ્રત્યે કહ્યું છે જે –

**યન્નામધેયશ્રવણાનુકીર્તનાદ્યત્પ્રહ્વણાદ્યત્સ્મરણાદપિ ક્વચિત્ ।**
**શ્વાદોઽપિ સદ્યઃ સવનાય કલ્પતે કથં પુનસ્તે ભગવન્નુ દર્શનાત્ ॥**
**અહો બત શ્વપચોઽતો ગરીયાન્ યજ્જિહ્વાગ્રે વર્તતે નામ તુભ્યમ્ ।**
**તેપુસ્તપસ્તે જુહુવુઃ સસ્નુરાર્યા બ્રહ્માનૂચુર્નામ ગૃણન્તિ યે તે ॥**

આ બે શ્લોકે કરીને જેવું ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા કપિલજીએ માતા દેવહુતિ પ્રત્યે પોતાનું માહાત્મ્ય કહ્યું છે જે,

**'મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ।**
**વર્ષતીન્દ્રો દહત્યગ્નિર્મૃત્યુશ્ચરતિ મદ્ભયાત્ ॥'**

એવી રીતે માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે.'

પછી વળી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "એ માહાત્મ્ય યુક્ત ભક્તિ આવ્યાનું શું સાધન છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "શુક-સનકાદિક જેવા જે મોટા પુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહવર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે."**

**પછી શુકમુનિએ પૂછ્યું જે,** "એક તો ભગવાનનો ભક્ત એવો હોય જે, તેને ભગવાનનો નિશ્ચય પણ પરિપક્વ હોય ને કામ, ક્રોધ, લોભ, મોહાદિક જે વિકાર તે એકે તેના હૃદયમાં આવે નહિ; અને બીજો ભક્ત હોય તેને તો ભગવાનનો નિશ્ચય પરિપક્વ હોય પણ કામ, ક્રોધ, લોભ, મોહાદિક વિકારે કરીને અંતરમાં વિક્ષેપ થતો હોય; એ બે પ્રકારના ભક્ત જ્યારે દેહને મૂકે ત્યારે એ બેય ભક્તને ભગવાનના ધામમાં સરખા સુખની પ્રાપ્તિ થાય છે કે અધિક-ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે ?'

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે ભગવાનના ભક્તને ભગવાનનો

નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજું ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે** અને બીજો જે ભક્ત છે તેને પણ ભગવાનનો નિશ્ચય તો પરિપૂર્ણ છે તોપણ હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહાદિકનો વિક્ષેપ આવે ત્યારે પોતાના હૃદયમાં દાઝ થાય ને ભગવાન જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઈચ્છે નહિ, તેને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય જો થોડા હોય તોપણ એ દેહ મૂકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે. શા માટે જે? પ્રથમ કહ્યો જે ભક્ત તે ઉપરથી તો ત્યાગી ને નિષ્કામી જણાય છે, પણ ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે, માટે એ સકામ ભક્ત કહેવાય અને એને પરલોકને વિશે જરૂર ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે અને જે બીજો ભક્ત કહ્યો તે ઉપરથી તો સકામ જેવો જણાય પણ એ ભક્ત ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઈચ્છતો નથી અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઈચ્છાનો જો ઘાટ થઈ જાય તો અતિશય મનમાં દાઝે છે, માટે એ નિષ્કામ ભક્ત કહેવાય. તે જ્યારે દેહને મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે અને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને વિશે અતિશય પ્રીતિએ યુક્ત થાય છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૫ ॥૨૨૮ ॥

## ॥ વચનામૃત-૬ઠું : જીવ અને મનની મિત્રતાનું ॥

**સંવત્ ૧૮૮૩ના ભાદરવા વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ** સર્વ હરિભક્ત ઉપર કૃપાદૃષ્ટિ કરીને બોલતા હવા જે, ''ભગવાનનો ભક્ત હોય ને ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક જે

નવધા ભક્તિ તેને જો હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે, તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશય રાજી થતા નથી અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણને અર્થે ભક્તિ કરે પણ લોકને દેખાડ્યા સારુ ન કરે, તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે. માટે જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રિઝાવવાને અર્થે તથા કોઈકની ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી, કેવળ પોતાના કલ્યાણને અર્થે જ કરવી. અને ભગવાનની ભક્તિ કરતાં થકાં કાંઈક પોતાને અપરાધ થઈ જાય તેનો દોષ બીજાને માથે ધરવો નહીં અને **જીવમાત્રનો તો એવો સ્વભાવ છે જે,** જ્યારે કાંઈક પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે, ‘મને બીજે કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભૂલ્ય પડી પણ મારામાં કાંઈ વાંક નથી.’ પણ એમ કહેનારો મહામૂર્ખો છે. કેમ જે, બીજો તો કોઈક કહેશે જે, ‘તું કૂવામાં પડ્ય.’ ત્યારે એને કહેવે કરીને શું કૂવામાં પડવું ? માટે વાંક તો અવળું કરે તેનો જ છે ને બીજાને માથે દોષ દે છે. તેમ જ ઈન્દ્રિયો ને અંતઃકરણનો વાંક કાઢવો એ પણ જીવની મૂર્ખાઈ જ છે.

**જીવ અને મન તો પરસ્પર અતિ મિત્ર છે; જેમ દૂધને ને પાણીને મિત્રતા છે** તેમ જીવને ને મનને મિત્રતા છે. તે જ્યારે દૂધને ને પાણીને ભેળાં કરીને અગ્નિ ઉપર મૂકે ત્યારે પાણી હોય તે દૂધને તળે બેસે ને પોતે બળે પણ દૂધને બળવા ન દે, ત્યારે દૂધ પણ પાણીને ઉગારવાને સારુ પોતે ઊભરાઈને અગ્નિને ઓલવી નાખે છે; એવી રીતે બેયને પરસ્પર મિત્રાચાર છે. તેમ જ જીવને ને મનને પરસ્પર મિત્રાચાર છે, **તે જે વાત જીવને ન ગમતી હોય તે વાતનો મનમાં ઘાટ થાય જ નહીં;** જ્યારે કાંઈક જીવને ગમતું હોય ત્યારે જ મન જીવને સમજાવે. તે કેમ સમજાવે ? તો જીવ જ્યારે ભગવાનનું ધ્યાન કરતો હોય ત્યારે મન કહેશે જે, ‘ભગવાનની ભક્ત કોઈક બાઈ હોય તેનું પણ ભેળું ધ્યાન કરવું;’ પછી તેનાં સર્વ અંગનું ચિંતવન કરાવીને પછી જેમ બીજી સ્ત્રીને વિશે ખોટો ઘાટ ઘડે તેમ તેને વિશે પણ ખોટો ઘાટ ઘડે. ત્યારે જો એ ભક્તનો જીવ અતિશય નિર્મળ હોય તો તો મનનું કહ્યું ન માને ને અતિશય દાઝ થાય,

તો મન એવો ફરીને ક્યારેય ઘાટ ઘડે નહીં. અને જો એનો જીવ મલિન હોય ને પાપે યુક્ત હોય તો મનનું કહ્યું માને; ત્યારે વળી મન એને ભૂંડા ઘાટ કરાવી કરાવીને કલ્યાણના માર્ગથી પાડી નાંખે. તે સારુ કલ્યાણના માર્ગથી અવળી રીતે અધર્મની વાર્તાને પોતાનું મન કહે અથવા બીજો કોઈ માણસ કહે, તો તેને સંઘાથે જે શુદ્ધ મુમુક્ષુ હોય તેને અતિશય વૈર થઈ જાય છે. પછી પોતાનું મન અથવા બીજો માણસ તે ફરીને તેને તે વાર્તા કહેવા આવે નહીં અને મન છે તે તો જીવનું મિત્ર જ છે, તે જીવને ન ગમે એવો ઘાટ ઘડે જ નહીં. અને જ્યારે કાંઈ મનને અયોગ્ય ઘાટ થઈ જાય ત્યારે જો જીવને મન ઉપર અતિશય રીસ ચડતી હોય તો ફરીને મનમાં એવો ઘાટ થાય જ નહીં. અને **જ્યારે મનને સદાય અયોગ્ય ઘાટ થયા કરતા હોય ત્યારે એને પોતાના જીવનો જ વાંક સમજવો પણ એકલા મનનો વાંક સમજવો નહીં.** એવી રીતે સમજીને ભગવાનની ભક્તિ કરે તો તેને કોઈ વિમુખ જીવનો તથા પોતાના મનનો જે કુસંગ તે લેશમાત્ર અડી શકે નહિ અને નિર્વિઘ્ન થકો ભગવાનનું ભજન કરે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૬॥૨૨૯॥

## ॥ વચનામૃત-૭મું : વજ્રની ખીલીનું ॥

સંવત્ ૧૮૮૩ના ભાદરવા વદિ ૬ છઠને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિશે ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિશે મોગરાનાં પુષ્પના તોરા વિરાજ-માન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, ''અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ જે,** જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી; માટે જેમ પોતાના શરીરને વિશે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને

ભગવાનના સંતને વિશે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહીં અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાં-સંબંધીને વહાલાં રાખવાં નહીં. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ-ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.

અને જે ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિશે ભગવાન સદાય સાકાર મૂર્તિ વિરાજમાન છે અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિશે રહે છે. **તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે,** 'હું રખે મરીને ભૂતપ્રેત થઉં કે રખે ઈન્દ્રલોકને જ પામું કે રખે બ્રહ્મલોકને જ પામું.' એવી આશંકા મનમાં રાખવી નહીં; કેમ જે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે, પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહીં અને એ ભક્તજન હોય તેને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરનાં ચરણારવિંદને વિશે દૃઢ કરીને રાખવું. જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહીં, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિશે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિશે પોતાના મનને રાખે **તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.''** એમ વાર્તા કરીને 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વ સભાને ઊઠવાની આજ્ઞા કરી. **ઈતિ વચનામૃતમ્ ૭**

## ॥ વચનામૃત-૮મું : સદાય સુખિયા રહેવાનું ॥

**સંવત્ ૧૮૮૩ના ભાદરવા વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત**

વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને પાઘને વિશે મોગરાનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજે મુનિમંડળને પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનો ભક્ત હોય તેને એવો ક્યો ઉપાય છે જે, જેણે કરીને સદા સુખી રહેવાય ?"** પછી મોટા મોટા સાધુ હતા તેણે જેવું જેને સમજાયું તેણે તેવો ઉત્તર કર્યો.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એનો ઉત્તર તો એમ છે જે, જે ભગવાનના ભક્તને એક તો દૃઢ વૈરાગ્ય હોય અને બીજો અતિશય દૃઢ સ્વધર્મ હોય અને જેણે એ બે સાધને કરીને સર્વે ઈન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યાં હોય અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિશે અતિશય પ્રીતિ હોય અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિશે અતિશય મિત્રભાવ વર્તતો હોય અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહિ અને જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે પણ કોઈ વિમુખ જીવની સોબત ગમે નહિ, એવાં જે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિશે તથા પરલોકને વિશે સદાય સુખિયો રહે છે અને વૈરાગ્ય ને સ્વધર્મ તેણે કરીને જેણે પોતાનાં ઈન્દ્રિયોને વશ ન કર્યાં હોય તો તે ભગવાન તથા ભગવાનના ભક્તને સંગે રહ્યો થકો પણ દુખિયો રહે છે. શા માટે જે, જેણે પોતાની ઈન્દ્રિયોને ન જીતી હોય તેને કોઈ ઠેકાણે સુખ થાય નહિ અને ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ જ્યારે ઈન્દ્રિયો વિષયમાં તણાઈ જાય ત્યારે તે હરિભક્તના હૃદયમાં અતિ દુ:ખ થાય છે.

માટે સર્વ પોતાના ઈન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહેછે અને **જેણે સર્વ ઈન્દ્રિયોને જીતીને વશ કર્યાં હોય તેને જ વૈરાગ્યવાન અને ધર્મવાળો જાણવો;** પણ જેનાં ઈન્દ્રિયો વશ ન થયાં હોય તેને વૈરાગ્યવાન ને ધર્મવાળો ન જાણવો અને જે વૈરાગ્યવાન ને ધર્મવાળો હોય તેને તો સર્વ ઈન્દ્રિયો નિયમમાં હોય ને તે સદાય સુખિયો હોય.'

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** ''હે મહારાજ ! ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ભક્તિમાં કયું અતિશય મોટું વિઘ્ન છે ?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનના ભક્તને એ જ મોટું વિઘ્ન છે, જે પોતામાં દોષ હોય તેને દેખે નહિ અને ભગવાન ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય, એ જ એને અતિશય મોટું વિઘ્ન છે.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૮॥

## ॥ વચનામૃત-૯મું : જાણપણારૂપ દરવાજાનું ॥

**સંવત્ ૧૮૮૩ના આસો સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પુષ્પના હાર તથા ગજરા વિરાજમાન હતા ને પાઘ ઉપર પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજે** સર્વ હરિભક્તને કહ્યું જે, ''**જે અમારા મોટા મોટા પરમહંસ છે તેની જેવી સ્થિતિ છે ને સમજણ છે તે અમે તમને બાઈ-ભાઈ સર્વને કહીએ.** તેને સાંભળીને પછી જેવી રીતે તમે સર્વે વર્તતા હો ને જેવી તમને સ્થિતિ હોય તેવી રીતે તમે કહી દેખાડજો.'' એમ કહીને **શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, **પોતાના હૃદયને વિશે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે.** તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે. જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં.' એવી રીતે હિંમત સહિત ઢાલ-તલવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે

અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિશે ધન, સ્ત્રી આદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી.

**ત્યારે કોઈક આશંકા કરે જે,** 'ત્યાંથી ડગતા નથી ત્યારે દેહની ક્રિયા જે ખાન-પાનાદિક તેને કેમ કરતા હશે ?' તો **તે દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે,** જેમ પાણિયારી હોય તે કૂવા ઉપર જળ સીંચવા જાય છે, ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે, 'રખે કૂવામાં પડી જાઉં,' અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સીંચે છે. વળી **બીજું દૃષ્ટાંત :** જેમ કોઈક પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વે સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.''

એવી રીતે **શ્રીજી મહારાજે મોટા મોટા જે સંત તેની સ્થિતિ કહી દેખાડીને પછી એમ બોલ્યા જે,** ''તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલા થવા દેવા નહિ; એ વાતની અતિશય સાવધાની રાખવી. અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફેલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચકાર જઈ પૂગે ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય. તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિશે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન-સ્ત્રી આદિક બીજા

પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે **પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિશે સાવધાન થઈને રહેવું** અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહીં.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના સર્વે ભક્તજનને શિક્ષાનાં વચન કહ્યાં. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૯ ॥

## ॥ વચનામૃત-૧૦મું : વૃંદાવન ને કાશીના નાશનું ॥

**સંવત્ ૧૮૮૩ના આસો વદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના સત્સંગી હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

તે સમે શ્રીજી મહારાજ પાસે એક **માધ્વી સંપ્રદાયનો વિદ્વાન બ્રાહ્મણ આવ્યો.** **તેને શ્રીજી મહારાજે પૂછ્યું જે,** **''તમારા સંપ્રદાયના ગ્રંથને વિશે વૃંદાવનને જ ભગવાનનું ધામ કહ્યું છે અને વળી એમ કહ્યું છે જે, 'મહાપ્રલયમાં પણ વૃંદાવનનો નાશ થતો નથી.''** અને શિવમાર્ગી હોય તે એમ કહેછે જે, 'મહાપ્રલયમાં કાશીનો નાશ નથી થતો.' એ વાર્તા અમારા સમજ્યામાં આવતી નથી; શા માટે જે, મહાપ્રલયમાં તો પૃથ્વી આદિક પંચભૂતનો અતિશય પ્રલય થઈ જાય છે, ત્યારે વૃંદાવન ને કાશી તે કેમ રહેતાં હશે ? ને શાને આધારે રહેતાં હશે ? એવી જાતનો અતિશય મોટો સંશય થાયછે.'' એમ વાર્તા કરીને શ્રીજીમહારાજે ભાગવતનું પુસ્તક મંગાવીને એકાદશ સ્કંધમાંથી તથા દ્વાદશ સ્કંધમાંથી ચારપ્રકારના પ્રલયનો પ્રસંગ હતો તે વાંચી સંભળાવ્યો.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ ભાગવતનો તથા ગીતાનો મત જોતાં તો જેટલું પ્રકૃતિપુરુષ થકી થયું છે તે મહાપ્રલયમાં કાંઈ રહેતું નથી.અને જો મહાપ્રલયમાં વૃંદાવન અખંડ રહેતું હોય તો તેના પ્રમાણનો વ્યાસજીના ગ્રંથનો શ્લોક તથા વેદની શ્રુતિ તે કહી સંભળાવો. **શા માટે જે,** વ્યાસજીથી બીજા કોઈ મોટા આચાર્ય નથી અને બીજા તો જે જે આચાર્ય થયા છે તેમણે

વ્યાસજીના કરેલા ગ્રંથને આશરીને પોતપોતાના સંપ્રદાય ચલાવ્યા છે. માટે આદિ આચાર્ય જે વ્યાસજી તેનાં જે વચન તે સર્વે આચાર્યનાં વચન કરતાં અતિ પ્રમાણ છે. માટે વ્યાસજીનાં વચન તથા વેદની શ્રુતિએ કરીને જે 'વૃંદાવન મહાપ્રલયમાં નાશ નથી થતું' એવું જે પ્રમાણ તે કહી સંભળાવો, તો અમારો સંશય નિવૃત્ત થાય. અને જે જે આચાર્ય થયા તેમણે પદ્મપુરાણનાં વચને કરીને પોતપોતાનો મત સ્થાપન કર્યો છે. તે તો પદ્મપુરાણમાં ક્ષેપક શ્લોક નાંખી નાંખીને સ્થાપન કર્યો છે. તે પોતાના મતના હોય તે માને પણ બીજા કોઈ માને નહીં. માટે 'શ્રીમદ્ ભાગવત' સરખા પ્રસિદ્ધ પુરાણનું વચન કહી સંભળાવો તો અમારે પ્રતીતિ આવે; શા માટે જે, વ્યાસજીએ વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેનું સાર સાર ગ્રહણ કરીને 'શ્રીમદ્ ભાગવત' કર્યું છે. માટે જેવું 'ભાગવત' પ્રમાણ એવા બીજાં પુરાણ અતિશય પ્રમાણ નહિ અને જેવી 'ભગવદ્ગીતા' પ્રમાણ તેવું સમગ્ર 'ભારત' પ્રમાણ નહીં. માટે એવા બળવાન શાસ્ત્રનું વચન કહી સંભળાવો તો અમને હા પડે.''

એવી રીતનાં જે શ્રીજી મહારાજનાં વચન તેને સાંભળીને **તે બ્રાહ્મણ એમ બોલ્યો જે,** ''હે મહારાજ ! તમે જે પ્રશ્ન કર્યો તે સત્ય છે ને તમારા પ્રશ્નનો ઉત્તર કરવાને આ પૃથ્વી ઉપર કોઈ સમર્થ નથી. અને મારા મનને તો તમારા સ્વરૂપની દૃઢ પ્રતીતિ આવી છે જે, 'તમે તો સર્વ આચાર્યના આચાર્ય છો ને ઈશ્વરના ઈશ્વર છો.' માટે મને તમારો સિદ્ધાંત હોય તે કૃપા કરીને કહો.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એમ સિદ્ધાંત કર્યો છે જે,** જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે. અને માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે. તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંઘાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિકાળના જીવ હતા તે ઉદય થઈ આવે

છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિશે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી, એ તો અનાદિ જીવ જ છે. તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ-સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે ને ભગવાનનો પાર્ષદ થાય છે. એવી રીતે અમારો સિદ્ધાંત છે.'' એવી રીતનાં જે શ્રીજી મહારાજનાં વચન તેને સાંભળીને તે બ્રાહ્મણ પોતાના વૈષ્ણવપણાના મતનો ત્યાગ કરીને શ્રીજી મહારાજનો સમાશ્રય કરતો હવો અને ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષાને ગ્રહણ કરતો હવો. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૦॥૨૩૩॥

## ॥ વચનામૃત-૧૧મું : સીતાજીના જેવી સમજણનું ॥

**સંવત્ ૧૮૮૪ના અષાઢ સુદિ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડામધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''અમે એક પ્રશ્ન પૂછીએ જે, ઈન્દ્રિયો ને મન એ બેને જીત્યાનું એક સાધન છે કે ઈન્દ્રિયોને જીત્યાનું જુદું સાધન છે ને મનને જીત્યાનું જુદું સાધન છે ?''** એ પ્રશ્ન છે.'' પછી મોટા મોટા પરમહંસ હતા તેમણે જેવું જેને ભાસ્યું તેવું તેમણે કહ્યું, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર તો એમ છે જે, વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,** **''જેવી નિર્વિકલ્પ સમાધિને વિશે ભગવાનના ભક્તને શાંતિ રહે છે, તેવી એ સમાધિ વિના પણ શાંતિ રહે એવો શો ઉપાય છે ?''** **પછી શ્રીજી મહારાજે કહ્યું જે,** ''જેવી પોતાના દેહને વિશે

આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે; એ જ એનો ઉત્તર છે.'

**પછી શ્રીજી મહારાજે વળી પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** ''ગમે તેવા ભૂંડા દેશ-કાળાદિક પ્રાપ્ત થાય તોપણ કોઈ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહિ, એવો જે હરિભક્ત હોય તેને કેવી જાતની સમજણ હોય જે, જે સમજણે કરીને એવી રીતની એને દૃઢતા આવે છે જે, તેને વિશે કોઈ રીતનું વિઘ્ન લાગતું નથી?'' પછી મોટા મોટા સંત હતા તેમાં જેને જેવું ભાસ્યું તેવો તેણે ઉત્તર કર્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો ઉત્તર તો એમ છે જે, જીવને જેવી દેહને વિશે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં અને ગમે તેવાં દેશ-કાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં.''

**પછી વળી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,** ''જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, 'હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારુ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે, તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી, પણ હવે એમ વિચારતા હશે જે, 'સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે.' એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, 'સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશોમા.' **એમ સીતાજીએ લક્ષ્મણજી સંઘાથે કહી મોકલ્યું, પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહીં.** એવી રીતે જે

ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહિ અને વૈરાગ્ય ને ધર્મ તે તો સામાન્યપણે હોય; એક હરિભક્ત તો એવો છે. અને બીજો હરિભક્ત છે તેને તો વૈરાગ્ય ને ધર્મ તો અતિ આકરા છે પણ સીતાજીના જેવી સમજણ નથી. એ બે પ્રકારના હરિભક્ત છે, તેમાં ક્યા સંઘાથે અતિશય પ્રીતિ રાખીને સોબત કરવી ?''

**પછી ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું જે,** ''ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તોપણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો અતિશય પ્રીતિએ કરીને સમાગમ કરવો, પણ અતિશય વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહીં.'' **પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''યથાર્થ ઉત્તર થયો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૧ ॥**

## ॥ વચનામૃત-૧૨મું : કરામતનું ॥

**સંવત્ ૧૮૮૪ના અષાઢ વદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાની મેડીના ગોખને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ** પોતાના ભક્તજનને શિક્ષા કરવાને અર્થે વાર્તા કરતા હવા જે, ''**જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ જે,** 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું,' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈને રહેવું અને ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તોપણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો. જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય અને વળી

જેમ ક્ષયરોગ થયો હોય તે કોઈ ઔષધે કરીને મટે જ નહિ, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહીં.

અને અનંત બ્રહ્મહત્યા કરી હોય ને અનંત બાળહત્યા કરી હોય ને અનંત સ્ત્રીહત્યા કરી હોય ને અનંત ગૌહત્યા કરી હોય ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય ને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાના ઉપાય પણ કહ્યા છે, પણ **ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.** અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે અને જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. અને વળી ગમે તેવો શરીરમાં રોગ થયો હોય ને તેણે કરીને શરીર પડે અથવા કોઈ શત્રુ મળે ને શરીરનો નાશ કરી નાંખે પણ જીવનો નાશ થતો નથી; અને **ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે** ત્યારે કોઈ કહેશે જે, 'જીવનો નાશ કેમ થતો હશે ?' તો **ત્યાં દૃષ્ટાંત :** જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય ને સ્ત્રી પણ ન કહેવાય, એ તો કેવળ વૃંદલ કહેવાય. તેમ જે ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહનો કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય જે, 'કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ;' માટે એનો જીવ નાશ થઈ ગયો જાણવો, એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહીં.

અને વળી પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે સત્સંગી હોય તોપણ તેમાં અતિશય હેત રાખવું નહીં. જેમ દૂધ-સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી હોય ને તેનું જે પાન કરે તેના પ્રાણ જાય; તેમ પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે હરિભક્ત હોય, તોપણ તેમાં દેહના સંબંધરૂપ સર્પની લાળ પડી છે; માટે તેમાં હેતના કરનારાનું જરૂર અકલ્યાણ થાય છે.

એમ જાણીને જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને દેહનાં જે સગાં-સંબંધી હોય તે સાથે હેત રાખવું નહીં. એમ સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું. આ જે અમે વાત કરી છે તેને જે અંતરમાં રાખે તેને કોઈ રીતે કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય જ નહિ અને આ જે વાત તે કરામત જેવી છે.'' એમ કહીને શ્રીજી મહારાજે વાર્તાની સમાપ્તિ કરી. ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૨ ॥૨૩૫ ॥

## ॥ વચનામૃત-૧૩મું : દેશકાળે એકાંતિક ધર્મ રહ્યાનું ॥

**સંવત્ ૧૮૮૪ના અષાઢ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિશે તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને આગળ મુનિમંડળ દૂકડ-સરોદા લઈને કીર્તન ગાવતા હતા.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''કીર્તન રાખો, હવે ભગવદ્‌વાર્તા કરીએ.'' એમ કહીને શ્રીજી મહારાજે મુનિમંડળ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''**જીવનો દેહ છે તે તો પૂર્વકર્મને આધીન છે.** તેનો એક નિરધાર રહેતો નથી. તે ક્યારેક સાજો રહે ને ક્યારેક કર્માધીનપણે કરીને માંદો થઈ જાય, ને ક્યારેક સ્વતંત્ર વર્તતો હોય ને ક્યારેક પરાધીન પણ થઈ જાય, ને ધાર્યું હોય તે ઠેકાણે રહેવાય કે ન જ રહેવાય. અને ક્યારેક હરિભક્તના મંડળમાં રહેતા હોઈએ ને કર્મ કે કાળને યોગે કરીને નોખા પડી ગયા ને એકલા જ રહી જવાય, ત્યારે જે જે નિયમ રાખવાની દૃઢતા હોય તેનો કાંઈ મેળ રહે જ નહીં. અથવા ઈંગ્રેજ જેવો કોઈક રાજા હોય ને તેણે ક્યાંઈક પરવશ રાખ્યા અથવા પોતાનાં મન ને ઈન્દ્રિયો તે ઈંગ્રેજ જેવાં જ છે તેણે જ પરવશ રાખ્યા, ત્યારે જે સંતના મંડળમાં રહેવું ને સત્સંગની મર્યાદા પાળવી તેનો કાંઈ મેળ રહે નહીં. અને શાસ્ત્રમાં તો એમ જ કહ્યું છે જે, 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર

સંપૂર્ણ હોય ત્યારે એકાંતિક ભક્ત કહેવાય ને એકાંતિકની જે મુક્તિ છે તેને પામે.' અને કાળ-કર્મને યોગે કરીને દેહની વ્યવસ્થા તો એકની એક રહે એમ જણાતું નથી. માટે **ભગવાનના ભક્તને કેવી રીતે એકાંતિકપણું રહે છે ?** એ પ્રશ્ન છે.'' પછી ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, શુકમુનિ ઈત્યાદિક મોટા મોટા સાધુ હતા તેમણે જેવું જેને જણાયું તેવો ઉત્તર કર્યો, પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેમ અમારે ભગવાનને વિશે નિષ્ઠા રહે છે તેમ અમે કહીએ જે,** અમારે તો ગમે તેવું સુખ-દુઃખ આવે તથા સંપત્-વિપત્ આવે તેમાં એમ રહે છે જે, એક તો ભગવાનની અતિશય મોટ્યપ જાણીએ છીએ, તેણે કરીને આ સંસારમાં મોટા મોટા રાજાની સમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મી તેને જોઈને લેશમાત્ર પણ અંતરમાં તેનો ભાર આવતો નથી અને **એમ સમજીએ છીએ જે,** 'આપણે તો ભગવાન થકી કાંઈ અધિક નથી ને આપણું મન છે તે ભગવાનનાં ચરણારવિંદમાં ચોંટાડ્યું છે.' અને ભગવાન સંઘાથે એવી દૃઢ પ્રીતિ કરી છે જે, તે પ્રીતિને કાળ, કર્મ, માયામાંથી કોઈએ ટાળવાને અર્થે સમર્થ નથી અને પોતાનું મન એ પ્રીતિ ટાળવાને કરે તોય પણ ભગવાનમાંથી એ પ્રીતિ ન ટળે; એવી રીતનો દૃઢાવ છે, તે ગમે તેવું સુખ-દુઃખ આવે છે તોય નથી ટળતો.

**અને સ્વાભાવિક મનમાં એવી રુચિ રહે છે જે,** 'શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહિ; અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશય ગમે છે' ને **એમ જાણીએ છીએ જે,** 'એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું,' એવી સદાય રુચિ રહે છે. અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદસ્વામી સંઘાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, 'મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો, તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવીશું જ નહીં.' એમ

મનનો ઠરાવ હતો. તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે.

અને **ભગવાન ને ભગવાનના જે ભક્ત તેમાં તો એવું દઢ હેત છે** તેને કાળ, કર્મ ને માયા તેમાંથી કોઈએ ટાળવાને સમર્થ નથી અને પોતાનું મન ટાળ્યાનું કરે તોય પણ હૃદયમાંથી ટળે જ નહિ; એવી ભગવાન ને ભગવાનના ભક્ત સંઘાથે અતિશય પ્રીતિ છે અને અમે કેટલીક વાર સત્સંગમાંથી જવાને અર્થે ઉદાસ થયા છીએ પણ ભગવાનના ભક્તનો સમૂહ જોઈને ટક્યા છીએ, તે કોઈ રીતે મૂકીને જવાતું નથી. અને જેને હું ભગવાનનો ભક્ત ન જાણું તે ઠેકાણે તો મને રાખ્યાના કોટિ ઉપાય કરે તોય ન જ રહેવાય અને ગમે તેવી અમારી શુશ્રૂષા કરે તોય અભક્ત સંઘાથે અમારે બને જ નહીં. એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્ત સંઘાથે અમે અમારા મનને અતિશય પ્રીતિએ કરીને જોડી રાખ્યું છે અને તે ભગવાન વિના બીજું કોઈ પદાર્થ વહાલું રાખ્યું નથી; માટે શા સારુ ભગવાનમાં પ્રીતિ નહિ રહે ? અને **ભગવાનના કથા-કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે જે,** 'જાણીએ દીવાના થઈ જવાશે.' અને જેટલો વિવેક રહે છે તે તો કોઈક ભક્તજનના સમાસને અર્થે રહે છે, પણ મનમાં તો એવી ને એવી જ ખુમારી રહે છે અને ઉપરથી તો લોકને મળતો વ્યવહાર રાખીએ છીએ.

અને તે ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો, પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે,'હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે; તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને **આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી.** માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું

સુખ-દુઃખ આવે, તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહિ ને જેમ ભગવાન રાજી તેમજ આપણે રાજી રહેવું. અને આવી રીતની જે ભગવાનને વિશે દૃઢ પ્રીતિ તેણે યુક્ત એવો જે એ ભક્ત તેના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેની રક્ષાને તો એ ભગવાન પોતે જ કરે છે અને ક્યારેક દેશકાળના વિષમપણે કરીને બાહેરથી તો ધર્માદિકના ભંગ જેવું જણાતું હોય પણ તે ભક્તના અંતરમાં તો ધર્માદિકનો ભંગ થતો જ નથી.'' એવી રીતે શ્રીજી મહારાજ પોતાને ઉપદેશે કરીને જે ભગવાનના અતિ દૃઢ ભક્ત હોય તેને જેમ સમજવું ઘટે અને જેમ ભગવાનમાં દૃઢ પ્રીતિ કરી જોઈએ તે સર્વે વાર્તા કરી દેખાડતા હવા. **॥ ઈતિ વચનામૃતમ્ ગ.અં. ॥૧૩॥૨૩૬॥**

## ॥ વચનામૃત-૧૪મું : કાયસ્થના અવિવેકનું - લંબકર્ણનું ॥

**સંવત્ ૧૮૮૪ના અષાઢ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને મસ્તક ઉપર પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કંઠને વિશે પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિમંડળ કીર્તન ગાવતા હતા.**

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે,** ''કીર્તન-ભક્તિની સમાપ્તી કરો ને પ્રશ્ન-ઉત્તર કરીએ.'' **પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે,** ''હે મહારાજ! પરમેશ્વર થકી તો બીજું કાંઈ સાર વસ્તુ નથી, તોપણ એ પરમેશ્વરમાં એ જીવને કેમ દૃઢ પ્રીતિ થતી નથી ? એ પ્રશ્ન છે.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એને વિવેક નથી. જો વિવેક હોય તો એમ વિચાર થાય જે, 'મારે તો બ્રહ્મચર્ય વ્રત છે તોપણ સ્ત્રીના સુખની તૃષ્ણા હૃદયમાંથી ટળતી નથી, તે એ બહુ ખોટું છે અને તે સ્ત્રીનું સુખ તો ચોરાશી લાખ યોનિમાં જ્યાં જ્યાં જન્મ ધર્યા ત્યાં ત્યાં સર્વત્ર પ્રાપ્ત થયું છે, તે પણ મનુષ્યદેહથી અધિક પ્રાપ્ત થયું છે. કેમ જે, એ જીવ બકરો થયો હશે ત્યારે

હજાર બકરીઓને પોતે એકલો ભોગવતો હશે અને જ્યારે ઘોડો કે પાડો કે સાંઢ કે બૂઢિયો વાનરો ઈત્યાદિક પશુના દેહને પામ્યો હશે ત્યારે તેને વિશે પોતપોતાની જાતિની અતિશય રૂપવાન ને યૌવનવાન એવી અનંત સ્ત્રીઓ તે એકેએક એને મળી હશે. અને તેમાં કાંઈ પ્રારબ્ધનું કારણ નથી ને ભગવાનની કૃપાનું પણ કારણ નથી; એ તો સહેજે મળી હતી અને વળી જો ભગવાનનું ભજન નહિ કરે તો જે જે યોનિમાં જશે ત્યાં ત્યાં અનંત સ્ત્રીઓ પ્રાપ્ત થશે. ને તેમાં કોઈ દેવતાનું પણ સેવન-પૂજન નહિ કર્યું જોઈએ ને કોઈ મંત્રનો પણ જપ નહિ કર્યો જોઈએ; એ તો સહેજે જ તે સ્ત્રીઆદિકનાં સુખને પામશે.

**અને આ જીવે કેટલીક વાર** દેવતા થઈને દેવલોકનાં પણ સુખ ભોગવ્યાં છે ને કેટલીક વાર ચક્રવર્તી રાજા થઈને પૃથ્વીમાં પણ અનંત સુખ ભોગવ્યાં છે, તોપણ એ જીવને સ્ત્રીઆદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી. સ્ત્રીઆદિકનું જે સુખ છે તેનું અતિશય દુર્લભપણું જાણે છે ને તેનું અતિ માહાત્મ્ય જાણીને તેમાં પ્રીતિ કરે છે, તે પ્રીતિ કોઈ રીતે ટાળી ટળતી નથી; એ પાપે કરીને પરમેશ્વરમાં દૃઢ પ્રીતિ થતી નથી. અને **એવી મલિન વાસના આ જીવને થાય છે તે અમે નજરે દીઠી છે.** જ્યારે અમે નાના હતા ત્યારે અયોધ્યાપુરીમાં એક શિવનું મંદિર હતું, તેમાં જઈને અમે સૂતા. ત્યાં એક કાયસ્થ નિત્ય શિવનું પૂજન કરવાને આવતો. તે શિવની પૂજા કરીને ગાલ વજાડીને શિવ પાસે એમ વર માગતો જે, 'હે મહારાજ ! હે શિવજી ! મને કોઈ દિવસ મનુષ્યનો અવતાર દેશોમા. શા માટે જે, મનુષ્યદેહમાં તો તાંબુ ખાઈ ખાઈને મરી ગયા પણ સ્ત્રીનું સુખ સારી પેઠે ભોગવાતું નથી. માટે હે શિવજી ! મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજ્યો, જે લાજ-મર્યાદા મૂકીને સારી પેઠે સ્ત્રીનું સુખ તો ભોગવીએ.' એમ નિત્ય શિવજી પાસે વર માગતો. એવી રીતે આ જીવના હૃદયમાં પાપરૂપ વાસના થાય છે, માટે એને કોઈ રીતે પરમેશ્વરમાં પ્રીતિ થતી નથી.''

**પછી મુક્તાનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, ''હે મહારાજ ! જેને એવો અતિશય**

**અવિવેક હોય તેને તો ભગવાનમાં પ્રીતિ ન થાય, પણ જેને એમ જણાતું હોય જે, 'ભગવાન સર્વ સુખના નિધિ છે ને ભગવાન વિના બીજા પદાર્થ છે તે તો કેવળ દુઃખદાયી જ છે,' તોપણ તેને ભગવાનમાં પ્રીતિ નથી થતી તેનું શું કારણ છે?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ જીવને પૂર્વ-જન્મને વિશે અથવા આ જન્મને વિશે કોઈક અતિશય ભૂંડાં જે દેશ, કાળ, સંગ ને ક્રિયા તેનો યોગ થઈ ગયો છે; તેણે કરીને અતિશય તીક્ષ્ણ કર્મ થયાં છે. તે ભૂંડાં કર્મનો એના ચિત્તમાં પાશ લાગ્યો છે, માટે સાર-અસારને જાણે છે તોપણ એને અસારનો ત્યાગ કરીને પરમેશ્વરને વિશે દૃઢ પ્રીતિ થતી નથી. અને જેવી રીતે ભૂંડા દેશ, કાળ, ક્રિયા ને સંગ તેને યોગે કરીને ભૂંડાં કર્મનો ચિત્તમાં પાશ બેઠો, તેવી રીતે અતિશય પવિત્ર દેશ, પવિત્ર કાળ, પવિત્ર ક્રિયા અને પવિત્ર સંગ તેને યોગે કરીને અતિશય તીક્ષ્ણ જો સુકૃત કર્મ થાય, તો તેને યોગે કરીને અતિ તીક્ષ્ણ જે ભૂંડાં પાપકર્મ તેનો નાશ થઈ જાય છે; ત્યારે એને ભગવાનને વિશે દૃઢ પ્રીતિ થાય છે. એ પ્રશ્નનો એ જ ઉત્તર છે.''

**પછી અયોધ્યાપ્રસાદજીએ પૂછ્યું જે, ''એકની તો બુદ્ધિ પણ ઘણી હોય ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પૂગતી હોય, અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય; અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે, તેનું શું કારણ છે ?''**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આ સંસારને વિશે દૈવી ને આસુરી બે પ્રકારના જીવ છે; તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તોપણ સત્સંગમાંથી વિમુખ જ થાય અને દૈવી જીવ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તોપણ કોઈ કાળે સત્સંગમાંથી વિમુખ ન થાય. જેમ મરચાનું બીજ હોય ને લીંબડાનું બીજ હોય ને શીંગડિયા વછનાગનું બીજ હોય, તેને વાવીને નિત્ય સાકરનું પાણી સીંચ્યા કરીએ તોપણ મરચાં તે તીખાં જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શીંગડિયો વછનાગ તે ઝેર જ થાય. શા માટે જે, એનું બીજ

Index



ભૂંડું છે. અને શેરડીને વાવીને લીમડાનાં પાનનું ખાતર નાખીને કડવું પાણી સીંચ્યા કરીએ તો પણ શેરડીનો રસ તે મીઠો જ થાય. તેમ દૈવી જીવ છે તે ભગવાનને સન્મુખ જ રહે છે ને આસુરી જીવ હોય તે વિમુખ જ થાય છે.''

**પછી શુકમુનિએ પૂછ્યું જે, ''દૈવી ને આસુરી જીવ હોય તે કેમ જાણ્યામાં આવે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''દૈવી જીવ હોય તેને કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને હોય; પછી સારા દેશ-કાળાદિકનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય અને **આસુરી જીવને જે કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે કોઈ કાળે નાશ થાય નહિ.** અને તેને એકવાર જો કાંઈક કઠણ વચન કહ્યું હોય તો જીવે ત્યાં સુધી ભૂલે નહિ. અને તે આસુરી જીવ જો સત્સંગી થયો હોય તો સૌ કરતાં સરસ હરિભક્ત જણાય, પણ જેમ ભાલ દેશમાં મોરે સમુદ્ર હતો તે કાંપ જમાઈને મીઠી પૃથ્વી થઈ છે, તે જ્યાં સુધી કાંપ હોય ત્યાં સુધી જો ખોદીએ તો પાણી મીઠું નીસરે અને તેથી જો હેઠું ખોદીએ તો સમુદ્રના જેવું ખારું ઝેર પાણી નીસરે; તેમ આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ગણો દ્રોહ કરે તોપણ મનમાં સંતોષ ન થાય.''

**પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે,** 'હે મહારાજ! તમે એમ કહ્યું જે, 'આસુરી જીવ હોય ને હરિભક્ત થયો હોય, તો તેનું જ્યાં લગી ગમતું રાખીએ ત્યાં સુધી તો સત્સંગી રહે ને જો ગમતું ન રાખીએ તો વિમુખ થાય.' તે **જ્યાં લગી વિમુખ નથી થયો તેવામાં જો તેનો દેહ પડી જાય તો આસુરી રહે કે દૈવી થાય ?''** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''તે આસુરી જીવ જ્યાં સુધી સારો હોય ને તેવામાં દેહ પડે તો દૈવી થાય અને ભગવાનની ભક્તિ કરીને પરમપદને પામે.

**પછી નૃસિંહાનંદસ્વામીએ પૂછ્યું જે, ''નવધા ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ કઈ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યાજે** ''નવધા ભક્તિમાંથી જેને જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહથાય તે જ ભક્તિ તેને શ્રેષ્ઠ છે.''

**પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, "જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય તેને કેવા પુરુષનો સંગ રાખવો ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે વયે કરીને પણ વૃદ્ધ હોય અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય જેને દૃઢ હોય અને ભગવાનને વિશે પણ દૃઢ પ્રીતિ હોય, તેવા પુરુષનો સંગ પ્રીતિએ કરીને એ બેય જણાને કરવો."

પછી **નાજે જોગીએ પૂછ્યું જે, "એકનું ક્રોધે કરીને ભગવાનમાં મન જોડાયું છે ને એકનું ભયે કરીને ભગવાનમાં મન જોડાયું છે અને એકનું તો સ્નેહે કરીને ભગવાનમાં મન જોડાયું છે, એ ત્રણમાં ક્યો શ્રેષ્ઠ છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેનું હેતે કરીને ભગવાનમાં મન જોડાયું તે શ્રેષ્ઠ છે."

**પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે,"ભગવાનનો ભક્ત તો હોય પણ જેને શ્રીજી મહારાજે કહ્યું એવો સાર-અસારનો વિવેક તે ન હોય ને વૈરાગ્ય પણ ન હોય, તેને એવો વિવેક તથા ભગવાન વિના બીજા પદાર્થમાં વૈરાગ્ય તે કેમ થાય?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જો પ્રથમ જ ભગવાનમાં દૃઢ હેત થઈ જાય તો વિવેક ને વૈરાગ્ય તે હેતને યોગે કરીને પ્રકટ થાય છે અને જેને જે પદાર્થમાં હેત થાય છે તેને હેત કહીએ અથવા કામના કહીએ. તે જે જે પદાર્થમાં હેત હોય ને તેમાં જો કોઈક અંતરાય કરે તો તે ઉપર ક્રોધ થઈ જાય છે. તે માણસના દેહમાં તો થાય પણ પશુને પણ ક્રોધ થઈ જાય છે. જેમ પાડો હોય તે કામનાએ કરીને ભેંસ ઉપર આસક્ત થયો હોય ને બીજો પાડો આવે તો તેને મારી નાંખે છે, એવી રીતે પશુ-પક્ષીમાં સર્વત્ર દેખાય છે; તેમ જેને ભગવાનને વિશે દૃઢ પ્રીતિ હોય તેને જે પદાર્થ તે પ્રીતિમાં અંતરાય કરવા આવે તો તે ઉપર તુરત ક્રોધ થઈ જાય ને તે પદાર્થનો તત્કાળ ત્યાગ કરે. માટે જો ભગવાનમાં દૃઢ હેત હોય તો એની મેળે જ વૈરાગ્ય ને વિવેક થઈ આવે છે.

**પછી વળી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, "બુદ્ધિમાન તો બેય પુરુષ છે. તેમાં એક તો જેમ પરમેશ્વર કહે તેમ જ માની લે એવો વિશ્વાસી છે અને બીજો તો પરમેશ્વરનાં વચન હોય તેમાં પણ માનવું ઘટે તેટલું જ માને, એ બેમાં ક્યો શ્રેષ્ઠ**

છે?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે; તે રામ-કથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે, 'જે મારે દઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું.' માટે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે.''

પછી આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **''મનમાં તો એમ નિશ્ચય છે જે, દેહ પર્યંત પરમેશ્વરના ગમતામાં જ રહેવું છે; તોપણ એમ જાણીએ છીએ જે, પરમેશ્વર ને સંતને કેમ કરીએ તો આપણો વિશ્વાસ આવે ?''**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''વિશ્વાસ તો પરમેશ્વરને અને સંતને ત્યારે આવે જ્યારે અતિશય માંદો થાય ને તે મંદવાડમાં ચાકરી પણ સારી પેઠે ન થઈ હોય તોપણ કોઈનો અવગુણ ન લે ને પોતે મૂંઝાય પણ નહિ; તથા વાંક વિના પણ પરમેશ્વર ને સંત તે પોતાનું અતિશય અપમાન કરે તોપણ કોઈનો અવગુણ ન લે; ત્યારે એનો પરમેશ્વરને ને સંતને વિશ્વાસ આવે. અને ત્રીજો પ્રકાર એ છે જે, જેટલા સત્સંગમાં નિયમ છે તેમાંથી જો લેશમાત્ર ફેર પડે તો અતિશય દુખાઈ જાય ને તેનું તત્કાળ પ્રાયશ્ચિત કરે. અને જો મનમાં ખોટો ઘાટ થાય તો બીજાને દેહે કરીને વર્તમાનમાં ફેર પડે તેટલો જ દુખાય ને ત્રાસ પામે ત્યારે એનો પરમેશ્વરને ને સંતને પરિપૂર્ણ વિશ્વાસ આવે જે, 'આ કોઈ કાળે સત્સંગમાંથી ડગશે નહિ.''

પછી ભગવદાનંદસ્વામીએ પૂછ્યું જે, **'જે ભક્તજનના મનને વિશે ભગવાન ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે બીજાને કેમ જણાય?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેના મનને વિશે ભગવાનનું ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે ભગવાન ને ભગવાનના ભક્તની નિષ્કપટ ભાવે પ્રીતિએ કરીને સેવા કરે ને દેહે કરીને સર્વ સંતને પગે લાગે; અને કોઈક સંત માંદા હોય તો તેનું માથું દાબે, પગ દાબે ને ખાધા-પીધાની ખબર રાખે; અને પોતાની પાસે પોતાને મનગમતી વહાલી વસ્તુ આવે તો તે સંતને આપીને પછી પોતાના કામમાં વાપરે. એવી રીતે મન-કર્મ-વચને કરીને જે વર્તે તેના અંતરમાં ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અખંડ છે એમ જાણવું.''

પછી શ્રીજીમહારાજે સંતને પ્રશ્ન પૂછ્યો જે, "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે અતિ તીવ્રપણે કરીને વર્તતા હોય તોપણ ધર્મમાં કાંઈક સંકરપણું થાય ને વૈરાગ્યમાં કોઈક ઠેકાણે રાગ રહી જાય અને ભક્તિમાં પણ કાંઈક શિથિલપણું થઈ જાય અને જ્ઞાનમાં પણ કાંઈક દેહઆસક્તિ રહી જાય તેનું શું કારણ હશે ?" પછી ગોપાળાનંદ સ્વામીએ અને બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર તીવ્ર વર્તે છે, એવા જે ઈશ્વરમૂર્તિ સમર્થ તેમાં જે કાંઈક કસર જેવું જણાય છે તે તો કેવળ દયાએ કરીને રહે છે; પણ બીજી કોઈ જાતની કસર નથી. અને એવા જે મોટા હોય તે બાહ્યદૃષ્ટિ રાખીને વર્તે ત્યારે કેટલાક જીવોને જડભરત જેવા ને શુકજી જેવા કરી મૂકે. માટે એવા અતિશય જે મોટા તેમને જે વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો ઉપર દયાએ કરીને છે." પછી શ્રીજી મહારાજે કહ્યું જે, એનો ઉત્તર એ જ છે." ॥ ઈતિ વચનામૃતમ્॥૧૪ ॥૨૩૭ ॥

## ॥ વચનામૃત-૧૫મું : પાટો ગોઠ્યાનું ॥

સંવત્ ૧૮૮૪ના અષાઢ વદિ ૧૩ તેરસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાની મેડીના ગોખ ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીને શ્રીજી મહારાજે કહ્યું જે, "આજ તો અમે અમારા રસોયા હરિભક્તની આગળ બહુ વાત કરી." ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! કેવી રીતે વાત કરી ?"

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "વાત તો એમ કરી જે, ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાનની માનસી પૂજા કરવા બેસે તથા ભગવાનનું ધ્યાન કરવા બેસે તે સમે એનો જીવ પ્રથમ જે જે ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને પંચવિષય થકી પરાભવ પામ્યો હોય અથવા કામ, ક્રોધ, લોભાદિકને યોગે

કરીને પરાભવ પામ્યો હોય, તે સર્વેની એને સ્મૃતિ થઈ આવે છે. **જેમ કોઈ શૂરવીર પુરુષ હોય** ને સંગ્રામમાં જઈને ઘાયે આવ્યો હોય ને તે ઘાયલ થઈને પાછો ખાટલામાં આવીને સૂવે, પછી એને જ્યાં સુધી પાટો ગોઠે નહિ ત્યાં સુધી ઘાની વેદના ટળે નહિ ને નિદ્રા પણ આવે નહિ; ને જ્યારે પાટો ગોઠે ત્યારે ઘાની પીડા ટળી જાય અને નિદ્રા પણ આવે. તેમ ભૂંડાં દેશ, કાળ, સંગ અને ક્રિયા તેને યોગે કરીને જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે, તે જ્યારે નવધા ભક્તિ માંહિલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય એ જ એને પાટો ગોઠ્યો જાણવો અને એ જ એને ભજન-સ્મરણનું અંગ દૃઢ જાણવું. પછી એ અંગમાં રહીને માનસી પૂજા કરવી, નામ-સ્મરણ કરવું, જે કરવું તે એ પોતાના અંગમાં રહીને કરવું, તો એને અતિશય સમાસ થાય. અને જો પોતાના અંગને ઓળખે નહિ તો જેમ ઘાયલને પાટો ગોઠે નહિ ને સુખ ન થાય, તેમ એને ભજન-સ્મરણમાં કોઈ રીતે સુખ ન થાય ને પંચવિષયના જે ઘા એને લાગ્યા હોય તેની પીડા ટળે નહીં. માટે એ નવધા ભક્તિમાંથી **જે ભક્તિ કરતે થકે પોતાનું મન ભગવાનમાં ચોંટે અને ભગવાન વિના બીજો ઘાટ કરે નહિ ત્યારે તે હરિભક્તને એમ જાણવું જે, 'મારું તો એ જ અંગ છે.'** પછી તે જાતની ભક્તિ એને પ્રધાન રાખવી એ સિદ્ધાંત વાર્તા છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૫॥૨૩૮॥

## વચનામૃત-૧૬મું : પતિવ્રતાની ટેકનું

**સંવત્ ૧૮૮૪ના અષાઢ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા તથા પાઘમાં તોરા અતિશય શોભાયમાન ઝૂકી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''મુનિમંડળ સમસ્ત તથા ગૃહસ્થ હરિ-

ભક્ત સમસ્ત પ્રત્યે અમે પ્રશ્ન પૂછીએ છીએ, તે જેથી ઉત્તર થાય તે કરજ્યો. **તે પ્રશ્ન એ છે જે,** 'ભગવાનનો ભક્ત હોય તેને અવગુણવાળાનો ત્યાગ કરતાં કાંઈ વાર લાગે નહિ, પણ જેમાં અતિશય રૂડા ગુણ હોય તેનો કેવી રીતે ત્યાગ થાય ? અને જેમાં રૂડા ગુણ હોય તે તો પોતાના સંબંધી હોય અથવા બીજો કોઈક હોય પણ ગુણવાન સંઘાથે સહેજે જે પ્રીતિ થાય ને તે ગુણને યોગે કરીને જે પ્રીતિ થઈ હોય તે ટાળી ટળે જ નહિ; માટે ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે ગમે તેવો ગુણવાન હોય તેની સંઘાથે પ્રીતિ જ ન થાય, એવો શો ઉપાય છે ? એ પ્રશ્ન છે.'' પછી મોટા મોટા સંત તેમણે જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં.

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''લ્યો અમે ઉત્તર કરીએ.** એનો ઉત્તર એ છે જે, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ હોય, અથવા રોગી કે વૃદ્ધ હોય, તોપણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહીં. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુવે અથવા હસીને બોલે ત્યારે એનું પતિવ્રતાપણું નાશ પામે. અને તે પતિવ્રતાને ઘેર કોઈક પરુણા આવ્યા હોય તો તેને અન્ન-જળ આપે તથા પોતાના પતિના જે સંબંધી પુરુષ તેને પણ અન્ન-જળ આપે, તે તો પતિના સંબંધી જાણીને આપે, પણ પોતાના પતિના જેવી બાજા પુરુષમાત્ર સંઘાથે લેશમાત્ર પ્રીતિ ન હોય. અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે. **એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંઘાથે દૃઢ ટેક છે; તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંઘાથે દૃઢ ટેક જોઈએ.** અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંઘાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહીં. અને **પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંઘાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને**

**સંઘાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે;** અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને. એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિશે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિશે હેત થાય જ નહીં. જેમ હનુમાનજી શ્રીરઘુનાથજીના ભક્ત છે; તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે પણ હનુમાનજીને રામચંદ્રજીને વિશે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે. તે માટે હનુમાનજીની ભક્તિ તે પતિવ્રતાના જેવી છે. એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી-વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૬॥**

## ॥ વચનામૃત-૧૭મું : ભરતજીના આખ્યાનનું ॥

**સંવત્ ૧૮૮૪ના શ્રાવણ સુદિ ૬ છઠ્યને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શ્રીમદ્ ભાગવતમાં **જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે, તેવી તો કોઈ કથા ચમત્કારી નથી.** કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા અને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીના બચ્ચાને વિશે પોતાને હેત થયું, ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તોપણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે **અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.** માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે,

'રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય.' એવી રીતની અતિશય બીક લાગે. અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા, ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ જ રહેતા હવા. એટલી વાત કરીને શ્રીજી મહારાજ ઠાકોરજીની આરતી થઈ ત્યાં પધાર્યા. **ઈતિ વચનામૃતમ્ ૧૭**

## ॥ વચનામૃત-૧૮મું : વાસના જીર્ણ થયાનું ॥

**સંવત્ ૧૮૮૪ના શ્રાવણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિશે પુષ્પના તોરા લટકી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજના ભત્રીજા જે **રઘુવીરજી તેમણે પ્રશ્ન પૂછ્યો જે,** ''જેવી જાગ્રત અવસ્થાને વિશે જીવની સ્થિતિ છે, તેવી સ્વપ્ન અવસ્થાને વિશે કેમ રહેતી નથી ?'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિશે રહે છે; કેમ જે, જાગ્રત અવસ્થામાં જેવી વાસના હોય તેવી જ સ્વપ્ન અવસ્થામાં સ્ફુરે છે.''

**પછી નિર્લોભાનંદસ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! જાગ્રત અવસ્થામાં તો કોઈ દિવસ દીઠાય ન હોયને સાંભળ્યા પણ ન હોય તેવા તેવા પદાર્થ સ્વપ્નમાં સ્ફુરી આવે છે, તેનું શું કારણ હશે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ન દીઠા હોય ને ન સાંભળ્યા હોય એવા જે પદાર્થ સ્ફુરે છે, તે તો પૂર્વજન્મનાં જે કર્મ તેની વાસનાએ કરીને સ્ફુરે છે.''

**પછી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! આ જીવને પૂર્વ જન્મનાં જે કર્મ તે કર્મનું જોર ભગવાનનો ભક્ત થાય તોપણ ક્યાં સુધી રહે છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે

ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વકર્મ સંબંધી જે વાસના તે જૂની થતી જાય; પછી એને જન્મ-મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહીં. જેમ ત્રણ વર્ષની તથા ચાર વર્ષની જે જૂની ડાંગર થઈ, પછી તે જમ્યામાં તો આવે ખરી પણ વાવે તો ઊગે નહીં; તેમ પૂર્વકર્મની વાસના છે તે જીર્ણ થાય ત્યારે જન્મ-મરણને ભોગવાવે એવી રહે નહીં. ત્યારે કોઈક એમ પૂછશે જે, 'વાસના જીર્ણ થઈ કેમ જણાય ?' **ત્યાં દૃષ્ટાંત :** જેમ કોઈક પુરુષો ઢાલો-તરવારો લઈને સામસામા લડાઈ કરતા હોય, તે જ્યાં સુધી સામસામા એમ ને એમ ઊભા રહે ત્યાં સુધી એ બેયનું બળ બરોબર જણાય અને જ્યારે એક જણાનો પગ પાછો હઠ્યો ત્યારે એ હાર્યો કહેવાય. તેમ ભગવાનનો જે ભક્ત હોય તેને ભગવાન સંબંધી ને વિષય સંબંધી જે સંકલ્પ તે જ્યાંસુધી તુલ્યપણે વર્તતા હોય ત્યાંસુધી એમ જાણવું જે, 'વાસના બળવાન છે,' અને જ્યારે ભગવાન સંબંધી જે સંકલ્પ તે વિષય સંબંધી સંકલ્પને હઠાવી દે ત્યારે એમ જાણવું જે, 'વાસના જીર્ણ થઈ ગઈ છે.''

**પછી શ્રીજી મહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''જે ભગવાનના ભક્તને દેહાભિમાનની નિવૃત્તિ થઈ હોય ને પંચવિષયનો અભાવ થઈ ગયો હોય, તે બીજા સર્વ ભક્તને કેમ કળ્યામાં આવે ?''** પછી **મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે,** ''હે મહારાજ ! આ તમારા પ્રશ્નનો ઉત્તર અમારાથી નહિ થાય, માટે તમે કૃપા કરીને કરો.'' **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'ભગવાનનો ભક્ત ગૃહસ્થાશ્રમી હોય અથવા ત્યાગી હોય ને તેને દેહાભિમાન તથા પંચવિષયમાંથી આસક્તિ તે તો નિવૃત્ત થઈ હોય; પછી પરમેશ્વરની આજ્ઞાએ કરીને જેવી રીતે ઘટે તેવી રીતે દેહાભિમાન પણ રાખ્યું જોઈએ અને જેમ જેને યોગ્ય હોય તેમ પંચવિષય પણ ભોગવ્યા જોઈએ. **ત્યાં દૃષ્ટાંત :** જેમ અતિશય દૂબળું ઢોર હોય તેને હેઠે લાકડાં ભરાવીને ને શિંગડે-પૂંછડે ઝાલીને ઊભું કરે, તે જ્યાં સુધી એ માણસ ઝાલી રહે ત્યાં સુધી ઊભું રહે અને જ્યારે માણસ મૂકી દે ત્યારે પૃથ્વી ઉપર પડી જાય. તેમ જે નિર્વાસનિક હોય તેને તો જ્યાં

સુધી પરમેશ્વર આજ્ઞાએ કરીને જેટલી ક્રિયામાં જોડે તેટલી જ ક્રિયાને કરીને રહેવા દે. જેમ કોઈક પુરુષના હાથમાં તીર કમાન્ય હોય, તે જ્યાં સુધી એ પુરુષ ખેંચે ત્યાં સુધી એ કમાન્ય કરડી થાય અને જ્યારે એ પુરુષ કમાન્યને ખેંચતો આળસી જાય ત્યારે એ કમાન્ય ઢીલી થઈ જાય છે. તેમ **જે નિર્વાસનિક પુરુષ છે તે તો જેટલી પરમેશ્વરની આજ્ઞા હોય તેટલા જ વ્યવહારમાં જોડાય પણ આજ્ઞાથી બહાર કાંઈ ન કરે.** અને જે સવાસનિક હોય તે તો જે જે વ્યવહારમાં જોડાયો હોય તે વ્યવહારમાંથી પોતાની મેળે છૂટી શકે નહિ અને પરમેશ્વરની આજ્ઞાએ કરીને પણ છૂટી શકે નહીં. એવી રીતે નિર્વાસનિક પુરુષ ને સવાસનિક પુરુષનાં લક્ષણ છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૮ ॥૨૪૧ ॥

## ॥ વચનામૃત-૧૯મું : ત્યાગીનાં બે કુલક્ષણનું ॥

**સંવત્ ૧૮૮૪ના શ્રાવણ વદિ ૧૩ તેરસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિશે મોગરાનાં ને કર્ણિકારનાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી **શ્રીજી મહારાજ બોલ્યા જે,** **''જેણે સંસારનો ત્યાગ કર્યો હોય એવા જે હરિભક્ત તેને બે કુલક્ષણ છે, તે આ સત્સંગને વિશે શોભવા દેતાં નથી. તેમાં એક તો કામના અને બીજી પોતાના કુટુંબીને વિશે પ્રીતિ.** અને એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે. તેમાં પણ જેને પોતાનાં સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશય અવગુણ આવે છે. માટે જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેને તો લેશમાત્ર પણ પોતાનાં સંબંધી સાથે હેત ન રાખ્યું જોઈએ. શા માટે જે ? **પંચ મહાપાપ છે તે થકી પણ દેહનાં સંબંધીમાં હેત રાખવું તે વધુ પાપ છે;** માટે જે ભગવાનનો ત્યાગી ભક્ત હોય તેને તો આ દેહ થકી ને દેહનાં સંબંધી થકી પોતાનો ચૈતન્ય જુદો જાણ્યો જોઈએ જે, 'હું

તો આત્મા છું અને મારે કોઈ સાથે લેશમાત્ર સંબંધ નથી.' અને દેહનાં સંબંધી છે તે તો ચોરાશી લાખ જાતની હારે ગણ્યા જોઈએ. અને તે સંબંધીને સત્સંગી જાણીને તેનું માહાત્મ્ય સમજવા જાય તો એક તો સંબંધનું હેત જ હોય ને વળી તેનું હરિભક્તપણાનું માહાત્મ્ય સમજે, પછી ભગવાન ને ભગવાનના ભક્તથી સંબંધીમાં વધુ હેત બંધાઈ જાય છે. માટે જેમાં સ્વાભાવિક હેત રહ્યું જ છે એવા જે પોતાનાં સંબંધી તેને હરિજન જાણીને જો તેમાં હેત કરે તો તેનો જન્મ ખરાબ થઈ જાય છે.

અને વળી દેહનો સંબંધી ન હોય પણ જે પોતાની સેવા-ચાકરી કરતો હોય તેમાં પણ સ્વાભાવિક હેત થઈ જાય છે. માટે જે સમજુ હોય તેને પોતાની ચાકરી કરતો હોય ને તે હરિભક્ત હોય તોપણ તેને વિશે હેત ન રાખવું. જેમ દૂધ ને સાકર હોય તેમાં સર્પે મોઢું નાખ્યું હોય, તો તે પણ ઝેર કહેવાય; તેમ **જેમાં સેવા-ચાકરીરૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તોપણ તેમાં તે પોતાનો સ્વાર્થ લઈને હેત ન રાખવું. શા માટે જે પોતાના જીવને એ થકી બંધન થાય છે.** અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થવા માંડે; એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય. જેમ ભરતજીને મૃગલીનું બચ્ચું તે જ અવિદ્યા-માયારૂપ થયું; એવી રીતે જે જે ભગવાનના ભજનમાં અંતરાયરૂપ થતાં હોય તેનો ભગવાનના ભક્તને અવિદ્યારૂપ જાણીને અતિશય ત્યાગ કરવો.

અને આ પ્રકરણની જે વાર્તા તેને સંતમંડળ તથા સાંખ્યયોગી હરિભક્ત સમસ્ત તેમને નિત્યપ્રત્યે કહેવી ને સાંભળવી. તેની વિગત જે, **જેના મંડળમાં જે મોટેરો હોય તેને નિત્યપ્રત્યે આ વાત કરવી અને બીજાને સાંભળવી.** અને જે મોટેરો હોય ને જે દિવસ વાત ન કરે, તો તેને તે દિવસ ઉપવાસ કરવો. અને જે શ્રોતા હોય ને તે શ્રદ્ધાએ કરીને આ ભગવાનની વાત સાંભળવા ન આવે તો તેણે પણ ઉપવાસ કરવો. અને આ વચનને અતિશય દૃઢ કરીને રાખજ્યો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૧૯ ॥૨૪૨ ॥**

## ॥ વચનામૃત-૨૦મું : સ્વભાવ, પ્રકૃતિ ને વાસનાનું ॥

સંવત્ ૧૮૮૪ના શ્રાવણ વદિ અમાવાસ્યાને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! કાળ તો ભગવાનની શક્તિ છે ને કર્મ તો જીવે કર્યાં હોય તે છે, પણ સ્વભાવ તે વસ્તુગત્યે શું હશે ?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** 'જીવે જે પૂર્વજન્મને વિશે કર્મ કર્યાં છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળાં એકરસ થઈ ગયાં છે. જેમ લોઢાને વિશે અગ્નિપ્રવેશ થઈ જાય, તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ.

**પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જીવ સાથે એકરસપણાને પામી રહ્યાં એવાં જે કર્મ એને જ સ્વભાવ તથા વાસના કરીને કહો છો; એ વાસનાને ટાળ્યાનો શો ઉપાય છે ?"** **પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** "એ વાસનાને ટાળ્યાનો ઉપાય તો આત્મનિષ્ઠાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવી એ જ ભાસે છે. અને જો આત્મનિષ્ઠા વિના એકલી જ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય. માટે આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે. અને આત્મનિષ્ઠાવાળાને પણ જો કોઈક ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને અજ્ઞાનીની પેઠે જ ક્ષોભ થઈ આવે પણ ઝાઝી વાર ટકે નહીં." ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૦॥૨૪૩॥

## વચનામૃત-૨૧મું : સોનાના દોરાનું - ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાનું

સંવત્ ૧૮૮૪ના ભાદરવા સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત

**વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિશે ચમેલીનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહારાજે ગોપાળાનંદસ્વામીને અને શુકમુનિને પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરી. **પછી શુકમુનિએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે,** ‘‘ભગવાનની જે ભક્તિ છે તેણે કરીને જીવ ભગવાનની માયાને તરે છે ને અક્ષરધામને પામે છે અને જે ધર્મ છે તેણે કરીને તો દેવલોકની પ્રાપ્તિ થાય છે. તે પુણ્યને અંતે પાછો દેવલોકમાંથી તે જીવ પડી જાય છે અને ભગવાનના જે અવતાર થાય છે તે તો જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તે ધર્મના સ્થાપન કરવાને અર્થે થાય છે પણ ભક્તિના સ્થાપનને અર્થે થતા નથી અને જે પ્રાપ્તિ ભક્તિ વતે થાય છે તે પ્રાપ્તિ ધર્મે કરીને જણાતી નથી. માટે ભક્તિ સરખી કયે પ્રકારે ધર્મમાં મોટાઈ આવે ? એ પ્રશ્ન છે.’’

**પછી ગોપાળાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો,** તે જે જે વાત કરી તેમાં ધર્મ તે ભક્તિનું અંગરૂપ થઈ જાય પણ કોઈ રીતે ભક્તિ સરખું ધર્મમાં ગૌરવ આવે નહીં. પછી **એ વાર્તા સાંભળીને શ્રીજી મહારાજ અતિશય હસતા હવા અને એમ બોલ્યા જે,** ‘‘**એ પ્રશ્નનો ઉત્તર ઘણો કઠણ છે; માટે લ્યો અમે એનો ઉત્તર કરીએ જે, એ ધર્મ તો બે પ્રકારનો છે : એક નિવૃત્તિધર્મ છે ને બીજો પ્રવૃત્તિધર્મ છે.** તે એ બે પ્રકારનો ધર્મ તે ભગવાનના સંબંધે સહિત પણ છે ને ભગવાનના સંબંધે રહિત પણ છે. તેમાં ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે; અને એ ધર્મને જ ભાગવતધર્મ કહે છે તથા એકાંતિકધર્મ કહે છે ને તે ધર્મ ને ભક્તિ તો બે નથી, એક જ છે અને જે ધર્મ સ્થાપનને અર્થે ભગવાનના અવતાર થાય છે તે પણ એ જ ધર્મના સ્થાપનને અર્થે થાય છે અને જે કેવળ વર્ણાશ્રમના ધર્મ છે તે તો ભાગવત ધર્મ થકી અતિશય ગૌણ છે અને **ભાગવતધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને**

**તરીને પુરુષોત્તમના ધામને પામે છે.** માટે ભાગવતધર્મ ને ભક્તિ એનું તો એકસરખું ગૌરવ છે અને પ્રાપ્તિ પણ એકસરખી જ છે. એવી રીતે ભક્તિની ને ધર્મની સરખી મોટાઈ છે અને કેવળ જે વર્ણાશ્રમના ધર્મ તે તો તે થકી અતિશય દુબળા છે ને તેનું ફળ પણ નાશવંત છે.

**અને અમારો પણ મત એ છે જે,** 'ભગવાન તથા ભગવાનના એકાંતિક ભક્ત તે વિના કોઈ સંઘાથે હેત કરીએ તોપણ થતું નથી.' અને **અમને એમ જણાય છે જે, 'જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ૠષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે;'** માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે પણ મોટાં મોટાં શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી, એવો અમારો સહજ સ્વભાવ છે; તોપણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ; તોપણ અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે. અને અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસમાં નથી રહેતા, અમે તો ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ. અને **ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તોપણ એને અમે નિવૃત્તિ જાણીએ છીએ.**

**અને ભગવાનનો જે ભક્ત હોય** ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તોપણ અમારે તેનો અવગુણ આવતો નથી. **અમે તો એમ જાણીએ છીએ જે,** ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તોપણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તોપણ એ હરિજનનો અવગુણ લેવો નહીં. અને હરિભક્તનો તો અવગુણ જ્યારે મોટા વર્તમાનમાં ચૂકી જાય ત્યારે લેવો ને બીજા અલ્પ દોષ હોય તે સારુ ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહીં **અને ભગવાનના ભક્ત હોય તેને વાદવિવાદ કરી જીતીને રાજી થવું નહિ, એ સાથે તો હારીને જ રાજી થવું;** અને જે વાદવિવાદ કરીને ભગવાનના ભક્તને જીતે છે તે તો પંચ મહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે.

અને અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહીં. અને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્ન-જળ પણ ભાવે નહીં. અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે પણ અતિશય કુહેત થઈ જાય. **શા માટે જે, આપણે તો આત્મા છીએ તે આપણે દેહ ને દેહનાં સંબંધી સાથે શા સારુ હેત જોઈએ ?** આપણે તો સત્તારૂપ રહીને ભગવાન તથા ભગવાનના ભક્ત સંઘાથે હેત કર્યું છે, પણ દેહબુદ્ધિએ કરીને હેત કર્યું નથી.

**અને જે સત્તારૂપ રહી નહિ શકે તેને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે શત્રુ તે પીડ્યા વિના રહે જ નહીં.** માટે જે આત્મસત્તારૂપ થઈને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહીં. **શા માટે જે, આ સત્સંગ છે તે તો અલૌકિક છે અને જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક તેને વિશે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે.** અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિશે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.

અને જેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ એ અતિશય દૃઢ નહિ હોય તે તો અંતે જાતાં ઢીલો પડ્યા વિના નહિ જ રહે. **જેમ મીણે પાયેલ દોરો હોય** ને તે શિયાળામાં ને ચોમાસામાં તો અક્કડ રહે, પણ જ્યારે ઉનાળો આવે ત્યારે જરૂર ઢીલો થઈ જાય. તેમ અહીંયાં હરિભક્તને સર્વે પ્રકારે સુખ રહે ને સત્સંગમાં પણ સન્માન થતું રહે, તે રૂપ જે ચોમાસું ને શિયાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે સૂધાં આકરાં જણાય; પણ જ્યારે સત્સંગમાં અપમાન થાય ને દેહે કરીને પણ દુઃખી થાય તે રૂપ જે ઉનાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે મીણે પાયેલ દોરાની પેઠે ઢીલાં થઈ જાય તોપણ અમે તો તેનો ત્યાગ કરતા નથી, પણ એ જ એની મેળે મનમાં ઓશિયાળો થઈને સત્સંગમાંથી પાછો હઠી જાય છે. પછી તે સત્સંગી કહેવાતો હોય

તોપણ તેને અંતરે સત્સંગ સંબંધી સુખ ન રહે. **માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દઢપણે કરવો પણ દેહ તથા દેહનાં સંબંધી તે સંઘાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહીં.** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ. **એવા જે દઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાં-વહાલાં છે ને તે જ અમારી નાત છે** ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે, એમ અમારો નિશ્ચય છે. અને તમારે પણ એમ જ નિશ્ચય રાખ્યો જોઈએ. શા માટે જે, તમે સર્વે અમારે આશ્રિત થયા છો, માટે અમારે તમને હિતની વાત હોય તે કહી જોઈએ. ને મિત્ર પણ તેને જ જાણવો જે, **'પોતાના હિતની વાત હોય તે દુઃખ લગાડીને પણ કહે.' એ જ મિત્રનું લક્ષણ છે** તે સમજી રાખજ્યો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૧॥૨૪૪॥

## ॥ વચનામૃત-૨૨મું : સખા સખીભાવનું, કુદષ્ટિ ન કર્યાનું ॥

**સંવત્ ૧૮૮૪ના ભાદરવા વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘને વિશે ધોળાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને કંઠને વિશે ધોળાં પુષ્પના હાર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દૂકડ-સરોદા લઈને પોતાની આગળ વિષ્ણુપદ ગાવતા હતા. તે સમયમાં શ્રીજીમહારાજ અંતરસન્મુખ દષ્ટિ કરીને વિરાજમાન હતા.**

**પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે,** ''જેવું પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત આ કીર્તનને વિશે હરિજનનું અંગ કહ્યું છે, એવું તો ઝીણાભાઈનું અંગ છે

તથા પર્વતભાઈ ને મૂળજી એનાં પણ એવાં અંગ હતાં. માટે અમે અંતરસન્મુખ દૃષ્ટિ કરીને વિચારતા હતા અને બીજા પણ સત્સંગમાં એવા અંગવાળા હશે. અને જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયને વિશે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે.''

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''નરસિંહ મહેતો તો સખીભાવે શ્રીકૃષ્ણ ભગવાનને ભજતા ને કેટલાક નારદાદિક ભગવાનના ભક્ત છે તે તો દાસભાવે કરીને ભગવાનને ભજે છે. એ બે પ્રકારના ભક્તમાં કેની ભક્તિ શ્રેષ્ઠ જાણવી ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''નરસિંહ મહેતો, ગોપીઓ ને નારદ-સનકાદિક એમની ભક્તિમાં બે પ્રકાર નથી, એ તો એક જ પ્રકાર છે. અને દેહ તો પુરુષનો ને સ્ત્રીનો બેય માયિક છે ને નાશવંત છે; અને ભજનનો કરનારો જે જીવાત્મા તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તામાત્ર ચૈતન્ય છે. તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે જેવી ભગવાનની મરજી હોય તેવો તેનો આકાર બંધાય છે અથવા એ ભક્તને જેવો સેવાનો અવકાશ આવે તેવો આકાર ધરીને ભગવાનની સેવા કરે છે.

અને જે ભગવાનનો ભક્ત હોય તેને જેમ ભગવાનમાં પ્રીતિ હોય તેમ જ જો ધન, સ્ત્રી આદિક પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો એ ભગવાનનો દૃઢ ભક્ત કહેવાય નહિ. અને પરમેશ્વરનો ભક્ત થઈને ભક્તિ કરતાં થકાં જે પાપ કરે છે ને સત્સંગમાં જ કુવાસના બાંધે છે, તે પાપ તો એને વજ્રલેપ થાય છે. અને કુસંગમાં જઈને પરસ્ત્રીનો સંગ કરે તે થકી પણ સત્સંગમાં ભગવાનના ભક્ત ઉપર કુદૃષ્ટિએ જોવાયું હોય તો તેનું વધુ પાપ છે. માટે **જેને ભગવાનમાં દૃઢ પ્રીતિ કરવી હોય તેને તો કોઈ જાતનું પાપ પોતાની બુદ્ધિમાં રહેવા દેવું નહીં.** શા માટે જે, સત્સંગી હરિજન છે તે તો જેવાં પોતાનાં મા, બેન કે દીકરી હોય તેવાં છે. અને આ સંસારને વિશે અતિશય જે પાપી હોય તે પોતાના ગોત્રની સ્ત્રીઓને વિશે કુદૃષ્ટિ રાખે છે; માટે જે હરિજનને વિશે કુદૃષ્ટિ રાખે તે અતિશય પાપી છે ને તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ. માટે જેને રસિકભક્ત

Index



થવું હોય તેને આવી જાતનું પાપ તેનો ત્યાગ કરીને પછી રસિકભક્ત થવું.

અને **સર્વ પાપમાંથી મોટું પાપ એ છે જે,** ભગવાન ને ભગવાનના ભક્તને વિશે દોષબુદ્ધિ થાય ને તે દોષબુદ્ધિએ કરીને ભગવાન ને ભગવાનના ભક્ત સંઘાથે વૈર બંધાઈ જાય. માટે કોટી ગૌહત્યા કરી હોય તથા મદ્યમાંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય, તે એ પાપ થકી તો કોઈ કાળે છૂટકો થાય, પણ **ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય.** અને તે પુરુષ હોય તો રાક્ષસ થઈ જાય ને સ્ત્રી હોય તો રાક્ષસી થઈ જાય. પછી તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થતો નથી. અને જેણે ભગવાનના ભક્તનો દ્રોહ આદર્યો હોય ને પરિપકવ દ્રોહબુદ્ધિ થઈ હોય તેની તો કોઈ યોગે કરીને દ્રોહબુદ્ધિ ટળે નહિ. અને દ્રોહ કર્યાની સાધનદશામાં હોય ને એમ જાણે જે, 'ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશય નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે.' એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિશે દોષ જુવે, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તોપણ તે નાશ પામે છે.

**અને ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર** જેવા કુરાજી થાય છે ને દુઃખાય છે, તેવા કોઈ પાપે કરીને દુઃખાતા નથી. અને જ્યારે વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિકનું અપમાન કર્યું ત્યારે ભગવાન તત્કાળ સનકાદિક પાસે આવ્યા ને સનકાદિક પ્રત્યે એમ બોલ્યા જે, 'તમારા જેવા સાધુ છે તેનો જે દ્રોહ કરે તે તો મારા શત્રુ છે. માટે તમે જય-વિજયને શાપ દીધો એ બહુ સારું કર્યું. અને તમારા જેવા ભગવદીય બ્રાહ્મણ તેનો તો જો મારો હાથ દ્રોહ કરે તો તે હાથને પણ હું કાપી નાંખું, તો બીજાની શી વાત કહેવી ?' એવી રીતે વૈકુંઠનાથ ભગવાન સનકાદિક પ્રત્યે બોલ્યા. ને જય-વિજય હતા તે ભગવદીયના અપરાધરૂપી જે પાપ તેણે કરીને દૈત્ય થયા.

એવી રીતે જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી

પદવીમાંથી પડી ગયા છે, તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે. માટે જેણે પોતાનું રૂડું ઈચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૨॥૨૪૫॥

## ॥ વચનામૃત-૨૩મું : માનસીપૂજાનું ॥

**સંવત્ ૧૮૮૫ના આસો સુદિ ૧૫ પૂનમને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિશે ફળિયાની વચ્ચે ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ કૃપા કરીને સર્વે હરિજન પ્રત્યે બોલ્યા જે, ''જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસી પૂજા કરે.** તે માનસી પૂજા કરવાની એમ વિક્તિ છે જે, ઉનાળો, શિયાળો ને ચોમાસુ એ ત્રણ ઋતુને વિશે નોખી નોખી માનસી પૂજા કરવી.

તેમાં **ઉનાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે,** સારું, ટાઢું, સુગંધીમાન, પવિત્ર જળ હોય તેણે કરીને ભગવાનને પ્રથમ નવરાવવા ને પછી ધોયેલો, ધોળો ખેસ સુંદર ઝીણો ને ઘાટો હોય તે પહેરવા આપવો. તે પછી સુંદર આસન ઉપર વિરાજમાન એવા જે ભગવાન તેના અંગઅંગને વિશે સુંદર મળિયાગર ચંદન ઘસીને વાટ્યકામાં ઉતારી રાખ્યું હોય તે ચર્ચવું. તે પ્રથમ તો લલાટને વિશે ચર્ચીને લલાટને સારી પેઠે નીરખવું તથા હાથને વિશે ચર્ચીને હાથને સારી પેઠે નીરખવા તથા હૃદય, ઉદર, સાથળ, પિંડી એ આદિક જે અંગ તેને વિશે તે ચંદનનું લેપન કરી કરીને તે તે અંગને નીરખવાં તથા ચરણારવિંદની ઉપર ને તળે સુંદર કુંકુમ ચોપડવું ને તે ચરણારવિંદને નીરખવાં. પછી મોગરા, ચમેલી, ગુલાબ, ચંપો એ આદિક જે સુગંધીમાન પુષ્પ તેના હાર તથા કંકણ, બાજુબંધ, ટોપી એ આદિક જે આભૂષણ તે તે

પુષ્પનાં પહેરાવવાં અને મોગરાના પુષ્પ જેવું ધોળું ને ઝીણું ને બહુ ભારે નહિ એવું વસ્ત્ર મસ્તકને વિશે ધરાવવું તથા ધોળી, ઝીણી ને હલકી એવી જે સુંદર પછેડી તે ઓઢાડવી. પછી તે ભગવાનને મળવું; તે એકવાર મળવું, બેવાર મળવું, જેવું પોતાને હેત ઊપજે તેમ મળવું; તથા ભગવાનનાં ચરણારવિંદ પોતાની છાતીમાં લેવાં તથા મસ્તક ઉપર ધારવાં. અને તે મળવે કરીને જે ભગવાનના અંગનું ચંદન પોતાના અંગમાં વળગે તથા ભગવાનનાં ચરણારવિંદને પોતાની છાતીમાં ને મસ્તક ઉપર ધાર્યાં હોય તેણે કરીને જે કુંકુમ વળગે તથા પુષ્પના હારનાં ચિહ્ન ઈત્યાદિક જે જે પોતાના અંગમાં વળગે તેને ધારવું, કહેતાં એમ જાણવું જે, 'ભગવાનનું પ્રસાદી ચંદન, કુંકુમ ને હાર તે મારા અંગમાં અડ્યાં છે.'

'અને **શિયાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે,** પ્રથમ તો ભગવાનને ઊને જળે કરીને નવરાવવા ને પછી ધોળો ખેસ પહેરવા આપવો ને પછી ઢોલિયા ઉપર મખમલનું ગાદલું પાથરીને તે ઉપર ધોળો ઓછાડ ઓછાડીને તે ઉપર ભગવાનને વિરાજમાન કરવા ને પછી સુરવાળ પહેરાવવો તથા ડગલી પહેરાવવી તથા સોનેરી તારવાળો ભારે કસુંબી રેંટો મસ્તકે બંધાવવો તથા કેડ્યે ભારે રેંટો બંધાવવો તથા ખભે ભારે રેંટો ધરાવવો તથા હીરા, મોતી, સુવર્ણ, લાલનાં જે ભાતભાતનાં ઘરેણાં તે અંગઅંગને વિશે ધરાવવા તથા મોતીની માળા પહેરાવવી. અને વસ્ત્ર પહેરાવીને તથા આભૂષણ પહેરાવીને ભગવાનનાં જે તે તે અંગ તેને સારી પેઠે નીરખવાં અને ભગવાનના લલાટને વિશે એક કુંકુમનો ચાંદલો કરવો.

અને **ચોમાસાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે,** જાણીએ ભગવાન કોઈક ગામથી આવ્યા તે ધોળાં વસ્ત્ર સર્વે પલળી ગયાં છે અથવા નદીએ પરમહંસે સહિત નાવા પધાર્યા હતા ત્યાંથી પલળીને આવ્યા છે. પછી તે પલળેલાં જે વસ્ત્ર તેને ઉતરાવીને સર્વ કસુંબલ વસ્ત્ર પહેરવાં આપવાં અને લલાટને વિશે પીળું જે કેસરચંદન તેનું લેપન કરવું. અને ઉનાળો હોય ત્યારે

ચોગાન જાયગામાં તથા ફૂલવાડીમાં ભગવાન વિરાજમાન છે એવી રીતે ભગવાનને ધારવા. અને શિયાળો અને ચોમાસું હોય ત્યારે કોઈક સારી મેડીને ઉપર ભગવાન વિરાજમાન છે અથવા ઘરને માંહિલી કોરે વિરાજમાન છે, એવી રીતે ભગવાનને ધારવા. અને ભગવાનને જમવા કઈ વસ્તુ આપવી? તો જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય પોતાના મનમાં ખાવાને ગમતાં હોય તેવાં ભગવાનને અર્થે ચિંતવવાં અને તેવાં ભગવાનને ન ભાવતાં હોય તોપણ પોતાને ગમતાં જ ભોજન ભગવાનને અર્થે ચિંતવવાં. અને બીજાં જે ધૂપ, દીપ, આરતી એ આદિક ઉપચાર તે યથાયોગ્ય ભગવાનને અર્પણ કરવાં. એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિશે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે; માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજ્યો ને નિત્યે આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી.''

અને **વળી શ્રીજી મહારાજે એક બીજી વાત કરી જે,** ''જ્યારે ભગવાન ને ભગવાનના ભક્ત તે પોતાની ઉપર **રાજી થાય ત્યારે તે ભક્તને એમ વિચારવું જે,** 'મારાં મોટાં ભાગ્ય જે મારી ઉપર ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થયા.' અને શિક્ષાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્ત પોતાને **વઢે ત્યારે પણ એમ વિચારવું જે,** 'મારાં મોટાં ભાગ્ય જે મને ભગવાન ને ભગવાનના ભક્ત વઢ્યા, જેણે કરીને મારામાં અવગુણ હશે તે જશે.' એવી રીતે વઢે તોપણ રાજી થવું, પણ વઢે ત્યારે મનમાં શોક ન કરવો ને કચવાવું નહિ ને પોતાના જીવને અતિ પાપી ન માનવો, રાજી રહેવું. આ વાત પણ રાખ્યા જેવી છે.'' ॥ ઈતિ વચનામૃતમ્॥૨૩॥૨૪૬॥

## વચનામૃત-૨૪મું : સોળ સાધનનું - જ્ઞાનાંશના વૈરાગ્યનું

**સંવત્ ૧૮૮૫ના આસો વદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ**

તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજને **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનના જે ભક્ત તે અક્ષરધામને વિશે ભગવાનની સેવામાં રહે છે, તે સેવાની પ્રાપ્તિનાં જે સાધન તે શાં છે ?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''શ્રદ્ધા[૧], સ્વધર્મ[૨], વૈરાગ્ય[૩], સર્વ પ્રકારે ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો[૪], અહિંસા[૫], બ્રહ્મચર્ય[૬], સાધુનો સમાગમ[૭], આત્મનિષ્ઠા[૮], માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ[૯], સંતોષ[૧૦], નિર્દંભપણું[૧૧], દયા[૧૨], તપ[૧૩], પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત તેમને વિશે ગુરુભાવ રાખીને તેમને બહુપ્રકારે માનવા[૧૪], પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિશે મિત્રભાવ રાખવો[૧૫], પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત તેમને વિશે શિષ્યભાવ રાખીને તેમનું હિત કરવું[૧૬]; **એવી રીતે આ સોળ સાધને કરીને ભગવાનના એકાંતિક ભક્ત જે તે અક્ષરધામને વિશે ભગવાનની સેવાને રૂડી રીતે પામે છે.''**

**પછી શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, ''આપણા સર્વે સંત વર્તમાનમાં રહે છે તથાપિ એમને વિશે એવું ક્યું લક્ષણ છે જે, જેણે કરીને એમ જાણીએ જે એને આપત્કાળ પડશે તોપણ એ ધર્મમાંથી નહિ ડગે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''ભગવાનનાં જે જે નાનાં-મોટાં વચન તેની ઉપર નિરંતર જેની દૃષ્ટિ રહે, પણ વચન બહાર પગ દેવો પડે તેમાં અતિ કઠણ પડે. અને તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે, તેને જાણીએ જે, એ ધર્મમાંથી આપત્કાળે પણ નહિ પડે.''

**પછી શ્રીજી મહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે,** 'પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. **જેમ દાદાખાચરના ઘરનાં માણસોને** અમને રાખવાનો સ્વાર્થ છે, તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતાં નથી; તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે તથા ભયે કરીને પણ ટળે છે પણ તે અતિશય નથી ટળતી. કેમ જે, જ્યારે

કોઈ માણસ હોય ત્યારે તેનો ભય રાખે ને માણસ ન હોય તો ન રાખે; જેમ રાજાને ભયે કરીને ચોર પ્રકૃતિનો ત્યાગ કરે છે. અને જેનો જે સ્વભાવ હોય તેની ઉપર વારંવાર અમે કઠણ વચનના ડંખ માર્યા હોય ને કચવાવ્યો હોય તો પણ જે કોઈ રીતે પાછો ન પડ્યો હોય, તે ઉપર તો અમારે એવું હેત રહે છે તે જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના તે હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી.''

**અને વળી જે હરિભકતને વિશે જે અંગ હોય તેમાં એક અંગ સરસ હોય તે કહીએ છીએ જે,** ''દાદા ખાચરને વિશ્વાસનું અંગ, અને રાજબાઈને ત્યાગનું અંગ, અને જીવુબાઈને શ્રદ્ધાનું અંગ, અને લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને નિત્યાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને બ્રહ્માનંદ સ્વામીને સત્સંગની મર્યાદાનો કોઈ રીતે ભંગ ન થાય એવો આગ્રહ એ અંગ, અને મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ, અને સોમલા ખાચરને સદા એકરેણીપણું એ અંગ, અને ચૈતન્યાનંદ સ્વામીને એમ જે કોઈ રીતે મહારાજ પ્રસન્ન થાય એમ આપણી વતે વરતાય તો ઠીક એ અંગ, અને સ્વયંપ્રકાશાનંદ સ્વામીને નિશ્ચય તથા માહાત્મ્ય એ અંગ, અને ઠાકોર ઝીણાભાઈને એમ જે, 'ભગવાન વિના બીજા પદાર્થમાં રખે મારું મન બંધાઈ જાય !' એવું અંગ, અને મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહિ એવું અંગ.'' એવી રીતે ઘણાક મોટેરા પરમહંસ તથા હરિભક્ત તેનાં અંગ કહ્યાં.

**અને પછી એમ બોલ્યા જે,** ''અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલો ખાચર, દાદો ખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાન કાળે કેવા રૂડી રીતે વર્તો છો ? તથાપિ જો દેશ, કાળ, સંગ, ક્રિયા એ ચારને વિશે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ, એ વાતમાં કાંઈ સંશય નથી. અને કદાચિત્ વિષયમાં બંધાઈ ગયો હોય પણ જો જેને વિશે જેટલો

જ્ઞાનાંશ વધારે હોય તો તે વિષયના બંધનને તોડીને નીકળે.

**તે જ્ઞાનાંશ તે શું ? તો એમ સમજણ હોય જે,** 'હું જે જીવ તે આવો છું તથા દેહ તે આવો છે તથા દેહનાં સંબંધી તે આવાં છે તથા પ્રકૃતિ, પુરુષ, વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત તેનાં સ્વરૂપ તે આવી રીતનાં છે તથા ભગવાન તે આવી રીતના છે તથા ભગવાનનું ધામ તે આવી રીતનું છે.' ઈત્યાદિક જે જ્ઞાનાંશ તેની જે અંતરમાં દૃઢતાની ગ્રંથિ તે પડી હોય ને પછી જે વૈરાગ્ય ઉપજે તે વૈરાગ્ય ખરો અને એ વિના બીજો જે વૈરાગ્ય તે તો ઉપરથી જણાય પણ એમાં બળ નહિ, **બળ તો જ્ઞાનાંશથી ઊપજ્યો જે વૈરાગ્ય તેમાં જ છે.** જેમ દીવાનો અગ્નિ તેને વાયુ લાગે ત્યારે ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ તથા મેઘમાં જે વીજળીનો અગ્નિ તે જળમાં રહ્યો છે પણ તે જળનો પરાભવ એને થતો નથી. પ્રજ્વલિત થકો રહે છે. તેમ જ્ઞાનાંશ વિનાનો જે વૈરાગ્ય તેને વિષયનો સંબંધ થાય ત્યારે એ વૈરાગ્ય ટકે નહિ; અને **જ્ઞાનાંશે કરીને થયો જે વૈરાગ્ય તેને વિષયનો સંબંધ થાય તોપણ એ વૈરાગ્ય ક્ષીણ ન પડે,** વડવાનળ અગ્નિની પેઠે પ્રજ્વલિત થકો વર્તે છે.

અને **એવો જે જ્ઞાનાંશ તેની કોઈ રીતે કરીને તમારા મનમાં આંટી પડી જાય તે સારુ અમે નિરંતર વાર્તા કરીએ છીએ.** કેમ જે, કોઈક વાર્તાની ચૂક લાગે તો એવી આંટી પડી જાય અને જે એમ ન સમજે ને 'આ મારી જાત, આ મારી મા, આ મારો બાપ, આ મારા સંબંધી' એવી રીતની અહં-મમતાએ યુક્ત જેની સમજણ છે તેને તો અતિ પ્રાકૃત મતિવાળો અણસમજુ જાણવો.''

અને વળી **શ્રીજી મહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, ''મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ?** તો ભગવાનની કથા-વાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય અને જો કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે, 'એમાં મોટા ગુણ નહિ આવે.' અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે; માટે જો

શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે.'' એવી રીતે વાર્તા કરી.

**અને તે જ દિવસ મધ્યાહ્ન સમે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીની આગળ પરમહંસ સર્વેની પંક્તિ જમવા સારુ બેઠી હતી. તે સમયમાં શ્રીજી મહારાજ લીંબડાના વૃક્ષને હેઠે ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા.** પછી **શ્રીજી મહારાજે પરમહંસ આગળ એમ વાતા કરી જે,** ''બાઈઓ હરિભક્ત છે તેનું માહાત્મ્ય તો ઝાઝું સમજવું નહિ; કેમ જે, માહાત્મ્યને મિષે કરીને મનમાં એનું મનન થાય એટલે સ્વપ્નમાં આવે. માટે માહાત્મ્ય લેવું તો સૌનું સમપણે લેવું જે, 'એ સર્વે ભગવાનનાં ભક્ત છે,' પણ અધિક-ન્યૂનપણે માહાત્મ્ય લેવું નહિ. અને જો અધિક-ન્યૂનપણે માહાત્મ્ય સમજે તો તેમાં મોટું વિઘ્ન છે. તેમ જ બાઈઓને ભાઈઓનું માહાત્મ્ય પણ સમપણે સમજવું અને જો એમ ન સમજે તો એ બાઈઓને પણ મોટું વિઘ્ન છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૪ ॥૨૪૭ ॥

## ॥ વચનામૃત-૨૫મું : શ્રીજીની પ્રસન્નતાનું - ખરા ભક્તનું ॥

**સંવત્ ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે,** ''ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા એ આદિક જે જે કરવું તેમાં બીજા ફળની ઈચ્છા ન રાખવી,' એમ સત્શાસ્ત્રમાં કહ્યું છે તે તો સાચું, પણ **એટલી તો ઈચ્છા રાખવી જે, 'એણે કરીને મારી ઉપર ભગવાનની પ્રસન્નતા થાય,'** એટલી ઈચ્છા રાખવી અને એવી ઈચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય. માટે ભગવાનની ભક્તિ આદિક જે ગુણ તેણે કરીને

ભગવત્પ્રસન્નતારૂપ ફળને ઈચ્છવું અને જો એ વિના બીજી ઈચ્છા રાખે તો ચતુર્ધા મુક્તિ આદિક ફળની પ્રાપ્તિ થાય.

અને ભગવાનની જે પ્રસન્નતા તે ઘણા ઉપચારે કરીને જે ભક્તિ કરે તેની જ ઉપર થાય ને ગરીબ ઉપર ન થાય એમ નથી; ગરીબ હોય ને શ્રદ્ધા સહિત જળ, પત્ર, ફળ, ફૂલ ભગવાનને અર્પણ કરે તો એટલામાં પણ રાજી થાય. કેમ જે, ભગવાન તો અતિ મોટા છે, તે જેમ કોઈક રાજા હોય તેના નામનો એક શ્લોક જ કોઈક કરી લાવે તો તેને ગામ આપે, તેમ ભગવાન તુરત રાજી થાય છે. અને વળી **ભગવાનનો ખરો ભક્ત તે કોણ કહેવાય ?** તો પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઈત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય; તેને ખરો હરિભક્ત કહીએ.''

પછી શ્રીજી મહારાજને **રાજબાઈએ પ્રશ્ન પુછાવ્યો જે, ''હે મહારાજ ! ક્યા ગુણે કરીને તમે રાજી થાઓ ને ક્યા દોષે કરીને કુરાજી થાઓ ?''** **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''આટલા તો વચનમાં દોષ છે. તે ક્યા ? તો પોતાના[૧] અંતરમાં કાંઈક વિશેષ વર્તવાનું હોય તેનું અમને એકવાર કહી દેવું જે, 'હે મહારાજ ! તમે કહો તો હું આવી રીતે વર્તું;' પણ વારંવાર ન કહેવું જે, 'હે મહારાજ ! હું આમ વર્તું કે આમ વર્તું, તે તમે કેમ મને કહેતા નથી?' તે ન ગમે. અને[૨] મને પોતાનો ઈષ્ટદેવ જાણે ને વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. અને[૩] હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે. અને[૪] ભગવાનનું ધ્યાન કરવું તથા ધર્મ પાળવો, ભક્તિ કરવી ઈત્યાદિક જે જે શુભ ક્રિયા કરવાની છે તેને જે ભગવાન ઉપર નાખે જે, 'ભગવાન કરાવશે તો થશે,' તે ન ગમે. અને[૫] 'આમ હું કરીશ, આમ હું કરીશ,' એમ કેવળ પોતાનું જ બળ રાખે પણ ભગવાનનું બળ ન રાખે તે ન ગમે. અને[૬] જેને બોલ્યામાં પોતાના અંગનો ઠા ન હોય તે તો

અતિશય ન ગમે. અને[૭] બીજા વ્યાવહારિક કામ કરવા હોય તેમાં તો લાજ તથા આળસ ન હોય ને ભગવાનની વાર્તા કરવી, કથા કરવી, કીર્તન ગાવવાં તેમાં લાજ રાખે ને આળસ રાખે તે ન ગમે. અને[૮] ત્યાગનો અથવા ભક્તિનો અથવા કોઈ રીતનો જે અહંકાર બોલીમાં લાવે તે ન ગમે. અને[૯] સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે, તે ન ગમે. તથા કોઈક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કુણી મારીને માગ કરીને પોતે બેસે તે ન ગમે. અને[૧૦] બાઈ માણસ હોય ને તે પોતાના અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે તે ગમે તથા ચાલે ત્યારે નીચી દૃષ્ટિ રાખીને ચાલે પણ ફાટી દૃષ્ટિ રાખે નહિ, તે ગમે. અને[૧૧] અમારાં દર્શન કરતા હોય ને કોઈક બાઈ-ભાઈ આવે અથવા કૂતરું નીસરે કે ઢોર નીસરે કે કાંઈક ખડખડે, તેની સામું વારંવાર દર્શન મૂકીને જુવે પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે, તેની ઉપર તો એવી રીસ ચડે જે, 'શું કરીએ સાધુ થયા, નહિ તો એનું કાંઈક તાડન કરીએ પણ તે તો થાય નહિ. કેમ જે, સાધુને કોઈનું તાડન કરવું એ અતિ અયોગ્ય કર્મ છે. અને[૧૨] જે કપટ રાખે પણ પોતાના મનના જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ, તે ન ગમે. અને[૧૩] માન તથા ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું, તે શું ? તો પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહિ; એ ત્રણ વાનાં તો અતિશય ભૂંડાં છે. અને[૧૪] હરિભક્તને માંહોમાંહી બરાબરિયાપણું રહે પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશય ભૂંડું છે.'' ॥ ઈતિ વચનામૃતમ્॥ ૨૫ ॥ ૨૪૮ ॥

## વચનામૃત-૨૬મું : મન-ઈન્દ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું-ધર્મમાં રહ્યાનું

**સંવત્ ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** "ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય? તો[૧] ઈન્દ્રિયો-અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને[૨] ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને[૩] પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને[૪] પોતાને બ્રહ્મરૂપ માને ને[૫] પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિશે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે; માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી અને એવા સાધુગુણે યુક્ત જે બાઈ તેની સેવા બાઈને કરવી."

પછી શ્રીજીમહારાજને **આત્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે તેમાં જ્યાં સુધી રહેતો હોય ત્યાં સુધી તો જેવો તેવો હોય તેને પણ પંચવિષયે કરીને બંધન થાય નહિ; પણ કોઈક દેશકાળને યોગે કરીને સત્સંગથી બહાર નીસરી જવાય તોપણ જેને પંચવિષય બંધન ન કરી શકે, તે પુરુષ કેવો હોય ?** તેનાં લક્ષણો કહો."

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય ને આસ્તિકપણું હોય જે,'આ લોકમાં જે સારું-નરસું કર્મ કરે છે, તેનું જે સારું-નરસું ફળ તેને જરૂર પરલોકમાં ભોગવે છે,' એવી દૃઢ મતિ જેને હોય તથા લાજ હોય જે, 'ભૂંડું કરીશું તો આ લોકમાં માણસ આગળ શું મુખ દેખાડીશું?' એવો જે હોય, તે ગમે ત્યાં જાય તોપણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રીઆદિક તે બંધન કરી શકે નહિ. જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદસ્વામી છે, એવી જાતના જે હોય તેને સ્ત્રી-ધનાદિક પદાર્થનો યોગ થાય તોપણ એ ડગે નહીં.

અને એવો હોય ને તેને જો એક આત્મનિષ્ઠાપણું હોય જે, 'હું તો આત્મા છું, બ્રહ્મ છું, તે મારે વિશે શુભ-અશુભ ક્રિયા લાગતી નથી, હું તો અસંગ

Index



છું,' એવું અંગ હોય; તથા બીજું એમ હોય જે, ભગવાનનો મહિમા બહુ સમજે ને તે મહિમાની બહુ વાર્તા કરે જે, 'કાંઈક ધર્મ વિરુદ્ધ વર્તાઈ જશે તેનો શો ભાર છે ? ભગવાનનો મહિમા બહુ મોટો છે.' એ બે રીતના જે હોય તેમાં એ બે રીતના જે દોષ તે ધર્મ પાળવામાં મોટા અંતરાયરૂપ છે;

માટે આવી રીતે સમજે તો સારું જે, 'આત્મનિષ્ઠા પણ યથાર્થ હોય તથા ભગવાનનું માહાત્મ્ય પણ સારી પેઠે સમજે અને નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદપણું, નિઃસ્નેહપણું, નિર્માનપણું એ આદિક જે ધર્મ તેને ભગવાનની પ્રસન્નતાને અર્થે સમજીને દૃઢપણે પાળે અને એમ સમજે જે, 'હું એ ધર્મને પાળીશ તો મારી ઉપર ભગવાન બહુ રાજી થશે ને જો મને કોઈ રીતે ધર્મમાંથી કાંઈક ભંગ પડશે તો ભગવાનનો મારી ઉપર બહુ કુરાજીપો થશે.' એવી રીતે જેના અંતરમાં દૃઢ ગ્રંથી હોય તે ભક્ત જે તે ધર્મમાંથી કોઈ દિવસ પડે જ નહીં. અને એવો જે હોય તેને કોઈ માયિક પદાર્થ બંધન કરી શકે નહીં અને આવી રીતની સમજણવાળો ન હોય ને બીજો ગમે તેવો જ્ઞાનવાળો હોય કે ભક્તિવાન હોય તેને પણ ધર્મમાંથી કાંઈક ભંગ થઈ જાય ખરો તથા માયિક પદાર્થ બંધન કરે ખરું, એ સિદ્ધાંત વાર્તા છે.''

**પછી વળી શ્રીજી મહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, ''અમને અહંકાર ન ગમે.** તે અહંકાર ભક્તિપણાનો હોય, ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય, સમજણનો હોય, વર્તમાન પાળ્યાનો હોય, એ રીતનો જે જે અહંકાર તે અમને ન ગમે. અને **દંભ ન ગમે.** તે દંભ તે શું ? તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટ્યપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે, તે ન ગમે અને પોતાને ને ભગવાનને જે **અભેદપણે ભજે તે ન ગમે** તથા જે નિયમ ધાર્યો હોય તે નિયમને ઘડીક મૂકી દે ને વળી ઘડીકમાં પાળે, એવી રીતે **જે શિથિલ વર્તતો હોય તે ન ગમે** અને ભગવાનનો મહિમા તો ઝાઝો મોટો સમજે ને પોતાને અતિશય તુચ્છપણે સમજે પણ દેહથી જુદો **જે આત્મા તે રૂપ**

**પોતાને ન માને,** તે ન ગમે. અને **હવે જે ગમે તે કહીએ છીએ જે,** ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે અને ધર્મમાં દૃઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તોપણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે.'' એવી રીતે શ્રીજી મહારાજ વાર્તા કરીને પોતાને ઉતારે પધાર્યા. **॥ ઈતિ વચનામૃતમ્॥ ૨૬ ॥ ૨૪૯ ॥**

## ॥ વચનામૃત-૨૭મું : કોઈ જાતની આંટી ન પાડ્યાનું ॥

**સંવત્ ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે વાર્તા કરી જે,** ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય સંબંધી જે સુખ તે દિવ્ય મૂર્તિ એવા જે ભગવાન પુરુષોત્તમ તેની જે સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિશે રહ્યું છે. તે જો ભગવાનની મૂર્તિનાં દર્શન કરતા હોઈએ તો રૂપનું સુખ પ્રાપ્ત થાય ને બીજા સ્પર્શ આદિક ચાર વિષય તેનું સુખ પણ પ્રાપ્ત થાય; તે એક જ સમયને વિશે થાય છે અને બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય પણ બીજાનું ન થાય. માટે માયિક વિષયમાં ભિન્ન-ભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે અને ભગવાનમાં તો સર્વ વિષયનું સુખ એકકાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે ને અખંડ અવિનાશી છે. તે સારુ જે

મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે ભગવાનની દિવ્ય મૂર્તિ તેને વિશે સર્વ પ્રકારે જોડાવું.''

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંતસમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે અને તે સ્વભાવ તો એવો હોય જે, 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય,' તોપણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.'' તે ઉપર પોતાની વાર્તા કરી જે, ''અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો શ્રી રામાનંદ સ્વામીના દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું.

અને વળી **જે હરિભક્ત હોય તેને કઈ જાતની આંટી પાડવી,** તેની એમ વિગતિ છે જે, એક તો નિષ્કામાદિક વર્તમાનની આંટી પાડી હોય ને એક એવી આંટી પાડી હોય જે, 'આ ઠેકાણે હું આસન કરું તો નિદ્રા આવે ને બીજે ઠેકાણે ન આવે,' એ આદિક અનેક પ્રકારની જે તુચ્છ સ્વભાવની આંટી પાડી હોય, એ બેયને એક રીતની ન સમજવી. વર્તમાનની આંટી તો પોતાના જીવનરૂપ છે ને તેને વિશે બહુ માલ છે, એવી રીતે માહાત્મ્યે સહિત તેની આંટી પાડવી અને બીજા સ્વભાવની આંટી પાડી હોય તેને વિશે તો તુચ્છપણું જાણવું, ને તેને સંત મુકાવે તો મૂકી દેવી ને પ્રથમની આંટી મૂકવી નહીં. અને એ બેયને બરોબર સમજે તો એને વિશે મૂઢપણું જાણવું. જેમ બાળક હોય તેણે મૂઠીમાં બદામ ઝાલી હોય, તેને કોઈક મુકાવે તો મૂકે નહીં, ને રૂપિયાની મૂઠી વાળી હોય ને સોનામહોરની મૂઠી વાળી હોય ને તેને મુકાવે તો તેને મૂકે નહીં ત્યારે બાળકે બદામ તથા રૂપિયો ને સોનામહોર તેને વિશે બરોબર માલ જાણ્યો, માટે એ બાળકને વિશે મૂઢપણું છે. અને વળી જેમ કોઈકના હાથમાં બદામ હોય ને ચોર આવીને કહે જે, 'તું મૂકી દે, નહિ તો તરવારે માથું કાપી નાખીશ.' ત્યારે ડાહ્યો હોય તો તેને આપી દે ને મૂર્ખ હોય તો ન આપે. તેમ

એ બે પ્રકારની આંટીમાં ન્યૂન-અધિકપણું જાણવું અને એમ હોય નહિ ને બેયમાં સામાન્યપણું જાણે તો એનો આંટીદાર સ્વભાવ જાણવો ને તેને માની જાણવો. અને આંટીએ કરીને તે વર્તમાન પાળતો હોય ને જો મરણપર્યંત એમ ને એમ નભે તો તો ઠીક; પણ તેનો પૂરો વિશ્વાસ ન આવે. કેમ જે, જો એને કોઈક જાતનાં વેણ લાગે અથવા તેનું માન ન રહે તો એવો એ રહેશે નહીં. અને **જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય ને ભક્તિ કરતો હોય તે તો રાજર્ષિ કહેવાય ને જે ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ કરતો હોય તથા વર્તમાન પાળતો હોય તે તો બ્રહ્મર્ષિ કહેવાય ને તે સાધુ કહેવાય.** એવી રીતે એ બેયમાં ફળનો ભેદ પણ છે.''

**અને વળી એમ વાત કરી જે,** ''માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ દોષ તે કામ કરતાં પણ અતિશય ભૂંડાં છે. કેમ જે, કામી ઉપર તો સંત દયા કરે પણ માની ઉપર ન કરે. ને માનમાંથી ઈર્ષ્યા ને ક્રોધ ઊપજે છે, માટે માન મોટો દોષ છે અને માને કરીને સત્સંગમાંથી પડી જાય છે એવો કામે કરીને નથી પડતો. કેમ જે, આપણા સત્સંગમાં ગૃહસ્થ હરિભક્ત ઘણા છે, તે સત્સંગમાં પડ્યા છે; માટે એ માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમારે અતિશય અભાવ રહે છે અને અમારાં જે જે વચન લખેલાં હશે તેમાં પણ એમ જ હશે, તે વિચારીને જુઓ તો જણાઈ આવશે; માટે ભગવાનનું માહાત્મ્ય સમજીને માનને ટાળવું.''

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** ''**ભગવાનનો નિશ્ચય તે કેને કહીએ ?** તો જેમ આ સંસારમાં પ્રથમ બાળકપણામાંથી મા, બાપ, વર્ણ, આશ્રમ, નાત, જાત, પશુ, મનુષ્ય, જળ, અગ્નિ, પૃથ્વી, વાયુ, આકાશ ઈત્યાદિક જે જે પદાર્થનો નિશ્ચય થયો છે, તે શાસ્ત્રે કરીને થયો છે અને શાસ્ત્ર ન સાંભળ્યાં હોય તો લોકમાં જે શબ્દ તે શાસ્ત્રથી જ પ્રવર્ત્યા છે, તેણે કરીને તેનો નિશ્ચય કર્યો છે. તેમ શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય; માટે એવા

સંતનાં વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેનાં વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.''

અને તે પછી **વડોદરાવાળા નાથભક્તે** શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **''જેને ભગવાનનો દૃઢ નિશ્ચય હોય એવો જે ભગવાનનો ભક્ત તેના જે સંબંધી તેનું કલ્યાણ તે ભક્તના સંબંધે કરીને છે કે નથી?''**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જો એના સંબંધીને તથા એના પિત્રીને એને વિશે હેત હોય તો એનું કલ્યાણ થાય ને હેત ન હોય તો ન થાય અને જો સંબંધી પણ ન હોય ને જો તેને એ ભક્તને વિશે હેત હોય તો તેનું પણ સારું થાય. કેમ જે, એને મૂવાટાણું થાય ત્યારે તે ભક્ત તેને સાંભરી આવે; અને તે ભક્તની વૃત્તિ તો ભગવાન સાથે નિરંતર લાગી છે ને તે ભક્તનું તેને સ્મરણ થાય, માટે તેનું કલ્યાણ થાય છે.''

**અને વળી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અમે આત્માના સ્વરૂપની વાર્તા કરીએ છીએ તથા ભગવાનના સ્વરૂપની વાર્તા કરીએ છીએ, તે વાર્તાએ કરીને જેવું એનું સુખ છે તેવું જ સુખ તો આવતું નથી અને જેવું એનું યથાર્થ સુખ છે તે તો સમાધિએ કરીને જાણ્યામાં આવે છે તથા દેહ મૂક્યા કેડે જાણ્યામાં આવે છે પણ કેવળ વાર્તાએ કરીને જાણ્યામાં આવતું નથી. જેમ રૂપનું સુખ તે નેત્રે કરીને ભોગવાય છે, પછી તે સુખને મુખે કરીને વખાણ કરે જે, 'બહુ સારું રૂપ દીઠું,' ત્યારે તે સુખનો અનુભવ જેવો નેત્રને થયો તેવો મુખને ન થયો તથા શ્રવણે કરીને શબ્દને સાંભળ્યો, નાસિકાએ કરીને ગંધને સૂંઘ્યો, ત્વચાએ કરીને સ્પર્શ લીધો, જીહ્વાએ કરીને રસ ચાખ્યો, પછી તે તે સુખનાં વચને કરીને વખાણ કરે જે, 'બહુ સારો ગંધ હતો, બહુ સારો રસ હતો, બહુ સારો સ્પર્શ હતો, બહુ સારો શબ્દ હતો,' એમ કહ્યું તો ખરું, પણ જેવી રીતે તે તે ઈન્દ્રિયોને તે તે સુખનો અનુભવ થયો તેવો વચને ન થયો. તેમ સમાધિએ કરીને તથા દેહ મૂકીને જેવો ભગવાનના સુખનો અનુભવ થાય છે ને આનંદ થાય છે તથા આત્માના સુખનો અનુભવ ને આનંદ થાય છે

તેવો એની કેવળ વાત કરે તેણે કરીને થતો નથી અને જો એ બેની વાર્તા સાંભળીને તેનું મનન ને નિદિધ્યાસ કરે તો એનો સાક્ષાત્કાર થાય ને સાક્ષાત્કાર થાય ત્યારે સમાધિએ કરીને જેવો એ બેનો અનુભવ ને આનંદ થાય તેવો જ થાય; માટે એ બેની વાર્તા સાંભળીને એનું મનન ને નિદિધ્યાસ કરવો.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૨૭॥૨૫૦॥

## વચનામૃત-૨૮મું : ભગવાનના માર્ગમાંથી પડ્યાનું

**સંવત્ ૧૮૮૫ના કાર્તિક વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડામધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ભગવાનની ભક્તિમાંથી બે પ્રકારે જીવ પડે છે.** એક તો શુષ્ક વેદાંતના ગ્રંથને સાંભળીને બીજા આકારને ખોટા કરે તેમ શ્રીકૃષ્ણાદિક જે ભગવાનના આકાર તેને પણ ખોટા કરે; એ શુષ્ક વેદાંતીને અતિ અજ્ઞાની જાણવા અને બીજો જે એમ સમજતો હોય જે, 'ભગવાનને ભજીએ તો ગોલોક ને વૈકુંઠલોકમાં સ્ત્રીભોગ, ખાન-પાન આદિક જે પંચવિષયનાં સુખ તેને પામીએ.' પછી તે સુખની આસક્તિએ કરીને ભગવાનને પણ ભૂલી જાય ને મૂળગો કુબુદ્ધિવાળો થઈને એમ સમજે જે, 'એ સુખ ન હોય તો એ ધામમાં રાધિકા-લક્ષ્મી આદિક સ્ત્રીઓ ભેળે ભગવાન પણ રમે છે; માટે એ સુખ પણ ખરું છે.' પણ ભગવાનને પૂર્ણકામ ને આત્મારામ ન સમજે અને એવી જે ભગવાનની ક્રિયાઓ છે તે તો પોતાના ભક્તના સુખને અર્થે છે. તે સારુ જ્ઞાન-વૈરાગ્યે સહિત ભગવાનની ભક્તિ કરવી અને **એ ભગવાનના સ્વરૂપને જેણે એમ જાણ્યું હોય જે** 'સર્વ સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે ને બીજે પંચવિષયમાં જે સુખ તે તો એ ભગવાનના સુખનો કિંચિત્ લેશ છે.' એમ ભગવાનને માહાત્મ્યે સહિત જે સમજ્યો હોય તે કોઈ પદાર્થમાં બંધાય જ નહીં અને 'એ ભગવાનના ધામનાં

સુખ આગળ બીજા લોકનાં જે સુખ તે તો નરક જેવાં છે' એમ મોક્ષધર્મમાં કહ્યું છે. આવી રીતે ભગવાનના ભક્તને સમજવું અને એમ ન સમજે તો એ બેય પ્રકારે કરીને ભગવાનમાંથી પડી જાય છે.''

**પછી શ્રીજી મહારાજને સુરા ખાચરે પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે, તેનું શું કારણ છે ?'' પછી શ્રીજી મહારાજે ઉત્તર કર્યો જે,** ''એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એમાં કાચ્યપ રહી ગઈ છે. તે શું ? તો કોઈકને સ્વાદે કરીને સારું સારું ખાવા જોઈતું હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે ત્યારે તેનું અંતર પાછું પડી જાય તથા કામનો ઘાટ રહી ગયો હોય ને તેને ખોદે તથા લોભ રહ્યો હોય ને તે લોભને મુકાવે ને કહે જે, 'આ તારું ધન, માલ, ખેતર, વાડી તે કોઈકને આપી દે,' ત્યારે તે વચન પળે નહિ; તેણે કરીને પાછો પડી જાય તથા માન હોય ને તે માનને સંત તથા ભગવાન ખોદે ને અપમાન કરે, ત્યારે તેણે કરીને પણ પાછો પડી જાય છે.

એવી રીતે નિશ્ચય હોય ને જે જે પોતામાં અવગુણ રહી ગયો હોય તેણે કરીને પાછો પડી જાય છે અને જેણે નિશ્ચય કર્યો હોય તે સમયમાં જ એ અવગુણ ટાળીને કર્યો હોય તો તે પાછો પડે નહિ અને એ અવગુણ હમણાં પણ જેમાં જેમાં હશે તે જો વિચારીને પોતાના અંતર સામું જુવે તો જણાઈ આવે જે, 'આવી રીતને અંગે હું કાચો છું, તે જો મને પાળ્યાનું કહેશે તો હું વિમુખ થઈશ.' એમ યથાર્થ જાણે.''

પછી બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિ તથા સુરો ખાચર એ ત્રણને **શ્રીજી મહારાજે પૂછ્યું જે,** ''તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં ક્યો અવગુણ છે ?'' ત્યારે **એ ત્રણે કહ્યું જે,** ''હે મહારાજ ! માનરૂપ દોષ છે; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''અમે પૂછીએ છીએ જે, **'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા ।'** એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય

ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય ? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને, ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને 'જેથી જે બળિયો તેની આગળ માન રહે નહિ,' તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેના સંતની આગળ માન કેમ રહે ?''

પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, **''હે મહારાજ ! તમે ઠીક કહો છો. જો એમ માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ તે સંતની આગળ થાય જ નહીં.''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જુઓને, ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા, પણ જો ભગવાનની મોટાઈને જાણતા હતા તો તે ભગવાનને વિશે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેના ચરણની રજને પામ્યા સારુ વનવેલીનો અવતાર માગ્યો. તે કહ્યું છે જે :-

**આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।**
**યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥**

તથા બ્રહ્માએ પણ કહ્યું છે જે -

**'અહો ! ભાગ્યમહો ! ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।**

**યન્મિત્રં પરમાનંદં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ॥'** એવી રીતે બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા તો એવી રીતે બોલ્યા. તે માટે જો ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે ને ગમે તેટલું અપમાન કરે તોપણ તેના સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે જ નહિ અને એમ મનમાં થાય નહિ જે, 'હવે તો ક્યાં સુધી ખમીએ ? આપણ તો આપણે ઘેર બેઠા થકા જ ભજન કરીશું.' તે માટે એમ માહાત્મ્ય સમજે તો માન ટળે.' એવી રીતે વાર્તા કરી.

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** "ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે એને ભોગવી લે એવો જે નિષ્કામ ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** "**ભગવાન સંબંધી સુખને કોણ પામે છે ?** તો તે કહીએ છીએ જે, જેમ માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે ક્રીડા કરે ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂઆ જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહીં. અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે."

॥ ઈતિ વચનામૃતમ્॥૨૮ ॥૨૫૧ ॥

## ॥ વચનામૃત-૨૯મું : વીસ વીસ વરસના બે હરિભક્તનું ॥

**સંવત્ ૧૮૮૫ના પોષ સુદિ ૨ બીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં મેડીને આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે શુકમુનિને પ્રશ્ન પૂછ્યો જે,** "બે સત્સંગી છે તેની અવસ્થા વીસ વીસ વર્ષની છે તથા બેયને નિશ્ચય, હેત, ભક્તિ, વૈરાગ્ય, ધર્મ તે બરોબર છે. અને તેમાંથી એકને તો પ્રારબ્ધયોગે કરીને પરણીને સ્ત્રી મળી

ને એકને ન મળી ને સાંખ્યયોગી રહ્યો ને એને પણ પરણ્યાની તો ઈચ્છા હતી પણ મળી નહિ. ત્યારે એ બે જણને તીવ્ર વૈરાગ્ય તો પ્રથમથી જ ન હતો; માટે વિષયભોગમાં બેયને તીક્ષ્ણ વૃત્તિ હતી. **તે તીક્ષ્ણ વૃત્તિ ઓછી તે એ ગૃહસ્થ થયો તેની થાય કે સાંખ્યયોગીની થાય ?** તે કહો. અને વેદ તો એમ કહે છે જે, 'જેને તીવ્ર વૈરાગ્ય હોય તેને બ્રહ્મચર્યપણા થકી જ સંન્યાસ કરવો અને જેને મંદ વૈરાગ્ય હોય તેને વિષયભોગની તીક્ષ્ણતા ટાળ્યાને અર્થે ગૃહસ્થાશ્રમ કરવો ને પછી વાનપ્રસ્થ થવું ને પછી સંન્યાસ કરવો.' માટે વિચારીને ઉત્તર કરજ્યો.''

**પછી શુકમુનિએ એનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહીં.** **પછી શ્રીજી મહારાજે એનો ઉત્તર કર્યો જે,** ''એ ગૃહસ્થાશ્રમી સારો ને બીજો જે સાંખ્ય-યોગી તે ભૂંડો; કેમ જે, એને તીવ્ર વૈરાગ્ય નથી; માટે એણે વિષયને તુચ્છ ને અસત્ય જાણ્યા નથી. તેમ કાંઈ પોતામાં આત્મનિષ્ઠાની પણ દૃઢતા નથી. તે સારુ એ સત્સંગથી બહાર જાય ને વિષયનો યોગ થાય તો બંધાઈ જાય ને જો વિષયનો યોગ ન થાય તો સત્સંગની પાછી લાલચ રાખે ને સત્સંગમાં આવે અને જે ગૃહસ્થ છે તેને છ મહિને સંતના દર્શન થાય તોપણ સમાસ રહે. માટે મંદ વૈરાગ્યવાળાને ત્યાગ કરવો એ ઠીક નથી, ત્યાગ તો તીવ્ર વૈરાગ્યવાળાને કરવો તે ઠીક છે. અને મંદ વૈરાગ્યવાળો ત્યાગ કરે તો એનો ત્યાગ દેહ પર્યંત નભે નહિ; વર્ષે, બે વર્ષે, દસ વર્ષે તેના ત્યાગમાં વિઘ્ન જરૂર પડે.''

**ત્યારે શુકમુનિએ આશંકા કરી જે,** **''હે મહારાજ ! એ મંદ વૈરાગ્યવાળો ત્યાગી છે તે સંત થકી ભગવાનના માહાત્મ્યની વાત સાંભળે ને પછી પોતે મનમાં વિચાર કરે તો શું એને તીવ્ર વૈરાગ્ય ન આવે ?** અને પ્રથમથી જ તીવ્ર વૈરાગ્ય તો કોઈકને પ્રારબ્ધયોગે કરીને હશે અને બહુધા તો એમ પ્રત્યક્ષ દેખાય છે જે, આને વૈરાગ્ય ન હતો ને પછી થયો, ત્યારે એનું કેમ સમજવું ?''

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એનો તો એમ ઉત્તર છે જે, પોતાને વિચારે તથા કોઈ રીતે તીવ્ર વૈરાગ્ય થાય નહિ. અને જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,

ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે એને અતિશય હેત થાય; જેમ ભગવાન સાથે હેત થાય છે ત્યારે તો તે જુવે, સાંભળે, બોલે ઈત્યાદિક જે જે ક્રિયાને કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત છે તેની મરજી પ્રમાણે જ કરે પણ તેની મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહિ. અને તે સંતની મરજીથી બાહેર વર્ત્યામાં તેના મનને વિશે નિરંતર ભય વર્તે જે, 'જો હું એમની મરજી પ્રમાણે નહિ વર્તું તો એ મારી સાથે હેત નહિ રાખે;' તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે. માટે જો એવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તો પણ એનો ત્યાગ પાર પડે.

અને જુઓને, આપણા સત્સંગમાં બાઈ, ભાઈ, પરમહંસ એ સર્વેને અમારી ઉપર હેત છે તો મોટેરી બે-ત્રણ બાઈઓ છે તે બરોબર બીજી સર્વે બાઈઓ વર્તમાન પાળે છે. કેમ જે, એ મનમાં એમ જાણે છે જે, 'જો અમે ખબડદાર થઈને વર્તમાન નહિ પાળીએ તો મહારાજનું હેત અમારી ઉપર નહિ રહે ને કુરાજી થશે.' તથા પરમહંસમાં પણ એમ છે તથા બીજા જે સત્સંગી તથા બ્રહ્મચારી તથા પાળા એ સર્વેમાં પણ એમ છે તથા દેશદેશનાં હરિભક્ત બાઈ-ભાઈ છેટે રહ્યાં છે તે પણ વર્તમાનમાં ખબડદાર વર્તે છે અને એમ જાણે છે જે, 'જો આપણ સારી પેઠે નહિ વર્તીએ તો મહારાજ કુરાજી થશે.' માટે અમારે વિશે હેતે કરીને બંધાણાં થકાં સર્વે ધર્મમાં દૃઢપણે વર્તે છે; પણ વૈરાગ્ય તો કોઈકને થોડો હશે ને કોઈકને ઝાઝો હશે, તેનો કાંઈ મેળ છે નહીં.

અને અમે પંચાળામાં મોરે માંદા થયા હતા ને તેમાંથી જો કાંઈક થયું હોત તો જેમ હમણાં સર્વેની વૃત્તિઓ છે તેવી ન રહેત. ત્યારે તો જે તીવ્ર વૈરાગ્યવાળા હોય તે ધર્મમાં રહે તથા તેની સાથે જેણે પોતાના જીવને હેતે કરીને બાંધી રાખ્યો હોય તે ધર્મમાં રહે તથા જે સત્સંગનો યોગ રાખે ને ભગવાનને અંતર્યામી જાણીને પોતપોતાના નિયમ કહ્યા છે તે પ્રમાણે વર્તે તો ધર્મમાં રહે અને એ વિના બીજાનું તો કાંઈ ઠીક રહે નહીં. માટે અમે જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો આ અમે કહ્યો એ જ ઉત્તર છે.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૨૯॥

## ॥ વચનામૃત-30મું : પાંચ વાર્તાના અનુસંધાનનું ॥

**સંવત્ ૧૮૮૫ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અમારા મનમાં આ બે વાર્તા ગમે છે ને ત્યાં મન અટકે છે.** તેમાં **એક તો જેને એમ હોય જે,** 'એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિશે શ્રીપુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે,' એવો દૃઢ નિશ્ચય હોય અને તે ભગવાનની ઉપાસના-ભક્તિ કરતો હોય તે વાત ગમે; પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના ન કરતો હોય તો તે ન ગમે અને **બીજું એમ જે,** એવા જે ભગવાન તેને અર્થે જે તપને કરતો હોય તથા યોગને સાધતો હોય તથા પંચવિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય ઈત્યાદિક જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે, 'એને શાબાશ છે જે એ આવી રીતે વર્તે છે.''

**અને વળી આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે.** તેમાં **એક તો એમ જે,** આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, 'આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે.' ને સુખ-દુઃખ, રાજીપો-કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે; એવો વૈરાગ્ય કહ્યો અને **બીજું એમ જે,** આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તે કરવું છે, એવું નિરંતર અનુસંધાન રહે છે અને **ત્રીજું એમ જે,** અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી ? અને એમ જાણું છું જે, ટળી તો ગઈ છે ત્યારે તે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે ? ત્યારે રખે ન ટળી હોય ? એમ

અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે અને **ચોથું એમ જે,** મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વ છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ? અને આની વાસના ટળી છે ને આને આની નથી ટળી,એમ સર્વેના હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે અને **પાંચમું એમ જે,** જો હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ જે, 'મનને ઉદાસી ન કરવું.' કેમ જે, ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ, પરમહંસ રાજીપે બેઠાં ભગવદ્‌ભક્તિ કરે છે તો એ ઠીક છે. અને ભગવદ્‌ભક્તિને કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે, **મરી તો સર્વેને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે,** એમ નિરંતર અનુસંધાન રહે છે.'' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનારાયણ છે. **॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૦॥૨૫૩॥**

## ॥ વચનામૃત-૩૧મું : છાયાના દષ્ટાંતે ધ્યાનનું ॥

**સંવત્ ૧૮૮૫ના મહા સુદિ ૪ ચોથને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો તથા રાતી કોરનું વિલાયતી ધોળું ધોતિયું ઓઢ્યું હતું ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

અને વાજાં વગાડીને કીર્તનનું ગાન પરમહંસ કરતા હતા. તે **'હરિ મેરે હાલરકી લકરી'** એ કીર્તન ગાઈ રહ્યા ત્યારે મહારાજે કહ્યું જે, **''જમુનાકે તીર ઠાડો''** એ કીર્તન ગાવો.'' પછી એ કીર્તન ગાવવા લાગ્યા ત્યારે એવા સમયમાં **શ્રીજી મહારાજ બહુવાર વિચારી રહ્યા ને પછી બોલ્યા જે,** ''હવે કીર્તન રાખો. અમે આ એક વાર્તા કરીએ છીએ, તે છે તો થોડીક પણ ધ્યાનના કરનારાને બહુ ઠીક આવે એવી છે. ને તે વાત કોઈ દિવસ અમે કરી નથી.''

પછી વળી નેત્રકમળ મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, ''કોટિ કોટિ ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે ને તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે. એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિશે જે પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી એ પોતે ભગવાન અવતાર ધારે છે અને એ ભગવાન કેવા છે ? તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે.

અને એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવોના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રકટ પ્રમાણ થકા તમારી સર્વેની દૃષ્ટિને ગોચર સાક્ષાત્‌પણે વર્તે છે; માટે **તે જે ધામમાં રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે.** તે શ્રીકૃષ્ણની જે મનુષ્યરૂપ મૂર્તિ તેના ધ્યાનનો કરતલ જે હોય તેની જે દૃષ્ટિ તે ભગવાનના રૂપ વિના બીજા રૂપ વિષયમાત્રમાં અતિશય વૈરાગ્યને પામીને તે ભગવાનના રૂપમાં જ લુબ્ધ થાય ત્યારે તેને તે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની મૂર્તિ તે બેયમાં લગાર પણ ભેદ ન જણાય અને તે મૂર્તિ ને આ મૂર્તિના રૂપ, અવસ્થા તે બરાબર જણાય તથા તે મૂર્તિ જેટલી ઊંચી છે ને જેટલી પુષ્ટ છે તેવી ને તેવી જ આ મૂર્તિ પણ જણાય છે, પણ તેમાં ને આમાં એક રોમનો પણ ફેર ન જણાય; અતિશય એકપણું જણાય. એવી રીતે તેમાં ને આ મૂર્તિમાં ફેર લગાર પણ નથી, તે મૂર્તિ ને આ મૂર્તિ એક જ છે. એવી જે પ્રત્યક્ષ મૂર્તિ તેનું ધ્યાન નેત્ર ને આગળ બાહેર કરે ત્યારે તો તેમાં ને એમાં લગાર ફેર નથી. ને તે જ મૂર્તિને ધ્યાનનો કરતલ પ્રતિલોમપણે પોતાનાં નેત્રમાં જુવે ત્યારે તે જ મૂર્તિ પ્રથમ જણાતી તેવી ન જણાય ને નેત્રની કીકીમાં જેવડી મૂર્તિ છે તેવડી જણાય.

પછી વળી એ ધ્યાનનો કરતલ પ્રતિલોમપણે કંઠથી હેઠે સુધી માંહિલી કોરે ધ્યાને કરીને જુવે ત્યારે એ જ મૂર્તિને મોરે બે પ્રકારે દેખતો તેમ ન દેખે ને તે જ મૂર્તિને બહુ જ મોટી, બહુ જ ઊંચી, બહુ જાડી ને બહુ જ ભયંકર એવી

દેખે. જેમ મધ્યાહ્ન કાળનો સૂર્ય હોય ત્યારે છાયા પુરુષના શરીર બરોબર હોય ને તે જ સૂર્યને આથમ્યા ટાણું થાય ત્યારે છાયા મોટી લાંબી થાય પણ પુરુષના શરીર પ્રમાણે નથી રહેતી, તેમ તે મૂર્તિ પણ પૂર્વે કહી તેવી મોટી થાય. પછી એ મૂર્તિને હૃદયને વિશે રહી જે બુદ્ધિ, તે બુદ્ધિને વિશે જુવે તથા તે બુદ્ધિમાં રહ્યો જે પોતાનો જીવ તેને વિશે જુવે, ત્યારે તે જ મૂર્તિને અંગુષ્ઠમાત્ર-પરિમાણે જુવે અને દ્વિભુજ જણાય કે ચતુર્ભુજ જણાય, પણ મોરે ત્રણ પ્રકારે દેખી તેવી ન દેખાય અને પછી વળી એ ધ્યાનના કરતલને પ્રતિલોમપણે પોતાના જીવથી પર કોટિ કોટિ સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજના સમૂહને વિશે એ મૂર્તિ જણાય છે, તે જેવી દૃષ્ટિ આગળ જણાતી હતી તેવી જ રીતની જણાય છે પણ લગાર ફેર નથી જણાતો.

માટે ગુણાતીત એવું જે **અક્ષરધામ તેને વિશે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી.** જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે, તેમ જ મનુષ્ય મૂર્તિ પણ ગુણાતીત છે અને પૂર્વે જે મૂર્તિમાં ફેર પડ્યો તે તો ગુણમય એવાં જે સ્થાનક તેણે કરીને પડ્યો. તે નેત્રમાં સત્ત્વગુણ ને કંઠમાં રજોગુણ ને બુદ્ધિમાં રહ્યો જે જીવ તે પણ ગુણમય છે.'' એમ વાર્તા કરીને પછી બોલ્યા જે, ''મોરે ગાતા હતા તે કીર્તન ગાઓ.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપના નિરૂપણની વાર્તા પરોક્ષપણે કરીને કહી. ઈતિ વચનામૃતમ્ ||૩૧||

## || વચનામૃત-૩૨મું : માહાત્મ્યના ઓથે પાપ કર્યાનું ||

**સંવત્ ૧૮૮૫ના મહા સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને ગવૈયા પરમહંસ વસંતનાં કીર્તન ગાવતા હતા.**

પછી **શ્રીજી મહારાજે મુક્તાનંદસ્વામી આદિક સાધુને કહ્યું જે, 'વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ।'** એ શ્લોકનો અર્થ કરો.'' ત્યારે તેમણે

Index



રામાનુજભાષ્યે સહિત અર્થ કર્યો. **ત્યાર પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,** ‘‘એનો તો અમે એમ નિશ્ચય કર્યો છે જે, યુવા અવસ્થા જેને હોય તેને આહાર ક્ષીણ કરવો ને યુક્તાહાર-વિહારપણે રહેવું. ને આહાર ક્ષીણ થાય ત્યારે દેહનું બળ ક્ષીણ થાય અને ત્યારે જ ઈન્દ્રિયો જિતાય, તે વિના ઈન્દ્રિયો જિતાય નહિ. ને એવો થકો પોતાના મનને ભગવાનની નવ પ્રકારની ભક્તિને વિશે રુચિ સહિત રાખે ને ભક્તિમાં પ્રીતિ રાખે, એ બે પ્રકારે એ વર્તે તો એનો સત્સંગ પાર પડે અને એમ ન હોય તો એ જ્યારે ત્યારે જરૂર ઈન્દ્રિયોને વશ થઈને વિમુખ થાય. તે ગોવર્ધન જેવો સમાધિનિષ્ઠ હોય તોપણ એનો એને ભય છે, તો બીજાની શી વાર્તા ? અને આહાર નિયમમાં કરવો તે ઘણાક ઉપવાસ ઠામુકા કરવા માંડે તેણે કરીને ન થાય, એમ તો ઝાઝી તૃષ્ણા થાય ને મૂળગો આહાર વધે ને ઉપવાસનો ખાંગો, ખાય ત્યારે બમણો વાળે; માટે એ તો ધીરે ધીરે આહારને ઘટાડવા માંડે તો નિયમમાં આવે. જેમ મેઘ ઝીણી ઝીણી બુંદે વરસે છે પણ બહુ પાણી થાય છે, તેમ ધીરે ધીરે આહારને નિયમમાં કરવો. ને એમ કરે ત્યારે ઈન્દ્રિયો નિયમમાં આવે ને ભક્તિમાં પ્રીતિ હોય તો પાર પડે, એ નિશ્ચિત વાર્તા છે.’’

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે, ‘‘ભગવાનનો જે સાચો ભક્ત હોય તેને ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની કેવી રીતિ છે ?** તો ‘જે ભગવાન છે તે તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિશે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, અનેક કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે ને માયાના ગુણ થકી રહિત છે.’ એવી રીતે પ્રત્યક્ષ ભગવાનને જાણીને તે ભગવાન વિના જે બીજા સર્વ માયિક પદાર્થમાત્ર તેને અતિશય તુચ્છ ને નાશવંત સમજે ને એક ભગવાનને વિશે જ પ્રીતિ કરે ને નવ પ્રકારની ભક્તિને કરે. અને વળી એમ સમજે જે, ‘એવા અતિશય મોટા જે ભગવાન તેની મર્યાદાને વિશે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા ઈત્યાદિક સર્વે સમર્થ

છે તે પણ નિરંતર વર્તે છે.' એવું જાણીને તે ભગવાને બાંધી જે ધર્મમર્યાદા તેને વિશે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે, પણ તે ધર્મમર્યાદાનો ક્યારેય લોપ ન કરે. **અને જે કુબુદ્ધિવાળો હોય તે કેમ સમજે ? તો** 'એવા મોટા જે ભગવાન તે તો પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે; તે માટે કાંઈક ધર્મ વિરુદ્ધ અવળું વર્તાઈ જશે તો તેની શી ચિંતા છે ? ભગવાન તો સમર્થ છે.' એવી રીતે માહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ. એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે ને એવી સમજણવાળો હોય ને તે ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તોપણ તેને ભક્ત ન જાણવો ને તેનો સંગ ક્યારેય ન કરવો. અને ભક્ત તો પ્રથમ કહી તેવી રીતની સમજણવાળાને જ જાણવો ને તેનો જ સંગ કરવો.'' **॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૨ ॥૨૫૫ ॥**

## ॥ વચનામૃત-૩૩મું : ચાર વાનાંથી બુદ્ધિમાં ફેર ન પડે તેનું ॥

**સંવત્ ૧૮૮૫ના ફાગણ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે સર્વ પરમહંસ આગળ એમ વાર્તા કરી જે,** ''ધન, દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહિ, એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ.'' **એમ કહીને વળી બોલ્યા જે, ''એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે.** તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહીં અને કેવો હોય તેને કોઈનો ભાર ન આવે ? તો જે એમ સમજતો હોય જે, ''આ દેહથી નોખો જે આત્મા તે હું છું ને તે હું પ્રકાશમાન સત્તારૂપ છું ને તે મારા સ્વરૂપને વિશે પ્રત્યક્ષ ભગવાન અખંડ વિરાજમાન છે ને તે ભગવાનના આકાર વિના બીજા જે પ્રાકૃત આકારમાત્ર તે અસત્ય છે ને

અનંત દોષે યુક્ત છે.' એવો વૈરાગ્ય હોય ને ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણતો હોય તેને કોઈ જાતનો બુદ્ધિમાં ભ્રમ થાય નહિ પણ એ વાર્તા અતિ કઠણ છે. કેમ જે, એ એવા મોટા છે તોપણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે. કેમ જે, એ પદાર્થનો તો યોગ જ એવો છે. જેમ આ આપણ સર્વ બેઠા છીએ તે કેવા ડાહ્યા છીએ ? પણ જો દારૂના શીશાનું પાન કર્યું હોય તો કાંઈ ઠા રહે નહિ; તેમ એ પદાર્થનો સંગ જરૂર લાગ્યા વિના રહે જ નહીં. **માટે એ પદાર્થનો યોગ જો ન થવા દે તો એ એથી બચે ને એનો યોગ થયા મોર એનો ભય રાખે જે, 'રખે મને એનો યોગ થાય.'** અને એ વાર્તા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે જે, 'એનો સંગ તો એક ભગવાનને ન લાગે.' તે કહ્યું છે જે, **'ઋષિં નારાયણમૃતે'** તથા **'યે અન્યે સ્વતઃ પરિહતાદપિ બિભ્યતિ સ્મ ।'**

પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, **"વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ?** તો જેને વિશે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ, એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ અને એની ગતિ એમ કહી છે જે, 'એનો **વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય.' તે પ્રવેશ તે શું ?** તો તેજના મંડળને વિશે દિવ્ય મૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન તેને વિશે એ ભક્તને સ્નેહ હોય, તે સ્નેહે કરીને વાસુદેવ ભગવાનની મૂર્તિને વિશે એના મનનું નિરંતર અનુસંધાન રહે ને આસક્ત થકો વર્તે ને એવી રીતે રહ્યો થકો એ વાસુદેવ ભગવાનની સેવાને વિશે પણ બહાર થકી રહે. 'જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિશે ચિહ્નરૂપે સ્નેહના આધિક્યપણે કરીને રહ્યાં છે ને બહાર થકી સ્ત્રીરૂપે કરીને સેવામાં પણ રહ્યાં છે;' તેમ એ એકાંતિક ભકતનો વાસુદેવ ભગવાનને વિશે

પ્રવેશ જાણવો. અને હમણાં પણ જે ભક્તને ભગવાનની કથા, કીર્તન, નામસ્મરણ ઈત્યાદિક જે દસ પ્રકારની ભક્તિ તથા ભગવાનનું માહાત્મ્ય તથા સ્વધર્મ તથા વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા સંતનો સમાગમ એનું બંધાણ હોય તે એવું હોય જે, 'તે વિના કોઈ રીતે ચાલે જ નહીં.' જેમ અફીણ આદિકનો બંધાણી હોય તેને તે વિના ચાલે નહિ ને તે અફીણ કડવું ઝેર છે તોપણ અફીણના બંધાણીને અફીણ વિના ચાલે નહિ તથા દારૂનું બંધાણ હોય તો તે દારૂ પણ પીવે ત્યારે ગળું બળે એવો છે તો પણ તે વિના ચાલે નહિ. તે એને ઘણાક રૂપિયા આપે તોપણ તે બંધાણથી તે વહાલા ન થાય ને ન લે; કેમ જે, એ વ્યસન એના જીવ સંઘાથે જડાઈ ગયું છે. તેમ જેને ભગવદ્‌ભક્તિ આદિક ક્રિયાનું બંધાણ થયું હોય તે ગમે તેવો કુસંગ થાય તો પણ તે વિના એને ચાલે જ નહિ ને એ વિના બીજા કાર્યમાં એનું મન રાજી થાય નહિ ને ભગવદ્‌ભક્તિ આદિક ક્રિયામાં એનો જીવ જડાઈ ગયો હોય ને એનો જ એને અતિ ઈશક હોય, એવો જે ભગવાનનો ભક્ત તેનો પણ વાસુદેવ ભગવાનને વિશે પ્રવેશ છે એમ જાણવું.

**અને તે ભગવદ્‌ભક્ત કેવો હોય ? તો** ભગવાનની સેવા વિના ચતુર્ધા મુક્તિને પણ ન ઈચ્છે તો બીજાની શી વાર્તા? એવો હોય તે ભગવાનનો એકાંતિક ભક્ત જાણવો ને એને કોઈ પદાર્થમાં ઈશક ન હોય અને એવો ન હોય ને ક્યારેક ભગવાનની ભક્તિમાં સુવાણ થાય ને જો કુસંગનો યોગ થાય તો ભક્તિને ભૂલી જાય ને તે ચાળે ચઢી જાય, એને તો પ્રાકૃત દેહાભિમાની કહીએ; પણ એ ભક્ત ખરો નહિ ને એનો વિશ્વાસ નહીં.''

**અને વળી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** ''ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનામાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે. કેમ જે, ક્યારેક એને સ્ત્રી-ધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહિ ને તેમાં આસક્ત થઈ જાય. તથા દેહાધ્યાસ હોય તો

જ્યારે દેહમાં રોગાદિક કષ્ટ પ્રાપ્ત થાય તથા અન્ન-વસ્ત્રાદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય, ત્યારે પણ તેને ભક્તિમાં ભંગ થાય ને વિકળ થઈ જાય ને કાંઈ વિચાર ન રહે ને ચાળા ચૂંથવા લાગે. તથા કોઈક રીતનો સ્વભાવ હોય તેને સંત ટોકવા માંડે ને તે સ્વભાવ પ્રમાણે વર્તવા ન દે, બીજી રીતે વર્તાવે, ત્યારે પણ એ મૂંઝાય ને એને સંતના સમાગમમાં રહેવાય નહિ, ત્યારે ભક્તિ તે ક્યાંથી રહે ?

**માટે જેને દૃઢ ભક્તિ ઈચ્છવી હોય તેને એ ચાર વાનામાં કાચ્યપ રાખવી નહિ.** ને એ ચારની કાચ્યપ હોય તોપણ સમજીને ધીરે ધીરે ત્યાગ કરવી, તો વાસુદેવ ભગવાનની નિશ્ચળ ભક્તિ થાય. આ વાર્તા તે આમ જ છે પણ એમાં કોઈ સંશય નથી.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૩॥

## ॥ વચનામૃત-૩૪મું : ભગવાનને વિશે જ વાસના રહ્યાનું ॥

**સંવત્ ૧૮૮૫ના ચૈત્ર સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિશે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે,** ''**ભગવાન વિના બીજા માયિક પદાર્થમાત્રને વિશે વાસના ન રહે ને એક ભગવાનને વિશે જ વાસના રહે તેનાં બે સાધન જણાય છે :** એક તો ભગવાનને વિશે પ્રીતિ ને બીજો જ્ઞાને સહિત વૈરાગ્ય એ બે સાધન છે. તે એ બે સાધન તો જેને અતિશયપણે ન વર્તતાં હોય ને ભગવાનનો નિશ્ચય ને વિશ્વાસ તો હોય, એવાને પણ એક ભગવાનની જ વાસના રહે ને બીજા પદાર્થની વાસના ન રહે, **એવો ત્રીજો કોઈ ઉપાય છે ?**''

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ પ્રશ્ન ખરો ને એ બે સાધને કરીને જ એક ભગવાનની વાસના રહે ને બીજા પદાર્થની ન રહે તે ખરું અને જો એ બે સાધન ન હોય તો એને ભગવાન વિના અન્ય પદાર્થની વાસના ન ટળે; માટે

જીવતે દુઃખિયો વર્તે ને ભગવાનનો નિશ્ચય છે માટે મરે ત્યારે તેનું કલ્યાણ ભગવાન કરે અને ભગવાન વિના અન્ય પદાર્થની વાસના ટાળ્યાનાં **જેમ એ બે સાધન છે તેમ ત્રીજું પણ એક છે. તે શું ?** તો જેના જેવા નિયમ કહ્યા છે તેમાં સાવધાનપણે વર્તે. તે નિયમ ક્યા ? તો એક તો સ્વધર્મ સંબંધી નિયમ. તે કેમ? તો જેમ આત્મનિવેદી સાધુ-બ્રહ્મચારીના નિયમ છે, તેમ જ આત્મ-નિવેદી ન હોય તોપણ સ્ત્રીને ન જોવાનો નિયમ રાખે તથા સ્ત્રીની વાર્તા ન સાંભળવાનો નિયમ રાખે. એવી રીતે પંચવિષયના ત્યાગ સંબંધી નિયમને દૃઢપણે સાવધાન થકો પાળે તથા ભગવાન ને ભગવાનના ભક્ત તેની દેહે કરીને પરિચર્યા કરે તથા ભગવાનની કથા સાંભળે ઈત્યાદિક નવ પ્રકારની ભક્તિ સંબંધી જે નિયમ તેને પાળે, ત્યારે એના મનમાં પણ શુભ સંકલ્પ થવા લાગે. એવી રીતે બે પ્રકારના નિયમમાં જે વર્તે તો તેને વૈરાગ્ય ને ભગવાનને વિશે પ્રીતિ એ બે ન હોય તોપણ તે થાય ને અતિશય બળિયો થઈ જાય ને એને પદાર્થમાં અશુભ વાસના ટળીને એક ભગવાનની વાસના દિવસે દિવસે વૃદ્ધિ પામતી જાય છે.''

પછી વળી **શ્રીજી મહારાજને** **શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે,** **''હે મહારાજ ! જે ક્રોધ છે તે શામાંથી ઉત્પન્ન થાય છે ?** તો પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો ભંગ કોઈક કરે ત્યારે તેને તેમાંથી ક્રોધ ઊપજે છે અને કામના જે ઈચ્છા તેનો ભંગ થયો ત્યારે તે કામ હતો તે ક્રોધ રૂપે પરિણામને પામે છે. માટે એનો તો એવો સ્વભાવ જ થયો જે એમાં ક્રોધ ઊપજે અને એમ થાય તોપણ ક્રોધ ન ઊપજે એમ છે કે નહીં ?''

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''જે મોટા સાધુ છે તેમણે ભગવાનની આજ્ઞાએ કરીને અથવા શાસ્ત્રદૃષ્ટિએ કરીને માહાત્મ્ય જાણીને પોતાની ઈચ્છાએ કરીને અનેક જીવોને ધર્મ મર્યાદામાં રખાવવા ને ભગવાનને માર્ગે ચઢાવવા એવો શુભ સંકલ્પ મનમાં ઈચ્છ્યો હોય ને તેમાં પ્રવર્ત્યા હોય; અને કોઈક જીવ ધર્મમર્યાદાનો ભંગ કરીને અધર્મમાં પ્રવર્તે, ત્યારે તે મોટા પુરુષને

તે જીવની ઉપર ક્રોધ ઊપજી આવે. કેમ જે, પોતાનો જે શુભ સંકલ્પ તેનો તેણે ભંગ કર્યો. માટે ધર્મમર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે, તો મર્યાદાનો ભંગ થતો જાય ને તે જીવનું સારું ન થાય. માટે એવી રીતે તો ક્રોધ થાય તે ઠીક ને એમાં કાંઈ બાધ નહિ. કેમ જે, એવા માર્ગમાં જે મોટા સાધુ પ્રવર્ત્યા તેને આશરીને હજારો માણસ રહ્યા હોય, તેને કાંઈક રીસ કરીને કહ્યા વિનાનું કેમ ચાલે ? અને ક્રોધ તો ત્યારે ન થાય જે 'જેમાંથી ક્રોધ થાય તેનો ત્યાગ કરી દે.' અને એકાએકી વનમાં ફરતો રહે, ત્યારે ક્રોધ ન થાય; પણ એમ તો એમનાથી કેમ કરાય ? કેમ જે, એમણે તો અનેક જીવને વાર્તા કરીને ભગવત્સન્મુખ કરવા ને તેનું જે કલ્યાણ થાય તેનું જે મહાફળ તે શાસ્ત્રદૃષ્ટિએ કરીને સમજ્યું છે તથા એવી રીતની જે ભગવાનની આજ્ઞા તેનું માહાત્મ્ય જાણ્યું છે. માટે ક્રોધ થાય તોપણ એ જે પોતાનો શુભ સંકલ્પ તેનો ત્યાગ કરે જ નહીં.

અને વળી જેને કોઈક મોટા સાધુ સંઘાથે હેત થયું હોય ને તેને વિશે પોતાના કલ્યાણ થવા રૂપ સ્વાર્થ માન્યો હોય ને એમ જાણતો હોય જે, 'આ સાધુથી જ મારું સારું થશે' એવો જે હોય, તેને ક્રોધનો સ્વભાવ હોય તોપણ તે મોટા સાધુ ઉપર એને કોઈ દિવસ ક્રોધ ન થાય ને એ ક્રોધને મૂકી જ દે; એમ પણ ક્રોધ જાય છે અને પદાર્થના લેણ-દેણ સારુ ને તુચ્છ પદાર્થને અર્થે જે સાધુ સંઘાથે ક્રોધ કરે છે તેને તો સાધુનું માહાત્મ્ય તથા સાધુનો જે આવી રીતનો માર્ગ તે સમજાયો જ નથી ને સમજાયો હોય તો તુચ્છ પદાર્થ સારુ ક્રોધ કરે નહિ. અને **બુદ્ધિવાન હોય, સમજુ હોય ને તુચ્છ પદાર્થ સારુ સાધુ સંઘાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ રાજાના કામદારના જેવી વ્યાવહારિક જાણવી, પણ સાધુપણાની બુદ્ધિ એને આવી જ નથી એમ સમજવું.**' ઈતિ વચનામૃતમ્ ૩૪

## વચનામૃત-૩૫મું : પ્રકૃતિ મરોડ્યાનું - ભક્તના દ્રોહથી ભગવાનના દ્રોહનું

સંવત્ ૧૮૮૫ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને

**વિશે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે,** "હે મહારાજ ! જેના હૃદયમાં ભગવાનનો ને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય, જે આશ્રય ગમે તેવો આપત્કાળ આવી પડે ને દેહને સુખ-દુઃખ, માન-અપમાન, દેશ-કાળનું વિષમપણું ઈત્યાદિકે કરીને જાય નહીં, તે કેમ જણાય જે એને એવો આશ્રય છે ? અને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર તે કેવો હોય ? તે કહો." **ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "જે ભક્તને એક ભગવાનને વિશે જ મોટ્યપ હોય ને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક ન જાણતો હોય ને ભગવાન વિના બીજા સર્વેને તુચ્છ જાણતો હોય; તથા પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુ તે મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે, ત્યારે જે મૂંઝાય નહિ ને પ્રકૃતિ મરોડે તેમાં કચવાઈ જાય નહિ ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મૂકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમ જ સરલપણે વર્તે. એવી બે પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્કાળ પડે તોપણ ભગવાનનો આશ્રય ન ટળે."

ત્યારે વળી **શુકમુનિએ પૂછ્યું જે, "મૂંઝાતો તો હોય; કેમ જે, પ્રકૃતિને મરોડે ત્યારે જીવને મૂંઝવણ થાય પણ તે મૂંઝવણમાં પણ કાંઈ ફેર છે કે નહિ ?"**

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** "પ્રકૃતિ મરોડે ને મૂંઝાય ત્યારે જે પોતાનો જ અવગુણ લે પણ ભગવાનનો ને સાધુનો અવગુણ ન લે, એ સારો. અને જે પોતાનો અવગુણ ન લે ને ભગવાનનો ને સાધુનો અવગુણ લે તો એનો વિશ્વાસ નહિ ને એવો જે હોય તેના આશ્રયનો પણ ઠા નહિ."

**ત્યારે વળી શુકમુનિએ પૂછ્યું જે,** "જેની જે પ્રકૃતિ હોય તેને ભગવાને તથા સાધુએ કોઈ દિવસ મરોડી ન હોય, ત્યારે તે પોતાના મનમાં કેમ સમજે જે 'મારી પ્રકૃતિને મરોડશે ત્યારે મારું ઠીક નહિ રહે.' કેમ જે, પોતે જે અજમાવેલ વાર્તા ન હોય તેનો વિશ્વાસ કેમ આવે ?"

**ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,** ''એ તો પોતાના મનના જે સંકલ્પ તેની સામી દૃષ્ટિ રાખે જે, 'મારા મનમાં ભગવાન વિના બીજા પંચવિષય સંબંધી ભોગ છે, તેમાં શાની વાસના બળવાન છે ને બળવાનપણે ક્યા વિષયનો સંકલ્પ થાય છે ?' એમ વિચારે તો જેવો પોતે હોય તેમ માલુમ પડે, પણ બીજી રીતે ન પડે. અને જ્યારે એ વિચારે ત્યારે એમ વિચારે જે, 'આ પદાર્થનો મારે બળવાન ઘાટ છે ને તેમાં હું પ્રવર્તું છું ને તેમાંથી જ્યારે મને સાધુ મરોડશે ત્યારે મારે ઠીક નહિ રહે' એમ એને પોતાનો નિશ્ચય થાય અને બળવાન પ્રકૃતિ હોય ને તદપિ જો એની પ્રકૃતિને ભગવાન તથા સાધુ કોઈ દિવસ મરોડે નહિ, તો તો એ પાર પડી જાય ને જો મરોડે તો તો એનો ઠા રહે નહીં; અંતે અતિ મૂંઝાઈને વિમુખ થઈ જાય.''

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** **''સાધુના દ્રોહનું શાસ્ત્રમાં સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે, તેનું શું કારણ છે ?** તો એ સાધુના હૃદયને વિશે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે; માટે સાધુનો દ્રોહ કરે ત્યારે ભગવાનનો દ્રોહ થાય છે. કેમ જે, તે સાધુનો દ્રોહ કરે ત્યારે તેના હૃદયમાં રહ્યા જે ભગવાન તે દુઃખાય છે, ત્યારે એ ભગવાનના દ્રોહનું અધિક પાપ છે; માટે સંતના દ્રોહનું સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે. અને કંસ, શિશુપાલ, પૂતના એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું, તેનો શો અભિપ્રાય છે જે, એ દૈત્યે વૈરબુદ્ધિએ કરીને પણ ભગવાનનું ચિંતવન કર્યું ત્યારે ભગવાને એમ જાણ્યું જે, ''વૈરબુદ્ધિએ કરીને પણ એ દૈત્યે મારું ચિંતવન કર્યું ને મારા સંબંધને પામ્યા; માટે મારે એનું કલ્યાણ કરવું.' **એવી રીતે એને વિશે ભગવાનની દયાનું અધિકપણું જાણવું. અને વળી એમ જાણવું જે,** 'એ વૈરબુદ્ધિએ કરીને આશર્યા તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું, તો જે ભક્ત ભક્તિએ કરીને એનો આશરો લેશે ને ભગવાનને ભક્તિએ કરીને રાજી કરશે તેનું ભગવાન કેમ કલ્યાણ નહિ કરે ? કરશે જ.' એવી રીતે ભગવાનની દયાનું અધિકપણું જણાવીને મનુષ્યને

ભગવાનની ભક્તિમાં પ્રવર્તાવવા એવો અભિપ્રાય શાસ્ત્રના કરનારાનો છે; પણ એમ નથી જે, 'દૈત્યની પેઠે ભગવાનનું અણગમતું કરવું.' માટે ભગવાનની ઉપર વૈરભાવ રાખીને જે ભગવાનનો દ્રોહ કરે ને અણગમતું કરે તેને તો દૈત્ય જ જાણવા અને એ પક્ષ તો દૈત્યનો છે અને જેમ ભગવાનનું ગમતું હોય તે પ્રમાણે જ વર્તવું. ને ભક્તિ કરવી, ને ભગવાન ને ભગવાનના ભક્તને રાજી કરવા એવો ભગવાનના ભક્તનો પક્ષ છે.''

**પછી શુકમુનિએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! સાધુના હૃદયમાં ભગવાન રહ્યા હોય ને તેના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય ને તેની સેવા કરીએ તો ભગવાનની સેવા થાય, તે સાધુનાં લક્ષણ શાં છે ? તે કહો.''** ત્યારે **શ્રીજી મહારાજ થોડીક વાર વિચારીને કૃપા કરીને બોલ્યા જે,** ''(૧) પ્રથમ તો મોટું લક્ષણ એ છે જે, ભગવાનને ક્યારેય પણ નિરાકાર ન સમજે, સદાય દિવ્ય સાકાર મૂર્તિ સમજે. અને ગમે એટલાં પુરાણ, ઉપનિષદ, વેદ ઈત્યાદિક ગ્રંથનું શ્રવણ થાય ને તેમાં નિરાકારપણા જેવું સાંભળ્યામાં આવે તોપણ એમ જાણે જે, 'કાં તો આપણને એ શાસ્ત્રનો અર્થ સમજાતો નથી ને કાં તો એમાં કેમ કહ્યું હશે, પણ ભગવાન તો સદા સાકાર જ છે.' અને જો સાકાર ન સમજે તો તેની ઉપાસના દૃઢ ન કહેવાય અને સાકાર ન હોય તેને વિશે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય તથા એક દેશને વિશે રહેવાપણું ન કહેવાય. માટે ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિશે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. એવી રીતે જે આ સમજણ તે કોઈ રીતે કોઈ કાળે ડગી ન જાય, સદા એમ જ સમજે; એક તો એ લક્ષણ હોય. (૨) તથા એ ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય અને એ ભગવાનનું જે નામ-સ્મરણ ને કથા-કીર્તનાદિક તેને કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય. (૩) તથા એ ભગવાનના ભક્તમાં રહેવું હોય તેમાં કોઈ સ્વભાવ આડો આવે નહિ અને તે સ્વભાવને મૂકે પણ

ભગવદ્‌ભક્તના સંગનો ત્યાગ ન કરે અને તે પોતાના સ્વભાવને સાધુ ખોદે તો સાધુનો અભાવ ન લે ને પોતાના સ્વભાવનો અવગુણ લેતો રહે પણ કચવાઈને ભકતના સમૂહમાંથી છેટે રહેવાનો કોઈ દિવસ મન ઘાટ પણ ન કરે, એમ ને એમ ભક્તના સમૂહમાં પડ્યો રહે એવો હોય. (૪) તથા સારું વસ્ત્ર, સારું ભોજન, સારું જળ તથા જે જે કોઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તો મન એમ ઘાટ કરે જે, 'આ પદાર્થ હું ભગવાનના ભક્તને આપું તો ઠીક' અને તે પદાર્થ તેને આપે ને રાજી થાય એવો હોય. (૫) તથા ભકતના સમૂહમાં રહેતો હોય ને તેની કોરનું એમ ન થાય જે, 'આ તો કેટલાંક વર્ષ ભેગો રહ્યો પણ એના અંતરનો તો કાંઈ તાગ આવ્યો નહિ ને આ તે કોણ જાણે કેવોય હશે ? એનું તો કાંઈ કળાતું નથી,' એવો ન હોય ને જેવો એ માંહી-બાહેર હોય તેને સર્વે જાણે જે, 'આ તે આવો છે,' એવો જે સરલ સ્વભાવવાળો હોય. (૬) અને શાંત સ્વભાવવાળો હોય તો પણ કુસંગીની સોબત ન ગમે ને તે થાય તો તપી જાય; એવી રીતે વિમુખના સંગની સ્વાભાવિક અરુચિ વર્તતી હોય. **આવે છો લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે એમ જાણવું.** અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરોબર પાપ લાગે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૩૫ ॥

## ॥ વચનામૃત-૩૬મું : કલ્યાણના અસાધારણ સાધનનું ॥

**સંવત્ ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાંથી ઘોડીએ ચઢીને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને તે વાડીને મધ્યે જે ઓટો તે ઉપર વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે સર્વ પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે પ્રશ્ન કર્યો જે,** ''આ જીવને કલ્યાણનું અસાધારણ સાધન શું છે જે, જેને વિશે એ પ્રવર્તે તો એનું

નિશ્ચય કલ્યાણ થાય ને તેમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરે નહિ ? તે કહો. તથા એવા કલ્યાણના સાધનમાં મોટું વિઘ્ન શું છે જે, જેણે કરીને તેમાંથી નિશ્ચય પડી જાય ? તે પણ કહો.'' પછી સર્વેએ પોતાની બુદ્ધિ પ્રમાણે ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું. **ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,** ''**કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે,** પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિશે અનાદિ સાકાર મૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો; ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો, એ કલ્યાણનું અસાધારણ સાધન છે અને એમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી.

અને **એ સાધનને વિશે મોટું વિઘ્ન એ છે જે,** 'શુષ્ક વેદાંતીનો સંગ કરવો.' અને જો એનો સંગ કરે તો તેને શું વિઘ્ન થાય ? તો તેનો સંગ કરનારો જે પુરુષ તેને, તેને વિશે હેત થાય. અને જે હેત થાય તે ગુણે કરીને થાય છે, જેમ કોઈ કે કાળમાં અન્ન આપીને જિવાડ્યો હોય તેની ઉપર હેત થાય, એવી રીતે જે જેણે ગુણ કર્યો હોય તેની ઉપર હેત થાય. તેમ તે શુષ્ક વેદાંતી તે એને એમ ગુણ દેખાડે જે, આત્મા છે તેને જન્મ-મરણ નથી ને તે નિરાકાર છે અને તે ગમે એટલું પાપ કરે તોપણ તેને દોષ ન લાગે. એવો એને ગુણ બતાવીને ભગવાનની મૂર્તિના આકારનું ખંડન કરી નાંખે ત્યારે એને એ મોટું વિઘ્ન થયું; કેમ જે, ભગવાનની મૂર્તિમાંથી પડી ગયો. માટે એ શુષ્ક વેદાંતીનો સંગ ક્યારેય ન કરવો અને એ શુષ્ક વેદાંતી તો મહા અજ્ઞાની છે ને ભગવાનના ભક્તિમાર્ગમાં એવું મોટું કોઈ વિઘ્ન નથી.''

**એટલી વાર્તા કરીને શ્રીજીમહારાજ પાછા દાદા ખાચરના દરબારમાં પધાર્યા ને ઉગમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બેસીને એમ વાર્તા કરી** જે, ''**અમે સર્વ શાસ્ત્રને સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે** અને અમે આ પૃથ્વીમાં સર્વ ઠેકાણે ફર્યા ને તેને વિશે ઘણાક સિદ્ધ દીઠા છે.'' એમ કહીને

ગોપાળદાસજી આદિક સાધુની વાર્તા કરી દેખાડી **ને પછી એમ બોલ્યા જે,** "**હું તો એમ જાણું છું જે,** ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય, પણ તે વિના તો દેખાય જ નહી. અને ઉપાસના વિના આત્મા-બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે ? તો જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તોપણ ક્યારેય ખાટો-ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા-બ્રહ્મ દેખાય જ નહિ; તે ગમે તેટલું જતન કરે તોપણ ન દેખાય. અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે ભલે કહ્યું પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી; માટે એ વાર્તા ખોટી છે." ॥ઈતિ વચનામૃતમ્ ॥૩૬॥

## વચનામૃત-૩૭મું : દરિદ્રપણામાં પણ પ્રથમની ચીજો સાંભરે તેનું

**સંવત્ ૧૮૮૫ના વૈશાખ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત પ્રત્યે એમ વાર્તા કરી જે,** "જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એકવાર થયું હોય ને પછી તેને દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થઈ જાય તોપણ તે જ્ઞાનનો લેશ જાય નહીં. **ત્યાં દૃષ્ટાંત છે :** જેમ કોઈક મોટો રાજા હોય અથવા મોટો લખેશરી શાહુકાર હોય ને તેને પ્રારબ્ધાનુસારે તે અધિકાર છૂટી ગયો ને દરિદ્રપણું આવી ગયું, તેણે કરીને ખડધાન્ય ખાવા મળે અથવા ડોડીની ભાજી મળે તથા કોઠાં, બોરાં, બાફેલી પીપર્યો ઈત્યાદિક જેવું તેવું ખાવા મળે ત્યારે તેને ખાય પણ મોરે જે પોતે ભારે ભારે મેવા ખાધા હોય તથા ભારે મૂલ્ય વાળી ચીજો કોઈને ન મળે

એવી મંગાવીને ખાધી હોય તે સર્વે સાંભરી આવે; ને મનમાં એમ ઘાટ કરે જે, 'એવી એવી ભારે ચીજોને હું મોરે ખાતો ને હવે હું આવું જેવું તેવું અન્ન ખાઉં છું.' એવી રીતે જ્યારે જ્યારે ખાય ત્યારે તે સાંભરી આવે અને જે પ્રથમથી જ જેવું તેવું અન્ન ખાતો હોય ને તેને દરિદ્રપણું વધુ આવે ત્યારે પણ તે જ ખાય, ત્યારે તેને શું સાંભરે ? તેમ જેણે ભગવાનના સ્વરૂપનું સુખ તથા ભગવાનના ભજનનું સુખ પોતાના મનમાં એકવાર યથાર્થપણે જાણ્યું છે ને તેને પછી સમાગમનો યોગ ન રહ્યો ને બહાર નીકળી ગયો તોપણ તે સુખને સંભારતો થકો જ સુખ-દુઃખને પ્રારબ્ધાનુસારે ભોગવે પણ તે સુખને ભૂલી ન જાય અને જેણે ભગવાનનું સુખ જાણ્યું નથી ને તેનો અનુભવ થયો નથી તે, તે શું સંભારે ? એ તો પશુ જેવો છે.

હવે તે **ભગવાનનું જે સ્વરૂપ તેનું જ્ઞાન કહીએ છીએ જે,** 'ભગવાનનો જે આકાર છે તેવો આકાર બીજા દેવ-મનુષ્યાદિક જે પ્રકૃતિમાંથી આકાર થયા છે તે કોઈનો નથી અને ભગવાન વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે ને ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્યપણું નથી ચાલતું એવા ભગવાન છે. ને ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાન જેવો છે, તોપણ તે પુરુષ છે ને ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે ને એમને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી. એવા દિવ્ય મૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે ને ધ્યેય છે અને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે.

અને એ ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિશે રહ્યા થકા જ અન્વયપણે અનેક બ્રહ્માંડને વિશે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિશે તેમના યથાયોગ્ય કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, અને સર્વ જીવના જીવન છે ને એ વિના એ જીવ કાંઈ કરવાને ને ભોગવવાને સમર્થ

નથી થતો અને એ જે ભગવાન તે સિદ્ધેશ્વર છે; જેમ કોઈક સિદ્ધિવાળો પુરુષ હોય તે અહીંયા બેઠો થકો બ્રહ્માના લોકમાં પદાર્થ હોય તેને આ હાથે કરીને ગ્રહણ કરી લે, તેમ ભગવાન એક દેશમાં રહ્યા થકા જ પોતાની યોગકળાના સામર્થ્યે કરીને સર્વે ક્રિયાને કરે છે અને જેમ અગ્નિ જે તે કાષ્ઠને વિશે ને પાષાણને વિશે રહ્યો છે, તે અગ્નિનું સ્વરૂપ બીજી રીતનું છે ને કાષ્ઠપાષાણનું સ્વરૂપ બીજી રીતનું છે; તેમ **ભગવાન સર્વ જીવને વિશે રહ્યા છે, તે ભગવાનનું સ્વરૂપ બીજી રીતનું છે ને તે જીવનું સ્વરૂપ બીજી રીતનું છે.** અને એવી રીતનાં અનંત ઐશ્વર્ય યુક્ત એવા જે એ ભગવાન તે જ પોતે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે. તે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને આવી રીતે થયું હોય ને તે ભગવાનની ભક્તિ કરી હોય ને તે જ્ઞાન-ભક્તિના સુખનો પોતાના જીવમાં અનુભવ એકવાર યથાર્થ થયો હોય તો તેની વિસ્મૃતિ ક્યારેય થાય નહિ. અને ગમે તેવું સુખ-દુઃખ પડે તો પણ તેને વિશે તે ભગવાનના સ્વરૂપના સુખનો જે અનુભવ તે વીસરી જાય નહીં. જેમ તે રાજાને પ્રથમનું પોતાનું સુખ તે દરિદ્રપણામાં પણ વીસરતું નથી તેમ.

અને **આ વાર્તા શા સારુ કરીએ છીએ ?** તો આવો સત્સંગનો યોગ હમણાં તો છે, પણ કદાચિત્ દેશ, કાળ, પ્રારબ્ધના વિષમપણા થકી એવો યોગ ન રહે ત્યારે જો આવી વાર્તા સમજી રાખી હોય તો તેના જીવનું કલ્યાણ થાય અને એને એવો દૃઢ નિશ્ચય હોય તો એને ક્યારેય એમ ન સમજાય જે, 'મારું ક્યારેય અકલ્યાણ થશે.' અને આવો યોગ રહેવો બહુ દુર્લભ છે ને આવી રીતે દેહે વર્તવું તે પણ દુર્લભ છે. કેમ જે, કોઈક દિવસ બાહેર નીકળી જવાય ત્યારે આમ દેહે ન વર્તાય, તોપણ આ વાર્તા સમજી રાખી હોય તો એના જીવનું બહુ સારું થાય; માટે આ વાર્તા કરી છે.'' ॥ઈતિ વચનામૃતમ્ ॥૩૭॥

## ॥ વચનામૃત-૩૮મું : સાંખ્યાદિકનું - સદાય સુખિયાનું ॥

**સંવત્ ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને**

વિશે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર-વિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે,** 'માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકાર-માત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે અને ભગવાનના અક્ષરધામને વિશે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે અને તે અક્ષરધામને વિશે રહ્યા જે એ ભગવાન તે જે તે, તે મુક્તપુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્તપુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ **પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.**'"

અને વળી **શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે,** "એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિશે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિશે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય **એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ**

Index



**નહિ; માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.** ને નિવૃત્તિપર થવું ને બરોબરિયાની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંઘાથે પોતાના જીવને જડી દેવો ને તેનાં વચનમાં મન-કર્મ-વચને વર્તવું ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.'' ॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૮॥૨૬૧ ॥

## ॥ વચનામૃત-૩૯મું : વિશલ્યકરણી ઔષધિનું ॥

**સંવત્ ૧૮૮૬ના અષાઢ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

**પછી શ્રીજી મહારાજે** સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી આગળ વાર્તા કરી જે, **''ભગવાનની માયા તે કઈ છે ?** તો **'દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ' એ જ માયા છે, તે એ માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય.** અને **'એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી' એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.** તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો અને હનુમાન, નારદ, પ્રહ્લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે, **'અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિશે પ્રીતિ થજો અને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને એ સાધુને વિશે હેત ને મમત્વ થજ્યો;'** માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું અને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.

અને **ભગવાનનો** જે **ભક્ત હોય તેને આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના**

**માહાત્મ્યનું બળ, એ બે બળ જોઈએ. તે આત્મનિષ્ઠા તે શું ?** તો પોતાના આત્માને દેહથી પૃથક જાણવો. અને સાધુ ભેળા રહેતા હોઈએ તેમાં પરસ્પર કોઈક નિમિત્તે બોલાચાલી થાય તથા કોઈક જાતનો અહં-મમત્વ થાય તથા માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા એ આદિક અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે જો આત્મા પોતાને ન જાણતા હોઈએ તો સાધુનો અવગુણ આવે ને તેમાંથી એનું બહુ ભૂંડું થાય; માટે પોતાને દેહથી પૃથક આત્મા જાણવો. અને તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી, એવો છે. અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે ને જાણપણે યુક્ત છે અને તે અગ્નિની જ્વાળા તથા સૂર્યનાં કિરણ તે તો જડ છે. કેમ જે, તેને આંગળી અડાડીએ તો ખસે નહિ અને કીડી હોય ને તેને આંગળી અડાડીએ તો ખસીને અવળી ચાલે; માટે આત્મા તે જાણપણે યુક્ત છે. અને એને સૂર્ય, અગ્નિ જેવો કહીએ છીએ. તે તો એનો આકાર એવો તેજસ્વી છે તે માટે કહીએ છીએ અને એ આત્મા અનેક યોનિને પામ્યો છે અને એમ કહેવાય છે જે, 'જેટલું સમુદ્રનું પાણી છે તેટલું એ જીવ પોતાની માતાનું દૂધ ધાવ્યો છે.' અને ત્યાં ત્યાં અનેક પ્રકારે મરાણો છે તોપણ મર્યો નથી, જેવો છે તેવો ને તેવો જ છે. અને એ અજ્ઞાન અવસ્થામાં પોતાને દેહરૂપે માનતો હતો ત્યારે પણ ન મર્યો, તો હવે આપણે એનું જ્ઞાન થયું ત્યારે તો એ કેમ મરશે ? એવો જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનવું.

**અને ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું ?** તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી. તે કહ્યું છે જે, **....'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા ત્વમપિ યદન્તરાણ્ડનિચયા નનુ સાવરણાઃ ।'** અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત તેણે યુકત પૃથ્વીની રચના હોય તથા ચૌદલોકની રચના હોય તથા અષ્ટ

આવરણની રચના હોય ઈત્યાદિક સામગ્રીએ સહિત જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે અને જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તોપણ તેની કેટલી મોટ્યપ જાણ્યામાં આવે છે ! અને ભગવાનને તો એવાં બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ જ મોટ્યપ છે અને તે બ્રહ્માંડને વિશે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઈ નથી, અતિ તુચ્છ છે.

**અને તે ભગવાને એ બ્રહ્માંડને વિશે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે તે સુખ કેવું છે ?** તો એ સુખને સારુ કેટલાક પોતાનાં માથાં કપાવે છે એવું મહા-દુર્લભ જેવું જણાય છે. ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે અને પ્રાકૃત વિષયસુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે તથા પૃથક્ પૃથક્ છે; અને જે ભગવાન છે તે તો સર્વે સુખમાત્રના રાશિ છે ને એ ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે. અને જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશય તુચ્છ કહેવાય ને પોતે જમતો હોય તે મહા સુખમય કહેવાય; તેમ ભગવાને બ્રહ્માંડને વિશે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે ને પોતાને વિશે જે સુખ છે તે તો મહામોટું છે અને વળી સુષુપ્તિ અવસ્થાને વિશે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે, તે ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે.

**અને વળી એ ભગવાનનાં ચરણકમળની રજને** બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે ને તેમાં કેવું ડહાપણ કર્યું છે ? જે જુઓને, 'માણસમાંથી માણસ થાય છે,

પશુમાંથી પશુ થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે, કીડામાંથી કીડો થાય છે. અને માણસનાં અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય તોપણ તે અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય; ઈત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે. એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણીને તથા ભગવાનને સુખમય મૂર્તિ જાણીને બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે.

અને **એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય** ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત્ બંધાઈ ગયો હોય તોપણ તેમાં બંધાઈ રહે નહિ, તેને તોડીને નીકળે જ રહે છે; અને જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને તે ન બંધાય એમાં તે શું કહેવું ? માટે એ બે પ્રકારના જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો. **જેમ કોઈક શૂરવીર ને આકરો માણસ હોય** ને તેનો કોઈક પ્રતિપક્ષી હોય, તેણે તેનો બાપ મારી નાખ્યો હોય તો તેની તેને બહુ દાઝ્ય થાય ને તે દાઝ્ય થતી હોય ને વળી તેનો દીકરો મારી નાખે ને વળી ભાઈને મારી નાખે ને વળી બાયડીને લઈ જાય ને વળી માને લઈને મુસલમાનને આપે ને વળી ગામગરાસ ઝૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ તેમ એને બહુ મનમાં દાઝ્ય થાય ને જાગ્રત-સ્વપ્નમાં સર્વકાળે એને એ વાતનો જ આલોચ રહે. તેમ જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય અને એને ગમે તેવો આપત્કાળ પડે તો તેને વિશે એની સહાય કરે અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પિવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયાં; તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઈન્દ્રિયોને વિષયોભોગની ઈચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વે નીકળી જાય; કહેતાં વિષયભોગમાંથી એની ઈન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે.

અને **સત્સંગી પણ એને જ કહીએ.** કેમ જે, સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ. અને આ બે પ્રકારે જે વાર્તા છે તેને દૈવી જીવ સાંભળે ત્યારે તેના હૃદયમાં લાગીને રગરગમાં પ્રવર્તી જાય અને જે આસુરી જીવ હોય ને તે સાંભળે ત્યારે તેને તો કાનથી બાહેર જ નીકળી જાય પણ હૃદયમાં ઊતરે નહિ. જેમ શ્વાન હોય ને તે ખીર ખાય તે તેના પેટમાં રહે જ નહિ, વમન થઈ જાય. ને ખીર જેવું કાંઈ ભોજન સરસ ન કહેવાય, તોપણ તે શ્વાનના પેટમાં રહીને રગરગમાં પ્રવર્તે નહિ; ને તે ખીર માણસ ખાય ત્યારે તેને પેટમાં રહેને રગરગમાં પ્રવર્તે ને બહુ સુખ થાય. તેમ શ્વાન જેવો જે આસુરી જીવ તેના હૃદયમાં તો આ વાત પેસે જ નહિ ને માણસ જેવો જે દૈવી જીવ તેના હૃદયમાં ઊતરે ને રગરગમાં વ્યાપી જાય.

અને **વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે** અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તોપણ તે ભગવાન જેવા તો થતા જ નથી. ને જો એ ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય, ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે, એક ભગવાન કહેશે, હું જગતની ઉત્પત્તિ કરીશ ને બીજો કહેશે, હું જગતનો પ્રલય કરીશ; અને વળી એક ભગવાન કહેશે, હું વરસાદ કરીશ ને બીજો કહેશે, હું નહિ કરું અને એક કહેશે, હું માણસના ધર્મ પશુમાં કરીશ અને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ; એવી રીતે સ્થિતિ ન રહે અને આ તો જુઓને, જગતમાં કેવી રીતે બરાબર અદલ પ્રમાણે સર્વત્ર ક્રિયાની પ્રવૃત્તિ થાય છે ! પણ તલભાર પણ ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે તથા ભગવાન સંઘાર્થે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી; માટે ભગવાન તે એક જ છે પણ બીજો એ જેવો થતો નથી.

અને **આ સર્વે વાત કરી તે થોડીક છે પણ એમાં સર્વે વાત આવી ગઈ** અને આ

વાતનું જે રહસ્ય છે, તે જે ડાહ્યો હોય તેને સમજાય પણ બીજાને સમજાય નહીં અને આટલી વાત સમજીને જેણે દૃઢ કરી તેને સર્વે વાત સંપૂર્ણ થઈ, એને કાંઈ કરવું બાકી ન રહ્યું. અને આવી રીતે જે અમે વાત કરી તેને સાંભળીને, ને તે વાતની જે ભગવાનના ભક્તને દૃઢતા હોય તેનો સંગ રાખવો, તો એને આ વાર્તાની દિવસે દિવસે દૃઢતા થતી જાય.

અને **આ વાત અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા** તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ. કેમ જે, અમારે સ્ત્રી-ધનાદિક પદાર્થનો ભારે યોગ છે તથા પંચવિષયનો ભારે યોગ છે તથા સુરત, અમદાવાદ, વડોદરે, વરતાલે જઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગાં થાય છે ને તે માને છે તથા વાજતે-ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે તથા ત્યાં ત્યાં ભારે ભારે જાયગાઓ જોયામાં આવે છે તથા ભારે વસ્ત્ર-વાહનાદિકનો યોગ થાય છે; એ સર્વે છે તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ ત્યારે એ સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય છે ને એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી ને પૂર્વ દેહની જેમ વિસ્મૃતિ છે તેમ એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે.

**માટે એ બે વાત અમારે સિદ્ધ થઈ છે તે સારુ એમ અમારે વર્તાય છે.** અને બીજો પણ જો એ બે વાતને સિદ્ધ કરે તો તેને કદાચિત્ એવો કોઈક યોગ થઈ જાય તોપણ એને એમ વર્તાય; **માટે આ વાત અવશ્ય સમજવાની છે.**'' એવી રીતે શ્રીજી મહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારુ પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનારાયણ છે. **॥ ઈતિ વચનામૃતમ્ ॥૩૯॥૨૬૨॥**

## ॥ શ્રી ગઢડા અંત્ય પ્રકરણમ્ સમાપ્તમ્ ॥

।। શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

એવી રીતે આ જે સર્વે શ્રીજીમહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ એ ચાર સાધુઓએ ભેળા થઈને જેમ સાંભળ્યું છે અને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે અને શ્રીજી મહારાજ જે તે દિવસ-દિવસ પ્રત્યે આવી આવી રીતની અનેક પ્રકારની વાર્તાને કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રીગઢડાને વિશે વિરાજતા હવા.

मुक्तानंदश्च गोपालानन्दो मुनिरुदारधीः ।
नित्यानंदशुकानन्दौ चत्वारो मुनयस्तु ये ।।१।।
एतैः सङ्गत्य लिखितानीत्थं धर्मजनेर्हरेः ।
वचोऽमृतानि सर्वाणि यथामति यथाश्रुतम् ।।२।।
तत्रादौ दुर्गनगरे स्वामिनोक्तानि तेन तु ।
अष्टसप्ततिसङ्ख्यानि तानि सन्तीष्टदानि हि ।।३।।
प्रोक्तानि च ततस्तेन सारङ्गपुरसंज्ञके ।
ग्रामेऽष्टादशसङ्ख्यानि तानीष्टानि भवन्ति हि ।।४।।
तेनोक्तानि ततस्तानि ग्रामे कार्यायनाभिधे ।
सन्ति द्वादशसङ्ख्यानि सर्वसौख्यकराणि हि ।।५।।
लौहाभिधे ततो ग्रामे तानि प्रोक्तानि तेन च ।
सन्त्यष्टादशसङ्ख्यानि भक्ताभीष्टप्रदानि हि ।।६।।
ग्रामे पञ्चालसंज्ञेऽथ तेन तान्युदितानि वै ।
सन्त्येकान्तिकभक्तानां प्रेष्ठानि सप्तसङ्ख्यया ।।७।।
पुनर्दुर्गपुरे तेन स्वामिना कथितान्यथ ।
सन्ति तानि सप्तषष्टिसङ्ख्यातानि हि तत्त्वतः ।।८।।
ततो वृत्तालयपुरे तेन धर्मसुतेन च ।
तानि विंशतिसङ्ख्यानि कथितानि भवन्ति हि ।।९।।

ततः श्रीनगरे तानि प्रोक्तानि त्रीणि तेन च ।
श्रीभक्तिधर्मपुत्रेण सन्ति भक्तप्रियाणि हि ॥१०॥
कथितानि पुनस्तेन स्वामिना दुर्गपत्तने ।
तानि सन्त्येकोनचत्वारिंशत्सङ्ख्यानि तत्त्वतः ॥११॥
एवं हि तानि सर्वाणि मितानि द्विरसाक्षिभिः ।
सन्ति संलिखितानि श्रीमहाराजनिदेशतः ॥१२॥
इमानि ये पठिष्यन्ति श्रोष्यन्ति चादराज्जनाः ।
भविष्यति हरौ तेषां भक्तिरेकान्तिकी ध्रुवम् ॥१३॥
आप्याययन्निजजनान् स्वकीयवचनामृतैः ।
जयति श्रीहरिः स्वामी श्रीमद्दुर्गपुरे प्रभुः ॥१४॥
स्वधर्मस्य च जीवात्मज्ञानस्य विरतेस्तथा ।
माहात्म्येन सह स्वीयज्ञानभक्त्योर्यथार्थतः ॥१५॥
लक्षणानि स्वभक्तेभ्यो य उवाच दयानिधिः ।
नानाविधैः प्रसङ्गैस्तं नमामो भक्तिनन्दनम् ॥१६॥
निजैर्वचोऽमृतैर्लोकेऽतर्पयद्यो निजाश्रितान् ।
प्रीतो नः सर्वदा सोऽस्तु श्रीहरिर्धर्मनन्दनः ॥१७॥
तद्वचोऽमृतपातारो ये स्युस्तत्पदसंश्रयाः ।
सत्सङ्गिनः प्रसन्नास्ते भवन्त्वस्मासु सर्वदा ॥१८॥

॥ इति श्रीभक्तिधर्मात्मजश्रीसहजानन्दस्वामिवचनामृतानि संपूर्णानि ॥

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# ખગોળ-ભૂગોળનું વચનામૃત

શ્રીજી મહારાજે અષાઢી વર્ષ ૧૮૬૩ ના કાર્તિક સુદી ૧ થી પ્રબોધિની એકાદશીની અંદર ગઢડામાં ભક્તિબાગમાં હરમાના વૃક્ષતળે બેસીને શુકાનંદ મુનિપાસે હરિજનો ઉપર ભુદ્વિપખંડ, યુગપરિમાણ અને પ્રલયવર્ણનપૂર્વક ભરતખંડમાં મનુષ્ય જન્મની દુર્લભતા વર્ણવી તેનાથી અન્ય લૌકિક પ્રવૃત્તિનો આગ્રહ નહિ કરતા મોક્ષરૂપી કાર્યસિદ્ધ કરી લેવાના ઉદ્દેશી પત્ર લખાવેલો. તે વાત હરિલીલામૃતના દ્દઠ્ઠા કળશમાં ૧૧-૧૨ વિશ્રામમાં વર્ણવી છે. આ તેજ આનુપૂર્વીવાળો હશે કે અન્યથા હશે તેનો વિચાર કર્યા વિના ઉપયોગનો જાણી પૃથક છપાવ્યો છે.

**શ્રીમદ્ ભાગવતાદિક સદ્ગ્રંથોને વિશે લખ્યું છે જે, ભરતખંડમાં મનુષ્યનો દેહ પામવો તે અતિ દુર્લભ છે, ચિંતામણિ તુલ્ય છે. જે દેહને ઈન્દ્રાદિક દેવતા ઈચ્છે છે. તે દેવતાને વિષય ને વૈભવ-વિલાસ ને આયુષ તે તો મનુષ્યના થકી ઘણું અધિક છે, પણ ત્યાં મોક્ષનું સાધન નથી થાતું. મોક્ષનું સાધન તો ભરતખંડને વિશે મનુષ્યદેહ પામ્યા થકી થાય છે, તે વિના બીજે કોઈ ઠેકાણે ને કોઈ દેહને વિશે થાતું નથી. એ હેતુ માટે સર્વ દેશથી મૃત્યુલોકમાં ભરતખંડને વિશે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે, તેને તુલ્ય બીજું કોઈ ચૌદલોકમાં સ્થાનક નથી.**

**તે ચૌદલોકનાં નામ :** આ **મૃત્યુલોક** છે, તેથી ઊર્ધ્વ છ લોક છે. તેમાં (૧) પ્રથમ **ભુવરલોક** છે , તેમાં મલિન દેવ રહે છે. તેથી ઊર્ધ્વ (૨) બીજો **સ્વર્ગલોક** છે, તેમાં ઈન્દ્રાદિ દેવ રહે છે. તેથી ઊર્ધ્વ (૩) ત્રીજો **મહરલોક** છે, તેમાં અર્યમાદિ પિત્રિદેવ રહે છે. તેથી ઊર્ધ્વ (૪) ચોથો **જનલોક** છે, તેથી ઊર્ધ્વ (૫) પાંચમો **તપલોક** છે, એ બે લોકમાં ભૃગ્વાદિ ઋષિ રહે છે. તેથી ઊર્ધ્વ (૬) છઠ્ઠો **સત્યલોક** છે, તેમાં બ્રહ્મા રહે છે. એ સત્યલોક સહિત (આદિ મૃત્યુલોક) (૭) સાત લોક છે.

**તે મૃત્યુલોકથી અધો જે હેઠા સાત લોક છે.** તેમાં (૧) પ્રથમ તો **અતળ**, (૨) બીજો **વિતળ**, (૩) ત્રીજો **સુતળ**, એ ત્રણને વિશે દૈત્ય રહે છે. તેથી હેઠો **તળાતળ**(૪), બીજો **મહાતળ** (૫), ત્રીજો **રસાતળ** (૬), એ ત્રણમાં નિશાચર રહે છે એને હેઠા કહ્યા તેથી હેઠો (૭) સાતમો **પાતાળ** છે, તેમાં સર્પ રહે છે. એ સાત લોક તે મૃત્યુલોકથી હેઠા છે. તે સહિત સર્વ થઈને ચૌદ લોક થયા. તેમાં **મૃત્યુલોક છે તે શ્રેષ્ઠ છે.**

**તે મૃત્યુલોકના સાત દ્વીપ છે,** તે ચક્રાકાર છે ને તેને મધ્યે **જંબુદ્વીપ** છે (૧), તે એક લક્ષ જોજનનો છે. તેને ફરતો ખારા જળનો સમુદ્ર છે, તે પણ એક લાખ જોજનનો છે. તેથી (૨) બીજો **પ્લક્ષ** નામે દ્વીપ છે, તે બે લાખ જોજનનો છે. તેને ફરતો સમુદ્ર તે પણ બે લાખ જોજનનો છે. તેનું જળ ઈક્ષુ જે શેરડીના રસ જેવું છે. ને તેથી (૩) ત્રીજો **શાલ્મલિદ્વીપ** છે, તે ફરતો છે તે ચાર લાખ જોજનનો છે. તેને ફરતો સમુદ્ર છે તે ચાર લાખ જોજનનો છે. તેનું જળ તે સુરા જે દારૂ તેના જેવું છે. તેથી (૪) ચોથો **કુશદ્વીપ** છે, તે ફરતો છે ને તે આઠ લાખ જોજનનો છે ને તેવડો ફરતો સમુદ્ર છે ને તેનું જળ ઘૃત જે ઘી તે જેવું છે. ને તેથી (૫) પાંચમો **ક્રૌંચદ્વીપ** છે, તે સોળ લાખ જોજનનો છે ને તેવડો ફરતો સોળ લાખ જોજનનો સમુદ્ર છે. તેનું જળ તે ક્ષીર જે દૂધ તે જેવું છે. તેથી (૬) છઠ્ઠો **શાકદ્વીપ** છે, તે બત્રીસ લાખ જોજનનો છે, તેને ફરતો સમુદ્ર છે તે તે જેવડો છે. તેનું જળ તે દધિ મંડોદ જે દહીં તેના ઘોળવા જેવું છે. તેથી (૭) સાતમો **પુષ્કરદ્વીપ** છે, તે ચોસઠ લાખ યોજનનો છે. ને તેને ફરતો સમુદ્ર છે. તે પણ ચોસઠ લાખ જોજનનો છે. તેનું જળ જે સુધા જેવું મીઠું છે. એવી રીતે સાત દ્વીપ છે.

**તેમાં આ જંબુદ્વીપ છે તે શ્રેષ્ઠ છે ને તે જંબુદ્વીપના નવ ખંડ છે.** તે કેમ છે ? તો એ દ્વીપ છે તેને મધ્યે સુવર્ણનો મેરુ પર્વત છે. તે પર્વતની તલાટીમાં ચારે પાસે ફરતો એક **ઈલાવર્ત** નામે ખંડ છે; તેમાં સંકર્ષણની ઉપાસના છે ને ત્યાં

શિવજી મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી પશ્ચિમ દિશાએ એક **કેતુમાળ** નામે ખંડ છે ને તેનું સુભગ એવું બીજું પણ નામ છે; ને તેમાં પ્રદ્યુમ્નની ઉપાસના છે ને ત્યાં લક્ષ્મીજી મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી ઉત્તર દિશાએ ત્રણ ખંડ છે. તેમાં પ્રથમ **રમ્યક** નામે ખંડ છે, તેમાં મત્સ્ય ભગવાનની ઉપાસના છે ને ત્યાં સાવર્ણિ મનુ મુખ્ય ભક્ત છે. ને તેથી ઉત્તરમાં બીજો **હિરણ્યમય** ખંડ છે ને તેમાં કૂર્મજીની ઉપાસના છે ને ત્યાં અર્યમા મુખ્ય ભક્ત છે. ને તેથી ઉત્તરમાં બીજો **કુરુખંડ** છે ને તેમાં વારાહની ઉપાસના છે ને ત્યાં પૃથ્વી મુખ્ય ભક્ત છે. એ પાંચ ખંડ થયા. ને વળી તે મેરુથી પૂર્વ દિશામાં **ભદ્રાશ્વ** નામે ખંડ છે ને ત્યાં હયગ્રીવની ઉપાસના છે ને તેમાં ભદ્રશ્રવા નામે મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી દક્ષિણ દિશામાં ત્રણ ખંડ છે. ને તેમાં પ્રથમ **હરિવર્ષ** ખંડ છે, તેને વિશે નૃસિંહજીની ઉપાસના છે ને પ્રહ્લાદજી મુખ્ય ભક્ત છે. ને તેથી દક્ષિણ દિશામાં બીજો; **કિંપુરુષ** નામે ખંડ છે, તેમાં રામ-લક્ષ્મણજીની ઉપાસના છે, ત્યાં હનુમાનજી મુખ્ય ભક્ત છે. ને તેથી દક્ષિણ દિશામાં ભરતખંડ છે ને તેમાં નરનારાયણ દેવની ઉપાસના છે ને ત્યાં નારદજી મુખ્ય ભક્ત છે.

એવી રીતે આ જંબુદ્વીપ તેના નવ ખંડ કહ્યાં. તેમને વિશે **ભરતખંડ છે તે અતિ શ્રેષ્ઠ છે. તે શા હેતુ માટે ?** તો બીજા આઠ ખંડ છે તેમાં ભોગવિલાસનાં સુખ તો ઘણાં અધિક છે પણ મોક્ષનું સાધન ત્યાં થાતું નથી. ને મોક્ષનું સાધન તે તો એક ભરતખંડમાં જ થાય છે. તે હેતુ માટે આ ભરતખંડને તુલ્ય ચૌદ લોકને વિશે બીજું કોઈ ઠેકાણું નથી.

અને વળી **ભરતખંડ છે તેમાં પણ તેર દેશ છે તે અનાર્ય કહેતાં કઠોર છે. તે કહીએ છૈયે :** ૧) એક તો બંગાળ, (૨) બીજો નેપાળ, (૩) ત્રીજો ભૂટ, (૪) ચોથો કામાક્ષી, (૫) પાંચમો સિંધ, (૬) છઠ્ઠો કાબુલ, (૭) સાતમો લાહોર, (૮) આઠમો મુલતાન, (૯) નવમો ઈરાન, (૧૦) દશમો

અસતંબોલ, (૧૧) અગિયારમો અરબસ્તાન, (૧૨) બારમો સ્વાલ, (૧૩) તેરમો પિલપિલામ- એ તેર દેશ મલિન છે, તેમાં જે મનુષ્યદેહ પામે તેને મોક્ષના દાતા એવા જે સદ્‌ગુરુ તેનો જોગ મળવો ને મોક્ષના ધર્મને સમજવું તે ઘણું કઠણ છે.

**હવે બીજા સાડાબાર દેશ છે તે આર્ય કહેતાં ઉત્તમ છે.** તેમનાં નામ જે, પ્રથમ તો (૧) એક **પૂર્વ**, (૨) બીજો **વ્રજ**, (૩) ત્રીજો **માલવ**, (૪) ચોથો **મારુ** , (૫) પાંચમો **પંજાબ**, (૬) છઠ્ઠો **ગુજરાત**, (૭) સાતમો **દક્ષિણ**, (૮) આઠમો **મલબાર**, (૯) નવમો **તિલંગ**, (૧૦) દશમો **દ્રાવિડ**, (૧૧) અગિયારમો **બારમલાર**, (૧૨) બારમો **સોરઠ**, (અને) અરધો **કચ્છ**.

– એ સાડાબાર દેશ ઉત્તમ છે. તેમાં સદ્‌ગુરુ ને બ્રહ્મવેત્તા સંત છે તેમનું પ્રગટપણું ઘણું રહે છે. ને તે દેશમાં મનુષ્યદેહ પામે છે તેમને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ સમજાય એમ છે ને મોક્ષના માર્ગને જાણે એમ છે. તે કેમ જાણે ? તો એ જે ઉત્તમ દેશ છે તેને વિશે ભગવાનના અવતાર ઘણાક થાય છે એટલા માટે એ દેશ શ્રેષ્ઠ છે.

**અને ભરતખંડના સર્વ મનુષ્ય છે તે મોક્ષનો ઉપાય કરે તો મોક્ષ થાય એમ છે ને ન કરે તો ન થાય.** માટે જે વિવેકી છે તેને હિંસાદોષ રહિત થઈને કુસંગનો ત્યાગ કરી સદ્‌ગુરુ ને બ્રહ્મવેત્તા સંતનો આશ્રય કરીને તેમને સેવવા. ને **તે સદ્‌ગુરુ ને સંત તેમનાં લક્ષણ સદ્‌ગ્રંથને વિશે લખ્યાં છે જે, ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ આદિક શુભ ગુણ સંપન્ન હોય તેને ઓળખીને તેનો આશ્રય કરવો ને તે કહે તેવી રીતે તેનાં વચનમાં પોતાનાં દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તે રાખવાં ને ભગવાનનું ભજન કરવું – એ જ મોક્ષનું સાધન છે.** તે જેણે ભૂતકાળે કીધું ને વર્તમાન કાળે કરે છે ને ભવિષ્યકાળે કરશે તેને અમૂલ્ય મનુષ્યદેહનો લાભ થયો એમ જાણવું ને તેને સમજુ ને મોટો જાણવો. અને એમ નથી સમજતો ને તુચ્છ સંસારના સુખમાં લોભાઈને કાળના કોળિયા એવા જે ખોટા મતવાદી

ગુરુ તેનાં વચન માનીને આવો મનુષ્યદેહ અમૂલ્ય છે તેને ખુવે છે; ને તે જ જક્તમાં તો ડાહ્યા કહેવાતા હોય તથા સમજુ કહેવાતા હોય તથા મોટા કહેવાતા હોય ને તેની જગતમાં યશ-કીર્તિ ઘણી હોય તે તો સર્વ સ્વપ્ન તુલ્ય છે. તેને સાચું માનીને તેમાં મોહ પામ્યા છે ને મોક્ષનો ઉપાય નથી સમજતા તો તેને બ્રહ્મવેત્તા સાધુ ને સદ્‌ગ્રંથ છે તે તેમને મૂર્ખ કહે છે, આત્મઘાતી કહે છે ને તેમને પાછો ફરીને આવો મોક્ષક્ષેત્રમાં મનુષ્યનો દેહ મળવો તેનો વિલંબ તો ઘણો છે.

**તે સદ્‌ગ્રંથને અનુસારે લખ્યું છે જે,** આપણાં વર્ષ ૬૬૬ છસો ને છાસઠ ને માસ ૮ આઠ જાય છે ત્યારે બ્રહ્માનો ૧ એક **લવ** થાય છે.

એવા ૬૦ સાઠ લવનો એક **નિમિષ** તે આપણા ૪૦,૦૦૦ ચાલીસ હજાર જાય ત્યારે બ્રહ્માનું એક નિમિષ થાય.

એવા ૬૦ સાઠ નિમિષનું ૧ એક **પળ**, તે આપણાં વર્ષ ૨૪,૦૦,૦૦૦ ચોવીસ લાખ જાય ત્યારે બ્રહ્માનું ૧ એક પળ થાય.

એવા ૬૦ સાઠ પળની ૧ એક **ઘડી**,

તે આપણાં વર્ષ ૧૪,૪૦,૦૦,૦૦૦ ચૌદ કરોડ ને ચાળીશ લાખ જાય ત્યારે બ્રહ્માની ૧ એક ઘડી થાય છે.

એવી ૩૦ ત્રીસ ઘડીનો ૧ એક **દિવસ**, તે આપણાં વર્ષ ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ ચાર અબજ ને બત્રીશ કરોડ થાય ત્યારે બ્રહ્માનો ૧ એક દિવસ થાય છે.

**તે ચાર જુગની (૧) એક ચોકડી;**

૧૭,૨૮,૦૦૦ સત્તર લાખ ને અઠ્ઠાવીસ હજાર સતયુગ,

૧૨,૯૬,૦૦૦ બાર લાખ ને છન્નું હજાર ત્રેતાયુગ,

૮,૬૪,૦૦૦ આઠ લાખ ને ચોસઠ હજાર દ્વાપર,

૪,૩૨,૦૦૦ ચાર લાખ ને બત્રીશ હજાર કળિનાં.

૪૩,૨૦,૦૦૦ ત્રેતાલીશ લાખ ને વીસ હજાર વર્ષ થાય ત્યારે ૧ એક **ચોકડી** થાય. એવી **બ્રહ્માના એક દિવસમાં ૧ એક હજાર ચોકડી યુગની થાય** છે. તે બ્રહ્માના ૧ એક દિવસમાં ૧૪ ચૌદ મનુ ને ૧૪ ચૌદ ઈન્દ્ર તે તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે.

૧ એક મનુ ને ૧ એક ઈન્દ્ર આપણાં વર્ષ ૩૦,૮૫,૭૧,૪૨૮ ત્રીસ કોટિ ને પંચાશી લાખ ને ઈકોતેર હજાર ને ચારશો ને અઠ્ઠાવીશ ને તે ઉપરાંત માસ ૬ છ ને દિવસ ૨૫ પચીસ, ઘડી ૪૨ બેતાલીસ, પળ ૫૧ એકાવન, નિમિષ ૨૫ પચીસ, લવ ૪૨ બેતાલીસ ને ઉપરાંત ૧૨ બાર લવનો ચૌદમો ભાગ એટલું એક એક રહીને ચૌદ ઈન્દ્ર થઈ જાય છે. તે બ્રહ્માના લવ-નિમિષાદિક સર્વ દિવસમાં ઊપજીને નાશ થાય છે; તેનું નામ **પ્રથમ નિત્યપ્રલય** કહેવાય છે.

ને તે બ્રહ્માની એક રાત્રિ થાય છે ત્યારે બ્રહ્મા સૂવે છે ત્યારે સ્વર્ગ, મૃત્યુ, પાતાળ એ ત્રિલોકીનો નાશ થાય છે. તે જેવડો દિવસ છે તેવડી રાત્રિ છે, તે આપણાં વર્ષ ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ આઠ અબજ ને ચોસઠ કરોડ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ થઈને એક દિવસ થાય છે. તે દિવસ દિવસ પ્રતિ નાશ થાય છે ને દિવસાંતરે પાછું ફરે છે ને તે નાશ થાય છે. તેનું નામ **બીજો નિમિત્તપ્રલય કહેવાય છે.** એ બ્રહ્માના એક દિવસની અવધિ કહી.

એવા ત્રીસ દિવસનો એક માસ. એવા બાર માસનું એક વર્ષ. એવાં ૧૦૦ સો વર્ષ બ્રહ્મા દેહ રાખે છે. તે બ્રહ્મા દેહ મૂકે ત્યારે એ ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે, ત્યારે પ્રકૃતિથી ઊપજ્યું કારજ તે સર્વ પ્રકૃતિમાં લય પામે છે. **એ ત્રીજો પ્રાકૃતપ્રલય કહેવાય છે.**

ચોથો આત્યંતિક પ્રલય થાય છે ત્યારે તો અનંતકોટિ બ્રહ્માંડનો નાશ થાય છે. તે દિવસે તો પ્રધાનપુરુષનું કારણ એ જે પ્રકૃતિપુરુષ તે પોતાને વિશે અનંત બ્રહ્માંડને પ્રતિલોમ કરીને પોતે અક્ષરપુરુષના તેજમાં લીન થાય છે. **તેનું નામ ચોથો આત્યંતિકપ્રલય કહેવાય છે.**

તે પ્રલયકાળે જેમ પ્રતિલોમ થાય છે તેમ ઉત્પત્તિકાળે અનુક્રમે તેથી અનુલોમ જ ઊપજે છે. એ તો ચાર પ્રકારના પ્રલયનું કહ્યું પણ ત્રીજો પ્રાકૃતપ્રલય તે બ્રહ્માની આયુષ અવધિનો કીધો. એવા સાડી ત્રણ્ય કોટિ પ્રાકૃત પ્રલય થઈ જાય છે ત્યારે એ જીવ છે તે આવો મનુષ્યદેહ પામ્યો હોય; તે દેહ વૃથા - ખોટા માયિક સુખ ને મતવાદી ગુરુને આશરે રહીને હારે છે. તે જીવ યમયાતના ને નરકકુંડનાં દુઃખ ને લખચોરાસી જાતના જે દેહ છે તેનાં દુઃખ ભોગવીને તેમાં ફરીને પાછો સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય કહ્યા એવા થશે ત્યારે ફરીને મોક્ષક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે; એટલો ફરીને મનુષ્યદેહ પામવાનો વિલંબ છે.

માટે હે ભાઈ ! **સૂઝે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ ને સંત તેનો આશ્રય કરીને તેની આજ્ઞામાં પોતાનો દેહ ને ઈન્દ્રિયો ને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામને પહોંચો.**

ને જો આજ એ વાત નહિ સમજો ને આવો મનુષ્યદેહ મોક્ષનાં સાધનનું ધામ છે તે વૃથા હારશો તો ફરી પાછો આવો જોગ મળવાનો વિલંબ તો મોરે લખ્યો એટલો છે. તે પ્રમાણે ભોગવીને તે અવધિ પૂરી થાશે તે દિવસ જોગ મોક્ષ થાવાનો થાશે. તે દી જો વિચારશો તો થાશે ને નહિ વિચારો તો તે દી પણ મોક્ષ થાશે નહિ; એ સિદ્ધાંત વાર્તા છે. સમજુ હોય તે વિચારજો ને મૂરખને માથે તો શ્રુતિ-સ્મૃતિની આમન્યા નથી; તે તો કોઈ એ વાતને સમજશે નહિ. **।। શ્રીરસ્તુ ।।**

## વચનામૃતમાં શ્રીજી મહારાજના મુખે બોલાયેલા પ્રસાદિભૂત

# સંસ્કૃત શ્લોકની યાદી (ગુજરાતી ભાષાંતર તથા શાસ્ત્ર સંદર્ભ સહિત)

ગ.પ્ર.૧ **अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति।**
**तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति।।**

(પાનું ૨) અન્ય સ્થળે કરેલું પાપ તીર્થક્ષેત્રમાં નાશ પામે છે; પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ (સમાન) થાય છે. અર્થાત્ કોઈ રીતે ટળતું નથી. (વરાહપુરાણ)

ગ.પ્ર.૧૪ **अन्ते या मतिः सा गतिः ।**

(પાનું ૧૮) અંતકાળે જેવી મતિ હોય, તેવી જીવની ગતિ થાય છે.

ગ.પ્ર.૧૫ **अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।**

(પાનું ૧૯) અનેક જન્મે સિદ્ધ થયેલ યોગી મોક્ષને પામે છે. (ગીતા ૬/૪૫)

ગ.પ્ર.૩૮ **मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किञ्चन ।**

(પાનું ૬૭) જનક રાજા એમ કહે છે કે, 'આ મારી મિથિલાનગરી બળે છે તેમાં મારું કાંઈ બળતું નથી. (મહા. શાંતિપર્વ ૧૭/૧૮, ૨૬૮/૪)

ગ.પ્ર.૪૦ **श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।**

(પાનું ૭૦) શ્રવણ, કીર્તન, વિષ્ણુનું સ્મરણ, પાદસેવન(ચરણોનું સેવન કરવું) અર્ચન(પૂજન કરવું) વંદન, દાસ્ય(સેવકભાવ), સખા ભક્તિ, આત્મનિવેદન (આત્મસમર્પણ ભક્તિ) આમ કુલ નવ પ્રકારની ભક્તિ શાસ્ત્રોમાં વર્ણવી છે. (ભા. ૭/૫/૨૩)

ગ.પ્ર.૪૧ **एकोऽहं बहु स्यां प्रजायेय ।** (છાંદોગ્ય : ૬/૨/૩)

(પાનું ૭૧) એક એવો હું (સર્વમાં પ્રવેશ કરીને) બહુ રૂપે થાઉં, ઉત્પન્ન થાઉં.

ગ.પ્ર.૪૧ **स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया।**

(પાનું ૭૧) **तरतमतश्चकास्त्यनलवत् स्वकृतानुकृतिः ।।**

ગ.પ્ર.૪૨ **भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ।**

(પાનું ૭૪) હે મૂઢમતિથી યુક્ત જીવ ! તું ગોવિંદનું ભજન કર ! તું ગોવિંદનું ભજન કર ! (ચર્પટ પંજરિકા-સ્તોત્ર ૧૩)

ગ.પ્ર.૪૩ **मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम्।**
**नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ।।**

(પાનું ૭૬) (૧) મારી સેવા કરવાથી પ્રાપ્ત થતી એવી સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને

મારી સેવાથી જ પૂર્ણ એવા નિષ્કામ ભક્તો ઈચ્છતા નથી, તો કાળે કરીને જેનો નાશ છે એવા તુચ્છ સ્થાન, માન કે પદાર્થો ન ઈચ્છે એમાં તો કહેવું જ શું ? (ભાગ. ૯/૪/૬૭)

ગ.પ્ર.૪૩ **सालोक्यसार्ष्टिसामीप्यसारुप्यैकत्वमप्युत।**
**दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ।।**

(પાનું ૭૬) (૨) નિષ્કામ ભક્તો મારી સેવા વિના, ભગવાનના લોકમાં રહેવું, ભગવાન સરખું ઐશ્વર્ય પામવું, ભગવાનની સમીપે રહેવું, ભગવાન સરખું રૂપ પામવું તથા ભગવાન જેવા ગુણો, સાધર્મ્યને પામવું. (ભાગ. ૩/૨૯/૧૩)

ગ.પ્ર.૪૩ **अथो विभूतिं मम मायाविनस्तामैश्वर्यमष्टांगमनुप्रवृत्तम्।**
**श्रियं भागवतीं वाऽस्पृहयन्ति भद्रां परस्य मे तेऽश्नुवते तु लोके ।।**

(પાનું ૭૭) મારા નિષ્કામ ભક્તો મારા ધામમાં જવા નીકળે ત્યારે રસ્તમાં આવતી બ્રહ્માના લોક સુધીની મારી વિભૂતિ તથા ભક્તિયોગથી પ્રાપ્ત થતું અણિમાદિ આઠ પ્રકારનું ઐશ્વર્ય તથા મંગળરૂપ એવી ભાગવતી શ્રી(વૈકુંઠાદિ લોકમાં રહેલી સંપત્તિ)માં લોભાતા નથી; પરંતુ સર્વથી શ્રેષ્ઠ એવા મારા ધામમાં દિવ્ય સુખને ભોગવે છે.(ભાગવત : ૩/૨૫/૩૭)

ગ.પ્ર.૬૨ **सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम्।**
**शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ।।**
**ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः ।**
**स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च।।**
**प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः ।**
**गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहङ्कृतिः ।।** (ભાગવત : ૧/૧૬/૨૬)

(પાનું ૧૧૦) **सत्यम्** – સત્ય બોલવું. **शौचम्** – પવિત્રપણું. **दया** – પરદુ:ખને દૂર કરવાની ઈચ્છા. **क्षान्तिः** – ક્ષમા. **त्यागः** – પોતાના સ્વરૂપ સુધીનું દાતાપણું. **संतोषः** – સંતોષ. **आर्जवम्** – સરલપણું; જેવું મનમાં તેવું જ વાણીમાં અને તેવું જ ક્રિયા કરવાપણું. **शमः** – મનનાદિ ઈન્દ્રિયોનો નિગ્રહ. **दमः** – બાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ. **तपः** – તપશ્ચર્યા કરવી. **साम्यम्** – શત્રુ મિત્રાદિ દરેકની સાથે સમાનતાનો ભાવ. **तितिक्षा** – સહનશીલતા. **उपरतिः** – વ્યર્થ વ્યાપારથી નિવૃત્ત થવું. **श्रुतम्** – સર્વશાસ્ત્રોનું યથાર્થ શ્રવણપૂર્વકનું જ્ઞાન. **ज्ञानम्** – સર્વ વસ્તુ પદાર્થને એકકળાવચ્છિન્નપણે સાક્ષાત્કાર કરવાપણું. **विरक्तिः** – વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ. **ऐश्वर्यम्** – સર્વનું નિયંતાપણું. **शौर्यम्** – શૂરવીરપણું. **तेजः** –

શત્રુઓ દ્વારા પરાભવ ન પામવાપણું. **बलम्** - અનંતકોટી બ્રહ્માંડને ધારણ કરવાનું સામર્થ્ય. **स्मृतिः** - પોતાના પ્રેમી ભક્તોનું સ્મરણ કરવાપણું. **स्वातंत्र्यम्** - અન્યની અપેક્ષારહિતપણું. **कौशलम्** - તમામ કળાઓમાં નિપુણપણું. **कान्तिः** - અંત્યત પ્રકાશમાન. **धैर्यम्** - મહા આપત્તિમાં પણ પોતે કરેલ પ્રતિજ્ઞાઓ તૂટવા ન દેવી. **मार्दवम्** - પોતાના આશ્રિતજનોનો વિરહ સહન ન કરવાપણું. **प्रागल्भ्यम्** - પ્રૌઢતા, સામર્થ્યવાન. **प्रश्रयः** - વિનયપણું. **शीलम्** - સદ્વર્તન અથવા ચારિત્ર્ય. **सहः** - સહનશીલતાની પરાકાષ્ઠા. **ओजः** - ઈન્દ્રિયોનું સામર્થ્ય. **बलम्** - શરીરનું સામર્થ્ય. **भगः** - જ્ઞાનાદિ ષટ્ ગુણ (જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય તેજથી યુક્ત) **गाम्भीर्यम्** - અભિપ્રાય ન જાણી શકાય તેવી ગંભીરતા. **स्थैर्यम्** - પોતે નક્કી કરેલ વિચારોમાં સ્થિરતા. **आस्तिक्यम्** - શાસ્ત્રોમાં સત્પુરુષોમાં પરમ આસ્તિકતા. **कीर्तिः** - યશ. **मानः**-પૂજનને યોગ્ય. **अनहङ्कृतिः**-ગર્વરહિતપણું. (ભા. ૧/૧૬/૨૬-૨૮)

સા. ૧ **जितं जगत् केन मनो हि येन ।** (મણિરત્નમાલા-૧૧)

(પાનું ૧૬૫) જેણે પોતાનું મન જીત્યું છે, તેણે સમગ્ર જગત જીત્યું છે.

કા.૧ **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।**

(પાનું ૨૧૨) મન સહિત સર્વ ઈન્દ્રિયો જેને નહિ પામીને પાછા ફરે છે, એવા એ પરબ્રહ્મ છે.(તૈત્તિરીય ઉપ. આનંદવલ્લી : ૯/૧)

કા.૧ **बुद्धीन्द्रियमनः प्राणान् जनानामसृजत्प्रभुः।**
**मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च।** (ભાગવત ૧૦/૮૭/૨)

(પાનું ૨૧૨) 'સર્વે જનના બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણ તેને ભગવાન જે તે સૃજતા હવા; તે જીવને વિષયભોગને અર્થે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જવાને અર્થે તથા મોક્ષને સૃજ્યાં છે.'

કા.૧ **निरञ्जनः परमं साम्यमुपैति।** (મુણ્ડક: ૩/૧/૩)

(પાનું ૨૧૩) માયાથી મુક્ત થયેલો ભક્ત પરબ્રહ્મના પરમ સાધર્મ્યને પામે છે.
**बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ।** (ગીતા: ૪/૧૦)

(પાનું ૨૧૩) જ્ઞાનરૂપ તપથી દિવ્ય થયેલા બહુજનો મને પામી ગયા છે.

લોયા ૭ **ऋते ज्ञानान्न मुक्तिः।**
**तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय।।**

(પાનું ૨૬૨) (૧) જ્ઞાન વિના મુક્તિ ન થાય.(હિ. કે. શા. શ્રુતિ), (૨) પરમાત્માને જાણવાથી

જીવ સંસારને તરી જાય છે, મુક્તિ માટે જ્ઞાન સિવાય બીજો માર્ગ નથી.(શ્વેતા. ૩/૮)

લોયા ૭ **यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।**
**अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।।**

(પાનું ૨૬૪) ક્ષર અને અક્ષરથી પણ હું અતિ ઉત્તમ છું. એટલે જ વેદમાં અને લોકમાં હું પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું.(ગીતા : ૧૫/૧૮)

લોયા ૭ **विष्टम्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्।**

(પાનું ૨૬૪) આ જડચિદાત્મક સમગ્ર જગતને મારા સામર્થ્યના એક અંશથી વશ કરીને હું રહ્યો છું.(ગીતા : ૧૦/૪૨)

લોયા ૭ **मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय !।**
**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव।।**

(પાનું ૨૬૪) હે અર્જુન ! મારાથી શ્રેષ્ઠ બીજું કોઈ પણ નથી. જેમ દોરામાં મણકાઓ પરોવાયેલા હોય તેમ આ જડ-ચિત્ સમગ્ર જગત મારે વિષે પરોવાયેલું છે, અર્થાત્ મારા જ આધારે છે.(ગીતા : ૭/૭)

લોયા ૭ **पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः।**
**नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।**

(પાનું ૨૬૪) હે પાર્થ ! મારા હજારો રૂપને તું જો. જે રૂપો નાના પ્રકારનાં, નાના વર્ણવાળાં અને દેવ-મનુષ્યાદિની આકૃતિવાળા એવા દિવ્ય છે.(ગીતા : ૧૧/૫)

લોયા ૭ **नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम्।**

(પાનું ૨૬૪) આત્માનું યથાર્થ ઉપાસનરૂપ જ્ઞાન ભલે રાગદ્વેષાદિએ રહિત છે, પણ જો ભગવાનની ભક્તિએ રહિત હોય તો તે અત્યંત શોભતું નથી. (ભા. ૧/૫/૧૨)

લોયા ૭ **कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः।**
**अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः।।**(ગીતા : ૪/૧૭)

(પાનું ૨૬૪) મુમુક્ષુઓએ કરવા યોગ્ય કર્મમાં(જ્ઞાન) જાણવું રહ્યું છે તથા વિકર્મ જે નાના પ્રકારનાં વૈદિક કામ્યકર્મ તેમાં પણ (પ્રભુ પ્રસન્નતારૂપ ફળ) જાણવું રહ્યું છે તથા અકર્મ જે આત્મજ્ઞાન તેમાં પણ ભગવાનનું સ્વરૂપ જાણવાનું બાકી રહ્યું છે. એવી રીતે કર્મની ગતિ ગહન છે, એટલે કે કર્મનું સ્વરૂપ તત્કાળ ન જાણી શકાય તેવું છે.

લોયા ૭ **ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।**
**समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।**

(પાનું ૨૬૫) જે બ્રહ્મરૂપ થયો છે તથા જેનું મન સદા પ્રસન્ન રહે છે એવો પુરુષ કોઈનો શોક કરતો નથી તથા કોઈ પદાર્થને ઈચ્છતો પણ નથી, પરંતુ સર્વ વસ્તુમાં તુચ્છપણાની સમબુદ્ધિ રાખે છે, તે પુરુષ મારે વિશે પરાભક્તિને પામે છે. અર્થાત્ આવો જે બ્રહ્મરૂપ ભક્ત હોય તેમાં જ પરાભક્તિની પાત્રતા આવે છે.(ગીતા : ૧૮/૫૪)

લોયા ૭ **भूमिरापोऽनलो वायु: खं मनो बुद्धिरेव च।**
**अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।।**

(પાનું ૨૬૫) વિચિત્ર અને અનંત એવી જે આ મારી જડ પ્રકૃત્તિ છે, તે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન આદિ ઈન્દ્રિયો, મહત્તત્ત્વ અને અહંકાર-આ આઠ પ્રકારે પરિણામ પામી છે.(ગીતા : ૭/૪)

લોયા ૭ **अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।**
**जीवभूतां महाबाहो ! ययेदं धार्यते जगत् ।।**

(પાનું ૨૬૫) ગત શ્લોકમાં જણાવી એ મારી અપરા(બીજા નંબરની) જડ પ્રકૃતિ છે તેનાથી વિલક્ષણ એવી મારી ચેતનરૂપ મુખ્ય પ્રકૃતિ(શક્તિ) છે એમ તું જાણ. જે ચેતન પ્રકૃતિ વડે આ અચેતન સમગ્ર જગત ધારણ કરાયેલું છે.(ગીતા : ૭/૫)

લોયા ૭ **(१) अन्त: प्रविष्ट: शास्ता जनानां सर्वात्मा। (२) यस्याक्षरं शरीरं... एष सर्वभूतान्तरात्माऽपहतपाप्मा दिव्यो देव एको नारायण:।। (३) यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृत:।। (४) यस्य पृथिवी शरीरं य: पृथिवीमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृत:।।**

(પાનું ૨૬૬) (૧) સર્વ જનોના આત્માપણે સર્વમાં અંત:પ્રવેશ કરીને સર્વનું નિયમન કરનારા છે. (૨) જે પરમાત્માનું અક્ષર શરીર છે. આ સર્વ ભૂતોના અંતરાત્મા અપહત પાપ્મા(નિર્દોષ) દિવ્ય દેવ એક નારાયણ છે.(સુબાલ : ૭) (૩) જે પરમાત્માનું જીવાત્મા શરીર છે, જે પરમાત્મા જીવાત્મામાં અંત:પ્રવેશ કરીને નિયમન કરે છે એવા પ્રભુ તારા અંતર્યામી, અમૃત અને આત્મા છે. અર્થાત્ આનંદનો સાગર એવા પરમાત્મા તારા નિયંતા છે. (૪) બૃહદારણ્ય ઉપ. ૩/૭/૩.

લોયા ૭ **आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ !।**
**तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।।**

(પાનું ૨૬૭) હે અર્જુન ! આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, જ્ઞાની. એ ચાર પ્રકારના ભક્તો છે. તેમાં જ્ઞાની વિશેષ છે. કારણ કે, તે સદાયને માટે મારી સાથે જોડાયેલો છે અને એક મારે વિષે જ ભક્તિ રાખે છે.

લોયા ૧૦ **द्युपतय एव ते न ययुरन्तमनन्ततया त्वमपि।**

(પાનું ૨૭૭) બ્રહ્માદિ દેવો પણ તમારા મહિમાના પારને પામતા નથી; એટલું જ નહિ, તમે પણ તમારા મહિમાના અંતને પામતા નથી. કેમ જે, તમારો મહિમા એવો અમાપ છે.(ભાગ. ૧૦/૮૭/૪૧)

લોયા ૧૦ **यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः।**
**तावुभौ सुखमेधेते क्लिश्यत्यन्तरितो जनः।।**

(પાનું ૨૭૮) અર્થઃ જે શાસ્ત્રીય તથા વ્યાવહારિક બાબતમાં અતિશય ભોળો છે; પરંતુ ભગવાન અને તેમના ભક્તનાં વચનમાં દૃઢ વિશ્વાસ છે અને તેમના કહેવા પ્રમાણે ભગવાનને ભજે છે એવો એક ભક્ત અને બીજો જે બુદ્ધિથી પર એવા આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાનને પામ્યો છે તે બંને સુખ પામે છે. પરંતુ જે જ્ઞાની કે વિશ્વાસી એકેય નથી એવો અધૂરિયો જીવ છે તે તો જીવતા કે મરીને પણ દુઃખિયો જ રહે છે. (ભાગવતઃ ૩/૭/૧૭)

લોયા ૧૦ **विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।**
**रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते।।** (ગીતા : ૨/૫૯)

(પાનું ૨૭૮) અર્થઃ જે રૂપ-રસાદિ વિષય ભોગનો આહાર કરતો નથી તે મનુષ્યના વિષયો નિવૃત્ત થાય છે ખરા પણ આસક્તિ રહી જાય છે. જ્યારે પરબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થાય છે ત્યારે આસક્તિ પણ ટળી જાય છે. (ગીતા : ૨/૫૯) ૨. અર્થ : જે સત્ત્વગુણ છે તે પરબ્રહ્મનું દર્શન કરાવનારો છે. (ભાગવત : ૧/૨/૨૪) ૩. અર્થ : હે ઉદ્ધવ ! મારી ઉપાસના-ભક્તિરૂપ વિદ્યા અને અજ્ઞાન તથા આસક્તિરૂપ એવી જે અવિદ્યા તે બન્ને શરીરની જેમ મને આધીન છે. કેમ જે, તે મારી સંકલ્પરૂપ માયાથી નિર્માણ થયેલી છે. અનાદિકાળથી ચાલી આવતી આ ભક્તિરૂપ વિદ્યા આત્માઓનો મોક્ષ કરનારી અને આસક્તિરૂપ અવિદ્યા બંધન કરનારી છે. (ભાગવત : ૧૧/૧૧/૩)

લોયા ૧૦ **विद्याविद्ये मम तनू विद्ध्युद्धव ! शरीरिणाम् ।**
**मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ।।** (ભાગવત : ૧૧/૧૧/૩)

(પાનું ૨૭૯) હે ઉદ્ધવ ! વિદ્યા(જ્ઞાન) અને અવિદ્યા(અજ્ઞાન) - આ બે શક્તિઓને તું મારું શરીર જાણ ! તેમજ આ બન્ને શક્તિઓ દેહધારીઓને માટે મોક્ષ અને બંધન કરાવનારી છે. તેમજ આ બન્ને અનાદિ છે અને મારી માયાથી રચાયેલી છે.

લોયા ૧૩ **तत्सृष्टसृष्टसृष्टेषु कोऽन्वखण्डितधीः पुमान् ।**
**ऋषिं नारायणमृते योषिन्मय्येह मायया ।।**

(પાનું ૨૮૫) અર્થ : બ્રહ્માએ સર્જેલા મરીચ્યાદિક, તેમણે સર્જેલા કશ્યપાદિક, તેમણે સર્જેલા દેવમનુષ્યાદિક તે સર્વેને મધ્યે આ લોકમાં એક નારાયણ ઋષિ વિના એવો કોણ પુરુષ છે કે જેની સમજણ સ્ત્રીરૂપી માયાથી ખંડિત ન થાય ?! (ભાગવતઃ ૩/૩૧/૩૭)

લોયા ૧૩ **एतदीशनमीशस्य प्रकृतिस्थोऽपि तद्गुणैः।**
**न युज्यते सदात्मस्थैर्यथा बुद्धिस्तदाश्रया॥**

(પાનું ૨૮૫) અર્થ : જેમ ભગવાનના ભક્તનું ભગવાનના સ્વરૂપસંબંધી જ્ઞાન ભક્તના દેહમાં રહેલા સતત વિકારાદિ દોષથી અને જીવમાં રહેલા અવિદ્યાદિ દોષોથી લોપાતું નથી, તેમ ભગવાન જડ માયા અને સર્વે ચેતનામાં વ્યાપીને રહ્યા છે તથાપિ માયાના સત્ત્વાદિ ગુણથી અને જીવના રાગ-દ્વેષાદિ દોષોથી લોપાતા નથી-આ પરમેશ્વરનું પરમેશ્વરપણું છે. (ભાગવતઃ ૧/૧૧/૩૮)

લોયા ૧૩ **दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।**
**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥**

(પાનું ૨૮૫) ૨. અર્થઃ (ભગવાન કહે છે) મેં જ આ જગતરૂપે પ્રર્વતાવેલી અને મારી શક્તિરૂપ એવી મારી ત્રિગુણાત્મિકા માયા તરવી અત્યંત કઠિન છે. એટલે જ જેઓ મને જ આશરે છે-સોંપાઈ જાય છે, તેઓ આ માયાને તરી જાય છે. (ગીતા : ૭/૧૪) ૩. ઊલટાપણું; બંધનપણું.

લોયા ૧૩ **अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि न शास्यतेति नियमो ध्रुव ! नेतरथा।** (ભાગવતઃ ૧૦/૮૭/૩૦)

(પાનું ૨૮૭) ૧. અર્થ : હે ધ્રુવ ! જીવો અસંખ્ય અને નિત્ય છે. તે જીવો જો પરમાત્માની પેઠે સર્વવ્યાપક માનવામાં આવે તો સર્વે પરમાત્માને સમાન થાય, એટલે પરમાત્માથી શાસ્યતા (વશ રાખવાપણું) ઘટે નહિ, જો એમ હોય તો શાસ્ત્રસિદ્ધ જે નિયામ્ય-નિયામકભાવ છે તેનો નિયમ રહે નહિ. માટે એ નક્કી થાય છે કે જીવો ભગવાનની જેવા સમર્થ નથી જ. એટલે જ શાસ્ત્રોએ બતાવેલો નિયામ્યતાનો નિયમ ઘટતો આવે છે.

લોયા ૧૪ **न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते।**
**यद्विश्रंभाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम्॥**
**नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः।**
**योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली॥**

(પાનું ૨૮૯) ૧. અર્થ : મન અતિ ચંચળ હોવાથી ક્યારેય પણ 'મને વશ થયું છે, માટે મને

દગો દેશે નહિ’ એવો તેનો વિશ્વાસ કરવો નહિ. કેમ જે, મનનો વિશ્વાસ કરવાથી બહુ કાળે મહાપ્રયાસથી સંપાદન કરેલું મોટા મોટા સૌભરિ જેવા સમર્થ પુરુષોનું પણ તપ નાશ થઈ ગયું છે.

૨. અર્થ : મનનો વિશ્વાસ કરનાર યોગીનું મન કામને પ્રવેશનો મોકો નિરંતર આપે છે. એક કામને મોકો આપ્યા પછી ક્રોધ-લોભાદિ જે જે અંતઃશત્રુઓ છે તે બધા જ પ્રવેશી જાય છે. જેમ વિશ્વાસ કરનારા પતિનો પુંશ્ચલી સ્ત્રી વ્યભિચારી પુરુષને મોકો આપીને ઘાત કરાવે છે, તેમ મન પણ કામાદિકથી યોગીને ભ્રષ્ટ કરે છે. (ભાગવત : ૫/૬/૩-૪)

લોયા ૧૬ **मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात्।**(ભા.: ૩/૨૫/૪૨)

(પાનું ૨૯૭) અર્થ : મારા ભયથી આ વાયુ વાય છે, મારા ભયથી સૂર્ય તપે છે.

લોયા ૧૮ **भूभारः क्षपितो येन तां तनूं विजहावजः।**

**कण्टकं कण्टकेनैव द्वयं चापीशितुः समम्॥**

(પાનું ૩૦૫) જેમ એક કાંટાથી પગમાં ખૂંચેલ કાંટો કાઢી તે કાંટાને પણ ફેંકી દેવામાં આવે છે. તેમ જે શરીરથી પરમાત્માએ પૃથ્વીનો (અસુરોનો) સંહાર કરી પૃથ્વીનો ભાર ઓછો કર્યો. તે જ શરીરનો પણ પરમાત્માએ ત્યાગ કર્યો. કારણ કે, પરમાત્માને માટે તો (૧) અસુરોનો સંહાર કરવો (૨) પોતાના શરીરનો ત્યાગ કરવો. બંને કાર્યો સમાન જ છે. (ભાગ. ૧/૧૫/૩૪)

લોયા ૧૮ **तेनैव रूपेण चतुर्भुजेन सहस्त्रबाहो भव विश्वमूर्ते।**

(પાનું ૩૦૬) હે હજાર હાથવાળા ! હે વિશ્વમૂર્તે ! તેના તે જ ચતુર્ભુજરૂપે તમે થાઓ. (ગીતાઃ ૧૧/૪૬)

લોયા ૧૮ **अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।**

**परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥**

(પાનું ૩૦૬) અર્થ : પોતે કરેલાં પાપકર્મથી મોહાધીન પુરુષો મારો દિવ્ય ભાવ જાણતા નથી; એટલે જ ભૂત-પ્રાણીમાત્રનો નિયંતા હોવા છતાં પરમ કરુણાથી મનુષ્યરૂપમાં રહેલા એવા મને સામાન્ય મનુષ્ય જેવો માની મારો તિરસ્કાર કરે છે. (ગીતા : ૯/૧૧)

પંચાળા ૨ **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।**(આનંદવલ્લીઃ ૪)

(પાનું ૩૧૫) અર્થ : મન સહિત ઈન્દ્રિયો પરમાત્માને નહિ પામીને પાછી વળે છે. અર્થાત્ પરમાત્મા મન-વાણીને અગોચર છે.

પંચાળા ૨ **सर्वं खल्विदं ब्रह्म। नेह नानास्ति किञ्चन। इदं हि विश्वं भगवानिवेतरो यतो**

**जगत्स्थाननिरोधसम्भवाः।**

(પાનું ૩૧૬) અર્થ : આ સર્વ જગત પરબ્રહ્મ છે. એટલે કે જગત ભગવાનનું શરીર હોવાથી ભગવાનરૂપ છે. (છાંદોગ્ય : ૩/૧૪/૧) ૨. અર્થ : આ જગતમાં કાંઈ પણ ભિન્ન ભિન્ન (સ્વતંત્ર) નથી. હાથ, પગ, નાક, કાનની જેમ જુદા દેખાય છે પણ એ બધાં એકનાં જ અંગો છે. (બૃહદારણ્ય : ૪/૪/૧૯) ૩. અર્થ: આ સમગ્ર વિશ્વ ભગવાનરૂપ છે. કેમ જે, ભગવાન થકી જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે, માટે જગત ભગવાન છે એમ કહેવાય છે; વસ્તુતાએ ભગવાન વિશ્વથી વિલક્ષણ છે. (ભા. ૧/૫/૨૦) ૪.

પંચાળા ૨ **ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति।**
**समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।**(ગી.: ૧૮/૫૪)

(પાનું ૩૧૭) ૧. અર્થ : જે બ્રહ્મરૂપ થયો છે તથા જેનું મન સદા પ્રસન્ન રહે છે એવો પુરુષ કોઈનો શોક કરતો નથી તથા કોઈ પદાર્થને ઈચ્છતો પણ નથી; પરંતુ સર્વ વસ્તુમાં તુચ્છપણાની સમબુદ્ધિ રાખે છે. તે પુરુષ મારે વિશે પરાભક્તિને પામે છે. અર્થાત્ આવો જે બ્રહ્મરૂપ ભક્ત હોય તેમાં જ પરાભક્તિની પાત્રતા આવે છે.

પંચાળા ૨ **आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे।**
**कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थं भूतगुणो हरिः।।** (ભા. : ૧/૭/૧૦)

(પાનું ૩૧૭) અર્થ: રાગદ્વેષાદિ ગ્રંથિએ રહિત એવા બ્રહ્મરૂપ મુનિઓ પણ ફળની ઈચ્છાએ રહિત એવી ભગવાનની નિષ્કામ ભક્તિ કરે છે. કેમ જે, ભગવાન શ્રીહરિમાં એવા અનંત કલ્યાણકારી ગુણો રહ્યા છે.

પંચાળા ૨ **परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया।**
**गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान् ।।** (ભા.: ૨/૧/૯)

(પાનું ૩૧૭) અર્થ : હે પરીક્ષિત ! ત્રણ દેહથી વિલક્ષણ જેવા નિર્ગુણ આત્મસ્વરૂપમાં સંપૂર્ણ નિષ્ઠાને પામેલો એવો હું (શુકજી) ઉત્તમ કીર્તિવાળા ભગવાનની લીલાથી આકર્ષિત ચિત્તવાળો થઈને શ્રીમદ્ ભાગવતપુરાણરૂપ જે આખ્યાન તેને ભણ્યો છું.

પંચાળા ૩ **नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः।**

(પાનું ૩૨૧) ગુણાતીત બ્રહ્મભાવમાં રહેલા મુનિઓ પણ ભગવાનના ગુણગાનમાં મસ્ત રહે છે. (ભાગવત: ૨/૧/૭)

પંચાળા ૩ **तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।**
**प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः।।**
**उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।**

(પાનું ૩૨૧) અર્થ : આર્ત વગેરે ચાર પ્રકારના ભક્તોને મધ્યે જ્ઞાની ભક્ત શ્રેષ્ઠ છે; કેમ જે, તે મારે વિશે જ સર્વથા જોડાયેલો છે અને એક મારે વિશે જ ભક્તિવાળો છે, બીજા ત્રણ તેવા નથી. એટલે જ જ્ઞાની મને અત્યંત પ્રિય છે અને હું તેને અત્યંત પ્રિય છું. આર્ત, જિજ્ઞાસુ અને અર્થાર્થી આ ત્રણેય ભક્તો સારા છે; પરંતુ જ્ઞાની તો મારો આત્મા જ છે. એટલે કે, મારા સ્વરૂપ જેટલો મને પ્રાણપ્રિય છે, એમ હું માનું છું. (ગીતા : ૭/૧૭-૧૮)

**પંચાળા ૪** **अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः।**
**प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ।।** (ગીતા ૧૫/૧૪)

(પાનું ૩૨૯) હું વૈશ્વાનર (જઠરાગ્નિ) રૂપે થઈને સર્વ પ્રાણીઓના દેહમાં પ્રવેશ કરીને, પ્રાણીઓએ જમેલા ચાર પ્રકારનાં (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય) અન્નને પ્રાણ અને અપાન સહિત રહ્યો થકો પચાવું છું.

**પંચાળા ૪** **दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन !।**
**इदानीमस्मिसंवृत्तः सचेताः प्रकृतिं गतः।।** (ગીતા ૧૧/૫૧)

(પાનું ૩૩૧) હે જનાર્દન ! અતિ સૌમ્ય આ તમારા મનુષ્યરૂપનાં દર્શન કરીને હવે હું સચેત (સભાન) થયો અને મારી મૂળ સ્થિતિમાં આવ્યો છું.

**પંચાળા ૭** **स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः।**
**योऽमाययासन्ततयानुवृत्त्या भजेत तत्पादसरोजगन्धम्।।**

(પાનું ૩૩૫) અર્થ : જે ભક્ત માયાના ભાવથી રહિત થઈને, નિરંતરપણે ભક્તિપૂર્વક ભગવાનના ચરણારવિંદને ભજે છે તે ભક્ત અત્યંત પરાક્રમી, જગતના પોષક એવા પરમપિતા પરમાત્માના માર્ગને જાણી શકે છે. (ભા. : ૧/૩/૩૮)

**પંચાળા ૭** **स ईक्षत।**

(પાનું ૩૩૬) અર્થ : તે પરમાત્મા માયાની સામે જોતા હતા.

**ગ.મ. ૧** **ध्यायतो विषयान् पुंसः सङ्गस्तेषूपजायते।**
**सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते।।**
**क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः।**
**स्मृतिभ्रंशात् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति।।** (ગીતા ૨/૬૨-૬૩)

(પાનું ૩૪૧) અર્થ : પંચવિષયોનું ચિંતન કરનારા પુરુષને જે તે પંચવિષયોમાં દૃઢ આસક્તિ થાય છે. આસક્તિથી કામ ઉત્પન્ન થાય છે અને કામથી ક્રોધની ઉત્પત્તિ થાય છે. ક્રોધથી અવિવેક ઉત્પન્ન થાય છે. અવિવેકથી સ્મૃતિનો ભ્રંશ થાય છે અને સ્મૃતિ ભ્રશંથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિના નાશથી વ્યક્તિ પોતે જ નાશ પામી જાય

છે. કહેતાં અધ્યાત્મ માર્ગથી ચલિત થઈને પાછો સંસારસાગરમાં પડે છે

ગ.મ.૧૧ **आमयो येन भूतानां जायते यश्च सुव्रत!।**
**तदेव ह्यामयं द्रव्यं न पुनाति चिकित्सितम्।।**
**एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः।**
**त एवात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे।।**

(પાનું ૩૭૦) અર્થ : જે ઘી વગેરે પદાર્થો માણસોને રોગ કરનારાં છે; પરંતુ તે જ પદાર્થો ને જો કાંઇક ઔષધિ ભેળવીને દવાના રૂપ માં લેવામાં આવે તો રોગ મટાડે છે. તેમ જ ક્રિયાકાંડમાત્ર જન્મ-મરણના હેતુ છે, પણ જો પરબ્રહ્મની પ્રસન્નતા માટે જ તે કર્મ કરવામાં આવે તો મોક્ષ દેનારા થાય છે.( ભાગવત : ૧/૫/૩૩-૩૪)

ગ.મ.૧૧ **कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः।**
**स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत्।।**

(પાનું ૩૭૦) અર્થ : ગીતા : ૪/૧૮

ગ.મ.૧૩ **न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।**
**यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम।।**

(પાનું ૩૭૬) અર્થ : ''જે ધામને સૂર્ય,ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી અને જેને પામી ને ક્યારેય પાછું પડવાનું થતું નથી, તે મારું પરમધામ છે.'' (ગીતા : ૧૫/૧૬)

ગ.મ.૧૬ **श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति।।**

(પાનું ૩૮૪) અર્થ: (ગીતા : ૪/૩૯)

ગ.મ.૫૪ **यस्यात्मबुद्धिः कुणपेत्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः।**
**यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ।।**

(પાનું ૪૫૭) અર્થ : જે પુરુષને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુદ્ધિ છે, સ્ત્રીપુત્રાદિકમાં મારાપણાની બુદ્ધિ છે, ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં દેવબુદ્ધિ - પૂજનીયપણું છે અને જળમાં તીર્થબુદ્ધિ છે તેવી જ એ ચારેય બુદ્ધિઓ ભગવાનના એકાંતિક જ્ઞાની સંતોમાં જો ન હોય તો તેને જ પશુઓમાં પણ કનિષ્ઠ એવો બળદ ને ગધેડો જાણવો. (ભાગ. ૧૦/૮૪/૧૩)

વર. ૧ **अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः।**
**मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः।।** (ભાગ. ૨/૧૦/૧)

(પાનું ૪૯૦) (૧) સર્ગ - મહત્તત્ત્વથી લઈને વૈરાજપુરુષ સુધીની સૃષ્ટિ. (૨) વિસર્ગ : બ્રહ્માએ કરેલી સૃષ્ટિ. (૩) સ્થાનમ્ : ભગવાનની શત્રુવિજયાદિરૂપ સ્થિતિ. (૪)

પોષણમ્ : ભગવાનનો જગતના રક્ષણરૂપ અનુગ્રહ. (૫) ઉતય : કર્મવાસના. (૬) મન્વંતરકથા : ભગવાને અનુગ્રહ કરેલા મન્વંતરાધિપોનો ધર્મ. (૭) ઈશાનુકથા : ભગવાનનાં અવતારચરિત્રોની કથા તથા એકાંતિક ભક્તોનાં આખ્યાનોવાળી સત્કથા. (૮) નિરોધ : જીવસમુદાયનું પોતપોતાની કર્મ - શક્તિઓની સાથે પ્રકૃતિમાં લીન રહેવું તે. (૯) મુક્તિ : મુક્ત સ્વરૂપથી રહેવું તે.

વ૨. ૨ **नारायणपरा वेदा देवा नारायणाङ्गजाः।**
**नारायणपरा लोका नारायणपरा मखाः।।**
**नारायणपरो योगो नारायणपरं तपः।**
**नारायणपरं ज्ञानं नारायणपरा गतिः।**(ભા.: ૨/૫/૧૫-૧૬)

(પાનું ૪૯૩) વેદો નારાયણનું જ સર્વકારણપણે પ્રતિપાદન કરનારા છે. બ્રહ્માદિ દેવતાઓ નારાયણના અંગ થકી થયેલા છે, એટલે તે ભગવાનને સંપૂર્ણ આધીન છે. કર્મપ્રાપ્ય સ્વાર્ગાદિ સ્થાનોના માલિક નારાયણ છે. દરેક યજ્ઞો નારાયણની જ આરાધના કરનારા છે. યોગનું અંતિમ ધ્યેય નારાયણ જ છે. તમામ પ્રકારનું તપ નારાયણની જ પ્રસન્નતા માટે છે. શાસ્ત્રજન્ય જ્ઞાન નારાયણને જ જણાવનારું છે. શાસ્ત્રમાં જેટલા પ્રકારની ગતિ છે તે અંતે નારાયણને જ પમાડનારી છે. અર્થાત્ આ બધું અંતે ભગવાનને માટે તથા તેને લઈને જ પ્રવર્તેલું છે.

વ૨. ૨ **वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः।**
**वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः।।**
**वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः।**
**वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः।**

(પાનું ૪૯૪) ઉપરના શ્લોકો જેવો જ અર્થ છે.(ભાગવત : ૧/૨/૨૮-૨૯)

વ૨. ૧૨ **अहो अमी देववरामरार्चितं पादाम्बुजं ते सुमनःफलार्हणम्।**
**नमन्त्युपादाय शिखाभिरात्मनस्तमोपहत्यै तरुजन्म यत्कृतम्।।**(ભા. ૧૦/૧૫)

(પાનું ૫૧૩) અરે ! આશ્ચર્યની વાત છે કે, આ વૃક્ષોએ પાપને કારણે તરુંજન્મ ધારણ કર્યો; પરંતુ તે વૃક્ષરૂપે રહેલ જીવાત્માઓએ પોતાનાં પાપનો નાશ કરવા માટે પોતાની (વૃક્ષોની) પાસે રહેલ ફળ, પુષ્પાદિક પ્રભુને સમર્પિત કરીને. હે દેવવર! દેવતા-ઓ દ્વારા પૂજિત એવા તમારા ચરણારવિંદને તેઓ(તે વૃક્ષો) નમસ્કાર કરે છે.

ગ.અં.૩ **हरेर्गुणाक्षिप्तमतिर्भगवान् बादरायणिः।**
**अध्यगान्महदाख्यानं नित्यं विष्णुजनप्रियः।।**

(પાનું ૫૪૩) ભગવાનના ગુણોથી જેની બુદ્ધિ આકર્ષિત થઈ છે અને હરિભક્તો જેને પ્રિય છે એવા

શુકદેવજી ભાગવતરૂપ જે મોટું આખ્યાન તેને નિરંતર ભણતા હવા. ભા.૧/૭/૧૧

ગ.અં.૫ **यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत् प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित्।**
**श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नुदर्शनात् ।।**

(પાનું ૫૪૮) હે ભગવાન ! ક્યારેક પણ તમારા નામનું શ્રવણ-કીર્તન કરવાથી, તમારું સ્મરણ કરવાથી તથા તમોને પ્રણામ કરવાથી નીચ જ્ઞાતિનો માણસ પણ તત્કાળ યજ્ઞ કરવા જેટલો પવિત્ર થઈ જાય છે, તો તમારાં દર્શનથી પવિત્ર થાય તેમાં શું કહેવું ? આ એક આશ્ચર્યની વાત છે કે, જેની જીભ ઉપર તમારું નામ વર્તે છે તે શ્વપચ પણ તમારા નામોચ્ચારથી તમારી ભક્તિએ રહિત એવા બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ થાય છે. વળી જે જનોએ એ તમારા નામનું ઉચ્ચારણ કર્યું છે, તેમણે તપ કર્યું છે, તેમણે હોમ કર્યો છે, તેમણે તીર્થમાં સ્નાન કર્યું છે, તે સદાચારવાળા છે, તેમણે વેદનો અભ્યાસ કર્યો છે, એમ જાણવું. (ભા.: ૩/૩૩/૬-૭)

ગ.અં.૨૮ **आसामहोचरणरेणुजुषामहं स्यां वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।**
**या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम्।।**

(ભા.:૧૦/૪૭/૬૧)

(પાનું ૬૦૩) અહો ! જે ગોપીઓ કોઈથી ન ત્યાગ થઈ શકે એવાં સંબંધીજનો અને ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ પણ શોધવા યોગ્ય એવા ભગવાનનાં ચરણને સેવતી હતી, તે આ ગોપીઓની ચરણરજથી યુક્ત એવી વૃંદાવનમાં રહેલી વેલ, છોડ અને ગુચ્છ મધ્યે હું પણ કોઈક થાઉં; જેથી ગોપીઓની ચરણરજને પામી શકું.

ગ.અં.૨૮ **अहो ! भाग्यमहो ! भाग्यं नन्दगोपव्रजौकसाम्।**
**यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ।।**

(પાનું ૬૦૩) પરમાનંદરૂપ, સનાતન અને પૂર્ણ એવા પરબ્રહ્મ જેમના મિત્ર થયા છે તેવા નંદજી, ગોપ વગેરે વ્રજવાસીઓનાં અહોભાગ્ય અહોભાગ્ય છે.

(ભા.: ૧૦/૧૪/૩૨)

ગ.અં.૩૩ **"ऋषिं नारायणमृते"**

(પાનું ૬૧૩) ઋષિ એવા નારાયણને છોડીને તમામને માયાનો (પંચવિષયનો) પાશ લાગે છે.

(ભા. : ૩/૩૧/૩૭)

ગ.અં.૩૩ **येऽन्ये स्वतः परिहृतादपि बिभ्यति स्म।**

(પાનું ૬૧૩) હે ભગવન્ ! આપના સિવાયના જે કોઈ છે તે પોતે ત્યાગ કરેલા વિષયોથી પણ ભય પામે છે.(ભાગવત : ૧૧/૬/૧૭)

## પરિશિષ્ટ

## વચનામૃતમાં ઉલ્લેખ કરેલા કીર્તનો

### વચનામૃત પંચાળા ૩

(આ કીર્તન ''પરમહંસ ગાવા લાગ્યા...''
શ્રીજી મહારાજ બોલ્યા જે,''આ કીર્તન ગાયાં તેમાં હેત બહુ છે...'')

સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે...(૧)
આવે વા'લો હસતા ને રમતા રે, ગોવાળોના સાથમાં રે;
ઉછાળતા આવે મોહન રે, ફુલદડી હાથમાં રે...(૨)
રંગડામાં રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસિયો જોવાને કાજે રે, ઊભી (રહી) છું ગોખમાં રે...(૩)
મોહનજીનું મુખડું જોયું રે, ઘૂંઘટની ઓટમાં રે;
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે...(૪)
હૈયા પર હાર ઝળકે રે, રહ્યું છે મન મોઈને રે;
બેની પ્રેમસખીના નાથને રે, રહી છું જોઈને રે...(૫)

### વચનામૃત ગ.મ.પ્ર. ૪૮ (રાગ-ગરબી)

સાધુ પ્રેમાનંદસ્વામી ''**વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ**'' એ કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું: ''બહુ સારાં કીર્તન ગાયાં. આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.'' (વચ. ગઢડા મ.પ્ર ૪૮)

### વચનામૃત વરતાલ ૧૧, ગ.મ.પ્ર. ૪૭

પછી શ્રીજી મહારાજે બે પદ ગવરાવ્યાં જે '**મારા હરજી શું હેત ન દીસરે...**' તથા '**મારા વહાલાજી શું વહાલપ...**' અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગી માત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે, એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી... (વર. ૧૧)

"**શૂળી ઉપર શયન કરાવે...**" તેનો ઉલ્લેખ કરીને કહ્યું કે "આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું..." (ગ.મ.પ્ર. ૪૭)

### પદ–૧ (રાગ : મલાર)

મારા વા'લાજી શું વા'લપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,
તે વિના કેને ભજીએ રે .... ટેક ૦
સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, (પછી) કાચી તે કાયા પડશે રે...તેનો૦૧
શૂળી ઉપર શયન કરાવે તોય, સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે...તેનો૦૨
અમૃતપે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે...તેનો૦૩
નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વહાલા વાસ દેજો હરિજનમાં રે...તેનો૦૪

### પદ–૨ (રાગ : મલાર)

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ,
તેને સંગે શીદ રહીએ રે...ટેક ૦
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેશું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુમાં પ્રેમ ન દીસે રે...તેને૦૧
ભક્તિભાવનો ભેદ ન જાણે ને, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે...તેને૦૨
નામ તણો વિશ્વાસ ન આવે, તે ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, (પછી) તટમાં જઈને કૂપ ખોદે રે...તેને૦૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતિયાં કહે છે માયા રે...તેને૦૪

Index

## વચનામૃત વરતાલ ૧૨

પછી શ્રીજી મહારાજે કહ્યું જે '**ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતા...**' એ માહાત્મ્યનું કીર્તન ગાવો, પછી તે કીર્તન ગાયું. પછી કહ્યું જે, ''પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે...'' (વચ.વરતાલ-૧૨)

(રાગ : સોરઠા)

ધન્ય વૃન્દાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતા;
શ્રી જમુનાજી પુણ્યતણો ગત નહિ પાર રે, નાવા હરિ પેસતા....ટેક૦
ધન્ય ધન્ય તે વ્રજના સાથને, ધન્ય ધન્ય એ નંદજી તાતને;
ધન્ય ધન્ય તે જશોદા માતને, ધન્ય ધન્ય વ્રજના સાથને...ધન્ય૦૧
ધન્ય ધન્ય તે વ્રજની વૃક્ષવેલી, ધન્ય ધન્ય એ સરખી સાહેલી;
ધન્ય હરિ વળગી જેની બેલી, ધન્ય ધન્ય તે વ્રજની વૃક્ષવેલી...ધન્ય૦૨
ધન્ય ધન્ય ગોકુળની ધેનુંને, ધન્ય ધન્ય વા'લાની વેણુને;
ધન્ય ધન્ય કામણગારી નેણુને, ધન્ય ધન્ય ગોકુળની ધેનુંને...ધન્ય૦૩
ધન્ય ધન્ય કરુણા પૂતના માસી, ધન્ય ધન્ય મૃત્યની ટાળી ફાંસી;
વા'લે મુક્ત પમાડ્યાં ગોકુળવાસી, ધન્ય ધન્ય ગોકુળ કરુણા પૂતના માસી...ધન્ય૦૪
ધન્ય ધન્ય એ ગોકુળ ગામને, તે તે પામ્યાં હરિના ધામને;
વારી જાઉં શામળા શ્યામને, ધન્ય ધન્ય એ ગોકુળ ગામને...ધન્ય૦૫
ધન્ય કંસરાયના કારજ કર્યાં, રાજા ઉગ્રસેનને શીર છત્ર ધર્યાં;
મહેતા નરસૈયાને અખૂટ ભર્યા, ધન્ય કંસરાયનાં કારજ કર્યાં...ધન્ય૦૬

## વચનામૃત ગ.અંત્ય.પ્ર.-૩૧

''હરિ મેરે હારલકી લકરી'' એ કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજે મહ્યું જે ''જમુના કે તીર ઠાડો'' એ કીર્તન ગાઓ. (વચ.અં.પ્ર.૩૧)

**(રાગ : મલાર)**

હાલરકી લકરી, હરિ મેરે હાલરકી લકરી, પકરી સો પકરી... હરિ૦ ટેક
મન કર્મ વચને શ્રી નંદનંદન-શું, દૃઢ કરી કે પકરી...હરિ૦૧

Index

જાગત સોવત હરિ સપનનમેં, કાન કાન જ કરી...હરિ૦૨
જોગ ઓધાજી ઐસો લગત હૈ, જ્યું કડવી કકરી...હરિ૦૩
તુમ તો ઓધાજી બોધ લઈ આવે, શીખી સુની નકરી...હરિ૦૪
'સુરદાસ' પ્રભુ શું જઈ કહિયો, જા કો મત જકરી...હરિ૦૫

(રાગ : જંગલો) પદ – ૧

જમુના કે તીર ઠાડો, જમુના કે તીર;
બાંકો બલવીર ઠાડો, જમુના કે તીર...ઠાડો૦ ટેક
હો નૈનાં બૈનાં બાંકે બાંધે બાંકી પાઘ શિર;
ચંદનકી ખોર કીને સાંવરે શરીર...ઠાડો૦૧
હો બાંકી ભૌહે સોહે ચિત્ત મોહે નાસા કીર;
દેખત ચકિત રતિપતિ હતધીર...ઠાડો૦૨
હો બાંકે લાલ બાંકે ગ્વાલ લિયે સંગ ભીર;
બાંસુરી બજાવે બાંકી ફિર ફિર ફિર...ઠાડો૦૩
હો ભરવા ગઈથી હું જમુનાકો નીર;
પ્રેમાનંદકો નાથ દેખી ગઈ પીર...ઠાડો૦૪

પદ–૨

રાજીવનૈન રસિયો, રાજીવનૈન,
ઉપજત ચૈન, દેખી રાજીવનૈન...ટેક૦
હો વિકસે વારિજ સમ અતિ છબિ એન.
ભ્રૂકુટી ભ્રમર ઝૂકે માનું રસ લૈન...રસિયો૦૧
હો ચારુ ચિતવની મુસકની સુખદેન,
કુટિલ કટાક્ષ ઉમેં સુચવત સૈન...રસિયો૦૨
હા જમુના પુલિન પર ચારત હૈ ધેન,
મોહન બજાવત મધુરી સી બૈન...રસિયો૦૩
હો માઈ બ્રજનારી સંગ ખેલો દિન રૈન,
પ્રેમાનંદ છબિ પર વારિ કોટિ મૈન...રસિયો૦૪

## || વચનામૃત ગઢડા મ. પ્ર. ૫૭ ||

જ્યાકિ લગન રામસોં નહિ... એ ત્રણ પદ ગવરાવીને પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''જેવી રીતે આ પદમાં કહ્યું છે તેવી રીતે આપણે રહેવું છે.''

### (રાગ : ધનાશ્રી) પદ – ૧

જ્યાકિ લગન રામ સો નાહિ ।
તૌ નર ખર કુકર સૂકર સમ, બૃથા જિઅત જગમાંહી ।।૧।।
કામ ક્રોધ મદ લોભ નીંદ ભય, ભૂખ પ્યાસ સબહી કે ।
મનુજ દેહ સુર સાધુ સરાહત, સો સનેહ સાધે પરકે ।।૨।।
સૂર સુજાન સુપૂત સુલચ્છન, ગનિયત ગુન ગુરુઆઈ ।
બિન હરિ ભજન ઈન્દારનું કે ફલ, તજત નહિં કરુઆઈ ।।૩।।
કીરતિ ફલ કરતૂતિ ભૂતિ, ભલી સીલ સરૂપ સલોને ।
તુલસી પ્રભુ અનુરાગ રહિત જસ, સાલન સાગ અલોને ।।૪।।

### પદ–૨

જા કે પ્રિય ન રામ બૈદેહી ।
સોં છાંડિયે, કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સનેહી ।।૧।।
તજ્યો પિતા પ્રહ્લાદ બિભીષણન બંધુ ભરત મહતારી ।
બલિ ગુરુ તજ્યો કંત વ્રજ બનિતનિ ભયે મુદમંગલકારી ।।૨।।
નાતે નેહ રામકે મનિયત, સુહૃદ સુસેબ્ય જહાં લૌ ।
અંજન કહાં આંખિ જેહી ફૂટૈ, બહુતક કહૌ કહાં લૌ ।।૩।।
તુલસી સો સબ ભાંતિ પરમ હિત, પૂજ્ય પ્રાનતે પ્યારો ।
જાસોં હોય સનેહ રામ પદ, એતો મતો હમારો ।।૪।।

### પદ– ૩

એહિ કહ્યો સુનુ ! વેદ ચહું ।
શ્રી રઘુવીર ચરન ચિંતન, નજી નાહિન ઠૌર કહું ।।૧।।

જાકે ચરન વિરંચિ સેઈ, સિધિ પાઈ શંકર હું ।
શુક સનકાદિક મુક્ત વિચરત, તેઉ ભજન કરત અજ હું ।।૨।।
જદ્યપિ પરમ ચપલ શ્રી સંતત, થિર ન રહતી કત હું ।
હરિ પદ પંકજ પાઈ અચલ ભઈ, કરમ-બચન-મન હું ।।૩।।
કરુણા સિંધુ ભગત ચિંતામનિ, સોભા સેવત હું ।
ઔર સકલ સુર અસુર ઈસ, કાલ ખાયે ઉરગ છહું ।।૪।।
સુરુચિ કહ્યો સોઈ સત્ય બાત, અતિ પરુષ બચન જબ હું ।
તુલસીદાસ રઘુનાથ વિમુખ નહિં, મિટઈ વિપતિ કબ હું ।।૫।।

## વચનામૃત ગ.મ. ૨૧, ૬૭ તથા ગ.અં.૨૨ના સંદર્ભે

### વિષ્ણુપદ (રાગ : માળીગડો)

શામળીયે વા'લે સાયર વલોયો રે વાલા, મેરૂનો કીધો રવાયો રે વાલા; ટેક૦
વાસંગી નાગનાં વાલે નેતરાં કીધાં, જોજ્યો મારા નાથની નવાયું રે વાલા. શામ૦
ગિરિવરધારી ધરીને બેઠા રે વાલા, ભૂધર ભલે ભલે આવ્યા રે વાલા;
વલોણાના સંચ સર્વે લાવ્યા રે વાલા, આપે અસુરને તેડી લાવ્યા રે વાલા. શામ૦
સાયર વલોવ્યો ને રતન નીપજાવ્યાં રે વાલા, નીકળ્યાં લક્ષ્મીનારી રે વાલા;
સુરને પાતાં અસુરને પાયું રે વાલા, ચરણામૃત મોરારી રે વાલા. શામ૦
ઉત્તરનાં જળ મેરૂ ડૂબવા લાગ્યા રે વાલા, કાનુડો કામણ જાણે રે વાલા;
કાચબાનું રૂપ ધર્યું મારે વાલે રે, વલોણું સુતર આવ્યું રે વાલા. શામ૦
હરિનું વલોણું હરખેથી ગાવું રે વાલા, વીખ તો ભોળા મહાદેવને પાયું રે વાલા;
ભણે નરસૈયો નથી હમણાનું રે વાલા, વેદ પુરાણે વખાણ્યું રે વાલા. શામ૦

જય સ્વામિનારાયણ...

# ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃતો...

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃતો એટલે અધ્યાત્મનો અણમોલ અખૂટ ખજાનો. પ્રગટ પુરુષોત્તમ નારાયણની આ પરાવાણીમાં તો ગીતાજીનો ગલિતાર્થ ગૂંથાઈ ગયો છે. ઉપનિષદનો અર્ક ઘૂંટાઈ ગયો છે. આમાં વેદવેદાંતનું રહસ્ય વણાઈ ગયું છે. તેમજ સત્શાત્રનો સાર પણ સમાઈ ગયો છે. શ્રીજી મહારાજનાં આ વચનામૃતોનું પાન તો પારસમણિના સ્પર્શ જેવું પાવનકારી અને સંજીવની ઔષધિ સમું ગુણકારી છે.

મુમુક્ષુઓ માટે આ વચનામૃતમાં અખૂટ પ્રેરણા પાથેય છે, શાંતિપ્રદ આશ્વાસનો છે અને કરુણાસભર કૃપાવચનો છે. માર્ગદર્શન માટે મહારાજે સ્વાનુભાવો તેમજ પોતાના અંગની અનુપમ વાતો કહી છે. અધ્યાત્મ સાધાનામાં ઉદ્‌ભવતી શંકાકુશંકાઓનાં સુખદ સમાધાનો છે. અંતઃકરણ અને ઈન્દ્રિયોને જીતવાની સરળ રીતો તેમજ કામાદિક દોષોને ટાળવાના સચોટ ઈલાજોય બતાવ્યા છે. ગૂઢ ને ગહન તત્ત્વજ્ઞાનની સરળ ને સુગમ છણાવટ છે.

ધર્મપાલનની ધગશ, પ્રેમલક્ષણાભક્તિનું પોષણ, જ્ઞાનવૈરાગ્યનું રક્ષણ, શ્રદ્ધાની વૃદ્ધિ, ઉપાસનાની શુદ્ધિ, ભગવદાશ્રય અને નિષ્ઠાની દઢતા માટે આ વચનામૃતમાં સચોટ માર્ગદર્શન અપાયું છે. આ ગ્રંથની ભાષાશૈલી જેટલી સરળ, મિતાક્ષર અને ચોટદાર છે તેટલી જ એ ચમત્કારિક પણ છે. સાગરના પેટાળની જેમ વચનામૃતનું ઊંડાણ પણ અગાધ અને અમાપ છે. જેમ જેમ એમાં ઊંડા ઉતરીએ તેમ તેમ તેમાંથી નવાં નવાં પ્રેરણારત્નો મળતાં જ રહે છે. તત્ત્વજ્ઞાનના નિરૂપણમાં ગુજરાતી ભાષાનો આ આદ્ય ને શિરમોડ ગ્રંથ છે. **– સદ્. શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી**

